पुस्तक
नी ८२

विविध ग्रन्थमाला

वर्ष ७ मुं
सं. १९७२.

बंकिम निबंधमाला

अनुवादकों-
जगजीवन [illegible] व
कल्याणजी वि[illegible]भाई

प्रकाशकः- सस्तुं साहित्य वर्धक कार्यालय

મુંબઈ, ૨

અને
અમદાવાદ.

विविधग्रंथमाला: अंक ८० थी ८२: वर्ष सातमुं-सं. १९७३.

बंकिम निबंध माला

भाग पहेलो तथा बीजो,

બંગસાહિત્ય સમ્રાટ્

સ્વ૦ બાબુ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય લિખિત

વિવિધનિબંધ; લોકરહસ્ય; તથા કમલાકાન્તનું

દફતર, પત્રો અને જુબાની.

सस्तुं साहित्य वर्धक कार्यालयने माटे

અનુવાદકો:— { જગજીવન કાલિદાસ પાઠક-પોરબંદર.

કલ્યાણજી વિઠ્ઠલભાઇ મ્હેતા-સુરત.

સંપાદક અને પ્રકાશક:-ભિક્ષુ-અખંડાનંદ.

ઠે. કાલબાદેવી-મુંબઈ.

પ્રથમવાર-પ્રત ૪૩૦૦. વિ. સં. ૧૯૭૩: ઈ. સ. ૧૯૧૭.

મૂલ્ય:-વાર્ષિક ફાળે ૦ાાન્ાા પાકું પૂઠું ૦ાાન્ન પો. માફ.

આ અનુવાદના સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન છે.

અમદાવાદ—સલાપોસ રોડ
ધી 'ડાયમંડ જ્યુબિલી' પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

છુટક મૂલ્ય—૦॥= પાકું પૂઠું રૂ. ૧। પો. જુદું.

કેટલીક સૂચનાઓ.

૧–આદિ અને સભાપર્વ—(મહાભારતનાં) આ ગ્રંથ લગભગ છપાઇ ચૂક્યો છે; પરંતુ ચિત્રો તેમજ બીજી આસપાસની બાબતો છપાઇ પુસ્તક બહાર પાડવાને બીજી રિપોર્ટ વગેરેની રોકાણઆડે હજી કંઇક વિલંબ થશે. દીવાળીની આસપાસમાં તે બહાર પડેથી વિવિધ ગ્રંથમાળાદ્વારા ખબર અપાય ત્યારેજ તે મંગાવવો.

૨–સ્વામી રામતીર્થ ભાગ ૧ થી ૫—આ પુસ્તકની બહોળી માગણીને લઇને તેની પુનરાવૃત્તિ છપાવવાનું હવે શરૂ થઇ ચૂક્યું છે. દિવાળી પછીથી આ ગ્રંથ બહાર પડતાં વિવિધ ગ્રંથમાળાદ્વારા ખબર અપાય ત્યારેજ મંગાવવું.

૩–વાલ્મીકીય રામાયણનું ભાષાંતર—આ પુસ્તક પણ પ્રેસની અગવડને લઇને બહુ ધીમેથી છપાતું હોવાથી આવતા વર્ષના ઉન્હાળા કે ચોમાસામાં તૈયાર થયેથી ખબર અપાશે.

૪–પુસ્તકો મંગાવનારાઓને—સૂચવવાનું કે વખત જાય છે, તેમ એક પછી એક પુસ્તકો ખલાસ થતાં ચાલે છે, અને કાગળોની મોંઘારતને લીધે તેમજ પ્રેસની અગવડને લીધે તે તુરતમાં ફરી છપાવી શકાતાં નથી; માટે ટપાલ રસ્તે મંગાવનારને વિનંતિ કરવાની કે જે પુસ્તક મંગાવવા છતાં ન આવે અથવા તો અમુક પુસ્તક આવે, ને અમુક ન આવે; તો ન આવે તે પુસ્તકો ખલાસ થયેલાં સમજીને વધુ ખુલ્લાસાની વાટ જોવી નહિ. જેમને તેવો ખુલાસો જોઇએ તેમણે સવેળાથીજ રિપ્લાઇ કાર્ડ લખવાનું રાખવું.

૫–ખલાસ થઇ ચૂકેલાં પુસ્તકો—નીચલાં પુસ્તકો તથા સેટ હાલ બિલકુલ મળી શકતા નથી; માટે તે ફરીથી છપાયાની ખબર અપાય નહિ ત્યાં સુધી મંગાવવાં નહિ.

પુસ્તકો.

વૈરાગ્ય મુમુક્ષુ પ્રકરણ.
ભાગવતનો દશમ સ્કંધ.
જ્ઞાનેશ્વરી ભગવદ્ ગીતા.
સ્વામી રામતીર્થ ભા. ૧ થી ૫ વાળું પુસ્તક.
સુબોધ રત્નાકર.
આર્ય ધર્મ નીતિ.
સુબોધ રત્નમાળા છત્રીશી.
ભગવાનની છબી.
જ્ઞાનપટ સોપાનપટ.

વિવિધગ્રંથમાળાના સૅટ.

સંવત્ ૧૯૬૭ ના પાકા તેમજ કાચા.
સંવત્ ૧૯૬૮ ના પાકા.
સંવત્ ૧૯૬૯ ના પાકા.
સંવત્ ૧૯૭૦ ના પાકા.

ચરિત્રમાળાના સૅટ

સંવત્ ૧૯૬૮ ના કાચા તેમજ પાકા.
સંવત્ ૧૯૭૨ ના પાકા.

૬-ઉત્તર માટે રિપ્લાઇકાર્ડ—કેટલાક સજ્જનો હજી પણ કાંઇ ખુલાસો પૂછવો હોય છે ત્યારે રિપ્લાઇ કાર્ડ મોકલતા નથી. હવેથી તેવા પત્રોનો ઉત્તર લખવાનું બંધ કરેલું હોવાથી ઉત્તર માટે રિપ્લાઇ કાર્ડ અવશ્ય મોકલવું.

૭-ગીતાના ગુટકાઓ તથા ભજનસાગર—આ બે પુસ્તકો હવે બહુજ થોડાં શિલકે રહેવાથી તેની એક કે બેથી વધુ નકલો કોઇને અપાતી કે મોકલાતી નથી. વધુ પ્રતોની માગણી કરનારને પ્રત કે ઉત્તર કશુંજ મોકલાશે નહિ.

નિવેદન.

વિવિધ ગ્રંથમાળા'નું આ ૮૦–૮૧–૮૨ મું પુસ્તક હોઇ તેમાં નામીચા બંગાળી લેખક સ્વ. બાબુ બંકિમચંદ્ર ચેટરજીના ઉપયોગી લેખો આપવામાં આવ્યા છે. બંકિમ બાબુને તેમની અસામાન્ય વિદ્વત્તા, લેખનશક્તિ, ચારિત્ર, તેમજ લોકહિતૈષિતાનેલીધે અદ્યાપિ "બંગ સાહિત્ય સમ્રાટ્"ના અતિ ગૌરવભર્યા ઉપનામથી ઓળખવામાં આવે છે. તેમનો કેટલોક પરિચય આ સાથે જોડેલા તેમના સંક્ષિપ્ત વૃતાંત ઉપરથી મળશે.

આ પુસ્તક બે ભાગમાં વહેંચાયલું જણાશે. પ્રથમ ભાગમાં (છેવટના ઉમેરા સહિત) સાહિત્ય, નીતિ, ધર્મ, સમાજ, રૂઢિ, ઇતિહાસ વગેરે જુદા જુદા વિષયો ઉપરના ૨૨ લેખોનો સંગ્રહ છે. આ ભાગના અનુવાદક શ્રીયુત્ જગજીવન કાલિદાસ પાઠકનો પરિચય 'વિવિધ-ગ્રંથમાળા'ના વાંચકોને પહેલીજ વાર થતો હોવા છતાં આશા છે કે તેઓનું કાર્ય વાંચક બંધુઓમાં પ્રીતિપાત્ર નિવડશે.

બીજા વિભાગના લેખક શ્રીયુત કલ્યાણજી વિઠ્ઠલભાઇ મહેતા આ અગાઉ પણ વાંચકોના પરિચયમાં આવી ચૂકેલા છે. આ ભાગમાં લોક-રહસ્ય, કમલાકાંતનું દફ્તર, કમલાકાંતના પત્રો, તેમજ કમલાકાંતની જુબાની એ નામના પેટાભાગો નીચે બંકિમ બાબુનાં હાસ્ય અને કટાક્ષ-મય–છતાં અતિ બોધપ્રદ–લખાણોનો સમાવેશ થયેલો જણાશે. આ લખાણોને બોધપ્રદ પ્રહસનો કહીએ તો પણ ચાલે. "લોક રહસ્ય" ના હિંદી અનુવાદની સમાલોચના કરતાં એક સમાલોચકે આરોપેલું કવન યોગ્યજ છે કે, "**વસુધામેં સુધારસ જાત બહા હૈ.**"

"કોઇ પણ ખરાબ રીત રિવાજ ઉપર આ પ્રકારનાં પ્રહસનો

તીક્ષ્ણ શસ્ત્રનું કામ સારે છે. બસો વર્ષપર વિલાયતમાં "એડીસન" કરીને એક મોટો વિદ્વાન લેખક થઇ ગયો; તેણે તે સમયના ત્યાંના સામાજિક અને નૈતિક વિચારોને તેમજ મનુષ્યોના ચારિત્ર્યને ઉચ્ચ બનાવવાના હેતુથી તે સમયના સામાજિક તથા જાતીય કુવિચારોનાં ચિત્રો, પ્રહસનો તેમજ ટુંકી વાર્તાઓના રૂપમાં બહુજ કુશળતાથી રજુ કર્યાં હતાં. પોતાનાં આ પ્રકારનાં લખાણોથી ઇંગ્લંડના સામાજિક જીવનમાં તેણે જે પરિવર્તન કર્યું છે; તે વાત તે દેશનો ઇતિહાસ વાંચનારાઓથી અજાણી નથી. પ્રહસનદ્વારા કોઇપણ કુરીતિનું ખરૂં ચિત્ર ખેંચવું એ કાંઈ સહજ નથી, એને માટે અસામાન્ય યોગ્યતાની જરૂર છે. બહુધા જોવામાં આવે છે કે આપણા અંગ્રેજી શિક્ષાપ્રાપ્ત યુવકો અંગ્રેજી સભ્યતાની અનેક કુરીતિઓથી રંગાઇ જાય છે. કોઇનો ગુણ ગ્રહણ કરવાની અપેક્ષાએ તેનો અવગુણ ગ્રહણ કરવો બહુ સહેલો હોઇને પ્રાયઃ તેમજ થતું જણાય છે. આ નવયુવકો પોતાની પ્રાચીન સભ્યતાને તિલાંજલિ આપીને અહીંની કોઇ સારી બાબતનો પણ ત્યાં સુધી સ્વીકાર કરી શકતા નથી, કે જ્યાં સુધી તે બાબત ઉપર તેમને વિદેશી વિદ્વાનોનાં પ્રમાણ ન મળે! તેઓ પોતે પણ પ્રમાણ આપવામાં વિદેશીઓનું શરણ લેતા હોઇને તેમની વાતોને વેદવાક્ય માને છે. આવી અને બીજી કુરીતિઓ દૂર કરવામાટેજ બંકિમ બાબુએ આ પ્રકારના લેખો એડીસનના ધોરણપર લખ્યા હતા. બંગાલીઓ અને તેમના સામાજિક જીવનપર આ લેખોનો ખુબ પ્રભાવ પડયો છે. સાહિત્યની દ્રષ્ટિથી પણ આ લેખો બહુજ ઉચ્ચ કોટીના છે. અંગ્રેજીમાં "ગુલીવરની મુસાફરી" અને "સ્પેકટેટર" જેમણે વાંચ્યાં હશે તેઓને આ લેખો તેનાથી ઉતરતા નહિજ જણાય. અંગ્રેજીમાં ઉપલાં બન્ને પુસ્તકોનો ઘણોજ આદર છે.''*

*આ ભાગ હિંદીમાં નિકળેલા ''લોકરહસ્ય''ની ભૂમિકામાંથી અનુવાદિત છે.

આ પ્રકારના લેખોનો અનુવાદ કરી મૂળની ખુબીઓ તેમાં ઉતારવી એ પણ સરળ નથી. રા. કલ્યાણજીભાઇએ બનતો શ્રમ કરીને તેમજ દરેક વિષય ગુજરાતના ચિરસ્મરણીય સાહિત્યસેવક સ્વ. રણજીતરામ વાવાભાઇ પાસે જોવરાવી તેમના તરફની જરૂરી સૂચનાઓનો ઉપયોગ કરીને જે કાળજીથી આ કાર્ય બજાવ્યું છે, તેને માટે તેઓ ધન્યવાદને પાત્ર છે.

આ વર્ષમાં આ તેમજ આ પછીના પુસ્તકમાં કાગળો ઉતરતી જાતના વપરાયલા જણાશે. વધતી જતી મોંઘવારીને લીધે આ માળાનું મૂલ્ય વધારવું ન પડે એટલા માટે સવેળાથી કાગળોનો સંગ્રહ એકત્ર કરી લેવાના જે જે પ્રસંગો લેવાયા હતા, તે પ્રસંગોપર જોઇતી જાતના ગ્લેજ કાગળો પુરતા પ્રમાણમાં નહિ મળવાથી કેટલાંક રીમ આ જાતનાં લેવાં પડયાં હતાં.

આ વર્ષનું છેલ્લું અને હવે પછીનું પુસ્તક આ સંસ્થાના હિસાબ-રિપોર્ટનું છે. આ પુસ્તક છપાતું હજી અધુરૂં હોઇને બાડુ ધીમેથી તે કાર્ય બની શકતું હોવાથી તેની રવાનગી કદાચ દિવાળી પછી (કાર્તિક કે માગશરમાં) બની શકે; તો પણ ગ્રાહકોને તેટલી ધીરજ રાખવા વિનંતિ છે.

આ પુસ્તકની છેવટે અપાયલી કેટલીક ઉપયોગી બાબતો જેમકે ગ્રંથસ્વીકાર, દેશાવરના ગ્રાહકોને સૂચના, પીંજરામાંનાં પ્રાણીઓ વિષે અપીલ, ઇત્યાદિ તરફ વાંચક બંધુઓનું લક્ષ્ય ખેંચવામાં આવે છે.

અધિક ભાદ્રપદ—વિ. સં. ૧૯૭૩. મંત્રી.

બાબુ બંકિમચંદ્રનું ટુંકવૃત્તાંત.×

બંગાળાના ચોવીશ પ્રગણા જીલ્લામાં 'કાટાલપાડા' નામે ગામ છે. એ ગામ પતિતપાવની ગંગાના તટપર આવેલું છે. ત્યાં દુર્ગેશનંદિની, ચંદ્રશેખર, કૃષ્ણચરિત્ર તેમજ આ નિબંધમાળા જેવા અનેક ગ્રંથરત્નોના લેખક બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય(ચેટરજી)નો જન્મ તા. ૨૭ મી જુન સને ૧૮૩૮ માં થયો હતો. એમના પૂર્વજ ગંગાધરજી ચટ્ટોપાધ્યાય હુગલી જીલ્લાના 'દેશમુખા' નામના ગામમાં રહેતા હતા; પરંતુ બંકિમ બાબુના પ્રપિતામહ શ્રીરામહરિ ચટ્ટોપાધ્યાય પોતાના માતામહની સંપત્તિના વારસ થતાં અહીં આવી રહ્યા હતા. બંકિમચંદ્રના પિતા યાદવચંદ્ર ચટ્ટોપાધ્યાય પ્રતિભાશાળી, તેજસ્વી તથા ઉદાર પુરુષ હતા. તેમણે લાંબો સમય ડેપ્યુટી કલેકટરનો હોદ્દો ભોગવી છેલ્લે પેન્શન લીધું હતું.

બાલ્ય વયમાં બંકિમબાબુનું શરીર ઘણે ભાગે બિમાર રહેતું હતું; પરંતુ તેમની બુદ્ધિ તો પહેલેથીજ બહુ તીક્ષ્ણ હતી. પાંચ વર્ષની ઉંમરે તેમને વિદ્યાભ્યાસનો પ્રારંભ કરાવાયો. બાલક બંકિમે પહેલેજ દહાડે કક્કાના બધા અક્ષરો શીખી લીધા! સાતમે વર્ષે તેમને મેદિનીપુરની જીલ્લાસ્કૂલમાં દાખલ કરવામાં આવ્યા. તે સમયે તેમના પિતા ત્યાં ડેપ્યુટી કલેકટર હતા. એ સ્કૂલમાં તેમણે પોતાની અસાધારણ પ્રતિભાની તથા વિદ્યાપ્રીતિની છાપ બેસાડી. વર્ગમાં તે હંમેશાં પહેલે નંબરે રહેતા. તેમના અનુપમ ગુણો જોઇ શિક્ષકોને સંતોષ તથા કોઇ કોઇ વાર અતિ આશ્ચર્ય થતાં.

× સુવિખ્યાત "સરસ્વતી" માં આવેલા પંડિત બાલદત્ત પાંડેયના લેખપરથી સાભાર અનુવાદિત.

બાર વર્ષની ઉંમરે બંકિમબાબુએ હુગલી કૉલેજમાં પ્રવેશ કર્યો. ત્યાં પણ તે હંમેશાં પોતાના વર્ગમાં ઉંચે નંબરેજ રહેતા. વિદ્યાર્થી અવસ્થાથીજ તેમનામાં જ્ઞાનતૃષા એટલી બલવાન હતી કે માત્ર શાળામાં ચાલતાં પુસ્તકોના વાંચનથીજ તેમને તૃપ્તિ થતી નહિ; પરંતુ કૉલેજના પુસ્તકાલયમાંથી તે વિવિધ વિષયનાં પુસ્તકો લઇ આવતા, ને વાંચ્યા કરતા. પરીક્ષાનો સમય નજીક આવે ત્યારે ચાલતાં પુસ્તકો પૂબ લક્ષ્ય દઇ વાંચી જતા કે જેથી પોતાનો ઉપરનો નંબર ખોવો પડે નહિ. પોતાની કૉલેજમાંથી તેમણે સિનિયર સ્કોલરશીપની પરીક્ષા પસાર કરી અને પછી કલકત્તામાં પ્રેસિડન્સી કૉલેજમાં કાયદાનો અભ્યાસ શરૂ કર્યો. એ સમયે એટલે કે ઇ.સ. ૧૮૫૨ માં બી. એ. ની પરીક્ષા લેવાનું ધોરણ નીકળ્યું. આથી બંકિમબાબુએ કાયદાનો અભ્યાસ ઉંચો મૂકી બી. એ. બનવાની તૈયારી કરવા માંડી. માત્ર બે મહિનાના પરિશ્રમેજ તેઓ બી. એ. ની પરીક્ષામાં પહેલા વર્ગમાં પાસ થયા. આ પ્રમાણે માત્ર ૨૦ વર્ષની ઉંમરે બંકિમબાબુએ બી.એ. ની પદવી પ્રાપ્ત કરી. તે સમયના બંગાળાના લેફ્ટેનેન્ટ ગવર્નર મિ. હૅલીડેએ બંકિમબાબુના ગુણો જોઇ તેમને ડેપ્યુટી કલેકટરના હોદ્દા ઉપર નીમ્યા.

વિદ્યાર્થી અવસ્થાથીજ બંકિમચંદ્રના હૃદયમાં સાહિત્યસેવાનો પવિત્ર ભાવ અંકુરિત થયો હતો. તે સમયે નીકળતાં "સંવાદ પ્રભાકર" અને " સાધુરંજન " નામનાં પત્રોમાં તે પોતાના લેખો તથા કવિતાઓ મોકલતા; અને તેમાં તે પ્રકટ થતાં. તેમને પત્રના સંપાદક બનવાની ઘણીજ અભિલાષા હતી; પરંતુ ડેપ્યુટી કલેકટર જેવો ઉંચો હોદ્દો અનાયાસે પ્રાપ્ત થયો એટલે તેનો અસ્વીકાર કરવો એ યોગ્ય લાગ્યું નહિ. આ પ્રમાણે કેવળ વીશ વર્ષની કાચી ઉંમરમાંજ બંકિમચંદ્ર કર્મક્ષેત્રમાં દાખલ થયા. સરકારી કામમાં નિરંતર જોડાઇ રહેવા છતાં

પણ તેમનો વિદ્યાવ્યાસંગ જરા સરખો ઓછો ન થતાં ઉલટો દિન પ્રતિદિન વૃદ્ધિ પામતો હતો. સરકારી કામકાજમાંથી તેમને જે કાંઇ અવકાશ મળતો તેમાં તે સાહિત્ય સેવા કરતા. જ્યારે તે અંગ્રેજી સ્કૂલમાં ભણુતા હતા ત્યારે અંગ્રેજી પદ્ધતિએ શિક્ષણુ લેવા છતાં પણુ કૉલેજના અભ્યાસ સાથે સાથે તેમણે મુગ્ધાવબોધ વ્યાકરણુ તથા કેટલાક કાવ્ય ગ્રંથોનો અભ્યાસ કરેલો હતો.

ડેપ્યુટી માજીસ્ટ્રેટ નીમાઇ પહેલ વહેલા તે ' યશોહર ' ગયા. ત્યાં બંગભાષાના પ્રસિદ્ધ નાટકકાર બાબુ દીનબન્ધુમિત્રની સાથે તેમને પરિચય થયો. આ પરિચય ગાઢ મૈત્રીરૂપે પરિણામ પામ્યો. એ મૈત્રી તેમની વચ્ચે જીંદગી પર્યંત રહી. બંકિમબાબુએ પોતાની 'મૃણાલિની' નામની નવલકથા એ દીનબંધુ બાબુને પ્રેમની ભેટરૂપે અર્પણુ કરેલી છે.

તેમનો પહેલો વિવાહ અગિયાર વર્ષની ઉમરે થયો હતો; પરંતુ પાંચ છ વર્ષ પછી તેમનાં પહેલાંનાં પત્નીનો સ્વર્ગવાસ થયો હતો. બહુજ તપાસ કર્યાપછી એકવીશ વર્ષની ઉમરે તેમણે પોતાનો બીજો વિવાહ એક રૂપલાવણ્યવાળી વિદુષી કન્યાની સાથે કર્યો હતો. તેના-પર તેમને ઘણો પ્રેમ હતો; અને તેને પોતાનો 'નીતિગુરુ' તથા ' ધર્મ-ગુરુ ' માનતા. એ પત્નીથી તેમને પોતાના ચારિત્ર્યનિર્માણમાં તથા ઉચ્ચ કાર્યોમાં સહાય મળી હતી; અને ત્યારથી તે સ્ત્રીજાતિના ભક્ત બન્યા હતા. તેમનાં પુસ્તકોમાં એ વાતો સ્પષ્ટ જોઇ શકાય છે. એક સ્થળે તેમણે લખ્યું છે કે, " સ્ત્રીઓ એ સાક્ષાત્ ક્ષમા, દયા અને સ્નેહમય દેવી મૂર્તિઓ છે "

સાહિત્યક્ષેત્રમાં પ્રવેશ કરી જે સમયે બંકિમચંદ્રે ગ્રંથો લખવાનો પ્રારંભ કર્યો તે સમયે અંગ્રેજી કેળવણીનો પ્રચાર બહુ જોરથી થતો હતો. કલકત્તામાં યુનિવર્સિટી સ્થપાઇ હતી, અને નગરે નગર અંગ્રેજી સ્કૂલો ઉઘડી હતી. ધનોપાર્જનમાટે તથા રાજકીય સન્માનમાટે

પ્રજાનો સામાન્ય વર્ગ અંગ્રેજી ભાષા ભણવા તરફ દોરાયો હતો, અને ધનવાન વર્ગ પણ ઉપાધિધારી બનવા તથા રાજપુરુષોથી સંમાનિત થવા અંગ્રેજી ભાષા ભણવા લાગ્યો હતો. એ રીતે સૌ લોકોનું અંગ્રેજી ભાષા તરફ પુષ્કળ લક્ષ્ય હતું. અંગ્રેજી ભાષા ન જાણનાર માણસ શિક્ષિતજ ગણાતો નહિ ! અંગ્રેજી ભાષાની પ્રબલતાને લીધે માતૃભાષા (બંગાલીભાષા) ઢંકાઇ ગઇ હતી. જે અંગ્રેજી ભાષા જાણતો તેને-માટે સાહિત્યનું વિશાળ ક્ષેત્ર ખુલ્લું હતું. સાહિત્ય, વિજ્ઞાન, દર્શન, ઇતિહાસ ઇત્યાદિ જે વિષયો જાણવાની તેને ઇચ્છા થાય તે વિષયો અંગ્રેજી ભાષામાં મળી શકતા; તેથી અંગ્રેજી જાણનાર વર્ગ તેના નિશામાં ચકચૂર રહેતો અને માતૃભાષાની કંગાલ દશા ઉપર દુઃખી થવું તો બાજુપર રહ્યું; પરંતુ ઉલટું માતૃભાષાની અપૂર્ણતા કે કંગાલતા ઉપર તે વર્ગ હાસ્ય કરતો. આવી સ્થિતિમાં પોતાની માતૃભાષાની ઉત્કૃષ્ટતા તથા સ્વદેશહિતૈષિતાની મહત્તા દેખાડી અંગ્રેજીના અભિમાને અંધ બનેલા બંગાળીઓને વાસ્તવિક રસ્તે દોરવાને માટે બંકિમબાબુએ કમર કસી.

જણાય છે કે બંકિમચંદ્રનો જન્મજ જાણે બંગાલી ભાષાની સેવાને માટે થયો હતો ! આખા જીવન પર્યંત તેમણે અત્યંત આગ્રહ પૂર્વક બંગાલીભાષાની સેવા કરી. તેમની અસાધારણ શક્તિથી બંગાલી-ભાષાની અસાધારણ ઉન્નતિ થઈ. એમનો એ મહામંત્ર હતો કે **“માતૃભાષામાં વિવિધ જ્ઞાન આપનારા ગ્રંથોનો પ્રસાર થયા વિના કોઇ પણ પ્રજા ઉન્નતિ પામી શકતી નથી અને જાતીયભાવના (સ્વદેશ પ્રીતિ) પણ મેળવી શકતીનથી.”** આ મહામંત્રનો સતત જાપ જપી તેમણે બંગાલીભાષાના ભંડારમાં ગ્રંથરત્નોનો વધારો કરવા પુષ્કળ શ્રમ કર્યો. એમના અસાધારણ ઉત્સાહ તથા અસાધારણ વિદ્વત્તાથી બંગાળામાં જાણે યુગજ ફેરવાઇ

ગયો ! બંકિમચંદ્રમાં સ્વજાતિપ્રેમ અને સ્વદેશભક્તિ અપાર હતાં. એ ગુણોને લીધેજ આજે લાખો સ્ત્રીપુરુષો તેમનાપર શ્રદ્ધા અને ભક્તિ ધરાવે છે. બંકિમચન્દ્ર કહેતા કે, "પુસ્તકો લખવાનો ઉદ્દેશ સ્વદેશવાસીઓને સદ્બોધ અને શુભ વિચારો આપવા એજ છે. જે લખાણ દેશબંધુઓ સમજી શકે તેવું ન હોય અથવા જે લખાણથી દેશનો કશો ઉપકાર થાય તેમ ન હોય તે લખવું નકામું છે." બંકિમચંદ્ર સ્વદેશી ભાઇઓને સુશિક્ષા આપવામાટેજ ગ્રંથો લખતા. સ્વદેશપ્રીતિ તેમની રગે રગે ભરેલી હતી.

બંકિમચંદ્રે ગ્રંથલેખનની પ્રવૃત્તિ શરૂ કરી તે સમયે બંગાલીભાષાની દશા તદ્દન કંગાળ હતી; પરંતુ તેમના સતત પ્રયત્ન અને ઉત્સાહનું પરિણામ એ થયું કે ભારતવર્ષની તમામ ભાષાઓમાં બંગાલીભાષા સર્વોત્કૃષ્ટપણાનું સૌભાગ્ય પામી શકી. બંકિમચંદ્રની ભાષા સરળ, રસપૂર્ણ અને મર્મને સ્પર્શ કરનારી હતી. તેઓ પોતાના લેખમાં, (ગદ્યમાં તથા પદ્યમાં) નવીનતા, સ્વાધીનતા અને સ્વદેશપ્રેમ છલોછલ ભરી દેતા. બંકિમચંદ્ર સૌંદર્યના પણ ઉપાસક હતા. પોતાના ગ્રંથોમાં ભાષાસૌંદર્ય તથા ભાવસૌંદર્ય ભરવા ઉપરાંત તેઓ પોતાનાં પાત્રોનાં હૃદયોનું સૌંદર્ય પણ બહુ ઉત્તમતાથી અંકિત કરતા.

ઇ. સ. ૧૮૬૪ માં તેમની 'દુર્ગેશનંદિની' નામની નવલકથા પ્રકટ થઇ. માત્ર એ એકજ પુસ્તકથી તેમની યોગ્યતા અને વિચારશીલતાનો સારી રીતે ખ્યાલ આવી શકે છે. એ નવલકથાની અગાઉ ભારતવર્ષની તે સમયની પ્રચલિત ભાષાઓમાં એવી સરસ નવલકથા એક પણ લખાઇ નહોતી. જો કે તે વખતે એ પુસ્તકનો એટલો બધો આદર થયો નહોતો, પણ તેનું કારણ તે સમયના સમાજની અયોગ્યતાજ હતું. આજે તો એવી નવલકથાઓ ગણી ગાંઠીજ મળી આવશે કે જે દુર્ગેશનંદિનીના જેટલી લોકપ્રિયતા પામી હોય ! જે સજ્જનના

હૃદયમાં જાતિપ્રેમ અને સ્વદેશના સાહિત્ય પ્રતિ પ્રેમ હશે તે તો કદિ પણ દુર્ગેશનન્દિનીની ઉપેક્ષા કરી શકશે નહિ.

સાહિત્ય–ઉદ્યાનના ચતુર માળી થવાનું સુભાગ્ય જેને પ્રાપ્ત થયું છે અથવા જેનું મન સદૈવ સાહિત્ય–સરોવરનાં કમલોની મધુર સુગંધીથી મસ્ત રહેવા લાગ્યું છે તેને તો સાહિત્ય સિવાયનાં સ્વર્ગીય સુખો પણ તુચ્છ લાગે છે. આ નિયમ પ્રમાણે બંકિમબાબુ પણ સરકારી નોકરીથી સદૈવ ઉદાસ રહ્યા કરતા. તેઓ વારંવાર કહેતા કે, "સુખપૂર્વક નિર્વાહ ચાલે એટલી સગવડ થતાંજ હું નોકરી છોડી દઇશ." છેલ્લે તેમને પોતાની દીર્ઘ કાળની મનોવાંછના પૂર્ણ કરવાનો યોગ મળ્યો. સરકારી નોકરીમાંથી પેન્શન લઇ તેમણે પોતાનો ઇચ્છિત વિષય હાથમાં લીધો.

ઈ. સ. ૧૮૭૨માં બંગાલીઓનું જીવનસર્વસ્વ 'બંગદર્શન' પ્રકટ થયું. એ પ્રકટ થતાંજ બંગાળીઓની મોહનિદ્રાનો ભંગ થયો. અંગ્રેજી ભાષા જાણનાર જે જે બંગાળીઓને માતૃભાષામાં ચિત્તને વિનોદ આપે એવી સામગ્રી મળતી નહોતી, તેમજ જેઓ માતૃભાષાની ઉપેક્ષા કરતા હતા, તે બધા 'બંગદર્શન'નું સરસ મનમોહક સ્વરૂપ જોઇ દંગ થઇ ગયા, અને પોતાના મિથ્યાભિમાનપર તેમને પશ્ચાત્તાપ થવા લાગ્યો. 'બંગદર્શન'માં દર્શન, વિજ્ઞાન, ઇતિહાસ, વાર્તા વગેરે વિવિધ પ્રકારના વિષયોપર શોધપૂર્ણ લેખો આવવા લાગ્યા. એના પ્રભાવથી રસ્તો ભૂલેલા અનેક લોકો વાસ્તવિક માર્ગ ગ્રહણ કરી માતૃભાષામાં ગ્રંથસામગ્રી વધારવા–માતૃભાષાની સેવા કરવા–તત્પર થયા.

બંકિમચંદ્રનાં બધાં પુસ્તકો ઘણું કરીને 'બંગદર્શન'માં પ્રસિદ્ધ થયાં છે. તેમણે અનેક નવલકથાઓ લખી છે; અને તે ઉત્તમ પંક્તિની છે. તેમણે પોતાની નવલકથાઓની ગુંથણી ઐતિહાસિક બનાવોપર કરેલી

હોવા છતાં તેમાં સ્વતંત્ર કલ્પનાનું પ્રાધાન્ય છે. તેમનામાં કલ્પનાશક્તિ પ્રબલ હોવાથીજ નવલકથાનાં પાત્રોનાં વિવિધ ચિત્રો ચીતરવામાં તેઓ સફળ થયા છે. ઉત્તમ નવલકથાકાર પોતાની કલ્પના શક્તિના બળે સત્યનું મહત્વ સરસ રીતે દર્શાવી શકે છે, અને તેવુંજ બંકિમચન્દ્રની નવલકથાઓ વાંચતાં આપણે હુબેહુબ અનુભવીએ છીએ. કોઇ ચતુર ચિત્રકાર જેમ પોતાની કુશળતાનેલીધે નિર્જીવ ચિત્રને હુબેહુબ સજીવ જેવું દર્શાવે છે, તેમ ઉત્તમ નવલકથાકાર પણ જનસ્વભાવનું ખરેખરૂં ચિત્ર પાડી ઉત્તમ શિક્ષકની ગરજ સારે છે. ઉત્તમ નવલકથાકારનું દરેક માનવચરિત્ર સ્વાભાવિકતાથી પરિપૂર્ણ હોય છે, એટલુંજ નહિ પણ તે પવિત્રતા તરફ દોરનારૂં હોય છે. જે વાર્ત્તાલેખક આ ઉદ્દેશ ભૂલી જાય છે તે સમાજનો શિક્ષક બની શકતો નથી. માણુસોનો મોટો ભાગ વાર્ત્તા અને નવલકથાના વાંચન તરફ પ્રીતિવાળો હોવાથી વાર્ત્તા અને નવલકથાના લેખકે હંમેશાં એટલું સ્મરણમાં રાખવું જોઇએ કે "આપણે દૃષ્ટાંતદ્વારા શુભકાર્યોનો ઉત્કર્ષ પ્રદર્શિત કરવો છે." બસ, આટલું સ્મરણમાં રાખી તે વાર્ત્તાલેખનનું પવિત્ર કાર્ય ઉત્તમતાથી કરશે તો તેનો શ્રમ સફળ થશે. કદિ ભૂલેચૂકે પણ બંકિમચન્દ્રે પોતાની નવલ-કથાઓનું ઉચ્ચ લક્ષ્યસ્થાન વિસ્મૃત કરેલું નથી; અને તેથીજ તેમનો લેખક તરિકેનો શ્રમ સફળ થઇ તેઓ હાલ બંગાલી સાહિત્યમાં 'સાહિત્યસમ્રાટ્' ને નામે અમર છે.

બંકિમચંદ્ર નિષ્કામભાવે સાહિત્યની સેવા કરતા હતા. સાહિત્ય–વાટિકાના તેઓ સહૃદય માળી હતા. નિત્ય નવાં નવાં પુષ્પોની માળા બનાવી તે પોતાની માતૃભૂમિને ભેટ કરતા. જ્યાં પણ તેઓ કોઇ નવીન સુંદર વિષય જોતા ત્યાંથી તેને આકર્ષીને મનોહરરૂપે જનસમાજ આગળ ખડો કરતા. જન્મભૂમિના તે ખરેખરા સેવક હતા. તેમનું હૃદય સહૃદયતા, સત્યવાદિતા, તેજસ્વિતા અને નિર્ભયતાનો આધાર

હતું. આથીજ તેમનો ઉપદેશ બહુ અસરકારક અને મર્મસ્પર્શી લાગતો. બીજા માણસોને પણ સાહિત્યસેવા કરવાને તે સદા પ્રોત્સાહન આપતા, અને જિજ્ઞાસુઓને નિષ્કપટભાવે અંતઃકરણ પૂર્વક સહાય આપતા. તેમનાજ પ્રોત્સાહનથી રમેશચંદ્રદત્ત બંગ–ભાષાની સેવા કરવા પ્રવૃત્ત થયા હતા. રમેશચંદ્ર સાથે પહેલોજ પરિચય થતાં બંકિમચંદ્રે તેમને માતૃભાષામાં પુસ્તકો લખવાનો આગ્રહ કર્યો, કેમકે ત્યાં લગી રમેશચંદ્ર માત્ર અંગ્રેજીમાંજ ગ્રંથો અને લેખો લખતા હતા. બંકિમચંદ્રનો બંગાળી ભાષામાં લેખો લખવાનો આગ્રહ જોઇ રમેશચંદ્ર બોલ્યા: "હું લખું તો કેવી રીતે લખું ? બંગાલીમાં લખવાની કોઇ નિશ્ચિત શૈલીજ ક્યાં છે ?" આનો ઉત્તર આપતાં બંકિમચન્દ્રે કહ્યું કે, "આપના જેવા વિદ્વાનો જે લખશે તેજ લોકોની શૈલી થઇ જશે." બંકિમ બાબુના શુદ્ધ હૃદયથી નીકળેલો આ સત્ય ઉદ્‌ગાર મિ. દત્તના હૃદયમાં ચોંટી ગયો અને તેનું સુંદર ફળ એ આવ્યું કે મહારાષ્ટ્રીય વીર શિવાજી મહારાજના ગુણગાન કરનાર 'જીવનપ્રભાત,' રજપૂતોનું ગૌરવ પ્રકાશિત કરનાર 'જીવનસંધ્યા,' 'બંગવિજેતા' ઇત્યાદિ અનુપમ ગ્રંથરત્નો માતૃભાષાને આપવા મિ. દત્ત સમર્થ થયા.

બંકિમચંદ્રને હિંદુધર્મપર સંપૂર્ણ વિશ્વાસ હતો. ધાર્મિક કાર્યોમાં તે બહુજ ઉત્સાહ દર્શાવતા. ભગવાન્ કૃષ્ણચંદ્રના તે મહાન ભક્ત હતા અને તેમને તે પોતાના ઇષ્ટદેવ માનતા; પરંતુ ઈશ્વરના અવતાર ગણતા નહિ. તેમણે તેમને સ્થળે સ્થળે યાદવપતિ યોગેશ્વર શ્રીકૃષ્ણ લખ્યા છે. 'કૃષ્ણચરિત્ર' માં આ વાતને પુષ્ટિ મળે છે. ગોપીઓની પ્રેમવાર્ત્તાને તે માત્ર કવિ કલ્પના માનતા. છેલ્લી અવસ્થામાં તેમનો ધર્મપ્રતિ પ્રીતિભાવ બહુજ વધ્યો હતો, તે સમયે તો તે મોટે ભાગે ધાર્મિક ગ્રંથોના પઠનપાઠનમાંજ સમય ગાળતા.

બંકિમચન્દ્ર યથાર્થ ગ્રંથાવલોકનના પક્ષપાતી હતા. તેઓ કહેતા

કે "સાહિત્ય ઉપર જો વાસ્તવિક ઉપકાર કરવા ધારતા હો તો પક્ષપાત વિના ગ્રંથાવલોકનનું કામ કરો."

તેમનું હૃદય અત્યંત કોમળ અને સરળ હતું. તે હમેશાં પ્રસન્ન મુખે રહેતા. ક્રોધ તો તેમના હૃદયને કદિ સ્પર્શ પણ કરી શકતો નહિ. તેમનો પ્રેમ નિઃસ્વાર્થ અને અકૃત્રિમ હતો. જેની સાથે તે મૈત્રી કરતા હતા તેને તે જીંદગી પર્યંત નિભાવતા. તેમની અને દીનબંધુ બાબુની મૈત્રી નમુનારૂપ—અકૃત્રિમ હતી. સરળતા, સહૃદયતા અને હૃદયની પવિત્રતાને લીધે તે સૌને પ્રિય લાગતા. તેમની પાસે અનેક દીન અને દુઃખી માણસો આવી પોતાની રામકહાણી ગાઇ બતાવતાં. બંકિમચંદ્ર ધ્યાનપુર્વક તે સાંભળતા, કદિ ગદ્‌ગદ બનતા અને પછી તેનું દુઃખ દૂર કરવા આશ્વાસનથી તેમજ ધનાદિથી યત્ન કરતા. તેમણે અનેક ઉત્સાહભંગ થએલા નવયુવકોને રસ્તો દર્શાવ્યો છે, તથા અનેક નિરાશ્રિતોને આશ્રય આપેલો છે.

તેમણે દુર્ગેશનંદિની, ચંદ્રશેખર, આનંદમઠ, સ્યાલકુંડલા, સીતારામ, દેવી ચૌધરાણી, ઇન્દિરા, વિષવૃક્ષ, રજની, મૃણાલિની, રાજસિંહ, રાધારાણી, એ અંગુરી ઇત્યાદિ નવલકથાઓ લખી છે. જે બંગાળામાં ઘેર ઘેર વંચાય છે; એટલુંજ નહિ પણ તેમાંની ઘણી નવલકથાના અનુવાદો હિંદી, મરાઠી તેમજ ગુજરાતીમાં થયા છે. નવલકથાઓ ઉપરાંત 'કમલાકાન્તનું દફતર,' 'મુન્સીરામનું જીવનચરિત્ર' વગેરે હાસ્ય રસના લેખો, શ્રીમદ્‌ ભગવદ્‌ગીતાપર ટીકા, સુંદર ગ્રંથાવલોકનો અને વિવિધ વિષયોપર અનેક નિબંધો તેમણે લખ્યા છે.

બંકિમચન્દ્રે જેમ સાહિત્ય પ્રદેશમાં પોતાની નિપુણતા અને બુદ્ધિમત્તા દર્શાવી છે તેમ સરકારી કામકાજમાં પણ પોતાની બુદ્ધિમત્તા, નિપુણતા અને ઉદ્યોગપરાયણતા દર્શાવી હતી. સરકારે તેમની કદર જાણી "રાયબહાદુર' તથા 'સી, આઇ, ઇ' ના ઇલકાબોથી તેમને વિભૂષિત કર્યા હતા.

આ રીતે માતૃભાષા તથા માતૃભૂમિની સેવા કરતાં કરતાં ઇ. સ. ૧૮૯૪ માં ૫૬ વર્ષની ઉંમરે બંગાળી સાહિત્ય-સેવકોના સમ્રાટ્ બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાયે પોતાની માનવલીલા સમાપ્ત કરી હતી.

મહારાજા વિક્રમાદિત્યનો રાજ્યવૈભવ અત્યારે ભૂંસાઇ ગયો છે તો પણ હજુ જેમ કાલિદાસનાં 'અભિજ્ઞાન શાકુંતલ' 'રઘુવંશ' ઇત્યાદિ પુસ્તકો અમર છે; અને તે નિત્ય નવા નવા ભાવોથી વાંચકોનાં મન રંજન કરે છે, તેજ પ્રમાણે વિદેહ થએલા મહાશય બંકિમચંદ્રના ગ્રંથો અને લેખો પણ ચિરકાલ રહેશે; અને વાંચકોનાં મનને આનંદ આપી ઉન્નતિના માર્ગે પ્રેરશે.

આર્થિક સહાય-સ્વીકાર.

ગયા વર્ષના લઘુ લેખ સંગ્રહ ભાગ ૨ જામાં સહાય-સ્વીકાર છપાયા પછીથી આજ સુધીમાં મળેલી નીચલી આર્થિક સહાય આભાર-સહિત સ્વીકારીને સંસ્થાના સહાયક ફંડમાં જમા લેવામાં આવી છે.

૫)	શેઠ રામચંદ રતનજી-ચોરવાડ	તા. ૧૦-૧૦-૧૬.
૫)	શેઠ દુર્લભદાસ રામજી-પ્રભાસપાટણ	તા. ૧૦-૧૦-૧૬.
૪)	શેઠ નરોત્તમદાસ હરચંદ-ચોરવાડ	તા. ૨૭-૧૦-૧૬.
૫)	રા. રા. મોતીભાઇ લાખાભાઇ પટેલ-આણુંદ	તા. ૩૦-૧૦-૧૬.
૨)	રા. રા. તુળસીદાસ હાથીભાઇ પટેલ-ધર્મજ	તા. ૧૩-૧૧-૧૬.
૧૦)	રા. રા. કાશીભાઇ બાપુભાઇ-રોહ	તા. ૧૮-૧૨-૧૬.
૧।	રા. રા. લાલજી દેવજી પટેલ-મુંબઇ	તા. ૨૦-૧૨-૧૬.
૨૫)	રા. રા. હીરાલાલ કેશવલાલ ધ્રુવ-અમદાવાદ	તા. ૧૭-૧-૧૭.
૧૦)	રા. રા. રામમોહનરાય જસવંતરાય-અમદાવાદ	તા. ૨૮-૨-૧૭.
૦॥	રા. રા. ચુનીલાલ તાપીદાસ તંબાકુવાલા-સુરત	તા. ૧૨-૪-૧૭.
૨॥	શેઠ જુગલકીશોર દેવીદાન-ઇટારસી	તા. ૩-૭-૧૭.

કુલ રૂ. ૭૦।

અનુક્રમણિકા.

ભાગ ૧ લો.

ભાગ ૨ જો.

પહેલા ભાગનું અનુસંધાન.

પ્રકીર્ણ વિષયો.

મુખ્ય ભૂલોનું શુદ્ધિપત્ર.

ભાગ ૧ લો.

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૦	૧૦–૧૧	ઉદારતા ને મહિમા.	ઉદારતાનો મહિમા.
૪૧	૬	લોકાએ	લોકોએ
૪૬	૨	ૂખ	મૂર્ખ
૭૭	ટીપમાં	परोपकाराय	परोपकारः
,,	,,	परपीडतम्	परपीडनम्
૮૫	૨૪	મત્તવાળા	મતવાળા
૮૬	૫	ભાક્તશૂન્યતા.	ભક્તિશૂન્યતા.
૯૬	૨૨	રહેછે કે એવુ	રહેછે. એવું
૯૯	૧૩	बद्धवैरस्य	बद्धवैरस्य
૧૦૨	૭	બધ બેસતી	બંધ બેસતી
૧૦૫	૪	ચદ્રલગી	ચંદ્ર લગી
૧૦૬	૧૩–૧૪	"ચીમ્બોરોપો"	"ચીમ્બોરોથો"
૧૦૮	૧૮	સમજી શકીશું.	સમજી શકીશું !
૧૧૧	૧૬	પડિતોએ	પંડિતોએ
૧૨૫	૧૯	સદેહ	સંદેહ
૧૪૧	૬	જીંવત	જીવંત

ભાગ ૨ જો.

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૪	૧૮	દ્ધત	ઉદ્ધત
૩૩	૩	ભણું	જાણું
૩૫	૨	કર્યું છે	કહ્યું છે
૩૭	૧૯	ગયલી પાછળ	ગયલી દાસીની પાછળ

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૬૨	૮	forfeet	forfeit
૬૪	૨૦	Speilt	Spoilt
૬૮	૫	તેને	તે
૭૨	૧૯	ફરાજી	ફરામજી
૮૩	૧૯	gibberist	gibberish
૯૧	૧૩	શું થાય ?	શું થયું કહેવાય ?
૧૧૭	૨૧	લો	ફૂલો
૧૨૦	છેલ્લી લીટી	ખોસનધીશ	ખોસનબોશ
૧૪૧	૧૮	વિફળ	વિકળ
૧૬૧	૭	ત્યારે	જ્યારે
૧૭૦	૧૩	સાંદર્ય	સૌંદર્ય
૧૭૪	૨૨	ઉદ્ધત	ઉધ્ધત
૧૯૬	૨૦	વેચવાનું	બેસવાનું

પહેલા ભાગની પુરવણી.

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૨૮૩	૨૧	કહેવાતી નહિ તો	કહેવાતી; નહિ તો
૨૮૮	૧૬	પૉણ્ડિતઃ	પણ્ડિતઃ
૨૮૯	૧	ધણીઓ	ધણીઓ
૩૦૫	૧૮	વહેંચાય એકભાગ	વહેચાય. એકભાગ
૩૦૬	૨૦	શ્રમોપજીવી	શ્રમોપજીવી
૩૦૮	૭	ત્યાં	જ્યાં
૩૦૯	૧૫	સ્વાભાવ	સ્વભાવ
૩૧૦	૧૪	સામાજની	સમાજની
,,	,,	અનષ્ટિકારક	અનિષ્ટકારક
૩૧૩	૨૫	ન બોલે તે	ન બોલે તો

બંકિમ નિબંધ માળા

ગૌરદાસ બાવાની ભિક્ષા ઝોળી

૧—રામવલ્લભ બાબુનું ભિક્ષાદાન.

હું બાવાજીનો ચેલો છું, તેમની ઝોળીનો વર્તમાનસમયે અધિકારી છું. બાવાજીનો વૈકુંઠવાસ થઇ ગયો છે. તેમણે ભિક્ષામાં ઘણાં રત્નો પ્રાપ્ત કર્યાં છે; પરંતુ મારા વિના બીજો કોઇ તેનો વારસ ન હોવાથી તેઓ તે મને આપી ગયા છે; ને હું પણ એ રત્નોની ખેરાત કરવાની ઇચ્છા રાખું છું. આજે તમને એનો નમુનો આપું છું.

એકવાર બાવાજી સાથે હું રામવલ્લભ બાબુને ઘેર ભિક્ષા માગવા ગયો. અમે બંને ગુરુશિષ્ય "રાધેગોવિંદ" બોલી બારણે ઉભા. રામવલ્લભ બાબુએ મર્મમાં કહ્યું:—"બાવાજી! હરિનામ રટો."

હું મારા મનમાં વિચાર કરવા લાગ્યો કે આ બાબુને હરિનામ શું આટલું બધું વહાલું છે? પણ અહીંઆં બાવાજી તો હરિપ્રેમમાં ગદ્‌ગદ બની એકતારો વગાડી ગાવા લાગ્યા.

દર્શન દોની દયાળ! અમોને દર્શન દોની દયાળ!

કરુણાસાગર! ક્યાં સંતાયા? ભક્તતણા પ્રતિપાળ! અમોને૦ ૧

બાવાજીનું ગીત આટલું ગવાયું એટલામાં તો બાબુએ વ્યંગમાં બાવાજીને પૂછ્યું:—"બાવાજી! તમારો હરિ ક્યાં છે?" મેં ધાર્યું કે પ્રહ્લાદની પેઠ ઉત્તર આપું કે "આ સ્તંભમાં" છે ને ત્યાંથી નીકળી હે પ્રભુ!

આ બીજા હિરણ્યકશિપુનું પેટ ફાડી નાખો. નૃસિંહભગવાનના હાથથી આ નરવાનરનો વિનાશ થયો જોઈ મારી આંખો ટાઢી થશે; પરંતુ હું પ્રહ્લાદ નહોતો તેથી ચૂપ રહ્યો. બાવાજીએ નમ્રભાવે ઉત્તર આપ્યો. “હરિ ક્યાં છે તે હું શું જાણું ? જો જાણુતો હોત તો તમારી પાસે કાં આવત ? તેની પાસે ન જાત ? ”

બાબુઃ—તો શું તેને રહેવાને કોઇ સ્થાનજ નથી ? હરિને રહેવાને ક્યાંય ઘરબારજ નથી ?

બાવાજીઃ—હોય કેમ નહિ ? એ વૈકુંઠમાં રહે છે.

બાબુઃ—વૈકુંઠ અહીંથી કેટલું છેટું હશે બાવાજી ?

બાવાજીઃ—તમારાથી તો ઘણું દૂર.

બાબુઃ—તો પાસે કોની ?

બાવાજીઃ—જેની કુંઠા નથી તેની.

બાબુઃ—કુંઠા શું ?

બાવાજીઃ—એટલું પણ સમજ્યા નહિ ? કોલેજના સાહેબોએ રૂપીઆ ફોકટમાંજ લીધા ? એ જો મને આપ્યા હોત તો ઘણો ઉપકાર થાત. હું હરિનામ શીખવત. બાબુજી ! હવે *કોશ ખસેડી તપાસો.

બાબુઃ—મારા ઘરમાં કોશજ નથી. એક આદમી માગી ગયો છે.

બાવાજીઃ—મારે ત્યાં કોશ છે એટલું સ્વીકારવામાં પણ તમે આવા કુંઠિત કેમ થાઓ છો ?

બાબુઃ—અહો ! એ કુંઠા ? કુંઠા=કુંઠિત. જ્યાં કોઇ કુંઠિત ન થાય તે +વૈકુંઠ. શું એવી જગો પણ ક્યાંય છે ?

---

* કોશ-આત્મા અવિદ્યાના પાંચ કોશોથી વીંટાએલો છે, એ વેદાંત સિદ્ધાંતનું અહીં સૂચન છે. એનાં નામ અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય.

\+ મને સમજાયું નહિ કે બાવાજીની વ્યાકરણમાં કેટલી ગતિ હતી !

બાવાજીઃ—બહાર નહિ પણ અંદર છે.

બાબુઃ—અંદર ? શેની અંદર ?

બાવાજીઃ—મનની અંદર. જ્યારે તમારૂં મન જગતમાં કોઇ રીતે કુંઠિત ન થાય, જ્યારે ચિત્ત વશીભૂત થાય, ઇંદ્રિયો સંયમિત થાય, ઇશ્વિરમાં ભક્તિ, મનુષ્યોપ્રતિ પ્રીતિ અને હૃદયમાં શાંતિ સ્થિત થાય, સર્વત્ર વૈરાગ્ય અને સર્વત્ર સમાન સુખનો અનુભવ થાય ત્યારે તમે પૃથ્વીમાં રહો કે ન રહો, સંસારમાં રહો કે ન રહો પણ સમજજો કે વૈકુંઠમાં પહોંચી ગયા.

બાબુઃ—તો શું વૈકુંઠ કોઇ શહેર નથી અને તે માત્ર મનની અવસ્થાજ છે ને વિષ્ણુ ત્યાં રહે છે એમ સમજવું ?

બાવાજીઃ—હા. કુંઠારહિત નિર્વિકાર ચિત્તમાંજ તે રહે છે. વિરક્તનું હૃદય એને રહેવાનું સ્થાન છે ને તેથીજ તે વૈકુંઠનાથ છે.

બાબુઃ—પણ આ શું ? એ તો શરીરધારી છે ને જે શરીરધારી છે તેને રહેવાને માટે તો કોઇ સ્થાન હોવુંજ જોઇએ ના ?

બાવાજીઃ—ભલા, કહો એનું શરીર કેવા પ્રકારનું છે ?

બાબુઃ—તમો લોકો એને ચતુર્ભુજ કહો છો.

બાવાજીઃ—વારૂ ! એને ચતુર્ભુજ કહ્યા છે પણ વિચાર કરો કે એની ચારે ભુજાઓમાં કયી કયી વસ્તુઓ છે ?

બાબુઃ—શંખ, ચક્ર, ગદા અને પદ્મ.

બાવાજીઃ—એકે એકે સમજો. પહેલાં પદ્મને લ્યો, પણ પહેલાં એ જુઓ કે ઇશ્વિર શું કરે છે ?

બાબુઃ—શું કરે છે ?

વૈકુંઠ પણ વિષ્ણુનું એક નામ છે. પંડિતો વૈકુંઠ શબ્દની વ્યુત્પત્તિ કરે છે કે **विविधा कुण्ठा माया यस्य स वैकुण्ठः** એટલે કે જેની માયા વિવિધ પ્રકારની છે તે વૈકુણ્ઠ.

બાવાજી:—ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય. સૃષ્ટિના સંબંધે બે મત છે. એક મત એ કે આરંભમાં જગતનું ઉપાદાન* કાંઇ પણ નહોતું. ઇશ્વરે પહેલાં ઉપાદાન (પંચતત્ત્વ) ઉત્પન્ન કરીને પછી ફરી એનાથી સૃષ્ટિરચના કરી છે. વળી બીજો મત એવો છે કે ઉપાદાન નિત્ય છે, ઇશ્વર કલ્પે કલ્પે એમાંથી નામરૂપની રચના કરે છે. એ બીજા પ્રકારની સૃષ્ટિની શક્તિ જગતનું કેંદ્ર છે. સાંભળ્યું છે કે સાહેબ લોકોનો પણ એ પ્રકારનો એક મત છે. સૃષ્ટિનું મૂલરૂપ એ જગત્કેંદ્ર, તેજ હિંદુઓનાં શાસ્ત્રોમાં નારાયણનું નાભિપદ્મ નામે કહેલું છે. આથી વિષ્ણુના હાથનું પદ્મ સૃષ્ટિક્રિયાનું સૂચક છે.

બાબુ:—ઠીક, બીજી ત્રણ વસ્તુઓ ?

બાવાજી:—'ગદા' એ પ્રલયક્રિયાની નિશાની છે. શંખ અને ચક્ર બંને સ્થિતિક્રિયાની નિશાની છે. જગતની સ્થિતિ દેશ અને કાળરૂપે છે. દેશરૂપે આકાશ છે. આકાશ શબ્દવાહી ને શબ્દમય છે. આથી શબ્દમય શંખ આકાશની પ્રતિમારૂપે વિષ્ણુના હાથમાં સ્થાપિત કરેલ છે.

બાબુ:—અને ચક્ર ?

બાવાજી:—ચક્ર એ કાલચક્ર છે. કલ્પો કલ્પો, યુગો યુગો ને મન્વન્તરો મન્વન્તરો એવાં નામોએ કાલ પરિવર્તન કર્યાં કરે છે. એ કારણથી કાલને ચક્રરૂપે ઇશ્વરના હાથમાં સ્થાન આપેલું છે. જગદીશ્વરે પોતાની ભુજાઓમાં આકાશ, કાલ, શક્તિ અને સૃષ્ટિને ધારણ કરેલ છે. હવે સમજશો કે તમે ધારો છો તેવું વિષ્ણુનું શરીર નથી. વિષ્ણુ વૈકુંઠના ઇશ્વર છે એનું તાત્પર્ય એ કે કુંઠારહિત નિર્ભય વિરક્ત પુરૂષ પોતાના હૃદયમાં વારંવાર ઇશ્વરનું સરજાવનાર, પાલન કરનાર ને સંહાર કરનાર રૂપે ધ્યાન કરે છે.

---

* ઉપાદાન એટલે કે જેના વડે જુદા જુદા નામ રૂપ વાળા પદાર્થો બનાવી શકાય તે મૂળ વસ્તુ; જેમ કે 'માટી' એ ઘડો, ગાગર ઇ. પાત્રોનું ઉપાદાન છે.

બાબુઃ—જો એટલું કહેવું બસ હોય તો એ તો સૌ સ્વીકારે છે; આવી રૂપકરચનાની શી જરૂર હતી?

બાવાજીઃ—સૌ સ્વીકારે છે કે કલકત્તા અંગ્રેજોનું છે તો પછી આ કિલ્લા ઉપર મોટો થાંભલો ઉભો કરી વાવટો ચડાવવાની શી જરૂર હતી? દુનિયાનાં બધાં કામોમાં આવા પ્રકારની કલ્પના દેખાય છે તો પછી મારા જેવા મૂર્ખની ભક્તિના માર્ગમાં આવીને કાંટા વેરવાની ક્રિયા કાં કરો ભાઇ!

બાબુઃ—ઠીક. તમે કહો છો એવા શરીરધારી વિષ્ણુ ન હોય તો સ્યામવર્ણ કોનો છે? જેને શરીરજ નથી તેને પછી રંગ કેવો?

બાવાજી—આકાશનો પણ સ્યામવર્ણ છે, પરંતુ શું આકાશને શરીર છે? ઠીક, તમારૂં અંગ્રેજી શાસ્ત્ર શું કહે છે? જગત અંધકારમય છે કે પ્રકાશમય?

બાબુઃ—જગત અંધકારમય છે.

બાવાજીઃ—તેથી વિશ્વરૂપ વિષ્ણુનો રંગ સ્યામ છે.

બાબુઃ—પરંતુ જગતમાં વારેવારે સૂર્યોદય તો થાય છે—પ્રકાશ પણ છે.

બાવાજીઃ—વિષ્ણુના હૃદયમાં કૌસ્તુભમણિ છે; એ કૌસ્તુભ—સૂર્ય છે અને વનમાળા ગ્રહનક્ષત્રોને સ્થાને છે.

બાબુઃ—તો શું આ જગતજ વિષ્ણુ છે?

બાવાજીઃ—નહિ, જે જગતમાં સર્વત્ર વ્યાપક છે તેજ વિષ્ણુ છે. જગત શરીર છે અને એ એનો આત્મા છે.

બાબુઃ—પરમેશ્વર અશરીરી છે તો તેને વળી બે સ્ત્રીઓ શું? વિષ્ણુને લક્ષ્મી અને સરસ્વતી સ્ત્રીઓ કહી છે તે શું?

બાવાજીઃ—કોશ ખુલ્લો કરી જુઓ. લક્ષ્મીનો અર્થ શોભા કે સૌંદર્ય છે. શ્રી, રમા, ઇત્યાદિ લક્ષ્મીનાં ભિન્ન ભિન્ન નામોનો પણ એજ

અર્થ છે. સરસ્વતીનો અર્થ જ્ઞાન છે. વિષ્ણુ સત્ છે, સરસ્વતી ચિત્ છે ને લક્ષ્મી આનન્દ છે; આથી રે મૂઢો ! સચ્ચિદાનન્દ પરબ્રહ્મને પ્રણામ કરો.

સત્યાનાશ ! રામવલ્લભ બાબુના ઘરમાંજ ઉભીને રે મૂઢ ! એવું સંબોધન કરવું ? બાબુના મિજાજનું થર્મામેટર ૧૦૫ ડીગ્રીએ પહોંચ્યું. હાંક મારી તે બોલ્યા—" મારો બદજાતને."

હું બાવાજીની ઝોળી પકડી તેને ઘર બહાર તાણી લાવ્યો; ને બહાર આવી મેં બાવાજીને કહ્યું:-"બાવાજી ! આજ ભિક્ષામાં શું મળ્યું ?"

બાવાજી:—જન્ ધાતુની આગળ બદ ઉપસર્ગ મૂકો; અને પાછળ ક્તિ પ્રત્યય લગાડો તેથી જે *રૂપ બને તે ભિક્ષામાં મળ્યું. એ ભિક્ષા દાનને ઝોળીમાં નાખી દો.

૨–રાધાકૃષ્ણ.

હું એક જુનું ગીત મારા મનમાં ગણગણતો હતો કે:-

વ્રજ તજી નવ જાઓ નાથ !

એ ટૂંક પૂરી થઇ ન થઇ એટલામાં તો એ સાંભળતાં આહ ! કહી બાવાજી રોવા લાગ્યા. આથી મારાથી રહી શકાયું નહિ ને હસી પડયો. બાવાજી ઉભા થઈ જઈ બોલ્યા:-હસે છે કેમ બેટા !

હું:—તમે જરા જરામાં રોઈ પડો છો તેથી મારાથી હસી પડાયું.

બાવાજી:—તું જેને જરા જેટલી વાત જાણે છે તેમાં કાંઈ પણ સમજે છે ? કે પોપટની માફક ખાલી બોલીજ રહ્યા છે ?

હું:—સમજું કેમ નહિ ? રાધા કૃષ્ણને કહે છે કે " હે સ્વામી ! તમે વ્રજ છોડીને જાઓ નહિ."

---

* બદજાત.

બાવાજીઃ—વ્રજ એટલે શું ? કહે જોઇએ.

હું:—કૃષ્ણ જ્યાં ગાયો ચરાવે છે અને ગોપીઓની વચ્ચે બંસી બજાવે છે તે વ્રજ.

બાવાજીઃ—શો અધઃપાત ! વ્રજ ધાતુનો અર્થ શો ?

હું:—વ્રજ ધાતુ ? આઠ ધાતુ તો મને આવડે છે પણ વળી વ્રજ ધાતુ કેવો ?

બાવાજીઃ—વ્રજ ગમને. અર્થાત્ વ્રજ એટલે જનાર.

હું:—જે જાય છે તે વ્રજ ? ગાય જાય છે, વાછડું જાય છે, તમે જાઓ છો ને હું પણ જાઉં છું; એ બધાં વ્રજ ?

બાવાજીઃ—હા. બધાં વ્રજ છે. તું જાણે છે જગત કોને કહે છે.

હું:—આ વિશ્વબ્રહ્માંડ જગત છે.

બાવાજીઃ—જગત્ શબ્દ ક્યા ધાતુથી બન્યો છે ?

હું:—તમે ધાતુને છોડીને જે પૂછશો તે કહી શકીશ. ધાતુની વાત સાંભળતાંજ મને એક જાતનો ભય લાગે છે.

બાવાજીઃ—ગમ્ ધાતુથી જગત્ શબ્દ બન્યો છે. જે જાય છે તે જગત્ છે; અને વિશ્વબ્રહ્માંડ નાશવંત છે એટલે તે પણ જગત્ છે. વ્રજ શબ્દ અને જગત્ શબ્દ એકજ અર્થ સૂચવે છે.

હું:—તો શું વ્રજ એ કોઇ એક જગ્યા નથી ? હું કહું છું કે વૃંદાવનજ વ્રજ છે.

બાવાજીઃ—વૃંદાવન નામનું જે એક ગામ છે તે તો વૈષ્ણવોએ બનાવી દીધું છે.

હું:—તો પુરાણમાં વૃંદાવન કોને કહે છે ?

બાવાજીઃ—" वृंदा यत्र तपस्तेपे तत्र वृंदावनं स्मृतम् " વૃંદા જ્યાં તપ કરતી હતી (અથવા કરે છે કહેવું વધારે ઠીક પડશે) તેજ વૃંદાવન છે.

હું:—વૃંદા કોણ ?

બાવાજીઃ—राधा षोडशनाम्नां च वृंदानाम श्रुतौ श्रुतम् । तस्याः क्रीडावनं रम्यं तेन वृंदावनं स्मृतम् । તાત્પર્ય રાધાજ વૃંદા છે.

હું:—રાધા કોણ ?

બાવાજીઃ—રાધ્ ધાતુ—

હું:—ધાતુની વાત છોડો બાવાજી.

બાવાજીઃ—રાધ્ ધાતુ સાધને પ્રાપ્તૌ તોષે પૂજાયાં વા એટલે જે ઈશ્વરની સાધના કરે છે, તેને મેળવે છે ને પૂજા તથા આરાધના કરે છે તે રાધા છે. ઈશ્વરભક્ત માત્ર રાધા છે. તમે બધા ઈશ્વરના સાચા ભક્ત થશો ત્યારે રાધા થઈ શકશો.

હું:—તો શું એ કોઈ ગોપિની નથી ?

બાવાજીઃ—ગોપિની શબ્દજ નથી. ગોપી શબ્દ છે. તું જાણે છે ગોપી કોને કહેલ છે ?

હું:—ગોપની સ્ત્રી હોય તે ગોપી.

બાવાજીઃ—ગો શબ્દનો અર્થ પૃથ્વી છે. જે ધર્માત્મા છે તેજ પૃથ્વીનો રક્ષક છે; ને તેજ ગોપ છે. સ્ત્રીલિંગે તે ગોપી છે.

હું:—તો ગોલોક શું ?

બાવાજીઃ—આ પૃથ્વીજ ગોલોક—ભૂલોક—છે.

હું:—તમે બધું ઉલટાવી નાખ્યું. ઠીક; એ બધું રૂપક છે તો નંદ એટલે શું ?

બાવાજીઃ—નન્દ્ ધાતુ હર્ષ અથવા આનન્દના અર્થમાં છે. આપણે ઉપસર્ગ વિના વાત નથી કરતા એટલે આનન્દજ નન્દ છે.

હું:—ભગવાન શું આનન્દમાં જન્મે છે કે એને નન્દનન્દન કહે છે ?

બાવાજીઃ—કૃષ્ણને કોઈ નંદના પુત્ર માનતું નથી. એ વસુદેવના

પુત્ર છે. નન્દને ઘેર તો એ થોડા દિવસ માટેજ જઇ રહ્યા હતા.

હું:—એ વાતનો અર્થ શો ?

બાવાજી:—પરમાનન્દ ધામજ ઇશ્વિરનું નિવાસસ્થળ છે; અર્થાત્ એ આનન્દમાંજ વિદ્યમાન છે.

હું:—તો હવે યશોદા ક્યાં જશે ? એમણે કૃષ્ણને પાળ્યા પોષ્યા હતા એનું તાત્પર્ય શું ?

બાવાજી:—ઇશ્વિરનો યશ એટલે મહિમાને જે કીર્ત્તનદ્વારા પોતાના હૃદયમાં સ્થાપે અથવા વધારે તે યશોદા.

હું:—બધાંજ રૂપક છે ? શું કૃષ્ણ પણ રૂપક છે ?

બાવાજી:—મારૂં દૃઢ માનવું છે કે પરમેશ્વરે પૃથ્વીપર શરીરીરૂપે અવતાર લઇને જગતમાં ધર્મ સ્થાપન કર્યો હતો ને તેજ એમણે પોતે ગીતામાં કહ્યું છે કે ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે એ રૂપક નથી. પુરાણ લખનારાએ એને મધ્યમાં સ્થાપીને આ ધર્મ સંબંધી રૂપક રચ્યાં છે. વળી કૃષ્ણ નામમાં બીજો પણ એક અર્થ છે; તેથી એ રૂપકની રચનામાં એક સરળતા થઇ છે. કૃષ્ ધાતુ કર્ષણ અથવા આકર્ષણના અર્થમાં છે. જે મનુષ્યનાં ચિત્તને પોતાની ભણી ખેંચે તેજ કૃષ્ણ છે.

હું:—બાવાજી ! એ તો કઠિનતાવાળી કલ્પના છે.

બાવાજી:—એમ તો છે. કૃષ્ણ પોતે રૂપક નથી; તેથી કઠિન કલ્પના કરીને આમ અર્થ કાઢવો પડે છે. કૃષ્ણ પોતે શરીરધારી થયા છે અને અનેક મનુષ્યોની સાથે કાર્યપ્રદેશમાં વિદ્યમાન હતા; તથાપિ એ અશરીરી જગદીશ્વર છે. તેમને પ્રણામ કરો.

હું:—પરંતુ રૂપકનું શું થશે ? શું રાધાકૃષ્ણની ઉપાસના કરવી જોઇએ ?

બાવાજી:—ઇશ્વિરની સાથે તેના ભક્તોની ઉપાસના કરવી પણ

યોગ્ય છે; કેમકે ભક્ત તન્મય થાય છે, એટલે તે પણ ઇશ્વરનો અંશ થઇ જાય છે. જગત ઇશ્વરનું ભક્ત છે, વળી જગત ઇશ્વરમય છે એ-ટલે ઇશ્વરની સાથે જગતની પણ ઉપાસના કરવી જોઇએ. બોલો "શ્રીરાધાવલ્લભાય નમો નમઃ"

હુંઃ—"શ્રીરાધાવલ્લભાય નમો નમઃ"

૩–શક્તિદેવીનો પ્રસાદ.

આસો મહિનાની નવરાત્રિની ધામધૂમમાં–દુર્ગાપૂજાને દિવસે બાવાજી શોધતાં પણ દેખાયા નહિ. સંભવિત હતું કે તેઓ કોઇ દુર્ગા-મંદિરમાં બેસી હરિભજન કરવા મંડયા હોય; અથવા તો અમૂલ્ય અમૃતમય પ્રભુનામને બદલે મીઠાઇરૂપી માટી લઇ વૈષ્ણવોની ઉદારતા ને મહિમા સાબીત કરતા હોય! એક ચપટી લોટને બદલે જે હરિ-નામ સંભળાવે છે એનાથી મોટો દાતાર બીજો કોણ છે? આવી અનેક વાતોનો મનમાં ને મનમાં વિચાર કરતો હું પૂજ્યપાદ ગૌરદાસ બાવાને શોધવા નીકળી પડયો. જે જે ઘેર દુર્ગાપૂજાની ધામધૂમ મચી હતી ને દરવાજાપર ઝુંડેઝુંડ માગણો ઉભાં હતાં; ત્યાં ત્યાં જોયું પણ સફેદ દાઢીનો વાવટો ફરકાવતા બાવાજી કયાંય દેખાયા નહિ. છેવટે એક મંદિરમાં જોયું તો બાવાજી ભોજન ઉપર બેઠેલા દેખાયા.

તેમને જોતાં મને બહુ સંતોષ થયો નહિ. વૈષ્ણવ થઈ શક્તિનો પ્રસાદ જમવો એ મને ઠીક લાગ્યું નહિ. પાસે જઈ મેં બાવાજીને કહ્યુંઃ–પ્રભુ! જણાય છે કે ધર્મ કરતાં ભૂખની ઉદારતા વધારે છે!

બાવાજીઃ—એમ હોય તો ચોરનો ધર્મ ઘણો ઉદાર! એવી વાત કાં કરે બાપુ?

હુંઃ—વૈષ્ણવે શું શક્તિનો પ્રસાદ ખાવો જોઇએ?

બાવાજીઃ—એમાં દોષ શો?

હું:—આપણે કૃષ્ણુના ઉપાસક છીએ તો શક્તિનો પ્રસાદ શા માટે ખાઇએ ?

બાવાજીઃ—શક્તિ શું છે તે તું જાણે છે ?

હું:—દેવતાની સ્ત્રીઓને તેમની શક્તિ કહે છે; જેમ નારાયણની શક્તિ લક્ષ્મી, શિવની શક્તિ દુર્ગા, બ્રહ્માની શક્તિ બ્રહ્માણી એ પ્રમાણે.

બાવાજીઃ—દૂર હઠ પાપી, ઉઠી જા. તારૂં મોં જોઇ ભોજન કરતાં પણ પાપ લાગે. શું દેવો પણ તારી પેઠે વૈષ્ણવી રાખી ગૃહધર્મ કરે છે ? દૂર થા.

હું:—તો શક્તિ વળી શું ?

બાવાજીઃ—ઠીક. આ જળનો ઘડો ઉપાડી લે.

આથી મેં પાણીનો ઘડો પકડી ઉંચો કર્યો. બાવાજીએ પાણીનું એક ટીપું ભોંયપર નાખી કહ્યું:—આ ટીપાને ઉપાડી લાવ.

હું:—એવું કાંઇ બની શકે છે ?

બાવાજીઃ—તારામાં પાણીનો ઘડો ઉપાડવાની શક્તિ છે પણ ટીપું ઉપાડવાની શક્તિ નથી કાં ? તું ભાત ખાઇ શકે છે ?

હું:—કાં ખાઇ ન શકું ? રોજ ખાઉં છું.

બાવાજીઃ—ઠીક. આ સળગતું લાકડું ખાઇ શકે છે ?

હું:—સળગતું લાકડું તે ખવાઇ શકે ?

બાવાજીઃ—તારામાં ભાત ખાવાની શક્તિ છે પણ સળગતું લાકડું ખાવાની શક્તિ નથી. હવે તું સમજ્યો કે દેવતાની શક્તિ એટલે શું ?

હું:—ના.

બાવાજીઃ—દેવતા પોતાના સામર્થ્યવડે પોતાનાં કરવાનાં કામો કરે છે, એ સામર્થ્યનું નામ શક્તિ છે. અગ્નિમાં બાળવાનું સામર્થ્ય એ એની શક્તિ છે; એનું નામ 'સ્વાહા' છે. ઇંદ્ર વૃષ્ટિ કરે છે, વૃષ્ટિ કરવાની શક્તિનું નામ 'ઇંદ્રાણી' છે. પવન વાયુદેવતા છે, વહન કરવાની

શક્તિનું નામ 'પવનાણી' છે. રૂદ્ર સંહાર કરે છે એની સંહારશક્તિનું નામ 'રૂદ્રાણી' છે.

હું:—એ બધું આપ શું વર્ણો છો? જે શક્તિથી મેં ઘડો ઉપાડ્યો અથવા જે શક્તિથી હું ભાત ખાઉં છું એ શક્તિ તો કદિ મને નજરે પડતી નથી. મારી એ શક્તિ દુર્ગાદેવીની પેઠે લૂગડાંલત્તાં પહેરી બણીઠણી મારી પાસે કદિ બેસતી નથી; પણ મારી વૈષ્ણવી એમ કરે છે. આથી હું મારી વૈષ્ણવીનેજ શક્તિ કહું છું.

બાવાજીઃ—મૂર્ખ લોક એમજ સમજે છે તું શરીરધારી છે તેથી તારી શક્તિ તારા શરીરમાં છે. તે સિવાય બીજું કોઇ તારી શક્તિ-રૂપે થઇ શકે નહિ.

હું:—દેવતાનું કેમ? એ શું શરીરધારી છે? તો શું એની શક્તિ પણ નિરાકાર છે?

બાવાજીઃ—શરીરધારી કે શરીરરહિત બંનેની શક્તિ નિરાકારજ હોય છે; પણ એકે એકે સમજો. પ્રથમ એટલુંજ સમજ કે ઇંદ્રાદિ તમામ દેવો શરીરધારી નથી.

હું:—એ શું? ઇંદ્રને જો શરીર ન હોય તો સ્વર્ગના સિંહા-સનપર બેસીને અપ્સરાઓનું નૃત્યગાન કોણ દેખે સાંભળે છે?

બાવાજીઃ—એ તમામ રૂપક છે. એના ગૂઢ અર્થો બીજે કોઇ દિવસે સમજાવીશ. આ વખતે તો આટલું સમજ કે જેથી વર્ષા થાય છે તે ઇંદ્ર છે. જે સળગાવે છે તે અગ્નિ છે. જેથી જીવો અથવા પદાર્થોનો નાશ થાય છે તે રૂદ્ર છે.

હું:—એમાં હું સમજ્યો નહિ. કોઇ રોગથી મરે છે, કોઇ ડૂબીને મરે છે, કોઇ સળગીને મરે છે, કોઇ પડીને મરે છે, કોઇ કપાઇને મરે છે, કોઇ જીવ કોઇને ખાઇ જાય છે, કોઇ જીવ કોઇને મારી નાખે છે, કોઇ વસ્તુ ગળાઇ ગળાઇને નાશ પામે છે, કોઇ વસ્તુ

સુકાઇને નષ્ટ થાય છે, કોઇ કચરાઇને નાશ પામે છે તો કોઇ શોષાઇને નષ્ટ થાય છે, આમાં રૂદ્ર કોણુ?

બાવાજી:—બધાનો જે સમષ્ટિભાવ એટલે કે સર્વને એકઠાં વિચારતાં જે નાશશક્તિ સમજાય છે તે રૂદ્ર છે.

હું:—તો રૂદ્ર એક છે કે અનેક?

બાવાજી:—એક છે. જેમકે આ ઘડામાં જે જળ છે; આ ટીપામાં જે જળ છે; અને ગંગામાં જે જળ છે તે તમામ એકજ જળ છે; તેમ જ્યાં જ્યાં ધ્વંશ–નાશનું જે કારણ છે તે રૂદ્ર છે.

હું:—રૂદ્રને શરીર નથી?

બાવાજી:—એ તો કહુંજ છું ના?

હું:—તો પછી મહાદેવની મૂર્તિ ઘડીને તેની ઉપાસના શા માટે કરે છે? એ શું એનું રૂપ નથી?

બાવાજી:—ઉપાસના કરવા માટે ઉપાસ્યના સ્વરૂપનું ધ્યાન કરવું જોઇએ; નહિ તો ઉપાસનામાં મન લાગતું નથી. તુંજ આ નિરાકાર વિશ્વવ્યાપી રુદ્રના સ્વરૂપનું ધ્યાન કરી શકશે.

મેં ધ્યાન કરવાનો પ્રયત્ન કર્યો, પણ તેમ થઇ શકયું નહિ ત્યારે બાવાજીની વાતનો સ્વીકાર કર્યો.

બાવાજી:—જેઓએ આ રીતે ધ્યાન કરવું શીખી લીધું છે તેઓ કરી શકે છે; પરંતુ તેને માટે જ્ઞાનની આવશ્યકતા છે. પણ જેને જ્ઞાન નથી તે શું ઉપાસનાથી વિમુખ રહે? એ તો યોગ્ય ન કહેવાય. જેને જ્ઞાન નથી તે જે રૂપે રુદ્રનું ધ્યાન કરી શકે, તે રૂપે રુદ્રની ઉપાસના કરે. એ અવસ્થામાં રૂપની કલ્પના કરીને ધ્યાન કરવું સહેલું છે. તું એક એવી મૂર્તિની જો કલ્પના કરે કે તેવડે રુદ્રની સંહાર ક્રિયાનો આદર્શ સમજી શકાય તો તે રુદ્રનીજ મૂર્તિ છે. એ માટેજ રુદ્રના કાલભૈરવ રૂપની કલ્પના કરવામાં આવી છે; નહિ તો રુદ્રને કશું રૂપ છેજ નહિ.

હું:—એ તો સમજ્યો. પરંતુ જેમ મારી શક્તિ મારામાં છે તેમ રુદ્રની શક્તિ રુદ્રાણી પણ રુદ્રમાં છે. તો શિવ અને દુર્ગાની જુદી જુદી મૂર્તિ બનાવીને શા માટે પૂજે છે ?

બાવાજી:—તારૂં ધ્યાન કરવાથી તારી શક્તિનું જ્ઞાન થઇ શકતું નથી. જેણે અગ્નિમાં કદી હાથ નાખ્યો નથી તે અગ્નિને જોઇને પણ એમ સમજી શકશે નહિ કે અગ્નિમાં હાથ દાઝી સળગી જશે. જેણે કદી ભઠ્ઠી સળગતી નહિ જોઇ હોય તે સમજી શકશે નહિ કે અગ્નિમાં પ્રકાશ આપવાની પણ શક્તિ છે. આથીજ શક્તિ અને શક્તિવાનનો જુદો જુદો વિચાર કર્યા વિના શક્તિને સમજવાનો સંભવ નથી. રુદ્ર પણ નિરાકાર છે ને રુદ્રની શક્તિ પણ નિરાકાર છે. ચિત્તમાં દોષ હોવાને લીધે જે નિરાકાર સ્વરૂપનું ધ્યાન કરવામાં અશક્ત છે તેને ઉપાસના વાસ્તે શક્તિ અને દેવતાનાં જુદાં જુદાં રૂપોની કલ્પના કરવી પડે છે.

હું:—પરંતુ વૈષ્ણવો વિષ્ણુનીજ ઉપાસના કરે છે, રુદ્રની નહિ. આથી રૂદ્રાણીનો પ્રસાદ ખાવો એ આપણે માટે સર્વથા અયોગ્ય છે.

બાવાજી:—વિષ્ણુએ પેટ આપીને મને એવી આજ્ઞા નથી કરી કે રૂદ્રાણીના પ્રસાદથી તારે પેટ ન ભરવું; પરંતુ એ વાત રહેવા દે. વિચારીએ તો રૂદ્રાણી પણ વિષ્ણુનીજ શક્તિ છે.

હું:—એ વળી શું ? રૂદ્રાણી તો રૂદ્રની શક્તિ છે.

બાવાજી:—વિષ્ણુજ રૂદ્ર છે.

હું:—આપની આ વાત શ્રદ્ધા ન ઉપજે એવી છે. બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ્વર કે રૂદ્ર એ ત્રણે દેવો જુદા જુદા છે. એક સૃષ્ટિ કરે છે, બીજો પાલન કરે છે ને ત્રીજો પ્રલય કરે છે. તો વિષ્ણુ રૂદ્ર શી રીતે હોઇ શકે ?

બાવાજી:—જે બાબુને ઘેર બેસીને હું ભોજન કરૂં છું તે શું કામ કરે છે તે તું જાણે છે ?

હું:—જાણું છું. એ જમીનદારી કરે છે.

બાવાજી:—બીજું કાંઈ કરે છે ?

હું:—એમની કાપડની દુકાન પણ છે.

બાવાજી:—બીજું કાંઇ કરે છે?

હું:—રૂપીઆ ધીરી વ્યાજ મેળવે છે.

બાવાજી:—ઠીક. હવે હું બહાર જઇને રામને કહું કે હું આજ એક જમીનદારને ત્યાં ખાઇ આવ્યો. શ્યામને કહું કે હું આજ એક કાપડના વેપારીને ત્યાં જમી આવ્યો, અને ગોપાળને કહું કે હું આજ એક મહાજનને ત્યાં મારૂં પેટ ભરી આવ્યો; તો એ ત્રણ જુદા જુદા આદમીઓના સંબંધની વાત થઇ કે એક આદમીના સંબંધની ?

હું:—એકજ આદમીની; કેમકે અહીંઆં આ ત્રણે એકજ છે.

બાવાજી:—તેમજ બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ્વર એકજ છે. એકજ ઇશ્વિર ઉત્પત્તિ, પાલન અને સંહાર કરે છે. હિંદુધર્મમાં એક ઇશ્વિરનીજ વાત છે; ત્રણ ઇશ્વિર કદિ સંભવેજ નહિ.

હું:—તો ત્રણ રૂપોની જુદી જુદી ઉપાસના કેમ કરવામાં આવે છે ?

બાવાજી:—તારે આ બાબુની સંપૂર્ણ રીતે માહિતી મેળવવી હશે તો તેનાં બધાં કામોને જુદાં જુદાં સમજવાં પડશે. એ જમીનદારને રૂપે શી રીતે જમીનદારી કરે છે તે જાણવું જોઇશે; વેપારી રૂપે કેવો વેપાર કરે છે તે જાણવું જોઇશે ને નાણાવટી રૂપે કેવી ધીરધાર કરે છે તે પણ સમજવું પડશે. તેમજ ઇશ્વિરની ઉપાસનામાં તેનાં સૃષ્ટિ, સ્થિતિ ને પ્રલયનાં કામોને જુદાં જુદાં સમજવાં પડશે. આથી આપણામાં ત્રણ દેવોની ઉપાસના પ્રચલિત છે; ને જુદાં જુદાં કામોને અનુસારે એકનાંજ ત્રણ જુદાં જુદાં નામો રાખેલાં છે. એ ત્રણે નામો જુદા જુદા ત્રણનાં નથી.

હું:—એ તો હું સમજી ગયો; પરંતુ એક બીજી ગડબડ ન મટી. વૃષ્ટિ થઇ અને તેથી અન્ન ઉપજ્યું, જે ખાઇને બધાં જીવ્યાં; તે બચાવ્યાં કોણે? પાલન કરનાર વિષ્ણુએ કે વૃષ્ટિ કરનાર ઇંદ્રે?

બાવાજી:—મેં કહ્યું તે જો તું સમજી ગયો હોય તો તને આ સમજાવવાની જરૂર નથી કે ઇંદ્ર, વાયુ, વરુણ વગેરે કોઇ દેવો જુદા છેજ નહિ. જે સૃષ્ટિ રચે છે તે જેમ પાલન કરે છે તેમ સંહાર પણ કરે છે. એજ સળગાવનાર અગ્નિ, વૃષ્ટિ કરનાર ઇંદ્ર, વાવાઝોડું કરનાર પવન તથા પ્રકાશ કરનાર ને અંધકાર કરનાર છે. જે બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ્વર છે, તેજ ઇંદ્ર, તેજ અગ્નિ ને તેજ સર્વે દેવતા રૂપે છે; પરંતુ જેમ આપણે સમજવાની સહેલાઇ માટે એકજ જળને ક્યાંક નદી, ક્યાંક સમુદ્ર, ક્યાંક ઝરણુ, ક્યાંક તળાવ, ક્યાંક ધરો ને ક્યાંક કૂવો કહીએ છીએ; તેમજ ઉપાસનાની સહેલાઇ માટે એકજ પરમેશ્વરને ક્યાંક ઇન્દ્ર, ક્યાંક અગ્નિ, ક્યાંક બ્રહ્મા અને ક્યાંક વિષ્ણુ એમ અનેક નામોએ ઓળખીએ છીએ.

હું:—તો એનું યથાર્થ નામ શું છે?

બાવાજી:—ઇશ્વરની ઉપાસના બે રીતે થાય છે. જ્યારે એને અવ્યક્ત, અચિંત્ય, નિર્ગુણ અને સર્વ જગતનો આધાર માનીને ઉપાસના કરે છે ત્યારે તેને બ્રહ્મ, પરબ્રહ્મ કે પરમાત્મા કહે છે; પણ જ્યારે એને વ્યક્ત, ઉપાસ્ય અને તે વાસ્તે ધ્યાન કરવા યોગ્ય સગુણ કહેવામાં આવે છે ને જગતની સૃષ્ટિ, સ્થિતિ ને સંહારનું કારણ માની તેની ઉપાસના કરવાનું કહેવામાં આવે છે ત્યાં તેને બીજાં નામો આપવામાં આવેલાં છે. જેમ કે તેને વાતચિતમાં ઇશ્વર, વેદમાં પ્રજાપતિ અને પુરાણ તથા ઇતિહાસમાં વિષ્ણુ અને શિવ કહે છે. જ્યારે એક સાથેજ તેનાં બંને રૂપોનું ધ્યાન કે ઉપાસના કરવાનું હોય છે, અર્થાત્ અમારા હૃદયમાં જ્યારે બંને રૂપો ભાસમાન થાય છે ત્યારે તેને અમે શ્રીકૃષ્ણ કહીએ છીએ.

હું:—"શ્રીકૃષ્ણ" કેમ કહો છો ?

બાવાજી:—ગીતામાં શ્રીકૃષ્ણે પોતાનાં બંને રૂપોથી ધ્યેય બતાવેલ છે; અને હું એમનો દાસાનુદાસ હોવાથી હું એમને એ નામથી સંભારૂં છું. બોલો એક વાર "શ્રીકૃષ્ણચન્દ્રકી જે." બોલો "કૃષ્ણ, કૃષ્ણ, હરે કૃષ્ણ."

એટલામાં પીરસનાર એક બ્રાહ્મણે બાવાજીને પૂછ્યું:—બાવાજી! વળી કૃષ્ણભજન કરવા ક્યાં મંડયા? એટલું તો સમજાવો કે અહિંસા વૈષ્ણવોનો ધર્મ ખરો કે નહિ ?

બાવાજી:—અહિંસા એ અવશ્ય વૈષ્ણવ કન્યા છે, પણ એ કુલત્યાગ કરી બૌદ્ધાને ઘેર ચાલી ગઇ છે; એથી તે જાતિભ્રષ્ટ થઇ ગઇ છે.

હું:—આપની એ પહેલી વાત સમજાણી નહિ.

બાવાજી:—સાંભળ વત્સ! વૈષ્ણવ બનતાં પહેલાં એટલું સમજી રાખવું જોઇએ કે વૈષ્ણવ ધર્મ એટલે શું? કંઠી બાંધવાથી, તુલસીની માળા ધારણ કરવાથી, તિલક કરવાથી, *નિરામિષ ભોજન કરવાથી, પંચ સંસ્કારથી કે મરજાદણ સાથે રહેવાથી કોઇ વૈષ્ણવ બની શકતો નથી. તું કહે જોઇએ જગતમાં સૌથી શ્રેષ્ઠ વૈષ્ણવ ક્યા ક્યા થયા છે?

હું:—નારદ, ધ્રુવ, પ્રહ્લાદ.

બાવાજી:—પ્રહ્લાદ સર્વમાં શ્રેષ્ઠ છે તો સાંભળ; પ્રહ્લાદે વૈષ્ણવ ધર્મની વ્યાખ્યા કેવી કહી છે?

सर्वत्र दैत्याः समतामुपेत्य समत्वमाराधनमच्युतस्य ॥

અર્થાત્ "હે દૈત્યગણ! તમે સર્વત્ર સમદર્શી બનો. સમત્વ એટલે સર્વને સમાનભાવે જોવા એજ વિષ્ણુની આરાધના છે." કંઠી,

---

* માંસરહિત.

તિલક, માળા, છાપાં એમાં શી વિશેષતા છે ? આ સમદર્શી ભાવજ અહિંસા ધર્મનું યથાર્થ તાત્પર્ય છે. સમદર્શી થતાં હિંસાનું નામ માત્ર પણ રહી શકતું નથી. જે વિષ્ણુનું નામ પણ જાણતો ન હોય છતાં સમદર્શી હોય તો તે મનુષ્ય વૈષ્ણવ છે. જે ખ્રિસ્તી કે મુસલમાન મનુષ્યમાત્રને પોતાની સમાન સમજતો હોય તે ભલે ઈસુની પૂજા કરે કે ન કરે અથવા પીર પેગંબરને માને કે ન માને પણ તે સાચો વૈષ્ણવ છે; અને તમારા કંઠી તિલકધારીના સમૂહમાં જે સમદર્શી થયો નથી તેને તમે વૈષ્ણવ કહો તોપણ તે વૈષ્ણવ નથી.

*　　*　　*　　*

ભારત–કલંક.

ભારતવર્ષ પરાધીન કેમ છે?

ભારતવર્ષ ઘણાં શતકો થયાં પરાધીન કેમ છે? એ પ્રશ્નના ઉત્તરમાં બધા લોકો કહે છે કે ભારતના લોકો નિર્બળ છે. યૂરોપિયનોની જીભ પર એ કારણ (effiminate Hindoos) હમેશાં સંભળાય છે. એ ભારતનું કલંક છે; પરંતુ બીજી તરફ જોઇશું તો યુરોપિયનોને મોઢેથીજ ભારતવર્ષના સૈનિકોનાં બળ અને હિંમતનાં વખાણ પણ સંભળાય છે; સ્ત્રીસ્વભાવવાળા હિંદુઓના બળથીજ કાબુલ જીતાયું છે. એમાં કશોજ સંદેહ નથી કે સ્ત્રીસ્વભાવવાળા હિંદુઓની સહાયતાથીજ એમણે ભારતવર્ષ જીત્યો છે, અને એ ભલે સ્વીકાર કરે કે ન કરે તોપણ સ્ત્રીસ્વભાવવાળા હિંદુઓ સાથેનાં–મરેઠા અને શીખો સાથેનાં–અનેક યુદ્ધોમાં એમને કેટલીક વાર પરાજય પણ પામવો પડયો છે.

એમાં તો કાંઇ સંદેહજ નથી કે આધુનિક હિંદુઓમાં બળ ને હિંમત ગમે તેટલાં હો પરંતુ પ્રાચીન હિંદુઓને મુકાબલે તો તે ઓછાંજ છે. હજારો વર્ષની પરાધીનતાથી તે અવશ્ય ઘટયાંજ હશે. બીજી જાતિઓથી જીતાયા પહેલાં પ્રાચીન ભારતના લોક વિશેષ બળવાન હતા; પરંતુ એમ સમજવાનાં પણ અનેક કારણો છે કે શરીરબળમાં દુર્બળ થવાને લીધે એઓ પરાધીન થયા નથી.

અમે સ્વીકારીએ છીએ કે આ વાત સિદ્ધ કરવી સહેલી નથી; તેમ એ વાતનાં સંપૂર્ણ પ્રમાણો પ્રાપ્ત કરવાં પણ દુસ્સાધ્ય છે. આ તર્કની મીમાંસા કેવળ ઇતિહાસથીજ યથાર્થ થઇ શકે છે; પરંતુ

દુર્ભાગ્યયોગે બીજી જાતોની પેઠે ભારતવર્ષના લોકો પોતાની કીર્ત્તિ લખીને મૂકી ગયા નથી. પ્રાચીન ભારતનો ઇતિહાસજ નથી એને લીધે ભારતવર્ષના લોકોની જે પ્રશંસનીય યુદ્ધકીર્ત્તિ હતી તે પણ લુપ્ત થઇ ગઇ છે. જે ગ્રંથ પુરાણને નામે પ્રસિદ્ધ છે તેમાં સ્પષ્ટ ઇતિહાસ જેવું જે કાંઇ છે તે અમાનુષી અસ્વાભાવિક વાતોથી એવું ઢંકાઇ ગએલ છે કે યથાર્થ બનાવોનો નિશ્ચય કરી શકાતો નથી.

ભાગ્યયોગે બીજા દેશના ઇતિહાસના ગ્રંથોમાં બે સ્થળે પ્રાચીન ભારતવર્ષના લોકોના યુદ્ધ વગેરેના ઉલ્લેખો મળે છે. પહેલો ઉલ્લેખ મેસીડોનિયાનો અલેક્ઝાંડર દિગ્‌વિજયની યાત્રા કરવા હિંદમાં આવી લડ્યો ત્યાં છે. રચનાકુશળ યવન લેખકોએ એ યુદ્ધનું વર્ણન કરેલું છે. બીજો ઉલ્લેખ મુસલમાનોએ ભારતને જીતવાને જે યત્ન કરેલો હતો તેનું વર્ણન મુસલમાન લેખકોએ પોતાના ગ્રંથમાં કરેલ છે ત્યાં છે; પરંતુ પહેલું તો કહેવાનું એ છે કે એવાં લખાણોમાં પણ પક્ષપાતની ભારે સંભાવના છે. ચિત્રકાર મનુષ્ય હોવાથી તેણે ચિત્રમાં મનુષ્યને હાથે સિંહને પરાજય પામેલો ચિતર્યો એ દૃષ્ટાંત જાણીતું છે. એવા ઇતિહાસકારોની સંખ્યા ઘણી ઓછી મળી આવશે કે જેઓએ સત્યની પ્રીતિને લીધે પોતાની જાતિનો પરાજય દર્શાવી શત્રુપક્ષના યશનું યથાર્થ વર્ણન કર્યું હોય. સ્વાભિમાની મુસલમાનોની વાત બાજુ રાખતાં સુશિક્ષિત અને સત્યનિષ્ઠાના અભિમાની યુરોપી ઇતિહાસલેખકો પણ આ દોષથી એટલા કલંકિત છે કે એમના લખેલા ગ્રંથો વાંચતાં પણ કદિ કદિ કંટાળો ઉપજે છે. આથી આ દેશના અને શત્રુ તરફના—બંને બાજુના—ઇતિહાસલેખકોની સહાયતા વિના કોઇ બનાવના યથાર્થ સ્વરૂપનો નિર્ણય કરી શકાય નહિ. ભલે ગમે તેમ હો. નીચે લખેલી બે વાતો મુસલમાન લેખકોના ગ્રંથોમાંથીજ વિચારદ્વારા સિદ્ધ થાય છે.

એક તો એ કે અરબસ્તાનના લોક એક પ્રકારે દિગ્વિજયથી થયા હતા. તેમણે જે દેશપર ચડાઇ કરી હતી તેને જીતીને પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું હતું; પરંતુ તેઓને બે દેશ સાથે લડતાં હારવું પડ્યું હતું. પશ્ચિમમાં ફ્રાન્સથી ને પૂર્વમાં ભારતવર્ષથી. મહમ્મદ પેગંબર સાહેબના મરણ પછી આરબલોકોએ છ વર્ષમાં સીરીઆ જીત્યો, દશ વર્ષમાં ઇરાન જીત્યું, એક વર્ષમાં આફ્રિકા ને સ્પેન જીત્યાં. અઢાર વર્ષના સંગ્રામને અંતે કાબુલ જીત્યું ને આઠ વર્ષના શ્રમને અંતે આખું તુર્કસ્તાન સ્વાધીનતામાં લીધું; પરંતુ ભારતવર્ષ જીતવામાટે ત્રણસો વર્ષ મહેનત કરી છતાં તેને હસ્તગત કરી શક્યા નહિ. મહમ્મદ કાસિમે સિંધ જીત્યો ખરો, પણ તે થોડાં વર્ષોને માટેજ. કાસિમના મરણ પછી રજપૂતોએ મુસલમાનોને સિંધમાંથી હરાવી નસાડી મૂક્યા હતા. તાત્પર્ય કે દિગ્વિજયી આરબ લોકો પણ હિંદને જીતી શક્યા નહોતા. એલફીન્સ્ટન કહે છે કે સ્વધર્મપ્રતિ દૃઢ પ્રીતિ હોવાને કારણે હિંદુઓ મુસલમાનોવડે જીતાયા નહોતા, પણ એ વાત સત્ય નથી; યુદ્ધનિપુણતા તથા લડવાની શક્તિજ એના કારણરૂપ હતાં. જો સ્વધર્મપ્રીતિજ કારણ હોય તો હજુ પણ હિંદુઓને પોતાના ધર્મપર એવોજ પ્રેમ છે, પણ લાગલાગટ સાતસો વર્ષથી તેઓ બીજી જાતિને અધીન કાં છે?

બીજું એ કે જ્યારે કોઈ વિજયની અભિલાષાવાળી નવીન અભ્યુદય પામેલી જાતિ પ્રાચીન દેશ પાસે જઈ પહોંચે છે ત્યારે એ પ્રાચીન દેશ પેલી વિજયેચ્છુ જાતિના તાબામાં આવી જાય છે. દાખલા તરિકે જોઇશું તો આવી વિજયેચ્છુ જાત યુરોપમાં રોમન અને એશિયામાં આરબ કે તુર્ક થઇ છે. જે જાત એના સંબંધમાં આવી તે પરાજય પામી એને આધીન બની છે. પહેલાંજ કહેવાયું છે કે આરબ લોકોએ કેટલી ટૂંકી મુદતમાં મિસર, ઉત્તર આફ્રિકા, સ્પેન, ઇરાન, તુર્કસ્તાન અને કાબુલને પોતાના તાબામાં લીધાં હતાં! રોમન જેવું

મહાન સામ્રાજ્ય પણ આવી ઝડપે વિજય મેળવી શક્યું નથી તે વાતની નીચેનો ઇતિહાસ સાક્ષી આપે છે.

રોમન લોકોએ ઇ. સ. પૂર્વે ૨૦૦ વર્ષ પહેલાં ગ્રીસપર ચડાઇ કરી અને તે પછી લાગટ ૫૨ વર્ષની મહેનતે આખા ગ્રીસને પોતાના તાબામાં લીધું. સુપ્રસિદ્ધ કાર્થેજના રાજ્ય સાથે રોમન પ્રજાને ઇ. સ. પૂર્વે ૨૬૪ થી લડાઇ શરૂ થઇ ને ઇ. સ. પૂર્વે ૧૪૬ માં કાર્થેજને જીત્યું. અર્થાત્ કાર્થેજના રાજ્યને જીતતાં તેને ૧૧૮ વર્ષ થયાં. તુર્કોએ ગ્રીક સામ્રાજ્યપર ઇ. સ. ૧૪૦૦ લગભગમાં ચડાઇ કરી અને ૫૦ વર્ષ પછી મહમ્મદના હાથથી તેનો પરાજય કર્યો. પશ્ચિમ રોમન સામ્રાજ્ય જેના વીરદર્પની ધ્વજા જગતમાં ફરકતી હતી તેનાપર બર્બર લોકોએ ઇ. સ. ૨૮૬ માં હલ્લો કર્યો અને ૧૯૦ વર્ષના ઝગડા પછી ઇ. સ. ૪૭૬ માં રોમન સામ્રાજયનો ધ્વંસ કર્યો. ઇ. સ. ૬૬૪ માં આરબોએ હિંદુસ્તાનપર ચડાઇ કરી અને ત્યારપછી ૫૨૯ વર્ષો પછી શાહાબુદ્દીનગોરી હિંદુસ્તાનનો ઉત્તરનો થોડો ભાગ મેળવી શક્યો; પરંતુ શાહાબુદ્દીનગોરી કે તેનો સેવક કુતબુદ્દીન આરબ જાતિના નહોતા. હિંદ જીતવાને જેવો આરબોનો શ્રમ નિષ્ફળ થયો હતો તેવોજ ગીજનીના રહેવાશી તુર્કોનો શ્રમ પણ વ્યર્થ ગયો હતો. પૃથ્વીરાજ અને જયચન્દ્રાદિ રાજાઓ પાસેથી જેણે ઉત્તરહિંદ જીત્યું હતું તે પ્રજા તો પઠાણ કે અફગાન હતી. હિંદ સાથે આરબોએ લડાઇ આરંભી તે પછી ૫૨૯ વર્ષે અને તુર્કોએ ભારતસાથે લડાઇ આરંભી તે પછી ૨૧૩ વર્ષે પઠાણો હિંદ ઉપર અધિકાર મેળવવા શક્તિમાન થયા હતા. પઠાણલોકો આરબો અને તુર્કો જેવા પરાક્રમી કે સમૃદ્ધિવાળા નહોતા. તેમણે તો આરબો તથા તુર્કોએ સૂચવેલા કામને પ્રાપ્ત કર્યું હતું. મતલબ કે આરબ, તુર્ક અને પઠાણ લોકોએ લાગલાગટ સાડાપાંચસો વર્ષ યત્ન કર્યો ત્યારેજ તે ભારતવર્ષને તાબામાં લઇ શક્યા હતા.

આ પ્રમાણે મુસલમાન ઇતિહાસકારો સાક્ષી આપે છે, પણ એટલુ સ્મરણ રાખવું જરૂરનું છે કે મુસલમાન પ્રજા સમીપમાં આવી ત્યાર પહેલાંજ હિંદુસ્તાનનો શુભ દિવસ તો આથમવાની સ્થિતિપર પહોંચેલો હતો. તેની રાજલક્ષ્મી નિસ્તેજ થવા લાગી હતી ને ઇસ્વી-સન પૂર્વે જેવા તેઓ બલવાન હતા તેવા, ઇસ્લામી પ્રજા લડવા આવી તે સમયે નહોતા.

જે સમયે હિંદના લોકો સાથે ગ્રીક લોકોનો પરિચય થયો તે સમયે ગ્રીકો અદ્વિતીય બલવાન પ્રજા હતીઃ પરંતુ તેમણે વારંવાર ભારતવર્ષના લોકોની યુદ્ધનિપુણતા તથા હિંમતની પ્રશંસા કરી છે. મેસિડોનિયાના યુદ્ધ પ્રસંગનાં વર્ણનો વખતે ગ્રીક લેખકોએ વારંવાર લખ્યું છે કે ભારતવાસીઓ જેવી યુદ્ધનિપુણ જાતિ એશિયામાં બીજી કોઇ અમે દીઠી નથી. વળી એમ પણ લખ્યું છે કે હિંદુઓએ ગ્રીક સેનાનું યુદ્ધમાં જેટલું નુકસાન કર્યું છે એટલું કોઇ કરી શક્યું નથી. પ્રાચીન ભારતવર્ષના લોકોની યુદ્ધનિપુણતાના સંબંધમાં જો કોઇને સંદેહ રહેતો હોય તો તેણે ભારતવર્ષની હકીકત લખેલા ગ્રીક લોકોના ગ્રંથો વાંચવા.

આર્યાવર્ત્ત અનેક પ્રકારેનાં રત્નોની ખાણુ હોવાથી બીજા દેશના રાજા તેના તરફ હમેશાં લોભની નજરથી જોતા, ને તેથીજ અનેક જાતના લોકોએ હિંદના વાયવ્ય ખૂણાને રસ્તેથી પ્રવેશ કરી તેનાપર સત્તા સ્થાપવાને મહેનત કરી હતી. ઇરાની, બાલ્હિક, શક, હૂણ, આરબ, તુર્ક વગેરે અહીં આવ્યા હતા, અને સિંધુને એક કાંઠે કે બંને કાંઠે થોડો સમય કાંઇક જમીન મેળવવા પામ્યા હતા; પણ તેમને પાછા હરાવી નસાડી મૂકવામાં આવ્યા હતા. પંદરમા શતક લગી આર્ય-લોકોએ આ પ્રમાણે તમામ જાતોને હઠાવતા રહી પોતાના દેશનું રક્ષણ કર્યું હતું. મતલબ કે પૃથ્વીપર એવી કોઈ જાત છે નહિ ને થઇ પણ

નથી કે જેણે પંદરસો વર્ષ લગી પ્રબલ જાતોના હલ્લા અટકાવી પોતાની સ્વતંત્રતાનું રક્ષણ કર્યું હોય ! એટલાં બધાં વર્ષો લગી હિંદુઓની સમૃદ્ધિ અક્ષય રહેવાનું કારણ અવસ્ય એમનું બાહુબલજ હતું. બીજું કોઇ કારણ કહી શકાય તેમ નથી.

આવાં આવાં પ્રમાણો હોવા છતાં સદા સાંભળવામાં આવે છે કે હિંદુ લોક પ્રથમથી રણવિમુખ છે–યુદ્ધ કરવામાં અસમર્થ છે–પરંતુ અમને જણાય છે કે એમ બોલનાર અદૂરદર્શી લોકોને ભારતવર્ષને શિરે એવું મિથ્યા કલંક લગાડવાનાં ત્રણ કારણો છે.

પહેલું કારણઃ–હિંદુઓનો ઇતિહાસ નથી. પોતાના ગુણો પોતે ન ગાય તો બીજું કોણ ગાશે ? સંસારની એ રીતજ છે કે જે માણસ પોતાને મહાપુરુષ કહીને ઓળખાવે નહિ તેને કોણ માણસમાં ગણે છે ? ક્યારે અને કયી જાતિએ બીજી જાતના ગુણ ગાયા છે ? રોમન લોકો ઘણા યુદ્ધપ્રવીણ હતા તેનું પ્રમાણ જોઇશું તો તેમનાજ લખેલા ઇતિહાસ છે. ગ્રીક લોકોના વીરપણાની સાબિતી પણ ગ્રીક લોકોના લખેલા ગ્રંથોમાંજ મળે છે. મુસલમાનોની બહાદુરીની હકીકતો પણ આપણે મુસલમાનોના લેખથીજ જાણીએ છીએ. માત્ર હિંદુઓએ પોતાની બહાદુરીના ઇતિહાસો લખેલા નથી ને તેથી તેની મહત્તા કોઇ માનતું નથી; કેમકે એ વાતનું બીજું પ્રમાણ શું ?

બીજું કારણઃ—જે જાતોએ બીજાનાં રાજ્યોપર હલ્લા કે ચડાઇઓ કરી તેનું ઝૂંટાવી લેવાનો યત્ન કર્યો છે તેઓજ પોતાને યુદ્ધનિપુણ કહીને બીજી જાત પાસે પોતાનાં વખાણ ગાય છે; પણ જેમણે માત્ર પોતાનું સાચવવામાંજ સંતોષ પકડયો હોય અને બીજાનું ઝૂંટાવી લેવા યત્ન કર્યો ન હોય તે જગતમાં વીરપણાના માનને પામી શકતા નથી ! હજીલગી અમારી ભાષામાં "ભલો માણસ" એનો અર્થ બીકણ કે માલ વિનાનો માણસ એવોજ થાય છે.

અમારું કહેવું એવું નથી કે હિંદુ રાજાઓ બીજાનું રાજ્ય જીતવાના લોભથી તદ્દન રહિત હતા; તેઓ પણ પરસ્પર ચડાઈઓ કરતા; પરંતુ ભારતવર્ષ હિંદુઓના રાજ્ય સમયે નાના નાના વિભાગોમાં વહેંચાયેલો હતો. વળી ભારતવર્ષ એવડો તો મોટો દેશ છે કે નાના નાના માંડલિક રાજા કદિ દેશ જીતવાને હિંદ છોડીને બહાર જતાજ નહિ. હિંદુ રાજાઓ હિંદને પણ ભાગ્યેજ સર્વાંશે પોતાના સામ્રાજ્યમાં મેળવી શકતા, તો પછી બહારના દેશ જીતવાની તો વાતજ શી ? આ સિવાય હિંદુ લોકો બીજા ધર્મવાળાને યવન કે મલેચ્છ માની તેમના તરફ તિરસ્કારની લાગણીથી જોતા હોવાથી પણ તેમના ઉપર સ્વામિત્વ સ્થાપવાનો તેઓ યત્ન કરે એવી સંભાવના નહોતી. ઉલટું તેમના મનમાં તો યવન લોકોના દેશો જીતવા જતાં પોતાનો ધર્મ નાશ પામવાની બીક રહેતી. આવાં આવાં કારણોથી હિંદુ રાજાઓ વિજયયાત્રા વાસ્તે હિંદ બહાર ગયા નથી. તે સમયે અફગાનિસ્તાનનો ઘણો ભાગ હિંદુઓના તાબામાં હતો; પરંતુ તે તો હિંદુસ્તાનનો એક ભાગજ ગણાતો.

ત્રીજું કારણઃ—હિંદુલોકો બહુ વર્ષોથી પરાધીન છે. જે જાત અનેક વર્ષોથી પરાધીન હોય તેનું વળી વીર-ગૌરવ શું ? પરંતુ આ સમયના હિંદુઓની નબળાઇ ઉપરથી પ્રાચીન હિંદુઓને નબળા માની અપમાન આપવું એ યોગ્ય નથી. એવા અનેક દેશો મળી આવશે કે તેના પ્રાચીન અને અર્વાચીન લોકોના ચરિત્રમાં સરખાપણું નહિ હોય. દાખલા તરિકે ઇટાલી અને ગ્રીસમાં મધ્યકાળના રોમન લોકોના ચરિત્ર ઉપરથી તેમજ અત્યારના ગ્રીકોના ચરિત્રપરથી પ્રાચીન સમયના રોમનોને કે ગ્રીકોને કાયર સિદ્ધ કરવા એ જેવો અન્યાય છે તેવોજ અન્યાય હાલના ભારતવાસીઓની પરાધીનતાથી પ્રાચીન આર્યોને બળહીન માનવામાં છે.

આધુનિક ભારતવર્ષના લોકો કાયર અને નામર્દ હોવાથી આટલાં

વર્ષોથી તેઓ પરાધીન છે એમ નથી. એ પરાધીનતાનાં પણ બીજાં કારણો છે. જેમાંનાં એક બે અમે આ જગ્યાએ વિસ્તારથી વર્ણવીએ છીએ.

એક તો એ કે અહીંના લોકોના સ્વભાવમાંજ સ્વાધીનતાની ઇચ્છા નથી. ભારતવર્ષના લોકોના મનમાં એ ખ્યાલજ નથી કે આપણા દેશ પર આપણી જાતના લોકોનોજ અમલ હોવો જોઇએ. આપણે પરદેશી કે પરજાતિની અધીનતામાં શામાટે રહેવું ? વળી ભારતવર્ષના લોકોના મનમાં એ વિચાર પણ જન્મેલો નથી કે પોતાની જાતના રાજાનું રાજ્ય સારૂં અને સુખકર છે અને વિદેશી વિજાતીય રાજાનો દંડ દુઃખદ અપમાન રૂપ છે. જો કે તેઓ એટલું તો સમજે છે કે પરતંત્રતા કરતાં સ્વતંત્રતા સારી છે, પણ તે જ્ઞાન કહેવા માત્ર જ છે. એ કહેવું આચરણમાં મૂકાય તેવું ફળદાયી થયેલું નથી. અનેક વસ્તુઓના સંબંધમાં આપણને એવું જ્ઞાન થયેલું છે કે સ્વતંત્રતા એ સારી વાત છે પણ તે ગ્રહણ કરવાની ઇચ્છા હૃદયને થયેલી હોતી નથી. રાજા હરિશ્ચંદ્રનું દાનીપણું અને કાર્શિયસનું સ્વદેશભક્તપણું વખાણવા યોગ્ય છે એમ કોણ નથી કહેતું ? પરંતુ એ વખાણનારામાંથી કેટલાએ હરિશ્ચંદ્રની પેઠે સર્વસ્વ ત્યાગ કરવાની ઇચ્છા બતાવી ? અથવા કેટલાએ કાર્શિયસની પેઠે આત્મઘાત કરવાની ઇચ્છા બતાવી ? યુરોપી જાતિઓમાં સ્વાતંત્ર્યપ્રિયતાનો પ્રેમ નસેનસમાં પ્રબલ ઇચ્છારૂપે પરિણામ પામેલો હોય છે. તેમની એવી માન્યતા છે કે જો સ્વતંત્રતા છોડવી પડે તો તેના પહેલાં તો પ્રાણ કે સર્વસ્વ છોડવું એ અમારૂં કર્ત્તવ્ય છે; પરંતુ હિંદુઓમાં એ માન્યતા રહી નથી. તેઓ તો એમજ સમજે છે કે “અમારા ઉપર ભલેને જેની મરજી હોય તે આવીને રાજ્ય કરે, એમાં અમારે શું ?”

સ્વતંત્રતાપ્રિય અંગ્રેજો પાસેથી શિક્ષણ મેળવી અમે ઉપરના

અમારા વિચારોને ભૂલવાળા સમજ્યા છીએ; પરંતુ કોઇ જાતનું બીજી જાતને તાબેદાર થઇને રહેવું એ અસ્વાભાવિક નથી.

પરંતુ ઘણા લોકો એ વાત સમજતા નથી. હિંદુઓ પરાધીન થવાનું અને સ્વાધીનતા મેળવવાને ઉત્સુક ન હોવાનું કારણ તે એમ ધારે છે કે હિંદુ લોકો કમજોર છે, લડાઇથી બીએ છે, સ્વાધીનતા મેળવવાને તે અશક્ત છે. એ એમ સમજતા નથી કે સાધારણ રીતે હિંદુ લોકો સ્વાધીનતા મેળવવાની ઇચ્છા કે યત્નજ કરતા નથી, પણ જો તે એ વિષયની ઇચ્છા ને યત્ન કરે તો અવશ્ય સ્વાધીનતા મેળવી શકેજ.

ભારતવાસી લોકોની આ પ્રમાણે સ્વતંત્રતા તરફ સ્વભાવસિદ્ધ ઉદાસીનતાનાં કારણો ન જાણી શકાય એમ નથી. ભારતભૂમિની ફળદ્રૂપતા અને વાતાવરણમાં ઉષ્ણકટિબંધની ઉષ્ણતા એ તેનાં પ્રકટ કારણો છે. હિંદની ભૂમિ રસાળ છે; દેશ તમામ પ્રકારનાં ધનધાન્ય ને ધાતુરત્ને પરિપૂર્ણ છે, અને થોડી મહેનતે લોકોનો ઉદરનિર્વાહ ચાલે છે. વળી લોકોને વધારે શ્રમ કરવાનો ન હોવાથી નવરાશનો સમય પણ યથેષ્ટ મળી શકે છે, ને એવા સમયમાં મનની ગતિ આભ્યન્તરિક થાય છે એટલે ધ્યાન તથા વિચારમાં વૃદ્ધિ થાય છે. એના ફળરૂપે જોશો તો હિંદમાં કવિત્વ તથા તત્ત્વજ્ઞાનમાં પંડિતપણું જણાશે. હિંદુ લોકો એજ કારણથી અદ્વિતીય કવિઓ તથા દર્શનવેત્તાઓ થયા છે. મનની આવી આંતરિક વલણનું બીજું ફળ એ થાય છે કે તે બાહ્ય પદાર્થો ભણી આસ્થારહિત થાય છે, અને તેમ થવાથી નિશ્ચેષ્ટપણું આવે છે. આ સ્વાભાવિક નિશ્ચેષ્ટતાના અંશ રૂપે જોઇશું તો સ્વતંત્રતા ભણીની તેમની અનાસ્થા જણાશે. આર્યોનાં દર્શનશાસ્ત્રોમાં ને ધર્મતત્ત્વોમાં નિશ્ચેષ્ટભાવ સર્વત્ર વ્યાપક છે. વેદધર્મ, પુરાણધર્મ કે બૌદ્ધધર્મ

ગમે તે લ્યો પણ તે તમામ ધર્મો નિશ્ચેષ્ટભાવ વધારવાની વાતોથી પરિપૂર્ણ છે.*

હવે પ્રશ્ન એ થાય છે કે જો હિંદુજાતિ પહેલાંથી સ્વતંત્રતાનો આદર કરવાનું જાણતી નહોતી તો આ દેશમાં મુસલમાનો આવ્યા પહેલાં સાડાપાંચ હજાર વર્ષો સુધી તેણે પરદેશીઓને લડાઇમાં હરાવી સ્વાધીનતાની રક્ષા શી રીતે કરી? એ પરદેશીઓ સહેલાઇથી તો અહીંથી પાછા ગયા નહિ હોય, મહામુશ્કેલીએ તેઓ પાછા હઠયા હશે. તો જે સુખ તરફ આસ્થા નથી તે માટે–સ્વતંત્રતા માટે–હિંદુ સમાજે આટલું બધું કષ્ટ શા સારૂ સહન કર્યું?

એનો ઉત્તર એ છે કે શક, યવન ઇત્યાદિ લોકોને પાછા હઠાવવા માટે હિન્દુ સમાજે ઘણો શ્રમ લીધો હોય એવું પ્રમાણ ક્યાંય મળતું નથી. માત્ર હિંદુ રાજાઓએ પોતાની સંપત્તિ સાચવવા માટે શ્રમ કર્યો હતો; રાજાઓએ એકઠી કરેલી સેના યુદ્ધ કરતી હતી ને બની શકતું તો શત્રુઓને પાછા હઠાવતી હતી; ને તેથી દેશની સ્વતંત્રતાની રક્ષા થતી. એ ઉપરાંત સાધારણ લોકો "અમે અમારા

---

* આ પ્રમાણે છે ખરૂં, પણ ચિત્તશુદ્ધિની એટલે કે મનોબળની અમુક દશાએ પહોંચેલા યોગ્ય અધિકારીઓ માટેજ તેમ કહેવામાં આવેલું હોઇને તેથી ઉતરતા અધિકારીઓ માટે તો સ્પષ્ટ રીતે અર્થ અને કામની પ્રાપ્તિ માટે ધર્મ પુરઃસરનો પ્રયત્નજ ઉપદેશાયલો જણાય છે. વેદના સાર રૂપ અને હિંદુઓનો સર્વમાન્ય ગ્રંથ એજ આદેશથી પરિપૂર્ણ છે. ઉચ્ચતર વિરલ અધિકારીને યોગ્ય ધર્મને અર્જુન માટે પરધર્મ કહીને તેની પ્રાપ્ત ક્ષાત્ર પ્રકૃતિને યોગ્ય યુદ્ધધર્મ એજ કારણસર ભગવાન શ્રીકૃષ્ણે ઉપદેશેલો છે. ભારતવાસીઓ આ અધિકારભેદનું અને તેના ઉપર મોટો આધાર રાખતા ધર્મભેદનું રહસ્ય ભૂલીને વિના અધિકારે માત્ર પરમાર્થ મોક્ષનીજ વાતે ચ્હડયા, પણ એથી તો ઉલટું બેઉ તરફથી લટકતું પડયું છે. "ન મિલ્યા રામ ને ન મિલી માયા!" મં. શ્રી. સ. સા.

દેશમાં કદિ પરદેશી રાજાને પેસવા દઇશુંજ નહિ ” એવાં ઉત્સાહનાં વચનો બોલી લડયા હોય એવું ક્યાંય બન્યું નથી; પરંતુ એનાથી ઉલટુંજ દેખાયું છે. જ્યારે હિંદુ રાજા કે હિંદુ સેનાપતિ વિજયલક્ષ્મીની અકૃપાને લીધે રણમાં પડતો તો હિંદુ સેના યુદ્ધ છોડી ભાગી જતી, અને યુદ્ધ કરવા એકત્ર ન થતી. તેની સમજણ એ હતી કે હવે લડવું કોને માટે? રાજા મરી જાય અથવા ગમે તે કારણે રાજ્યરક્ષણનો ઉદ્યોગ તે છોડી દે તો હિંદુ સેનાનું યુદ્ધ સમાપ્ત થતું. રાજાને સ્થાને ઉભા રહીને સ્વતંત્રતાની રક્ષા માટે કોઇએ યત્ન કર્યો હોય અથવા તો અરક્ષિત રાજ્યની રક્ષાનો ઉદ્યોગ કર્યો હોય એવું બન્યું નથી. ભાગ્યયોગે જ્યારે યવન, ઇરાની, શક કે બાલ્હિક કોઈ પણ જાતનો રાજા અહીંઆં જીત મેળવી રાજસિંહાસનપર બેસતો ત્યારે પ્રજા પોતાના પહેલા ધણીની પેઠે એ અનાર્ય રાજાનો પણ સત્કાર કરતી ને રાજ્ય હરનાર પરદેશીને પણ કોઇ જાતની મુસ્કેલી ન ઉપજાવતી. ત્રણ હજાર વર્ષથી વધારે વર્ષો લગી આર્યો સાથે આર્યોની, આર્યો સાથે અન્ય જાતિની, અન્ય જાતિ સાથે અન્ય જાતિની, મગધ સાથે કનોજની, કનોજ સાથે દિલ્હીની, દિલ્હી સાથે લાહોરની, હિંદુઓ સાથે પઠાણની, પઠાણ સાથે મોગલોની ને મોગલો સાથે અન્ય જાતિના લડાઈની આગ લાગ્યા કરી અને દેશને ખેદાનમેદાન કરી ભસ્મીભૂત કરી દીધો, પરંતુ એ તમામ લડાઇઓ રાજા સાથે રાજાની હતી. હિન્દુસમાજે કદિ સ્વદેશરક્ષા કે સ્વાતંત્ર્યરક્ષા માટે પોતે લડાઇ ઉઠાવી હોય એવું બન્યું નથી. હિંદના રાજાઓને વારંવાર બીજી જાતોએ જીત્યા છે એ ખરૂં છે, પણ તે પરથી એમ કહી શકાતું નથી કે સાધારણ હિંદુ સમાજ કદિ કોઈ અન્ય જાતિથી જીતાયો છે; કેમકે સાધારણ રીતે હિંદુસ્તાનના સાધારણ સમાજે તો કદિ કોઇ અન્ય જાતિ સાથે યુદ્ધજ કર્યું નથી ત્યાં જીતાયાની વાત શી?

આ પરથી હિંદુજાતિની લાંબા કાળની પરાધીનતાનું બીજું કારણ સમજાયું હશે. એ કારણને હિંદુ સમાજની ફૂટ કહો, જાતીય ભાવનાનો અભાવ કહો, જાતિ હિતેચ્છુતાની ખામી કહો કે જે ગમે તે કહો; અમે અહીં તે વિસ્તારથી સમજાવવાને યત્ન કરીએ છીએ.

હું હિંદુ છું, તમે હિંદુ છો, એ હિંદુ છે બીજા લાખો પણ હિંદુ છે. એ લાખો હિંદુઓનું જેમાં હિત છે તેમાં મારું હિત પણ સમાએલું છે. જેમાં એ સૌનું અહિત છે તેમાં મારૂં પણ અહિત છે. આથી સર્વે હિંદુઓનું જેમાં હિત છે તેજ મારૂં કર્ત્તવ્ય છે ને અહિત હોય તે અકર્તવ્ય છે. આ પ્રમાણે જેવું મારૂં કર્તવ્ય અકર્તવ્ય છે તેવુંજ તમારૂં છે, તેનું છે અને બધા હિંદુઓનું છે. આમ જ્યારે તમામ હિંદુઓનું કર્તવ્ય અને અકર્તવ્ય એકજ છે ત્યારે તમામ હિંદુઓએ એકત્ર થઇ, વિચાર કરી એકમત થઇ હરેક કામ કરવું જોઇએ એવું જે જ્ઞાન તે જાતિ (નેશન)ની સ્થાપનાના પહેલો ભાગ—અર્ધો અંશ—છે.

હિંદુ જાતિ સિવાય પૃથ્વીપર અન્ય અનેક જાતો છે. તેમનાં બધાંજ હિતનાં કામોમાં અમારૂં હિત હોવાનો અસંભવ છે. ઘણાં કામો તો એવાં પણ હોય કે તેમનાં હિતમાં અમારૂં અહિત પણ હોય. જે કામોમાં એમનાં હિતમાં અમારૂં અહિત હોય તે સ્થળે અમે એમ વર્તીશું કે જેથી તેમનું હિત ન થાય. એવે પ્રસંગે એને દુઃખ થાય એવું કરવું પડશે તો તે પણ કરીશું. જેવી રીતે એમના હિતમાં અમારા અહિતની સંભાવના છે તેમ અમારા હિતમાં એમના અહિતની સંભાવના છે પણ એમ હોય તો ભલે હો. અમે એ જાતને માટે અમારૂં હિત સાધવાને અટકીશું નહિ. બીજી જાતનું અહિત કરીને પણ અમારી જાતનું હિત કરવું પડશે તો કરીશું. જાતિની (નેશનની) સ્થાપનાનો આ બીજો ભાગ છે.

પરંતુ આવા પ્રકારની મનોવૃત્તિ પવિત્ર કે નિષ્પાપ છે એમ સ્વીકારાશે નહિ. એમાં ભારે દોષપૂર્ણ વિકારો છે. એ વિકારોને લીધે જાતિઓ (નેશનો)માં સાધારણ રીતે એવી ભ્રાંતિ ઉપજેલી જોવાય છે કે બીજી જાતોના હિતમાં અમારૂં અહિત છે, અને બીજી જાતના અહિતમાંજ અમારૂં હિત છે. આવા ભ્રમમાં–કુસંસ્કારોમાં–પડીને યુરોપની જાતિઓએ ઘણાં દુઃખો વેઠયાં છે; વિના કારણે ઘણીવાર યુદ્ધાગ્નિ સળગાવી યૂરોપને તેમાં સળગાવી મૂકયો છે.

પરંતુ સ્વજાતિપ્રતિષ્ઠા સારી હોય કે નઠારી હોય તોપણ જે જાતિમાં એ લાગણી બળવાન હોય છે તે જાત બીજી જાતોને મુકાબલે પ્રબલ થાય છે. આજકાલ યૂરોપમાં જાતિ (નેશન) ભાવનાનું જ્ઞાન પ્રધાનપણે ઘૂર્ણાયમાન થઇ રહેલ છે. એના પ્રભાવથીજ ઇટાલીમાં એક રાજ્યની સ્થાપના થઇ છે. એના પ્રભાવથીજ અપાર પ્રતાપવાન જર્મન સામ્રાજ્યની સ્થાપના થઇ છે અને એના પ્રભાવથીજ યૂરોપમાં આજ ઘોર યાદવાસ્થલી મચી રહી છે અને હજુ શું શું થશે તે કહી શકાતું નથી.

અમારૂં એમ કહેવું નથી કે ભારતવર્ષમાં કોઇ સમયે પણ આવી જાતિપ્રતિષ્ઠાની ભાવના નહોતી. યૂરોપીય પંડિતોએ એવો નિર્ણય કર્યો છે કે આર્ય જાતિના લોક મૂળથીજ ભારતવર્ષના રહેવાશી નથી. બીજે સ્થળેથી તેઓ અહીં આવેલા છે ને અહીં આવી સત્તા જમાવી છે. આર્યોના વૈદિક કાલમાં એનાં ઘણાં પ્રમાણો મળે છે. વેદના અનેક મંત્રો આર્યોની જાતિપ્રતિષ્ઠાની ભાવના સ્પષ્ટ દર્શાવે છે. એ સમયે સમાજના નિયામક બ્રાહ્મણોએ જે રીતે સમાજનાં બંધનો નક્કી કર્યાં તેમાં પણ આ જાતિપ્રતિષ્ઠાનો ભાવ સહજે જોઇ શકાય છે. આર્યની ત્રિવર્ણોના ને શૂદ્રોના કાયદામાં જે ભેદભાવ દેખાય છે, આકાશ પાતાળ જેટલો તફાવત જોવામાં આવે છે, તેપણ આર્યોની સ્વજાતિપ્રતિષ્ઠાની

ભાવનાનુંજ ફળ છે; પરંતુ ક્રમે ક્રમે આર્યજાતિનો વિસ્તાર ઘણો વધ્યો; એટલે જાતિપ્રતિષ્ઠાનો ભાવ શિથિલ થતો ગયો. આર્ય લોકોએ વિશાળ ભારતવર્ષના અનેક દેશોપર પોતાની સત્તા જમાવી; એમ ઠેકાણે ઠેકાણે વિભાગો સ્થપાયા. એ પ્રમાણે ભારતવર્ષ ઘણા કકડામાં વહેંચાઇ ગયો. સમાજભેદ, ભાષાભેદ, આચાર વ્યવહારનો ભેદ ને એવા એવા અનેક ભેદો જાતિભેદરૂપે પરિણામ પામ્યા. કાશ્મીરથી માંડી દક્ષિણનાં ચોલ ને પાણ્ડયનાં રાજ્ય લગી અને બાલ્હિકથી માંડી પૌણ્ડ્રના રાજ્ય લગી આખી ભારતભૂમિ મધમાખીના મધપૂડા પેઠે ભિન્ન ભિન્ન જાતિ ને ભિન્ન ભિન્ન સમાજોમાં વિભક્ત બની ગઈ. છેલ્લે કપિલવસ્તુના રાજકુમાર શાક્યસિંહે એક નવા જ ધર્મની સ્થાપના કરી. પહેલાં અનેક પ્રકારના ભેદો તો મોજુદ હતા તેમાં ધર્મભેદ પણ ઉત્પન્ન થયો. દેશભેદ, ભાષાભેદ, રાજ્યભેદ અને ધર્મભેદ, એ તમામ પાસે બિચારી સ્વજાતિપ્રતિષ્ઠા (નેશન ભાવના) ક્યાં ટકી શકે? સાગરમાં રહેનારા મત્સ્યની માફક ભારતવર્ષના લોક એકતારહિત બની ગયા. ત્યારપછી મુસલમાનો આવ્યા. તેમનો વંશ પણ અહીં વધવા લાગ્યો. જેમ સાગરના એક મોજા પાછળ બીજાં મોજાં દૃસ્ય થાય છે તેમ નવી નવી મુસલમાન જાતો પશ્ચિમની પર્વતમાળા ઓળંગી આવવા લાગી. આ દેશનાં હજારો માણસો પણ રાજાની કૃપાને લોભે કે ભયને લીધે મુસલમાન થવા લાગ્યાં. હવે ભારતવર્ષના રહેવાસીઓમાં હિન્દુ અને મુસલમાન એવી બે જાતો થઇ. હિન્દુ, મુસલમાન, મોગલ, પઠાણ, રજપૂત, મરેઠા તમામ બળો સામસામાં અથડાવા લાગ્યાં ત્યાં એકતાનું જ્ઞાન શી રીતે રહે?

એ રીતે ભારતવર્ષમાં નિવાસસ્થાનના ભેદથી, ભાષાના ભેદથી, વંશના ભેદથી અને ધર્મના ભેદથી અનેક જાતિઓ થઇ ગઇ. બંગાલી, મરેઠા, રજપૂત, જાટ, હિન્દુ, મુસલમાન એમાં કોણ કોની સાથે ઐક્ય

કરે ? જ્યાં ધર્મની એકતા હોય ત્યાં જાતિની એકતા ન હોય, જાતિની એકતા હોય ત્યાં ભાષાની એકતા ન હોય, ભાષાની એકતા હોય ત્યાં નિવાસસ્થાનની એકતા ન હોય; રજપૂતો અને જાટોનો ધર્મ એક છે, તો વંશભેદને કારણે તેઓમાં એકતા નથી; બંગાળા અને બિહારના લોક એક વંશના છે પણ તેમની ભાષા ભિન્નભિન્ન હોવાથી એકતા નથી. કેવળ એટલુંજ નથી, ભારતવર્ષનું એવું દુર્ભાગ્ય છે કે જ્યાં લોકો ધર્મમાં, ભાષામાં ને દેશમાં એકતા ધરાવે છે ત્યાં જાતિમાં ભેદ છે. બંગાલીઓમાં બંગાલીપણાની, શિખોમાં શિખપણાની, ગુજરાતીઓમાં ગુજરાતીપણાની ને દક્ષિણીઓમાં દક્ષિણીપણાની એકતા નથી. ભિન્ન ભિન્ન નદીઓનો જળરાશિ જ્યારે સમુદ્રમાં આવી એકઠો થાય છે ત્યારે પછી એવું જ્ઞાન નથી થતું કે આ જળ અમુક નદીનું છે. એજ પ્રમાણે મોટા સામ્રાજ્યની અંદર જ્યારે ભિન્ન ભિન્ન જાતિઓ દીર્ઘ કાળ રહે છે ત્યારે તેમનું જાતિજ્ઞાન ક્રમે ક્રમે લુપ્ત થાય છે—તેમનો ભેદભાવ લુપ્ત થાય છે; પરંતુ તેથી ઐક્ય ઉપજતું નથી. રોમન સામ્રાજ્યની અંદર આવેલી અનેક જાતિઓની એવીજ દશા થઇ હતી અને એવીજ દશા હિંદુઓની પણ થઇ છે. ભારતવર્ષમાં અનેક કારણોથી બહુ દિવસો થયાં જાતિપ્રતિષ્ઠા ઘામી ગઇ છે, ને તેથીજ હિંદુઓના રાજ્યાસનપર વગર હરકતે અન્યજાતિના ગમે તે રાજાઓ ચડી બેઠેલા છે, છતાં સ્વતંત્રતાની રક્ષામાટે હિંદુ સમાજે ક્યારે પણ પોતાની આંગળી ઉંચી કરેલી નથી.

ઇતિહાસમાં આલેખેલા સમયમાં માત્ર બેવાર હિંદુસમાજે પોતાની જાતિપ્રતિષ્ઠા (નેશન પ્રીતિ)નો ઉદય કરેલો છે. એકવાર મહારાષ્ટ્રમાં શિવાજી મહારાજે એ મહામંત્રનો પાઠ કર્યો હતો અને એમના સિંહનાદે મહારાષ્ટ્રભૂમિ જાગ્રત્ થઇ હતી. એ વીરકેશરીના સમયમાં મરેઠામાં ભ્રાતૃભાવ દેખાયો હતો, ને તેથી હિંદના તમામ રાજાઓએ મરેઠાના

ચરણોમાં શિર ઝૂકાવ્યું હતું, મોગલસામ્રાજ્ય નષ્ટ થયું હતુ ને આખું ભારત મહારાષ્ટ્રીઓના હાથમાં આવી ગયું હતું.

બીજીવાર "ખાલસા" નો મહામંત્ર જપી પંજાબકેશરી રણજિતસિંહે એવોજ ચમત્કાર દેખાડયો હતો. જાતીય બંધન મજબૂત હોવા છતાં પઠાણોનો પોતાનો દેશ પણ થોડે અંશે હિંદુઓના હાથમાં આવ્યો હતો અને સતલજને કાંઠે થતી સિંહગર્જના સાંભળી નિર્ભય અંગ્રેજ સૈનિકો શંકાશીલ બન્યા હતા. દૈવયોગે એ સિંહ મરી ગયો અને લૉર્ડ ડૅલહૌસીએ પોતાની નિપુણતાથી એ "ખાલસા" મહામંત્રનો ચમત્કાર મટાડી દીધો; પરંતુ રામનગર અને ચિલિયનવાળાની લડાઇ ઇતિહાસમાં પ્રસિદ્ધ બની ગઇ.

જ્યારે હિંદના કોઇ એક ભાગમાં—મહારાષ્ટ્રમાં કે પંજાબમાં—જાતિપ્રતિષ્ઠા (દેશભાવના કે નેશનભાવના)નો ઉદય થતાં આટલું જોર જણાયું હતું તો જો આખું ભારતવર્ષ એક જાતિ બની સ્વદેશપ્રેમે પરિપૂર્ણ બને તો શું ન બની શકે?

આ ભારતવર્ષ અંગ્રેજ પ્રજાનું પરમ ઉપકારી છે. એ પ્રજાએજ અમને આ સમયમાં હિતકારી વાતો શીખવી છે. જે અમૂલ્ય રત્નો અમને અંગ્રેજોના જ્ઞાનભંડારમાંથી મળ્યાં છે તેમાંથી એક બે રત્નોનો ઉલ્લેખ અમે આ નિબંધમાં કર્યો છે. એ બે રત્નો આ છેઃ—૧ સ્વાતંત્ર્યપ્રિયતા અને ૨ જાતિપ્રતિષ્ઠા.*

---

* આ નિબંધમાં જ્યાં જાતિ શબ્દ વપરાયો છે ત્યાં તે નેશનાલિટિ કે નેશન એ અર્થમાં સમજવાનો છે.

લોક–શિક્ષા.

વસ્તીની ગણત્રીપરથી નક્કી થયું છે કે હિંદુસ્થાનમાં રહેવાશીની સંખ્યા ૩૨ કરોડ છે. આ ઉપરથી વિચારશું તો તુરત સમજાશે કે આ પૃથ્વીપર એવું કોઇ કામ નહિ હોય કે જે કામ આટલાં માણસો એકઠાં મળીને કરી શકે નહિ. આમ છતાં અમારા હિંદુસ્થાનવાસીઓથી કોઇપણ કામ સંપૂર્ણ થઈ શકતું નથી એનું કારણ શું ? લોઢાનું જો ઓજાર બનાવવામાં આવે તો તેનાથી પત્થર પણ કાપી શકાય છે; પરંતુ લોઢામાં એટલું બળ આવવું એ શું એનો સ્વાભાવિક ગુણ છે ? ના. લોઢાને અનેક પ્રકારની સામગ્રીઓથી તૈયાર કરવું પડે છે, સતેજ કરવું પડે છે; ને તેમ કર્યાપછીજ તે પોલાદ બની પત્થરને પણ કાપી શકે છે. એજ પ્રમાણે માણસોને પણ ઉત્તેજિત, શિક્ષિત અને તત્પર કરવાં પડે છે, ને ત્યારપછીજ તેમનાથી કામ થાય છે. ભારતવર્ષમાં કરોડો માણસો છે છતાં તેમનાથી કોઈ કાર્ય બની શકતું નથી તેનું કારણ એજ છે કે ભારતમાં લોકશિક્ષાનો અભાવ છે. જે માણસો ભારતવર્ષની તરેહ તરેહની ઉન્નતિ કરવા ઇચ્છે છે તેઓ પણ લોકશિક્ષાની વાતપર ધ્યાન આપતા નથી; અને પોતપોતાની વિદ્યા ને બુદ્ધિ પ્રકટ કરવા મંડી પડે છે. એ ઓછા આશ્ચર્યની વાત નથી.

આ કરોડો માણસોને કોલેજોમાં લઇ જઇને વ્યાકરણ, સાહિત્ય ને ભૂમિતિ વગેરે ગ્રંથો ભણાવી શકીએ એવો તો સંભવ નથી. વળી એ કેળવણી એ ખરી કેળવણી પણ નથી; એટલે એ ઉપરથી યથાર્થ શિક્ષા મળવાનો પણ અસંભવ છે. ગમે તે સ્થિતિમાં પણ એ પોતપોતાના કાર્યમાં એકતાનતા-નિપુણતા અને કર્ત્તવ્ય કાર્યમાં ઉત્સાહ જેનાવડે પ્રકટે તેજ ખરી શિક્ષા–તેજ ખરી

કેળવણી છે, ને મારી એ દૃઢ માન્યતા છે કે **વ્યાકરણ અને ભૂમિતિથી એ કેળવણી મળતી નથી.** આમ છતાં પણ મોટા મોટા સુશિક્ષિત નામધારીઓથી માંડીને સાધારણ લખી વાંચી જાણે તેવા અંગ્રેજી ભણેલાઓમાંના કોઇના મુખમાંથી આ વિષયની કશી વાતજ આજલગી અમે સાંભળી નથી !

યૂરોપમાં આ પ્રકારની લોકશિક્ષા અનેક ઉપાયો વડે અપાય છે. જર્મની આદિ અનેક દેશોમાં સામાન્ય માણસોને પણ આ પ્રકારની શિક્ષા અપાય છે. એ દેશોમાં વર્તમાનપત્રો એ લોકશિક્ષાનો મુખ્ય ઉપાય છે. એ છાપાં દ્વારા લોકશિક્ષા કેવી રીતે મળે છે એ વાત આ દેશના લોકો સહજમાં સમજી પણ નહિ શકે.

આપણા દેશમાં આપણી માતૃભાષામાં વધારેમાં વધારે ૨૦–૨૫ માસિકપત્રો નીકળે છે; તેમાં કોઇનાં ઘરાક ૨૦૦ તો કોઇનાં ૫૦૦ ! વર્તમાનપત્રો વાંચનારની સંખ્યા પાંચ દશ હજાર કે તેથી કાંઇક વધારે હશે; પરંતુ યૂરોપના દરેક દેશમાં સેંકડો નહિ પણ હજારો વર્તમાનપત્રો નીકળે છે, અને એક એક પત્રના ગ્રાહકોની સંખ્યા હજારો અને લાખોની તથા વાંચનારની સંખ્યા તો કરોડોની હોય છે. આ ઉપરાંત દરેક શહેર અને ગામડાંઓમાં કેટલી કેટલી સભાઓ હોય છે. ગામે ગામે ભાષણો થયા કરે છે. જેને જે કહેવાનું હોય તે આસપાસના માણસોને એકઠાં કરી વગર સંકોચે તેમને સમજાવે છે. એ હકીકત સેંકડો પત્રમાં છપાય છે. સેંકડો જુદાં જુદાં ગામો અને નગરોમાં ફેલાય છે ને વિચારાય છે. લાખો માણસો એ વાત વાંચી શિક્ષા મેળવે છે. એક એક ભોજન (ખાણા)ના નિમંત્રણમાં સ્વાદિષ્ટ ભોજન જમતે જમતે પણ **યૂરોપના લોકો જે શિક્ષણ મેળવે છે તે શિક્ષાનો લેશ પણ આપણને મળતો નથી.** આપણા દેશમાં જે વર્તમાનપત્રો છે તેની દુર્દશાની વાત તો પહેલાંજ કહેવાઇ ચૂકી છે.

હવે બાકી રહી આપણી સભાઓ; પણ એ સભાઓ તો લોકશિક્ષાના માર્ગપર દૃષ્ટિપાત પણ કરતી નથી. આપણી મહાન ગણાતી સભાઓમાં પણ જોશો તો બધાં ભાષણો પરભાષામાં! માતૃભાષામાં તો નહિજ! આથી તે બહુજ ઓછા લોકો સાંભળે છે, બહુજ ઓછા લોકો વાંચે છે અને બહુજ ઓછા લોકો સમજે છે. વળી ઘણાં ભાષણોનો મોટો ભાગ સારરહિત હોવાથી પણ ઘણીજ ઓછી શિક્ષા એથી બીજાઓને મળે છે.

આ સમયે આપણી આ સ્થિતિ છે; પરંતુ આગળથીજ આપણામાં લોકશિક્ષાનો અભાવ હતો એમ તો કહી શકાશે નહિ. જો લોકશિક્ષાના ઉપાયોનો અભાવ હોત તો આખા ભારતવર્ષમાં શાક્યસિંહ બૌદ્ધધર્મની શિક્ષા શી રીતે ફેલાવી શકત? તેનો વિચાર કરી જુઓ. બૌદ્ધધર્મના કૂટ (કઠણ) તર્કો જે સમજવામાં અમારા અત્યારના દર્શનવેત્તાઓનો માથાનો પરસેવો પગે ઉતરે છે, ને જે તર્કો સમજવાને પંડિત મેક્ષમુલર પણ શક્તિમાન નથી; જેનું પ્રમાણ જોવું હોય તો કલકત્તા-રિવ્યુ મોજુદ છે; તે કઠણ તર્કો, નિર્વાણવાદ અને અહિંસાપ્રધાન દુર્બોધ બૌદ્ધધર્મ શાક્યસિંહ ને તેના શિષ્યો આખા ભારતવર્ષમાં શી રીતે સમજાવી શકત? ભારતવર્ષના ગૃહસ્થ, ત્યાગી, પંડિત, મૂર્ખ, વિષયી, ઉદાસીન, બ્રાહ્મણ અને શૂદ્ર તમામને શી રીતે સમજાવી શકત? શું લોકશિક્ષાના ઉપાયોનો તે સમયે અભાવ હતો? વળી એવા ઊંડા મૂળવાળા દિગ્વ્યાપી બૌદ્ધધર્મનો લોપ કરીને શંકરાચાર્યે વૈદિક મત ફેલાવ્યો તે સમયે પણ શું લોકશિક્ષાના ઉપાયોનો અભાવ હતો? વળી થોડાં સૈકાની વાત કરીએ તો બંગાળાના ચૈતન્યદેવે ઓઢીઆને ઘેરઘેર વૈષ્ણવ ધર્મની દીક્ષા આપી હતી; તો કેમ કહી શકાય કે એ સમયમાં લોકશિક્ષાના કોઇ પ્રકારના ઉપાયો નહોતા?

આપણા દેશમાં લોકશિક્ષાનો એક સુંદર ઉપાય છે; ને તે કથા

વાંચવાની પ્રથા છે. જો કે આજકાલ એ પ્રથાનો પ્રચાર તદ્દન નાશ તો પામ્યો નથી પણ તે દિનપ્રતિદિન ઘસાતો જાય છે. પહેલાં ગામે ગામે ને શહેરમાં સ્થળે સ્થળે કથા વાંચનારા વ્યાસો મસ્તકે ચંદન ચર્ચી, ગળામાં સુગંધી પુષ્પોની માળા ધારણ કરી વ્યાઘ્રાસનપર બેસી સીતાના સતીત્વની, અર્જુનના વીરધર્મની, લક્ષ્મણના બન્ધુપ્રેમની, ભીષ્મના ઇંદ્રિયજયની, રાક્ષસીના પ્રેમપ્રવાહની, દધીચિના આત્મસમર્પણની ને હરિશ્ચંદ્રની કઠોર પરીક્ષાની મધુર રાગે સુંદર વ્યાખ્યા કરતા; ને સામે બેસીને ખેડુતો, મજુરો, સ્ત્રીઓ ને નીચ જાતિના લોકો પણ સહેલાઇથી સત્શિક્ષા પામી સમજતા કે “ ધર્મ નિત્ય છે, ધર્મ દેવ છે, પોતાનોજ સ્વાર્થ જોવો તે ન ઇચ્છવાયોગ્ય છે, આ જીવન પરમાર્થમાટે મળેલું છે, ઇશ્વર છે, તે જગતની સૃષ્ટિ, સ્થિતિ ને સંહાર કરનાર છે, તે આપણાં પાપપુણ્ય જાણે છે, પાપ માટે દંડ છે ને પુણ્ય માટે યોગ્ય લાભ છે, અહિંસા પરમધર્મ છે, લોકહિત એ પરમ સત્કાર્ય છે ” આવી આવી શિક્ષા દેનારા કથાકારો હવે ક્યાં છે? જે કોઇ થોડાઘણા દેખાય છે તે પણ પોતાનું કામ છોડી દેવા ચાહે છે કે છોડી દે છે તેનું કારણ શું ? એ દોષ આજકાલના નવા અંગ્રેજી ભણનારાની અરુચિનો છે. તેઓ કથા વાંચનારને ધૂર્ત ને હરામખોર કહેતાં પણ અચકાતા નથી. તેઓ પ્રાચીન ઇતિહાસ પુરાણોની બધી વાતોને ગપ્પાં માની તેનાપર અશ્રદ્ધા પ્રકટ કરે છે. “ દક્ષયજ્ઞમાં શંકરને માટે પાર્વતીએ આત્મસમર્પણ કર્યું એ વાતમાં શો માલ ? ” ચાલ ભાઇ એમ કહી ખસી નીકળે છે. તેઓ વીસ્કી પીએ ને વારાંગનાના મુખની “ભોલા સિપહીયા મેં તો સાથ ચલુંગી રે; મેરા ભોલા૦” એ ચીજ સાંભળવામાં લાભ અને ઉપર જણાવ્યા જેવી લોકશિક્ષા ફેલાવનારી કથામાં હાનિ સમજે છે ! આ અર્ધદગ્ધ યુવાનો સ્વધર્મભ્રષ્ટ, દુરાચારી ને દુરાગ્રહી થવાથી તેમના દોષને લીધે આ કથાની

અતિ ઉપકારક પ્રથા ઉઠી જવાને ઝાઝો વિલંબ નથી. અંગ્રેજી શિક્ષાના પ્રભાવે ભારતવર્ષમાં ક્રમથી ચાલ્યો આવતો લોકશિક્ષાનો આટલો ઉપાય પણ લોપ થવાનો સંપૂર્ણ ભય લાગે છે.

અંગ્રેજી શિક્ષાને હું એટલા માટે દૂષિત ગણું છું કે આ લખેલા દોષ ઉપરાંત તેમાં એક બીજો પણ મહાન દોષ છે; ને તે એ કે શિક્ષિત અને અશિક્ષિત વચ્ચે સહાનુભૂતિ-સમાનભાવ કે સમાન લાગણી-રહેતી નથી. હાલતાં ચાલતાં અંગ્રેજીમાંજ વાતચિત કરવાની ટેવવાળા શિક્ષિત યુવકો અશિક્ષિતનાં હૃદયો શી રીતે જાણે ? આ શિક્ષિતો તો અશિક્ષિતોના તરફ દૃષ્ટિપાત પણ કરતા નથી. રામો કણબી શી રીતે ખેતી કરી પોતાના દિવસ નિર્ગમન કરે છે? શ્યામા મજુરની શી દશા છે ? તેને શું દુઃખ ને શી મુશ્કેલી છે ? તેના પ્રતિ અમારા નવ શિક્ષિત યુવકોનું જરા પણ ધ્યાન નથી. અમારા યુવકો એમ માને છે કે અમારે એની મહેનતના ફળનુંજ પ્રયોજન છે! એનું ગમે તે થાઓ, તેનું અમને શું પ્રયોજન છે ? આવા યુવકોનાં લાંબાં પહોળાં ભાષણો સાંભળીને કદિ વિલાયતના મોટા મોટા અંગ્રેજો મુગ્ધ થાય કે પ્રસન્ન થાય તોપણ તેથી કશું ફળ નથી. એ શિક્ષિતોના મનની વાત અંગ્રેજી ભાષામાં બોલાએલી હોવાથી—આપણા દેશના ખેડુત કે મજુર સમજી શકે તેમ નથી—નકામી છે. તેને યશ મળ્યો, વાહવાહ બોલાઇ, પણ તેથી શું ? અંગ્રેજો મુગ્ધ થયા કે ચકિત થયા પણ તેથી લાભ શો ? **જ્યાં લગી પોતાને કહેવાનું દેશી ભાષામાં કહીને સ્વદેશી ગરીબ બંધુઓને સમજાવી "લોકમત" ન કેળવ્યો ત્યાં લગી તેનો કશો ફાયદો નથી. આપણા દેશમાં જે કરોડો અશિક્ષિત લોકો છે તેમના મુગા રોદન-ધ્વનિથી આકાશ ચીરાઇ જાય છે,** પણ તે બિચારા શું કરે? તેમને શિક્ષા મળી નથી. પોતાનો ભાવ પ્રકટ કરવા માટે તેમની પાસે

ભાષા નથી–ભાષાજ્ઞાન નથી. અમારા સુશિક્ષિત નવ યુવકો તેની સાથે હળતામળતા નથી અને દેશી ભાષામાં પોતાને કહેવાનું છે તે તેને કહીને સમજાવતા નથી.

સુશિક્ષિત લોકો જે જે સમજે છે તે જો તેઓ અશિક્ષિતોને એકઠા કરીને પોતાની માતૃભાષામાં થોડે થોડે સમજાવે તો એ અશિક્ષિતો પણ સહજમાં સમજતા થાય. લોકશિક્ષાનો આ પણ એક સારો ઉપાય છે. આ વાત ભારતવર્ષમાં સર્વ સ્થળે ફેલાવવાની જરૂર છે; ને તે માટે સુશિક્ષિતોએ અશિક્ષિત સાથે હળવું મળવું અને સહાનુભૂતિનો ભાવ વધારવો એ જરૂરનું છે.

સુશિક્ષિત દેશીઓ અને દેશી ભાષા.

જે લોકો દેશી ભાષાના ગ્રંથો અથવા દૈનિક, સાપ્તાહિક કે માસિક વગેરે પ્રકટ કરે છે તેમનું દુર્ભાગ્ય કહેવું જોઇએ. એઓ ભલે ગમે તેટલો યત્ન કરે તો પણ દેશનો શિક્ષિતવર્ગ તે વાંચવા વિલોકવાથી વિમુખજ રહેલો છે. અંગ્રેજી લખી વાંચી જાણનાર શિક્ષિત લોકાએ પૂરી ખાત્રીથી નિશ્ચય કરેલો છે કે તેમને વાંચવાલાયક કાંઇ પણ લખાણું બંગાળી ભાષામાં લખાતુંજ નથી. તેમની માન્યતા પ્રમાણે બંગાળી ભાષાના તમામ લેખકો વિદ્યાહીન, બુદ્ધિહીન તેમજ લેખનચાતુરીથી શૂન્ય છે! અથવા તો અંગ્રેજી ગ્રંથોના અનુવાદ કરવાવાળાજ છે. તેમને ખાત્રી છે કે જે કાંઇ બંગાળીમાં લખાય છે તે કાં તો કચરો અથવા તો કોઇ અંગ્રેજી ગ્રંથની છાયારૂપ હોય છે, માટે જે અંગ્રેજીમાં છે તેને બંગાળીમાં વાંચી પોતાનું પોઝીશન ખોવું શા માટે? પોતાનું અપમાન કરાવવું શા માટે? અમે સહજે કાળી ચામડીએ વીંટાયાના અપરાધમાં તો આવ્યા છીએ, એ ચામડાને ધોળું કરવાનો યત્ન તો કરીએજ છીએ. તેમ છતાં વળી બંગાળી વાંચીને એક દોષનો વધારો કર્યા કરીએ?

અંગ્રેજીના ઉપાસકોની આ સ્થિતિ છે. બીજી બાજુ સંસ્કૃત જાણનારા પાંડિત્યાભિમાની લોકોમાં દેશી ભાષાપર જે શ્રદ્ધા છે (!) તેના સંબંધમાં તો વધારે લખવાની જરૂરજ નથી.

વેપારના કે એવાજ વ્યવસાયમાં રહેનારા લોકોને માટે તો બધી ભાષાઓ સરખીજ છે; કેમકે એમને તો કોઇ ભાષાનું પુસ્તક વાંચવાનો અવકાશજ નથી. વિદ્યાર્થીઓ

સ્કૂલનાં પુસ્તકો વાંચવામાંથી નવરા નથી. આમ હોવાથી બંગાળી ભાષાના ગ્રંથો કે અન્ય પત્રો વાંચનારો વર્ગ જોઇશું તો ટ્રેનિંગ કોલેજના વિદ્યાર્થીઓ, પ્રાથમિક શાળાના શિક્ષકો, કામકાજ વગરના કોઇ રસિક કહેવરાવતા પુરુષો કે નોકરચાકરવાળી ભણેલી કોઇ ગૃહસ્થના ઘરની નવરી સ્ત્રીઓ જણાશે. ક્વચિત્ ક્વચિત્ થોડા શુભ વિચારના શિક્ષિત વિદ્વાનો પ્રકટ થયેલા દેશી ભાષાના ગ્રંથની અનુક્રમણિકા કે વિજ્ઞાપન વાંચી લે છે; ને તેટલા ઉપરથીજ પોતાને વિદ્યાભિલાષીને નામે ઓળખાવતા પણ જોવામાં આવે છે ખરા.

ગ્રંથો કે પત્રો વાંચવા વિચારવાની વાત રહેવા દઇએ; પરંતુ આ સમયના અંગ્રેજી ભણેલા યુવકો તો દેશી ભાષામાં કશું કામજ કરતા નથી. એઓ વિદ્યા વિષેના વિચારો પણ અંગ્રેજીમાંજ કરે છે, સર્વ સાધારણ કાર્ય, મીટીંગ, લેક્ચર, એડ્રેસ, પ્રોસિડિંગ વગેરે તમામ કામ અંગ્રેજીમાંજ કરે છે. જો બે જણ અંગ્રેજી જાણનારા ભેગા થયા તો વાતચિત પણ અંગ્રેજીમાંજ ચલાવે છે. જો બંગાળી ભાષાપર રહેમ આવે તો તેમાં પણ ચૌદ આના કે બાર આના અંગ્રેજી અને બેચાર આનાજ બંગાળીમાં બોલે છે; ને એટલું પણ વાતચિતમાંજ, બાકી કાગળપત્ર તો અંગ્રેજીમાંજ ! અમે અત્યાર સુધીમાં કયાંય જોયું નથી કે કોઇ પણ અંગ્રેજી જાણનારા બે જણાઓએ પરસ્પર માતૃભાષામાં ચિઠ્ઠીપત્રી લખી હોય ! અમને તો એવો પણ ભય લાગે છે કે વખતે ગાયત્રીના મંત્રો પણ અંગ્રેજીમાંજ અનુવાદિત કરીને તેઓ પઢી જશે (!)

આમાં નવાઇની કશી વાત નથી. પહેલું તો અંગ્રેજી રાજભાષા છે, વળી ધન કમાવાની ભાષા છે; બીજું એમાં અનેક વિદ્યાઓના ગ્રંથો હોવાથી જ્ઞાન પ્રાપ્ત કરવાનું પણ એ દ્વાર છે; એટલે દેશીઓએ બાલ્યકાળથી તેનુંજ સેવન કરીને તેનેજ માતૃભાષાને સ્થાને મૂકી

છે ! વળી વિશેષે કરીને અંગ્રેજીનો આટલો બધો પ્રચાર થવાનું કારણ એજ છે કે આપણે જે કહેવાનું છે તે અંગ્રેજીમાં કહ્યા વિના અંગ્રેજો સમજી શકતા નથી, અને અંગ્રેજો ન સમજે તો માન મળતું નથી અને જો અંગ્રેજોથી માન ન મળ્યું તો બીજા લોકોથી માન મળ્યું કે ન મળ્યું તે સરખુંજ (!)

અમે અંગ્રેજી ભાષાના કે અંગ્રેજોના દ્રોહી નથી. અમારી એ દૃઢ માન્યતા છે કે અમારા દેશપર અંગ્રેજોએ જે અપાર ઉપકારો કર્યા છે તેમાં અંગ્રેજી ભાષાનો પ્રચાર એ સૌથી મહાન ઉપકાર છે. અનંત રત્નોની માતા અંગ્રેજી ભાષાનું જેટલું સેવન થાય તેટલું સારૂં છે. અમારી એ પણ સંમતિ છે કે સમાજના હિતને માટે રાજ-ભાષામાં નિપુણ થવાની જરૂર છે. વળી આપણે અનેક બાબતો રાજ-નેતાઓને સમજાવવી પડશે અને તે વાસ્તે એ વાતો અંગ્રેજીમાં કહેવી પડશે. તેમ એવી પણ ઘણી હકીકતો છે કે જે કેવળ એકાદ પ્રાન્તને-માટેજ નહિ પણ આખા હિંદને માટે બોલવી પડશે. એ વાતો અંગ્રે-જીમાં કહ્યા વિના આખું હિંદ સમજશે નહિ; ને જ્યાં લગી આખું હિંદ સમજશે નહિ ત્યાં લગી વિવિધ જાતિઓના વિચાર અને ઉદ્યોગ એક પ્રકારના થશે નહિ; ને ભારતવર્ષની ઉન્નતિ થશે નહિ. એ મત, સલાહ ને ઉદ્યોગની એકતા કેવળ અંગ્રેજી ભાષાદ્વારાજ થશે; કેમકે આ વખતે આપણી સંસ્કૃતભાષા તો મોટે ભાગે લુપ્ત થયેલી છે. એટલે બંગાળીઓ, પંજાબીઓ, ગુજરાતીઓ, દક્ષિણીઓ ને મદ્રાસીઓ વગેરેની સાધારણ ભાષા તરિકે અંગ્રેજી ભાષામાંથીજ કામ લેવાનું છે. એ ભાષાસૂત્રથી ભારતની ગાંઠ મજબુત થઇ શકે તેમ છે, એટલે જરૂર પડતો અંગ્રેજી ભાષાનો વ્યવહાર થાય એ ઠીક છે પણ એકદમ અંગ્રેજ બની જવાથી પણ કામ નહિ ચાલે ! ભારતીઓ કદિ પણ અંગ્રેજ થઇ શકશે નહિ. જો કે બંગાળીઓ કરતાં અંગ્રેજોમાં ઘણા

ગુણો છે તેમ તેઓ કરતાં અંગ્રેજો સુખી પણ છે, પરંતુ જો એટલા વિચાર ઉપરથી ત્રણ કરોડ બંગાળીઓ એકદમ ત્રણ કરોડ અંગ્રેજ બની જઇ શકે તેમ હોય તો કોઇ ના પણ પાડતું નથી, પણ એવું થઇ શકાવાનો સંભવજ નથી. હિંદવાસીઓ કે બંગાળીઓ ભલે ચાહે તેટલું અંગ્રેજી જાણે, અંગ્રેજીમાંજ લખે ને અંગ્રેજીમાંજ બોલે; પરંતુ સિંહનું ચામડું ઓઢનાર શિયાળ તે શિયાળજ રહેનારૂં છે. એ શિયાળવું જ્યારે પણ અવાજ કહાડશે ત્યારે તેનું મૂળ રૂપ ઢાંકયું રહેવાનું નથી. પાંચસાત હજાર નકલી સાહેબો સિવાય બાકીના ત્રણ કરોડ બંગાળી માણસો કદિ અંગ્રેજ બની શકવાના નથી. ગિલ્ટ ચડાવી બીજી ધાતુ દેખાડયા કરતાં મૂળ પિત્તળજ સારૂં છે. પત્થરની બનાવેલી કૃત્રિમ સ્ત્રીની પ્રતિમા કરતાં ઘરકામની બાબતમાં કાળી, કદરૂપી કે જંગલી સ્ત્રી પણ સારી છે. તેજ પ્રમાણે નકલી સાહેબ બનવા કરતાં મૂળ બંગાળીરૂપે રહેવું એજ વધારે સારૂં છે. અંગ્રેજીમાંજ લખવાનો ને વાંચવાનો રિવાજ ધારણ કરવાથી શુદ્ધ અંગ્રેજ પણ થવાશે નહિ તેમ શુદ્ધ બંગાળી પણ રહી શકાશે નહિ; માટે જ્યાં લગી સુશિક્ષિત, જ્ઞાનસંપન્ન બંગાળીઓ (તેમજ બીજા પ્રાન્તવાળાઓ પણ) પોતપોતાની ભાષામાં પોતાના વિચાર પ્રકટ નહિ કરે ત્યાં લગી દેશની ઉન્નતિ થઇ શકશે નહિ.

અમને નવાઇ લાગે છે કે ભારતવાસીઓ આ વાતોને સમજતા કેમ નથી ? એક વાત તેઓ અંગ્રેજીમાં લખે તેથી કેટલા દેશીઓ તે સમજશે ? અને જો એજ વાત તેઓ દેશી ભાષામાં લખે તેથી કેટલા દેશીઓ તે સમજશે ? જો કોઇ એમ કહેતું હોય કે સુશિક્ષિતોની વાતો સમજવી તે સુશિક્ષિતોને માટેજ જરૂરનું છે તો એ સમજવું ભૂલભરેલું છે. **તમામ દેશવાસીઓની ઉન્નતિ થયા વિના દેશનો ઉદય થવાનો નથી.** તે સાથે એટલું પણ નક્કી સમજી

રાખવું કે દેશના તમામ લોકો અંગ્રેજી સમજતા પણ નથી ને સમજી પણ શકશે નહિ. આથી એ વાત નિર્વિવાદ છે કે જે વાત દેશી ભાષામાં કહેવાતી નથી તે વાત કરોડો દેશવાસીઓ કદિ પણ સાંભળી કે સમજી શકવાના નથી અને જે વાત દેશના તમામ લોકો સાંભળતા કે સમજતા નથી તેથી સમાજની ઉન્નતિ પણ થઇ શકતી નથી.

એક વાત એવી પણ કહેવામાં આવે છે કે કેવળ ઉંચી પંક્તિના લોકોનેજ સુશિક્ષિત થવાની જરુર છે. નીચેની પંક્તિના લોકોને સુશિક્ષિત કરવાની જરૂર નથી. તેઓ તો ઉચ્ચ પંક્તિના લોકોના સહવાસ માત્રથીજ વિદ્યાવાન બની જશે. જેમ કોઇ શોષક પદાર્થના ઉપરના ભાગમાં પાણી ભરવાથી નીચે લગીનો ભાગ પણ ભીંજાઇ જાય છે; તેમ ભારતવાસીઓ રૂપી શોષક પદાર્થના ઉપલા ભાગરૂપ તેમાંના ઉચ્ચ પંક્તિના લોકોમાં:વિદ્યારૂપી જળ ભરાશે તો પછી નીચે લગી-નીચેની પંક્તિના લોકો લગી તે વિદ્યા પસરી જશે. જળનું દૃષ્ટાંત આપવાથી નિઃસંદેહ આ વાત સરસ લાગે છે; ને અંગ્રેજી સાથે આવો જળયોગ થયા વિના અમારા દેશની આટલી ઉન્નતિની આશા પણ કદિ કરી શકાતી નહોતી. જળ પણ ઘણું છે ને તેને શોષનારા પણ ઘણા છે. આજલગી શુષ્ક બ્રાહ્મણ પંડિતો દેશને ઉજડ કરતા હતા; પણ હવે નવા શિક્ષિત લોકો જળયોગ કરીને દેશનો ઉદ્ધાર કરશે (!) કેમકે તેમનામાં છિદ્રો-પોલ હોવાથી નીચી પંક્તિના લોકો લગી જળ પહોંચાડી શકશે (!)

પરંતુ અમને એવી આશા નથી કે આ જળમયી વિદ્યા આ પ્રમાણે કરી શકશે. વિદ્યા એ પાણી કે દૂધ નથી કે ઉપર નાખવાથી નીચે લગી અસર કરે. કેવળ એટલું કહી શકાય કે કોઈ જાતનો એક ભાગ લખીવાંચી શિક્ષિત થયો હોય તો તેના સહવાસે બીજા

ભાગની પણ શોભા વધે; પરંતુ જો જાતિના બંને ભાગની ભાષામાં એવો તફાવત હોય કે **વિદ્વાનની ભાષાને મૂર્ખ ન સમજી શકે, તો સહવાસનું ફળ શી રીતે થઈ શકે?**

મોટી વાત તો એ છે કે આ સમયે આપણા લોકોમાં ઉચ્ચ પંક્તિના ને હલકી પંક્તિના લોકોની અંદર પરસ્પર જરા પણ સહૃદયતા નથી. ઉચ્ચ શ્રેણીના સુશિક્ષિતો મૂર્ખ દરિદ્ર લોકોના દુઃખે લેશ પણ દુઃખી થતા નથી. મૂર્ખ દરિદ્ર લોકો ધનવાળા કે સુશિક્ષિત લોકોના સુખે જરા પણ સુખી નથી. એમ પરસ્પર સહૃદયતાનો અભાવજ દેશોન્નતિમાં મહાન અડચણ રૂપ છે. એ સહૃદયતાને અભાવે બંને પંક્તિઓ વચ્ચે દિનપ્રતિદિન નોખાપણું વધતું જાય છે. જ્યાં આવું નોખાપણું વધતું હોય ત્યાં સહવાસનું ફળ શું થાય? જે અલગ છે તેનો વળી સહવાસ કેવો? **જો શક્તિવાળા માણસો અશક્ત માણસોને દુઃખે દુઃખી ને સુખે સુખી નજ થાય તો પછી તેમને ચાહશે પણ કોણ?** જો સર્વ પ્રકારે તમામ લોકોનો ઉદ્ધાર નજ થયો તો પછી શક્તિવાળા લોકોની ઉન્નતિ ક્યાં થઇ? કોઇ દેશમાં કદિ એવું તો બનતું નથી કે નીચી પંક્તિના લોકો સદા એજ દશામાં પડયા રહેવા છતાં ઉચ્ચ પંક્તિના લોકોની નિરંતર ઉન્નતિ થયા કરે; જે જે સમાજોની વધારે ઉન્નતિ થઇ છે તે તે સમાજોમાં બંને પંક્તિના લોકો સમાન સ્થિતિના, હળતા મળતા થયેલા ને પરસ્પર સહૃદયતાવાળા થયેલા જોયા છે. જ્યાં લગી એવું થયું નથી ને બંનેમાં અંતર રહ્યાં કર્યું છે ત્યાંલગી કોઇ દેશની ઉન્નતિ થઇ શકી નથી. **ઉંચી અને નીચી બંને પંક્તિના લોકોમાં એકતા થયેલી છે ત્યારથીજ કોઇપણ દેશમાં ઉદયના ગણેશ બેઠેલા છે.** રોમ, એથેન્સ, ઇંગ્લાંડ, અમેરિકા વગેરે દેશો એનાં ઉદાહરણ છે. એ દેશોના ઇતિહાસને સૌ સારી રીતે જાણે છે. એથી ઉલટું જોવું હોય તો જ્યાં

સમાજની અંદર ભિન્ન ભિન્ન જાતિઓ ભેદભાવે રહેલી છે તેનાં અનિષ્ટો તપાસો. એનાં ઉદાહરણો સ્પાર્ટા, મિસર, ભારતવર્ષ વગેરે છે. એથેન્સ ને સ્પાર્ટા બંને પ્રતિસ્પર્ધી નગરો હતાં. એથેન્સમાં સૌ સમાન હતા. સ્પાર્ટામાં એક જાતિ ધણીરણી ને બીજી જાતિ દાસ હતી. એથેન્સમાંથી પૃથ્વીની સુધારણાની શરૂઆત થઇ. જે વિદ્યાના પ્રભાવે હાલના યૂરોપનું આટલું ગૌરવ છે તેનું જન્મસ્થાન એથેન્સ છે અને સ્પાર્ટા પરસ્પર કલહને લીધે નાશ પામી ગયું. મિસરમાં સાધારણ પ્રજાસમૂહની સાથેના ધર્મયાજકોના જુદાપણાને લીધે ઉન્નતિનું ગળું અકાળેજ દબાઇ ગયું! પ્રાચીન ભારતવર્ષમાં પણ વર્ણવ્યવસ્થાનો ખરો આશય ભૂલાઇ જઇને વૃથા ભેદ હલકા સ્વાર્થ અને મિથ્યાભિમાન ઘુસી જઇને ઉચ્ચ વર્ણ તથા નીચ વર્ણ વચ્ચે એટલો મહાન ભેદ પડી ગયો કે જેવો ભેદ કોઇ પણ દેશમાં પડયો નહિ હોય; આના સ્વાભાવિક ફળરૂપ તેવું અનિષ્ટ પણ કોઇ દેશમાં થયું નહિ હોય! આ સ્થળે એ અનિષ્ટનું વિશેષ વર્ણન કરવાની જરૂર નથી. આ સમયે વળી દુર્ભાગ્યને યોગે શિક્ષિત અશિક્ષિત વચ્ચેનો નવો ભેદભાવ ઉમેરાયો છે, ને ધનિક તથા નિર્ધન વચ્ચેનો ભેદ પણ વધતોજ જાય છે!

સુશિક્ષિત દેશીઓના હૃદયનો ભાવ સાધારણ રીતે જ્યાં લગી દેશી ભાષામાં પ્રગટ ન થાય ત્યાં લગી સામાન્ય પ્રજાવર્ગ તેને કદિ પણ સમજી કે જાણી શકે નહિ, ને તેથી તેઓ એકબીજાના સહવાસમાં આવી શકયા પણ ગણાય નહિ ને આવી શકે પણ નહિ; અને તેથી એકતા પણ થાય નહિ. વાંચનાર તથા સાંભળનાર તરફ લખનાર તથા ભાષણ કરનારની સ્વાભાવિક રીતે સહૃદયતા ઉભરાય છે. લખવા તથા બોલવામાં એ ગુણ એની મેળે આવી જાય છે. જ્યાં લેખક તથા વક્તાને નક્કીપણે જણાય કે તેની પોતાની જાતના લોકો વાંચનાર કે સાંભળનાર નથી ત્યાં તરતજ તેનામાં સહૃદયતાનો અભાવ આવી જાય છે.

સુશિક્ષિત ભારતવાસીઓએ દેશી ભાષાઓમાંજ લેખન વાંચન કરવાનાં જે જે કારણો છે તે અમે વિસ્તારપૂર્વક લખ્યાં છે. હાલમાં દેશી ભાષામાં સારા ગ્રંથો ન લખાવાનું જે એક મહા વિઘ્ન છે તે હવે અમે જણાવીએ છીએ કે સુશિક્ષિત લોકો દેશી ભાષાનાં પુસ્તકો વાંચતા નથી તેથી વિદ્વાનો દેશી ભાષામાં લખતા પણ નથી.

રામધન પોદ.

બંગાળાના સાહિત્યમાં સર્વત્ર એકજ પ્રકારનું રોદન સંભળાય છે કે " બંગાળીઓના બાહુમાં બળ નથી. " આ નવા ઉદયના સમયમાં બંગાળીઓના મુખમાંથી એજ સંભળાય છે કે "બંગાળીઓનાં બાહુમાં બળ નથી " આ પ્રમાણે બંગાળીઓનાં બધાં દુઃખોનું મૂળ "બાહુમાં બળ નથી " એ છે.[1]

પરંતુ આનું કારણ શોધવામાં આવે કે બંગાળીઓના બાહુમાં બળ કેમ નથી ? તો એનો એજ ઉત્તર મળશે કે બંગાળીઓને પેટ-પૂર ખાવાનું મળતું નથી. બંગાળામાં અન્ન નથી. જેમ એક ગાયને બહુ વાછડાં થતાં તે સર્વને પેટપૂર દૂધ મળતું નથી; એ રીતે અમારી જન્મભૂમિ પણ ઘણાં સંતાનોની જનેતા થવાને લીધે તેમાંથી નીપજતા અન્નથી બધાને પૂરેપૂરો આહાર મળી શક્તો નથી. વળી બંગાળાના જેવી પ્રજાવૃદ્ધિ તો પૃથ્વીના કોઇપણ દેશમાં થતી નથી. આમ હોવાથી બંગાળાની પ્રજાવૃદ્ધિજ તેની પડતીનું કારણ છે. પ્રજાના વધારાથી અન્નની તાણ પડે, અન્નની તાણે શરીર અપુષ્ટ રહે, શરીર ક્ષીણ થાય, જ્વર આવે અને એ સિવાય માનસિક દુર્બળતા વગેરે અનેક દોષોની ઉત્પત્તિ થાય.

ઘણા જણ એમ કહેશે દેશમાં અનેક ધનાઢ્યો છે, તેમને જરા પણ દુઃખ નથી ! પરંતુ ખરૂં જોતાં તેઓ તો રંક પોદ

---

૧ આ લેખ બંગાળીઓ વિષેનો હોવા છતાં ગુજરાતીઓ અને સામાન્ય રીતે સમસ્ત ભારતવાસીઓ માટે પણ તે તેટલોજ અથવા બહુ અંશે લાગુ પડે તેવો હોવાથી આ સંગ્રહમાં લેવાયો છે, હવે પછી પણ આ પ્રકારના લેખો આવે તે લેવામાં પણ એજ હેતુ સમજવો. સંશો.

જાતિ (બંગાલાની એક હલકી જાતિ)ના કરતાં પણ દુર્બળ છે. તેઓના શરીરના ઘાટ જુઓ તો વાનરાકાર. અન્નના અભાવથી જે દોષ જન્મે છે તે કાંઇ એક પેઢીમાં ઠીક અન્ન મળવાથી નિવૃત્ત થતો નથી. જે પ્રજા પેઢી દરપેઢી વાનરાકાર બનતી ગઇ છે તે એક પેઢી પેટપૂર ભોજન પામતાં મનુષ્યાકાર બની શકતી નથી; માટે એવા મોટા માણુસોની વાત તો જવાજ દો. એઓ હાલીચાલી કે કાંઇ કામ કરી શકતા નથી, ને ભૂખ ન લાગવાને કારણે તૈયાર ભોજન પણ ખાઇ શકતા નથી અને ખાધેલું પચાવી શકતા નથી. આથી બધા દેશમાં મોટા માણુસનો સમૂહ તો વાનરાકારજ થયા કરે છે. તાત્પર્ય એ છે કે મહેનત કરી જીવનાર સાધારણ દરિદ્ર લોકોનું બાહુબળ જ દેશનું બાહુબળ છે.

આથી અનેક માણુસો અમારાપર ગુસ્સે થઇ કહેશે કે તમારી આ વસમી માન્યતા રહેવા દો. અમે સાંભળ્યું છે કે અહીંથી યુરોપના દેશમાં ઘઉં અને ચોખા પુષ્કળ જાય છે. જો આ દેશમાં જ ખાવા જેટલું અન્ન ન હોય તો તે પરદેશમાં જાય શી રીતે ? પરંતુ આ મતના લોકો એટલું સમજતા નથી કે દેશમાં જોઇએ તેટલો માલ ન હોય છતાં પણ તે પરદેશમાં તો મોકલી શકાય. જે વધારે પૈસા આપે તેના હાથમાં માલ જાય જ; એ નિયમ છે.

બંગાળામાં જો કોઇ ચીજ વિશેષ પાકતી હોય તો તે ચોખા છે. ચોખા વિના બીજો આહાર મેળવી શકે એવા માણુસની સંખ્યા આ દેશમાં ઘણી ઓછી છે. બંગાળાના લોકોનો મોટો ભાગ વરસ અનુકૂળ હોય તો પેટપૂર ભાત તો મેળવી શકે છેજ; પરંતુ પેટપૂર ભાત ખાવાથી આહારની પૂરણી થઇ શકતી નથી. એકલો ભાત ખાવાથી જીવન નભે ખરું; પણ તેથી શરીરની પુષ્ટિ થતી નથી. ચોખામાં બલ આપનારું તત્ત્વ માત્ર સેંકડે સાત ટકા છે. ચરબી કે

જે મહેનતુ માણસોના શરીરની પુષ્ટિને માટે ઉપયોગી વસ્તુ છે તે તો ચોખામાં છેજ નહિ.

કેવળ ભાત ખાનારા લોકો અહીં ઓછા નથી, તેમ બધા નથી; પરંતુ બંગાળાનો મોટો ભાગ ભાત સાથે થોડી દાળ, માછલીનો ટુકડો, શાકમાં આલુ અથવા કાચાં કેળાંની તરકારી એ પ્રમાણે આહાર લે છે; ને તેને સારી રીતે ભોજન કર્યું એમ સમજે છે. આ ભોજનમાં પોણાસોળઆના એક પાઇ જેટલો ભાત ને બે પાઇ જેટલો અન્ય વસ્તુઓનો ભાગ હોય છે. આવા ભોજનને એક રીતે તો સૂકો રોટલો ખાવોજ કહી શકાય. બંગાલીઓનો ચૌદ આના જેટલો વર્ગ આ પ્રકારનો આહાર લે છે. કોઇ પ્રકારની હરકત આવી ન પડે તો આટલાથી જીવનરક્ષા તો થાય છે; પરંતુ એથી શરીરમાં રોગ બહુજ સહેલાઇથી પોતાનું ઘર કરી શકે છે; (મેલેરિયાનો તાવ આ વાતની સાક્ષી છે.) અને આવા શરીરમાં બળ રહી શકતું નથી. આ કારણથી જ બંગાલીઓમાં બાહુબળ નથી.

આ બધી વાતોપર ઉંડો વિચાર કરી ઘણા લોક કહેશે કે જ્યાં-લગી બંગાળીઓ સાધારણ રીતે માંસાહાર કરશે નહિ ત્યાં લગી તે-મનામાં બાહુબળ આવશે નહિ. અમે આ વાત કહેતા નથી. માંસનું ખાસ પ્રયોજન નથી. દૂધ, ઘી, લોટ, દાળ, ચણા, શાક એજ ઉત્તમ આહાર છે. એનું દૃષ્ટાન્ત જોવું હોય તો પશ્ચિમ હિંદુ-સ્તાનીઓ જુઓ. એ લોકો બળદાયક આહાર, પેટપૂર રોટલી કે રોટલા ખાવા સાથે નૈવેદ્યમાં તુલસીપત્ર પેઠે થોડો ભાત ખાય છે. બંગાળીઓ પણ ભાતનું વજન ઘટાડી રોટલા રોટલીનું વજન વધારે લે તો તેઓ એક પેઢીમાં નીરોગ થાય અને ત્રણ પેઢીની અંદર બલિષ્ઠ શરીરવાળા બને.

હું આ બધી વાત રામધન પોદને સમજાવતો હતો; તેનું આખું કુટુંબ રોગગ્રસ્ત હતું; તે આ સાંભળી મારી પાસે હાથ જોડીને બોલ્યો:—"મહાશય!

તમે જે આજ્ઞા કરી તે બરાબર છે; પણ બાપા! ઘી, દૂધ, લોટ એ બધી વસ્તુઓ અમારા નશીબમાં ક્યાંથી? એવો વખત આવી ગયો છે કે પેટપૂર ભાતનો ખર્ચ પણ ઉડાવવો ભારે પડે છે."

મેં વિચારી જોયું તો મને એ વાત સત્ય લાગી. રામધન પોદને ત્યાં ધાન્ય ખાંડવાની જે ખાંડણી હતી તેના લાકડાપર હું બેઠો હતો. પાસે એક પાળેલો કૂતરો પડ્યો હતો તેથી હું આગળ વધી શકું તેમ ન હતું. અહીં બેઠાં બેઠાં રામધન પોદના કુટુંબની હકીકત હું જાણી શકું તેમ હતું. રામધને પોતાના એકે એક પુત્રને દેખાડીને મને કહ્યું કે "મારે ચાર પુત્ર અને પાંચ પુત્રીઓ છે. જેમાંના એક પુત્રના ને ત્રણ પુત્રીઓના વિવાહ કરવા બાકી છે. અમારી હલકી કોમમાં છોકરાના વિવાહમાં પણ ખર્ચ થાય છે, તેમ છોકરીના વિવાહમાં પણ ખર્ચ થાય છે; પણ છોકરીને પરણાવવામાં કાંઇક થોડો ખર્ચ થાય છે. જ્યાં છોકરાંને પરણાવવાનું જ ઠેકાણું નથી ત્યાં આપ દૂધ, ઘી, ને લોટની વાત ક્યાં કરો છો?" મેં મનમાં ને મનમાં કહ્યું કે "બેશક મારી આ વાત તો અસંગત છે." મને લાગ્યું કે ત્યાં જમીન ઉપર સૂતેલો કૂતરો પણ મારાપર ગુસ્સે થઇ જાણે ભસવાનો ઉદ્યોગ કરતો હોયની! જાણે તે કહેતો હોય કે મને કોળીઓ ભાત તો એઠોજૂઠો મળતો નથી ત્યાં તમે બૂટ સ્ટોકીંગ લગાવી ખાંડણીપર બેસી ઘી, દૂધ ખાવાની વાત ક્યાં કરો છો? એટલામાં જ એક રૂવાડાં વિનાની બિલાડી પણ મારી તરફથી નીકળી, પોતાની પૂંછડી ઉંચી કરી બીજી બાજુ ચાલી ગઇ. રામધનના રસહીન ઘરમાં ઘી, દૂધ ને માખણ ખાવાની વાતો સાંભળી એ પણ જાણે મારી મશ્કરી કરી ચાલી ગઇ હોય એમ લાગ્યું!

મેં રામધનને કહ્યું:—"તમારે ચાર પુત્ર ને પાંચ પુત્રીઓ છે. ને તે ઉપરાંત બે વહુઓ લાવ્યા છો?"

રામધને હાથ જોડીને કહ્યું:—"જી હા, આપના આશીર્વાદથી બે વહુઓ પણ આવી છે."

મેં કહ્યું:—" એને કાંઇ બાલ બચ્ચાં પણ થયાં હશે ?

રામધનઃ—" જી હા, એક વહુને બે છોકરીઓ છે ને બીજીને એક છોકરો છે."

મેં કહ્યું:—" શત્રુની આંખોમાં રાઇમીઠું પડે એટલો પરિવાર તો તમે પ્રાપ્ત કર્યો છે; પણ આ પરિવાર થયા પહેલાં પણ તમને ખાવાપીવામાં મુશ્કેલી તો આવતી હશે ને હવે એ મુશ્કેલી વધી હશે નહિ વારૂ ?"

રામધનઃ—"જી હા ! હવે ખાવાપીવામાં મુશ્કેલી ભારે આવે છે."

મેં પૂછ્યું:—" તો તમે આટલો બધો પરિવાર કાં વધાર્યો ?"

રામધન કાંઇક વિસ્મય પામીને બોલ્યો:—"શું બોલ્યા મહાશય ! પરિવાર શું મેં વધાર્યો ? વિધાતાએ વધાર્યો !"

મેં કહ્યું:—" બિચારા વિધાતાને નકામો દોષ ન દો. છોકરાઓના વિવાહ તમેજ કર્યા છે એટલે તમેજ એ વહુઓનો વધારો કર્યો છે; ને એ વિવાહ કરવાથીજ બે પૌત્રીનો તથા એક પૌત્રનો પણ વધારો થયોછે."

રામધન બહુજ કાયરપણાનો ભાવ ધરીને બોલ્યો:—"મહાશય ! આપ આ પ્રમાણે મારા પરિવારને વખોડો માં; હમણાંજ થોડા દિવસ પહેલાં મારો એક મહીનાનો પૌત્ર મરી ગયો છે."

મેં દુઃખ પ્રકટ કરીને કહ્યું:—"એ શાથી મુઓ રામધન ?"

રામધન કશો ઉત્તર આપતો ન હતો છતાં મેં યુકિતપ્રયુક્તિવાળા સવાલોથી જાણી લીધું કે એની માને ધાવણ આવતું નહોતું તેથી એનું મોત થયું છે. પોષણને અભાવે તેની માતાને દૂધ આવતું નહોતું. વળી બીજી બાજુ રામધનની ગાય પણ મરી ગઇ હતી. દૂધ વેચાતું લઇ પાવાની શકિત નહોતી. આમ પોષણને *અભાવે પેટની પીડા ઉપડી ને તેમાં બાળક મરી ગયું.

---

* અનાહારનું એક પરિણામ પેટની પીડા પણ છે, એ વાત ઘણા લોકો જાણતા નહિ હોય.

ફરી મેં રામધનને પૂછયુંઃ—" હજુ તમે નાના છોકરાના વિવાહ કરશો ? "

રામધન બોલ્યોઃ—" રૂપિયાનો જોગ થશે તો એ કામ પણ કરી નાખીશ. "

મેં કહ્યુંઃ—" જે બે વહુઓ આવી છે તેને તો પેટપૂર ખાવાનું મળતું નથી, છતાં બીજાં માણસો કાં વધારો ? વિવાહ કરશો તો વહુ આવશે, તેને ખાવાનું આપવું પડશે, વળી તેને પણ બેચાર બચ્ચાં કચ્ચાં થશે તેને પણ ખાવાનું જોઇશે. હમણાંજ પૂરૂં થતું નથી છતાં તમે છોકરાનો વિવાહ કરશો ? "

રામધન ગુસ્સે થઇ બોલ્યોઃ—" છોકરાંના વિવાહ કોણ નથી કરતું ! જેને ખાવાનુ મળે છે તે પણ કરે છે ને જેને ખાવાનું નથી મળતું તે પણ કરે છે "

મેં કહ્યુંઃ—" જેને ખાવાનું નથી મળતું તેણે છોકરાનો વિવાહ કરવો ઠીક છે ? "

રામધન બોલ્યોઃ—" આખા જગતમાં તો એમજ થાય છે. "

મેં કહ્યુંઃ—" આખા જગતમાં નહિ રામધન ! કેવળ આપણા દેશમાંજ. એવી મૂર્ખ જાતિ બીજા કોઇ દેશમાં નથી. "

રામધન બોલ્યોઃ—" જો આખા દેશના લોકો એમ કરે છે તો હું એમ કરૂં એમાં દોષ શો ? "

આવા મૂર્ખને શી રીતે સમજાવવો ? મેં કહ્યુંઃ—" રામધન ! આખા દેશના લોકો જો ગળામાં ફાંસો ઘાલી જીવ કાઢી નાખે તો તું પણ એમ કરીશ ? "

રામધન પોકાર કરી બોલ્યોઃ—" આપ શું બોલ્યા મહાશય ! ગળામાં ફાંસો ઘાલવો ને છોકરાને પરણાવવો એ શું સમાન છે ? "

મને પણ જરા ક્રોધ આવી ગયો એટલે હું બોલ્યોઃ—" સમાન

છે એમ કોણુ કહે છે ? આવી રીતે છોકરાના વિવાહ કરવા કરતાં તો ગળામાં ફાંસો નાખવો એ ઘણું સારું છે. પોતાના ગળામાં ફાંસો ન ઘલાય તો છોકરાના ગળામાં ઘાલવો."

આટલું કહી લાકડાપરથી ઉઠી હું ચાલ્યો આવ્યો. ઘરમાં આવી ગુસ્સો દૂર થતાં હું વિચાર કરવા લાગ્યો કે આમાં બિચારા રામધનનો વાંક શો છે ? બંગાળામાં આવા અનેક રામધનોજ ભર્યા છે. આ તો બિચારી હલકી જાતનો માણુસ છે, વળી તે વિદ્યાહીન તેમજ બુદ્ધિહીન છે; પરંતુ જે લોકો વિદ્વાન અથવા તો સુશિક્ષિત હોવાનો દાવો રાખે છે તેઓ પણુ રામધનથી બે ચંદા વધી જાય તેમ છે. ઘરમાં ખાવાનું હો કે ન હો, પણુ છોકરાનો વિવાહ તો પહેલો કરવો. કેવળ થોડી દાળ અને ખૂબ ભાત ખાઇ સૂકા લાકડા જેવાં શરીર થયાં હોય—તાવ ને બરોળથી હેરાન હોય—તોપણુ હલકો ખોરાક ખવરાવવા માટે, ભૂખના ભાગીદાર થવા માટે કે તાવ અને બરોળનો ફેલાવો કરવા માટે ગાંઠના રૂપીઆ ખરચી પારકી છોડી પોતાના ઘરમાં લાવવીજ લાવવી! મનુષ્ય જન્મમાં એને માટે એજ સુખ છે. "જે બંગાળી થઇને છોકરાનો વિવાહ ન કરી શકે તેનો તો જન્મજ વૃથા છે" આમ તેઓ સમજે છે; પણુ આટલો વિચાર કરવાની તેઓ જરૂર જોતા નથી કે બિચારો છોકરો વિવાહ પછી પોતાનાં સ્ત્રી છોકરાંનું ભરણુ-પોષણુ કરી શકશે કે નહિ ? નિશાળ છોડતાં પહેલાં તો તે બિચારો એક નાની સરખી છોકરાંની પલટણુનો બાપ થઇ બેસે છે ! બિચારો પરણેલો યુવક ભણુવાનાં પોથાં બાંધી દઇ ઉમેદવારીમાં વળગે છે, હાથ જોડી ગમે તેને બારણે હાય નોકરી ! હાય નોકરી ! કરતો ફરે છે. એક છોકરો જો પરિપક્વ ઉમરનો થઈ પોતાની કર્त्तव्यની દિશા નક્કી કરી જીવનક્ષેત્રમાં પ્રવેશ કરે તો તે પોતાના જીવિતને સાર્થક પણુ કરી શકે ! પરંતુ કર્त्तव्यની દિશા નક્કી કર્યાં પહેલાંજ તે આશા તો જતી રહે

છે. ઉમેદવારીની પીડાથી, ચાકરી શોધવાની ચિંતાથી ને સંસારની ઉપાધિઓની જ્વાલાથી તેનું શરીર અને મન બેબાકળાં થઈ જાય છે. વિવાહ થયો, છોકરાં થયાં, હવે કર્ત્તવ્યની દિશા નક્કી કરવાનો વખતજ ક્યાં રહ્યો ? આવે વખતે તો માત્ર એકજ રસ્તો ખુલ્લો હોય છે, ને તે રસ્તો ઉમેદવારીનોજ છે. આવા માણસોદ્વારા કશો લોકોપકાર થવાની સંભાવના નથી કેમ કે સ્ત્રીપુત્રાદિનું પોષણ કરવામાં તેને બીજો ફુરસદનો સમયજ મળતો નથી. દેશહિત કરવાની તો એનામાં શક્તિજ રહેતી નથી. લખવું, ભણવું અને ધર્મવિચાર સાથે પણ એને કશો સંબંધ રહેતો નથી. છોકરાંને છાનાં રાખવામાં અને ખવરાવવામાંજ એનો સર્વ સમય પૂરો થાય છે. જે રૂપિયા એ પેટ્રિયાટિક એસોસિએશનના ચાંદમાં દઈ શકત તેનાથી તેને સ્ત્રીપુત્રનાં ઘરેણાં કરાવવાં પડે છે. આમ હોવા છતાં પણ આ બંગાળી રામધનો છોકરાના વિવાહ નાનપણમાં કરી ન શકે તો છોકરાનો સર્વનાશ અને પોતાનો પણ સર્વનાશ થયો સમજે છે! "છોકરો આવ્યો તો તેનો વિવાહ કરવોજ જોઇએ—હરેક માણસનો વિવાહ તો કરવોજ જોઈએ—અને છોકરાનો નાનપણમા વિવાહ કરવો એજ આપણું મુખ્ય કર્ત્તવ્ય છે" એવો ભયંકર ભ્રમ જે દેશમાં ચારે તરફ ફેલાએલો હોય તે દેશનું કલ્યાણ શી રીતે થઇ શકે ? **જે દેશમાં માબાપો છોકરાંને તરવાનું શીખવવા પહેલાંજ સ્ત્રીરૂપી શિલા ગળે બાંધીને તેને દુસ્તર સંસાર-સાગરમાં નાખી દે છે તે દેશની ઉન્નતિ શી રીતે થાય?** +

+ આ તો ભરણ પોષણ વગેરે પીડાની વાત થઇ, પરંતુ આવાં બાળલગ્નોથી અપકવવયે વીર્યહાનિ થવાથી આખી ઉમ્મર માટે શરીરબળ અને મનોબળને જે ધક્કો પહોંચે છે, એટલુંજ નહિ પણ એવાં નિર્બળ માત પિતાનાં સંતાનોની પરંપરા પણ નિર્બળ થતી ચાલે છે તેનાં નુકશાનો તો વળી એથી પણ વિશેષ ખરાબ હોય છે. મંત્રી

સંગીત.

સંગીત એટલે શું ? બધા જાણે છે કે સુરવાળા શબ્દો જ સંગીત છે, પણ અહીં પ્રશ્ન એ છે કે સુર એટલે શું ?

કોઇ પદાર્થ સાથે બીજો પદાર્થ અથડાવાથી શબ્દ ઉપજે છે, ને જે પદાર્થને આઘાત લાગે છે તેના રજકણોમાં કમ્પ કે ધ્રુજરી ઉપજે છે. એ ધ્રુજરીને લીધે તેની આજુબાજુના વાતાવરણમાં પણ કમ્પ થાય છે, દષ્ટાંત તરીકે જેમ એક તળાવના સ્થિર જળમાં કાંઇ વસ્તુ નાખીએ તો તેના જળમાં જેમ કુંડાળાં થાય છે તેમ અહીં વાતાવરણમાં થાય છે; અને વાતાવરણની લહરીઓ ચારે તરફ ફેલાય છે. એ લહરીઓ કાનમાં પેસે છે. કાનમાં એક ઝીણી ચામડીનો પડદો છે. તેની સાથે વાયુની એ લહરીઓ અથડાય છે પછી તેનું પડદાની સમીપના સ્નાયુમાં રહેલા જ્ઞાનતંતુ વડે મગજને ભાન થાય છે; અને એ રીતે આપણને અવાજનો અનુભવ થાય છે; એટલે કે શબ્દ સંભળાય છે.

આમ વાયુનુ કંપવું એજ શબ્દજ્ઞાનનું કારણ છે. વિજ્ઞાનવેત્તાઓએ નક્કી કર્યું છે કે જે શબ્દે કરીને એક સેકંડમાં ૪૫૦૦૦ વાર વાયુનું કંપવું થાય ત્યાં સુધી આપણે તે અવાજ સાંભળી શકીએ છીએ; તેથી વધારે વાર વાયુકંપન થાય તો આપણે તે સાંભળી શકીએ નહિ. એક બીજા વિજ્ઞાનવેત્તાએ નક્કી કર્યું છે કે દર સેકંડમાં ૧૪ થી ઓછી વાર વાયુનું કંપવું થાય તે શબ્દ પણ આપણે સાંભળી શકીએ નહિ. એ વાયુના કંપ વચ્ચેનો સમાન સમય એજ સુરનું કારણ છે. વાયુના બે વખતના કંપવાની અંદર જેટલો સમય લાગ્યો તેટલોજ સમય વારંવાર લાગે તો સુર પેદા થાય છે. આ

વચગાળાના સમયનું નામ માત્રા છે, હવે સમજાયું હશે કે ગીતમાં જેમ તાલની સમાનતા છે તેમ અહીંઆં માત્રાની સમાનતા છે. સમાન માત્રાએ કંપ થતાં સુર પેદા થાય છે. જે અવાજમાં આવી સમાનતા નથી ત્યાં સુર પેદા થતો નથી; જે શબ્દમાં માત્રાની સમાનતા નથી તે "બેસુરૂ" કહેવાય છે; અર્થાત્ તે ઘોંઘાટ માત્ર છે. સુર જ સંગીતનો સાર છે.

એ સુરનું એકપણું કે બહુપણુંજ સંગીત છે. બહારની સૃષ્ટિમાં સંગીતની શી ક્રિયા છે તે અમે અત્યારલગીમાં કહ્યું; પરંતુ સંગીતથી અંતઃસૃષ્ટિમાં-મનમાં—શી ક્રિયા થાય છે? અને શી રીતે સુખ ઉપજે છે? તે હવે બતાવીએ છીએ.

સંસારમાં કોઇપણ વસ્તુ અથવા સ્થિતિ સંપૂર્ણ રીતે ઉત્તમ નથી. બધી વસ્તુઓમાં ઓછાવત્તા પ્રમાણમાં ન્યૂનતા અથવા દોષ છે. પરંતુ દોષરહિત ઉત્તમતાની આપણે આપણા મનથી કલ્પના કરી શકીએ છીએ; અને એ કાલ્પનિક મૂર્તિની સ્થાપના કરીને તેનું પ્રતિબિંબ પણ સરજી શકીએ છીએ. દાખલા તરિકે જોઇશું તો સંસારમાં કયાંય પણ નિર્દોષ સુંદર મનુષ્ય મળી શકતું નથી, જેટલાં મનુષ્યો જોઇએ છીએ તેમાં કાંઇ ને કાંઇ દોષ રહેલો હોય છેજ. આમ છતાં પણ તે તમામ દોષોનો ત્યાગ કરી આપણે માત્ર સુંદર. કાંતિનેજ મનમાં રાખીને એક નિર્દોષ મૂર્તિની કલ્પના કરીએ છીએ. કારીગર શિલ્પીઓ મનમાં આવી કલ્પના કરીને પત્થરની એક નિર્દોષ પ્રતિમા ઘડે છે. અને કવિઓ શબ્દચિત્રની પ્રતિમા ખડી કરે છે. આ પ્રકારે ઉત્કર્ષની છેલ્લી સૃષ્ટિ તેજ કાવ્યનો ને ચિત્રનો ઉદ્દેશ્ય છે.

જેમ બધી વસ્તુઓના ઉત્કર્ષની હદ છે તેમ શબ્દના ઉત્કર્ષની પણ હદ છે. બાળકોની વાતો કાનને મીઠી લાગે છે. યુવતીઓનો કંઠ-ધ્વનિ મનને મુગ્ધ કરે છે. કંઠની મધુરતા એજ વક્તાની વક્તૃતાનો

સાર છે. વક્તાનું ભાષણ સાંભળતાં જેટલી મીઠાશ આવે છે તેટલું તે વાંચી જતાં મીઠું લાગતું નથી; કેમકે એમ વાંચી જવામાં સ્વરોચ્ચારણની મીઠાશ મળેલી હોતી નથી. જે વાત સાદી રીતે કહેવામાં કશો રસ આવતો નથી તેજ વાત કોઇ રસિકના મોંએ સાંભળતાં ભારે રસ પડે છે. આ પ્રકારથી કયારે કયારેક તો બહુ સાધારણ વાત પણ એટલો શોક, એટલો આહ્લાદ ને એટલો પ્રેમ પ્રદર્શિત કરે છે, કે એટલો તો શું પણ તેના શતાંશ પણ લાંબાં લાંબાં ભાષણો ઉપજાવી શકતાં નથી. આમ શાથી થાય છે? સ્વરના ઉચ્ચારણનોજ એ પ્રભાવ છે; પરંતુ એ સ્વરના ઉચ્ચારણનો પણ ઉત્કર્ષ છે. સાધારણ સ્વરનું ઉચ્ચારણ પણ મનને ચંચલ બનાવે છે તો પછી ઉત્તમ સ્વરોચ્ચાર આહ્લાદકારક થાય એમાં નવાઇ શી? સ્વરના ઉચ્ચારણનો સંપૂર્ણ ઉત્કર્ષ એજ સંગીત છે. સ્વર એ મનોભાવનું ચિહ્ન હોવાથી સંગીત દ્વારા તમામ પ્રકારના માનસિક ભાવ પ્રકાશિત થાય છે.

ભક્તિ, પ્રેમ ને આહ્લાદ દર્શાવનાર સંગીત બધા સમયમાં, બધા દેશોમાં ને બધા લોકોમાં ગવાય છે. માત્ર ખલપણું દર્શાવનારૂં સંગીત જણાતું નથી. જેમાં દ્વેષના ભાવો વ્યક્ત થતા હોય તેવા શબ્દો સંગીતમાં નથી. રણવાદ્યમાં પણ સંગીત છે એ સત્ય છે પરંતુ એ હિંસામાટે ઉત્તેજિત કરનારૂં અને માત્ર અંતરનો ઉત્સાહ વધારનારૂં છે. કલ્પનાવડે આપણે દ્વેષ, અહંકાર ઇત્યાદિ દુષ્ટ ભાવોનું વર્ણન ગીતમાં ઉતારવાને યત્ન કરીએ છીએ, પણ તે વર્ણન કેવળ કલ્પનામાંજ રહી જાય છે; સમજાયા વિના તે સમજી શકાતું નથી. આથી આવાં ગીતો સ્વાભાવિક નથી. જો કે શોક પ્રકટ કરવાવાળાં ગીતો છે; ને તે ગીતો અત્યંત મનોહર છે; પરંતુ શોક એ ક્રૂર અથવા આસુરી ભાવ નથી એ તો ભક્તિ ને પ્રેમવાચક ભાવ છે.

હવે રાગ અને રાગિણી સંબંધે કાંઇક કહેવું છે. જેમ તેત્રીશ

દેવતામાંથી તેત્રીશ કરોડ દેવતા થયા છે, તેમ છ રાગ અને છત્રીશ રાગિણીમાંથી અદ્ભુત કલ્પનાને પ્રભાવે અનેક ઉપરાગ અને ઉપરાગિણીઓ તથા તેના પુત્ર અને પૌત્રોનો પરિવાર હિંદુ સંગીતમાં બિરાજમાન થયો છે. એમાં એક મહાન રહસ્ય છે; ને તે એ કે હિંદુઓની બુદ્ધિ અપાર કલ્પનાકુતૂહલથી પૂર્ણ છે! તેઓ અર્થવાળા તમામ શબ્દોને મનુષ્યના જેવા બનાવી દે છે. પ્રાકૃતિક વસ્તુઓ તથા પ્રાકૃતિક શક્તિઓને તેમણે દેવપદવી આપી દીધી છે. પૃથ્વી દેવી, વાયુ પણ દેવ, ને તેજ પ્રમાણે આકાશ, ઇંદ્ર, વરુણ, અગ્નિ, સૂર્ય, ચંદ્ર, એ તમામ દેવો છે. નદ અને નદીઓ પણ દેવ ને દેવીઓ છે. તમામ દેવ દેવીઓ મનુષ્ય પેઠે શરીરધારી છે. તે તમામને સ્ત્રી, પતિ, પુત્ર અને પૌત્રો વગેરેનો પરિવાર પણ કલ્પેલો છે. તર્કદ્વારા પહેલાં એમ થયું કે આ જગતને બનાવનાર કોઇ પણ છે; ને તે બ્રહ્મા છે. પણ વળી એમ પણ લાગ્યું કે ઘડો, લૂગડું વગેરેને બનાવનારો જેમ કોઇ હાથપગવાળો મનુષ્ય છે તેમ જગતના બનાવનારને પણ શરીર તથા હાથપગ હોવાં જોઇએ! વળી તે વિશેષ શકિતમાન છે માટે તેને ચાર મોઢાં માન્યાં. વળી તેને માટે એક સ્ત્રીની પણ જરૂર લાગી; એટલે એક બ્રહ્માણી પણ માની. ઋષિઓ તેના પુત્રરૂપે થયા. હંસને તેનું વાહન પણ માન્યું, કેમકે તેના વિના તે આવ જાવ શી રીતે કરી શકે? બ્રહ્માના લોકમાં ગાડી ને પાલખીઓ તો છે નહિ! પરંતુ કેવળ આટલેથીજ કલ્પના કરનારાઓને સંતોષ થયો નહિ. મનુષ્યો જેમ કામક્રોધાદિને વશ થાય છે તેમ બ્રહ્માને પણ તેવા માન્યા, ને તેમને પણ વિષયવાસનાને વશ થઇ કન્યા પાછળ દોડનારા ઠરાવ્યા!

જ્યાં જગતકર્ત્તા જેવા અપ્રમેય પદાર્થને; આકાશ, નક્ષત્ર, પહાડ નદી વગેરે પ્રાકૃતિક પદાર્થને; અગ્નિ, વાયુ વગેરે પ્રાકૃતિક ક્રિયાઓને કામાદિ માનસિક વૃત્તિઓને અને તમામને મૂર્તિવાળાં માન્યાં, સ્ત્રી-

પુત્રાદિ પરિવારવાળાં માન્યાં ને મનુષ્યના જેવાં સ્વભાવવાળાં માન્યાં ત્યાં સ્વરસમૂહરૂપ રાગને વાસ્તે પણ એવી કલ્પના થાય તેમાં નવાઇ શી ? એ રાગોને પણ સાકાર ગૃહસ્થ માનવામાં આવ્યા. રાગની સાથે રાગિણીઓની પણ કલ્પના ઉપજી. વળી એક રાગને માટે એકેક રાગિણી હોય એટલુંજ બસ માન્યું નહિ. બંગાલી કુલીન બ્રાહ્મણની પેઠે એક એક રાગને છ છ રાગિણી માની; સંગીતના રસિકોને એટલેથી પણ સંતોષ થયો નહિ. તેમણે તો રાગોને પૂરેપૂરા બાપુ બનાવી દીધા. એક એક રાગને છ છ રાગિણીઓ અને તેના ઉપરાંત ઉપરાગિણીઓ વળગાડી ! ઉપરાગિણીઓને માટે ઉપરાગોની પણ કલ્પના કરવામાં આવી. આમ રાગરાગિણી અને ઉપરાગ ઉપરાગિણી એ તમામના સુખનો ગૃહસ્થધર્મ કલ્પાયો; તેને ત્યાં પુત્ર પૌત્રાદિ પણ જન્મ્યાં !

પરંતુ આ કેવળ ગમ્મતનીજ વાત નથી. એ ગમ્મતની અંદર વિશેષ સાર પણ સમાએલો છે. રાગરાગિણીનો આકાર કલ્પવો કેવળ વિનોદજ છે એમ નથી. શબ્દશક્તિને કોણ નથી જાણતું ? એ તો સૌ જાણે છે કે કોઇ ખાસ શબ્દ સાંભળતાં મનમાં કોઇ ખાસ ભાવની ઉત્પત્તિ થયા કરે છે; કોઇ દૃશ્ય વસ્તુને જોતાં પણ તે ભાવનો ઉદય થાય છે. ધારો કે આપણે કાને કોઇ પુત્રશોકે રડતી માતાના રોદનનો અવાજ પડયો. રોનારને તો આપણે જોઇ પણ નથી; આપણે તો માત્ર તેના રોદનનોજ ધ્વનિ સાંભળ્યો છે; અને માત્ર તેટલાથીજ આપણા હૃદયમાં શોકનો ઉદય થયો. હવે ફરી આપણે જ્યારે જ્યારે એવો રોવાનો શબ્દ સાંભળીશું ત્યારે આપણને એ શોક યાદ આવશે, ને એ રીતે શોકનો ઉદય થશે.

હવે ધારો કે આપણે બીજે સ્થળે એક પુત્રશોકે આતુર થયેલી માતાને બેઠેલી દીઠી. તે રોતી નથી; પરંતુ તેનો ચહેરો જોવાથી

આપણને એના મનની મહાપીડાનો અનુભવ થાયછે. એ સંતાપવડે મ્લાન થએલા મુખમંડળનો ભાવ આપણા હૃદયમાં દૃઢપણે છવાઈ ગયો. હવે જ્યારે જ્યારે એવો મલિન શોકાર્ત્ત ચહેરો દેખીશું ત્યારે આપણને એ શોક યાદ આવશે ને હૃદયમાં એવા શોકનો ઉદય થશે.

આથી તે ધ્વનિ ને તે મુખમંડળનો ભાવ, એ બંને આપણા મનમાં શોકના ચિહ્નસ્વરૂપ છે. એ ધ્વનિથી એજ શોક યાદ આવશે. માનસ પ્રકૃતિના નિયમને અનુસરીને એનું એક બીજું પણ વિચિત્ર ફળ ઉપજે છે. રોદનનો ધ્વનિ ને મ્લાન મુખકાંતિ એ બંને શોકનાં ચિહ્નો હોવાથી પરસ્પર એક બીજાનું સ્મરણ કરાવે છે. એ રોદન-ધ્વનિ સાંભળતાંજ પેલો મ્લાન ચહેરો યાદ આવે છે; ને મ્લાન ચહેરો દેખતાં પેલો રોદનધ્વનિ સાંભરે છે. આ રીતે બંનેનું વારંવાર એક સાથે સ્મરણ થવાથી બંને એકબીજાની પ્રતિમા બને છે. એ શોક-સૂચક ચહેરો પેલા શોકસૂચક ધ્વનિની સાકાર પ્રતિમારૂપે જણાય છે.

ધ્વનિ અને મૂર્તિનો આમ પરસ્પર સંબંધ હોવાથી પ્રાચીન આર્યોએ રાગ રાગિણીની સાકાર કલ્પના કરીને તેના ધ્યાનની પણ રચના કરેલી છે. એ ધ્યાનથી પ્રાચીન આર્યોની વિચિત્ર કવિત્વશક્તિ તથા કલ્પનાશક્તિનો આપણને પરિચય થાય છે. જેમ જેમ આપણે પૂર્વ પુરૂષોની કીર્તિનો વધારે વધારે ઉંડા ઉતરી અભ્યાસ કરીએ છીએ, તેમ તેમ તેમની મહાનુભાવતા વધારે વધારે દેખાતાં આપણે વિસ્મિત થઈએ છીએ.

એક બે દૃષ્ટાંતો આપીએ. ટોડી રાગિણી તો ઘણા લોકોએ સાંભળી હશે. સહૃદય પુરૂષો એ સાંભળીને જે એક અનિર્વચનીય ભાવમાં મગ્ન થાય છે તે સહેલાઈથી દર્શાવી શકાય તેમ નથી. સાધારણ રીતે જેને " આવેશ " કહીએ છીએ તે તો તેનો અંશનો પણ અંશ છે. ધારો કે એની સાથે ભોગની અભિલાષા પણ મળેલી

છે; પરંતુ એ ભોગની અભિલાષા નીચ પ્રવૃત્તિવાળી નહિ પણ ઉત્તમ પ્રવૃત્તિવાળી સમજવી. જે ભોગ પવિત્ર અને સુખદાયક છે, જે ભોગમાં બીજા માણસની જરૂર નથી, ને જે કેવળ આધ્યાત્મિક છે એ ભોગનીજ એ અભિલાષા સમજવી. એ ભોગની અભિલાષાને હદ નથી, તૃપ્તિ નથી, અટકાવ નથી તથા શાસન પણ નથી. ભોગ અને ભોગસુખની અભિલાષા એકરૂપ બની ગયાં છે. હવે પ્રાચીન લોકોએ આ ટોડી રાગિણીની મૂર્તિ આ રીતે કલ્પેલી છે. ટોડી રાગિણી એ પરમસુંદરી યુવતી છે. તે વસ્ત્રાલંકારે સજેલી છે; પરંતુ વિરહિણી છે. અભિલાષા નિવૃત્ત ન થવાને લીધે તેને વિરહિણી કલ્પેલી છે. એ વિરહિણી સુંદરી વનવિહારિણી છે. તે વનમાં એકાંતમાં એકલી બેઠી છે ને મદ્યપાનથી ઉન્મત્ત જેવી દેખાય છે. તે પોતાના હાથમાં રહેલી વીણા વગાડીને ગાઈ રહી છે, તેનાં વસ્ત્રાભૂષણો પોતપોતાને સ્થાનેથી ખસી ગયેલાં છે, છતાં તેનું તેને ભાન નથી, વનની મૃગલીઓ તેની આગળ આવી મૌનપણે સ્થિર થઈ ઉભી છે !

આ ચિત્ર એટલું સુંદર છે કે તેનું વર્ણન થઈ શકે નહિ; પરંતુ સુંદરતા ઉપરાંત તેમાં એક અદ્દભુત ગુણ છે. એ ચિત્ર તે ટોડી રાગિણીની યથાર્થ પ્રતિમા છે. ટોડી રાગિણી સાંભળતાં મનમાં જે ભાવનો ઉદય થાય છે; તેજ ભાવ આ પ્રતિમાને જોતાં પણ ઉપજે છે.

આ પ્રમાણે બીજી રાગ રાગિણીનાં પણ ધ્યાન છે. મુલતાની રાગિણી દીપક રાગની સ્ત્રી છે. એ ગૌરાંગી સુંદરી લાલ કપડાંથી સુશોભિત બની દીપક રાગની પાસે બેઠેલી કલ્પેલી છે. ભૈરવી રાગિણીને અનેક અલંકારોએ સજાવેલી છતાં શ્વેત વસ્ત્રો પહેરાવેલાં છે. ઇત્યાદિ.

આ બધાં ધ્યાનોના સંબંધમાં મતભેદ છે, એમાં શક નથી; પણ જ્યારે વિજ્ઞાનવેત્તાઓનો વિજ્ઞાનના વિષયમાં પણ મતભેદ જોવાય છે,

ત્યારે આ કાલ્પનિક વિષયમાં અનેક મુનિઓના ભિન્ન ભિન્ન મતો હોય એમાં કશું આશ્ચર્ય નથી. માત્ર નેત્રો મીંચી, વિચારી, મનમાંથીજ રાગરાગિણીનાં સ્વરૂપોની ને અલંકારોની સૃષ્ટિ રચવી, એમાં મતભેદ થાય તો તેમાં આશ્ચર્યની વાત શી છે? પરંતુ આટલું તો સૌએ સ્વીકારવું પડે છે કે અમુક શબ્દોદ્વારા અમુક ભાવનો ઉદય થાય છે. તાર્કિકો કહે છે કેઃ—કોમલ સ્વરવડે જેમ શોક સુચવાય છે, તેમ પ્રેમ અને ઉન્માદ પણ સૂચવાય છે. આથી સ્વરવડે એકજ ભાવની પ્રાપ્તિ શી રીતે થઇ શકે? આનો ઉત્તર એ છે કે કયો ભાવ પ્રાપ્ત થવો તે કેવળ સંસ્કારને આધીન છે. આપણી સંગીતવિદ્યામાં સ્વર પણ ઘણા છે ને તેના ભેદ પણ ઘણા છે; પરંતુ કેવળ શિક્ષા અને અભ્યાસથીજ તેના ભેદ સમજાય છે. સાધારણ અભ્યાસનોજ દાખલો લઇએ. શરણાઇનો અવાજ સાંભળતાં બાળકો પ્રેમથી નાચે છે, બેપ પાઇપિનો અવાજ સાંભળી હાઇલેંડરો શરીરો ફૂલાવે છે અને ડાકલું સાંભળતાં હલકાં નિર્બળ મનનાં માણસો ધૂણે છે! એ તમામ અભ્યાસનુંજ ફળ છે. અભ્યાસને લીધે સુશિક્ષાના ફળરૂપે ભાવસંચયની અધિકતા જન્મે છે; અને તેનો બારીકીથી અનુભવ કરી શકાય છે. જે ગાયન સાંભળતાં અભ્યાસરહિત મૂઢ લોકો હસે છે તેજ ગાયનથી સંસ્કારી ભાવવાળા માણસને ભાવનો ઉભરો આવી રોવું આવે છે.

આમ હોવાથી લોકોની માન્યતા છે કે 'સુખનો અનુભવ કરાવનાર હોવાથી સંગીત મનુષ્યોને સ્વભાવસિદ્ધ છે' એ ધારણા ભ્રમજનક છે. હા, એટલું સાચું કે સારો અવાજ સૌને વહાલો લાગે છે. સ્વાભાવિક રીતે તાલનું જ્ઞાન સૌને થાય છે; પરંતુ ઉચ્ચ પંક્તિના સંગીતનો અનુભવ કેળવણી વિના લઇ શકાતો નથી. જેને મહાવરો ન હોય તે જેમ ડુંગળી કે લસણ ખાવા ઇચ્છતાં નથી; તેમ અશિક્ષિત માણસ ઉચ્ચ પ્રતિનું સંગીત સાંભળવા ચહાશે નહિ. આ બંને

વાતો મહાવરાને આધીન છે. સંસ્કારરહિત લોકો રાગરાગિણીથી પરિપૂર્ણ એવું ઉસ્તાદી સંગીત સાંભળવા ચહાશે નહિ; તેમજ બહુ અનુપ્રાસવાળું યુરોપી સંગીત પણ હિંદુસ્તાનીઓને માટે અરણ્યરોદન બરાબર છે; પરંતુ એ બંને પ્રતિ અનાદરભાવ એ અસભ્યતાનું ચિહ્ન છે. જેમ રાજનીતિ, ધર્મનીતિ, વિજ્ઞાન, સાહિત્ય વગેરે વિષયો જાણવા એ તમામ મનુષ્યોને ઉચિત છે; તેમ શરીરના આરોગ્યને માટે કસરત ને મનને રંજન કરવા માટે મનોમોહક સંગીતવિદ્યા શીખવી એ પણ ભલા માણસોનું કર્તવ્ય છે. અભ્યાસની બાબતોમાં સંગીત એ પ્રધાનપદ ભોગવે છે. આપણા લોકો પોતાના ઘરમાં પુત્ર અને પુત્રીઓને સંગીતની શિક્ષા આપવી એ ખરાબ સમજે છે; એ અસભ્યતાનું ચિહ્ન છે. સ્ત્રીઓ સંગીતનિપુણ થઇ હોય તો ઘરમાં નિર્મળ આનંદની ગંગા વહેવા લાગે છે. સંગીતવિદ્યાનો આનંદ પ્રાપ્ત થતાં મદ્યપાનાદિ અનેક દોષોથી શોખીનો અટકે છે. આપણા દેશમાં નિર્મળ આનંદના અભાવથીજ અનેક લોકો મદ્યપાનાદિ કરી ક્ષુદ્ર આનંદમાં ખેંચાયા છે; અને સંગીતના શોખને લીધેજ ઘણા લોકો વારાંગનાને ત્યાં જઇ બગડયા છે, ને બગડે છે.

સ્નેહનો જુલમ.

લોકોની માન્યતા એવી છે કે "જે કેવળ શત્રુ છે અથવા તો જેઓ અમારા તરફ સ્નેહ, દયા અને અનુકૂળ ભાવવાળા નથી તેઓ અમારાપર જુલમ કરે છે; પણ તેમને એ વાત ધ્યાનમાં નથી આવતી કે તેના કરતાં પણ વધારે જુલમ તો એક બીજી જાતના લોકો તેમના-પર કરે છે." જેઓ સ્નેહ કરનારા છે તેઓજ જુલમ કરનારા છે. સ્નેહ કરવાથી જુલમ કરવાનો અધિકાર તેમને પ્રાપ્ત થાય છે. જો હું તમારા પર સ્નેહ રાખુંછું તો મારો મત તમારે માનવોજ પડશે, મારી વાત સાંભળવીજ પડશે ને મારો આગ્રહ કબૂલ કરવોજ પડશે. પછી ભલે તેમાં તમારૂં હિત હો કે અહિત; પણ તમારે મારૂં કહ્યું કરેજ છૂટકો. આટલું તો સ્વીકારવુંજ પડશે કે જે સ્નેહ કરે છે તે જાણી બુઝીને તમારા અહિતને માટે તમને આગ્રહ નહિ કરે; પણ કયું કાર્ય હિત ઉપજાવનારૂં નિવડશે અને કયું કાર્ય અહિત ઉપજાવનારૂં થશે, એનો નિર્ણય કઠણ છે. આ બાબતમાં તો બે માણસોનો મત પણ એક થવો કઠણ છે; માટે આવી બાબતમાં તો કાર્યનો કરનાર ને તેના ફળનો ભોગવનારજ એ વાતનો પૂર્ણ અધિકારી છે. તેણે પોતાના મતને અનુસરીને કાર્ય કરવું ને તેનું જે ફળ આવે તે ભોગ-વવું. પોતાના મતથી વિરુદ્ધ કામ કરાવવાનો હક માત્ર રાજાનો છે. માત્ર રાજાજ એ હકનો અધિકારી છે; કારણ કે લોકોએ રાજાને સમાજનું હિત અહિત સમજનારો સમજીને રાજ્યાસનપર બેસાડેલો છે. "સારા નઠારાનો વિચાર કરવામાં માત્ર રાજાજ ભ્રાન્તિરહિત છે" એમ માનીનેજ લોકોએ રાજાને પોતાની પ્રવૃત્તિઓનો દમન કરનાર નીમ્યો છે; અને એવી સમજણપૂર્વક જે અધિકાર લોકોએ રાજાને

આપ્યો છે તેટલી યોગ્યતાથી તે કાર્ય કરે તો તેનાથી કોઇના ઉપર જુલમ થવાનો પણ સંભવ નથી. આમ છતાં બધા વખતમાં ને બધી બાબતોમાં અમારી પ્રવૃત્તિઓને અટકાવવાનો અધિકાર તો રાજાનો પણ નથી. અમારા જે કામથી બીજા કોઇનું અહિત થવાનો સંભવ તેને લાગે તેજ કામને અટકાવવાનો તેને હક છે; પરંતુ જે કામથી મારૂં પોતાનુંજ માત્ર અહિત થવાનું હોય તે કામ અટકાવવાનો તો કોઇને પણ હક નથી*. માત્ર મારૂંજ અહિત કે અનિષ્ટ હોય તે બાબતમાં જેમ મને અટકવાની સલાહ આપવાનો મનુષ્યમાત્રનો હક છે; તેમ રાજા પણ મને સલાહ આપી શકે; પરંતુ સલાહ ઉપરાંત મને મારી મરજી વિરુદ્ધ કામ કરતો અટકાવવાને કોઇને હક નથી. સમાજના તમામ માણસોને એવો હક છે કે તે પોતાનું હરેક કામ બીજાનું અહિત ન કરીને પોતપોતાની મરજી પ્રમાણે કરી શકે. બીજાનું અનિષ્ટ કરવું એમાં સ્વેચ્છાચારીપણું કહેવાય; અને બીજાનું અનિષ્ટ થતું ન હોય ત્યાં તેને સ્વતંત્રતાનું નામ અપાય. જે માણસ અમારી સ્વતંત્રતામાં વિઘ્ન નાખે છે, જ્યાં કોઇ બીજાનું અહિત થવાનું નથી ત્યાં પણ અમારા મતની વિરુદ્ધ પોતાના મત પ્રમાણે અમને ચલાવે છે ત્યાં જુલમ છે. રાજા, સમાજ અને સ્નેહી એ ત્રણ આ પ્રકારના જુલમો કરી શકે છે.

રાજાના જુલમને અટકાવવાનો રસ્તો તો ઘણાં વર્ષો પહેલાંથી નીકળી ચૂકેલો છે. સમાજનો જુલમ અટકાવવા માટે પૂર્વકાળમાં કોઇ કોઇ પંડિતોએ શસ્ત્રો ધારણ કરેલાં છે. આ વિષયમાં જોન સ્ટુઅર્ટ

* જો રાજાનો એવો પણ હક સ્વીકારવામાં આવે તો રોગનો ઉપાય ન કરનારને તથા બાળપણમાં કે વૃદ્ધપણામાં વિવાહ કરનારને પણ રાજા સજા કરી શકે, પણ જો રાજાનો એવો હક સ્વીકારવામાં ન આવે તો સતી થતી અટકાવવાના હકનું સમર્થન થઇ શકશે નહિ.

જીવનનો યત્ન ને પંડિતાઇ તેના માહાત્મ્યનો આપણને પરિચય કરાવે છે; પરંતુ સ્નેહનો જુલમ અટકાવવાને કદિ કોઇએ યત્ન કર્યો હોય એવી વાત આજલગી દીઠી કે સાંભળી નથી. કવિઓ સર્વ તત્ત્વોને દર્શાવનારા ને અગાધ જ્ઞાનવાળા હોય છે. તેઓ કશી વાત છોડતા નથી. તેમણે સ્નેહનો જુલમ પણ વર્ણવવો છોડયો નથી. કૈકેયીના જુલમથી દશરથે કરેલો રામનો વનવાસ, દ્યૂતમાં આસક્ત યુધિષ્ઠિરે પોતાના ભાઇઓ, પત્ની, માતા વગેરેને અપાવેલાં દુઃખો ઇત્યાદિ અનેક સ્થાનોમાં કવિઓએ સ્નેહના જુલમની વાતોનું—આ મહાન નીતિ (!)નું પ્રતિપાદન કરેલું છે; પરંતુ કવિ લોકો નીતિવેત્તા હોતા નથી. નીતિવેત્તાઓએ પ્રકટરૂપે આ વિષયમાં કયાંય હાથ નાખ્યો નથી. જો કોઇ ધ્યાન લગાડીને લૌકિક વ્યવહારો ઉપર નજર નાખશે, તો આ વિષયમાં ઉંડા ઉતરવાનું તેને અતિશય પ્રયોજન છે એમ સમજાશે એમાં સંદેહ નથી; કેમકે સંસારમાં સ્નેહનો જુલમ કરનારા જુલમીઓ અનેક છે. પિતા–માતા, ભાઈ–બ્હેન, પતિ–પત્ની, પુત્ર–પુત્રી, સગાં–કુટુંબી, સુહૃદો–ચાકરો ઇ. જે જે સ્નેહ કરે છે તે તે જુલમ અને અનિષ્ટ કરે છે. તમે એમ ચાહતા હો કે સારાં લક્ષણોવાળી, સારાં આચરણોવાળી ને સારા કુળની કન્યા પસંદ કરીને તેની સાથે વિવાહ કરવો; પરંતુ તે પહેલાં તો તમારા પિતાએ તમને પૂછ્યા વિનાજ કોઇની કન્યાની સાથે તમારા વિવાહની વાત ચોકસ કરી દીધી હોય છે. તમે કદિ વાલીપણાની વયમાં હશો તો પિતાની આજ્ઞા માનવામાં સંમતજ થશો; પણ કદિ તેમ નહિ હોય તોપણ તમારા પિતાના સ્નેહને-લીધે તમારે એ વિવાહ કબૂલ કરવોજ પડશે. બીજો દાખલો લો. એક માણસ ગરીબ હાલતમાં છે; દૈવજોગે તેને પરદેશમાં કોઇ સારા પગા-રની નોકરી મળી ગઇ. હવે ત્યાં જઇ તેણે ગરીબાઇની પીડા દૂર કરવા યત્ન કરવા માંડયો; પણ તેટલામાં તો તેની માતાએ રોવું કકળવું આરંભી

દીધું અને પુત્રને પરદેશમાં જતો અટકાવ્યો. માતાના સ્નેહને લીધે તેણે મહાને માટે ગરીબીની બેડી પગમાં પહેરી લીધી! લાયક બાઇઓની કમાણીના નાણાં નકામા નાલાયક બાઇઓ ખાઇ જાય છે, ને ખરચ કરી નષ્ટ કરી નાખે છે, એ પણ સ્નેહનોજ જુલમ. હિંદુ સંસારમાં એ જુલમ હમેશાં નજરે પડે છે. પતિની ઇચ્છા વિરુદ્ધ સ્ત્રીઓ તેને વર્તન કરાવી જે જુલમ કરે છે તેનાં ઉદાહરણો આપવાની જરૂર નથી; કેમકે તેનો તો ઘણેભાગે સૌને અનુભવ છે. સ્ત્રીઓના ઉપર સ્વામીના જુલમના સંબંધમાં વાસ્તવિકપણે અમારે કહેવું પડશે કે તે જુલમનો જેટલો ભાગ સ્નેહનો હોય છે તેના કરતાં મોટો ભાગ તો બાહુબળનો (હાથ—ચાલાકીનો) હોય છે! કેમકે "ઘોડે નાર પાધરી" એવીજ કેટલાક બાળક બુદ્ધિવાળાઓની સમજ હોય છે!

વિચાર કરતાં જણાય છે કે મનુષ્યજીવન જુલમથીજ ભરેલું છે, ને તે અનાદિ કાળથીજ છે એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી. પહેલાંના સમયમાં જ્યારે મનુષ્યજાતિ અણસુધરેલી હાલતમાં હતી ત્યારે બાહુબળનો જુલમ હતો. અણસુધરેલી જાતિ હતી ત્યારે જે બળવાન હોય તે બીજાને પીડા આપતા. કાંઇક સુધારો થયો ને સમાજની તથા રાજ્યની સ્થાપના થઇ ત્યારે તે જુલમ બદલાઇ રાજાનો જુલમ અને ધનિકોનો જુલમ એ રૂપે પરિણામ પામ્યો. એ જુલમ કોઇ સમાજ-માંથી કદિ પણ દૂર થઇ શકતો નથી. બીજી અવસ્થામાં ધર્મનો જુલમ પણ ભૂલવાનો નથી, જાતિ બંધાતાં જાતિનો જુલમ પણ ખરો; ને બધી અવસ્થામાં સ્નેહનો જુલમ તો ખડોજ છે. આ ચાર પ્રકારના જુલમો ગણાવ્યા તેમાં સ્નેહનો જુલમ બીજા જુલમો કરતાં ઓછા બળવાળો કે ઓછું અહિત કરવાવાળો છે એમ ધારવાનું નથી. બધાં કામોમાં ને બધા સમયમાં સ્નેહીના જેવું હાથ નાખનારૂં બીજું કોઇજ હોતું નથી. આથી અમે કહીએ છીએ કે સ્નેહનો જુલમ સૌથી વધારે

હાનિકારક છે; બીજાં તમામ જુલમોની હદ હોય છે અને તે અટકાવી શકાય છે; કેમકે બીજા જુલમોની સામે વિરોધ કરવો સહેલો છે. પ્રજા પીડનાર રાજાને પ્રજાએ ગાદીપરથી ઉઠાડી મૂકયાના અને તેનો પ્રાણ લીધાના દાખલા પણ મળી આવે છે. આમ રાજાનો જુલમ અટકાવાયો છે. જો સમાજના બંધનમાં રહેતાં પીડા થતી હોય તો તે સમાજનો ત્યાગ કરીને તેના જુલમથી પણ છૂટકારો મેળવી શકાય છે. આ પ્રમાણે સમાજનો જુલમ પણ દૂર થઇ શકે છે; પરંતુ ધર્મ અને સ્નેહના જુલમથી છૂટકો થઇ શકતો નથી; કેમકે એની સામે થવાની પ્રવૃત્તિ જ થતી નથી.

મનુષ્ય આ જુલમોને અધીન રહે છે તેનું કારણ મનુષ્યોની જરૂરીઆતોજ જણાય છે. જડ વસ્તુઓને તાબામાં લીધા વિના મનુષ્યના જીવનનો નિર્વાહ ચાલતો નથી. આથી માણસને બાહુબળની આવશ્કતા છે. બાહુબળ ઝાઝું એકઠું કરવાને સમાજ સ્થાપવાની આવશ્યકતા છે. તેને લીધે સમાજનો જુલમ પણ ઉભો થાય છે. જેમ પરસ્પર સમાજના બંધનમાં બંધાયા વિના મનુષ્ય પોતાના જીવનનો ઉદ્દેશ્ય સહેલાઇથી સિદ્ધ કરી શકતો નથી તેમ પરસ્પર સ્નેહબંધને બંધાયા વિના પણ મનુષ્યજીવનનો સારી રીતે નિર્વાહ ચાલી શકતો નથી. આથી જેટલું સમાજબંધન અવશ્યનું છે તેટલુંજ કે તેથી પણ વધારે સ્નેહબંધન અવશ્યનું છે. આથી સમાજનો જુલમ હોવાના કારણથી માણસો સમાજને તજવા યોગ્ય કે અનાદર કરવા યોગ્ય માનતાં નથી. સ્નેહનો પણ જુલમ હોવા છતાં માણસો સ્નેહને તજવા યોગ્ય કે અનાદર કરવા યોગ્ય માનતાં નથી. જેમ માણસો બાહુબળના જુલમનો કે સમાજના જુલમનો ત્યાગ ન કરતાં ધર્મદ્વારા તેને શાંત કરવાનો શ્રમ કરે છે તેમ સ્નેહના જુલમનો પણ તેઓ ત્યાગ ન કરતાં તેને ધર્મદ્વારા શાંત કરવાનો શ્રમ કરે છે. ધર્મનો જુલમ પણ અવશ્ય કરીને છે; પણ તે

જુલમ અટકાવવાને જો કોઇ બીજી શક્તિનો પ્રયોગ કરાશે તો જરૂર એ શક્તિનો પણ જુલમ તો આવવાનોજ; કેમકે જુલમની શક્તિ સ્વાભાવિક છે. જો ધર્મનો જુલમ શાંત કરવાવાળી કોઈ શક્તિ હોય તો તે વસ્તુ જ્ઞાન છે; પરંતુ જ્ઞાનનો પણ જુલમ છે; એનું દૃષ્ટાંત પરિણામવાદ અને પ્રત્યક્ષવાદ છે. એ બંને વાદોના વેગને લીધે હૃદય-સાગરનો મોટો ભાગ સૂકી રેતીના બેટ જેવો બની રહે છે. આથી આપણને એટલું તો સમજાય છે કે જ્ઞાનના જુલમની સામે મનુષ્ય કોઇપણ શક્તિનો ઉપયોગ કરવા સમર્થ નથી.

આથી એમ પણ કહી શકાય કે સ્નેહદ્વારાજ સ્નેહનો જુલમ શાન્ત કરી શકાય. આ વાત સાચી છે, એનો અમે સ્વીકાર કરીએ છીએ; પણ એ સ્નેહ જો સ્વાર્થરહિત હોય તોજ એમ બની શકે છે. સાધારણ રીતે મનુષ્ય પ્રકૃતિજ એવી છે કે સ્વાર્થ વગરનો સ્નેહ મળવો દુર્લભ છે. આ વાતનું ખરેખરૂં તાત્પર્ય ન ગ્રહણ કરતાં મનમાં ને મનમાં એની સામે સંવાદ કરવા ઘણા તત્પર થાય છે. તેઓ એમ કહે છે કે જે માતાએ સ્નેહવશ બની પુત્રને ધન કમાવા પરદેશ જવા ન દીધો, એ માતા શું સ્વાર્થી કહેવાય? જો એ સ્વાર્થી હોત તો પુત્રને ધન કમાવા પરદેશ જવાને ના નજ કહેત; કેમકે કયી માતા પુત્રની કમાઇથી સુખ લેવું નથી ઇચ્છતી? આથી આવા દર્શનસુખની ઇચ્છાવાળા સ્નેહને ઘણા લોકો સ્વાર્થરહિત સ્નેહ માને છે; પરંતુ ખરૂં જોતાં આ વિચાર પણ વાસ્તવિક નથી. આ માતાનો સ્નેહ સ્વાર્થ-રહિત નથી. જે લોકો આ માતાના સ્નેહને સ્વાર્થરહિત કહે છે તેઓ ધનપરાયણતાનેજ સ્વાર્થ માને છે, અને તે શિવાયની બીજી લાલચોને સ્વાર્થ તરીકે સમજી શકતા નથી. તેઓ સમજતા નથી કે ધનલાભ સિવાય પૃથ્વીપર બીજાં પણ સુખસાધનો છે અને એમાંનાં કેટલાંક સુખોની ઇચ્છા તો ધનની ઇચ્છા કરતાં પણ વધારે બલવાન છે. જે

માતાએ ધનનો મોહ છોડીને પુત્રનું મોં જોવાની લાલસાને લીધે પુત્રને સદાને માટે ગરીબીમાં ફેંકી દીધો, અથવા પુત્રને પોતાની દશા સુધારવાની આવેલી તક હાથમાંથી ગુમાવરાવીને પણ પોતાનું સુખ તાક્યું, એ માતા ધનના સુખને ચાહતી નથી પણ પુત્રને સદા જોવાનું સુખ ચાહે છે. એ સુખ માતાનું પોતાનું છે, પુત્રનું નથી. માતાને જોવાથી જો પુત્રને સુખ થતું હોય તો તે જુદી વાત છે, પણ તેમાં પુત્રની ઇચ્છા હોવી જોઇએ. અહીંઆં તો માતાએ એટલું ચાહ્યું કે મારે નિત્ય પુત્રનું મોં જોવું. એની ઇચ્છાને લીધે એણે પુત્રને દરિદ્રતાના દુઃખવડે દુઃખી બનાવવાનું ચાહ્યું, એટલે માતા સ્વાર્થપરાયણ છે; કેમકે એણે પોતાના સુખને માટે બીજાને દુઃખી કર્યો.

મનુષ્યના સ્નેહનો ઘણો ભાગ આ રીતે સ્નેહી ને સ્નેહપાત્ર બંનેના ચિત્તને સુખદાયક થતો નથી; કેમકે તેમાં પશુચરિત્રની સ્વાર્થપરાયણતા રહેલી છે. ખરેખરો સ્નેહી સ્નેહપાત્રના સુખને માટેજ પોતાના સ્નેહસુખની અભિલાષા રાખે છે. આવો સ્નેહ તે જ સ્વાર્થરહિત સ્નેહ કહેવાય છે. સ્નેહનું વાસ્તવિક સુખ સ્નેહવાળા થવામાંજ છે; પણ જ્યારે સ્નેહવાળો માણસ પોતાના સુખની અભિલાષા કરે છે ત્યારે તેવા સ્નેહને—સાધારણ મનુષ્યના એ સ્નેહને—આપણે સ્વાર્થવૃત્તિનું નામ આપવું અયોગ્ય નથી.

પોતાનો સ્વાર્થ સાધવા સારૂજ કાંઈ મનુષ્યહૃદયમાં સ્નેહ સ્થાપવામાં આવેલો નથી, પરંતુ મનુષ્યનું ચરિત્ર હજુલગી એવી ઉચ્ચ હદ લગી પહોંચેલું નહિ હોવાથી મનુષ્યોનો સ્નેહ હજુ લગી પશુ જેવોજ રહ્યો છે. પશુ જેવો એટલા માટે કે પશુઓમાં પણ સંતાન પ્રતિનો સ્નેહ, દામ્પત્ય સ્નેહ અને તે ઉપરાંત અન્ય પ્રકારનો પરસ્પર સ્નેહ પણ છે; અને તે મનુષ્યના સ્નેહ કરતાં લેશ પણ ઓછો નહિજ.

સ્નેહનું યથાર્થ સ્વરૂપજ સ્વાર્થરહિતપણું છે. મનુષ્યહૃદયમાં

જેટલી જેટલી વૃત્તિઓ છે તેમાં સ્નેહવૃત્તિ સૌથી પવિત્ર ને મંગલકારી છે; પણ તે સ્વાર્થરહિત હોય તોજ. જે માતાએ પુત્રના સુખને માટે પુત્રનું મુખ જોવાના સુખની લાલસાનો ત્યાગ કર્યો, તે માતાજ યથાર્થ સ્નેહવાળી છે. જે સ્નેહી પોતાના સ્નેહપાત્રના ભલાને માટે પોતાના સ્નેહસુખના ભોગને છોડી શકે તેનેજ સાચો સ્નેહી સમજવો.

સાધારણ મનુષ્યોનો સ્નેહ જ્યાં લગી આવો પવિત્ર બની શકે નહિ, ત્યાં લગી તેમના સ્નેહમાંથી સ્વાર્થપરાયણતાનું કલંક દૂર થઇને સ્નેહનો પૂરેપૂરો વિકાસ થશે નહિ. જે ઠેકાણે સ્નેહ આવી રીતે વિશુદ્ધ થયો હશે અથવા જેના હૃદયમાં એવો વિશુદ્ધ સ્નેહ વસેલો હશે ત્યાંજ સ્નેહવડે સ્નેહના જુલમનો અટકાવ થઇ શકે છે અને થયો છે. એવાં વિશુદ્ધ સ્નેહવાળાં મનુષ્યો દુર્લભ નથી; પરંતુ અમે આ નિબંધમાં એવાં મનુષ્યોની વાત કરવા ચાહ્યું નથી; કેમકે એવાં મનુષ્યો એવો સ્નેહનો જુલમ પણ કરતાં નથી. અમે તો સ્નેહના જુલમની વાત કરવા ચાહ્યું છે. હવે કહેવાનું એ છે કે સ્નેહને ધર્મના અમલ નીચે રાખવાથીજ સ્નેહનો જુલમ અટકી શકે છે. સ્નેહના જુલમને અટકાવવાનો એ એકજ ઉપાય છે. તો એ ધર્મ કેવો છે ?

ધર્મની કોઇ ગમે તેવી વ્યાખ્યા કરે, પણ ધર્મ એક છે. માત્ર બેજ મૂળ સૂત્રોમાં તમામ નીતિશાસ્ત્રો કહી શકાય. એમાંનું એક સૂત્ર પોતા સંબંધી છે ને બીજું પરસંબંધી છે. જે પોતા સંબંધી છે તેને આત્મસંસ્કારનીતિનું મૂળ કહી શકાય છે. પોતાના ચિત્તની શુદ્ધિની રક્ષા ને ચિત્તનો વિકાસ, એ પહેલા સૂત્રનો હેતુ છે. બીજું સૂત્ર પરસંબંધી હોવાથી તેને યથાર્થ ધર્મનીતિનું મૂળ કહી શકાય છે. (૧) બીજાનું અનિષ્ટ ન કરવું; અને (૨) યથાશક્તિ બીજાનું ભલું કરવું. એ મહાન વાક્યમાં જગત આખાના ધર્મશાસ્ત્રોનો સાર સમાઇ જાય છે. તમામ ધર્મશાસ્ત્રોનું એજ મૂળ છે ને એજ ફળ છે. બીજાં નીતિવાક્યો

તમે ગમે તેટલાં બોલશો; પરંતુ તેનો આ એક વાક્યમાંજ આદિ ને અંત સમાઇ જશે. આત્મસંસ્કારનીતિનાં તમામ તત્ત્વોની સાથે આ મહાનીતિવાક્યનું ઐક્ય છે. બીજી રીતે કહીએ તો પરહિતનીતિ અને આત્મસંસ્કારનીતિ એ બંને એકજ તત્વની ભિન્ન ભિન્ન વ્યાખ્યાઓ છે. પરોપકારમાં પ્રવૃત્તિ કરવી અને બીજાનું અહિત કરતાં અટકવું; એજ તમામ નીતિશાસ્ત્રોના ઉપદેશનો સારાંશ છે.

આથીજ આ ધર્મનીતિનાં મૂળ સૂત્રોનો આધાર લેતાં સ્નેહનો જુલમ અટકાવી શકાય છે. જ્યારે કોઈ સ્નેહ કરવાવાળો માણસ સ્નેહપાત્રના કોઇ કામમાં હાથ નાખવા તૈયાર થાય ત્યારે તેણે પોતાના મનમાં એવો દૃઢ સંકલ્પ કરી રાખવો જોઇએ કે હું કેવળ મારા પોતાના સુખને માટે એમાં હાથ નાખીશ નહિ. મને પોતાને જેટલું દુઃખ સહન કરવું પડશે તે કરીશ; પરંતુ મારા સ્નેહપાત્રને કોઈ પણ અનિષ્ટ કાર્યમાં જોડીશ નહિ.

આ વાત સાંભળવામાં બહુજ નાની અને સાધારણ લાગે છે, અને જુની કહેવત ફરી કહેવાતી હોય એમ જણાય છે; પરંતુ સમય આવતાં તે પ્રમાણે ચાલવું એ એટલું સહેલું નથી. ઉદાહરણ લેવા માટે રામના વનવાસની વાતજ લઇએ એટલે આ નિયમને આચારમાં મૂકવામાં કેટલી મુશ્કેલી છે તે વાત ઘણા માણસોના સમજવામાં આવશે. ત્યાં કૈકેયી અને દશરથ બંને સ્નેહના જુલમમાં પ્રવૃત્ત થયાં છે. કૈકેયી દશરથ ઉપર અને દશરથ રામના ઉપર સ્નેહનો જુલમ કરવા તત્પર થયેલ છે. આમાં કૈકેયીનું કામ સ્વાર્થપરાયણતાવાળું અને નીચતાવાળું જગતમાં દીર્ઘ કાળથી જાણીતું છે. કૈકેયીનું કામ સ્વાર્થવાળું ને નીચ છે એ સત્ય છે, પણ તેના તરફ એટલાં બધાં કડવાં વચનોનો વરસાદ થાય છે તે યોગ્ય નથી. કૈકેયીએ પોતાના હિતની કોઇ યાચના કરી નહોતી; તેણે પોતાના પુત્રનું હિત ચાહ્યું હતું. એ

વાત સાચી છે કે 'પુત્રના હિતમાંજ માતાનું હિત છે; પરંતુ એમાં સંદેહ નથી કે આપણા દેશનાં માતાપિતાઓ પોતાની જ્ઞાતિના ગુસ્સાના ભયને લીધેજ પોતાના પુત્રને વિલાયત અભ્યાસ કરવાને જવા દેતાં નથી તેનો મુકાબલો કરતાં કૈકેયીનું કાર્ય સ્વાર્થરહિત છે.

એ વાતને જવા દો. કૈકેયીના ગુણદોષનો વિચાર કરવા માટે આપણે અત્યારે બેઠા નથી, દશરથે સત્ય પાળવા માટે રામને વનમાં મોકલી ભરતને રાજ્ય આપ્યું; તેથી એને પોતાને પ્રાણાધિક પુત્રનો વિયોગ સ્વીકારવો પડયો ને પોતાના પ્રાણ પણ ખોવા પડયા. આથી ભારતવર્ષના ઇતિહાસનાં પાનાંમાં તેમનો યશ છવાઇ ગયો; પરંતુ ધર્મ નીતિના વિચારથી એ સિદ્ધ થાય છે કે દશરથે પોતાના પુત્રને અધિકારથી–રાજ્યપદવીથી દૂર કર્યો ને વનવાસ આપી પોતાના સત્યનું પાલન કર્યું, તો એમાં એમણે ઘોર અધર્મ પણ કર્યો છે.

અમે પૂછીએ છીએ કે સત્ય (પ્રતિજ્ઞા) માત્ર પાળવા યોગ્યજ હોય છે? કોઇ કુળવતી સતી મુશ્કેલીમાં આવી જતાં અથવા ઉંડો વિચાર ન રહેતાં કોઇ લંપટ પાસે પોતાના સતીત્વ ધર્મનો ત્યાગ કરવાને વચને બંધાઇ ગઇ, તો શું એ સત્ય (પ્રતિજ્ઞા)નું તેણે પાલન કરવા તત્પર થવું કે? જો કોઇ માણસ પોતાના મિત્રને મારવાની પ્રતિજ્ઞા કોઇ ઠગના ભરમાવ્યાથી કરે તો શું તેનું પણ પાલન કરવું કે? જો કોઇ ઘોર મહા પાપ કરવાને પ્રતિજ્ઞા લે તો શું તે પ્રતિજ્ઞા પણ પાળવા યોગ્ય હોઇ શકે કે?

જ્યાં પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી થનાર અહિત કરતાં પ્રતિજ્ઞાને પાળવામાં વધારે અહિત થતું હોય ત્યાં તેનું ઉલ્લંઘન કરવું કે પાલન કરવું? ઘણા એમ કહેશે કે ત્યાં પણ પ્રતિજ્ઞાનું પાલનજ કરવું; કેમકે સત્ય એ નિત્યધર્મ છે. અવસ્થાભેદે પુણ્ય કાંઇ પાપ થઇ જતું નથી; પરંતુ જો આપ પુણ્ય અને પાપનો આવોજ નિયમ કરશો કે જ્યાં

કાર્યે કરનારની મરજીમાં ઠીક લાગ્યું તે કર્તવ્ય છે ને અઠીક લાગ્યું તે અકર્તવ્ય છે, તોપછી જગતમાં પુણ્ય અને પાપ વચ્ચેનો ભેદજ રહેશે નહિ ! પછી તો લોકો પાપને પણ પુણ્યકર્મ માનીને ઘોરતર મહા પાપોમાં પ્રવૃત્ત થશે. અમે આ તત્ત્વનો વિચાર અહીં કરીશું નહિ; કેમકે પરિણામી હિતવાદના લખનારાઓએ તેનો નિર્ણય કરેલો છે, માટે સ્થૂલ વાર્તારૂપેજ તેનો ઉત્તર આપીશું.

જ્યાં આવી રીતે નિર્ણય કરવામાં મુંઝવણ આવી પડે ત્યાં ધર્મ-નીતિનાં ઉપર અમે જે બે મૂળ સૂત્રો કહ્યાં છે તે વડેજ પાપપુણ્યની પરીક્ષા કરવી.

"સત્યજ હમેશાં પાળવા યોગ્ય છે ?" એ પ્રશ્નનો નિર્ણય કરવા પહેલાં આ પ્રશ્નનો નિર્ણય કરવો જોઇએ, કે સત્ય પાળવા યોગ્ય શામાટે છે ?" સત્ય પાલનનું એક મૂળ ધર્મનીતિમાં છે અને એક મૂળ આત્મસંસ્કારનીતિમાં છે. આપણે આત્મસંસ્કારનીતિને ધર્મનીતિનો અંશ ગણેલો નથી; એટલે આપણે ધર્મનીતિનું મૂળજ જોઇએ. ધર્મ-નીતિનું મૂળ સૂત્ર એ છે કે "જે વડે બીજાનું અનિષ્ટ થાય તે અ-કર્તવ્ય છે." સત્યનો ભંગ કરતાં બીજાનું અનિષ્ટ થાય છે માટેજ સત્ય પાળવા યોગ્ય છે; પણ જ્યાં એવું બનતું હોય કે સત્યનું પાલન કરતાં બીજાનું ઘણુંજ અનિષ્ટ થતું હોય અને સત્યનો ભંગ કરતાં બીજાનું અનિષ્ટ થતું ન હોય ત્યાં સત્ય પાળવા યોગ્ય નથી. દશરથે સત્યનું પાલન કરતાં રામનું બહુજ અનિષ્ટ થયું, પણ સત્યનો ભંગ કર્યો હોત તો કૈકેયીનું તેવું કશું અનિષ્ટ થયું નહોત. કોઇ કહે કે દશરથ રાજાનું દૃષ્ટાન્ત લઇને પ્રજાસમાજ પણ સત્યનો ભંગ કરતાં શીખે; માટે પ્રજા વર્ગમાં એવું અનિષ્ટ આચરણ ન પ્રવર્તે તે સારૂજ દશરથે વચન પાલન કરવાની આવશ્યકતા હતી; તો તેને અમે કહીશું કે વિના વાંકે રામને પોતાના અધિકારથી ભ્રષ્ટ કરવાનો દાખલો જોતાં પ્રજામાં તેના

કરતાં પણ વિશેષ અનિષ્ટ આચરણ પ્રવર્ત્તવાનો સંભવ છે. કેમકે દશરથનું એ કામ તો રાક્ષસી કામ જેવું છે; ને પ્રજાવર્ગને એવો દાખલો પૂરો પાડવો એ તો વિશેષ હાનિકારક છે. આથી એમ લાગે છે કે આ સ્થળે દશરથે સત્યનું પાલન કર્યું એ એક મહાપાપ જ કરેલું છે. *

અહીં દશરથ રાજા સ્વાર્થપરાયણતાથી રહિત નથી. સત્યભંગ કરવાથી જગતમાં એમનું કલંક ગવાશે, એ બીકેજ એમણે રામને પોતાના અધિકારથી ભ્રષ્ટ કરી વનવાસ આપેલો છે. આથી યશની રક્ષારૂપી સ્વાર્થને વશ થઇનેજ તેમણે રામનું અનિષ્ટ કરેલું છે. આ વાત સાચી છે કે એને ખાતર તેમણે પોતાના પ્રાણની હાનિનો પણ સ્વીકાર કરેલો છે, પરંતુ તેમને પ્રાણ કરતાં પણ યશ વધારે વહાલો હતો તેથી પોતાના ઇષ્ટ રૂપ તે યશનું રક્ષણ કરવારૂપ સ્વાર્થજ એમાં તેમણે સાધ્યો છે. સ્વાર્થપરાયણતાના આવા દોષ સાથે જોડાઇને બીજાનું અહિત કરવું તે ઘોરતર પાપ છે.

સ્વાર્થરહિત પ્રેમ અને ધર્મની એકજ ગતિ અને એકજ પરિણામ છે. એ બંનેનું લક્ષ્ય બીજાનું કલ્યાણ છે. વસ્તુતઃ પ્રેમ અને ધર્મ એકજ વસ્તુ છે. બધો સંસાર જ્યારે પ્રેમનો વિષય બને ત્યારે એ પ્રેમજ ધર્મ નામને પ્રાપ્ત થાય છે. ધર્મ જ્યાંલગી 'સાર્વજનિક પ્રેમના રૂપને ધારણ કરતો નથી ત્યાં લગી તે પૂર્ણતાને પામતો નથી; પરંતુ માણસોએ સ્નેહને ધર્મથી નોખો પાડી દીધેલ છે. આથી સ્નેહનો જુલમ રોકવા માટે ધર્મના અંકુશ નીચેજ સ્નેહનું શાસન કરવું એ જરૂરનું છે.

---

* કેમકે परोपकाराय पुण्याय पापाय परपीडनम् એજ સૂત્ર પુણ્ય અને પાપના નિર્ણયમાં મુખ્ય છે.

બાહુબળ અને વાણીબળ.

સમાજનાં દુઃખો દૂર કરવા માટે ઇતિહાસમાં બે જાતના ઉપાયો વર્ણવેલા છે. ૧ બાહુબળ અને ૨ વાણીબળ. એ બંને બળ વિષે અમારે જે કહેવાનું છે તે કહેવા પહેલાં સમાજનાં દુઃખોની ઉત્પત્તિ વિષે કાંઇક બોલવું જરૂરનું છે.

મનુષ્યનાં દુઃખોનાં કારણ ત્રણ છે.

(૧) કેટલાંક દુઃખો જડવસ્તુઓના ગુણદોષથી ઉપજે છે. બાહ્ય જગત કેટલાક નિયમોના તાબામાં વર્તે છે. મનુષ્ય પણ એ બાહ્ય જગતનોજ એક ભાગ હોવાથી તે પણ એવા તમામ નિયમોને અધીન છે. નૈસર્ગિક (કુદરતી) નિયમોનું ઉલ્લંઘન કરતાં અને રોગાદિક ઉપજતાં તેને અનેક પ્રકારનાં શારીરિક ને માનસિક કષ્ટો થાય છે.

(૨) બાહ્ય જગતની પેઠે આન્તર જગત પણ અનેક મનુષ્યોનાં દુઃખનું કારણ છે. કેટલાક માણસો બીજાની લક્ષ્મી કે સંપત્તિ જોઇને દુઃખી થાય છે, તો કેટલાક તેવું જોઇને સુખી પણ થાય છે. કોઇ ઇંદ્રિયોનો સંયમ રાખવામાં સુખી દેખાય છે તો કોઇને ઇંદ્રિયોના સંયમમાં મહાન દુઃખ લાગે છે.

(૩) મનુષ્યનાં દુઃખોનું મૂળ સમાજ છે. મનુષ્ય સુખી થવા-માટેજ સમાજમાં જોડાય છે. પરસ્પર સહાયતા મળવાથી સૌને ઘણું સુખ થશે એવા વિચારથી સર્વ માણસો સાથે નિવાસ કરે છે; એથી જો કે ઘણે ભાગે ઉન્નતિ પણ થાય છે પરંતુ અનેક જાતનાં અમંગલ પણ તેથી જ થાય છે. દારિદ્રયનું દુઃખ એ પણ સામાજિક દુઃખ છે; જ્યાં સમાજ નથી ત્યાં દારિદ્રય પણ નથી.

કેટલાંક સામાજિક દુઃખો માત્ર સમાજસંસ્થાપનાનાજ ફળરૂપ છે. જેમકે દારિદ્રય; જેમ પ્રકાશ હોય ત્યાં ×અંધકાર પણ તેની છાયારૂપે સાથે સાથે હોયજ હોય; તેમજ ગરીબાઇ આદિ દુઃખો પણ સમાજ બંધાયો એટલે હોયજ હોય. એ તમામ સામાજિક દુઃખનો નાશ કદી પણ થવાનો સંભવ નથી; પરંતુ કેટલાંક એવાં સામાજિક દુઃખો કે જે સમાજના નિત્યફળ જેવાં નથી હોતાં, તેનું નિવારણ થઇ શકે તેમ હોય છે; અને તેથી તેનો નાશ કરવો એ સામાજિક ઉન્નતિનો મોટો ધર્મ છે. સમાજના માણસો એવાં તમામ સામાજિક દુઃખોનો નાશ કરવાને ઘણાં વર્ષોથી મહેનત કરે છે. એ મહેનતનો ઇતિહાસ એજ સભ્યતાના ઇતિહાસનો પ્રધાન અંશ છે. સમાજનીતિ ને રાજનીતિ એ બંને પ્રકારનાં નીતિશાસ્ત્રોનો માત્ર એજ એક ઉદ્દેશ છે.

એ બંને પ્રકારનાં સામાજિક દુઃખો હું કેટલાંક ઉદાહરણો વડે સમજાવવાની મહેનત કરીશ. સ્વાધીનતાનો નાશ, એ એક દુઃખ છે એમાં સંદેહ નથી; પરંતુ સમાજમાં રહેતાં જરૂર સ્વાધીનતાનો કાંઇક નાશ તો સ્વીકારવોજ પડશે. હું સમાજમાં છું એટલે જેટલાં મનુષ્યો સમાજમાં છે તેનો કાંઇક કાંઇક અધીન છું, અને સમાજના ચાલકોનો વિશેષ રીતે આધીન છું આથી સ્વાધીનતાની હાનિ એ પણ એક સામાજીક નિત્ય દુઃખ છે.

× પ્રકાશ અને અંધકારની ઉપમા સંપૂર્ણ અને શુદ્ધ છે. એ સત્ય છે કે આપાંણે આપણા મનમાં એવા એક જગતની કલ્પના કરી શકીએ કે જયાં પ્રકાશમાન સૂર્ય વિના બીજું કશું હોયજ નહિ, માત્ર ત્યાં પ્રકાશજ હોય, અંધકાર નહિ. તેમ આપણે મનમાં એક એવા સમાજની પણ કલ્પના કરી શકીએ કે જયાં માત્ર સુખજ હોય, દુઃખ નહિ, પરંતુ એવું જગત ને એવો સમાજ એ બંને કેવલ મનઃકલ્પિતજ હોઇ શકે; વાસ્તવિક નહિ.

સ્વાધીનતા એક પરમ સુખ છે; ને તેનો નાશ એ પરમ દુઃખ છે. પરમેશ્વરે આપણને જે તમામ શારીરિક અને માનસિક વૃત્તિઓ આપી છે, તેની સ્ફૂર્તિથીજ આપણને શારીરિક અને માનસિક સુખ મળે છે. એણે આપણને આપેલી આંખો વડે જોવાથી આપણને આંખોનું સુખ મળે છે. આંખો મળ્યા છતાં આપણે હમેશાં તે બંધ કરી રાખીએ તો આંખોના સંબંધમાં હમેશાં દુઃખીજ રહેવાય. જો હું ક્યાંક ક્યાંક ક્યારે ક્યારે આંખો મીંચી જવા માટે બંધાયલો છું તો તેટલા અંશમાં આંખના સંબંધમાં હું દુઃખી ઠરૂં છું. મને બુદ્ધિ મળી છે, તો તે બુદ્ધિની સ્ફૂર્તિ રહે તેમાંજ મારૂં સુખ છે; પરંતુ મને મારી બુદ્ધિનો વિકાસ કરવામાં અથવા મારી બુદ્ધિ પ્રમાણે ચાલવામાં જેટલો અટકાવ થાય છે, તેટલો બુદ્ધિના સંબંધમાં હું દુઃખી છું. સમાજમાં રહેતાં હું તમામ જોવા જેવી વસ્તુઓ જોઈ શકતો નથી; અને તમામ બાબતોમાં બુદ્ધિ ચલાવી શકતો નથી. મનુષ્યપર વાઢકાપ કરીને હું વિજ્ઞાન મેળવી શકતો નથી અથવા રાજમહેલમાં પેસીને મારી જોવાની અભિલાષાને તૃપ્ત કરી શકતો નથી; એ વાતો સમાજ-માટે લાભકારી હોવા છતાં પણ સ્વાધીનતાનો નિષેધ કરનારી છે. આથી એ પણ સામાજિક નિત્ય દુઃખ છે.

દારિદ્ર્યની વાત તો પહેલાંજ બોલી ગયો છું. અસામાજિક અવ-સ્થામાંજ કોઇપણ દરિદ્ર નથી. વનના ફલમૂલ ઇત્યાદિ પદાર્થો ઉદર-નિર્વાહમાટે સૌને મળી શકે તેવા છે; તેમજ નદીનું જળ ને ઝાડોની છાયાનો ઉપભોગ પણ સૌ લઇ શકે તેમ છે. શરીરરક્ષાને માટે ખાન, પાન, ને રહેઠાણની જેટલી જરૂર હોય તેથી વધારે જ્યાં કોઇ ઇચ્છતું નથી, સંગ્રહ કરવાની કોઇ આવશ્યકતા સમજતું નથી, ને યત્ન પણ કરતું નથી; ત્યાં એકને મુકાબલે બીજો ગરીબ હોય એમ છેજ નહિ. આથી સમજી શકાય છે કે સામાજિક અવસ્થામાં દારિદ્ર્ય

નથી. દારિદ્ર્ય એ એકનો બીજા સાથે મુકાબલો થતાંજ ગણાય છે, ને એ મુકાબલો થવો એ સમાજમાં રહેવાનું નિત્યફળ રૂપ હોવાથી દરિદ્રતા એ સામાજિકતાથી ઉપજેલું નિત્ય દુઃખ છે.

આ બધાં સામાજિકતાનાં ફળ હોઇને જ્યાંલગી મનુષ્યો સમાજના રૂપે મળીને રહે ત્યાં લગી એ ફળો નિવારણ કરી શકાય તેમ નથી; પરંતુ કેટલાંક સામાજિક દુઃખો એવાં પણ છે કે જે અનિત્ય છે અને નિવારણ કરી શકાય તેવાં છે. આપણા દેશમાં અમુક કોમમાં બાલવિધવાઓ ફરી વિવાહ કરી શકતી નથી, તે સામાજિક રીવાજને લીધે ઉપજેલું સામાજિક દુઃખ છે; કુદરતી નથી. સમાજનો ધારો ફરે તો એ દુઃખ દૂર થઇ શકે તેવું છે. હિંદુસમાજ સિવાય અન્ય સમાજમાં એ દુઃખ નથી. સ્ત્રીઓ સંપત્તિની અધિકારિણી થઇ શકતી નથી, એ વિલાયતી સમાજનું એક સામાજિક દુઃખ છે. સમાજના વ્યવસ્થાપકોની કલમને એકજ ઝપાટે તે નિવારણ થઇ શકે તેમ છે. અનેક સમાજમાં એ દુઃખ નથી. ભારતવર્ષના લોકો સ્વદેશમાં રાજકાજના ઉંચા હોદ્દાઓ પામી શકતા નથી એ પણ નિવારણ થઇ શકે તેવા સામાજિક દુઃખનું જ ઉદાહરણ છે.

જે સામાજિક દુઃખો અનિવાર્ય છે તેના નાશને માટે પણ મનુષ્યો યત્નવાન બનેલા છે. સામાજિક દરિદ્રતા નિવારવાને માટે જેઓ યત્ન કરે છે, તેઓ યુરોપમાં સોશિયાલિસ્ટ, કમ્યુનિસ્ટ ઇત્યાદિ નામોથી ઓળખાય છે. સ્વાધીનતાની સાથે સમાજને જે વિરોધ છે તેને ઓછો કરવા માટે મિલે "સ્વાધીનતા" Liberty નામક અપૂર્વ ગ્રંથ પ્રકટ કર્યો છે. ઘણાઓ એ ગ્રન્થને દેવકૃપાએ પ્રાપ્ત થયેલી વાણી જેવો માને છે. જે અનિવાર્ય છે તેનું નિવારણ થવું સંભવે નહિ; પરંતુ તે અનિવાર્ય દુઃખનું પ્રમાણ તો ઓછું કરી શકાય છેજ. મૃત્યુજનક રોગની પણ ચિકિત્સા હોય છે, ને તેથી દરદ કાંઇક ઓછું પણ થાય છેજ; માટે જેઓ

સામાજિક નિત્ય દુઃખોના નિવારણ માટે યત્ન કરે છે તેમનો પરિશ્રમ પણ નકામો માનવાનું કારણ નથી.

નિત્ય અને અપરિહાર્ય દુઃખોનો નાશ થવો સંભવે નહિ, પણ બીજાં સામાજિક દુઃખોનો ઉચ્છેદ સંભવિત હોઇને તે કાર્ય મનુષ્યથી બની શકે તેવું છે. એવાં દુઃખોના નિવારણ માટે જનસમૂહ સદા યત્નવાન રહે છે. મનુષ્યોનો ઇતિહાસ તે એ યત્નનોજ ઇતિહાસ છે.

પૂર્વે કહેવાઇ ગયું છે કે સામાજિક નિત્ય દુઃખો એ સમાજની સ્થાપનાનાંજ અનિવાર્ય ફળ છે. સમાજ બંધાયો ત્યારથીજ તે ફળ તેની સાથે જોડાયલાં છે; પરંતુ બીજાં દુઃખો ક્યાંથી આવ્યાં ? એ દુઃખો સમાજનું અપરિહાર્ય ફળ . હોવા છતાં પણ તે આવ્યાં ક્યાંથી ? આ પ્રશ્નનો વિચાર એ દુઃખોના નવારણ માટે અવશ્ય કરવા યોગ્ય છે.

એ દુઃખો સમાજના અત્યાચારથી ઉપજેલાં છે. પહેલાં અત્યાચારના સંબંધે થોડું સમજાવવું જરૂરનું છે; નહિ તો અનેક વાચકો કહેશે કે વળી સમાજ ઉપર અત્યાચાર શો ને કોનો ? શક્તિનો અયોગ્ય ઉપયોગ એ અત્યાચાર કહેવાય. જુઓ ગુરૂત્વાકર્ષણ ઇત્યાદિ કુદરતી શક્તિઓ નિયમિત રીતે ચાલે છે, અને તેમાં ક્યારે પણ વધઘટ કે ફેરફાર થતો નથી. એવા નિયમો મૂળથીજ સ્થાપિત અને અનુલ્લંઘનીય હોય છે; પરંતુ જે શક્તિ મનુષ્યના હાથમાં છે તેની એ રીતે સ્થિરતા નથી. મનુષ્યના હાથમાં શક્તિ આવતાં તે તેનો રીતસર ઉપયોગ પણ કરે અને ગેર રીતે પણ કરે. જેટલી શક્તિનો ઉપયોગ કરતાં કાર્યની સિદ્ધિ થાય અને બીજાનું કાંઇ અનિષ્ટ ન થાય તેને રીતસર ઉપયોગ—વિહિત પ્રયોગ કહીશું; પણ તેનાથી વધારે ઉપયોગ તે અવિહિત પ્રયોગ છે. દારૂની શક્તિના વિહિત પ્રયોગે શત્રુનો નાશ થાય છે ને અવિહિત પ્રયોગે તોપ ફાટી જાય છે. શક્તિનો આવો વધારા પડતો પ્રયોગ તેનુંજ નામ અત્યાચાર છે.

મનુષ્ય એ શક્તિને રહેવાનું સ્થળ અથવા આધાર છે, અને સમાજ એ મનુષ્યોનું સ્થળ અથવા આધાર છે, એટલે સમાજ પણ ઘણી શક્તિનું એકત્ર થયેલું બળ છે. એ એકત્ર થયેલા બળનો વિહિત પ્રયોગ થાય તો તેમાં મનુષ્યોનું કલ્યાણ છે—દિન દિન સમાજની ઉન્નતિ છે; પણ અવિહિત પ્રયોગ થાય તો સમાજને દુઃખ છે. સામાજિક શક્તિનો આવો અવિહિત પ્રયોગ તેનું જ નામ સામાજિક અત્યાચાર છે.

પરંતુ વાત હજુ લગી સ્પષ્ટ થઇ નહિ. સામાજિક અત્યાચાર એટલે શું તે સમજાયું; પરંતુ તે અત્યાચાર કરે કોણ ? અને કોના ઉપર અત્યાચાર કરે ? સમાજ એ મનુષ્યોનો સમૂહ છે. એ બેમાં મળેલાં મનુષ્યો શું પોતે પોતાનાપર અત્યાચાર કરે ? અથવા પરસ્પર સહાય કરવાના હેતુથી જેમણે સમાજ બંધનોનો સ્વીકાર કર્યો તેઓજ શું પરસ્પર અત્યાચાર કરે ? છે તો તેમજ, પણ 'હા એમજ' એમ પણ કહી શકાતું નથી. એટલું સ્મરણમાં રાખવાનું છે કે અત્યાચાર શક્તિનો જ થાય છે. જેના હાથમાં સામાજિક શક્તિ છે તેજ અત્યાચાર કરે છે. જેમ ગ્રહ વગેરે જડ પદાર્થોની ગુરુત્વાકર્ષણશક્તિ એક કેંદ્રમાં એકઠી થએલી છે, તેમ સમાજની પણ પ્રધાન શક્તિ એક કેંદ્રમાં એકઠી થએલી છે. એ શક્તિનું નામ **શાસનશક્તિ** છે, ને તે એક કેંદ્રમાં–રાજા અથવા શાસન કરનારાઓમાં–રહેલી છે. સમાજની રક્ષાને માટે શાસકની આવશ્યકતા છે. બધાજ શાસનકર્ત્તા બને તો અનિયમ. થાય અને મતભેદ ઉપજી શાસન થવું અસંભવિત બને. તેથીજ હરેક સમાજમાં શાસનનું કામ એક અથવા એકથી વધારે વ્યક્તિઓને સોંપાયું હોય છે. તેઓ સમાજનીજ આપેલી શાસનશક્તિને ધારણ કરનારા છે. તેઓ સમાજનુંજ કેંદ્ર છે; છતાં તેઓ મનુષ્ય છે, અને મનુષ્ય માત્રમાં ભ્રાંતિ ને સ્વમાન હોય છે. આથી-

અમલના ઘમંડને પણ તેઓ સમાજે આપેલી શક્તિનો સમાજની ઉપર અયોગ્ય પ્રયોગ કરે છે, અને આત્મમાનને કારણે પણ કદિ કદિ તેવો પ્રયોગ કરે છે.

ઉપલા દાખલાથી એક એવા સામાજિક અત્યાચારીનો પત્તો મળ્યો કે તે રાજપુરુષ છે, અને તેનાથી અત્યાચાર પામનાર તે સમાજનો બાકીનો અંશ છે; પરંતુ અસલમાં આ પ્રકારના અત્યાચારી કેવળ રાજા અથવા રાજપુરુષજ નહોતા. લોકસમાજ ઉપર જેનું શાસન ચાલતું હોય છે તેજ સંપ્રદાયોપર અત્યાચાર કરે છે. પ્રાચીન ભારતવર્ષમાં બ્રાહ્મણો રાજપુરુષ ગણાતા નહિ, તથાપિ પ્રધાનપણે શાસક (અધિકાર ચલાવનાર) સમાજમાં તેઓજ હતા. આર્યોના સમાજને તેઓ ચલાવે તેમ તે સમાજ ચાલતો. સમાજને તેઓ બેડીઓ પહેરાવે તો તેને પણ સમાજ અલંકાર સમજીને પહેરી લેતો. મધ્યકાળમાં યુરોપનો ધર્માચાર્ય વર્ગ પણ એવોજ હતો. રાજપુરુષ ન હોવા છતાં પણ તે યુરોપીઅન સમાજનો શાસક હતો—ઘોર અત્યાચારી હતો. પોપો યુરોપના રાજા નહોતા, માત્ર થોડી જમીનનાજ માલિક હતા. તેમ છતાં તેઓ આખા યુરોપના ઉપર ઘોર અત્યાચાર કરી ગએલા છે. ગ્રેગરી અને ઇનોસેંટ, લિઓ અને આડ્રિઅન યુરોપમાં જેટલો અત્યાચાર કરી ગયા છે, તેટલો અત્યાચાર તો બીજો ફિલિપ, ચૌદમો લુઇ, આઠમો હેન્રી ને પહેલો ચાર્લ્સ પણ કરી શક્યા નથી.

કેવળ રાજપુરુષો કે ધર્માચાર્યોનેજ દોષ દઈ શકાય એમ નથી. વર્તમાન સમયમાં ઈંગ્લાંડનાં રાજા કે રાણી કોઇ રીતનો અત્યાચાર કરવાને શક્તિવાન નથી. શાસન શક્તિ આ સમયે એમના હાથમાં નહિ પણ વર્તમાનપત્રના એડીટરોના હાથમાં હોવાથી એડીટરો અત્યાચાર કરનારા છે. જ્યાં સામાજિક શક્તિ એકત્ર હોય ત્યાંથીજ સામાજિક અત્યાચાર પણ થઇ શકે છે.

પરંતુ કેવળ સમાજના શાસનકર્તા ને વ્યવસ્થાપકોજ અત્યાચારી હોય છે, એમ નથી. બીજી રીતનો સામાજિક અત્યાચાર પણ હોય છે. જે વિષયમાં રાજશાસનની સત્તા નથી, જે વિષયમાં ધર્મશાસનની સત્તા નથી ને જે વિષયમાં કોઇ પ્રકારના શાસનની સત્તા નથી તે તમામ વિષયમાં સમાજ કોને મતે ચાલે છે ? એવે સ્થળે સમાજ ઘણા લોકોના મત પર ચાલે છે. જે સ્થળે બધા સમાજનો એક મત છે ત્યાં કાંઇપણ ગડબડ નથી; તેમ કાંઇપણ અત્યાચાર પણ થતો નથી, પણ એવી રીતે તમામ લોકોનો એક મત થવો બહુ દુર્લભ છે. સર્વ સ્થળે મતભેદ સંભવે છે. મતભેદ થતાં ઘણા લોકોના મત પ્રમાણે સર્વને ચાલવું પડે છે, અને એવી રીતે ભિન્ન મતવાળો થોડો વર્ગ પોતાને બહુમતી પ્રમાણે ચાલવું પડે તેને મહાન દુઃખ કે અત્યાચાર માને છે, તેમને ઘણા લોકોના મત પ્રમાણે ચાલવુંજ પડે છે; નહિ તો સમાજનો મોટો ભાગ એ નાના ભાગને પોતાથી નોખો કરી દે છે, અથવા બીજી રીતે સામાજિક દંડ દઇ પીડા પહોંચાડે છે. એ પણ એક ઘોરતર સામાજિક અત્યાચારજ છે, કે જેને નાના વર્ગ પર મોટા વર્ગના અત્યાચારને નામે ઓળખી શકાય છે.

આપણા દેશના ઘણા લોકોનો મત એવો છે કે હિંદુ વંશની ઉચ્ચ જાતિમાં જે જન્મે તે સ્ત્રી વિધવા થતાં તેનાથી પુનર્વિવાહ થાય નહિ. તેમજ કોઇ હિંદુ સંતાનથી સમુદ્રપાર જઇ શકાય નહિ. થોડાનો મત એ છે કે વિધવાવિવાહ કર્તવ્ય છે ને દેશોન્નતિ માટે ઇંગ્લાંડયાત્રા, યુરોપયાત્રા કે અમેરિકાગમન અવશ્યનું છે; પરંતુ જો એ અલ્પાંશના લોકો પોતાના મત પ્રમાણે કામ કરે—વિધવાવિવાહ કરે કે ઇંગ્લાંડ જાય તો તેને બહુમતીવાળો સમાજ બહાર—નાત-બહાર—કરી મૂકે. એ બહુમતીએ કરેલો થોડા મતવાળા ઉપરનો અત્યાચાર છે.

ઇંગ્લાંડનો મોટો ભાગ ઇસુખ્રિસ્તનો ભક્ત છે અને ઈશ્વરવાદી છે, તેથી ત્યાં જે ખ્રિસ્તી ધર્મમાં શ્રદ્ધા ન ધરાવનારો અથવા ઈશ્વરને ન માનનારો થોડો ભાગ છે તે હિંમત કરીને પોતાનો મત દર્શાવી શક્તો નથી; જો દર્શાવે તો સમાજની વિવિધ પ્રકારની પીડામાં તે આવી પડે છે. મિલ મરણ પર્યંત પોતાની ભક્તિશૂન્યતા પ્રસિદ્ધ કરી શક્યો નહોતો; ને તે પ્રસિદ્ધ ન કર્યા છતાં માત્ર સંદેહ દર્શાવતાંજ તેને પાર્લામેન્ટમાં દાખલ થતાં અનેક વિઘ્નો આવી પડ્યાં હતાં; ને મૃત્યુ પછી પણ તેણે અનેક ગાળો ખાધી છે. આ પણ સામાજિક ઘોર અત્યાચાર સમજવો.

આથી સામાજિક અત્યાચારીઓને બે પ્રકારમાં વહેંચી શકાય. ૧ સમાજના શાસક અથવા વ્યવસ્થાપક, અને ૨ સમાજના અધિકાંશ લોક. આ બંનેના અત્યાચારથી સામાજિક દુઃખોની ઉત્પત્તિ થાય છે; ને તે સામાજિક દુઃખો સમાજની અવનતિનાં કારણ બને છે. આ દુઃખોનું નિવારણ કરવું એ મનુષ્યનું આવશ્યક કર્તવ્ય હોઇ તે થઇ શકે તેમ છે. એ બધા અત્યાચારોનું નિવારણ કયા કયા ઉપાયો વડે થઇ શકે ? એના બે ઉપાય છે. ૧ બાહુબળ અને ૨ વાણીબળ.

બાહુબળ કોને કહે છે ને વાણીબળ કોને કહે છે ? તે પહેલાં સમજાવાશે. તે પછી તેનો પ્રયોગ સમજાવાશે, તથા તેના જુદા જુદા ભેદ દર્શાવીને તેનો મુકાબલો પણ કરી બતાવાશે.

કોઇને એ સમજાવવું પડે તેમ નથી કે જે બળથી વાઘ હરણના બચ્ચાને મારી ખાઇ જાય છે, અને જે બળે નાદિરે દિલ્હીમાં કતલ ચલાવી હતી એ બંને બાબતોમાં બાહુબળ એકજ પ્રકારનું છે. હું લખતાં લખતાં જોઉં છું તો એક ગરોળી, માખોને પકડી આનંદે ખાય છે ! સેસોસ્ટ્રીસથી સિકંદર લગી જેઓએ સામ્રાજ્ય સ્થાપન કર્યાં છે—સંસારમાં મોટા મોટા ખલીફા અને પાદશાહોમાંથી

જેઓએ સામ્રાજ્યો સ્થાપી, સાચવ્યાં છે; તેમનું બળ અને આ ભૂખી ગરોળીનું બળ એકજ પ્રકારનું હોઇને તેનું નામ બાહુબળ છે. સુલતાન મહમ્મુદ સોમનાથનું મંદિર લૂંટીને લઇ ગયો અને આ કાળા મોંવાળી બિલાડી ઉંદરને પકડી નાશી ગઇ; એ બંને શૂરવીર છે—બંનેમાં બાહુબળ છે. સોમનાથનું મંદિર લૂંટનાર મહમ્મુદ અને મારૂં કપડું કરડી ખાનાર ઉંદર એ બંનેમાં ઘણું અંતર છે એ હું કબૂલ કરૂં છું. વળી મહમ્મુદના લાખો સિપાઇઓ અને એકલી બિલાડી એમાં પણ બહુ અંતર છે. સંખ્યા અને શરીરમાં અંતર હોવા છતાં પણ પરાક્રમમાં બહુ અંતર દેખાતું નથી. સાગર પણ જળરૂપ છે અને ઝાકળનું ટીપું પણ જળરૂપ છે. મહમ્મુદનું પરાક્રમ અને એ બિલાડીનું પરાક્રમ એકજ રીતનું છે. બંને કામો બાહુબળનાં પરાક્રમ છે. પૃથ્વીના વીર પુરુષોને પણ ધન્ય ! અને તેમનાં ગુણગાન કરનારા ઇતિહાસલેખકોને પણ ધન્ય !

કોઇ કોઇ કહેશે કે માત્ર બાહુબળેજ કદિ કોઇ સામ્રાજ્ય સ્થપાતું નથી. માત્ર બાહુબળેજ પાણીપત કે સેડન જીતાયું નથી. કેવળ બાહુબળથીજ નેપોલિઅન કે માર્લબરો વીર નથી. હું કબૂલ કરૂં છું કે કાંઇક કુશળતા—બુદ્ધિબળ—મળ્યા વિના એકલા બાહુબળે કોઇ સિદ્ધિ થતી નથી; પરંતુ એવું કુશળપણું માત્ર મનુષ્ય વીરોમાંજ હોય છે એમ નથી. શું આપ એમ સમજો છો કે ગરોળી વગર કુશળતાએ માખીને પકડી શકે છે ? અથવા વગર કુશળતાએ બિલાડી ઉંદર પકડે છે ? બુદ્ધિબળના સંયોગ વિના બાહુબળની સ્ફૂર્તિ થતી નથી. અરે બુદ્ધિબળ વિના કોઇ પણ જાતના બળની સ્ફૂર્તિ નથી.

આથી સ્વીકારવું પડે છે કે જે બળથી મનુષ્ય અને અન્ય પ્રાણીઓ સ્વાર્થસિદ્ધિ કરે છે તે બાહુબળજ છે. એને પશુબળ કહેવું

જોઇએ; અને કાર્યસિદ્ધિનો એ છેલ્લો ઉપાય છે. જે કાર્યની સિદ્ધિ બીજી કોઇ રીતે થતી ન હોય તેની સિદ્ધિ બાહુબળે સત્વર થાય છે * એવી કોઇ ગાંઠ નથી કે જે છરીથી કપાય નહિ; ને એવો કોઇ પત્થર નથી કે જે ઘા મારતાં ભાગે નહિ. બાહુબળ એજ સંસારમાં સૌથી છેલ્લી કોર્ટ છે. બધી અપીલો પછી છેલ્લી અપીલ ત્યાંજ છે. પછી એના ઉપર બીજે ક્યાંય અપીલ નથી. બાહુબળ પશુનું બળ છે, પરંતુ મનુષ્ય પણ હજુ લગી કોઇ કોઇ અંશમાં પશુજ હોવાથી બાહુબળજ મનુષ્યનું પ્રધાન આધારરૂપ છે.

પરંતુ પશુઓના બાહુબળમાં ને મનુષ્યોના બાહુબળમાં એક મહાન ભેદ છે. પશુઓ બાહુબળનો વ્યવહાર નિત્ય કરે છે, પરંતુ માણસોને બાહુબળનો ઉપયોગ નિત્ય કરવો પડતો નથી. એનાં બે કારણો છે. પહેલું કારણ અનેક પશુઓનો ઉદર ભરવાનો ઉપાય માત્ર બાહુબળજ હોય છે. બીજું કારણ એ છે કે બાહુબળનો પ્રયોગ થયા સિવાય તેને એ પ્રયોગની સંભાવના પણ નથી, એટલે તે માત્ર બાહુબળનેજ વશ થાય છે. જો પશુઓ પણ મનુષ્યોની પેઠે સમાજબદ્ધ થાય, તોજ તેઓ બાહુબળના પ્રયોગનું નિવારણ કરી શકે, તે વિના નિવારણ કરવાનો સંભવજ નથી. એક પુસ્તકમાં (પંચતંત્રમાં) એવી વાત લખેલી છે કે એક જંગલમાં પશુઓએ જોયું કે સિંહ તેમાંનાં અનેક પશુઓને રોજ મારી ખાય છે, ત્યારે તેમણે સિંહ સાથે

---

* અંતર્બળ અથવા અધ્યાત્મબળ એ પશુબળ કરતાં ચડીયાતું છતાં હિંદની વર્તમાન દશામાં તે બળનો અભાવ હોવાને લીધે જ— "અસમર્થો ભવેત્સાધુઃ" ની પેઠે "હશે એનું કર્યું એ ભોગવશે" ઇ૦ ફિલસુફી નબળાઇને ઢાંકવાના બહાના તરીકે વપરાય છે; અને તે જોતાં બંકિમબાબુ શરીરબળને અહીં પ્રાધાન્ય આપે છે તે પણ સારૂં જ કરે છે. અં૦ની.

એવો નિયમ કર્યો કેઃ—" તમારે હમેશાં પશુઓ પર અત્યાચાર કરવાની કાંઇ જરૂર નથી; તમારે વાસ્તે રોજ એક પશુ મોકલાવી આપીશું." અહીં પશુઓએ સમાજબદ્ધ થએલા મનુષ્યોના જેવું કામ કર્યું, ને સિંહવડે થતો હંમેશના બાહુબળનો પ્રયોગ અટકાવ્યો. મનુષ્યો બુદ્ધિ વડે સમજે છે કે કયા પ્રસંગે બાહુબળ આવી પડવાનો સંભવ છે ? ને સામાજિક બંધનદ્વારા શી રીતે તેનો અટકાવ થઇ શકશે ?

રાજા માત્ર બાહુબળેજ રાજા છે, પરંતુ હમેશાં બાહુબળનો ઉપયોગ કરી પ્રજાને તેઓ પીડતા નથી, તેનું કારણ એ છે કે પ્રજા સમજે છે કે આ એક હજાર કે એક લાખ સિપાઇઓ રાજાને તાબે છે; એટલે જો રાજાની સામા થઇશું તો આપણો જરૂર નાશ થશે આમ બાહુબળના પ્રયોગનો સંભવ વિચારી પ્રજા રાજાની આજ્ઞા સામે થતી નથી, ને બાહુબળ પણ વપરાતું નથી; છતાં બાહુબળનું જે ફળ છે તે સિદ્ધ થાય છે. આ બાજુ લાખોની સેના જે રાજાને તાબે છે તેનું કારણ પણ પ્રજાનું ધન ને પ્રજાનોજ અનુગ્રહ છે. પ્રજાનું ધન જે રાજાના ખજાનામાં છે અને પ્રજાનો અનુગ્રહ જે રાજાને મળ્યો છે તેનું કારણ સમાજનો નિયમ છે. આથી આ જગતપર બાહુબળનો પ્રયોગ ન થવાનું મુખ્ય કારણ મનુષ્યોની દૂરદર્શિતા ને ગૌણ કારણ સમાજબંધન છે.

આ નિબંધમાં અમે ગૌણ કારણો છોડી દીધાં છે ને છોડી દઇશું. સામાજિક અત્યાચાર જે જે બળે દૂર કરી શકાય તે વિચારવાનેજ અમે પ્રવૃત્ત છીએ. સમાજબંધન સ્વીકાર કરેલું ન હોય તો સામાજિક અત્યાચારનું હોવાપણું નથી. સમાજબંધનજ તમામ સામાજિક અત્યાચારનું નિત્ય કારણ છે, અને તેથી સુધારાવધારા માટે જરૂરનું લાગે તો તે કારણને છોડી પણ શકાય છે.

એમ સમજી શકાય છે કે—" આમ કરીશ તો મારાપર શાસન-કર્ત્તાના બાહુબળનો પ્રયોગ થશે " એ માન્યતાજ બાહુબળનો પ્રયોગ અટકવાનું મૂળ કારણ છે; પરંતુ મનુષ્યની દૂરદર્શિતા સૌ વખતે એક સરખી રહેતી નથી--તે બધે વખતે બાહુબળનો ભય રાખતી નથી. સમાજમાં જેઓ ઝીણી બુદ્ધિવાળા છે તેઓ સમજી શકે છે કે અમુક સંયોગોમાં બાહુબળનો પ્રયોગ થવાની સંભાવના છે, એટલે તેઓ બીજાને એ વાત સમજાવે છે. લોકો તે ઉપરથી જાણીતા થઇ જાય છે કે જો અમે આ વખતે અમુક કર્ત્તવ્ય નહિ કરીએ તો જરૂર અમારાપર બાહુબળનો પ્રયોગ થવાનો સંભવ છે. આમ અશુભ ફળના ભયની બીકે અવળે માર્ગે ચાલનારા લોકો સીધા રસ્તાપર ચાલે છે.

જ્યારે સમાજનો એક ભાગ બીજા ભાગને પીડે ત્યારે તે દુઃખ મટાડવાના બે રસ્તા છે, બાહુબળ અને વાણીબળ. જ્યારે રાજા પ્રજાને પીડા કરતા સહજમાં અટકે નહિ ત્યારે પ્રજા બાહુબળનો ઉપયોગ કરે છે. કદિ કદિ જો કોઇ રાજાને એમ સમજાવે કે તમે આ રીતે પીડા કરશો તો પ્રજા તરફથી બાહુબળનો પ્રયોગ થવાનો ભય છે; તો રાજા અત્યાચારથી અટકી પણ જાય છે.

ઇંગ્લાંડનો રાજા પહેલો ચાર્લ્સ, પ્રજાના બાહુબળથી અધિકાર પામ્યો હતો એ વાત સૌ જાણે છે. તેનો પુત્ર બીજો જેમ્સ, પ્રજાનો બાહુબળનો ઉદ્યોગ જોતાંજ દેશ છોડી નાશી ગયો હતો; પરંતુ એ રીતે બાહુબળના પ્રયોગનું પ્રયોજન સર્વ ઠેકાણે ઘટતું નથી. બાહુબળનો ભયજ બસ છે. પ્રતાપશાળી અંગ્રેજો જે બાબતમાં એમ સમજે છે કે " આ કામમાં હાથ નાખતાં પ્રજા અસંતુષ્ટ થશે " તે કામમાં હાથ નાખવાના નહિજ. ૧૮૫૭–૫૮ ની સાલમાં તેઓને સમજાયું છે કે બાહુબળમાં હિંદનો પ્રજાવર્ગ તેમના જેવો બળવાન નથી તોપણ

પ્રજાની સાથે બાહુબળની પરીક્ષા કરવી સુખકારક નથી. આથીજ બાહુબળના પ્રયોગની આશંકા લાગતાંજ તેઓ સ્વેચ્છિત માર્ગે ગતિ કરવાના નહિ.

આથી કેવળ ભાવિ (ભવિષ્યમાં થવાનો સંભવ હોય તેવું) ખરાબ ફળ સમજાવી શકાવાથી બાહુબળનો પ્રયોગ કર્યા વિના પણ તેનું કામ સિદ્ધ થાય છે. એ સમજાવવાની પ્રવૃત્તિ પણ બાહુબળના પ્રયોગની નિવૃત્તિ કરનારી એક શક્તિ—એક બળ—છે. એ પ્રવૃત્તિમાં વાણીવડેજ કામ કરવાનું હોવાથી આ સ્થળે તે વાણીબળને નામે ઓળખાવાય છે.

એ વાણીબળ અતિ આદરયોગ્ય પદાર્થ છે. બાહુબળથી અનેક મનુષ્યોનો સંહાર થાય છે, તેમ બીજાં પણ ઘણાં અનિષ્ટ થાય છે; પરંતુ લોહીનું ટીપું પણ પડયા વિના તથા હથિયારનો ઘા થયા વિના-જ બાહુબળથી થનારૂં કામ વાણીબળ સિદ્ધ કરે છે; આથી વાણીબળ એટલે શું ? તેનું લક્ષણ, પ્રયોગ ને વિધાન શી રીતનાં હોય છે ? તે વિષે વિશેષ વિચાર કરવો જરૂરનો છે. આ અમારા દેશમાં આ સમયે એવી રીતના પ્રયોગની કાંઇ સંભાવના પણ નથી; તેમ તે કર્તવ્ય પણ નથી; જેથી સામાજિક અત્યાચાર નિવારણમાટે વાણી-બળની ઉન્નતિ જેમ બને તેમ કરવી એ પણ પ્રયોજન ઠરે છે.

વાસ્તવિક રીતે બાહુબળ કરતાં વાણીબળ સર્વ પ્રકારે શ્રેષ્ઠ છે. બાહુબળે તો આજ લગી સંસારની કેવળ અધોગતિજ કરેલી છે. સમાજની જે કાંઇ ઉન્નતિ થઇ છે તે વાણીબળેજ. સમાજનીતિ, રાજનીતિ, ધર્મનીતિ, સાહિત્ય, વિજ્ઞાન, શિલ્પ ઇત્યાદિમાં જે જે ઉન્નતિ થઇ છે તે વાણીબળેજ. જે વક્તા, જે કવિ, જે લેખક, જે દાર્શનિક, વૈજ્ઞાનિક, નીતિવેત્તા, ધર્મવેત્તા, વ્યવસ્થાપકો વગેરે જણાય છે, તે તમામ વાણીબળ વડેજ બળવાન છે.

આથી કોઇએ એમ ન સમજવું કે બાહુબળનું નિવારણ થવું એજ કેવળ વાણીબળનું ફળ છે અથવા તે માટેજ વાણીબળની યોજના છે. માણસો કાંઇક કાંઇક પણ ભાગનો ત્યાગ કરીને ઉન્નત દશામાં આવી ઉભાં છે. અનેક વાર માણસો ભયનું કારણ ન હોય તો પણ સત્કર્મોના અનુષ્ઠાનમાં જોડાય છે. જો **સમગ્ર સમાજમાં કોઇવાર એક સાથે કોઇ બાબતના સારા અનુષ્ઠાનની પ્રવૃત્તિ ઉપજે તો તે સત્કાર્ય અવશ્ય સિદ્ધ થાય છે.** એવા સત્કાર્યમાં સાધારણ જનસમાજની પ્રવૃત્તિ સુજ્ઞ પુરૂષોના ઉપદેશ વિના કદિ થતી નથી. સાધારણ મનુષ્યવર્ગ અજ્ઞ હોય છે, તેમને વિચારશીલ મનુષ્યો શિખામણ આપે છે, એ શિખામણ દેનારી ઉપદેશમાળા જો યથાયોગ્ય ને બળવંત હોય તો જ તે સમાજના હૃદયમાં ઉતરે છે; ને જે સમાજના હૃદયમાં સજ્જડપણે ચોંટી જાય છે, તેને સમાજ છોડે પણ નહિ; તે કામમાં તે જોડાયજ. ઉપદેશના વાણીબળે હલમલી રહેલો સમાજ ફેરવાતો જાય છે અને સમાજનું ઇષ્ટ આ રીતે વાણીબળે જેવું સિદ્ધ થાય છે તેવું કદિપણ બાહુબળે સિદ્ધ થતું નથી.

મુસા, ઇસા, શાક્યસિંહ, શંકરાચાર્ય વગેરે મહાત્માઓએ માત્ર વાણીબળે પૃથ્વીનું જે હિત કર્યું છે, તેનો સોમો ભાગ પણ બાહુબળવાળાથી થઇ શકેલ નથી. કોઇપણ સમયે કોઇ સમાજમાં બાહુબળે હિત કર્યુંજ નથી એમ કહેવાનો આશય નથી. આત્મરક્ષામાટે બાહુબળજ શ્રેષ્ઠ છે. અમેરિકાનો મહાન ઉન્નતિ કરનારો વીર વૉશિંગ્ટન બાહુબળવાળો હતો. હોલાંડ ને બેલજીઅમનો મહાન ઉન્નતિ કરનાર વીર વિલિયમ બાહુબળશાળી હતો, અને ભારતવર્ષની આધુનિક દુર્ગતિનું કારણ બાહુબળનો અભાવ પણ છે; પરંતુ સાધારણ રીતે દેખી શકાય છે કે બાહુબળ કરતાં વાણીબળેજ મોટે ભાગે જગતનું હિત સાધ્યું છે. બાહુબળ એ પશુનું

બળ છે. વાણીબળ એ મનુષ્યનું બળ છે; પરંતુ ગમે તેમ બકબકાટ કરવો એનું નામ જ કાંઇ વાણીબળ નથી. વાણીમાં જે બળ જણાય છે; તેનેજ હું વાણીબળ કહું છું. વિચારશીલ મનુષ્યો વિચારવડે લોકોપકારક તત્ત્વો મનમાંથી પ્રકટ કરે અને તે તત્ત્વોને વક્તાઓ તથા લેખકો લોકોના હૃદયમાં છાપે, એ બંને બળના એકત્ર થવાનેજ હું વાણીબળ કહું છું.

ઘણીવાર એ બંને રીતનું બળ એક માણસમાં પણ જોવાય છે, અને ક્યાંક ક્યાંક એ બંને બળો જુદાં જુદાં પણ હોય છે. એકત્ર હો કે જુદાં જુદાં હો; પરંતુ બંને બળોનું એકઠું થવું તેનું નામજ વાણીબળ છે.

ચિત્તશુદ્ધિ.

હિંદુધર્મનો સાર ચિત્તશુદ્ધિ છે. આથી જે લોકો હિંદુધર્મ ઉપર વિશેષ અનુરાગી હોય અથવા જે લોકો હિંદુધર્મના યથાર્થ મર્મને સમજવાને ઇચ્છા રાખતા હોય તેઓને હું આગ્રહ કરૂં છું કે તેમણે આ તત્ત્વપર વિશેષ ધ્યાન આપવું. ચિત્તશુદ્ધિના જેટલું બીજું કોઇ તત્ત્વ હિંદુધર્મના મર્મમાં રહેલું જણાતું નથી. સાકારની ઉપાસના હોય કે નિરાકારની ઉપાસના હોય, એકેશ્વરવાદ હોય કે બહુ દેવોનું મંડન હોય, દ્વૈતવાદ હોય કે અદ્વૈતવાદ હોય, કર્મમાર્ગ, ભક્તિમાર્ગ કે જ્ઞાનમાર્ગ ગમે તે હોય; પરંતુ ચિત્તશુદ્ધ પાસે એ બધાં ગૌણ છે. એ સર્વ ચિત્તશુદ્ધિ થઇ હોય તો સાર્થક છે; અને નહિ તો નિરર્થક છે. જેનું ચિત્ત શુદ્ધ નથી તેને કોઇ ધર્મ લાભપ્રદ નથી; પરંતુ જેનું ચિત્ત શુદ્ધ છે તેને બીજા કોઇ ધર્મનું પ્રયોજન નથી. ખરી રીતે જોઇએ તો ચિત્તશુદ્ધિ કેવલ હિંદુધર્મનોજ સાર છે એમ નથી, તે તમામ ધર્મોનો સાર છે. ચિત્તશુદ્ધિ એ હિંદુધર્મનો સારાંશ છે, મુસલમાની ધર્મનો સારાંશ છે, ખ્રિસ્તી ધર્મનો સારાંશ છે, અને ટુંકામાં પૃથ્વીપર ચાલતા તમામ ધર્મો તથા સંપ્રદાયોનો સાર છે. જેનું ચિત્ત શુદ્ધ છે તેજ શ્રેષ્ઠ હિંદુ, શ્રેષ્ઠ ખ્રિસ્તી, શ્રેષ્ઠ બૌદ્ધ, શ્રેષ્ઠ મુસલમાન અને શ્રેષ્ઠ ધાર્મિક છે; પરંતુ જેનું ચિત્ત શુદ્ધ નથી તે કોઇપણ ધર્મમાં ધાર્મિક ગણાતો નથી. ચિત્તની શુદ્ધિ એજ ધર્મ છે અને ખાસ કરીને હિંદુ ધર્મમાં એની પ્રબલતા છે. એટલે જેનું ચિત્ત શુદ્ધ નથી તે હિંદુજ નથી. ભલે તે મનુસ્મૃતિ આદિ ધર્મશાસ્ત્રોમાં કહેલી સંપૂર્ણ વિધિઓ પ્રમાણે કામો કરે તેમ છતાં તે હિંદુ કહી શકાય નહિ.

એ ચિત્તશુદ્ધિ તે શું છે ? એ વાત એક બે લક્ષણોદ્વારા સમજાવવાને યત્ન કરીએ. ચિત્તશુદ્ધિનું પહેલું લક્ષણ ઇંદ્રિયસંયમ છે. ઇંદ્રિયસંયમનો અર્થ એવો કરવાનો નથી કે તમામ ઇંદ્રિયોનો એકદમ વિધ્વંસ કે ઉચ્છેદ કરવો; એનો અર્થ એટલોજ છે કે ઇંદ્રિયોને કાબુમાં લેવી. ઉદાહરણ તરીકે ઉદરંભરિતાની વાત કરીએ. ઉદર ભરવાની વૃત્તિ એ એક જાતની ઇંદ્રિયપરતા છે. હવે એ ઇંદ્રિયના સંયમનો અર્થ એવો ન સમજવો કે કદિ ખાવુંજ નહિ અને વાયુભક્ષણ કરીને ચલાવવું; અથવા ક્ષુદ્ર કે ખરાબ અન્નનું ભક્ષણ કરવું. શરીરપોષણ અને આરોગ્ય રક્ષણ માટે જેટલા અને જેવા આહારની જરૂર છે તે તો અવશ્ય લેવોજ, એથી ઇંદ્રિયસંયમમાં કાંઇ હરકત થતી નથી. ઇંદ્રિયસંયમ એ એવો કઠણ વિષય પણ નથી. વિશેષમાં એમ પણ કહી શકાય કે જિતેંદ્રિય માણસ આસક્તિરહિત થતાં સારાં સારાં ભોજનો લે તોપણ હાનિ નથી.* તાત્પર્ય એજ છે કે વિષયમાં આસક્તિનો અભાવ એજ ઇંદ્રિયસંયમ છે. આત્મરક્ષા કે ધર્મરક્ષા અર્થાત્ ઇશ્વરી નિયમની રક્ષા માટે જે ઇંદ્રિયભોગ આવશ્યક છે તેના કરતાં વધારે જે ઇંદ્રિયપરિતૃપ્તિની અભિલાષા કરે તેનાથી ઇંદ્રિયસંયમ થઇ શકે નહિ. જે એવી અભિલાષા ન કરે તેજ જિતેંદ્રિય છે. જેને ઇંદ્રિયપરિતૃપ્તિમાં સુખ નથી, લાલસા નથી, કેવળ ધર્મરક્ષા એજ લક્ષ્ય છે તેજ સંયતેંદ્રિય છે.

એવાં અનેક માણસો દેખાય છે કે જેઓ ઉપરથી જોઇએ તો ઇંદ્રિયપરિતૃપ્તિથી તદ્દન વિમુખ જણાય છે; પરંતુ તેઓ મનની

---

* रागद्वेषविमुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् । आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति. (गीता अ. २ श्लो. ६४) રાગદ્વેષથી રહિત આત્મા—મનને વશ એવી ઇંદ્રિયોવડે વિષયોને આચરતો—વશ અંતઃકરણવાળો પુરુષ પણ ચિત્તની શુદ્ધિને—ચિત્તપ્રસાદને—પામે છે.

મલિનતા ધોઇ શક્યાં હોતાં નથી. લોકલજ્જા માટે આબરૂ સંપાદન કરવા માટે, ઐહિક ઉન્નતિમાટે કે ધાર્મિકપણાના ઢોંગમાટે તેઓ જિતેંદ્રિય મનુષ્ય જેવું આચરણ રાખે છે; પરંતુ અંતઃકરણમાં ઇંદ્રિય-ભોગની લાલસા બહુ પ્રબલપણે વસેલી હોય છે, જન્મથી મરણલગી તેઓ ભોગી થયા ન હોય તોપણ ઇંદ્રિયસંયમથી તેઓ બહુ દૂર હોય છે. આવા ધર્મઢોંગીઓમાં અને ઇંદ્રિયપરાયણ રહેનારાઓમાં ઘણોજ થોડો ફેર છે. એ બન્ને પ્રકારના માણસો આ લોકના નરકના અગ્નિમાં સળગ્યા કરે છે. ઇંદ્રિયોને તૃપ્ત કરો કે ન કરો પણ ઇંદ્રિયસંયમ ત્યારેજ સિદ્ધ થશે કે જ્યારે ભૂલે ચૂકે પણ મનમાં ઇંદ્રિયપરિતૃપ્તિનો વિચાર આવશે નહિ; શરીરરક્ષા અથવા ધર્મરક્ષામાટે ઇંદ્રિયોને કૃતકાર્ય કર્યા છતાં પણ તેને દુઃખજ સમજાઇ ખરૂં સુખ અનુભવાશે નહિ; એવું ન બને તો કઠોર યોગ અને કઠોર તપશ્ચર્યા સર્વે વૃથા છે.

પરંતુ ચિત્તશુદ્ધિની અપેક્ષાએ ઇંદ્રિયસંયમ પણ તુચ્છ વાત છે. ઇંદ્રિયસંયમ કરતાં ચિત્તશુદ્ધિ અતિ કઠણ લક્ષણવાળી છે. ઘણા લોકો એવા હોય છે કે જેઓ જિતેંદ્રિય હોય પણ અનેક કારણોથી તેમનાં ચિત્ત શુદ્ધ હોતાં નથી. એમના મનમાં ઇંદ્રિયસુખોની ઇચ્છા ન હોવા છતાં પણ એવી એવી પ્રબલ વાસનાઓ હોય છે, કે "હું સારો કહેવાઉં, મારૂં બધું સારૂંજ કહેવાય, મને ધન મળે, મને આબરૂ મળે, મને સંપત્તિ, ધન અને સૌભાગ્ય મળે, હું મોટો માણસ થાઉં અને બીજા સૌ મારા કરતાં નાના રહે". જેઓનાં અંતઃકરણોમાં આવી આવી વાસનાઓ હોય છે તેઓ હમેશાં એવીજ ચેષ્ટા ને ઉદ્યોગમાં મંડયા રહે છે કે એવું કોઇ કામ નથી કે જે તેઓ ન કરે અને એવો કોઇ વિષય નથી કે આને છોડીને તે એમાં મન ન લગાડે. આવા માણસો ઇંદ્રિયાસક્ત માણસો કરતાં પણ અતિ હલકા છે; તેમની પાસે તો ધર્મ, કર્મ, જ્ઞાન અને ભક્તિ એ કોઇ વસ્તુજ નથી ! ઈશ્વરને માનવા

છતાં પણ એમને હિસાબે ઈશ્વર કાંઈજ નથી અને જગત છતાં પણ એના મનથી તે કાંઈજ નથી, કેવળ તેના પોતાના સિવાય અન્ય કશુંજ નથી ! આવી આત્મસંભાવના અને સ્વાર્થપરતા, ચિત્તશુદ્ધિમાં ઇંદ્રિયાસક્તિ કરતાં પણ વધારે વિઘ્નરૂપ છે. પરોપકારભાવ ઉપજ્યા વિના કદિ ખરી ચિત્તશુદ્ધિ થતી નથી. જ્યારે એમ સમજાશે કે જેવો હું છું તેવોજ બીજો છે, જેમ હું મારા સુખને શોધું છું તેમ બીજો પણ પોતાના સુખને શોધેજ; જ્યારે પોતાનાથી બીજાને જુદો ન સમજે, જ્યારે પોતાના કરતાં પણ બીજાને વધારે આત્મીય ગણે, જ્યારે ધીરે ધીરે પોતાનું પોતાપણું ભૂલી જઈ બીજાનેજ સર્વસ્વ સમજે, જ્યારે બીજામાં પોતાપણાને લીન કરી શકે અને જ્યારે તેનો પોતાનો આત્મા વિશ્વવ્યાપક—સમગ્ર વિશ્વમય—બની જાય ત્યારેજ ખરી ચિત્તશુદ્ધિ થશે. જો એમ ન થાય તો લંગોટી લગાવી, સંસાર છોડી, આંગણે આગણે હરિને નામે ભીખ માગી રખડયા કરવાથી ચિત્તશુદ્ધિ થશે નહિ. બીજી તરફ જોઇશું તો હીરાજડિત આભૂષણો પહેરી રાજ-સિંહાસને બેઠેલો રાજા જો પોતાની એક રાંકડી રૈયતના દુઃખને પોતાનુંજ દુઃખ સમજે તો તેનું ચિત્ત શુદ્ધ ગણવું જોઇએ. જે રાજા વિશ્વામિત્ર જેવા ઋષિને એક ગાય દઈ ન શકયો તેનું ચિત્ત શુદ્ધ થયું ન ગણાય અને જે રાજાએ શરણે આવેલા હોલાને બદલે પોતાનું માંસ કાપીને બાજને દીધું તેનું ચિત્ત શુદ્ધ થયું કહેવાય.

પરંતુ આની અપેક્ષાએ પણ ચિત્તશુદ્ધિના મોટા સાધનરૂપ અથવા લક્ષણરૂપ એક વસ્તુ છે, તે જાણવી જોઈએ. જે તમામ પ્રકારની શુદ્ધિને ઉપજાવનારી છે; જે પોતેજ શુદ્ધિરૂપે છે; જેની કૃપા, ધ્યાન અને અનુકમ્પા વિના શુદ્ધિ થતી નથી; જેમાં ગાઢ ભક્તિજ ચિત્તશુદ્ધિનું પ્રધાન લક્ષણ છે; ઇંદ્રિયસંયમનું બળ અને પરાર્થપરતા પણ જેની મહત્તાના ચિંતન અને ગાઢ અનુરાગવડે સરળતાથી પ્રાપ્ત થઈ

શકે છે; એવી ઇશ્વરભક્તિજ ચિત્તશુદ્ધિનું સર્વોત્તમ સાધન અને સર્વ ધર્મનું મૂળ છે.

ચિત્તશુદ્ધિના પ્રથમ લક્ષણ સંબંધે જે કહ્યું છે તેનું સ્થૂલ તાત્પર્ય હૃદયશાંતિ છે; ને બીજા લક્ષણ સંબંધે જે કહ્યું છે તેનું સ્થૂલ તાત્પર્ય મનુષ્યોપ્રતિ પ્રીતિભાવ છે. ત્રીજા લક્ષણ સંબંધે જે કહ્યું છે તેનું સ્થૂલ તાત્પર્ય ઇશ્વરભક્તિ છે. **આથી ચિત્તશુદ્ધિનાં સંપૂર્ણ લક્ષણ કહીએ તો હૃદયમાં શાંતિ, મનુષ્યપ્રીતિ અને ઇશ્વર-ભક્તિ** છે. હિંદુધર્મનો મર્મ એજ છે.

ભક્તિ, પ્રીતિ ને શાંતિના લક્ષણવાળી ચિત્તશુદ્ધિ હિંદુશાસ્ત્રકારો કેવી રીતે સમજાવે છે, તેના દૃષ્ટાંત સ્વરૂપે શ્રીમદ્ ભાગવતના ત્રીજા સ્કંધમાંથી ભગવાન કપિલદેવનાં વચનો અહીં ઉતારીએ છીએ.

लक्षणं भक्तियोगस्य निर्गुणस्य ह्युदाहृतम् ॥
अहैतुक्यव्यवहिता या भक्तिः पुरुषोत्तमे ॥ १२ ॥
सालोक्य–सार्ष्टि–सामीप्य–सारूप्यैकत्वमप्युत ॥
दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः ॥ १३ ॥
स एव भक्तियोगाख्य आत्यन्तिक उदाहृतः ॥
येनातिव्रज्य त्रिगुणान् मद्भावायोपपद्यते ॥ १४ ॥
निषेवितेनानिमित्तेन स्वधर्मेण महीयसा ॥
क्रियायोगेन शस्तेन नातिहिंस्रेण नित्यशः ॥ १५ ॥
मद्धिष्ण्यदर्शनस्पर्शपूजास्तुत्यभिवन्दनैः ॥
भूतेषु मद्भावनया सत्त्वेनासंगमेन च ॥ १६ ॥
महतां बहुमानेन दीनानामनुकम्पया ॥

मैत्र्या चैवात्मतुल्येषु यमेन नियमेन च ॥ १७ ॥
आध्यात्मिकानुश्रवणान्नामसंकीर्त्तनाच्च मे ॥
आर्जवेनार्यसंगेन निरहंक्रियया तथा ॥ १८ ॥
मद्धर्मणो गुणैरेतैः परिसंशुद्ध आशयः ॥
पुरुषस्त्वञ्जसाऽभ्येति श्रुतमात्रगुणं हि माम् ॥ १९ ॥
यथा वातरथो घ्राणमावृङ्क्ते गन्ध आशयात् ॥
एवं योगरतं चेत आत्मानमविकारि यत् ॥ २० ॥
अहं सर्वेषु भूतेषु भूतात्मावस्थितः सदा ॥
तमवज्ञाय मां मर्त्यः कुरुतेऽर्चाविडम्बनम् ॥ २१ ॥
यो मां सर्वेषु भूतेषु सन्तमात्मानमीश्वरम् ।
हित्वाऽर्चां भजते मौढ्याद्भस्मन्येव जुहोति सः ॥ २२
द्विषतः परकाये मां मानिनो भिन्नदर्शिनः ॥
भूतेषु बद्धवैरस्य न मनः शान्तिमृच्छति ॥ २३ ॥
अहमुच्चावचैर्द्रव्यैः क्रिययोत्पन्नयाऽनघे ॥
नैव तुष्येऽर्चितोऽर्चायां भूतग्रामावमानिनः ॥ २४ ॥
अर्चादावर्चयेत्तावदीश्वरं मां स्वकर्मकृत ॥
यावन्न वेद स्वहृदि सर्वभूतेष्ववस्थितम् ॥ २५ ॥
आत्मनश्च परस्यापि यः करोत्यन्तरोदरम् ॥
तस्य भिन्नदृशो मृत्युर्विदधे भयमुल्बणम् ॥ २६ ॥

अथ मां सर्वभूतेषु भूतात्मानं कृतालयम् ॥
अर्हयेद्दानमानाभ्यां मैत्र्याभिन्नेन चक्षुषा ॥ २७ ॥

(श्रीमद् भागवत तृतीय स्कंध २९ अध्याय.)

ભાવાર્થ:—કપિલદેવ પોતાની માતા દેવહૂતિને કહે છે કે, ભગવાનમાં સ્વાર્થરહિત અને ભેદભાવરહિત ભક્તિજ નિર્ગુણ ભક્તિ-યોગનું લક્ષણ છે (૧૨) મારા એવા ભકતો મારી સેવા વિના મેં આપેલી સાલોક્ય (મારી સાથે એક લોકમાં વસવું તે), સાર્ષ્ટિ (મારા જેટલું ઐશ્વર્ય પામવું તે), સામીપ્ય (મારી પાસે રહેવું તે), સારૂપ્ય (મારા જેવું રૂપ પામવું તે) અને એકત્વ (સાયુજ્ય) વગેરેમાંથી કોઇપણ પ્રકારની મુક્તિને મેળવવા ઇચ્છતા નથી. (૧૩) આજ આત્યંતિક ભક્તિયોગ છે, કે જેવડે ત્રિગુણથી અતિશય મુક્ત થઇને ભક્ત મારા ભાવને પામે છે આ પ્રકારનાં ભક્તિયોગનાં સાધનો અહીં કહ્યાં છે. (૧૪) નિમિત્તરહિત (નિષ્કામપણે) અને શ્રદ્ધાવડે સેવેલા સ્વધર્મથી, જેમાં અતિ હિંસા ન હોય એવા નિરંતરના નિષ્કામ ક્રિયાયોગથી (૧૫) મારી મૂર્ત્તિનાં દર્શન, સ્પર્શન, પૂજા, સ્તુતિ, અભિવંદન, ભૂતોમાં મારી ભાવના તથા સત્વ અને અસંગથી, (૧૬) મોટા પુરૂષોને બહુ માન આપવાથી, દીનજને ઉપર દયાથી, સમાન પુરૂષો સાથે મૈત્રી રાખવાથી, યમથી અને નિયમથી (૧૭) મારૂં અધ્યાત્મજ્ઞાન શ્રવણ કરવાથી, મારા નામના સંકીર્તનથી, આર્જવથી, આર્યોના સંગથી તથા નિરહંકારીપણાથી (૧૮) મારા ધર્મના આ ગુણોને ધારણ કરવાથી જેને ચિત્તશુદ્ધિ થઇ હોય છે તે પુરુષ મારા ગુણોનું શ્રવણ કરતાંજ અનાયાસે મને પામે છે. (૧૯) જેમ વાયુવડે ગંધ વગરશ્રમે એની મેળેજ નાક લગી પહોંચી જાય છે, તેમ ભક્તિયોગવડે શુદ્ધચિત્ત થયેલો ભક્ત વગરશ્રમે પરમાત્માને પામે છે. (૨૦) હું આત્મારૂપે સદા

તમામ પ્રાણીઓમાં રહેલો છું તેની અવજ્ઞા કરીને મૂઢ મનુષ્યો વૃથા બાહ્ય અર્ચાનો શ્રમ લે છે. (૨૧) સર્વે પ્રાણીઓમાં રહેલા આત્મારૂપ હું ઈશ્વરની સેવા છોડીને એવી અર્ચા કરે છે તે રાખમાંજ હોમ કરે છે (૨૨) બીજાઓનાં શરીરોમાં પણ હુંજ રહેલો છતાં તે શરીરોમાં મારો દ્વેષ કરવાવાળો, અભિમાની, ભેદભાવે જોનારો અને પ્રાણીઓ ઉપર વેર બાંધનારો પુરુષ મનની શાંતિ મેળવી શકતો નથી. (૨૩) હે નિષ્પાપ! જે વ્યક્તિ પ્રાણીઓ સાથે વેર રાખે છે તે અનેક સામગ્રીઓથી અને ક્રિયાઓથી પૂજા કરે તોપણ હું તેનાપર સંતુષ્ટ થતો નથી. (૨૪) પોતાનું કાર્ય કરનાર પુરુષ ત્યાં લગીજ મારી પૂજા અર્ચા કરે કે જ્યાં લગી તેને પોતાના હૃદયમાં એવું જ્ઞાન પ્રાપ્ત થયું નથી કે સર્વે પ્રાણીઓમાં હું ભગવાનજ રહેલો છું. (૨૫) પોતાનામાં અને બીજામાં જે કોઈ જરા પણ ભેદભાવના કરે છે તે ભેદભાવ રાખનાર પુરુષને હું મૃત્યુરૂપે ઘોર ભય ઉપજાવું છું. (૨૬) માટે મનુષ્યનું કર્તવ્ય છે કે તેઓ મને સૌ પ્રાણીઓનો અંતર્યામી અને સૌ પ્રાણીઓમાં રહેલો જાણીને દાન, માન, મૈત્રી અને સમદૃષ્ટિ રાખવા રૂપે મારી પૂજા કરે. (૨૭)

ચિત્તશુદ્ધિ સંબંધે તમામ હિંદુશાસ્ત્રોમાંથી આવા પ્રકારના અનેક વચનો ઉતારી શકાય તેમ છે, પણ એમ કરવાની જરૂર જણાતી નથી. હિંદુઓએ એટલું સ્મરણ રાખવું કે ચિત્તશુદ્ધિવિના પ્રતિમાપૂજામાં વિશેષ લાભ નથી. ચિત્તશુદ્ધિ થવા પછીની અવસ્થામાં પ્રતિમા પૂજા એ તો વિડંબના માત્ર છે.

એ ચિત્તશુદ્ધિ મનુષ્યોની તમામ સદ્વૃત્તિઓની ખીલવણી, પરિણતિ અને મેળવણીનું ફળ છે. ભક્તિ ને પ્રીતિ એ તો માત્ર શ્રમ કરનારી વૃત્તિઓ છે. માત્ર એ વૃત્તિઓની ખીલવણીથીજ સંપૂર્ણ ધર્મ પ્રાપ્ત થતો નથી. જ્ઞાન મેળવવાની વૃત્તિની ખીલવણી વિના ધર્મના

સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય નહિ; ને ચિત્તરંજની વૃત્તિઓની ખીલવણી વિના ધર્મનું માહાત્મ્ય તથા સૌંદર્યનું સ્વરૂપ જાણી શકાય નહિ; કે ચિત્તશુદ્ધિના તમામ રસ્તા સ્વચ્છ કરી શકાય નહિ. વળી શારીરિક વૃત્તિઓની યોગ્ય ખીલવણી થયા વિના ધર્મે અનુમોદન કરેલાં કામો કરવામાં ઉપયોગી થાય એટલી શક્તિ આવે નહિ, ને હૃદય પણ શાંતિ મેળવે નહિ. આથીજ તમામ સદ્દવૃત્તિઓની સારી રીતની ખીલવણી અને બધ બેસતી આવે એવી મેળવણીનું ફળ તે ચિત્તશુદ્ધિ છે.

ૐ ૐ ૐ ૐ

ચંદ્રલોક

આપણા ભારતવર્ષના સાહિત્યમાં ચંદ્રદેવે ઘણાં કામ કર્યાં છે. વર્ણનમાં ઠેકાણે ઠેકાણે તેનો ઉપયોગ થયો છે. ઉપમામાં, સંયોગમાં, વિયોગમાં અને અલંકારોમાં તેને કવિઓએ પુષ્કળ વાપર્યો છે. 'ચંદ્રવદન,' 'ચંદ્રરશ્મિ,' 'ચંદ્રકરલેખા,' ઇત્યાદિ વર્ણનો સાધારણ રીતે તમામ લેખકો કરે છે. કોઇ ઠેકાણે કાન્તાના સ્કંધ ઉપર ચંદ્રને મૂકવામાં આવેલ છે, તો ક્યાંક નખ સાથે પણ *ચંદ્રને અથડાવવામાં આવેલ છે! 'સુધાકર' 'હિમકર' 'કરનિકર' તેમજ 'મૃગાંક' 'શશાંક' 'કલંક' વગેરે અનુપ્રાસો આપણાં બાળકોનાં મનને મુગ્ધ બનાવે છે. પરંતુ આ વીસમી સદીમાં સાહિત્યકુંજમાંજ માત્ર રમતગમત કરીને ચંદ્રનો છૂટકો થવાનો નથી. વિજ્ઞાન રાક્ષસ બધા રસ્તા બંધ કરીને ઉભો છે; ને તે અત્યારે આ લેખમાં ચંદ્રને પકડે છે. ચંદ્રે સાહિત્ય—વૃંદાવનમાં આજ લગી પુષ્કળ વિહાર કર્યો છે, પરંતુ અત્યારે તેના કુંજદ્વારમાં અક્રૂર કાકો રથ લઇ ઉભેલ છે. ચંદ્રદેવ! વિજ્ઞાનમથુરામાં ચાલો, તમારે હવે કંસવધ કરવાનો છે.

અભિમન્યુના મરણના શોકમાં જ્યારે સુભદ્રા અને અર્જુન ઘણાં ઉદાસ બન્યાં ત્યારે તેઓને સમજાવવામાટે કૃષ્ણે કહ્યું હતું કે, "અભિ-

---

* આપણી ગુર્જર ગિરામાં તો કેટલાક કવિઓએ ચંદ્રમાની નરજાતિ રદ કરી તેને નારીજાતિ આપેલી છે. એક કવિએ તો તેને એક 'કન્યકા' કલ્પી આકાશમાં સોનારૂપાનાં ફૂલડાં વીણતી, હોડકાપર ચઢી આકાશસરોવરમાં ખેલ કરતી, નીચેના સમુદ્રમાં પોતાનું પ્રતિબિંબ જોતી અને મસ્તીખોરા મેઘની સાથે રમત રમતી ચીતરી છે.

(જુઓ ન. ભો. કૃત ચંદા નામનું કાવ્ય.)

મનુએ તો ચંદ્રલોકમાં ગમન કરેલું છે." આપણે પણ જ્યારે શ્યામ ગગનસમુદ્રમાં ચંદ્રરૂપી રૂપેરી બેટ નિહાળીએ છીએ ત્યારે સમજાય છે કે એ રૂપેરી લોકમાં, રૂપેરી વર્ણનાં મનુષ્યો, રૂપાનાં પાત્રોમાં, રૂપેરી રંગનાં પક્વાન્નો આરોગતાં હશે, સ્ફટિક જેવા રસનું પાન કરતાં હશે, તેમજ રૂપેરી રંગની સુંદર શય્યામાં શયન કરીને સ્વપ્નરહિત નિદ્રા લેતાં હશે! પરંતુ વિજ્ઞાનશાસ્ત્ર કહે છે કે તેવું ત્યાં કશુંજ નથી. એ જ્વલત લોકમાં કોઇ જંતુજ નથી એ ચંદ્રપ્રદેશ તો માત્ર શુષ્ક મરુભૂમિ જેવો છે. આ વિષયમાં અમે કાંઇક લખીશું.

નિશાળીઆઓ નિશાળમાં ભણે છે કે 'ચંદ્ર એ ઉપગ્રહ છે.' પરંતુ 'ઉપગ્રહ' કહેવાથી સૂર્યમંડળ સાથે તેનો વાસ્તવિક સંબંધ સમજી શકાતો નથી. પૃથ્વી અને ચંદ્ર એ બંને પરસ્પર સંબંધવાળા ગ્રહો છે. બંને એક સાથે સંપીને એક રસ્તે સૂર્યને ફરતી પ્રદક્ષિણા કરે છે. તેઓ બંને એક બીજાનાં ગુરુત્વાકર્ષણને અધીન છે. પરંતુ પૃથ્વી, ચંદ્રના કરતાં વિસ્તારમાં ૮૧ ગણી મોટી છે; તેથી પૃથ્વીની આકર્ષણ-શક્તિ ચંદ્રની આકર્ષણ શક્તિ કરતાં તેટલાગણી વિશેષ છે. એ આકર્ષણને બળે ચંદ્ર પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે; તેથીજ ચંદ્ર ઉપગ્રહ કહેવાય છે. સાધારણ વાચકો સમજે છે કે ચંદ્ર એક નાનકડી પૃથ્વી છે. તેનો વ્યાસ ૨૧૦૦ મૈલનો એટલે કે પૃથ્વીના વ્યાસનો ચોથો ભાગ કરીએ તો તેથી થોડો વધારે છે. હાલના કવિઓને પોતાની નાયિકાના વર્ણનમાં "શશિમુખી" "ચંદ્રવદની" વગેરે પ્રાચીન પદ્ધ-તિથી સંતોષ થતો ન હોય તો તેને અમે નવી ઉપમા દર્શાવીને સલાહ આપીએ છીએ કે હવેથી તેમણે પોતાની નાયિકાને 'પૃથ્વીમુખી' કહેવરાવવાનો આરંભ કરવો! આમ કરવાથી અલંકારમાં વધારે ગૌરવ આવશે, અને સમજાશે કે તેની નાયિકાના મુખમંડળનો વ્યાસ ૨૦૦૦ મૈલનોજ નહિ પણ લગભગ ૮૦૦૦ મૈલનો હશે!

આ નાનકડી પૃથ્વી આપણી પૃથ્વીથી ૨ લાખ ૪૦ હજાર મૈલ એટલે ત્રીશ હજાર જોજન છેટે છે. આકાશની લાંબી લાંબી ગણત્રીઓ પ્રમાણે તો આ અંતર બહુજ થોડું જણાય. ત્રીશ પૃથ્વીઓને સાથે સાથે અડાડીને મૂકી હોય તો તે ચંદ્રલગી પહોંચી શકે. જો ચંદ્ર લગી રેલવે બાંધી હોય અને તે દર કલાકે ૪૦ મૈલની ઝડપે ચાલતી હોય તો રાત્રિદિવસ ચાલતાં પૃથ્વીપરથી ૨૫ દહાડે ચંદ્રલોકમાં પહોંચાય.

આ ઉપરથી હાલના ખગોળવેત્તાઓ ચંદ્રને ઘણોજ પાસે સમજે છે. હાલ એવી દુરબીનો બની છે કે તેનાથી ચંદ્ર ચોવીશ સો (૨૪૦૦) ગણો મોટો દેખી શકાય છે, એનું પરિણામ એ છે કે જો ચંદ્ર આપણાથી ૧૦૦૦ મૈલજ દૂર હોત તો આપણે તેને નરી આંખે જેવો દેખી શકત તેવો અત્યારે દૂરબીનની મદદથી જોઇ શકાય છે.

નરી આંખે જોતાં ચંદ્ર કેવો દેખાય છે? તે હાથપગવાળો દેવ નથી, તેજવાળો પદાર્થ નથી, પરંતુ તેનું વાસ્તવિક સ્વરૂપ આ પ્રમાણે છે:— તે કેવળ પત્થરમય, જ્વાળામુખી પર્વતવાળો અને જડ ગોળો છે. તેમાં ક્યાંક ક્યાંક અતિ ઉંચા પર્વતોની હારો અને ક્યાંક મોટી ગુફાઓનો સમૂહ છે. ચંદ્રમાં જે ઉજ્વળતા જણાય છે તે સૂર્યને લીધેજ છે. આપણને પૃથ્વીપર જોતાં સમજાય છે કે જે વસ્તુ સૂર્યને તાપે પ્રકાશિત હોય તે દૂરથી જોતાં ઉજ્વળ દેખાય છે, અને જે ઠેકાણે સૂર્યનો તડકો પડતો ન હોય તે સ્થાન પ્રકાશવાળું દેખાતું નથી પણ શ્યામતાપૂર્ણ જણાય છે. બધા સમજે છે કે ચંદ્રની કળામાં વધારો ઘટાડો દેખાય છે તે સૂર્યના પ્રકાશને લીધે તથા તેની ગતિને કારણે થાય છે. આ બીના વિસ્તારથી અહીં સમજાવવાની આવશ્યકતા નથી, પરંતુ ચંદ્રનું જે સ્થાન ઉંચું છે તેનાપર સૂર્યનો તાપ પડે છે તેથી તે ઉજ્વળ દેખાય છે; અને જે સ્થાને ગુફાઓ અથવા પર્વતોની છાયા છે તે સ્થાને તડકો પડી શકતો નથી તેથી તે આપણને શ્યામ

રંગનું દેખાય છે. તેજ વિનાનાં એ શ્યામ સ્થાન એજ ચંદ્રનું કલંક અથવા મૃગલું છે; જુનાં માણસોની વાતો પ્રમાણે "ડોસી રેંટીઓ કતિ છે" તે એજ છે.

ચંદ્રના બહારના ભાગો આ રીતે સૂક્ષ્મપણે તપાસાયા છે. કોઇ કોઇ ખગોળવેત્તાએ ચંદ્રની ઉંચાઇના નકશાઓ બનાવ્યા છે. ચંદ્રની પર્વતોની હારો, પ્રદેશો વગેરેનાં નામો પણ પાડવામાં આવ્યાં છે, અને ત્યાંના પર્વતોની ઉંચાઇઓ પણ મપાઇ છે. તેમાંના જે પર્વતનું નામ ખગોળશાસ્ત્રીઓએ 'ન્યૂટન' રાખેલું છે, તેની ઉંચાઈ ૨૨,૮૨૩ ફૂટ છે. આટલું ઉંચું શિખર આપણી પૃથ્વીમાં "આંડેઝ" અને "હિમાલય" સિવાય બીજા પર્વતમાં નથી. ચંદ્ર પૃથ્વીનો પચાશમો ભાગ છે; અને વજનમાં એકાશીમો ભાગ છે, એટલે પૃથ્વીને મુકાબલે ચંદ્રના બધા પર્વતો ઘણા ઉંચા છે. ચંદ્રના પ્રમાણમાં "ન્યૂટન"ની જેટલી ઉંચાઇ છે તેટલી ઉંચાઇ પૃથ્વીમાં કરવી હોય તો "ચીમ્બોરેઝો"ના શિખરને પચાશગણું ઉંચું કરવું જોઇએ.

ચંદ્રના પર્વતો બહુ ઉંચા છે એટલુંજ બસ નથી, તેમાં અનેક જ્વાળામુખીઓ છે; અને અગણિત જ્વાળામુખીની હારો ને હારો પોતાનાં વિશાળ જ્વાળા ફેંકતાં મુખોવડે પ્રકાશિત થયેલી દેખાય છે. જેમ કોઇ તપેલો ઓગળેલો રસ કઢાઇ તોડી ફોડી બહાર નીકળીને જામી ગયો હોય તેવું ચંદ્રનું પૃષ્ટ દેખાય છે. ચંદ્રનું પૃષ્ટ હજારો ઠેકાણે છિન્નભિન્ન થયેલું, હજારો ખાડાખડીઆવાળું, પાષાણમય, ચીરાએલું ને સળગતું દેખાય છે. હાય ! એવા ચંદ્રની સાથે હવે સુંદરીના મુખની તુલના કરવાની પદ્ધતિ યોગ્ય ગણાય ?

જો આવો સળગતો ચંદ્રલોક છે તો જિજ્ઞાસા થાય છે કે ત્યાં મનુષ્યોની વસ્તી હશે ? અમારી સમજ પ્રમાણે પાણી ને વાયુ વિના પ્રાણીઓ રહી શકે નહિ. જ્યાં પાણી અને પવન નહિ ત્યાં પ્રાણી કેવાં ? હવે ચંદ્રપર પાણી ને પવન છે કે નહિ ? તે વિષે જરા તપાસીએ.

સમજો કે ચંદ્ર પૃથ્વીની પેઠે વાતાવરણે વીંટાએલો છે. હવે ધારો કે કોઇ નક્ષત્ર ચંદ્રની પછવાડે ગતિ કરે છે (આને જ્યોતિષમાં સમાવરણ Occultation કહે છે) એટલે પહેલાં તો એ સમાવરણીય (ચંદ્રની પાછળથી નીકળનારૂં) નક્ષત્ર ચંદ્રના વાતાવરણ પાછળથી પસાર થશે; ને પછી તે ચંદ્રની આકૃતિ પાછળ આવીને ઢંકાશે. જ્યારે વાતાવરણ પાછળ નક્ષત્ર જશે ત્યારે તે નક્ષત્ર પહેલાંના જેટલું પ્રકાશિત દેખાશે નહિ, કેમકે વાતાવરણ કાંઇક અંશે પ્રકાશનો અટકાવ કરે છે. દાખલા તરિકે જોશો તો પાસે રહેલી વસ્તુ આપણે જેટલી સ્પષ્ટ જોઇ શકીએ તેટલી સ્પષ્ટ દૂર રહેલી વસ્તુ આપણે જોઇ શકતા નથી. તેનું કારણ વચ્ચે વાતાવરણનો થર આવે છે તે છે. આ રીતે સમાવરણીય નક્ષત્ર ધીમે ધીમે ઘટતા તેજવાળું થઇ ચંદ્રની પાછળ અદૃશ્ય થવું જોઇએ, પરંતુ આ રીતે બનતું નથી. સમાવરણીય નક્ષત્ર એકદમ ઢંકાઇ જાય છે. ઢંકાયા પહેલાં તેના પ્રકાશનો જરાપણ ઘટાડો થતો નથી. જો ચંદ્રમાં વાતાવરણ હોત તો આમ કદિ થાત નહિ.

ચંદ્રમાં પાણી નથી તેનાં પણ પ્રમાણો છે; પરંતુ તે દુર્ઘટ પ્રમાણો સાધારણ વાચકોને સમજાવી શકાય તેમ નથી. આ પ્રમાણો વર્ણરેખા પરીક્ષક (Spectroscope) યંત્રની વિવિધ પરીક્ષાઓથી સાબીત કરેલાં છે.

મતલબ કે ચંદ્રમાં પાણી પણ નથી અને વાયુ પણ નથી. જ્યારે પાણી પવન નથી ત્યારે આપણી પૃથ્વીપર રહેનારા પ્રાણીઓની પેઠે ત્યાં કોઇપણ પ્રાણીની વસ્તી હોવી ન જોઇએ.

હવે એકાદ વાત કહી આ વિષય પૂરો કરીશું. ચંદ્રની ઉષ્ણતા પણ નક્કી થયેલ છે. આપણા એક પખવાડીઆ જેટલા સમયમાં ચંદ્ર પોતાની ધરીપર એક આંટો ફરે છે, એટલે આપણું એક પખવાડીઉં ચંદ્રના એક દિવસ બરાબર થાય છે. આપણે યાદ રાખવું કે પોષ

માસ કરતાં જેઠ માસમાં તાપ વધારે પડે છે. પોષ માસનો દિવસ નાનો ને જેઠ માસનો દિવસ પાંચ છ ઘડી મોટો છે. આ પ્રમાણે દિનમાન માત્ર પાંચ છ ઘડીનું વધારે હોય છે તોપણ આટલો સખ્ત તાપ લાગે છે ત્યારે પંદર દહાડા જેવડો દિવસ હોય તે જગામાં–ચંદ્રમાં–કેટલી ભયાનક ઉષ્ણતા હોવી જોઇએ? વળી પૃથ્વીમાં તો પાણી, વાતાવરણ ને વાદળાં પણ છે, એટલે સૂર્યનો તાપ તેથી પણ ઓછો લાગે છે; પરંતુ ચંદ્રમાં નથી પાણી, નથી વાતાવરણ, નથી વાદળાં અને પૃષ્ટ પણ કેવળ પાષાણમય છે, વળી તેમાં સળગતા જ્વાળામુખીઓ છે તેથી ચંદ્રલોક અત્યંત ઉષ્ણતાવાળોજ હોવાનો સંભવ છે. એક પ્રખ્યાત દૂરબીન બનાવનારના પુત્ર લૉર્ડરસે ચંદ્રની ઉષ્ણતા માપી છે. તેણે નિર્ણય કર્યો છે કે ચંદ્રનો કોઇ કોઇ ભાગ એટલો ઉષ્ણ છે કે અહીં વરાળ નીકળવા માટે પાણીને જેટલી ગરમી જોઇએ છે તેટલી ગરમી તો ત્યાં શીતળતા સમાન ગણાય છે. આવા ઉષ્ણતાવાળા પ્રદેશમાં કોઇ પાર્થિવ જીવો જીવી શકે નહિ ને મુહૂર્ત્ત પણ રહી શકે નહિ. ત્યારે આનું નામ 'શીતરશ્મિ,' 'હિમકર' કે 'સુધાંશુ' શી રીતે કહેવાય?

આ ઉપરથી ચંદ્રલોકમાં કેવાં વિવિધ પ્રકારનાં સુખો હશે તે આપણે સમજી શકીશું. ચંદ્રલોક છિન્નભિન્ન થયેલો, ચીરાએલો, સળગતો, ખડબચડો ને પાષાણમય છે. વળી તે સાગરરહિત, નદીઓ રહિત, તળાવ રહિત, વાયુરહિત ને વૃષ્ટિરહિત છે. તેમજ તે જનહીન, જીવહીન, તરુહીન, તૃણહીન ને શબ્દહીન છે. તાત્પર્ય કે સળગતા નરકકુંડના જેવો ચંદ્રલોક છે.

આમ વિજ્ઞાનશાસ્ત્ર સાથે કાવ્યશાસ્ત્રનો મેળ મળે તેમ નથી. કાવ્ય કલ્પનાઓ ઘડે છે; ને વિજ્ઞાન તેનો નાશ કરે છે.

સૂર્ય ઉપરના આશ્ચર્યજનક ઉત્પાતો.

માહે સપ્ટેમ્બર સને ૧૮૭૧માં અમેરિકાવાસી અદ્વિતીય જ્યોતિર્વેત્તા યંગ સાહેબે સૂર્ય ઉપરના જે આશ્ચર્યકારક ઉત્પાતો જોયા છે, તેવા અદ્ભુત બનાવો ભાગ્યેજ મનુષ્યોની નજરે પડશે. વિસુવિયસ કે એટ્નાના જ્વાળામુખીઓ પણ તેના મુકાબલામાં બરોબરી કરી શકશે નહિ. જેમણે હાલના યુરોપી જ્યોતિર્વેત્તાના અભ્યાસનો પરિચય કર્યો નથી તેમને આ ભયંકર બનાવો સમજાવવા માટે સૂર્યના ઉત્પાતોની આ વાત લખાય છે.

સૂર્ય એ ઘણો મોટો તેજસ્વી ગોળો છે. અહીં પૃથ્વીપરથી આપણે એ ગોળાને બહુ નાનો દેખીએ છીએ; પરંતુ વાસ્તવિક રીતે એ કેટલો મોટો છે તે પૃથ્વી સાથે સરખાવ્યા સિવાય સમજાશે નહિ.

સૌ જાણે છે કે પૃથ્વીનો વ્યાસ ૭૯૨૬ મૈલ છે. જો પૃથ્વીમાંથી એક મૈલ પહોળા, એક મૈલ લાંબા અને એક મૈલ ઉંચા, એવા વિભાગ કરીએ તો બે નિખર્વ, છ ખર્વ, અઠોતેર કરોડ, એકોતેર લાખ, એકાશી હજાર ને ચોરાશી (૨,૬૦,૭૮,૭૧,૮૧,૦૮૪) થાય. વિજ્ઞાનશાસ્ત્રને બળે પૃથ્વીનું વજન પણ કરાયું છે; તેમાં પૃથ્વીનું વજન (૬૦,૬૯,૦૦૦, ૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦) સાઠ હજાર છસો નેવુ પરાર્ધ ટન થાય છે. ટન એટલે ૫૪।। મણ છે.

આ આંકડા જોતાં મનને આશ્ચર્ય થાય એ સહજ છે, અને તે પરથી સમજાશે કે પૃથ્વી એ કેવડો મોટો પદાર્થ છે? કલ્પના કરતાં પણ એ વાત બરાબર લક્ષ્યમાં ભાગ્યેજ આવશે. હવે કોઇ કહે કે એક બીજો એવો ગ્રહ કે તારો છે, કે જે પૃથ્વીના કરતાં ૧૩ ગણો મોટો છે, તો કેટલું આશ્ચર્ય થશે! પરંતુ વાસ્તવિક રીતે સૂર્ય પૃથ્વીના કરતાં

તેર લાખ ગણો મોટો છે, એટલે કે તેર લાખ આવી પૃથ્વીઓ એકઠી કરવામાં આવે તોજ તેનો વિસ્તાર સૂર્યના જેટલો થાય!

ત્યારે આપણે સૂર્યને આવડો નાનો કેમ દેખીએ છીએ? તે આપણાથી ઘણો દૂર છે માટેજ. હાલની ગણત્રીથી નક્કી થયું છે કેઃ—સૂર્યની ને પૃથ્વીની વચ્ચે એક કરોડ, અઢારલાખ, પંચોતેર હજાર ગોજન છેટું છે. આ અદ્ભુત છેટું કાંઇ કાલ્પનિક નથી; પણ ખરેખરૂં છે; એ ત્રિકોણમિતિના હિસાબોએ સાબીત થઇ શકે છે.

આ અંતરનો બરાબર ખ્યાલ કરવા એક ઉદાહરણ આપીએ છીએ. જો પૃથ્વીથી સૂર્ય લગી રેલવે બાંધી હોય તો સૂર્યમાં પહોંચતાં વાસ્તવિક કેટલો સમય લાગે વારૂ? ઉત્તરમાં કહેવાનું કે બિલકૂલ અટકયા સિવાય રાત ને દહાડો ચોવીશે કલાક ટ્રેન દર કલાકે ૨૦ મૈલની ઝડપે ચાલ્યા કરે તો સૂર્યમાં પહોંચતાં તેને ૨૬૦ વર્ષ ૩ માસ ૬ાા દિવસ લાગે; એટલે કે જે માણસ ટ્રેનમાં બેઠો હોય તેના દીકરાના દીકરાનો દીકરો એમ ક્રમે તેના વંશનો સત્તરમો પુરુષ સૂર્યલોકમાં પહોંચે.

આથી વાચકવર્ગ સમજી શકશે કે સૂર્યમાં જો એક અણુ કે બિંદુ જેટલી નાની આકૃતિ દેખાય તોપણ વાસ્તવિક રીતે તે ઘણી મોટી હોવી જોઇએ. એટલે જેને આપણે સૂર્યમાં એક અણુ જેટલું જોઇએ તે ત્યાં લાખો ગાઉના વિસ્તારનું હોય છે.

પરંતુ સૂર્ય એવો પ્રચંડ તેજસ્વી પદાર્થ છે કે તેમાં બિંદુ જેવું કાંઇ દેખાવાનો સંભવ નથી. સૂર્ય સામે જોતાંજ દૃષ્ટિ અંધ બની જાય છે. માત્ર સૂર્યગ્રહણ વખતે સૂર્યના તેજ આડો ચંદ્ર આવતાં તેજ દબાઇ જતું હોવાથી તેના પ્રતિ નજર કરી શકાય છે. પરંતુ ત્યારે પણ સાધારણ લોકો આંખ પાસે કાળો કાચ રાખીનેજ ઝાંખા સૂર્યને જુએ છે.

ગ્રહણસમયે દૂરબીનની સહાયથી જો સૂર્ય જોવામાં આવે તો

આશ્ચર્યકારક બનાવો દેખાય છે. જ્યારે ખગ્રાસ સૂર્યગ્રહણ હોય ત્યારે સૂર્યની ચારે બાજુ તેજોમય અપૂર્વ કિરીટમંડળ તેને ઘેરીને રહેલું દેખાય છે. પરંતુ આ કિરીટમંડળ સિવાય બીજી પણ એક અદ્દ્ભુત વસ્તુ સૂર્યમાં દેખાય છે. કિરીટના મૂળમાં ને ઘેરાએલા સૂર્યની આકૃતિ ઉપર સંલગ્ન થએલો એવો કોઇ પદાર્થ સૂર્યમાંથી બહાર નીકળતો હોય તેમ દેખાય છે. એ બહાર નીકળતો પદાર્થ જોતાં તે એવો તો સૂક્ષ્મ છે કે તે દૂરબીન સિવાય નરી આંખે તો જોઇ શકાતોજ નથી. દૂરબીન વડે પણ તે જેવડો દેખાય છે તેના કરતાં તો તે ઘણો મોટો હોવો જોઇએ એ સિદ્ધ વાત છે. એમ અનુમાન થાય છે કે એ પદાર્થ કદિ કદિ તો સૂર્યથી અર્ધો લાખ મૈલ ઉંચો દેખવામાં આવે છે. એટલે કે ઉપરા-ઉપરી ૭ પૃથ્વીઓ ગોઠવી હોય ને જેટલી ઉંચાઇ થાય તેટલો તે પદાર્થ સૂર્યથી ઉંચો ચડે છે. આ સૂર્યમાંથી બહાર નીકળતા પદાર્થના આકારો ક્યારેક પર્વતોના શિખર જેવા, કયારેક બીજા આકારના અને ક્યારેક સૂર્યથી તદ્દન નોખાજ પડેલા દેખાય છે. તેના રંગો ક્યારેક ધોળા, રાતા, ગુલાબી અને કાળાશ પડતા જણાય છે.

પંડિતોએ વિશેષ શોધ કરી નક્કી કર્યું છે કે એ બધા સૂર્યના અંશો છે. પહેલાંના કેટલાક વિદ્વાનોએ એમ નક્કી કર્યું હતું કે એ બધા સૂર્યના પર્વતો છે, પણ સૂર્યથી તેમને નોખા પડેલા જોતાં તેમણે એ મત છોડી દીધો છે.

હમણાં નિઃસંશયપણે સિદ્ધ થયું છે કે આ બધા પદાર્થો સૂર્યની અંદરથી ફેંકાય છે, જેમ પૃથ્વીના જ્વાળામુખી પર્વતમાંથી વરાળ, અથવા વાતરૂપ પદાર્થો બહાર નીકળીને પર્વતના શિખર ઉપર વાદળાં જેવા દેખાય છે; તેમ આ સૂર્યના મેઘો પણ દેખાય છે. સૂર્યમાંથી ફેંકાએલા એ પદાર્થો પાછા સૂર્યમાં જ્યાંલગી આવી મળતા નથી ત્યાં લગી તે ઢગલાને આકારે પૃથ્વીપરના જોનારને દેખાય છે.

વાંચનારને એવો વિચાર સહેજે થશે કે એ રીતે દૂરબીનમાંથી દેખાતા સૂર્યપરના ઢગલા તે શું છે? શું એ મેઘ છે? એનો દેખાવ જોતાં શું લાગે છે? જાણે એક મોટા પ્રદેશમાં મહા ભયંકર ઉત્પાત થયો હોય તેવા તે જણાય છે. એ ઢગલાઓ ઉલ્કાપાતકાલે સૂર્યમાંથી નીકળી એટલા બધા વિસ્તારવાળા બને છે કે આ પૃથ્વીના જેવી બીજી અનેક પૃથ્વીઓ તેમાં સમાઈ શકે.

આવા સૂર્યપરના ઉલ્કાપાતો પ્રોફેસર ઇયંગ પહેલાં પણ બીજા અનેક પ્રોફેસરોએ જોયા છે, પરંતુ પ્રોફેસર ઇયંગે જે જોયું છે તે ઘણું વિસ્મયકારક છે. તેણે એકવાર મધ્યાહ્ન સમયે દૂરબીનથી સૂર્યને જોવા માંડયો; ત્યારે સૂર્યનું ગ્રહણ હતું નહિ. પહેલાંના કોઇપણ પ્રોફેસરો સૂર્યગ્રહણ સિવાય આ રીતે જોઇ શકયા નહોતા; પરંતુ એક બીજા પ્રોફેસર ડાક્તર હાગ્ગિન્સે સૂર્યગ્રહણ સિવાય આ રીતે સૂર્યને જોવાનો યત્ન કર્યો હતો. વિજ્ઞાનમાં કુશળ પ્રોફેસર ઇયંગે સૂર્યના ઉગ્ર તેજ સમયે પણ આ બધા સૂર્યના ઢગલાઓના ફોટોગ્રાફ લીધા હતા.

ઉપર કહેલે વખતે પ્રોફેસરને જોતાં જણાયું હતું કે સૂર્યના ઉપરના પ્રદેશમાં એક વાદળા જેવો પદાર્થ દેખાય છે. પ્રોફેસરોના એકત્ર મતથી એ તો નક્કી થયું છે કે જેમ પૃથ્વી વાતાવરણે વીંટાએલી છે તેમ સૂર્ય પણ વીંટાએલ છે. પ્રોફેસરે જોયું ત્યારે એ વાદળાં જેવો પદાર્થ સૂર્યના વાતાવરણપર પાંચ થાંભલા ઉપર રહેલો દેખાયો હતો. પ્રોફેસરે મધ્યાહ્ને આ રીતે જોયું ત્યારપછી તેમાં કાંઈ ફેરફાર ઘણીવાર લગી દેખાયો નહોતો. એ થાંભલા મેળા રંગના હતા અને વાદળાં વિશાળ હતાં. તેમાં ઝીણા ઝીણા સુતરના તાંતણાના આકારના કાંઇક પદાર્થો દેખાતા હતા. આ અપૂર્વ વાદળાં સૂર્યના વાતાવરણમાં પચાશહજાર મૈલ ઉંચે તરતાં હતાં. કહેવાની જરૂર નથી કે પ્રોફેસર ઇયંગ સાહેબે આ વાદળાંની લંબાઇ માપી હતી. તેની લંબાઇ એક લાખ

મૈલ અને પહોળાઇ ૫૪૦૦૦ મૈલ હતી. આ પૃથ્વીના જેવડી અનેક પૃથ્વીઓ એકઠી કરી હોય તો ભાગ્યેજ તેની બરાબર થઇ શકે.

કેટલાક વખત પછી એ વાદળાં અને તેના મૂળકારણરૂપ થાંભલાની સ્થિતિમાં ફેરફાર થવાનાં ચિહ્નો દેખાવા લાગ્યાં. દૂરબીન ગોઠવી રાખીને કાંઇક કામ આવી પડતાં પ્રોફેસર સાહેબ બહાર ગયા; ને પાછા આવી જોયું તો ઘણો ફેરફાર થયેલો લાગ્યો. તેને લાગ્યું કે નીચેથી ફેંકાતા કોઈ ભયંકર બળને વેગે એ વાદળાં છિન્નભિન્ન થઇ ગયાં છે, અને સૂર્યના આકાશમાં તે વાદળાં ધોળા સૂતરના તાંતણારૂપે તરી રહ્યાં છે, અને એ સૂતરના તાંતણાના આકારના પદાર્થો મહા પ્રબલ વેગે ઉંચે ચડતા જાય છે.

આ પદાર્થોનો વેગ પણ ભારે ચમત્કારી હતો. તેને મુકાબલે આપણા પ્રકાશ અથવા વિદ્યુતના વેગને મૂકી શકાય; પણ વજનવાળી કોઇ વસ્તુનો વેગ એવો સાંભળ્યો નથી. યંગ સાહેબ જ્યારે પાછા આવ્યા ત્યારે સૂતરના આકારના એ પદાર્થો લાખ મૈલ ઉંચે ચડેલા હતા. પછીની દશ મિનિટમાં વળી તે લાખ મૈલ ઉંચે ચડ્યા. દશ મિનિટમાં લાખ મૈલની ગતિને હિસાબે એક સેકંડમાં ૧૬૫ મૈલની ગતિ થઈ.

આ ગતિ કેટલી ત્વરાવાળી કહેવાય ? એ વિચારમાં આવવું પણ મુશ્કેલ છે. તોપનો ગોળો અતિ વેગવાન છતાં પણ તે કદિએ એક સેકંડમાં અર્ધા મૈલથી વધારે દૂર જઇ શકતો નથી, પરંતુ સૂર્યના આ પદાર્થોનો વેગ તો અતિ બળવાળી તોપના ગોળાના કરતાં પણ ૩૦૦થી વધારે ગણો હતો એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

બે લાખ મૈલ ઉંચે ચડતાં પણ જે પદાર્થનો વેગ આટલો બલવાન હોય તેનો નીચે પડતી વખતનો વેગ કેટલો હોય ? સૌ જાણે છે કે આપણે એક પથરો ઉંચે ફેંકીએ તો જે ગતિએ તે ઉંચે ચડે તેમાં

ક્રમે ક્રમે ઘટાડો થઇ છેલ્લે તે પાછો ભોંય ઉપર પડે છે. ઉંચે જનાર પદાર્થનો વેગ નાશ પામવાનાં બે કારણો છે. ૧ પૃથ્વીનું ગુરૂત્વાકર્ષણ, અને ૨ વાયુથી થતો અટકાવ. આ બંને કારણો સૂર્યમાં પણ છે. જે વસ્તુ જેટલી વજનવાળી તેટલુંજ તેના પર ગુરૂત્વાકર્ષણ શકિતનું ખેંચાણ. પૃથ્વીના કરતાં સૂર્યમાં ગુરૂત્વાકર્ષણનું બળ ૨૮ ગણું વધારે છે. પરંતુ આટલા વેગે કોઇ વસ્તુ ફેંકેલી હોય તો લાખ મૈલ ગયા પછી તે દર સેકંડે ૧૬૫ મૈલ ચાલે એમ બને નહિ. ઉંચે ચડતાં તેનો વેગ ઘણોજ ઓછો થઇ જાય. એક વિજ્ઞાનવેત્તા કહે છે કે જો કોઇ એમ કહે કે સૂર્યમાં વાતાવરણ નથી તો ત્યાંથી–સૂર્યમાંથી–ફેંકાએલો પદાર્થ પહેલ વહેલો જે વેગે નીકળે તે વેગ દર સેકંડે ૨૫૫ મૈલનો હોવો જોઇએ. કર્ણહિલનામના વિજ્ઞાનવેત્તાના લેખપર કોઇએ એવું ત્રિવેચન કરેલું છે કે સૂર્યમાંથી ફેંકાતો આ પદાર્થ દર સેકંડે ૫૦૦ મૈલથી વધારે ગતિનો હોવો જોઇએ.

પરંતુ સૂર્યમાં વાતાવરણ નથી એમ કહી શકાય નહિ; કેમકે સૂર્ય ઘાટાં વાદળાંથી વીંટાએલો દેખાય છે. પ્રોક્ટર સાહેબે આ તમામ બાબતોનો વિચાર કરી નક્કી કર્યું છે કે પૃથ્વીના વાતાવરણમાં જેટલું અટકાવ કરવાનું બળ છે તેટલુંજ સૂર્યના વાતાવરણમાં હોય તો તે પદાર્થ સૂર્યમાંથી નીકળે ત્યારે તેનો વેગ દર સેકંડે આશરે એક હજાર મૈલ હોવો જોઇએ.

આ વેગ મનથી પણ અચિંત્ય છે એટલા વેગે ફેંકાએલો પદાર્થ એક સેકંડમાં આખો ભારતવર્ષ ઉલ્લંઘી શકે, પાંચ સેકંડમાં તો કલકત્તાથી વિલાયત પહોંચી જાય અને ૨૮ સેકંડ અર્થાત્ અર્ધી મિનિટ ન થાય ત્યાં તો પૃથ્વીનું પરિક્રમણ કરી પાછો આવી શકે.

બીજી પણ એક નવાઇ જેવી વાત આ છેઃ–આપણે માટીનો ગોળો ઉંચો ફેંકીએ તો પાછો આવીને તે પૃથ્વીપર પડે છે. તેનું

કારણ એ છે કે પૃથ્વીના ગુરૂત્વાકર્ષણના બળે અને વાયુના અટકાવના બળે, ફેંકાએલા પદાર્થની ગતિ ક્રમે ક્રમે નાશ પામે છે; ઉંચે જવાનું બળ નાશ પામતાં ગુરૂત્વાકર્ષણને બળે તે પૃથ્વીપર પડે છે. સૂર્યમાં પણ અવશ્ય એવું થવાનો સંભવ છે; પરંતુ ગુરૂત્વાકર્ષણ શક્તિ તથા વાયુની અટકાવવાની શક્તિને પણ હદ હોય છે. અવશ્ય એવી પણ એક વેગવાળી ગતિ છે કે જેનાથી આ બંને શક્તિઓ પરાભવ પામે છે. ગણત્રીથી નક્કી થયું છે કે પ્રથમ નીકળતી વખતે જે વસ્તુ દર સેકંડે ૩૮૦ મૈલની ઝડપે ચાલે તેને ગુરૂત્વાકર્ષણનું બળ અને વાયુનું અડચણ કરવાનું બળ અસર કરી શકે નહિ. તેથીજ ઉપર વર્ણવેલો દર સેકંડે ૧૦૦૦ મૈલના વેગે સૂર્યમાંથી નીકળતો પદાર્થ પાછો સૂર્યમાં આવી શકે નહિ. મતલબ કે પ્રોફેસર ઇયંગ સાહેબે સૂર્યમાંથી ફેંકાતા જે પદાર્થો જોયા છે તે પદાર્થો પાછા સૂર્યમાં જવાના નહિ. તેઓ તો અનન્ત આકાશમાં અનંતકાળ લગી ફર્યા કરવાના. તે ધૂમકેતુ ગણાશે, આકાશી પદાર્થો કહેવાશે, કે શું કહેવાશે તે તો કોણ કહી શકે?

એક ખગોળવેત્તાએ એવો સિદ્ધાંત કરેલો છે કે સૂર્યમાંથી ફેંકાતા આ પદાર્થો લાખ મૈલ સુધી દેખાય છે પણ તેથી વધારે દૂર તે જતા નથી એમ સમજવાનું નથી. જ્યાં સુધી તે સળગતા કે તેજવાળા રહે છે ત્યાં સુધી તે આપણી નજરે પડે છે, પરંતુ જ્યારે ઠંડા પડી પ્રકાશરહિત થાય છે ત્યારે તે જોઇ શકાતા નથી. આથી સૂર્યમાંથી ફેંકાતા આ પદાર્થો અતિ અદ્ભુત વસ્તુ છે એમાં કશો શક નથી. એ પદાર્થો લાખો મૈલમાં વિસ્તાર પામનારા છે, મનના જેવી અપાર ગતિવાળા છે અને નવી નવી અનેક સૃષ્ટિઓના આદિકારણરૂપ છે.

આકાશમાં તારા કેટલા છે?

ગાઢા અંધારાવાળી રાતે ગગનમંડળમાં જે અસંખ્ય ચળકતાં બિંદુઓ જણાય છે તે શું હશે?

એ બધા તારા છે. ત્યારે તારા એટલે શું? આ પ્રશ્ન પુછતાં સ્કૂલના બધા વિદ્યાર્થીઓ તુરતજ ઉત્તર આપશે કે એ બધા તારા સૂર્યો છે. પરંતુ સૂર્ય તો સમગ્ર જગતને ઉષ્ણતા આપનારો, પ્રચંડ કિરણોવાળો છે, તેની સામે નજર નાખવાને પણ મનુષ્ય શક્તિમાન નથી, અને તારાઓ તો બિંદુમાત્ર છે. વળી તેમાંના કેટલાક તો એવા છે કે જે નરી આંખે તો જોઇ પણ શકાતા નથી. આ રીતે બંનેનો પરસ્પર વિરોધ હોવાથી તારાને સૂર્યો કેમ કહી શકાય? કયાં પ્રમાણોથી નિશ્ચય કરાય કે તે સૂર્ય છે? આનો ઉત્તર સ્કૂલોના વિદ્યાર્થીઓ તો આપી શકશેજ નહિ. જેમને યુરોપીય વિજ્ઞાન સંબંધી વિશેષ અનુભવ નથી તેઓ પણ આ વાત સાંભળીને વિસ્મય પામશે. તેમને અમે એમજ કહીશું કે આ વાત પ્રમાણોથી સિદ્ધ થાય તેવી છે, પરંતુ તે પ્રમાણોનું અહીં વિવેચન કરવું તે અમારો ઉદ્દેશ નથી. જેઓએ યુરોપની જ્યોતિષ્ વિદ્યાનો સારો અભ્યાસ કર્યો છે તેઓને માટે આ વિષે વિવેચન કરવું નિરુપયોગી છે, ને જેઓએ એ વિષે કશું જાણ્યું નથી તેઓને માટે અહીં એ પ્રમાણો સમજાવવાં તે પણ કઠણ છે. અહીં માત્ર એકાદ બે કઠણ વિષયોનું વિવેચન તેમને માટે કરીશું. પહેલું આકાશની અંદર રહેલા તારાઓનું અંતર શી રીતે માપી શકાય તે, અને બીજું પ્રકાશમાપક નામનું આશ્ચર્યકારક યંત્ર કેવી રીતનું છે, તથા તેનો ઉપયોગ શી રીતે થાય છે તે.

આ વિષયમાં અમે વિશેષ ઉંડા ઉતરવાને પ્રયત્ન કરીશું નહિ, પરંતુ અમે જિજ્ઞાસાવાળા વાચકોને એવી બલામણ કરીએ છીએ કે તેઓ યુરોપીય વિજ્ઞાનશાસ્ત્રમાં વિશ્વાસ રાખી સમજશે તો જણાશે કે દેખાતા ઘણાએક તારા વાસ્તવિક રીતે સૂર્યો છે, પરંતુ બહુ દૂર છે માટે તે તેજનાં ટપકાં જેવા જણાય છે.

આ જગતમાં અત્યારે કેટલા સૂર્ય છે? એ પ્રશ્નનો જવાબ આપવો એ અમારો ઉદ્દેશ છે. ચંદ્ર તથા વાદળાં વગરની રાત્રે ગગનમંડળમાં જોતાં નક્ષત્રો તો જાણે માતાંજ નથી. આપણે કહીએ છીએ કે નક્ષત્રો અસંખ્ય છે. વાસ્તવિક રીતે શું નક્ષત્રો અસંખ્ય છે? નજરે જોતાં સામાન્ય રીતે જે નક્ષત્રો દેખાય છે તેની શું ગણત્રી કરી શકાય નહિ?

આ તો અતિ સહેલી વાત છે. જે કોઇ પ્રયત્ન આરંભી સ્થિર મને ગણત્રી કરવાને તૈયાર થાય તે તારા ગણવામાં સફળ થાય. કેમકે દૂરબીનની મદદ વિના જે તારાઓ દેખાય છે તે અસંખ્ય નથી પણ સંખ્યામાં છે. ત્યારે તારાઓ ઘણા જણાય છે તે શાથી? તે ગમે ત્યાં વિખરાયલા છે તેથી. વળી જે તારાઓ હારોહાર ને ક્રમે સ્થાપિત છે તેના કરતાં જે હારબંધ નથી ને ગમે તે ઠેકાણે વિખરાયલા છે તેની સંખ્યા વધારે છે.

વસ્તુતઃ જે તારાઓ દૂરબીનની મદદ વિના દેખાય છે તે તારાઓની યુરોપી ખગોળવેત્તાઓએ ફરી ફરી ગણત્રી કરી છે. બર્લિનમાં જે તારાઓ દેખાયા હતા તેની એક ખગોળવેત્તાએ ગણત્રી કરી ટીપણી તૈયાર કરી છે. આ ટીપણીમાં ૩૨૫૬ તારાની સંખ્યા મૂકી છે. પારીસમાં જેટલા તારા જણાયા હતા તે હેમ્બોલ્ટને મતે ૪૧૪૬ ની સંખ્યામાં છે. એક ખગોળવેત્તાના ગ્રંથમાં આકાશમંડળના આંખે જોવાએલા તારાઓની જે ટીપણી થઇ છે તે આ પ્રમાણે છેઃ—

પહેલા વર્ગમાં...	...	...	૨૦	તારા.
બીજા વર્ગમાં...	...	...	૬૫	,,
ત્રીજા વર્ગમાં...	...	...	૨૦૦	,,
પાંચમા વર્ગમાં...	...	...	૧૧૦૦	,,
છઠ્ઠા વર્ગમાં ...	...	...	૩૨૦૦	,,
			૪૫૮૫	

આ ટીપણીમાં ચોથા વર્ગના તારાની ગણત્રી નથી, તેમાં ઝૂમખાં છે, તેને પણ સાથે મેળવી ગણત્રી કરતાં આશરે ૫૦૦૦ પાંચ હજાર તારાઓ થાય છે.

આપણે જેમ જેમ વિષુવવૃત્તની વધારે વધારે પાસે જતા જઇએ તેમ તેમ વધારે તારાઓ નજરે પડે છે. બર્લિન ને પારીસમાં જેટલા તારાઓ દેખાય છે તેના કરતાં હિંદુસ્તાનમાં વધારે દેખાય છે, કેમકે તે વિષુવવૃત્તની નજીક છે. પરંતુ અહીં પણ તેની સંખ્યા છ હજારથી તો વધારે નથી.

એકી સમયે આકાશના અર્ધા ભાગના તારાજ આપણે જોઇ શકીએ તેમ છીએ. બીજા અર્ધા ભાગના તારા બીજી બાજુના આકાશમાં હોય છે. મનુષ્યની નજરે એકી સમયે દેખાતા તારાની સંખ્યા ૩૦૦૦ ત્રણ હજારથી વધારે હોતી નથી.

અત્યાર સુધી અમે આંખેથી દેખાતા તારાનું વર્ણન કર્યું, પરંતુ જો દૂરબીનની સહાયથી ગગનમંડળ જોવામાં આવે તો આશ્ચર્ય ઉપજ્યા વિના રહેતું નથી, અને અવશ્ય કબૂલ કરવું પડે છે કે આકાશમાં તારા અસંખ્ય છે એ સિદ્ધ વાત છે. આંખે જોતાં જ્યાં એક કે બે તારા દેખાય છે ત્યાં દૂરબીનવડે જોતાં હજાર તારા દેખાય છે.

એક ખગોળવેત્તાએ આ વિષય સિદ્ધ કરવાને મિથુનરાશિના કાંઇક ભાગનાં એક બે ચિત્રો આપેલાં છે. દૂરબીન વિના જે રીતે

દેખાયું છે તે પહેલા ચિત્રમાં આપેલું છે. એ પહેલા ચિત્રમાં માત્ર પાંચ નક્ષત્રો ચીતરેલાં છે. બીજા ચિત્રમાં દૂરબીનવડે જે દેખાયું તેને પણ ચીતરેલું છે. આથી પહેલા ચિત્રમાં જે ઠેકાણે પાંચ તારા દેખાતા હતા ત્યાં ૩૨૦૫ તારા દેખાયા છે.

દૂરબીનવડે જેટલા તારા દેખાયા છે તેની સંખ્યા અને ટીપણી થઇ છે. સુવિખ્યાત સર વિલિયમ હર્સલે આ કામમાં પ્રથમ પ્રયત્ન કર્યો છે. તે હમેશાં રાતે પોતાના દૂરબીનવડે દેખાતા તારાની ગણત્રી કરી ટીપણી કરતો. ચંદ્રથી આકાશ જેટલું ઢંકાય છે તેવડા તેવડા ગગનના આઠસો ખંડો તેણે પોતાના ૩૪૦૦ વારના પ્રયત્ને તપાસી નક્કી કર્યા છે. એટલે કે તેણે નિરીક્ષણ કરેલો આકાશી ભાગ આખા આકાશનો અઢીસોમો ભાગ હતો. આકાશના આ $\frac{1}{250}$મા ભાગમાં નેવુંહજાર એટલે લગભગ એક લાખ તારાની ગણત્રી થઇ છે. બીજા એક વિખ્યાત ખગોળવેત્તાએ એવી ગણત્રી કરી છે કે આવી રીતે આખા આકાશમંડળને તપાસી તેની જો ટીપણી કરી હોય તો એંશી વર્ષ લાગે.

ત્યારપછી સર વિલિયમના પુત્ર સર જોન હર્સલે આકાશ તપાસવાનો નિશ્ચય કર્યો અને ૨૩૦૦ વાર આકાશનું નિરીક્ષણ કરી તેણે બીજા પણ ૭૦,૦૦૦ તારાની ગણના કરી છે.

બીજા એક ખગોળવેત્તાએ પોતાની ટીપણીમાં નવ વર્ગ સુધીના તારાઓ દાખલ કરેલા છે. જેમાં સાતમા વર્ગમાં ૧૩૦૦૦ તારા, આઠમા વર્ગમાં ૪૦,૦૦૦ તારા, ને નવમા વર્ગમાં ૧,૪૨,૦૦૦ તારાઓ મૂકેલા છે. આ વિના બાકીના વર્ગની સંખ્યા આગળ અપાયેલી છે. પરંતુ આ બધી સંખ્યા તો સામાન્ય છે. વાદળાં વિનાની રાત્રે નદી જેવો મોટો ધોળો લીસોટો ગગનમાં દેખાય છે, જેને આપણે આકાશગંગા કહીએ છીએ, એ આકાશગંગા દૂરબીનથી જોતાં તારાનો સમુ-

દાય લાગે છે. તે ઘણે છેટે હોવાથી તેના બધા તારા દેખાતા નથી; પરંતુ તેના તેજના એકત્ર થવાથી આકાશગંગા ધોળા રંગની દેખાય છે. તેમાં દૂરબીનથી જોતાં નાના નાના તારા દેખાય છે. સર વિલિયમ હર્સેલે ગણત્રી કરી નક્કી કર્યું છે કે આ આકાશગંગામાં એક કરોડ એંશી લાખ તારા છે.

એક ખગોળવેત્તાએ લખ્યું છે કે આખા આકાશમંડળમાં બે કરોડ તારા છે.

બીજો એક ખગોળવેત્તા લખે છે કે "મેં સર વિલિયમ હર્સેલનાં આકાશનાં તથા રાશિચક્રનાં ચિત્રો જોયાં છે, તેમજ એસેલે કટિબદ્ધ થઇ કરેલી બધી ટીપણીઓની ભૂમિકામાં કરેલી ભૂલો પણ જોઇ છે, અને છેવટે આ સંબંધી વિસેરના બાંધેલા નિયમોનો આધાર લઇ ગણત્રી કરી તો આખા આકાશમંડળમાં સાત કરોડ સત્તર લાખ તારા જણાયા છે.

આટલી સંખ્યા સાંભળતાં બુદ્ધિ કુંઠિત થાય છે. આપણે જ્યાં આકાશમાં ત્રણ હજાર તારા જોઇને અસંખ્ય ધારતા હતા ત્યાં સાત કરોડ સત્તર લાખની સંખ્યાને તો બાજુપર મૂકીએ અને માત્ર બે કરોડની સંખ્યા લઇએ તોપણ કેટલો વિસ્મય થાય ?

પણ આટલેથીજ તારાની સંખ્યા પૂરી થતી નથી. દૂરબીનની મદદવડે આકાશમાં ધુમાડા જેવા કેટલાક પદાર્થ દેખાય છે જેનું નામ "નીહારિકા" આપેલું છે. અત્યંત શક્તિવાળા દૂરબીનવડે અત્યારે જણાયું છે કે એ "નીહારિકા" કેવળ તારાઓનો સમૂહ છે. ઘણા ખગોળવેત્તાઓ કહે છે કે આંખવડે જોવાથી અથવા દૂરબીનની મદદથી જે તારાઓ આકાશમાં છૂટાછવાયા દેખાય છે તે પણ એક એક તારામંડળનો સમૂહ છે. આવી અનંત તારાવાળી આકાશગંગામાં એ

મંડળો સમાએલાં છે, ને એવો સમૂહ તેજ આકાશગંગા છે. વળી દૂરથી દેખાતી તારાના સમૂહવાળી આ 'નીહારિકા' એ પણ ભિન્નભિન્ન તારામંડળો છે. જેમ સમુદ્રને કાંઠે રેતી, ને વનમાં પાંદડાં, એ અગણિત છે, તેમ 'નીહારિકા'માં અસંખ્ય તારામંડળો છૂટાંછવાયાં પડેલાં છે. નીહારિકાની અંદર આવેલાં આ બધાં તારામંડળની ગણત્રી કરતાં તો સાત કરોડ ને સત્તર લાખની સંખ્યા ક્યાંય તણાઈજ જાય! તાત્પર્ય કે કરોડો કરોડો તારા આકાશમંડળમાં ગતિ કર્યા કરે છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. આ આશ્ચર્યકારક બનાવ જોતાં અને તે સંબંધે વિચાર કરતાં મનુષ્યબુદ્ધિ મંદ અને અશક્ત બને છે. ચિત્ત વિહ્વળ બને છે. ગગનની અમાપ સીમા પાસે માનવ બુદ્ધિબળ અસ્તપ્રાય લાગે છે.

આ કરોડો તારા બધાજ સૂર્યો છે. આપણે જે એક વસ્તુને સૂર્યને નામે ઓળખીએ છીએ તે પદાર્થ કેટલો મોટો છે? તે સંબંધે "સૂર્ય ઉપરના ઉત્પાતો"માં આપણે જોયું છે. એ સૂર્ય આપણી આ પૃથ્વી કરતાં ૧૩ લાખ ગણો મોટો છે; ને એ સૂર્ય કરતાં તારામંડળમાં રહેલા અનેક તારાઓ અનંતગણા મોટા છે; આ વાત ગણિતથી સિદ્ધ થયેલી છે. "સીરિયસ" નામનો એક તારો જે ઘણોજ નજીકમાં છે તે સૂર્યના કરતાં ૨૬૬૮ ગણો મોટો છે. કેટલાક તારાઓ જે અહીંથી સૂર્યના પ્રમાણમાં ઘણાજ ઝીણા દેખાય છે તેની ગણત્રીથી સિદ્ધ થયેલું છે કે એ તારાઓનો વિસ્તાર અતિ વિસ્મયકારક છે; અને તેનું તેજ પણ અતિ વિસ્મયકારક છે. આવા કરોડો સૂર્ય હમેશાં આકાશમાં ગતિ કર્યા કરે છે. આપણા સૂર્યને મધ્યમાં રાખી જેમ સૂર્યમંડળના ગ્રહો અને ઉપગ્રહો તેની આસપાસ ભ્રમણ કરે છે; તેમજ આ બધા સૂર્યોને ફરતાં ગ્રહો અને ઉપગ્રહોનાં મંડળો છે; એ નિઃસંદેહ વાત છે. ત્યારે આ જગતમાં કેટલા કરોડ સૂર્યો ને કેટલા

કરોડ પૃથ્વીઓ છે તે કોણ સમજી શકે? આ આશ્ચર્યજનક વાત કોની મતિમાં ઉતરી શકે? પૃથ્વીના પ્રમાણમાં જેમ તેની રેતીનો એક કણ છે; તેમ બ્રહ્માંડના પ્રમાણમાં આપણી આ સમુદ્રવેષ્ટિત પૃથ્વી છે; અથવા તે રેતીના કણ કરતાં પણ તુચ્છ છે. એ પૃથ્વીના ઉપર વળી એક પામર મનુષ્ય! અહા બ્રહ્માંડમાં તેની શી ક્ષુદ્રતા! આ વાત વાંચતાં કયો જીવ પોતાના મનુષ્યત્વનો ગર્વ કરી શકે?

ગગન વિહાર.

આપણા પુરાણુ ઇતિહાસમાં લખેલું છે કે, પ્રાચીન સમયમાં ભારતવર્ષના રાજાઓ આકાશમાર્ગે રથ ચલાવતા; પરંતુ આપણા પ્રાચીન પુરૂષોની વાતો તો નોખી હતી. તેઓ તો એક શેરીએથી બીજી શેરીએ જાય તેમ સહેલાઇથી સદેહે સ્વર્ગલોકમાં પણ જતા. સહજમાં અંજલિમાં સમુદ્રને લઇ પી જતા. કોઇ ભગવાનને શાપ આપતા; તો કોઇ તેને યુદ્ધમાં હરાવતા. આ પ્રમાણે પ્રાચીન પુરૂષોની કથાઓ તો નોખી હતી; એટલે એ વાતોને છોડી અહીં તો અમે સામાન્ય મનુષ્યોની કથા કહીશું.

સામાન્ય માણસોમાં એવી એવી જૂની વાતો ચાલે છે કે પહેલાં માણસો આકાશમાર્ગે ગમન કરતાં. કહેવાય છે કે ટૅરાંટો નગરનો રહેવાસી આર્કાઇટસ નામનો એક માણસ ૪. સ. ૮૦૦ માં એક લાકડાનું પંખી બનાવી તેવડે આકાશમાં ઉડયો હતો. ઇ. સ. ૬૬ માં સાયમન નામનો એક માણસ રોમના એક મહેલ ઉપરથી બીજા મહેલ ઉપર ઉડીને જવા સમર્થ થયો હતો. વળી 'કોન્સટાન્ટીનોપલ'ના એક મુસલમાને એવોજ શ્રમ કર્યો હતો. ઈ. સ. ૧૫૦૦ માં ડાન્ટે નામના એક ગણિતવેત્તાએ પાંખો બનાવી, પોતાને શરીરે વળગાડી, એક જળાશય ઉપરથી આકાશમાર્ગે મુસાફરી કરી હતી, પણ એમ કરતાં કરતાં એક દહાડો તે ઉંચી મેડી ઉપર પડયો અને તેનો પગ ભાગ્યો. ઑલીવર નામનો એક ઇંગ્રેજ પણ એવીજ દશા પામ્યો હતો. ઇ. સ. ૧૬૩૮ માં સૉલ્ડવીન નામના એક માણસે કેળવેલા હંસોની મદદથી ઉડવાનો યત્ન કર્યો હતો. ઇ. સ. ૧૬૭૮ માં બેનીયર નામનો એક ફ્રેંચ હાથે પગે પાંખો બાંધી ઉડયો હતો. ઇ. સ.

૧૭૧૦ માં ગુજમાન નામનો એક ફ્રેંચ લાકડાનું એક પક્ષી બનાવી તેમાં વાયુ ભરી, તેની પીઠપર બેસી આકાશમાં ઉડ્યો હતો. માર્કવીસડે પોતાની મેડીપરથી ઉડવાની મહેનત કરતાં નદીમાં પડ્યો હતો, અને એવીજ દશા એક બીજો માણસ પણ પામ્યો હતો.

ઇ. સ. ૧૭૬૧ માં રસાયનવિદ્યામાં વિખ્યાત ડૅાક્ટર બ્લૅક જાહેર કર્યું કે હાઇડ્રોજન વાયુ ભરેલી ચીજ આકાશમાં ઉડી શકે. પ્રોફેસર કોબાલૅાએ આનો પ્રયોગ કરી નક્કી કર્યું; પરંતુ ત્યારે પણ વિમાનની કલ્પના આવી ન હતી.

વિમાનને સૌ પહેલો બનાવનાર મૅાન્ટ ગૅાલ્ફીર નામનો ફ્રેંચ હતો; પણ તેણે હાઇડ્રોજનની મદદ લીધી ન હતી. તેણે પહેલાં એક શણની કોથળી બનાવી અંદર કાગળ ચોટાડ્યા, અને અંદર ઉનો વાયુ ભર્યો. ઉનો વાયુ હલકો હોય છે; એટલે કોથળી ઉંચે ઉડી. પ્રોફેસર ચાર્લ્સે હાઇડ્રોજન ભરેલું પહેલવહેલું વિમાન બનાવ્યું; અને એગ્લોબ નામના વિમાનમાં કહેલો વાયુ પૂરી વિમાન ઉડાડ્યું. તે વિમાનમાં હિંમત કરી કોઇ માણસ બેઠું નહતું. રાજપુરૂષો જીવહત્યાની બીકે કોઇને વિમાનમાં બેસવા દેતા નહિ. એ વિમાન કેટલુંક ઉંચું ઉડી ફાટયું, અને હાઇડ્રોજન નીકળતાં તે ભોંયપર પડ્યું અને ગોનેસ નામના ગામડામાં પડ્યું. આવું કદિ ન દીઠેલું પંખી જોઇ ગામડીયા ભય પામ્યા, અને કોલાહલ મચાવી મૂકયો.

અનેક ગામડીયાઓ તેને જોવા એકઠા થયા, અને કહેવા લાગ્યા કે, “શી રીતે આ જંતુ આકાશમાંથી નીચે આવ્યું ?” બે પાદરીઓ બોલ્યા કે: “આ તો કોઇ અલૌકિક જીવના દેહનું ચામડું છે.” આ સાંભળી ગામવાસીઓ તેનાપર ઢેફાં અને ગોદા મારવા લાગ્યા; ને માન્યું કે તેમાં ભૂત કે રાક્ષસ છે. આથી ગામના માણસો ભૂતને શાંત કરવા ટોળેટોળાં મળી મંત્રપાઠ સાથે ગામની પ્રદક્ષિણા કરવા

લાગ્યાં; કે જેથી મંત્રબળે ભૂત ભાગી જાય! હવે ભૂત છે કે નહિ? એ જાણવા માટે ફરી ધીરે ધીરે બધા ત્યાં આવ્યા; તથાપિ ભૂત જાય નહિ. વાયુના સ્પર્શે તે જરા જરા હાલતું હતું. આથી એક ગામડીયા વીરે આવી હિંમત કરી તેના ઉપર બંદુક છોડી; એટલે વિમાનમાં છિદ્ર પડતાં વાયુ ધીરે ધીરે બહાર નીકળવા માંડ્યો, અને ભુતનું શરીર સંકોચાવા લાગ્યું! આથી વધારે હિંમતવાન થઇ બીજાએ શસ્ત્રનો ઘા કર્યો, ત્યારે ચીરામાંથી વધારે પ્રમાણમાં હાઇડ્રોજન બહાર નીકળ્યો, તેની ગંધથી ભય પામી પેલો બહાદુર રણક્ષેત્ર છોડી પલાયન કરી ગયો! પરંતુ આ રાક્ષસનું લોહી તો વાયુ હતો, તે ચીરામાંથી તમામ બહાર નીકળ્યો અને ભૂત છિન્નમસ્તક બકરાની પેઠે તરફડી મરી ગયું. પછી પેલો બહાદુર પુરૂષ પાછો આવી તેને પોતાના ઘોડાના પૂંછડા સાથે બાંધી ઢસડી ગયો! જો આપણા દેશમાં આવું બન્યું હોત તો દેવદેવીઓની માનતાઓ થાત; અને ચંડીપાઠ કરતાં બ્રાહ્મણોને પણ કંઇક લાભ થાત. ત્યાર પછી મૉન્ટ ગોલ્ફીરે ફરી ઉષ્ણ વાયુ ભરેલું વિમાન બનાવી બર્સેલ્સથી છોડ્યું, તેમાં હાલનાં વિમાનોની પેઠે એક રથ વળગાડવામાં આવ્યો હતો, પરંતુ ત્યારે પણ સાથે માણસ નહોતું, એ રથમાં એક ઘેટો, એક કૂકડો અને એક હંસ ઉંચાં ચડ્યાં હતાં. તેઓ આનંદે આકાશવિહાર કરી પાછાં સદેહે મર્ત્યલોકમાં આવ્યાં હતાં. તેઓ પુણ્યવાન જીવો એમાં તો સંદેહ નહિ!

હવે વિમાન સાથે માણસો ઉડવા તૈયાર થયાં; પણ જીવહત્યાની શંકાએ ફ્રાંસનો અધિપતિ તેમને રજા આપતો નહિ. તેનો મત એ થયો કે જેને ન્યાયની કોર્ટે પ્રાણદંડની સજા કરી હોય તેને વિમાનમાં ચડાવવો, એટલે મરે તો ભલે મરે. આ સાંભળી એક વિજ્ઞાનવેત્તાને તો બહુજ માઠું લાગ્યું કે "આકાશમાર્ગે પ્રથમ સફર કરવામાં શું આવું ગૌરવ છે? ને તે શું આવા દુરાચારી નરાધમના

કપાળમાં ધટે?" આ પછી એક માણુસ રાણીની મદદથી રાજાની રજા મેળવી વિમાનમાં ચડયો હતો, અને નિર્વિઘ્ને પાછો ઉતર્યો હતો, પરંતુ બે વર્ષ પછી વિમાનમાં ચડતાં નીચે પડીને મરણુ પામ્યો હતો. એ ભલે પણુ પહેલવહેલો ગગનમાં જનાર તેજ માણુસ કહી શકાય. દુષ્યન્ત, પુરૂરવા, કૃષ્ણુ, અર્જુન વગેરેને મનુષ્યો કહેવા એ તો અતિ ધૃષ્ટતાનું કામ છે, વળી લંકાથી વિમાનમાં બેસી સમુદ્ર પાર કરી પાંચમા વાયુના રસ્તાવડે અયોધ્યામાં આવનાર રામચંદ્ર પણુ મનુષ્ય નહિજ. નહિ તો તેમને આ માન આપવામાં અમને હરકત ન હતી.

ત્યાર પછી ચાર્લ્સ અને રૉબર્ટસ એ બે જણા છ લાખ માણસોની સમક્ષમાં રાજમહેલ પાસેથી હાઇડ્રોજન ભરેલા વિમાનથી ઉંચે ચડયા, અને ૧૪૦૦૦ હજાર ફૂટ લગી ઉંચા ચડયા.

આ પછી વિમાનમાં બેસવું સાધારણુ થયું. પરંતુ વિજ્ઞાનનાં તત્ત્વોની તપાસ માટે જેઓએ આકાશમાર્ગે મુસાફરી કરી હોય તેજ આપણે માટે વિશેષ ઉપયોગી છે. તેમાં ઇ. સ. ૧૮૦૪માં ઉંચે ચડેલ ગાઇલુકાસની મુસાફરી વધારે પ્રસિદ્ધ છે. તે એકલો ૨૩૦૦૦ હજાર ફૂટ ઉંચે ચડી ઘણાં વિજ્ઞાનનાં તત્ત્વોની તપાસ કરી આવ્યો હતો. ઇ. સ. ૧૮૩૬ માં ગ્રીન અને હૉલાંડ સાહેબ પંદર દિવસનો ખોરાક વગેરે વિમાનમાં લઇ ઇંગ્લાંડમાંથી આકાશમાં ચડયા હતા. તેઓ સમુદ્ર ઓળંગી અઢાર કલાકમાં જર્મનીના વિલ્બર્ગ નામના શહેર પાસે ઉતર્યા હતા. ગ્રીન ઘણો પ્રસિદ્ધ વિમાની હતો, તેણે લગભગ ૧૪૦૦ વાર ગગનપ્રયાણુ કર્યું હતું અને ત્રણુ વાર સમુદ્ર ઓળંગ્યા હતા. એટલે કલિયુગમાં પણુ રામાયણુમાં વર્ણુવ્યા પ્રમાણે દૈવીબળવાળાં કાર્યો ફરી કરાયાં છે. ગ્રીન બે વાર સમુદ્રમાં પડયો હતો, અને નિપુણુતાથી બચ્યો હતો. પરંતુ જણાય છે કે-જેમ્સ-ગ્લેસર કરતાં કોઇ વધારે

ઉંચો ચડી શકયો નથી. તે ઇ. સ. ૧૮૬૨ માં વુલવરહામ પટ્ટનથી ચડી સાત માઇલ ઉંચો ચડયો હતો. તેણે સેંકડોવાર ગગનમાં ભ્રમણ કરી અનેક વૈજ્ઞાનિક તત્ત્વોની તપાસ કરી હતી. હાલમાં અમેરિકાના વિમાની વાઇઝ સાહેબે અમેરિકાથી એટ્લાંટીક મહાસાગર ઓળંગી યુરોપમાં આવવાના પ્રયાસે વિમાનયાત્રા કરી હતી; પરંતુ માર્ગમાં વાવાઝોડામાં પડવાથી તેને નીચે ઉતરવું પડયું હતું, છતાં એ સાહસ વિસ્મયકારક હતું.

વાચકોને વિમાનયાત્રાનું સુખ જાતે અનુભવ કર્યા વિના યથાર્થ સમજાય તેમ નથી, પરંતુ વિમાનીઓએ આકાશમાં ચડી શું શું જોયું? તે તેમના રચેલા ગ્રંથોમાંથી સંગ્રહ કરી આ સ્થળે કહેતાં વાચકોનો કંઇક અસંતોષ ઓછો કરાશે. સમુદ્રનો અર્થ આપણે અપાર પાણીનો સમૂહ સમજીએ છીએ, પરંતુ જે વાતાવરણે પૃથ્વી વીંટાએલી છે તે પણ મહાન વિશાળ મહાસાગર છે, અને પાણીના સમુદ્ર કરતાં તે અનંત ગણો છે. આપણે એ વાયુસમુદ્રના તળીયાના જીવો છીએ. આ વાયુ-સમુદ્રમાં પણ વાદળાના અનેક બેટો, વાયુનાં ઝરણો વગેરે છે, તે બાબ-તમાં કાંઇક જાણવું હાનિકારક નથી.

વિમાન થોડું ઉંચે જતાં તે વાદળાંને ભેદીને ઉડે છે. વાદળાંનું આવરણ આવતાં વિમાનીઓથી પૃથ્વી દેખાતી નથી, અથવા કદાચિત્ દેખાય તો નીચે અખંડ અનંત બીજી પૃથ્વી જેવી વાદળાંએ વીંટા-એલી દેખાય છે. આ પૃથ્વીનો ગોળો વરાળ ભરેલા વાતાવરણે વીંટાએલો છે. જો બીજા ગ્રહોમાં જ્ઞાનવાળાં પ્રાણીઓ વસતાં હોય તો તેઓ પૃથ્વી ઉપરનું વાદળાંનું આવરણજ દેખી શકે; પરંતુ પૃથ્વી તેમને ઘણે ભાગે ન દેખાય. તે રીતે આપણે પણ બૃહસ્પતિ વગેરે ગ્રહોનાં વાદળાંનાં આવરણો કે જે તડકાથી તેજસ્વી થયેલાં હોય છે તેનેજ દેખી શકીએ છીએ. હાલના ખગોળવેત્તાઓનું આ રીતે અનુમાન છે.

આ રીતે પૃથ્વીથી સંબંધ રહિત થઇ વાદળાંના ઉપર સ્થિર થઇને જોઇએ તો સર્વત્ર જીવરહિત અને ગતિરહિત લાગે. મથાળે આકાશ ગાઢ અંધકારમય! એ અંધકાર પણ આશ્ચર્યમય છે. આકાશ વસ્તુતઃ ગાઢ અંધકારમય છે. એનો રંગ ઘાટો કાળો છે. અમાવાસ્યાની રાત્રિએ દીપરહિત ઘરમાં તમામ બારીબારણાં બંધ કરી જોતાં જેવો અંધકાર જણાય છે તેવોજ આકાશનો વાસ્તવિક રંગ છે. તેમાં સ્થળે સ્થળે પ્રચંડ તેજવાળા તારાઓ છે, પરંતુ તેના પ્રકાશથી અનંત આકાશનો અનંત અંધકાર નષ્ટ થતો નથી. કેમકે એ બધા તારાઓ અત્યંત દૂર રહેલા છે. આમ છતાં પણ આપણે આકાશને અંધકારમય ન દેખતાં ઉજ્જવળ દેખીએ છીએ તેનું કારણ વાયુ છે. સૌ જાણે છે કે સૂર્યનો પ્રકાશ સાત રંગવાળો છે. પાસાવાળા લોલકના કાચથી એ રંગો જુદા દેખાય છે. વાયુ જડ પદાર્થ છે; પરંતુ એ પદાર્થ પ્રકાશને રોકતો નથી. વાયુ સૂર્યપ્રકાશના બીજા સાતે રંગોને આવવા દે છે; પરંતુ કાળા રંગને અટકાવે છે. એ અટકાવાયેલો કાળો રંગ વાયુથી પ્રત્યાઘાત પામે છે. એ પ્રત્યાઘાત પામેલા રંગવાળી પ્રકાશરેખા આપણી આંખોમાં પેસવાથી આપણને આકાશ ઉજ્જવળ નીલરંગનું દેખાય છે; અંધકારમય દેખાતું નથી. પરંતુ* પૃથ્વીથી જેટલું ઉંચે ચડાય તેટલા વાતાવરણના થરો ઓછા થતા હોવાથી ગગનનો ઉજ્જવળ નીલ વર્ણ તેટલા પ્રમાણમાં ઓછો દેખાય છે, અને આકાશનો કાળો રંગ તે પ્રમાણે વધારે વધારે દેખાતો જાય છે. આથી ઉંચે ચડતાં ગાઢ અંધકાર દેખાય એ વાત સ્પષ્ટ છે.

એ રીતે માથા ઉપર ગાઢ અંધકાર, પગતળે મોટાં શિખરવાળી પર્વતમાળાઓપર શોભતાં વાદળાંઓ, તે પર્વતમાળાઓ પણ વાદળાંઓ

* કોઈ કોઈ કહે છે કે વાયુમાં રહેલી વરાળથી પરાવર્તન પામતાં નીલ રંગનાં કિરણોને લીધે આકાશ ઉજ્જવળ નીલ રંગનું દેખાય છે.

જેવી અને વાદળો પણ પર્વત ઉપર પર્વત અને તેના ઉપર પર્વતની પેઠે દેખાય છે. આ વાદળોના પર્વત કોઇ તો વચ્ચેથી કાળા અને પડખાંએ તેજવાળા; કોઇ તેજે ભીંજાઇ રહેલા; કોઇ શ્વેત પત્થરે બનાવ્યા હોય તેવા; કોઇ જાણે હીરાથી બનાવેલા; આવા આવા વાદળોના પર્વત (મેઘો)માં થઇને વિમાન ચાલે ત્યારે નીચે મેઘ, ઉપર મેઘ, દક્ષિણે મેઘ, ઉત્તરે મેઘ, સંમુખમાં મેઘ અને પાછળ પણ મેઘ જોવાય છે. ક્યાંક વળી વિજળી પણ ચમકે છે, ક્યાંક વાવાઝોડું થાય છે, ક્યાંક વૃષ્ટિ થાય છે, તો ક્યાંક બરફ પણ પડે છે. મૉન્સ્યોર ફ્રૉનંવીલ, એક વાર એક મેઘમાંથી વિમાનમાં થઇ પસાર થતો હતો, તેનું કરેલ વર્ણન વાંચતાં સમજાય છે કે જેમ મોંગીરને રસ્તે પર્વતમાં પસાર થતાં વાદળાંનાં વૃન્દોમાં ચાલવું પડે છે તેમ વાદળાંમાં વિમાનથી પસાર થતાં અનુભવવું પડે છે.

વિમાનથી આ વાદળાંનાં વૃન્દોમાં સૂર્યોદય અને સૂર્યાસ્ત અતિ આશ્ચર્યકારક દેખાય છે. પૃથ્વીમાં તેવો દેખાવ ક્યાંય દેખાવાનો સંભવ નથી. વિમાનમાં બેઠેલા અનેક માણસોએ એક દહાડામાં બે વાર સૂર્યાસ્ત જોયો છે, અને કોઇ કોઇએ એક દહાડામાં બે વાર સૂર્યોદય જોયો છે. એક વાર સૂર્યાસ્ત અને રાત્રિનો આરંભ દેખીને ફરી તેથી વધારે ઉંચે ચડતાં બીજી વાર સૂર્યાસ્ત દેખી શકાય; અને એક વાર સૂર્યોદય જોઇ ફરી નીચે ઉતરતાં તેજ દિવસનો ફરી વાર સૂર્યોદય દેખી શકાય.

વિમાન ઉપરથી જ્યારે પૃથ્વી ઉપર નજર નાખીએ છીએ ત્યારે તે મોટા ચિત્રપટ જેવી સપાટ દેખાય છે. ઉંચી મેડીઓ, વૃક્ષો, ટેકરા ટેકરીઓ અને નીચેના વાદળાંઓ એ બધાંજ, જાણે સપાટ જમીન ઉપર ચિત્ર ચિતર્યાં હોય તેના જેવાં લાગે છે. મોટાં મોટાં શહેરો જાણે ગોઠવેલા નાના નાના ફોટોગ્રાફો ચાલ્યા જતા હોય એવો

ભાસ થાય છે. મોટા મોટા દેશો નાનકડા નેસડા જેવા દેખાય છે. નદીઓ ધોળા લાંબા લૂગડા જેવી અને કોઇક તો કાળા સર્પો જેવી દેખાય છે. મોટાં વહાણો અને આગબોટો બાળકોએ રમત માટે બનાવેલાં હોડકાં જેવાં દેખાય છે. જેઓ લંડન અથવા પારીસ ઉપર ઉડેલા છે; તેઓ નીચેનું દશ્ય જોઇ મુગ્ધ થયા છે; અને તે દેખાવની પૂરેપૂરી પ્રશંસા કરવા શક્તિમાન થયા નથી. ગ્લેશર સાહેબ લખે છે કે–"મેં લંડન ઉપર ઉડતાં ઉડતાં જોયું તો એકજ વખતે ત્રીસ લાખ માણસોનાં નિવાસગૃહો મને દૃષ્ટિએ પડયાં, રાત્રિ-સમયે એ મહા નગરીઓના રાજરસ્તા ઉપર પ્રકટાવેલી દીપમાળાઓ અત્યંત મનોહર લાગતી હતી."

જેઓ પર્વત ઉપર ચડયા છે તેઓ જાણે છે કે જેમ જેમ ઉંચે ચડાય તેમ તેમ ગરમી ઘટતી જાય છે. સીમલા, દાર્જીલીંગ વગેરે ટેકરીપર આવેલાં સ્થાનોની શીતળતાનું કારણ એજ છે; અને હિમાલય બરફનું આલય છે તે પણ તેજ કારણથી. આથી વિમાનમાં જેમ જેમ ઉંચે ચડતા જઇએ તેમ તેમ શીતળતા અનુભવાય છે. ગરમી, ઉષ્ણુતામાપક-યંત્ર (થરમા–મેટર) વડે મપાઇ શકે છે. તે યંત્રમાં અંશો પાડેલા હોય છે. માણસના શરીરની ગરમીનું માપ ૯૮$\frac{1}{2}$ અંશ (ડીગ્રી) છે. ૨૨૦ ડીગ્રી ગરમીએ પાણીની વરાળ થાય છે; અને ૩૨ ડીગ્રી ગરમીએ પાણી બરફરૂપે બને છે.

પૂર્વના વિજ્ઞાનશાસ્ત્રીઓ કહેતા કે, ૩૦૦ ફૂટ ઉંચે ચડતાં ગરમી એક ડીગ્રી ઓછી થાય છે. ૬૦૦ ફૂટ ચડતાં બે ડીગ્રી ઓછી થાય છે, પરંતુ ગ્લેશર સાહેબે બહુ વારની પરીક્ષાએ નક્કી કર્યું છે કે ઉંચે ગરમી ઘટવાનું પ્રમાણુ આવા સરળ નિયમાનુસાર નથી. આસપાસની સ્થિતિ પ્રમાણે ગરમીની વધઘટ થાય છે. જેમકે વાદળાં હોય તો ગર-મીનો ઘટાડો ઓછો થાય છે, કેમકે વાદળાં તાપ અટકાવી તેને શોષી

હે છે. વળી દિવસના ભાગમાં જે રીતે ગરમીનો ઘટાડો થાય છે. તેવી રીતે રાત્રિમાં બનતું નથી. ગ્લેશીઅર સાહેબે પરીક્ષાનું પરિણામ નીચે પ્રમાણે જણાવ્યું છેઃ—

પૃથ્વી ઉપરથી ૧૦૦૦ ફૂટ લગીમાં વાદળાંવાળી સ્થિતિમાં ગરમી ૪.૫ ડીગ્રી ઓછી થાય છે. પણ વાદળાં ન હોય તો ૬.૨ ડીગ્રી ઘટે છે. ૧૦૦૦૦ ફૂટ લગીમાં વાદળાંવાળી સ્થિતિમાં ગરમી ૨.૨ ડીગ્રી ઘટે, પણ વાદળાં ન હોય તો ૨ ડીગ્રીજ ઘટે છે. ૨૦૦૦૦ ફૂટ ઉંચાઇએ વાદળાંવાળી સ્થિતિએ ગરમી ૧.૧ ડીગ્રી ઘટે, પરંતુ વાદળાં ન હોય તો ૧.૨ ડીગ્રી ઘટે છે. ૩૦૦૦૦ ફૂટ ઉંચાઇએ કુલ ગરમી ૬.૨ ઘટે છે. ગરમી ઘટવાનો હેતુ ઉંચે જતાં ઠેકાણે ઠેકાણે બરફનાં કણો દેખાય છે, અને કયારેક તો તે વિમાનમાં પડે છે. ઉંચે ચડતાં શીતળતા ઘણીવાર વિમાનીઓને દુઃખદાયક થઇ પડે છે, એટલુંજ નહિ પણ ઘણીવાર તેમના હાથપગ અશક્ત બની જઇ તેમાંનું ચેતન હરાઇ જાય છે.

વાતાવરણના ઉપરના ભાગમાં તાપ ઓછો હોવાનાં કારણો જોતાં તપેલા અથવા તપી શકે એવા પદાર્થોનો અભાવ એજ તેનું કારણ છે એમ સમજાય છે. નહિ તો ઉપલક નજરે જોતાં એમ લાગે કે જેમ જેમ ઉપર ચડીએ તેમ તેમ સૂર્ય નજીક આવતો હોવાથી ગરમી વધારે લાગવી જોઇએ, પણ વિચાર કરતાં જણાય છે કે ત્યાં તપે એવી વસ્તુ કયી? ભૂમિ તો ઘણે છેટે રહી, વાયુ પણ ઘણો પાતળો રહ્યો, ત્યાં તપે શું? દશબાર રૂનાં ધોકડાં એક બીજા ઉપર ગોઠવીને જોઇશું તો સૌથી ઉપરના ધોકડા કરતાં નીચેનું ધોકડું દબાઇ વધારે ઘાટું થયું હશે. તે પ્રમાણે નીચેનો વાયુ પણ ઉપરના વાતાવરણના થરોને લીધે ઘાટો રહે છે; અને ઉપરનો વાયુ હલકો રહે છે. પૃથ્વી ઉપર એક ચોરસ ઇંચ જગો ઉપર વાયુનો ભાર સાડાસાત શેર છે. આપણા માથા ઉપર રાતદહાડો એ

હિસાબે વાયુનો ભાર આપણે વહન કરીએ છીએ. ત્યારે તેની કશી પીડા આપણને કેમ જણાતી નથી ? એનો ઉત્તર એ છે કેઃ—અગાધ જળમાં ફરતા માછલાને તેની ઉપર રહેલા અપાર જળનો ભાર જેમ લાગતો નથી, તેમ આપણને વાતાવરણનો ભાર જણાતો નથી. જે વાયુ ઘાટો હોવાથી ભારે હોય તે નીચે રહે છે, અને જે વાયુ પાતળો હોવાથી હલકો હોય તે ઉપર ચડે છે. વિમાનીઓએ પરીક્ષા કરીને જાણ્યું છે કે સાડાસાત માઇલ ઉંચે ચડયા પછી વાયુનો ભાર અર્ધો ઓછો થાય છે, અને પાંચ માઇલની ઉંચાઇએ $\frac{2}{3}$ ભાર લાગે છે. આથી જેમ જેમ ઉંચે જવાય તેમ તેમ શ્વાસોચ્છ્વાસ માટે અત્યંત કષ્ટ વધતું જાય છે. મોન્સ્યુર–ફ્લૅામોરી, દશ હજાર ફૂટ ઉંચે ચડયો હતો તેથી તેને જે કષ્ટનો અનુભવ થયો, તે તે નીચે પ્રમાણે વર્ણવે છેઃ–

"સાત વાગે મારા શરીરમાં કદિ ન અનુભવેલી એવી શીતળતા જણાવા લાગી. તેની સાથે મને તંદ્રા આવવા લાગી. શ્વાસોચ્છ્વાસ પણ મહા કષ્ટે લેવાતા. કાનમાં શંશં અવાજ થવા લાગ્યો, અને અર્ધી મીનીટમાં તો મને હૃદ્રોગ થયો હોય એમ જણાવા લાગ્યું. કંઠ સૂકાતો હતો, આથી મેં એક પ્યાલો પાણી પીધું. તેથી કાંઇક લાભ થયો. જે સીસામાં જળ હતું, તેનો બુચ ખોલતાં જેમ શૅંપનના સીસાનો બુચ ખોલતાં અવાજ થઇ બુચ ઉડી દૂર જઇ પડે તેમ અહીં પણ થયું. આનું કારણ સહેલાઇથી સમજી શકાશે, તે ઠેકાણે માથાપરના વાતાવરણના થરોનો એક ભાગ ઓછો થયો હતો, અને તેથી વાયુનું દબાણ ઓછું થતાં સીસામાં રહેલા વાયુના બળે બુચ ઉડી પડયો હતો."

બે ત્રણવાર ગગનમાર્ગમાં જા–આવ કરવાથી, આ બધાં કષ્ટો ટેવથી સહન થઇ શકે છે; પરંતુ વધારે ઉંચે જતાં સહનશીલ માણુસને પણ કષ્ટ થાય છે. ગ્લેશર સાહેબ આ બધાં કષ્ટોમાં બહુ સહન-

શીલ હતો, પરંતુ છ માઇલ ઉંચે જતાં તે પણ મરવા જેવો ચેતનારહિત થઈ ગયો હતો. ૨૯૦૦૦ ફૂટ ઉંચે જતાં તેની દષ્ટિ જોવામાં અશક્ત થવા લાગી, અને થોડીવારમાં તો તે ઉષ્ણતામાપક યંત્રમાંની ડીગ્રીઓના આંકડા અને સામેની ઘડીયાળના કાંટાઓ જોવાને પણ શક્તિમાન્ રહ્યો નહિ. તેણે ટેબલ ઉપર પોતાનો એક હાથ રાખ્યો, જ્યારે હાથ રાખ્યો ત્યારે શક્તિપૂર્ણ હતો, પણ થોડીવાર પછી તે હાથ ઉઠાવવા અશક્ત બન્યો, તેની શક્તિ જાણે દબાઇ ગઇ. તેણે જોયું તો બીજો હાથ પણ આવીજ રીતે પરવશદશામાં હતો. તેણે પોતાનું શરીર હલાવ્યું; પરંતુ જણાયું કે તેને હાથ પગજ નથી! ધીમે ધીમે તેનાં અંગો અશક્ત થઈ ગયાં, ડોક ભાંગી ગઇ હોય તેમ માથું ઢળી પડ્યું, અને આંખો એકદમ આંધળી બની ગઇ. આ રીતે તેને એકદમ મૃત્યુનો ભય લાગ્યો. પછી વિમાન ચલાવનારે વિમાન નીચે ઉતાર્યું; ત્યારે તે પાછો ચેતના પામ્યો.

વિમાન નીચે શી રીતે ઉતરે છે? તે હવે વિચારીએ-વિમાનની ગતિ બે પ્રકારની છે. પહેલી ઉંચેથી નીચે અથવા નીચેથી ઉપર. બીજી ગતિ આસપાસની દિશાઓમાં. જેમ ગાડું, ઘોડું વગેરે આપણી ધારેલી દિશા તરફ ચાલે, તેમ વિમાન પણ ઇચ્છિત દિશાઓ ભણી ચાલી શકે એવાં અધીન બન્યાં નથી.* વાયુજ એનો ખરેખરો સારથિ છે. તે જે દિશામાં વાતો હોય તે દિશાએ વિમાન ચાલે છે. છતાં ઉંચેથી નીચે કે નીચેથી ઉપર જવાની ગતિ મનુષ્યના હાથમાં રહે છે. વિમાનમાંનો ભાર ઓછો કરતાં તે ઉંચે ચડે અને આસપાસના વાયુ કરતાં ભારે થતાં વિમાન નીચું ઉતરે છે. વિમાન નીચેની હોડીમાં

* હવે તો આસપાસ કે નીચે ઉપર જવા આવવાની ગતિ ઉપર પણ કાબુ મેળવવામાં આવ્યો છે અને હાલના મહાન યુદ્ધમાં દરેક રાજ્ય એવાં હજારો વિમાનોના કાફલાનો ઉપયોગ કરે છે. મંત્રી.

કેટલીક રેતીની થેલીઓ રાખે છે, તેમાંની કેટલીક ફેંકી દેતાં પહેલાં કરતાં વિમાન હલકું થાય છે એટલે તેને ઉંચે ચડાવાય છે, અને જે હલકા વાયુથી વિમાન ભરેલું છે તેમાંનો કંઈક ભાગ કાઢી નાખતાં વિમાન નીચે ઉતરે છે. વાયુ કાઢવા માટે વિમાનના ઉપરના ભાગમાં એક છિદ્ર રાખે છે, અને તેનું મોં બાંધી રાખે છે. એ બાંધેલું મોં છોડતાં હલકો વાયુ થોડે થોડે બહાર નીકળે છે, અને વિમાન નીચે ઉતરે છે.[1]

આસપાસની દિશાઓમાં વિમાનને ચલાવવું એ મનુષ્યને સ્વાધીન વાત નથી; પરંતુ તે વાયુની મદદ મેળવવા શક્તિવાન્ છે. આશ્ચર્યની વાત એ છે કે વાતાવરણના જુદા જુદા થરોમાં જુદી જુદી દિશા ભણી વાયુનાં વહનો નિરંતર ચાલ્યા કરે છે. જ્યારે વિમાની પૃથ્વી ઉપર વાયુ દક્ષિણ તરફ વાતો જોઇ વિમાનમાં ચડે છે, ત્યારે થોડેજ ઉંચે ચડતાં તે જોઈ શકે છે કે એ થરનો વાયુ ઉત્તર દિશા ભણી વહે છે, વળી થોડે ઉડતાં પૂર્વ કે પશ્ચિમના વાયુનાં વહન આવે છે. કયા થરમાં કયે વખતે કયી દિશા ભણી વાયુ વહે, એ જો માણસો જાણી રાખે તો વિમાન મનુષ્યનું આજ્ઞાધીન થાય. જેઓ આ વિષયમાં નિપુણ છે તેઓ કયારેક કયારેક વાયુની ગતિ નક્કી કરી ઇચ્છેલી દિશાએ ગતિ કરી શકયા છે. ઈ. સ. ૧૮૬૮ ના ઑગસ્ટમાં મોન્સ્યુર-ટીસોન્દર, કેલે નગરથી “ નેપત્યુન ” નામના વિમાનમાં ચડયો હતો, થોડે ઉંચે જતાં જોયું કે તેના વિમાનની ગતિ ઉત્તર સમુદ્ર તરફ થાય છે. આવા અનંત મહાસાગર ઉપર સાંઝને વખતે મુસાફરી કરવી યોગ્ય ન હતી. પરંતુ ત્યાં બીજો એક પણ ઉપાય નહતો. આ

૧ વિમાનને ચલવવાની એ આગલી રીતોમાં તેમજ વિમાનોની રચનામાં પણ આ નિબંધ લખાયા પછીથી બહોળા ફેરફારો થઇ ગયેલા છે.

મંત્રી.

સંકટમાં તેણે નીચે જોયું તો નીચેનાં વાદળાં દક્ષિણ દિશામાં જતાં જોયાં, એટલે તેણે એકવીશ માઇલ સમુદ્ર ઉપર ગયા છતાં પણ વિમાનનો હલકો વાયુ થોડો ઓછો કરી વિમાનને નીચે ઉતાર્યું. વાયુના એ થરમાં દક્ષિણ દિશા ભણીનું વહન હતું તેમાં આવતાંજ વિમાન સડસડાટ દક્ષિણ દિશા ભણી ચાલ્યું, અને ફરી પાછું ભૂમિપર આવ્યું; પરંતુ જો તેણે બુદ્ધિ ચલાવીને નીચે ઉતાર્યું ન હોત અને સંધ્યા થઇ રાત્રિનો અંધકાર આવ્યો હોત તો વાદળાંની ઘટનામાં નીચેનું ભૂમિતળ દેખી શકત નહિ. એ દશામાં તેનું વિમાન ક્યાં જાત! અકસ્માત્ નીચે આવતાં તે ગંભીર સાગરમાંજ આવી પડત.

ઉત્તર સમુદ્રમાં ઉડતાં તેને કેટલાંક અદ્‌ભૂત પ્રતિબિંબો દેખાયાં. તેણે જોયું કે સમુદ્રમાં જે બધી આગબોટો ચાલે છે તેનાં પ્રતિબિંબો ઉંચેનાં વાદળોમાં દેખાય છે, એ વાદળોમાં જાણે એવોજ સમુદ્ર ચીતરેલો છે. એ ચીતરેલા સમુદ્રમાં નીચેની વાસ્તવિક આગબોટો જેવી આગબોટો ચાલે છે, એ આગબોટોનાં તળીઆં ઉપર છે; અને મથાળાં નીચે છે. જાણે ઉંધી આગબોટો ચાલતી નહોય! આ પ્રમાણે એ મોટા દર્પણ જેવો મેઘરાશિ સમુદ્રનું પ્રતિબિંબ પણ ગ્રહણ કરી રહેલો છે.

મોન્સ્યુર ફ્લેમારિયે એક વધારે આશ્ચર્યકારક ચિત્ર પ્રતિબિંબમાં જોયું હતું. દિવસના ભાગમાં તે વિમાનમાં ચડયો હતો, અને પાંચ હજાર ફૂટની ઉંચાઇએ તેનું વિમાન હતું. તેણે પોતાનાથી સો ફૂટ દૂરનાં વાદળાંમાં એક બીજુંજ વિમાન જોયું. એ બીજા વિમાનનો આકાર પણ પોતાના વિમાનના જેવોજ હતો. જેવો પોતાના વિમાનની નીચે સામાન અને હોડી બાંધેલી; તેવોજ પેલા બીજા વિમાનમાં પણ. એ વિમાનમાં પણ બે માણસો બેઠેલાં હતાં. વળી વધારે નવાઇની વાત તો એ હતી કે એ બે માણસના અવયવો પણ તેના

વિમાનનાં માણસોના જેવાજ. આથી મોન્સ્યુર ફ્લોમારિયે આશ્ચર્ય પામી પોતાનો જમણો હાથ ઉંચો કર્યો તો સામે રહેલા વિમાનના ફ્લોમારિયે ડાબો હાથ ઉંચો કર્યો. આ વિમાનના બીજા માણસે પતાકા ઉડાવી તો સામેના વિમાનના બીજા માણસે પણ તેમ કર્યું. વળી વધારે આશ્ચર્યની વાત તો એ હતી કે એ સામેના વિમાનની હોડીની ચારે બાજુ અપૂર્વ રંગનું તેજ દેખાતું હતું. વચ્ચેના ભાગમાં લીલું અને શ્વેત રંગનું પ્રભામંડળ ચળકતું હતું. તેની પાસે ઓછું આસમાની પ્રભામંડળ ને તેની સમીપ પીળા રંગની ચટકીઓ. તેની પછી નારંગી અને લાલ રંગના પટ્ટા. એ પ્રમાણે રંગો દેખાઇ છેલ્લે તે વાદળોમાં મિશ્રિત થઇ ગયા.

આ વૃત્તાન્ત વિસ્તારથી સમજાવવાનું આ નાના નિબંધમાં સ્થાન ન હોવાથી અહીં તો એટલુંજ કહેવું યોગ્ય છે કે વાદળાંમાં રહેલાં જળકણોની અંદર સૂર્યનાં કિરણો પડવાથી આ રંગોની છટા જોવામાં આવતી હતી.

આ પૃથ્વીના શબ્દો સહેલાઇથી ગગનમાં ગતિ કરે છે; પણ તે બધી વખતે તો નહિજ. તેમજ બધા શબ્દોની ગતિ પણ સરખા પ્રમાણમાં ઉંચે થતી નથી. વાદળાં અવાજની ગતિનો રોધ કરે છે. ગ્લેશર સાહેબે ચાર મૈલ ઉંચેથી રેલવે ટ્રેનનો અવાજ સાંભળ્યો હતો, અને વીશ હજાર ફુટની ઉંચાઇએથી તોપનો અવાજ તેને કાને પડ્યો હતો. એક કૂતરાનો અવાજ તેણે બે મૈલ ઉપરથી સાંભળ્યો હતો. પરંતુ ચાર હજાર ફુટ ઉપરથી મનુષ્યોનો કોલાહલ સંભળાતો નથી. મોન્સ્યુર ફ્લોમારિય આકાશમાંથી પૃથ્વી પરનાં વાજીંત્રોનો નાદ તો ઘણી વાર સાંભળતો, અને તેને એમ ભાન થતું કે જાણે વાદળોમાંથી કોઇ સુંદર પ્રકારનું સંગીત ચાલી રહ્યું છે !

ઘણાને માલુમ છે કે જ્યારે પારીસને ઘેરો ઘાલ્યો હતો; ત્યારે વિમાન રસ્તે પારીસમાંથી ગામડાંના પ્રદેશમાં ટપાલ જતી. કેળવેલાં

કબૂતરો એ વિમાનમાં ચડાવાતાં. તેને પૂંછડે ઉત્તરો બંધાઇ આવતા. ભારના ઓછાપણા માટે એ બધા પત્રો ફોટોગ્રાફની મદદથી ઝીણા અક્ષરે લખાતા, એટલે એક મોટો પત્ર પણ જરીકમાં સમાઇ જતો. એ પત્રો વાંચતી વખતે સૂક્ષ્મદર્શક યંત્રનો ઉપયોગ થતો. આ સ્થળે સ્થળ-સંકોચને લીધે એ આશ્ચર્યકારક તત્ત્વો વિસ્તારથી અમે લખી શકતા નથી.

છેલ્લે એ કહેવાનું કે વિમાનો હજુ જવા આવવાના સાધારણ ઉપયોગમાં લેવાય, કે મરજી પડે તે સ્થળે લઇ જવાય એટલાં બધાં સ્વાધીન બન્યાં નથી. પ્રોફેસર સાહેબ કહે છે કે વિમાનવડે હજુ લગી એ ઉદ્દેશ સિદ્ધ થયો નથી. મનુષ્ય કદિ ઉડી શકશે કે નહિ? તે વિષેનાં તત્ત્વોનું મોન્સ્યુર ફ્લોમારિયે વિસ્તારથી વિવેચન કરેલું છે. એક દહાડો મનુષ્યો અવશ્ય પક્ષી પેઠે ઉડી શકશે એમ તે જણાવે છે. પરંતુ તે પોતાને બળે તો નહિજ. જ્યારે મનુષ્યો પાંખો અથવા પાંખોનું કામ કરનારાં યંત્રો બનાવશે અને તેને વરાળ કે વિજળીના બળથી ચલાવશે, ત્યારે તે પંખીઓની પદવીને પ્રાપ્ત કરશે એવો સંભવ છે. દેલોમ નામના એક ફ્રેંચે માછલીના આકારના એક વિમાનની કલ્પના કરેલી છે. તેણે વિવેચન કરેલું છે કે તેની મદદથી મનુષ્યો ઇચ્છા પ્રમાણે આકાશમાર્ગે જા આવ કરી શકશે, પરંતુ એ જાતના વિમાનથી હજુ લગી કશું ફળ પ્રાપ્ત થયું નથી× તેથી અત્ર તેનું વર્ણન કરેલું નથી.

× આગળ ટીપણીઓમાં જણાવવામાં આવ્યા પ્રમાણે આ સર્વ બાબતો બની ચુકી છે, એટલુંજ નહિ પણ હિંદથી ઇંગ્લાંડ માત્ર બે દિવસમાં વિમાનોદ્વારા ટપાલ પહોંચાડવાની યોજના પણ એક વિદ્વાને જાહેર કરી છે. આ પ્રમાણે સર્વ હકીકત છતાં આ લેખ આ પુસ્તકમાં લેવો માત્ર એટલા માટે પણ સાર્થક છે કે એમાં વિમાનોની શોધનો પ્રથમથી અને જાણવા જેવો ઇતિહાસ હોવા સાથે વિમાનમાં ઉડનારને દેખાતા દેખાવો તથા અનુભવાતી બીજી બાબતોનું વર્ણન પણ સારૂં આપેલું છે. મંત્રી.

ધૂલિ (ધૂળ)

ધૂળના જેવો સાધારણ પદાર્થ વિશ્વમાં બીજો નથી. પ્રોફેસર ટીન્ડોલે ધૂળના ઉપર એક લેખ લખ્યો છે. આ લેખ મોટો ને મુશ્કેલીથી સમજાય તેવો છે. તેને ટુંકામાં સહેલાઇથી સમજાવવું એ કઠણ કામ છે, જેથી અમે માત્ર ટુંકામાં ટીન્ડોલ સાહેબે કહેલા સિદ્ધાંતોનેજ અહીં લખીશું. એ વિષે જેને વધારે જાણુવાની ઇચ્છા થાય તેણે એ મૂળ નિબંધ વાંચવો.

૧—ધૂળ એ પૃથ્વીમાં સર્વવ્યાપક પદાર્થ છે. આપણે બધું ગમે તેટલું સ્વચ્છ રાખીએ તો પણ ધૂળ તેને છોડે તેમ નથી. ગમે તેટલી તમે મોટાઇ કરો પણ ધૂળથી તમે જરા પણ છૂટો નહિ. જે પવનને અત્યંત ચોકખો કહી વર્ણવે છે તે પણ ધૂળથી પરિપૂર્ણ છે. છાંયડામાં પડતા ચાંદરણાંમાં જોશો તો જે ધૂમાડા જેવું દેખાય છે તે શું છે ? જે વાયુને તમે સ્વચ્છ કહો છો તેમાં પણ તે ધૂળનાં રજકણો તો ઉડતાંજ હોય છે. બધે વ્યાપેલું વાતાવરણ એ રીતે ધૂળથી ભરેલું છે. આ હકીકત જાણવા માટે પ્રોફેસર ટીન્ડોલના ઉપદેશની જરૂર નથી. કારણ કે તે સૌએ જોયેલી છે. પ્રોફેસર ટીન્ડોલે ઘણા ઉપાયોવડે વાયુને સ્વચ્છ કર્યો હતો. અનેક યંત્રોમાં પ્રવાહી દ્રાવક પદાર્થો ભરી તેમાંથી વાયુને પસાર કરી—ગાળી—પરીક્ષા કરી હતી. પરંતુ છેવટે જણાયું કે એમ સ્વચ્છ કરેલો વાયુ પણ ધૂળથી પરિપૂર્ણ હોય છે. એ રીતે ધૂળ એ સર્વત્ર વ્યાપેલો અદૃશ્ય પદાર્થ છે, કેમકે તેનાં કણો બહુજ સૂક્ષ્મ છે. તાપમાં પણ તે દૂરબીન વડે જોઇ શકાતાં નથી પરંતુ તેનો રંગ વિજળીના દીવાના પ્રકાશ કરતાં પણ ઉજળો

છે. જેણે વાયુમાં પ્રકાશનાં કિરણો નાખીને જોયું છે તેમને ધૂળનાં રજકણોનો ચળકાટ દેખાયો છે. ગમે તેટલા યત્ને લોકો સાફસુફ કરે, પણ જ્યાં વાતાવરણજ ધૂળે ભરેલું છે, ત્યાં શી રીતે ધૂળને અટકાવી શકે ? આથી ધુળ નિવારણ કરવી અશક્ય છે, એમ કહેવાની જરૂર નથી. છાંયડામાં તેજનું ચાંદરણું પડતું ન હોય તો ઉડતી ધૂળ દેખાતી નથી, પરંતુ ત્યાં વિજળીના પ્રકાશનાં કિરણો નાખવામાં આવે તો ધૂળ દેખી શકાય છે. આપણે વાતાવરણમાંથી ક્ષણે ક્ષણે જે શ્વાસ લઇએ છીએ તે પણ ધૂળથી ભરપૂર હોય છે. વાયુમાં રહેલો ધૂળનો સમૂહ રાત્રિદિવસ બધી વસ્તુઓ ઉપર વરસ્યાજ કરે છે. પીવાનું પાણી આપણે ગમે તેટલું સ્વચ્છ કરીએ તોપણ ધૂળવાળુંજ રહેવાનું. નળમાંથી આવનારૂં પાણી ગમે તેટલી ગળણીઓ કે ફિલ્ટરો મૂકીને સ્વચ્છ કરવામાં આવે તોપણ તે ધૂળ રહિત બનતું નથી.

૨–એ ધૂળનો સમૂહ વાસ્તવિક રીતે ધૂળ નથી. તેનો મોટો ભાગ જીવન્ત પદાર્થો છે. ઉપર જે અદૃશ્ય ધૂળની વાત કહી, તેમાંનો ઘણો ભાગ ઝીણા ઝીણા જીવોનો છે. જે કણો જીવવાળા નથી તે ઘણે ભાગે ભારવાળા હોય છે અને તેથી તે વાયુમાં ઉંચા ઉડી શકતા નથી. આપણે દરેક શ્વાસે સેંકડો આવા ઝીણા જીવો શરીરમાં લઇએ છીએ. પાણી સાથે હજારોને પી જઇએ છીએ. રાક્ષસની પેઠે અનેક જીવોને આપણે ખોરાકમાં લઇએ છીએ. લંડનમાં આઠ ગળણીઓ-(ફિલ્ટરો) માં થઇને ગાળેલા પાણીને ટીન્ડોલ સાહેબે તપાસ્યું હતું, એ પરથી તેમણે એવો સિદ્ધાંત કર્યો છે કે “ પાણીને સંપૂર્ણ રીતે ચોકખું કરવું, એ મનુષ્યની શક્તિ બહારનું કામ છે; જે પાણી સ્ફટિકના પ્યાલામાં હીરાની કણીઓ જેવું સ્વચ્છ લાગતું હોય તે પણ ધૂળ અને જીવોથી પૂર્ણ હોય છે. ”

૩—આ સર્વવ્યાપક ધૂળનાં રજકણો રોગોનાં મૂળ છે. હમણાં એવો મત પ્રચલિત થયો છે કે એક જાતનાં જીવન્ત રજકણોથી ચેપી રોગો ફેલાય છે. આ મત ભારતવર્ષમાં હજી લગી પ્રબળ છે, યૂરોપમાં એ હજી પ્રસરતો જાય છે. પ્રોફેસર ટીન્ડોલની ખાત્રી થઈ છે કે ચેપી રોગ ફેલાવાનું કારણ સજીવ રોગોત્પાદક જંતુઓ (Malaria) છે. આ રોગોત્પાદક જીવન્ત જંતુઓ વાયુમાં અને પાણીમાં મળેલાં હોય છે; ને તે દ્વારા શરીરમાં પ્રવેશ કરે છે. પ્રાણીઓનું શરીર અસંખ્ય જંતુઓનું રહેઠાણ છે. જેમકે વાળમાં લીખો, પેટમાં કરમીઆ, અને ક્ષતમાં કીડા, એ મનુષ્ય શરીરમાં રહેલાં અનેક જંતુઓનું ઉદાહરણ છે. પશુઓનાં ગાત્રમાં પણ જંતુઓનો નિવાસ છે. જીવતત્ત્વવેત્તાઓએ નક્કી કર્યું છે કે પૃથ્વીમાં, પાણીમાં ને વાયુમાં જેટલી જાતના જીવો છે, તેના કરતાં વિશેષ જાતિના જીવો બીજાં પ્રાણીઓના શરીરમાં વાસ કરીને રહેલ છે; જેને આપણે રોગોત્પાદક જીવંત જંતુઓ (Germs) કહ્યાં છે. પ્રાણીના શરીરમાં પેઠેલાં રોગોત્પાદક જીવંત જંતુઓમાંથી તેવાંજ બીજાં જંતુઓ પેદા થાય છે. એ જીવોની ઉત્પાદક શક્તિ પણ અતિ ભયાનક હોય છે. જે પ્રાણીના શરીરમાં એ રીતે રોગોત્પાદક જીવંત જંતુએ પ્રવેશ કર્યો હોય તેને ચેપી રોગો થાય છે. જુદા જુદા રોગોનાં જુદાં જુદાં જંતુઓ છે. પ્લેગનાં જંતુઓ પ્લેગ ઉપજાવે છે, શીતળાનાં જંતુથી શીતળા નીકળે છે, ક્ષયનાં જંતુથી ક્ષય થાય છે, ને મેલેરિયાનાં જંતુથી મેલેરિયા જ્વર આવે છે.

૪—રોગોત્પાદક જીવંત જંતુઓથી માત્ર ચેપીરોગોનો ફેલાવો થાય છે એમજ નથી; પરંતુ ક્ષત (ઘા કે ચાંદું) રૂઝાય નહિ, પરૂ પેદા થાય, દુર્ગંધી ઉપજે, ને છેવટે રોગો અસાધ્ય જેવા થાય એ પણ જંતુઓનોજ પ્રભાવ છે. એ જંતુઓ ધૂળમાં રજકણોરૂપે રહેલા છે. ક્ષતનું મોં એવી રીતે ઢાંકી રાખવું કે જેથી અદૃશ્ય ધૂળનાં

રજકણો તેમાં પ્રવેશી શકે નહિ. વાસ્તવિક રીતે કહીએ તો ડોક્ટરોનાં શસ્ત્રોની ધારદ્વારા પણ ક્ષતમાં ધૂળનાં કણ પ્રવેશ કરે છે. ડૉક્ટરો ગમેતેટલાં શસ્ત્રો સ્વચ્છ કરે, પરંતુ અદૃશ્ય ધૂળનાં કણો તો કોઇ રીતે અટકાવી શકાતાંજ નથી. આનો એક સરસ ઇલાજ છે, ને ઘણે ભાગે ડૉક્ટરો તેનોજ આધાર લે છે. એ ઇલાજ તે કાર્બોલિક એસિડ નામે એક પ્રવાહી પદાર્થ છે. એ એસિડ રોગોત્પાદક જીવંત જંતુનો નાશ કરે છે. આ એસિડને પાણી સાથે મેળવીને જો ક્ષતના મોંપર સીંચવામાં આવે તો તેમાં પેઠેલાં તમામ રોગોત્પાદક જીવંત જંતુઓ મરણ પામે છે. ક્ષતના મોંપર ચોકખું રૂ બાંધવાથી પણ ઘણો લાભ થાય છે, કેમકે રૂ એ વાયુને સ્વચ્છ કરવાનો અને જંતુને અટકાવવાનો એક સરસ ઇલાજ છે.

આર્યજાતિનું સૂક્ષ્મ શિલ્પ.

કોઈ મનુષ્ય કહે છે કે આ સંસારમાં સુખ નથી, વનમાં ચાલો, ભોગ મૂકી દો ને મુક્તિ પ્રાપ્ત કરો. કોઈ કહે છે કે એમ નથી. સંસાર સુખમય છે. ધૂર્ત્તોની ધૂર્ત્તવિદ્યાપર ધ્યાન ન દેતાં ખાઓ, પીઓ ને આનંદે ફરો. જે લોકો સુખના અભિલાષી છે તેનામાં પણ મતભેદો છે. કોઇ કહે છે કે ધનમાં સુખ છે, કોઈ કહે છે કે મનમાં સુખ છે, કોઈ કહે છે કે ધર્મમાં સુખ છે, તો કોઈ કહે છે કે અધર્મમાં સુખ છે. કોઇને કાર્યમાં સુખ લાગે છે, તો કોઇને જ્ઞાનમાં સુખ લાગે છે. પરંતુ એવો મનુષ્ય એક પણ નહિ હોય કે જેને સુંદરતામાં સુખ લાગતું ન હોય. સંસારમાં સૌ કોઈ સુંદર સ્ત્રીની ઇચ્છા કરે છે. સુંદર કન્યાનું મુખ જોતાં સૌનું મન પ્રસન્ન થાય છે. સુંદર બાળકને જોતાં સૌનું મન મુગ્ધ થાય છે. સુંદર પુત્રવધૂ મેળવવાને કોઇ કોઈ તો દ્રેશ માથે કરે છે. સુંદર ફૂલો ચૂંટી શય્યામાં રાખવાનું મન સૌને થાય છે. બહુ મહેનતે જે ધન મેળવ્યું હોય તે ખરચીને સુંદર મકાન બંધાવવાની અભિલાષા સૌ કોઇને હોય છે; અને એ મકાનમાં સુંદર સુંદર સામાન રાખી મકાનને સુંદર દેખાડવાને ઇચ્છતા ઘણાને જોયા છે. એને માટે કેટલાક તો દેવાં પણ કરે છે. સુંદર લૂગડાંલત્તાંથી સૌ કોઈ સુંદર દેખાવાનો યત્ન કરતાં જણાય છે. પંખીઓ પણ સુંદર દેખીને પળાય છે. બાગમાં પણ સુંદર વૃક્ષો વવાય છે ને સુંદર બાગ બનાવાય છે. સુંદર મુખનું સુંદર હાસ્ય જોવાને માટે સોના અને રત્નોનાં સુંદર આભૂષણો સુંદરીઓને પહેરાવાય છે. આમ સૌ રાતદહાડો સૌંદર્યની તૃષ્ણાએ પીડાતા જોવાય છે, પરંતુ કોઇએ કદિ પણ એ બાબતપર

ધ્યાન આપેલું નથી માટે અમે આ વાત અહીં આટલા વિસ્તારથી વર્ણવી છે.

આ સૌંદર્યની તૃષ્ણા જેવી બલવાન છે તેવીજ વખાણવાયોગ્ય અને પોષણ કરવા યોગ્ય છે. મનુષ્યનાં જેટલા પ્રકારનાં સુખો છે તેમાં આ સુખ સર્વથી ઉત્કૃષ્ટ છે; કેમકે પહેલાં તો તે પવિત્ર, નિર્મલ અને પાપના સંસર્ગ વિનાનું છે. સૌંદર્યનો ઉપભોગ એ કેવળ માનસિક ઉપભોગ છે; માનસિક સુખ છે. ઇંદ્રિયસુખની સાથે તેનો જરા પણ સંબંધ નથી. એ સત્ય છે કે સુંદર વસ્તુ અનેક વખતે ઇંદ્રિયતૃપ્તિની સાથે સંબંધ રાખે છે, પરંતુ સૌંદર્યથી ઉપજેલું સુખ ઇંદ્રિયોની તૃપ્તિથી ભિન્ન છે. રત્નજડિત સુવર્ણના પ્યાલાથી પાણી પીતાં જેવી રીતે તરસ મટી જાય છે તેવીજ રીતે માટીની કુલડીથી કે રામેયાથી પાણી પીતાં પણ તરસ મટે છે, પરંતુ સુવર્ણના પ્યાલાથી જે કાંઇ આનંદ થાય છે તે સૌંદર્યજનિત માનસિક સુખ છે. બીજું તીવ્રતામાં જે સુખ છે તે સર્વના કરતાં ચડતું છે; જેઓને કુદરતી પદાર્થોની શોભા જોવાનો શોખ છે અથવા જેઓ કાવ્યરસના ભોગી છે, તેઓ આ વાતનાં ઉદાહરણો છે. સૌંદર્યનો ઉપભોગ કરતાં જે સુખ ઉપજે છે તે એટલું તો તીવ્ર છે કે ઘણી વાર અસહ્ય પણ લાગે છે. વળી બીજાં સુખો વારંવાર ભોગવતાં તે પર કંટાળો આવે છે પરંતુ સૌંદર્યજનિત સુખ તો વારંવાર *નવું નવુંજ લાગી આનંદ આવ્યા કરે છે.

આથી જે માણસો મનુષ્યજાતિ માટે આ જાતનું સુખ વધારનારા છે તેમને મનુષ્યજાતિના ઉપકાર કરનારામાં સર્વથી ઉચ્ચ સ્થાન મળવું જોઇએ. એ સત્ય છે કે જે ભીખારી ખંજરી વગાડી, ભજન

---

* સૌંદર્યનું લક્ષણ બાંધતાં મહાકવિ માઘ પણ કહે છે કેઃ—
“क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपं रमणीयतायाः” ક્ષણે ક્ષણે જે નવું નવું લાગે છે તેજ રમણીયતા (સૌંદર્ય)નું સ્વરૂપ છે.

ગાઇ મૂકી ભીખ લઇ ચાલ્યો જાય છે તેને કોઇ પણ માણસ મનુષ્ય-જાતિના ઉપર ઉપકાર કરનારો માનશે નહિ, પરંતુ જે વાલ્મીકિએ રામાયણ લખી કરોડો મનુષ્યોના અક્ષય સુખને માટે–ચિત્તના ઉત્કર્ષને માટે–દીર્ઘકાળ માટે ઉપાય કરેલો છે, તેને યશના મંદિરમાં યૂરોપના ન્યૂટન, હાર્વી, વૉટ અને જેનરથી નીચું આસન આપવું યોગ્ય ગણાય તેમ નથી. લેકી, મેકોલે, વગેરે અનેક અસારગ્રાહી લેખકોના અનુયાયી થઇને ઘણા માણસો કવિના કરતાં તો જોડા શીવનાર મોચી પણ ઉપકારક છે એમ માનીને તેને ઉંચે આસને બેસારે છે, અને એવા મૂર્ખાના દલમાં હાલના કેટલાક અહીંના અર્ધશિક્ષિત યુવાનો પણ ભળે છે, પરંતુ તેઓએ સમજવું જોઇએ કે વિલાયતમાં રાજપુરુષમણિ ગ્લેડસ્ટન, સ્કૉટલાંડમાં હ્યુમ, સ્મિથ, હંટર અને કાર્લાઇલ હોવા છતાં પણ વૉલ્ટર સ્કૉટને સર્વના કરતાં ઉંચે સ્થાને બેસાડેલ છે.

મનુષ્યના અભાવોની પૂરણીને વાસ્તે જેમ નોખી નોખી શિલ્પ-વિદ્યાઓ છે; તેમ સૌંદર્યની આકાંક્ષાઓ પૂર્ણ કરવાને માટે પણ અનેક વિદ્યાઓ છે. સૌંદર્ય ઉત્પન્ન કરવાના વિવિધ ઉપાયો છે. એ ઉપાયોના ભેદ પ્રમાણે એ વિદ્યાઓએ ભિન્ન ભિન્ન રૂપો ધારણ કરેલાં છે.

આપણે જે જે સુંદર વસ્તુઓ જોઇએ છીએ તેમાં કેટલીક તો કેવળ રંગમાત્ર છે અન્ય કાંઇજ નથી; જેમકે આકાશ. કેટલીક વસ્તુ-ઓમાં રંગ ઉપરાંત આકાર પણ હોય છે, જેમકે પુષ્પ. કેટલીક વસ્તુ-ઓમાં રંગ ને આકાર ઉપરાંત ગતિ પણ હોય છે, જેમકે હરિણ. કેટલીક વસ્તુઓમાં રંગ, આકાર, ગતિ ને તે ઉપરાંત શબ્દ પણ છે; જેમકે કોયલ. મનુષ્યોમાં તો વર્ણ, આકાર, ગતિ શબ્દ અને તે ઉપરાંત અર્થયુક્ત વાણી પણ છે. આથી સૌંદર્ય ઉત્પન્ન કરવાની જે સામગ્રીઓ છે તેમાં વર્ણ, આકાર, ગતિ, શબ્દ અને અર્થવાળી વાણી શ્રેષ્ઠ છે.

જે સૌંદર્ય ઉપજાવનારી વિદ્યાનો આધાર કેવળ વર્ણ (રંગ) માત્ર છે તે 'ચિત્રવિદ્યા' કહેવાય છે.

જે સૌંદર્ય ઉપજાવનારી વિદ્યાનો આધાર આકાર છે, તેના બે ભેદ છે; સ્થાપત્ય, અને ભાસ્કર્ય. જડ વસ્તુઓના આકારનું સૌંદર્ય જે વિદ્યાનો ઉદ્દેશ્ય છે તે 'સ્થાપત્ય' કહેવાય છે. અને ચેતન કે ઉદ્‌ભિજ (વનસ્પતિ) નું સૌંદર્ય જે વિદ્યાનો ઉદ્દેશ્ય છે તે 'ભાસ્કર્ય' કહેવાય છે.

જે સૌંદર્ય ઉપજાવનારી વિદ્યાનો આધાર ગતિ છે તે વિદ્યા 'નૃત્ય' વિદ્યા કહેવાય છે.

જે સૌંદર્ય ઉપજાવનારી વિદ્યાનો આધાર શબ્દ માત્ર છે તેને 'સંગીત' કહે છે.

વાક્ય જ જેનો આધાર છે તે સૌંદર્ય ઉપજાવનારી વિદ્યાનું નામ 'કાવ્ય' છે.

આ રીતે કાવ્ય, સંગીત, નૃત્ય, ભાસ્કર્ય, સ્થાપત્ય અને ચિત્ર, એ છ સૌંદર્યને ઉપજાવનારી વિદ્યાઓ છે. એ છએ સૌંદર્ય ઉપજાવનારી વિદ્યાઓનું જે સમૂહવાચક નામ પ્રચલિત છે તેને "**સૂક્ષ્મ શિલ્પ**" એવું નામ આપવામાં આવેલું છે.

સૌંદર્ય ઉપજાવનારી આ છ વિદ્યાઓ મનુષ્ય જીવનને શોભાવી સુખપૂર્ણ બનાવે છે. ભાગ્યહીન વર્તમાન ભારતવાસીઓના નશીબમાં આ સુખોનો ઉપભોગ હજી લખેલો જણાતો નથી. આ 'સૂક્ષ્મ શિલ્પ' સાથે તેમને મહાન વિરોધ લાગે છે. આ વિદ્યાઓ પ્રતિ આ દેશના લોકોનો બહુજ અનાદર કે તિરસ્કાર જણાય છે. આથી આપણા દેશના લોકો વાસ્તવિકરીતે સુખી થવુંજ જાણતા નથી.

અમે સ્વીકારીએ છીએ કે આમાં બધો દોષ દેશના લોકોનો પોતાનોજ છે એમ નથી; એમાં કેટલોક દોષ અમારા સમાજની રીતિઓનો તથા સમાજની નીતિઓનો પણ છે. અમે બાપદાદાની ડહેલી છોડીને બહાર નીકળતાજ નથી. અમે અમારી ડહેલીમાંજ અનેક સંતાનોની ટૂકડી લઇને કીડીઓની પેઠે ઉભરાયા કરીએ છીએ.

આથી મુસાફરીના અભાવને લીધે સહ્રાઇ અને સૌંદર્યનાં સાધનો અમે જોયાં પણ નથી કે જાણતા પણ નથી. કેટલોક દોષ અમારી ગરીબ હાલતનો પણ છે. સૌંદર્યનાં સાધનો ધન વિના મળી શકતાં નથી, અને ઘણાની પાસે ઘર સંસાર ચલાવવા પૂરતાં પણ નાણાં નથી. તેમાં વળી સમાજબંધનોને લીધે સ્ત્રીઓને પહોં, માબાપના દહાડા ને વરસીઓ, તેમનાં શ્રાધ્ધો ને સંવત્સરીઓ, સ્ત્રીની અધરણી ને છો-કરાનું જનોઇ વગેરે કરવાં પડે છે. એવા વ્યવહારિક ખર્ચો કર્યા વિના અમને ચાલતું નથી. પછી ભલે ભાડે લીધેલું મકાન શ્વાનશાળા જેવું હોય અને ગંદકીમાં દિનરાત પડયું રહેલું પડતું હોય ! પણ વ્યવહારમાં એક રતિ માત્ર પણ કરકસર કરે તો માઠું લાગે ! એવી સામાજિક રીતિ છે. મરજી હોય તો પણ સમાજના નિયમોનું હિંદુઓથી ઉલ્લંઘન બની શકતું નથી. કાંઇક દોષ હિંદુ આચારનો પણ છે. જેથી કિંમતી આરસપહાણનો ચોકો પણ ગાયના છાણે લીંપ્યા વિના પવિત્ર ગણાતો નથી ! એ આચારની કૃપાવડે સૂક્ષ્મ શિલ્પની દુર્દશા થાય તો તે સંભવિત છે.

આ બધી વાતો સ્વીકારતાં છતાં પણ અમે દોષથી મુક્ત થઇ શકીએ તેમ નથી. જે યુરોપીઅન કલાર્કનું કામ કરી મહીને સો રૂ-પિયાના પગારમાં ગુજારો કરતો હશે તેના ઘરની શોભા અને સ્વચ્છતા જુઓ, અને બીજો એક વાણીઓ ગૃહસ્થ દર વર્ષે દુકાનમાં ૨૦,૦૦૦ નફો મેળવે છે તેના મકાનની શોભા ને સ્વચ્છતા નિહાળો, એટલે આપણા લોકોની સૌંદર્ય પ્રતિ કેટલી પ્રીતિ છે તે સમજાશે. આપણામાંથી પણ અત્યારે કોઇ કોઇ ધનાઢ્યો અંગ્રેજોની નકલ કરીને અંગ્રેજોની પેઠે મકાનો શણગારતાં શીખ્યા છે—કેમકે હિંદવાસીઓ નકલ કરવામાં તો સરસ છે—પરંતુ તેમનાં ચિત્રો, સ્થાપત્યો ને ભાસ્કર્યો જોતાંજ સમજાશે કે આ તે સૌંદર્યપ્રીતિના અંતરના સ્નેહે કામ કરેલું છે કે

દેખાદેખીએ ભભકો મારેલો છે ? આપણા લોકોને સૌંદર્યનો અનુરાગ નથી ને તેને લીધે સારા માઠાની પિછાન પણ નથી. અહીં તો સમજ એટલીજ કે મોંઘી વસ્તુઓ પ્રદર્શન માટે ભેગી કરવી; અને તે જેમ બને તેમ પુષ્કળ ભેગી કરી એટલે બસ. ભાસ્કર્ય ને ચિત્રની વાતને જવા દો. કાવ્યના સંબંધે પણ આપણા લોકોમાં ઉત્તમ કે અધમ પારખવાની શક્તિ જણાતી નથી, આ વિષયમાં તો શિક્ષિત અને અશિક્ષિત બંને સરખાજ જણાય છે અથવા તો બહુજ થોડો ફેર છે. નૃત્ય અને ગીતની વિદ્યા તો હિંદમાંથી જાણે ચાલીજ ગઇ છે. સૌંદર્યનો વિચાર કરવાની શક્તિ તથા સૌંદર્યરસનો સ્વાદ લેવાનું સુખ જાણે વિધાતાએ આ દેશના હાલના લોકોના લલાટમાં લખ્યું જ ન હોય એમ લાગે છે.

પ્રાચીન ભારતવર્ષની રાજનીતિ.

મહાભારતના સભાપર્વમાં દેવર્ષિ નારદે યુધિષ્ઠિરને પ્રશ્ન પૂછવાને બહાને કેટલીક રાજનીતિનો ઉપદેશ કરેલો છે. તે ઉપરથી પ્રાચીન ભારતવર્ષમાં રાજનીતિ કેટલી ઉન્નતિ પામી હતી તે સમજાય છે. વળી મુસલમાનો કરતાં હિંદુઓ ઉત્તમ રાજનીતિજ્ઞ હતા એ સમજવામાં પણ સંદેહ રહેતો નથી. પ્રાચીન રોમનો અને હાલના યુરોપિયનો સિવાય બીજી કોઇ જાતિએ એટલી ઉન્નતિ એ વિષયમાં મેળવી નથી. ભારતવર્ષના રાજાઓ બીજી બધી જાતો કરતાં વધારે સમય પોતાના ગૌરવની રક્ષા કરી શક્યા હતા તેનું કારણ પણ તેઓની આ રાજનીતિજ્ઞતાજ હતું. હિંદુઓનો ઇતિહાસ જોઇએ તેવો મળતો નથી, એટલે એક એક રાજકર્ત્તાનાં ગુણગાન કરી સો સો પાનાં લખવાનો બીજો કોઇ ઇલાજ નથી, પરંતુ તેમનાં કરેલાં કાર્યો આપણે જે જોઇએ છીએ તે પરથી અનેક વાતો કરી શકાય તેમ છે. મૌર્યવંશી ચંદ્રગુપ્ત સાથે પૃથ્વીના કયા રાજપુરૂષની તુલના કરી શકાય તે વિષે વિચારીએ. અલેકઝાંડર—સીકંદરે જીતેલા ભરતખંડના એક ભાગનો પુનરુદ્ધાર કરી તક્ષશિલાથી તામ્રલિપ્ત સુધીનું સામ્રાજ્ય મેળવી તેણે મહાન કીર્તિ સ્થાપેલી છે. વિશ્વવિખ્યાત સેલ્યુકસે પણ તેની તાબેદારી સ્વીકારી તેને પોતાની પુત્રી પરણાવી હતી. (વિવાહ તો હિંદુ હોઇને તેણે ઠીક કર્યો લાગે છે!) જગતના ઇતિહાસમાં સામ્રાજ્ય સ્થાપન કરનાર તરિકે ત્રણ જણા મશહૂર છે. શાર્લમાન, બીજો ફ્રેડરિક અને પહેલો પીટર. આ ત્રણ રાજાઓની પંક્તિમાં અકલેઝાંડર, નેપોલિયન કે ક્રોમ્વેલ બેસી શકે નહિ. કેમકે તેમની કીર્તિ તો તેમના મરણ લગીજ ટકી છે અથવા તો ત્યાં લગી પણ નહિ. મહમ્મુદ ગીજ-

નીનું પણ તેમજ સમજવું. વળી આરબનું સામ્રાજ્ય તથા મોગલ સામ્રાજ્ય કોઇ એકજ માણસનાં સ્થાપેલાં હતાં નહિ, પરંતુ મગધનું સામ્રાજ્ય તો એક ચંદ્રગુપ્તેજ સ્થાપેલું ને તેના વારસોમાં સ્થાયી ટકેલું હતું; જેથી આપણે ચંદ્રગુપ્તને શાર્લમાન, ફ્રેડરિક અને પીટરની પંક્તિમાં ઉંચે સ્થાને બેસારી શકીએ છીએ.

અમે ઉપર નારદનાં ઉપદેશ વાક્યો સંબધી જે ઉલ્લેખ કર્યો છે તેમાં એવાં અનેક તત્વો છે કે રાજનીતિકુશળ અંગ્રેજો પણ જો તેને ગ્રહણ કરીને વર્ત્તન કરે તો તેમને અવશ્ય લાભ થાય. આ બધાં રાજનીતિ-વચનોને અનુસારે હિંદુઓ સર્વત્ર સર્વ પ્રકારે ચાલતાજ, એવું કદાપિ કહેવાય નહિ; પરંતુ આવાં નીતિતત્ત્વો તેઓને સ્ફુર્યાં હતાં એ પણ થોડું વખાણવાયોગ્ય નથી. જે ઠેકાણે તેની ઉત્પત્તિ થઇ હોય તે ઠેકાણે તેનો કાંઇક ભાગ આચરણમાં પણ હોય એમાં સંશય કરવો યોગ્ય નથી. પ્રાચીન ભારતવર્ષમાં રાજનીતિની કેટલે સુધી ઉન્નતિ થઇ હતી, તેની અહીં થોડી તપાસ કરવામાં હાનિ નથી. આ વિષે અમે નારદનાં વચનોમાંથી થોડું ઉતારશું. આ હકીકત કોઇ કોઇ વાચકોએ કદાચ વાંચી હશે તો પણ એના ફરી વાંચનમાં આનંદ આવશે.

નારદે પૂછ્યું:—“ મહારાજ ! તમારા રાજ્યમાં ખેતી, વેપાર, કિલ્લા-ઓની મરામત, પૂલો બાંધવા, આવકખર્ચ તપાસવાં, પ્રજાને ન્યાય આપવો, રાજ્યમાં ફરી પ્રજાની સ્થિતિ તપાસવી, એ આઠ પ્રકારનાં રાજ્યકાર્યો તો સારી રીતે ચાલે છે ને ? *તમારા પ્રધાનોની ગુપ્ત મસલતો શત્રુના કપટી દૂતો જાણી જતા તો નથી ને ? મિત્ર, શત્રુ

* कच्चिन्न कृतकर्दूतैर्ये चाप्यपरिशंकिताः ॥
त्वत्तो वा तव चामात्यैर्भिद्यते मंत्रितं तथा ॥
मित्रोदासीनशत्रूणां कच्चिद् वेत्सि चिकीर्षितम् ॥
कच्चित् संधिं यथाकालं विग्रहं चोपसेवसे ॥ (सभापर्व अ.५।२४।२५)

અને તટસ્થ રાજાઓની બધી હીલચાલો તમે જાણુતા તો રહો છો ને ? સંધિ કે વિગ્રહની પ્રવૃત્તિ કરવામાં તમે સમય જોઇને વર્તો છો કે ? ઉદાસીન અથવા તટસ્થ રાજાઓ તરફ મધ્યસ્થ ભાવ ગ્રહણ કરો છો કે ? તમને અનુસરે એવા, વૃદ્ધ, ઉંચ કુળ ને જાતના, પવિત્ર સ્વભાવના, શક્તિવાળા અને નિમકહલાલ માણુસોને મંત્રિપદે રાખો છો કે ?"

સર જ્યોર્જ કેમ્પબેલ સાહેબે પોતાને અનુસરતા માણસને મંત્રી તરીકે પસંદ કર્યો હતો; જેથી દેશના લોકો તેનાપર નારાજ થયા હતા, પરંતુ તે કહેતો કે નારદવાક્ય મારી તરફેણમાં છે. હાલના ભાગ્તવર્ષના નેતાઓને એવા દીર્ઘદર્શી વૃદ્ધ મંત્રીઓ દેશને નશીબે મળી શકતા નથી; પરંતુ યુરોપમાં નારદવાક્યનું પાલન થતું જણાય છે. પ્રિન્સ બિસ્માર્ક, ગ્લેડસ્ટન, ડીઝરાઇલી વગેરે તેનાં ઉદાહરણો છે.

વળી નારદે પૂછ્યું કેઃ-

" એકલા અથવા બહુ માણસો સાથે મળીને તો મસલતો કરતા નથી ને ? રાજ્યની મસલતો (મંત્રો) રાજ્યમાં ફેલાઇ જતી તો નથી ને?×"

આપણા રાજકર્ત્તાઓ આ રાજનીતિ પ્રમાણે કાર્ય કરે છે. ફેર માત્ર એટલો છે કે તેમની મસલતો (મંત્રો) નો દેશમાં ઝાઝો ફેલાવો થાય તે તેઓ ઠીક માને છે ને તેથી તેને ન્યુસોમાં પ્રસિદ્ધ કરે છે.

વળી નારદે પૃછ્યું કેઃ—

" તમે* થોડી મહેનતે મળતો મહાલાભ તરત મેળવો છો કે ?"

અમારો એ આગ્રહ છે કે પ્રાચીન ઋષિઓનું આ વાક્ય હાલના પ્રત્યેક રાજકર્તાએ સુવર્ણના અક્ષરે લખાવી પોતાનાં કાર્યાલયોમાં નજરે પડે તેમ ચોંટાડી રાખવું જોઇએ.

× कच्चिन्मंत्रयसे नैकः कच्चिन्न बहुभिः सह ॥
कच्चित्ते मंत्रितो मंत्रो न राष्ट्रं परिधावति ॥ ५ । ३० ॥

* कच्चिदर्थान् विनिश्चित्य लघुमूलान् महोदयान् ॥

વળી નારદ પૂછે છે કેઃ—

"ખેડુતો પોતાની મુશ્કેલીઓ કે દાદ ફરિયાદો તમને રૂબરૂ મળીને સીધી રીતે કહી શકે છે કે?"+

સ્વામી તરફ સ્નેહ ન હોય તો આ રીતે બનવું અસંભવિત છે એમાં સંદેહ નથી. હાલના ઘણાખરા રાજ્યકર્ત્તાઓ અને અમલદારો હજુ સુધી આ નીતિનું તત્ત્વ અનુભવવા શક્તિમાન થયેલા નથી.

તે પછી નારદ પૂછે છે કેઃ—

"આરંભવાનાં કાર્યોની તપાસ માટે પહેલેથી ધર્મ અને શાસ્ત્રને જાણનારા વિચક્ષણ પંડિતોનો મત લઇને તે પછીજ કાર્યો આરંભાય છે કે?"

અંગ્રેજો આ નીતિતત્ત્વને સારી રીતે અનુસરે છે. બધાં કાર્યો આરંભતા પહેલાં કમીશન નીમાય છે. તેઓ એમ શા માટે કરે છે? એ પ્રશ્નનો ઉત્તર ઉપરનું નારદવાક્ય આપે છે.

વળી નારદ પૂછે છે કેઃ—

"હજારો મૂર્ખ આપીને તેના બદલામાં તમે એક વિદ્વાનને ખરીદો છો?"*

અમે આ વાતને અનુમોદન આપી શકતા નથી. પૃથ્વીનાં કાર્યોનો નિર્વાહ મૂર્ખોદ્વારાજ થાય છે. એક વિદ્વાન શા ખપમાં આવે? મીલ પાર્લામેન્ટમાં ફતેહમંદ થઇ શક્યો નહોતો; અને વેસ્ટમિનિસ્ટરમાંથી તેને દૂર થવું પડયું હતું. બોનાપાર્ટે લાપ્લાસને વિદ્વાન જાણી ઉંચે હોદ્દે બેસાડયો હતો, પરંતુ લાપ્લાસ કાર્ય કરવામાં અશક્ત નીવડી દૂર કરાયો હતો. લોકોમાં વિનોદવાર્તા ચાલે છે કે એક વિદ્વાન

\+ कच्चिन्न सर्वे कर्मांताः परोक्षास्ते विशंकिताः ।
सर्वे वा पुनरुत्सृष्टाः संसृष्टं चात्र कारणम् ॥ ५ । ३२ ॥

* कच्चित् सहस्रैर्मूर्खाणामेकं क्रीणासि पंडितम् ॥
पंडितो ह्यर्थकृच्छ्रेषु कुर्यान्निःश्रेयसं परम् ॥ ५ । ३५ ॥

પોતાની વંધ્યા સ્ત્રી આપી તેને બદલે દૂઝણી ગાય લાવ્યો હતો! વળી રાજપુરૂષો, અપ્રિય બોલનારા તથા પોતાના મતને વળગી રહેનારા વિદ્વાનને રજા આપીને આજ્ઞા પાળનારા મૂર્ખોનેજ ગ્રહણ કરવાના. નારદે કહ્યું છે કે કોઇ વાર વિપત્તિ આવી પડે તો વિદ્વાન માણસ અનાયાસે તેના ઉપાય કરવા સમર્થ થાય છે. એ વાત ભલે સત્ય હો; પરંતુ વિદ્વાનનો ઉપયોગ તો વિપત્તિ વખતેજ હોય છે. સુખના દિવસોમાં મૂર્ખો ખપના છે ને દુઃખના દિવસમાં પંડિત ખપનો સમજવો.

આગળ જતાં નારદ પૂછે છે કે:—

"તમે તમારા બધા કિલ્લાઓ ધન, ધાન્ય, પાણી ને શસ્ત્રોથી પરિપૂર્ણ રાખો છો કે? તેમાં કારીગરો તથા યોદ્ધાઓ હમેશાં સાવધાનતાથી રહે છે કે?*"

બ્યુટીની હાર પહેલાં અંગ્રેજોએ જો આ વાતનું સ્મરણ રાખ્યું હોત તો તેઓ આવી વિપત્તિમાં આવત નહિ સર હેન્રી લોરેન્સ આ વાત સમજતો હતો તેથીજ તે લખનૌની રેસીડન્સીનું રક્ષણ કરી શક્યો હતો.

વળી નારદ પૂછે છે કે:—

"પ્રચંડ શિક્ષા કરીને પ્રજાને તમે ઉશ્કેરતા તો નથી કે×?"

યુરોપીઅનો થોડા વખતથીજ આ વાત સમજ્યા છે; ને તેથી ફક્ત એક પૈસાની ચોરી માટે પ્રાણદંડ લગીની જે ભયંકર સજાઓ થતી તે ઇંગ્લાંડમાંથી હમણાંજ બંધ કરાઇ છે.

વળી આગળ પૂછે છે કે:—

"સેનાને બરાબર વખતે પગાર ચૂકવવામાં વિલંબ તો કરતા નથી કે+?"

---

* कच्चिद्दुर्गाणि सर्वाणि धनधान्यायुधोदकैः ॥
यंत्रैश्च परिपूर्णानि तथा शिल्पिधनुर्धरैः ॥ ५ । ३६ ॥

× कच्चिन्नोग्रेण दंडेन भृशमुद्विजसे प्रजाः ॥–५ । ४४ ॥

+ कच्चिद् बलस्य भक्तं च वेतनं च यथोचितम् ॥
संप्राप्तकाले दातव्यम् ददासि न विकर्षसि ॥ ५ । ४७ ॥

વિલંબ કરવાથી લાભ થવો તો બાજુપર રહ્યો, પરંતુ સેના-દ્વારાજ પગલે પગલે અનિષ્ટ થવાનો સંભવ છે, ને તેથી કેટલીકવાર હુલ્લડ થવાનો પણ સંભવ છે. આ નીતિથી વિપરીત આચરણે ચાલવાથીજ કાર્થેજનું રાજ્ય નષ્ટ થયું; નહિતો રોમ કદિ પણ કાર્થેજનો નાશ કરી શકત નહિ.

વળી પૂછે છે કે:—

“ તમારા રાજ્યમાં ઉચ્ચ કુળના મોટા મોટા માણસો તમારા તરફ પ્રીતિવાળા છે કે ? તેઓ તમારે માટે યુદ્ધમાં પ્રાણત્યાગ કરવાને પણ સંમત છે કે ?×”

આ નીતિવાક્યનું ઉલ્લંઘન કરવાથી સ્ટુઅર્ટ વંશ નાશ પામ્યો છે. ભારતના રાજપુરૂષોને આ તત્વ નવાઇ જેવું લાગશે, પરંતુ લૉર્ડ કોર્નૅવાલિસે આ તત્વ સમજીનેજ જમાબંદી સ્થાયી કરી છે; લૉર્ડ કેનિંગે હિંદના રાજાઓને દત્તકપુત્ર લેવાની સંમતિ આપી છે; અને લૉર્ડ લીટન બીજું કાંઇ કરી શક્યો નહિ તો ચાંદ વહેંચીને પણ પ્રસન્નતા મેળવવાની પદ્ધતિ યોજી ગયો છે.

પછી નારદ પેન્શન આપવાની સલાહ આપતાં પૂછે છે કે:—

“ મહારાજ ! જેઓ તમારા ભલા માટે કાળનો કોળીઓ થયા છે અથવા દુર્દશાગ્રસ્ત થયા છે, તેમનું તથા તેમનાં સ્ત્રીપુત્રોનું તમે ભરણપોષણ કરો છો કે ?*”

ક્ષિપ્રકારિતા (ત્વરાથી હલ્લો કરવા) વિષે પૂછે છે કે:—

× कच्चित्सर्वेनुरक्तास्त्वां कुलपुत्राः प्रधानतः ॥
कच्चित्प्राणाँस्तवार्थेषु संत्यजन्ति सदा युधि ॥ ५ । ५० ॥

* कच्चिद् दारान् मनुष्याणां तवार्थे मृत्युमीयुषाम् ॥
व्यसनं चाभ्युपेतानाम् बिभर्ति भरतर्षभ ॥ ५ । ५४ ॥

"તમે તમારા શત્રુને વ્યસનમાં આસક્ત જોઇ, તથા તમારો પોતાનો ભંડાર, સેના ને વિચાર (મસલત) નું બળ તપાસીને ત્વરાથી શત્રુ ઉપર હલ્લો કરો છો કે?×"

ઘણા પ્રધાનોવાળા રાજ્યકર્ત્તાએ આ તત્વ સારી રીતે સમજવાનું છે. "ત્વરા" કોને કહેવી? એ વાત પહેલો નેપોલિયન સમજ્યો હતો. તેણે મેળવેલા વિજયો તેની આ બુદ્ધિનુંજ ફળ હતું. ત્રીજો નેપોલિયન ત્વરાથી પ્રુશીઆ ઉપર ચડી ગયો ખરો, પરંતુ પહેલા નેપોલિયનની પેઠે પોતાનો ભંડાર, સેના ને મસલતો, એ ત્રણ પ્રકારના બળનો તેણે બરાબર ઉપયોગ કર્યો નહોતો, તેથી નારદવાક્યનો ભંગ થતાં તે નાશ પામ્યો.

સમદૃષ્ટિ રાખવા વિષે નારદ પૂછે છે કે:—

"જેમ માતાપિતા પોતાનાં બધાં સંતાનો ઉપર સમાન સ્નેહ રાખે છે તેમ તમે પણ સમદૃષ્ટિ રાખીને સમુદ્રરૂપી મેખલાવાળી પૃથ્વીનું રક્ષણ કરો છો કે?*"

ભારતવર્ષના રાજ્યકર્ત્તાઓએ આ નારદ વાક્યનો બહુજ આદરપૂર્વક અભ્યાસ કરવો જોઇએ. નીચે લખેલી વાત પ્રિન્સ બિસ્માર્કને ઉપયોગી થઇ શકત.

નારદ પૂછે છે કે:—

"પોતાના સૈન્યનું સામર્થ્ય અને ચંચળતા જોઇને તથા તેને પહેલેથી જ પગાર વગેરે ચૂકાવીને તમે યોગ્ય વખતે શત્રુ સાથે વિગ્રહ આરંભો છો કે?"

× कच्चिद् व्यसनिनं शत्रुं निशम्य भरतर्षभ ॥
अभियासि जवेनैव समीक्ष्य त्रिविधं बलम् ॥ ५ । ५७ ॥

* कच्चित्त्वमेव सर्वस्याः पृथिव्याः पृथिवीपते ॥
समश्चानभिशंक्यश्च यथा माता यथा पिता ॥ ५ । ५६ ॥

નીચેની વાતને અમે સંમતિ આપતા નથી; પરંતુ ચાૈદમા લુઇએ તે સાંભળી હોત તો તે અવશ્ય સંમતિ આપત.

" શત્રુના પક્ષમાં ફુટ (ભેદ) પાડવા માટે તેના મોટા મોટા સેનાપતિઓને તમે યોગ્ય ધન આપો છો કે ?"

નીચેની વાત જો ગ્રેગરીના ધ્યાનમાં હોત તો તેને અવશ્ય લાભ થાત.

" *જિતેંદ્રિય બની તમે પહેલાં તમારા મનને જીતી પછીજ તમારા ઇંદ્રિયાસક્ત શત્રુઓને પરાજિત કરવા પ્રયત્ન કરો છો કે ?"

વળી પૂછે છે કેઃ—

" શત્રુના રાજ્યપર ચડાઇ કરતાં પહેલાં તમે તમારા પોતાના દેશનો દૃઢતાથી બંદોબસ્ત કરો છો કે ?"

પૃથ્વીમાં જે જે સરદારો થયા તેમાં હાનીબલ સર્વોત્તમ સરદાર હતો; પણ આ વાત યાદ ન રાખવાથી તે સર્વસ્વ ખોઇ બેઠો હતો.

વળી પરાજિત શત્રુ સાથેના વ્યવહાર સંબંધમાં નારદે પૂછ્યું છે કેઃ–

" પરાજય પમાડેલા રાજાને ફરીને તમે તેના સ્થાન ઉપર સ્થાપન કરો છો કે ?×"

રોમનો એમ કરતા અને ભારતવર્ષમાં અંગ્રેજોએ તેમ કર્યું છે, ને તેથીજ એ બંને સામ્રાજ્યોનો આટલો બધો વિસ્તાર થયો છે.

નીચેનાં વાક્યો રાજાની દેહરક્ષા માટે પૂછેલાં છે. નારદ પૂછે છે કેઃ–

---

* कच्चिदात्मानमेवाग्रे विजित्य विजितेंद्रियः ॥
परान् जिगीषसे पार्थ प्रमत्तानजितेंद्रियान् ॥ ५ । ६० ॥

× × × × ×

× कच्चिद् भयादुपगतं क्षीणं वा रिपुमागतम् ॥
युद्धे वा विजितं पार्थ पुत्रवत्परिरक्षसि ॥ ५ । ५९ ॥

*"તમે પોતે જાતે તમારી આંતરિક સ્થિતિનું, અંગરક્ષકોથી તમારા અંગનું અને સેનાથી અંગરક્ષકોનું રક્ષણ કરો છો કે?"

ત્યાર પછી "બજેટ" અને "એસ્ટીમેન્ટ" વિષે નારદ પૂછે છે કેઃ—

"×આવક ને ખર્ચ નોંધનારા તથા સાચવનારા માણસો પાસેથી તમે રોજ રોજ હિસાબ તપાસો છો કે?"

આપણે જાણતા હતા કે આ પદ્ધતિ ભારતવર્ષમાં વિલ્સન સાહેબેજ ઉપજાવી છે, પણ તેમ નથી.

વળી પૂછે છે કેઃ—

"તમારા રાજ્યમાં રહેલા ખેડુતો સંતોષપૂર્વક જીંદગી ગાળે છે કે?"

નારદ જેમ આ પ્રશ્ન યુધિષ્ઠિરને પૂછે છે તેમ અમે આ પ્રશ્ન ભારતવર્ષના રાજ્યપ્રતિનિધિઓને પૂછીએ છીએ.

બધા જાણે છે કે "ઇરીગેશન ડીપાર્ટમેન્ટ" ભારતવર્ષમાં એક નવુંજ ખાતું ખોલાએલું છે, પણ તેમ નથી.

એ સંબંધમાં પણ નારદ પૂછે છે કેઃ—

"+રાજ્યમાં ઠેકાણે ઠેકાણે જળ ભરેલાં તળાવો અને સરોવરો તમે ખોદાવેલાં છે કે? ખેતીનું કામ વરસાદ ન હોય તોપણ ચાલી શકે છે કે?"

---

* कच्चिदाभ्यंतरेभ्यश्च बाह्यभ्यश्च विशांपते ॥
रक्षस्यात्मानमेवाग्रे तांश्च स्वेभ्यो मिथश्च तान् ॥ ५ । ६८ ॥

× कच्चिच्चायव्यये युक्ताः सर्वे गणकलेखकाः ॥
अनुतिष्ठंति पूर्वाह्णे नित्यमायं व्ययं तव ॥ ५ । ७२ ॥

\+ कच्चिद्राष्ट्रे तडागानि पूर्णानि च वृहंति च ॥
भागशो विनिविष्टानि न कृषिर्दैवमातृका ॥ ५ । ७७ ॥

આ વાત હાલના રાજ્યકર્ત્તાઓ લક્ષ્યમાં રાખતા હોય તો દુકાળમાં દેશની દુર્દશા થાય છે તે ન થાય.

નીચેનાં વાક્યો પ્રતિ બ્રિટિશ ગવર્નમેન્ટ ધ્યાન આપશે તો અમારા વિવેચનથી લાભ થશે. નારદ પૂછે છે કેઃ—

"તમારા ખેડુતોના ઘરમાં બી અને અનાજનો અભાવ તો નથી ને? આવશ્યકતા હોય તો ખેતીવાડીની વૃદ્ધિને માટે અનુગ્રહરૂપે તેમને નિર્વાહ જેટલુંજ ધીરો છો કે?"

અત્યારે આ નિયમનો અભાવ હોવાથી આ દેશના ખેડુતો વેપારીઓ પાસે વેચાયેલા છે. વળી વેપારીઓ પણ વખતોવખત તેમને ધારતા નથી. આથી ઘણા ખેડુતો અન્નના અભાવે ટળવળે છે. ખેતીની નબળાઇને યોગે તેઓ શાખરહિત થયા છે. વળી બે પગો (મનુષ્યો) અશક્ત થતાં ચાર પગો (પશુઓ) પણ કામ કરી શકતા નથી. ઘણાકો (જેઓ અર્થશાસ્ત્ર જાણતા નથી તેઓ) કહેશે કે રાજાઓ જો વેપાર કરે તો કેમ? પણ રાજાઓ ધીરધારનો વેપાર કરે તેમાં પ્રજાનું અનિષ્ટ છે. અર્થશાસ્ત્રની રીતે પણ તેમાં મુસ્કેલી છે; તે આપણે સમજીએ છીએ. મહાભારતકાર આ વાત જાણતા હતા. એટલા માટે તેમણે આ વાક્યમાં મહાન ત્રણ નિયમો મૂકેલા છે. પહેલું "આવશ્યકતા હોય તો" ધીરવાનું કહ્યું છે. એનો અર્થ એ છે કે જે અટકી બેઠેલો હોય તેનેજ આપવું. જેને વેપારીની પાસેથી દેવારૂપે રકમ મળી શકે તેવું હોય તેને આપવાનું અહીં કહેલું નથી. એટલે રાજાએ એવો વેપાર કરવાનો નથી. રાજા ન આપે તો જેઓની દુર્દશા થાય તેમ હોય તેવાઓનેજ આપવાનું છે. બીજું "અનુગ્રહ રૂપે" આપવું. એની મતલબ એ છે કે વેપારીઓની પેઠે વ્યાજવટાવનો ફાયદો મેળવવાની ઇચ્છાથી ધીરધાર કરવાનું નથી. આવા લેણાનો કાંઇક ભાગ વસુલ ન થાય તો છૂટ મૂકવાનો પણ તેમાં આશય છે. "ખેતીવાડીની

વૃદ્ધિને માટે" ધીરવું. એમ શા માટે? જો આવો નિયમ ન હોય તો ગમે તે માણસો બીજા પ્રયોજને દેવું કરે એવો સંભવ છે. લુચ્ચાઓનું બધે સ્થળે અસ્તિત્વ છે; એટલે નાણાં લઇને પાછાં દેવાં છે કોને? આવા વિચારના માણસો પણ હોવાનો સંભવ છે. ત્રીજું નિર્વાહ જેટલુંજ નાણું આપવું, વધારે નહિ. મતલબ કે પ્રજાના જીવનનિર્વાહ માટે જેટલી આવશ્યકતા છે તેટલુંજ રાજાએ ઋણ રૂપે આપવું, તેથી વધારે ધીરવું તે તો વેપારીનું કામ છે. આ ત્રણ નિયમોવડે અર્થશાસ્ત્રવેત્તાઓની બધી શંકાઓનું સમાધાન થશે. પ્રાચીન હિંદુઓ અર્થશાસ્ત્રમાં વિચક્ષણ હતા એમ આ ઉપરથી સમજાય છે.

નીચે લખેલું નીતિનું તત્ત્વ અંગ્રેજો હજુ લગી શીખ્યા નથી. એ ન શીખવાથી તેમને હાનિ છે.

નારદ પૂછે છે કે:—

"× હે મહારાજ! બરાબર વખતે જાગ્રત્ થઇને, યોગ્ય વસ્ત્રાલંકારો સજીને, મંત્રીઓથી વીંટાઇને દર્શનની ઇચ્છા રાખનાર પ્રજાવર્ગને દર્શન તો આપો છો ને?"

જે રાજાને પ્રજાવર્ગ કયારેય દેખી શકતો નથી તેના તરફ પ્રજાનો પ્રેમભાવ શી રીતે જાગ્રત્ થાય? વિશેષે કરી આ દેશના લોકોનો તો એ સ્વભાવજ છે. રાજાનું દર્શન પ્રજાને દુર્લભ થતાં તેમનાં બધા પ્રકારનાં દુઃખો અને તેમની દશા રાજા બરાબર જાણી પણ શકતા નથી. હિંદુ રાજાઓની પેઠે મુસલમાન પાદશાહો પણ આ વાત સમજતા હતા. અત્યારે આખા વરસમાં જ્યાં એકજ દરબાર કે 'લેવી' ભરાય છે ત્યાં હિંદુ અને મુસલમાન રાજાઓ હમેશાં દરબાર ભરતા.

× कच्चिदर्थयसे नित्यं मनुष्यान्समलंकृतः ।।
उत्थाय काले कालज्ञैः सह पांडव मंत्रिभिः ।। ५ । ८६ ।।

વળી નારદ પૂછે છે કેઃ—

“ દુર્બળ શત્રુને તમારા બળે અતિશય પીડતા તો નથી ને× ?”

તેમ કરવાથી દુર્બળ શત્રુ પણ મરણીઆ થઇ ઉઠે છે. આજ દોષને લીધે સ્પેનનો બીજો ફિલિપ ઇંગ્લાંડથી “ નીચેના પ્રદેશ ”માં ભાગી ગયો હતો. ઇંગ્લાંડ અમેરિકાથી બહિષ્કૃત થયું તે પણ આજ કારણને યોગે.

પછી નારદ પૂછે છે કેઃ—

“ દુષ્ટ, નુકસાન કરનારા, લોભી સ્વભાવના અને શિક્ષાપાત્ર ચોરો મુદ્દામાલ સાથે પકડાયા હોય તેઓ ક્ષમાનો લાભ તો મેળવી શકતા નથી ને ?‡ ”

જે દેશમાં જ્યુરીનો રિવાજ છે તે દેશના રાજપુરુષોને અમે પણ આ પ્રશ્ન પૂછીએ છીએઃ

નારદ જે ચૌદ રાજ્યદોષો વર્ણવે છે તે પણ સ્મરણમાં રાખવા યોગ્ય છે.

“ નાસ્તિકતા, અસત્ય, ક્રોધ, પ્રમાદ, દીર્ઘસૂત્રતા, જ્ઞાનવાન સાથે ન મળવું, આલસ્ય, ચિત્તની ચંચળતા, નિરંતર દ્રવ્યચિંતા, નિરર્થક વાર્ત્તાલાપ, નિશ્ચિત કરેલી બાબતોનો આરંભ ન કરવો, ગુપ્ત મસલતો ન સાચવવી, સારાં કામોનો આરંભ ન કરવો કે તે બંધ કરવાં.” આ *ચૌદ રાજદોષો છે.

× કચ્ચિન્ન દુર्बलः शत्रुर्बलेन परिपीडितः ॥
मंत्रेण बलवान्कश्चिदुभाभ्यां च कथंचन ॥ ५ । ९४ ॥

‡ दुष्टो गृहीतस्तत्कारी तज्ज्ञैर्दृष्टः सकारणः ॥
कच्चिन्न मुच्यते स्तेनो द्रव्यलोभान्नरर्षभ ॥ ५ । १०५ ॥

* नास्तिक्यमनृतं क्रोधं प्रमादं दीर्घसूत्रताम् ॥
अदर्शनं ज्ञानवतामालस्यं पंचवृत्तिताम् ॥

હવે માત્ર એકાદ વાત કહી આ વિષય બંધ કરીશું. નારદ પૂછે છે કેઃ—

"* આંધળાં, મૂંગાં, અપંગ, બુદ્ધિહીન, ત્યાગી અને અનાથોને તમે પિતા જેવા બની પાલનપોષણ કરો છો કે ?"

આવાં સુંદર તત્ત્વો વાળી અને આ સમયે પણ આદર આપવા યોગ્ય અનેક વાતો એમાં કહેલી છે.

एकचिन्तनमर्थानामनर्थज्ञैश्च चिंतनम् ॥
निश्चितानामनारंभं मंत्रस्यापरिरक्षणम् ॥
मंगलाद्यप्रयोगं च प्रत्युत्थानं च सर्वतः
कच्चित्त्वं वर्जयस्येतान् राजदोषांश्चतुर्दश ॥५।१०७।१०८।१०९॥

* कच्चिदंधांश्च मूकांश्च पंगून्व्यंगानबांधवान् ॥
पितेव पासि धर्मज्ञ तथा प्रव्रजितानपि ॥ ५ । १२४ ॥

પૃથ્વી ઉપર માણસો કેટલાં વર્ષોથી વસે છે?

જેમ પાણીના પરપોટા પાણીમાંજ લય પામે છે, તેમ પૃથ્વીમાં મનુષ્યો જન્મે છે અને મરે છે. અત્યારે પૃથ્વી ઉપર જે મનુષ્યો છે તેમને પિતા છે અથવા હતા, તે પિતાઓને પિતા હતા અને તેઓના પણ પિતા, પ્રપિતા અને પ્રપિતામહ હતા. એ રીતે અનંત મનુષ્યોની પૂર્વજ પરંપરા થઇ છે, અને ગઇ છે. વળી ભવિષ્યમાં પણ જ્યાં સુધી સમજાય છે ત્યાં લગી થયાજ કરશે. એનો આરંભ ક્યાંથી ? જગતના આરંભ સાથેજ મનુષ્યોનો આરંભ છે, કે પૃથ્વી થયા પછી મનુષ્યની ઉત્પત્તિ થઇ છે ? પૃથ્વીમાં મનુષ્ય ક્યારથી વસે છે ?

ખ્રિસ્તીઓના પ્રાચીન ગ્રંથ પ્રમાણે તો જગત ઉત્પન્ન થયા પછી ચારપાંચ દિવસે મનુષ્યની ઉત્પત્તિ થઇ છે. જે દહાડે પરમેશ્વરે કુંભારની પેઠે કાદવ લઇને પૃથ્વી ઘડી; તેને છઠ્ઠેજ દહાડે તેણે મનુષ્ય વગેરેનાં પૂતળાં ઘડયાં ! યૂરોપીય વિદ્વાનો અનુમાન કરે છે કે તે આજથી ૬૦૦૦ વર્ષ પહેલાંની વાત છે. પરંતુ એ વાત ઉપર બીજા ખ્રિસ્તીઓ પણ વિશ્વાસ કરતા નથી. અમારાં ધર્મપુસ્તકોની વાતોપર અમે પણ એ રીતે શ્રદ્ધાહીન બન્યા છીએ. વિજ્ઞાનના પ્રવાહમાં બધે સ્થળે ધર્મપુસ્તકો ડૂબી ગયાં છે; પરંતુ અમારા ધર્મગ્રંથમાં ક્યાંય એવી વાત નથી કે, આજે, કાલે, ૬૦૦ વર્ષ પહેલાં, કે ૬૦૦૦ હજાર વર્ષ પહેલાં આ બ્રહ્માંડ રચાયું છે ! હિંદુ ધર્મશાસ્ત્ર પ્રમાણે કોટાનકોટી વર્ષો પહેલાં પણ જગત હતુંજ. હાલના યૂરોપીય વિજ્ઞાનનો પણ એજ મત છે.

ત્યારે પહેલાં કદિ જગતનો પ્રારંભ થયેલો કે નહિ ? કોઇ કોઇ કહે છે કે સૃષ્ટિ અનાદિ છે એટલે કે પૃથ્વીનો પ્રારંભ નથી, પરંતુ જગત એક ક્રિયામાત્ર છે. કોઇ વખતે કાંઇ કાંઇ ક્રિયા થવી એટલોજ

તેનો અર્થ છે. આથી જગત અનાદિ એમ કહેવામાં કશો અર્થજ નથી. જેઓ કહે છે કે "જગત થયું છે, નાશવંત છે, વળી થશે, એવી રીતે અનાદિ કાળથી થયા કરે છે." તેઓ પ્રમાણ રહિત વિષયમાં વિશ્વાસ કરે છે. એ વાતનું કશું નૈસર્ગિક પ્રમાણ નથી.

"असृजच्च जगत् सर्वं सह पुत्रैः कृतात्मभिः"

"પોતાના પુત્રો સાથે સર્વ જગત સર્જ્યું."

ઇત્યાદિ:વચનોવડે સૂચવેલું છે કે–"જગત્સૃષ્ટિ અને માનવસૃષ્ટિ એકજ વખતે થઇ છે" એવાં વાક્યો હિંદુ ગ્રંથોમાં ઘણાં જોવાય છે. જો એ વાત યથાર્થ હોય, તો જે વખતે ચંદ્ર અને સૂર્ય વગેરે રચાયાં, તે વખતે પણ મનુષ્યો હોવાં જોઇએ. વિજ્ઞાનવેત્તાઓએ આ બાબતમાં શાં શાં પ્રમાણો એકઠાં કર્યાં છે? તેજ કહેવાનો આ નિબંધમાં ઉદ્દેશ છે.

હજુ સુધી વિજ્ઞાનમાં એટલી શક્તિ પ્રાપ્ત થઇ નથી કે, જગત અનાદિ છે કે સાદિ, તેનો તે નિશ્ચય કરી શકે. કોઇ કાળે આ નિશ્ચય થશે કે નહિ, તે પણ સંદેહની વાત છે. તોપણ "જગત અત્યારે દેખાય છે તેવે રૂપે તો આગળ તે નહોતું." એટલું કહેવાને વિજ્ઞાન શક્તિમાન્ છે. વિજ્ઞાન કહી શકે છે કે "આ પૃથ્વી અત્યારે જેમ ધાન્યવાળી, વૃક્ષવાળી, સાગરવાળી, પર્વતવાળી, જીવોવાળી અને ગામો તથા નગરોવાળી દેખાય છે, તેવી પહેલાં નહોતી; તેમજ ગગન પણ અત્યારે સૂર્ય, ચંદ્ર અને તારાગણોથી ભરપૂર દેખાય છે, તેવું એક દિવસે નહોતું. ત્યારે દિવસ નહોતો, જળ નહોતું, જમીન નહોતી, વાયુ નહોતો, સૂર્ય નહોતો, ચંદ્ર નહોતો, પરંતુ જેવડે આ ચંદ્ર, સૂર્ય, તારા વગેરે થયાં છે તે હતું. જે વડે સમુદ્ર, નદી, વન અને વૃક્ષો થયાં છે અને જે વડે તૃણ, લતા, પુષ્પો, પક્ષીઓ અને માનવો થયાં છે, તે એ સમયે હતું. તેનું રૂપાંતર થઇને આ બધું થયું છે."

ક્યારે થયું ? શી રીતે થયું ? એ વિજ્ઞાન કહી શકતું નથી. છતાં તે સંબંધે એટલું કહી શકે છે કે "એ બધું નિયમ પ્રમાણે થયું છે. ક્ષણિક ઇચ્છા પ્રમાણે નહિ." જે નિયમોમાં હજુ લગી જડ પ્રકૃતિ વશવર્તી રહેલી છે, તે બધા નિયમોનાં ફળરૂપે આ તમામ રૂપાંતરો થયેલાં છે અને હજુ એ રીતે રૂપાંતરો થયાજ કરે છે, જે આપણે જોઇ શકીએ છીએ. ક્ષણે ક્ષણે જગતમાં રૂપાંતર થયા કરે છે તે જોતાં કરોડો વર્ષ પછી પૃથ્વી અત્યારે છે તે રૂપે શું રહેશે ? ના નહિજ.

શી રીતે એ રૂપાંતરો થાય છે ? એ પ્રશ્નનો ઉત્તર ઘણો જાણીતો છે. અમે લાપ્લાસના મતની વાત કહીએ છીએ. લાપ્લાસનો મત નાનકડી નિશાળના વિદ્યાર્થીઓ પણ જાણે છે. અહીં અમે તે ટુંકામાંજ વર્ણવીશું. સૂર્ય અને તેની આસપાસ ફરતા ગ્રહો, ઉપગ્રહો અને ધૂમકેતુઓ વગેરેની ઉત્પત્તિ વર્ણવતાં લાપ્લાસ કહે છે કે, " પહેલાં સૂર્ય, ગ્રહ, ઉપગ્રહ વગેરે નહોતાં, પરંતુ સૂર્યમાળાની સીમા પર્યંત સર્વસ્થળે વ્યાપેલાં તેનાં પરમાણુઓ રહેલાં હતાં. જડ પરમાણુઓમાં જે આકર્ષણ, સંકોચન વગેરે ગુણો છે તે તમામ ગુણો એ પરમાણુઓમાં રહેલા હતા. એ પરમાણુઓનો સમૂહ તેના મધ્યકેન્દ્રને વીંટાઇને ચારે તરફ ફરતો હતો, અને પોતામાં રહેલી ગરમીનો ઘટાડો થતાં ક્રમે ક્રમે સંકોચ પામતો હતો. સંકોચન વખતે આ પરમાણુઓ પોતાના મધ્યભાગને જોડાઇ રહેલાં હતાં, એટલે કે મધ્યબિન્દુ ઉપર જેમ કોઇ વસ્તુ ભ્રમણ કરે છે, તેમ આ તમામ પરમાણુઓ મધ્યબિન્દુ ઉપર ભ્રમણ કરતાં હતાં. વળી એ પરમાણુમાંથી જે ભાગો વિયુક્ત થયા તે પણ પોતાની પહેલાંનીજ દિશાના વેગ પ્રમાણે મધ્યબિન્દુ ઉપર ભ્રમણ કરતા હતા. જે કારણથી વરસાદનું ટીપું ગોળ બને છે તેજ કારણે આ નોખાં પડેલાં રજકણના વિભાગો ગોળાકાર થતા હતા. એ રીતે એ પરમાણુઓમાંથી આ ગોળાકાર સૂર્ય, ગોળા-

કાર ગ્રહો અને ગોળાકાર ઉપગ્રહો ઉત્પન્ન થયા છે.

જો એમ માનીએ કે આદિમાં આકાર વિનાનાં પરમાણુઓથી જગત વ્યાપેલું હતું અને બીજું કશું નહોતું તો તેનાથી એ વાત સિદ્ધ થાય છે કે પ્રચલિત નૈસર્ગિક નિયમને આધારે સૂર્ય, ચંદ્ર, ગ્રહ, ઉપગ્રહ, ધૂમકેતુ, એ તમામ એ રજકણોમાંથીજ બનેલાં છે; અને ઇશ્વરની સ્વૈચ્છિક આજ્ઞા પ્રમાણે બનેલાં નથી. આ બીના વિસ્તારથી સમજાવવાનું આ સ્થળ નથી; પણ જેઓએ હર્બર્ટસ્પેન્સરનો "નિહારિકામાંથી ઉપજતા પદાર્થો" વિષેનો આશ્ચર્યકારક નિબંધ વાંચ્યો હશે તેઓ સમજ્યા હશે કે સ્પેન્સરે માત્ર આકાર રહિત પરમાણુઓને સ્વીકારી તેમાંથીજ જગતના તમામ પદાર્થો સિદ્ધ કરેલા છે. હર્બર્ટ સ્પેન્સરની બધી વાતો પ્રમાણવાળી ન હોઇ શકે, પરંતુ તેનું બુદ્ધિ-કૌશલ્ય તો આશ્ચર્યકારકજ છે.

આજ રીતે જગતની ઉત્પતિ થઇ છે એવું નૈસર્ગિક પ્રમાણ મળતું નથી. તેમ આ રીતે સૃષ્ટિ થઇ નથી એવું પણ નૈસર્ગિક પ્રમાણ મળતું નથી. એટલે લાપ્લાસને મતે એ વાત પ્રમાણ-વિરુદ્ધ ન *મનાય; તેમજ તે અસંભવિત પણ નથી. એ મત સંભવિત અને યુક્તિવાળો છે, તેથી તે પ્રમાણ વિનાનો હોય તોપણ ગ્રહણ કરવા યોગ્ય છે.

આ મત સ્વાભાવિક હોવાથી સ્વીકારવામાં આવેલું છે કે આદિમાં પૃથ્વી હતી નહિ, સૂર્યમાંથી પૃથ્વી ફેંકાઇ વિખૂટી પડી છે. જ્યારે પૃથ્વી સૂર્યમાંથી નીકળી નોખી પડી, ત્યારે તે બાષ્પરાશિ-(વરાળનો જથો)રૂપ હતી, નહિતો તે ફેંકાઇ નોખી પડી શકે નહિ;

* કોમ્ટ, મીલ, સ્પેન્સર વગેરે આ મતને અનુમોદન આપે છે; પણ સર જૉન હર્સલ કહે છે કે આ મત પ્રમાણવિરુદ્ધ છે.

આથી પૃથ્વીની પહેલી સ્થિતિ તપેલા વરાળના ગોળારૂપે હતી.

એક તપેલો વરાળનો ગોળો આકાશમાં બહુ કાળ ભ્રમણુ કર્યા કરે તો શું થશે ? પહેલાં તેમાંથી ગરમી ઓછી થશે. જ્યાં જરાપણુ ગરમી હોતી નથી, જ્યાં ગરમીને આધાર આપનાર કશી વસ્તુ હોતી નથી, જે ભાગ અસહ્ય ઠંડીવાળો છે, તેવા આકાશમાં ફરતાં ફરતાં એ તપેલા બાષ્પરાશિમાંથી અવશ્ય ગરમીનો નાશ થશે; અને ગરમીનો નાશ થતાં શું થશે ?

પાણીની વરાળ તો સૌ કોઇએ જોઇ છે, સર્વે જણે જોયું છે કે વરાળ ઠંડી થતાં પાણી થાય છે, અને પાણી ટાઢું થતાં બરફ થાય છે. બધા પદાર્થોનો આ સાધારણુ નિયમ છે. જે પદાર્થ બહુ તપેલી અવસ્થામાં અને વરાળરૂપે હોય, તેમાંથી જો ગરમી ઓછી થાય તો તે પ્રવાહી રૂપે થાય છે, અને પ્રવાહી રૂપમાંથી પણુ ગરમી ઓછી થતાં ઘનરૂપ થાય છે. આ નૈસર્ગિક નિયમ પ્રમાણે પૃથ્વીનો એ વરાળરૂપી ગોળો કાળક્રમે ગરમી ઘટતાં પ્રવાહી બન્યો, અને બહુ કાળે ઘનરૂપ થયો.

પૃથ્વીનો ગોળો ઘનરૂપ થયા છતાં પણ કેટલોક કાળ તે લાલચોળ તપેલી સ્થિતિમાં હતો. હાલનાં પ્રાણીઓ રહી શકે તેટલી તેમાં શીતળતા આવેલી નહોતી. કાળે કરીને પૃથ્વી ઉપરનું પડ અત્યારે ટાઢું થયું છે, તોપણુ હજુ પૃથ્વીના ઉંડાણુના ભાગમાં અત્યંત ગરમી છે. ભૂસ્તરવેત્તાઓએ અનેક ઉદાહરણોથી આ વાત સિદ્ધ કરેલી છે.

પૃથ્વીનો (બાષ્પરાશિ) ગોળો ઠરીને, તથા ઘનરૂપ બનીને, તેનાપર પ્રાણીઓ રહી શકે તેવી સ્થિતિમાં આવતાં લાખો યુગો ચાલ્યા ગયા છે; એમાં સંદેહ નથી. સૌને એ વાત તો અનુભવથી વિદિત છે કે કડાયામાં તૈયાર કરેલા દૂધપાકને ચૂલાપરથી ઉતાર્યા પછી તેના-

પર અડી શકાય તેવી ઠંડી તર જામતાં પણ કેટલો વખત ચાલ્યો જાય છે? આથી સમજાયું હશે કે પૃથ્વીની ઉત્પત્તિ પછી પણ તેના-પર લાખો યુગો લગી જીવસૃષ્ટિ તથા વનસ્પતિ હતી નહિ.

જેઓ ભૂસ્તરવિદ્યા સહજસાજ જાણે છે તેઓને માલૂમ છે કે પૃથ્વીના પૃષ્ઠ ઉપર અનેક પ્રકારની માટી અને પત્થરનાં પડો રહેલાં છે. આ પડોને ખોદતાં ખોદતાં આપણે નીચે ઉતરીએ તો સૌની નીચે એક જાતના પત્થરો નીકળે છે; તેમાં પડની રચના હોતી નથી.

પડની રચના વિનાના આવા પત્થરો ઉપર બીજા પ્રકારનાં પત્થરનાં, માટીનાં, ગેરૂનાં કે કોલસાનાં પડો બંધાયાં હોય એવું જોવાય છે. આવા થરોની રચના જોતાં એવાં પ્રમાણો મળી આવે છે કે તેના ઉપર કોઇ કાળે સમુદ્ર હતો. આ પડોમાંનાં કેટલાંક તો સમુદ્ર તળે વસનારાં ઝીણાં ઝીણાં જીવડાંનાં શરીરસમૂહનાંજ બનેલાં દેખાય છે. ચાક અથવા ચૂનાના પત્થરનું જે પડ યુરોપમાં અને એશિયાના ભાગમાં નીકળે છે તે આ જાતનાં સમુદ્રતળનાં જીવડાંની રચના છે. અત્યારે જોવામાં આવતા અનેક પર્વતો પણ કેવળ ચૂનાના પત્થરના છે, ને આગળ કહ્યું તેમ એ પત્થર તે સમુદ્રતળનાં જીવડાંના મૃત શરીરનો સમૂહમાત્ર છે.

આ પ્રમાણે ચાક, ગેરૂ વગેરેના થરો એક વખતે સમુદ્રને તળીએ હતા. વખત જતાં ત્યાંથી સમુદ્ર ખસી ગયો અને તળીયાનો ભાગ સૂકાઇ જમીન બની. પૃથ્વીની અંદર ઉનો ઓગળેલો જે રસ રહેલો છે તે જ્યારે બહાર નીકળવાનું જોર કરે છે ત્યારે જમીનને ઉંચી કરે છે, અને કોઇ વાર જ્વાળામુખીરૂપે દશ્ય થાય છે. આવી રીતે જે જમીન ઉંચી થાય ત્યાંથી દરીઓ દૂર ખસી જાય છે. નીચાણના ભાગમાં સાગરનું જળ ભરાય છે. વળી સમુદ્રમાં રહેલી માટી, જીવ-જંતુઓ વગેરે જામી ત્યાં નવા થરો રચાય છે. જે સ્થળેથી સમુદ્ર

ખસી ગયો ત્યાં વૃક્ષો ઉગે, જીવજંતુ અને પ્રાણીઓ પેદા થાય અને ત્યાં તેવી જાતના થરો બંધાય. વળી એવા થરોપર જે જાતનાં વૃક્ષો અને પ્રાણીઓ રહેતાં હોય તેના દેહાવશેષવાળા નવા થરો થાય. આ થરોમાં જે પ્રાણીઓ ચગદાયાં કે દટાયાં હોય તેનાં હાડકાં નાશ પામતાં નથી; પરંતુ દીર્ઘ કાળના દબાણને લીધે તે એક જાતના પત્થર જેવાં બની જાય છે. એવાં અસ્થિ–પાષાણોને ફૅાસિલ કહેવામાં આવે છે.

ઉપર જે વાત કહી તે પરથી સમજાયું હશે કેઃ—

(૧) સૌની નીચે પડરહિત પત્થરનું તળીયું છે, અને તેના ઉપર ચાક, ગેરૂ વગેરેના થરો જામેલા છે.

(૨) થરની પરંપરા એ પાછળ પાછળનો સમય સૂચવે છે, જે થર સૌની નીચે તે પહેલાંના સમયનો, અને જે થર તેની ઉપર તે પાછળના વખતનો બનેલો સમજવો.

(૩) જે થરમાં જે પ્રાણીઓનાં ફૅાસિલો મળી આવે, તે થરની રચનાકાળે તેવી જાતનાં પ્રાણીઓ વર્તમાન હતાં, એમ સમજવું. જો કોઇ થરમાં કોઇ એવા પ્રકારના પ્રાણીનું ફૅાસિલ ક્યાંય પણ મળી શકતું ન હોય તો તે થરોની રચનાકાળે તેવાં પ્રાણી હતાં નહિ એમ સમજવું.

(૪) ધારો કે કોઇ થરમાં **क** નામના પ્રાણીનું ફૅાસિલ મળતું હોય, પણ **ख** નામના પ્રાણીનું ફૅાસિલ મળતું ન હોય; પરંતુ **ख** નામના પ્રાણીનું ફૅાસિલ તો ઉપરના થરમાં મળતું હોય તો એ વાત સિદ્ધ છે કે **ख** નામનું પ્રાણી **क** નામના પ્રાણી પછી ઉપજ્યું.

સૌથી નીચેના પડવિનાના પત્થરોમાં કોઇ પણ જાતના પ્રાણીનું ફૅાસિલ મળતું નહિ હોવાથી સિદ્ધ થાય છે કે પૃથ્વીના પહેલા પડ-વખતે કોઇ પ્રાણીઓ હતાં નહિ. તે સમયે પૃથ્વી પ્રાણિરહિત હતી. નીચેના થરોમાં જ્યાં જ્યાં બીજાં પ્રાણીઓનાં ફૅાસિલ દેખાય છે ત્યાં પણ મનુષ્યના અસ્તિત્વનું કશું ચિહ્ન મળતું નથી. મનુષ્ય તો શું

પણ નાનાં મોટાં ચોપગાં પ્રાણીઓનાં ફૉસિલ પણ મળતાં નથી. સૌથી નીચેના પછીના થરોમાં પહેલાં ઝીણાં ઝીણાં જીવડાનાં ફૉસિલો મળે છે. તેમાં મુખ્ય ભાગે સીપોનાં ફૉસિલ મળે છે. આથી આદિ પ્રાણી તરીકે વિચારીએ તો પૃથ્વી ઉપર સૌ પહેલાં સીપમાં રહેનારાં જંતુઓની સૃષ્ટિ થઇ.

તે પછીના થરોમાં માછલાંનાં ફૉસિલ દેખાય છે. વળી ક્રમે ક્રમે ઉપલા ઉપલા થરોમાં જતાં સર્પ જાતિનાં ફૉસિલો નજરે પડે છે. પૂર્વકાળના સર્પો બહુજ ભયંકર દેખાય છે, એવા આશ્ચર્યજનક લંબાઇ-વાળા અને ભયંકર સર્પો અત્યારે આપણા જોવામાં આવતા નથી. સર્પોની સૃષ્ટિ પછી આંચળવાળાં પ્રાણીની સૃષ્ટિ દેખાય છે. ક્રમે ક્રમે હાથી, રીંછ, ગેંડા, સિંહ અને હરિણ જાતિની ઉત્પત્તિ દેખાય છે; તથાપિ ત્યાં મનુષ્યોનાં ફૉસિલ દેખાતાં નથી. મનુષ્યનું ચિહ્ન તો સૌથી ઉપરના થરમાં અર્થાત્ હાલની માટીમાં દેખાય છે, અથવા તેની નીચેના એકાદ થરમાં કદાચિત્ મનુષ્યનું ચિહ્ન દેખાય છે. આથી સમજાય છે કે મનુષ્યની સૃષ્ટિ સર્વની પાછળ થયેલી છે. સૌ પ્રાણીઓના કરતાં મનુષ્ય એ આધુનિક પ્રાણી છે.

આ ઠેકાણે 'આધુનિક' શબ્દથી શું સમજવું? તેનું વિવેચન કરવું ઉચિત છે. જે બધા થરોની વાત કહી તે થરોનો સમૂહ જાણે પૃથ્વીની ત્વચાનાં જુદાં જુદાં પડો રૂપે છે, એક એક પડની ઉત્પત્તિ અને સમાપ્તિમાં કેટલા લાખ અથવા કેટલા કરોડ વર્ષો લાગ્યાં છે તે કોણ કહી શકે? એની ગણત્રી કરવાનું સાધન પણ નથી. માત્ર એટલુંજ કહી શકાય કે તે કાળથી અપરિમિત છે; માનવબુદ્ધિની ધારણાથી અગમ્ય છે. સૌથી ઉપરના થરમાં મનુષ્યનું ચિહ્ન છે; એમ કહ્યું તેપરથી એમ સમજવું નહિ કે "મનુષ્ય આજકાલજ પૃથ્વીપર આવ્યાં છે; અને મનુષ્યને પૃથ્વીપર આવ્યે હજારો વર્ષો થયાં નથી." આતો

પૃથ્વીની ઉંમર સાથે મનુષ્ય સૃષ્ટિનો મુકાબલો કરતાં તેને માત્ર એક મુહૂર્ત થયું છે, અને તેથીજ મનુષ્યને આધુનિક પ્રાણી કહેલ છે.

મિસરના રાજાઓની જે વંશાવળીઓ પ્રચલિત છે, તેને જો સાચી માનીએ તો, મિસર દેશમાંજ ૧૦૦૦૦ વર્ષથી રાજઅમલ ચાલુ છે. હોમરે ઇ. સ. પૂર્વે ૯૦૦ માં જગવિખ્યાત બે મહા કાવ્યોની રચના કરી છે, એ વાત સૌને માન્ય છે. એ કાવ્યમાં મિસરની રાજધાની ૧૦૦ દરવાજાવાળી થિબ્સ નગરીનો મહિમા ગાયો છે. મનુષ્યજાતિ સુધરેલી દશામાં એક વાર ઉન્નતિને રસ્તે ચડે તો ઘણી ત્વરાએ ઉન્નતિ પ્રાપ્ત કરી શકે છે, એ વાત સત્ય છે; પરંતુ અણુ-સુધરેલી અવસ્થામાંથી સ્વતઃ સુધરેલી અવસ્થામાં આવવું અને ઉન્નતિ પ્રાપ્ત કરવી તેમાં તો ન ધારી શકાય તેટલો વખત લાગે છે. ભારત-વર્ષના અનાર્યો ૪૦૦૦ વર્ષથી સુધરેલા આર્યોની પાસે રહ્યા છતાં પણ કશી વિશેષ ઉન્નતિ મેળવી શક્યા નથી. આથી સહજમાં સમ-જાય છે કે મિસર દેશના રહેવાસીઓમાં સુધારો સ્વતઃ ઉપજ્યો અને જે વખતે તેઓ ૧૦૦ દરવાજાવાળા નગરી સ્થાપવા શક્તિમાન થયા તેની ગણત્રીએ તો હજારો વર્ષો થવાં જોઇએ. મિસરના શોધકો કહે છે કે "મેમ્ફીજ નામની નગરી તો થિબ્સ કરતાં જુની છે." આ બધી નગરીઓમાં જે દેવાલયો—પિરામીડો—વર્તમાન છે, તેમાં યુદ્ધના વિજયોત્સવનાં ચિત્રો છે.* એક પ્રાચીન શોધક સર જ્યોર્જ લુઇસ લખે છે કે, "મિસરવાસીઓને ઐતિહાસિક સમયમાં તો કદિ યુદ્ધપરા-યણ જોયા નથી, છતાં પહેલાં કોઇ કાળે તેઓ યુદ્ધપરાયણ ન હોત

* પોલેંડના જુના ગ્રંથો, ભારતનાં પુરાણો અને મિસરની દંત-કથાઓ વગેરે ઉપરથી મજબુત સાબીતીઓ મળી છે કે મિસરની વસ્તી અને રાજ્ય ભારતના કોઈ એક રાજવંશે ત્યાં જઈને સ્થાપિત કર્યાં હતાં અને પિરામીડો પણ તેણેજ બંધાવ્યા હતા.   મંત્રી.

તો પિરામીડોમાં યુદ્ધના વિજયોત્સવનાં ચિત્રો ચીતરાવાનો સંભવ ન હતો." આથી સ્પષ્ટ થાય છે કે ઐતિહાસિક કાળની પૂર્વે પણ મિસરવાસીઓ ઘણી ઉન્નતિ મેળવી શક્યા હતા; અને પોતાના અદ્ભુત પિરામીડોમાં જાતીય કીર્તિરૂપે તેમણે તે ચીતરેલ છે. અણસુધરેલી જાતિ માત્ર પોતાનાજ બુદ્ધિબળે આટલી બધી ઉન્નતિ મેળવે એમાં હજારો વર્ષો જોઇએ. તેની પછી હજારો વર્ષનો ઐતિહાસિક કાળ આવ્યો. આથી મિસરવાસીઓ સમાજબદ્ધ થઇ નિવાસ કરતા, તેને ૧૦૦૦૦ વર્ષો કે તેથી પણ વધારે વર્ષો લાગ્યાં હોય એમ કહી શકાય.

મિસર દેશની જમીન નીલ નદીના કાંપથી બનેલ છે. વર્ષોવર્ષ નીલ નદીના જળમાં આવેલો કાંપ જામી જઈ એ દેશનાં પડો બંધાયાં છે. થિબ્સ, મેમ્ફીઝ વગેરે નગરીઓ નીલ નદીની (કાંપવાળી) મૃત્તિકા-ઉપર સ્થાપવામાં આવી હતી. આ પ્રદેશ ઇ. સ. ૧૮૫૧ થી ૧૮૫૪ સુધીમાં પ્રાચીન શોધકોએ શોધખોળમાટે ખોદાવ્યો હતો, તેમાં ૬૦ ફૂટ નીચેથી ભાંગેલાં માટીનાં વાસણો અને ઈંટો મળી આવ્યાં હતાં. આ ઈંટો પૂર્વકાળમાં કૂવા વગેરે બાંધવા માટે વપરાએલી જોવામાં આવી છે. એક બીજા પ્રાચીન શોધકને ૭૨ ફૂટ નીચેથી ઈંટો મળી આવી છે.

મોનસ્યુર ગિરાર્ડ અનુમાન કરે છે કે, "૧૦૦ વર્ષે નીલ નદીનો કાંપ મિસર ઉપર પાંચ ઇંચ ઉંચાઇનો થર પાથરે છે." જો ૧૦૦ વર્ષે પાંચ ઇંચ થર પથરાતો હોય તો ૬૦ ફૂટ ઈંટને નીચે પહોંચતાં ૧૪૦૦૦ થી વધારે વર્ષો લાગે. બીજો પ્રાચીન શોધક હિસાબ કરી કહે છે કે, "નીલ નદીનો કાંપ ૧૦૦ વર્ષે માત્ર ૨॥ પોણાત્રણ ઇંચ જામે છે." જો આ વાત સાચી હોય તો ૭૨ ફૂટ નીચે રહેલી ઈંટ ઉપરથી મિસરમાં માનવજાતિનું અસ્તિત્વ આજથી ત્રીશહજાર વર્ષ પહેલાંનું નક્કી થાય છે; અને એ વાત પણ પ્રમાણરહિત નથી.

અત્યારે પૃથ્વીમાં જે જાતનાં પ્રાણીઓ છે તે જાતનાં પ્રાણીઓનાં ફૉસિલોજ મિસરની જમીનના ખોદાણુમાંથી મળી આવે છે, પરંતુ જે જાતનાં પ્રાણીઓ અત્યારે પૃથ્વીમાં જોવાતાંજ નથી તેવાં કોઇ ફૉસિલો મિસરમાં મળતાં નથી. આથી જ્યાં લોપ થઇ ગએલી પ્રાણીની જાતનાં ફૉસિલો મળે છે તેના કરતાં મિસરનો નીલ નદીનો આ થર આધુનિક થરમાં ગણી શકાય છે. પરંતુ કેટલાંક સ્થળ એવાં છે કે જેમાં લોપ થઇ ગએલી પ્રાણીની જાતનાં ફૉસિલો સાથે મનુષ્યોનાં ફૉસિલો પણ મળી આવ્યાં છે. બેલજીઅમ અને ફ્રાંસની ભૂમિ આવાં ફૉસિલોનાં ઉદાહરણો છે.

જ્ઞાન.

ભારતવર્ષમાં 'દર્શન' કોને કહે છે? એનો ઉત્તર આપવા પહેલાં એ સમજવું પડશે કે યુરોપમાં જે અર્થમાં "ફિલસુફી" શબ્દ વપરાય છે તે અર્થમાં 'દર્શન' શબ્દ વપરાતો નથી. વાસ્તવિક રીતે "ફિલસુફી" શબ્દનો કોઇ નિશ્ચિત અર્થ નથી. કદિ એનો અર્થ અધ્યાત્મતત્વ, કદિ એનો અર્થ પ્રાકૃતિક વિજ્ઞાન, કદિ એનો અર્થ ધર્મનીતિ અને કદિ એનો અર્થ વિચારવિદ્યા થાય છે. આમાંનો એક પણ અર્થ દર્શન શબ્દના અર્થને મળતો નથી. 'ફિલસુફી'નો ઉદ્દેશ કોઇ પણ પ્રકારનું જ્ઞાન મેળવવાનો છે. તે સિવાય એનો બીજો કોઇ ઉદ્દેશ નથી. દર્શનનું ઉદ્દેશ્ય પણ જ્ઞાન ખરૂં; પરંતુ એ જ્ઞાનનું પણ ઉદ્દેશ્ય છે. એ ઉદ્દેશ્ય મુક્તિ, નિર્વાણ, નિઃશ્રેયસ અથવા એવાં બીજાં નામવાળી પારલૌકિક અવસ્થા છે. યુરોપની ફિલસુફીમાં જ્ઞાનજ પરમ પ્રાપ્ય મનાયલું છે, પરંતુ દર્શનમાં તો એ જ્ઞાન માત્ર સાધનજ છે. આ સિવાય બન્નેમાં એક બીજો મોટો ભેદ છે. ફિલસુફીનો ઉદ્દેશ કોઈ વિશેષ જ્ઞાન છે. પછી તે નૈતિક હો, ભૌતિક હો, સામાજિક હો, કે આધ્યાત્મિક હો; પરંતુ દર્શનનો ઉદ્દેશ પદાર્થ માત્રનું જ્ઞાન હોવાથી દર્શનમાં બધા પ્રકારના જ્ઞાનનો સમાવેશ થાય છે.

સંસાર દુઃખમય છે. પ્રકૃતિનું બળ હંમેશાં મનુષ્યના સુખનું પ્રતિસ્પર્ધી છે. તમે જે કાંઇ સુખ ભોગવો છો તે બાહ્ય પ્રકૃતિની સાથે યુદ્ધ કરીને મેળવો છો. મનુષ્યનું જીવન એ વિચારી જોઇએ તો પ્રકૃતિ સાથેની લાંબી લડાઇ માત્ર છે. જ્યારે તમે લડાઇમાં જય મેળવશો ત્યારેજ તમને કાંઇક સુખ પ્રાપ્ત થશે. પરંતુ માનવબળના કરતાં પ્રકૃતિનું બળ અનેકગણું જોરાવર છે. મનુષ્યની જીત તો કોઇ

વારજ થાય છે, અને પ્રકૃતિની જીત તો નિરંતર થયા કરે છે. આથી મનુષ્યજીવન ક્લેશમય છે. વળી આર્યલોકોના મત પ્રમાણે જન્મ વારંવાર થાય છે. આ જન્મમાં મહા મુસ્કેલીએ અનંત દુઃખો ભોગવી યુદ્ધમાં પ્રકૃતિથી પરાજય પામી જો જીવે દેહ છોડયો તો એટલેથી છૂટકો નથી. ફરી જન્મ ગ્રહણ કરવો પડશે, ફરી એ અનંત દુઃખો ભોગવવાં પડશે, ફરી મરવું પડશે, વળી જન્મ ધારણ કરવો પડશે અને ફરી એ ને એ દુઃખ સામું આવી ઉભું રહેશે. આ અનંત દુઃખની શું કદિ નિવૃત્તિ નથી? મનુષ્ય એનાથી છૂટી શકે તેમ નથી?

એના બે ઉત્તર છે. એક ઉત્તર યુરોપીય પદ્ધતિ પ્રમાણે છે; અને બીજો ઉત્તર આર્યાવર્ત્તની પદ્ધતિ પ્રમાણે છે. યુરોપિયન લોકો કહે છે કે પ્રકૃતિને જિતી શકાય છે, જેથી પ્રકૃતિને જિતી શકીએ તેવો ઉદ્યોગ કરવો. આ જીવનસંગ્રામમાં પ્રકૃતિને પરાજય પમાડવા માટે શસ્ત્રોનો સંગ્રહ કરવો. તે શસ્ત્રો કયાં? આના ઉત્તર રૂપે યુરોપનું વિજ્ઞાનશાસ્ત્ર છે; અને તેનો પાયો એ વાતપર છે કે પ્રકૃતિને પૂછ-વાથી અર્થાત્ પ્રકૃતિનાં તત્વોનો અભ્યાસ કરીને અને તે ગુપ્ત તત્વોને જાણીને તેના બળવડે પ્રકૃતિને જિતવી અને મનુષ્યજીવન સુખમય બનાવવું. યૂરોપના વિજ્ઞાનશાસ્ત્રનો આ ઉદ્દેશ અને આ ફળ છે.

આર્યાવર્ત્તવાસીઓનું કથન એ છે કે પ્રકૃતિ અજિત છે. જ્યાં સુધી પ્રકૃતિની સાથે સંબંધ રહેશે ત્યાં સુધી દુઃખ પણ રહેશે; માટે પ્રકૃતિની સાથે સંબંધ તોડી નાખવો એજ દુઃખનિવારણનો ઉપાય છે. એ સંબંધ તોડવાનું કામ માત્ર જ્ઞાનદ્વારાજ થઇ શકે છે. આ કથનનું ફળ ભારતવર્ષનાં દર્શન શાસ્ત્રો છે.

એ જ્ઞાન કયું? 'આકાશકુસુમ' એ શબ્દ કહેવાથી પણ એક જાતનું જ્ઞાન થાય છે, કેમકે આકાશ શું? તે આપણે જાણીએ છીએ, અને કુસુમ શું? તે આપણે જાણીએ છીએ. મનની શક્તિદ્વારા

બન્નેનો સંયોગ કરી શકીએ છીએ. પરંતુ એવું જ્ઞાન મેળવવું એવો દર્શનનો ઉદ્દેશ નથી. એ તો ભ્રાંતિજ્ઞાન છે. યથાર્થ જ્ઞાનજ દર્શનનો ઉદ્દેશ છે. એ યથાર્થ જ્ઞાનને **પ્રમાજ્ઞાન** અથવા **પ્રમાપ્રતીતિ** કહે છે. એ યથાર્થ જ્ઞાન શું છે ? જે જાણીએ છીએ તેનું નામ જ્ઞાન છે. તે શી રીતે જણાય છે ?

કેટલાક વિષયો ઇંદ્રિયોના સાક્ષાત્ સંયોગથી જાણી શકાય છે. આ ઘર, આ વૃક્ષ, આ નદી, આ પર્વત, એ અમારી સામે રહેલાં છે. એને અમે આંખોએ જોયાં છે, એથી અમે જાણીએ છીએ કે એ ઘર, એ વૃક્ષ, એ નદી, અને એ પર્વત છે. આથી જ્ઞાતવ્ય પદાર્થની સાથે ચક્ષુ ઇંદ્રિયનો સંયોગ થવાથી અમને જ્ઞાન પ્રાપ્ત થયું,* આને **ચાક્ષુષ પ્રત્યક્ષ** કહે છે. એ રીતે ઘરમાં બેઠાં બેઠાં અમે સાંભળ્યું કે મેઘ ગાજી રહ્યો છે, મોર ટહુકી રહ્યો છે, અહીં મેઘની ગર્જના અને પક્ષીનો અવાજ અમે કાનવડે પ્રત્યક્ષ કર્યો, એ **શ્રાવણ પ્રત્યક્ષ** છે. એ રીતે પાંચે ઇંદ્રિયોદ્વારા **પાંચ પ્રકારનું પ્રત્યક્ષ જ્ઞાન** થાય છે. આર્ય દર્શનકારોએ મનની ગણત્રી પણ ઇંદ્રિયોમાં કરેલી છે. આથી તેઓ **માનસ પ્રત્યક્ષ** પણ માને છે. મન એ કાંઇ બાહ્ય ઇંદ્રિય નથી; પણ આંતર ઇંદ્રિય છે. એ અંતરની ઇંદ્રિય સાથે બહારના વિષયોનો સંયોગ થવો અસંભવિત હોવાથી માનસ પ્રત્યક્ષવડે જો કે બાહ્ય વિષય જાણી શકાતો નથી, પરંતુ આંતર જ્ઞાન તો તેથી થાય છેજ.

જે પદાર્થ પ્રત્યક્ષ થાય છે તેનું જ્ઞાન તો અમને થાય છેજ, પરંતુ પ્રત્યક્ષ વિના પણ અમને વિષયોનું જ્ઞાન થઇ શકે છે.

---

* ઘર, પર્વત વગેરે દૂર હોય, છતાં આપણને દેખાય શી રીતે ? આપણી આંખો તો તેનો સ્પર્શ કરી શકતી નથી ! તેનો ઉત્તર એ છે કે એ પદાર્થો ઉપર પડેલાં કિરણો ફેંકાઈને આપણી આંખોમાં આવે છે ને તેને લીધે આપણે તે પદાર્થો જોઇ શકીએ છીએ.

હું એક બંધ બારણાંવાળા ઓરડામાં સૂતો છું. તે વખતે મેઘની ગર્જના સાંભળી. આથી 'શ્રાવણ પ્રત્યક્ષ' થયું, પરંતુ એ પ્રત્યક્ષ ધ્વનિનું થયું; મેઘનું નહિ. અહીં મેઘ અમારા પ્રત્યક્ષનો વિષય ન હતો, છતાં અમે જાણી શકયા કે આકાશમાં મેઘ છે. આમ ધ્વનિના પ્રત્યક્ષથી મેઘના અસ્તિત્વનું જ્ઞાન શાથી થયું ? અમે પહેલાં અનેક વાર જોઇ ચૂકયા છીએ કે આકાશમાં મેઘ સિવાય કોઇનો આવો અવાજ થતો નથી. વળી એવું કદિપણ થયું નથી કે મેઘ ન હોય છતાં આવો ધ્વનિ સંભળાયો હોય. આથી બારણાં બંધ કરેલા ઓરડામાં બેઠાં બેઠાં પ્રત્યક્ષ જ્ઞાન વિના પણ અમે જાણી ગયા કે આકાશમાં મેઘ છે. આને **અનુમિતિ જ્ઞાન** કહે છે. મેઘનો ધ્વનિ અમે પ્રત્યક્ષ સાંભળ્યો અને તે ઉપરથી અનુમિતિ કરીને મેઘને અમે જાણ્યો.

ધારો કે એક બંધ બારણાંવાળા ઓરડામાં અંધકાર છે અને તેમાં તમે એકલા બેઠા છો. એ વખતે તમારા શરીરની સાથે બીજા કોઇ માણસના શરીરનો સ્પર્શ થયો. એ વખતે કશું જોયા વિના તેમજ કશું સાંભળ્યા વિના પણ તમે જાણી લીધું કે આ ઓરડામાં કોઇ માણસ આવ્યું છે. ત્યાં સ્પર્શનું જ્ઞાન **ત્વાચ** (ત્વચાનું) **પ્રત્યક્ષ** છે; પરંતુ ઓરડામાં મનુષ્ય હોવાનું જ્ઞાન તો **અનુમિતિજ્ઞાન**જ છે. એ અંધકારવાળા ઓરડામાં તમને ગુલાબના ફૂલની સુગંધી આવે તો તમે સમજી જશો કે ઘરમાં ગુલાબનાં પુષ્પ વગેરે પણ છે. અહીં ગંધ પ્રત્યક્ષનો વિષય છે, અને પુષ્પ અનુમિતિનો વિષય છે.

મનુષ્યો બહુજ થોડી બાબતોમાં પોતે પ્રત્યક્ષ કરી શકે છે. મોટે ભાગે જ્ઞાનનો આધાર અનુમિતિ ઉપરજ છે. અનુમિતિ જ્ઞાનજ સંસાર ચલાવે છે. અનુમિતિ શક્તિ ન હોય તો અમે કોઇ કાર્યજ કરી શકીએ નહિ. વિજ્ઞાન, દર્શન, વગેરે અનુમાનની ઉપરજ નિર્માયાં છે.

પરંતુ જેમ કોઇ માણસ પોતે બધા વિષયોને પ્રત્યક્ષ કરી

શકતો નથી, તેમજ કોઇ માણસ પોતે બધી બાબતો માત્ર અનુમિતિ-વડે પણ સિદ્ધ કરી શકતો નથી. અનેક વિષયો એવા પણ છે કે જેને અનુમિતિવડે જાણવામાં જેટલા શ્રમની જરૂર છે એટલો શ્રમ એક માણસ પોતાના આખા જીવનમાં પણ કરી શકતો નથી. એવા અનેક વિષયો છે કે તેને અનુમિતિદ્વારા સિદ્ધ કરવા માટે જેટલી વિદ્યા, જેટલું જ્ઞાન, જેટલી બુદ્ધિ અને જેટલી તૈયારીની જરૂર છે તે સર્વ ઘણાં મનુષ્યો સંપાદન કરી શકે એવો સંભવજ નથી. આથી એવા વિષયોને ઘણાં ખરાં માણસો પોતે પ્રત્યક્ષ પણ કરી શકે નહિ અને અનુમિતિમાં પણ આણી શકે નહિ. એવે પ્રસંગે શું થાય છે? જેણે એ વિષયનો જાતે પ્રત્યક્ષ અનુભવ કર્યો છે અથવા અનુમિતિ કરેલ છે એની વાત સાંભળીને તેનાપર વિશ્વાસ રખાય છે. ઇટાલી દેશમાં 'આલ્પ્સ' નામની જે પર્વતની હાર છે તેને તમે પ્રત્યક્ષ જોએલ નથી તેમ અનુમિતિદ્વારા પણ જાણી શકો તેમ નથી, પરંતુ જેમણે તે જોએલી છે તેનાં લખેલાં પુસ્તકો વાંચીને તેનું જ્ઞાન તમે પ્રાપ્ત કરો છો. સર્વ પરમાણુઓ એક બીજાં પરમાણુઓની તરફ સામસામાં આકર્ષાય છે. આ વાત પ્રત્યક્ષ જોઇ શકાય તેમ નથી; અને તમે કોઇ ગણત્રી-વડે એ વાત સિદ્ધ કરી શકશો નહિ. આથી તમે 'ન્યુટન'ની કહેલી વાતપર વિશ્વાસ રાખીને એ જ્ઞાન (ગુરુત્વાકર્ષણનું જ્ઞાન) પ્રાપ્ત કર્યું છે.

ન્યાય, સાંખ્ય વગેરે આર્યોનાં દર્શનશાસ્ત્રોમાં આ કારણને લીધે એક ત્રીજું પ્રમાણ માન્યું છે. એ પ્રમાણ તે **શાબ્દ પ્રમાણ** છે. ઉક્ત દર્શનકારોએ વેદની પ્રામાણિકતાપર વિશ્વાસ રાખીને તેનાં વચ-નોને શાબ્દપ્રમાણ તરિકે સ્વીકારેલાં છે. આપ્તવાક્ય અથવા ગુરુનો ઉપદેશ સાધારણ રીતે વિશ્વાસયોગ્ય હોય છે. જેથી આર્યલોકોને મતે એ પણ એક સ્વતંત્ર પ્રમાણ છે અને એનું નામ ઉપર જણાવ્યું તે **શાબ્દ પ્રમાણ** છે.

પરંતુ ચાર્વાકાદિ કોઇ કોઇ આર્યદર્શનકારો આ શાબ્દપ્રમાણને સ્વીકારતા નથી. યુરોપીઅનો પણ એનો એક સ્વતંત્ર પ્રમાણ તરીકે સ્વીકાર કરતા નથી.

આ વાત તો ખરીજ છે કે બધાની વાતો ઉપર વિશ્વાસ રાખવો અયોગ્ય છે. જો કોઇ પ્રસિદ્ધ ગપ્પીદાસ આવીને કહે કે "ત્યાં પાણીમાં અગ્નિ સળગતો હું જોઇ આવ્યો" તો એ વાત ઉપર કોઇ ભરોસો કરશે નહિ. આથી યોગ્ય માણસનો ઉપદેશજ પ્રમાણરૂપ અને ગ્રાહ્ય ગણી શકાય. એ જ્ઞાન લેતાં પહેલાં એટલો વિચાર કરવો આવશ્યક છે કે કોણ વિશ્વાસ રાખવા યોગ્ય છે અને કોણ વિશ્વાસ રાખવા યોગ્ય નથી. હવે પ્રશ્ન એ રહે છે કે કયી વાત ઉપર આધાર રાખીને આ પ્રમાણનો નિશ્ચય કરવો? શા આધારથી 'મનુ' આદિનાં વચનોને "આપ્તવાક્ય" સમજીને ગ્રહણ કરવાં અને 'રામલા' તથા 'શ્યામલા' ની વાણીને અગ્રાહ્ય ગણવી? 'મનુ' ની સાથે અમારા ગામના પાદરીસાહેબનો મતભેદ છે, પરંતુ તમે તો પહેલાંથીજ સાંભળતા આવ્યા છો કે 'મનુ' અભ્રાન્ત ઋષિ હતા, અને પાદરીસાહેબ સ્વાર્થપરાયણ સાધારણ માણસ છે. આથી તમે અનુમાન કર્યું કે 'મનુ' ની વાત ગ્રાહ્ય છે, ને પાદરીની વાત અગ્રાહ્ય છે. મનુ જેવા અભ્રાન્ત ઋષિએ ગોમાંસભક્ષણનો નિષેધ કર્યો છે માટે તમે અનુમાન કર્યું કે 'ગોમાંસ' અભક્ષ્ય છે. પરંતુ આ ઉપરથી એ પ્રશ્ન ઉઠે છે કે શાબ્દપ્રમાણને અનુમિતિ પ્રમાણનું અંતર્ગત (પેટામાં) ન માનતાં સ્વતંત્ર પ્રમાણ તરીકે શાથી માન્યું હશે?

આનો ખુલાસો એમ છે કે જે માણસના કેટલાક ઉપદેશો તમે ગ્રાહ્ય કરો છો, તેનાજ કેટલાક ઉપદેશો અગ્રાહ્ય પણ સમજો છો. ગુરુત્વાકર્ષણ વિષે ન્યુટનનો જે મત છે તેને તમે સ્વીકારો છો, પરંતુ પ્રકાશ વિષે તેનો જે મત છે તેનો અસ્વીકાર કરી યંગ અને ફ્રેનલ

સાહેબ જેવા સાધારણ બુદ્ધિવાળા માણસોનો મત સ્વીકારો છો. એનું કારણ અનુમિતિજ છે. અનુમિતિ વડેજ તમે જાણી શકો છો કે ન્યુટનનો જે મત છે તે ગુરૂત્વાકર્ષણની બાબતમાં સાચો છે, પરંતુ પ્રકાશની બાબતમાં ભૂલ ભરેલો છે. જો આમ ન કરતાં શાબ્દપ્રમાણને એક જુદું પ્રમાણજ માનીએ તો ન્યુટનની બધી વાતો આપણે સ્વીકારવી પડે.

પરંતુ ભારતવર્ષમાં એવુંજ થયું છે. ભારતવર્ષમાં જેનો એક મત ગ્રાહ્ય છે તેના બધાજ મતો ગ્રાહ્ય સમજાય છે. તેનું કારણ એજ કે અહીં શાબ્દપ્રમાણ એક નોખું પ્રમાણ મનાયું છે. આર્યોનાં દર્શન શાસ્ત્રોની આજ્ઞા છે કે 'આપ્તવાક્ય' માત્ર વગર વિચારે ગ્રાહ્ય છે. આ રીતે વિશેષ વિચાર વિના ઋષિઓ અને પંડિતોની હરેક વાતોને ગ્રાહ્ય ગણવી એ ભારતવર્ષની અવનતિનું એક કારણ છે, એ કહેવાની જરૂર નથી.

પ્રત્યક્ષ, અનુમિતિ અને શાબ્દપ્રમાણ સિવાય નૈયાયિકો ઉપમિતિને પણ એક સ્વતંત્ર પ્રમાણ વર્ણે છે. વિચાર કરતાં એ સિદ્ધ થશે કે ઉપમિતિ એ અનુમિતિ પ્રમાણનો એક ભેદ માત્ર છે. એથી સાંખ્ય વગેરે દર્શનોમાં ઉપમિતિને જુદું પ્રમાણ માન્યું છે. આ કારણને લીધે ઉપમિતિનું વિસ્તારથી વિવેચન કરવાની જરૂર નથી, વાસ્તવિક રીતે પ્રત્યક્ષ અને અનુમિતિજ જ્ઞાન મેળવવાનાં પ્રમાણો છે.

અનુમિતિ પણ પ્રત્યક્ષ ઉપર આધાર રાખનારૂં છે. જે વિષયનું કદિ પ્રત્યક્ષજ્ઞાન થયું નથી હોતું તેની અનુમિતિ થઇ શકતી નથી. જો તમે પહેલાં કદિ મેઘને જોયો ન હોત, અગર બીજા કોઇએ પણ કદિ જોયો ન હોત, તો બંધ બારણાંવાળા ઘરમાં બેસી મેઘની ગર્જના સાંભળતાં કદિ પણ મેઘની અનુમિતિ ન કરી શકત. તેમજ ગુલાબની સુગંધીનું તમને પ્રત્યક્ષજ્ઞાન ન હોત તો અંધકારવાળા ઘરમાં સુગંધ-

પરથી તમે કદિ અનુમિતિ કરી શકત નહિ કે આ ઘરમાં ગુલાબનું ફૂલ છે. ઘણીવાર એવું જણાય છે કે એક અનુમિતિનો આધાર ઘણી જાતિનાં પહેલાં મળેલાં પ્રત્યક્ષ પ્રમાણો ઉપર રહેલો હોય છે. વિજ્ઞાનશાસ્ત્રનો અકેક નિયમ હજારો પ્રકારનાં પ્રત્યક્ષ જ્ઞાનનું ફળ હોય છે.

આથી પ્રત્યક્ષપ્રમાણુજ જ્ઞાનનું એક મૂળ છે. એજ બધાં પ્રમાણોનું મૂળ છે.* ઘણા લોકો આ વાત સાંભળી વિસ્મય પામશે કે દર્શનશાસ્ત્ર એ ત્રણ હજાર વર્ષે ફરી ફરીને આજે પાછું ચાર્વાકના મતની પાસેજ પહોંચી ગયું કે શું? ધન્ય છે, આર્ય લોકોની બુદ્ધિને! આટલાં વર્ષો પછી હ્યુમ, મીલ અને બેઇન વગેરેએ જે સિદ્ધ કર્યું છે, તે આજથી બે હજાર વર્ષ પહેલાં પણ બૃહસ્પતિ પ્રતિપાદન કરી ગયા છે! પ્રત્યક્ષ સિવાય બીજું પ્રમાણ નથી એમ અમારૂં કહેવું નથી, પણ અમારૂં કહેવું એ છે કે બધાં પ્રમાણોનું મૂળ પ્રત્યક્ષપ્રમાણ છે.

બૃહસ્પતિના બધા ગ્રંથો લુપ્ત થઇ ગયા હોવાથી બૃહસ્પતિનું કહેવું બરાબર એમજ છે કે નહિ? એ વાતનો નિશ્ચય કરવો કઠણ છે.

પ્રત્યક્ષજ જ્ઞાનનું એક માત્ર મૂળ છે, પરંતુ એ બાબતમાં યૂરોપના દાર્શનિકોની વચ્ચે એક ભારે ઝગડો છે, કોઇ કોઇ કહે છે કે આપણાં અનેક જ્ઞાનો એવાં છે કે જેનાં પહેલેથી પ્રત્યક્ષ પ્રમાણો મળી શકતાં નથી; જેવાં કે કાળ, આકાશ વગેરે.

આ વાત સમજવી જરા કઠણ છે. આકાશ વિષે એક સાધારણ વાત લઇએ. જેમકે બે સમાન્તર લીટીઓ બન્ને બાજુએ ગમે તેટલી લંબાવીએ તો તે કદિ મળી શકતી નથી. આ બીનાને આપણે નક્કીપણે જાણીએ છીએ. પરંતુ એ જ્ઞાન આપણે ક્યાંથી મેળવ્યું?

* આ વિષે વધારે ઉંડા વિચારોનો અહીં અમે ત્યાગ કર્યો છે,

પ્રત્યક્ષવાદીઓ કહેશે કે " પ્રત્યક્ષદ્વારા મેળવ્યું. અમે જેટલી જેટલી સમાન્તર લીટીઓ દીઠી છે તે કદિ એકઠી થઇ નથી." ત્યારે પૂર્વ પક્ષના લોકો કહેશે કે " જગતમાં જેટલી સમાન્તર લીટીઓ છે તે તમામને તમે જોઇજ નથી. હા, તમે જે લીટીઓ દીઠી છે તે મળી નહિ હોય; પરંતુ તમે એ શી રીતે જાણ્યું કે કોઇ ઠેકાણે કદિ એવી બે સમાન્તર લીટીઓ દોરાઇ નથી કે દોરાશે નહિ ? તમે જે પ્રત્યક્ષ જોયું છે તેથી તમે અપ્રત્યક્ષ વિષય વિષે શી રીતે નિશ્ચય કર્યો ?" તથાપિ અમે એ જાણીએ છીએ કે જે તમે કહ્યું તે સત્ય છે કે "કદિ કયાંય એવી બે સમાન્તર લીટીઓ દોરી શકાતી નથી કે જે મળી જાય." ત્યારે એ માનવું પડશે કે પ્રત્યક્ષ સિવાય જ્ઞાનનું કોઇ બીજું મૂળ તમારામાં છે. નહિ તો તમે પ્રત્યક્ષ સિવાય બીજું 'વિશેષ જ્ઞાન' ક્યાંથી મેળવી શકો ? "

આવો તર્ક કરીને લક અને હ્યુમના 'પ્રત્યક્ષવાદ'ની વિરુદ્ધમાં પ્રસિદ્ધ જર્મન દાર્શનિક કૉમ્ટે 'પ્રતિવાદ' ઉભો કરેલો છે. એ વાદને 'પ્રત્યક્ષ–પ્રતિવાદ' નામ આપી શકાય. પૂર્વોક્ત 'વિશેષ જ્ઞાન'નું મૂળ શામાં રહેલું છે, એ વાત સમજાવતાં તે વિદ્વાન્ કહે છે કે, આપણી ઇંદ્રિયોની અંદર તથા બાહ્ય વિષયોની અંદર એક 'અવર્ણ્ય તત્ત્વ' છવાઇ રહેલું છે, કે જે પ્રત્યક્ષ પ્રમાણોથી અતીત હોઇ જ્ઞાનને અધીન છે. બાહ્ય વિષયોનું 'ઉપલક જ્ઞાન' આપણને ઇંદ્રિયોદ્વારા થાય છે, પરંતુ 'વિશેષ જ્ઞાન' કાંઇ ઇંદ્રિયોદ્વારા થતું નથી. એ વિશેષ જ્ઞાન તો ઇંદ્રિ-યોની અંદર રહેલા એ 'અવર્ણ્ય તત્ત્વ'દ્વારા થાય છે. તાત્પર્ય કે બાહ્ય વિષયોની અંદર વ્યાપેલા એ અવર્ણ્ય તત્ત્વની, ઇંદ્રિયોની અંદર વ્યાપેલા 'અવર્ણ્ય તત્ત્વ' સાથે એકતા હોવાથીજ આપણે 'વિશેષ જ્ઞાન' મેળવી શકીએ છીએ. આ કારણને લીધેજ આપણે કાળ, આકાશ

વગેરેનો *સમવાય સમજી શકીએ છીએ. એ જ્ઞાન આપણામાંજ રહેલું છે; તેથી કૉમ્ટે એને 'સ્વતઃ પ્રાપ્ત' અથવા 'આભ્યંતરિક' જ્ઞાન કહેલું છે.

વાચકો ફરી જોઇ શકશે કે આધુનિક યુરોપનું દર્શન ફરી ફરીને પાછું પ્રાચીન ભારતીય દર્શનમાં મળી જાય છે! ચાર્વાકના 'પ્રત્યક્ષવાદ'ની સાથે જેમ મીલ અને બેઇનનો 'પ્રત્યક્ષવાદ' મળતો આવે છે, તેમ વેદાંતના 'માયાવાદ' સાથે કૉમ્ટનો આ 'પ્રત્યક્ષ-પ્રાતવાદ' મળે છે. યૂરોપમાં આધ્યાત્મિક વિષયનાં એવાં તત્ત્વો બહુજ ઓછાં સ્પષ્ટ થયાં છે, કે જે તત્ત્વોની સૂચના પ્રાચીન આર્યોએ પોતાના ગ્રંથમાં કરેલી ન હોય.

કૉમ્ટનો આભ્યંતરિક જ્ઞાન વિષેનો જે મત છે તેનો મોટો પ્રતિસ્પર્ધી જોનસ્ટુઅર્ટમીલ છે. તેણે કાર્ય કારણ સંબંધની નિત્યતાનો આશ્રય લીધો છે. તે કહે છે કે આપણે પ્રત્યક્ષદ્વારા એક અખંડિત સંસ્કાર પ્રાપ્ત કર્યો છે. જ્યાં કારણ વર્તમાન છે ત્યાં તેનું કાર્ય વર્ત્તમાન રહેશે. જ્યાં પહેલાં જોયું કે **क** વર્ત્તમાન છે ત્યાં **ख** પણ રહેલો છે, તો ફરી આપણે જો **क** ને દેખીએ તો જાણી શકીએ કે ત્યાં **ख** પણ છે. કેમકે આપણે પ્રત્યક્ષદ્વારા જાણ્યું છે કે જ્યાં કારણ રહે છે ત્યાં તેનું કાર્ય રહે છે. સમાન્તરાલ-ભાવ કારણ છે અને સંમિલન-વિરહ તેનું કાર્ય છે. કેમકે આપણે **સમાન્તરાલ-ભાવ** જ્યાં જ્યાં જોયો છે ત્યાં ત્યાં **સંમિલન-વિરહ** જોયેલ નથી. આથી સમાન્તરાલભાવ હમેશાં સંમિલન વિરહની પહેલાં રહે છે. એથી આપણે જાણીએ છીએ કે જ્યાં બે સમાન્તર લીટીઓ દોરેલી હશે ત્યાં તેનું સંમિલન થશે નહિ. આથી એ જ્ઞાન પ્રત્યક્ષમૂલક છે.

---

* સમવાય=નિત્ય સંબંધ. પટનો તંતુ સાથે, ગુણીનો ગુણ સાથે, દ્રવ્યનો ક્રિયા સાથે અને વ્યક્તિનો જાતિ સાથે જે સંબંધ તેનું નામ 'સમવાય' છે. (વૈશેષિકદર્શન.)

છેલ્લો મત હર્બર્ટસ્પેન્સરનો છે. તે પણ પ્રત્યક્ષવાદી છે. પરંતુ તે કહે છે કે "અમારૂં જે જ્ઞાન અમે જાતે પ્રત્યક્ષ કરીને નથી મેળવેલું, તે અમને અમારા પૂર્વ પુરુષોના પ્રત્યક્ષ જ્ઞાનના જે સંસ્કારો મળેલા છે, તે સસ્કારોદ્વારા ઉપજેલું છે. મારા પૂર્વ પુરુષોમાં પ્રત્યક્ષ જ્ઞાનથી જે સંસ્કારો ઉપજેલા, તેના કેટલાક અંશો મને પણ મળેલા છે. હું એ સંસ્કાર લઇનેજ જન્મેલો નથી, જો એમ હોત તો તુર્તનું જન્મેલું બાળક પણ સંસ્કારવાળું હોત. પરંતુ જન્મતી વખતે પણ એ સંસ્કારોનાં બીજ મારા શરીરમાં (મન શરીરની અંદર સમાયેલું છે તેથી મનમાં) હતાં. જરૂર પડતાં એ બીજો જ્ઞાનરૂપે પરિણામ પામ્યાં છે." આ રીતે કૉમ્ટને મતે જે આભ્યંતરિક અથવા સ્વતઃપ્રાપ્ત જ્ઞાન છે તેજ હર્બર્ટ પેન્સરને મતે પૂર્વજ–પરંપરાગત–પ્રત્યક્ષ જાત જ્ઞાન છે. એ વાત ઉપલક જોતાં અયથાર્થ જેવી લાગે છે, પરંતુ સ્પેન્સરે એવી યુક્તિથી તે સિદ્ધ કરી છે કે આ વખતે યૂરોપમાં તે પ્રચલિત થયેલ છે.*

---

* ઘણા માણસો કૉમ્ટના "Positive Philosophy" એ દર્શન શાસ્ત્રનો અનુવાદ 'પ્રત્યક્ષવાદ' કહે છે. અમારી માન્યતા પ્રમાણે એ ભ્રમ છે. જેને "Empirial philosophy" કહે છે અર્થાત્ લક, મીલ, હ્યુમ અને બેઇનનો મત છે તેનેજ 'પ્રત્યક્ષવાદ' કહેલો છે, આ નિબંધમાં અમે એજ અર્થમાં 'પ્રત્યક્ષવાદ' શબ્દનો પ્રયોગ કરેલો છે.

અનુકરણ.

પરમેશ્વરની કૃપાથી આ શતકમાં " નવા બાબુ " એવા નામવાળાં એક અદ્‌ભુત પંક્તિનાં જંતુઓ જગતમાં નજરે પડે છે. પ્રાણિવિજ્ઞાનવેત્તા પંડિતોએ પરીક્ષા કરી નિર્ણય કર્યો છે કે, પશુઓ પણ બાહ્ય દેખાવમાં મનુષ્ય લક્ષણોવાળાં છે; હાથે અને પગે પાંચ પાંચ આંગળીઓ, પૂંછડાનો અભાવ, હાડપિંજર અને મગજની રચનાનું સરખાપણું ઇત્યાદિ લક્ષણોમાં *વાનરજાતિ પણ મનુષ્ય લક્ષણોવાળી જણાય છે. તોપણ આંતર લક્ષણો વિષે એ રીતે નિશ્ચય હજુ લગી થયો નથી. કોઇ કોઇ કહે છે કે—' આંતરલક્ષણમાં મનુષ્ય ચડે છે,' તો કોઇને એવું બોલતાં સાંભળીએ છીએ કે;—" આ માણસ તો બહારથી મનુષ્ય છે, પણ અંદરથી તો પશુ જેવો છે." આ તત્વનો વિચાર કરવા માટે શ્રીમાન બાબુ રાજનારાયણ બાસુએ શાકે—ના ચૈત્ર માસમાં વ્યાખ્યાન આપ્યું હતું. અને અત્યારે તે છપાયું છે. એ વ્યાખ્યાનમાં તેમણે સિદ્ધ કર્યું છે કે, "નવાબાબુ"એ અંદરથી મનુષ્ય નહિ, પણ પશુ છે.

અમે કયા મતના અનુયાયી છીએ? અમે પણ શું નવા બાબુઓને પશુ માનનાર છીએ? અમે ઇંગ્રેજી વર્તમાન પત્રોમાંથી આ પશુતત્ત્વનો અભ્યાસ કર્યો છે. કોઇ કોઇ મહાશયોનો મત એવો છે કે વિધાતાએ ત્રણે લોકની સુંદરીઓમાંથી સૌંદર્યનાં કણેકણ સંગ્રહીત કરી જેમ તિલોત્તમાને સરજી હતી, તેમ પશુવૃત્તિઓનાં કણેકણો સંગ્રહીત કરી આ " નવા બાબુ " ની સૃષ્ટિ કરી છે. શિયાળમાંથી

---

* ઉરાંગ ઉટાંગ જાતિના વાનરને પુંછડું હોતું નથી એ વાત અહીં સૂચવાઈ છે. (અનુવાદક)

શઠતા, કૂતરાંમાંથી ઇર્ષ્યા, ઘેટાંમાંથી બીકણુપણું, વાનરમાંથી અનુકરણશક્તિ અને ગર્દભોમાંથી ગર્જનશક્તિ એવાં એવાં કણો એકત્ર કરી, આ ભારતવર્ષને ઉજ્વળ કરનાર 'નવા બાબુ'ની જાતિ ભગવાને ભારતવર્ષમાં ઉદય પમાડી છે ! જેમ સુંદરીઓમાં તિલોત્તમા, ગ્રંથોમાં રિચર્ડ સન્સનું સીલેક્શન, પોશાકમાં ફકીરની કંથા, ભોજનમાં ખીચડી, તેમ મનુષ્યોમાં આ નવા બાબુ છે ! જેમ ક્ષીરસાગરનું મથન કરતાં ચંદ્રે ઉદય પામી જગતને પ્રકાશિત કરેલું છે, તેમ પશુચરિત્રના સાગરનું મથન કરતાં આ "નવા બાબુ"રૂપી અનુપમ ચંદ્રો ઉદય પામી ભારતવર્ષને પ્રકાશિત કરનારા છે! રાજનારાયણ બાસુની પેઠે આ બંગા અમૃતાકાંક્ષી લોકો હાથ ઉંચા કરી કરી એ કલંકશૂન્ય ચંદ્રોને ઢાંકી દેશે. અમે તેને તેમ કરવા નિષેધ કરીએ છીએ. વિશેષે કરી અમે રાજનારાયણ બાસુને કહીએ છીએ કે, આપે આપના ગ્રંથમાં ગોમાંસ ખાવાનો નિષેધ કર્યો છે તો પછી આપે વ્યાખ્યાનમાં આ "નવાબાબુ"ઓ ઉપર તલવાર કેમ ચલાવી છે? બાબુ લોકો ગાય કે બેલ કરતાં કયી વાતમાં ઉતરતા છે? બેલો જેવો ઉપકાર કરે છે તેવો આ નવા બાબુઓ પણ ઉપકાર કરે છે. આ વર્તમાન પત્રોરૂપ વાસણોમાં જે સ્વાદિષ્ટ દૂધ દેખાય છે તે આ "નવાબાબુ"નીજ કૃતિ છે. ચાકરીરૂપી હળ ખાંધે ચડાવી, જીવનના ક્ષેત્રમાં જોડાઇ 'નવાબાબુ'ઓ પણ બેલના જેવી મજુરી કરે છે. વિદ્યાનો બોજો કોલેજોમાંથી પીઠ ઉપર ચડાવી તેઓ છાપખાનામાં લાવી ઢગલો કરે છે. સમાજસુધારાની ગાડી ઉપર વિલાયતી વિચારોરૂપી માલનો બોજો ભરી વ્યાખ્યાનદ્વારા કે વર્તમાનપત્રોદ્વારા બજારમાં પહોંચાડે છે. દેશહિતની ઘાણીમાં સ્વાર્થરૂપી સરસવો પીલીને યશરૂપી તેલ આ નવાબાબુરૂપી બેલો પણ કાઢે છે. આવા જીવો ઉપર તે કોઇ તલવાર ઉગામતું હશે ? આવા ગાયો અને બેલો જેવા ગુણવાળા "નવાબાબુ"ઓ ઉપર આમ તલવાર ચલાવવી યોગ્ય કહેવાય ?

અમારા દેશના આ "નવાબાબુ"ઓની લોકો જેટલી નિંદા કરે છે, તેટલી નિંદાને તેઓ લાયક નથી. ઘણા સ્વદેશાભિમાની લોકો જે હેતુઓથી *બાબુઓની નિંદા કરે છે, એજ હેતુથી રાજનારાયણ બાબુએ પણ "નવાબાબુ" ઓની નિંદા કરી છે. બાબુઓના કલ્યાણને માટે તેમની નિંદા કરેલી છે. પોતાના "ત્યારે અને અત્યારે" એ મથાળાના લેખમાં નિરપેક્ષપણે ભૂત અને વર્તમાનની આલોચના કરવાનો એમનો ઉદ્દેશ નથી, પરંતુ વર્તમાન સમયના દોષો દેખાડવા એજ તેમનો ઉદ્દેશ છે. તેમણે વર્ત્તમાનકાળના બાબુઓના ગુણો-ઉપર દૃષ્ટિપાત કર્યો નથી, વળી દૃષ્ટિપાત કરવો પણ નકામો છે, કેમકે અત્યારના "નવાબાબુ" ને પોતાના ગુણોમાં તો લેશપણ સંદેહ નથી. માત્ર તેઓ પોતાના દોષોજ જોઇ શકતા નથી.

એમ કોઈ નથી કહેતું કે નવી ઉછરતી પ્રજામાં દોષો નથી, પણ એ બધા દોષોમાં અનુકરણની પ્રીતિ એ દોષ ઉપર અત્યારે સૌનો કટાક્ષ છે. સ્વદેશી કે પરદેશી બધાજ આ એક દોષને માટે નવી ઉછરતી પ્રજાનો તિરસ્કાર કરે છે. રાજનારાયણ બાબુએ એ બાબતમાં જે જે કહ્યું છે તેનો ઉતારો કરવાની આવશ્યકતા નથી; કેમકે એ બધી વાતો આજકાલ બધાં જુનાં માણસોને મોઢે થઇ ગએલી છે.

અમે એ વાતોનો સ્વીકાર કરીએ છીએ, અને એ પણ માનીએ છીએ કે રાજનારાયણ બાબુએ જે કહ્યું છે તે ઘણું ખરૂં સત્ય છે; પરંતુ અનુકરણની બાબતમાં અમે એમના વિચારોની સાથે સંમત નથી. અનુકરણ વિષે લોકોમાં કાંઈક ભ્રમના વિચારો પેઠેલા છે.

શું અનુકરણ કરવું દોષરૂપજ છે? ના, એવું કદી હોઇ શકેજ નહિ. અનુકરણ સિવાય કેળવણી પ્રાપ્ત કરવાનો બીજો ઉપાયજ નથી. જેમ નાનું બાળક મોટા માણસનું અનુકરણ કરીને બોલતાં શીખે છે, જેમ નાનું બાળક મોટા માણસનાં કામો જોઇ અનુકરણ કરી કામ

કરતાં શીખે છે તેમ અસભ્ય અને અશિક્ષિત જાતો સભ્ય અને શિક્ષિત જાતોનું અનુકરણ કરી તેવીજ બને છે. આથી નવી ઉછરતી હિંદુસ્તાનની પ્રજા ઇંગ્રેજોનું અનુકરણ કરે તો તે યુક્તિયુક્ત છે. એ વાત સત્ય છે કે પહેલાંની સભ્ય જાતો કોઇનું અનુકરણ કર્યાવિના પણ સભ્ય અને શિક્ષિત બનેલી છે. પ્રાચીન ભારતવાસીઓ અને પ્રાચીન-મીસરવાસીઓની સભ્યતા (સુધારો) કોઇના અનુકરણના ફળરૂપ નથી, પરંતુ હાલના યૂરોપનો સુધારો જે બધી જાતો કરતાં શ્રેષ્ઠ સમજાય છે, તે કયાંથી આવ્યો ? તેનો ઉત્તર એ છે કે "અનુકરણ કરવાથી" આવ્યો. રોમન અને ગ્રીકોની સભ્યતાનું અનુકરણ કરવાથી યુરોપીય સુધારો આ દરજ્જે પહોંચેલો છે. રોમનોનો સુધારો પણ ગ્રીકોના અનુકરણનું ફળ હતો. ઇતિહાસ જાણનારાઓને માલુમ છે કે, આજકાલના હિંદુસ્તાનના નવાબાબુઓ ઇંગ્રેજોનું જેટલું અને જેવું અનુકરણ કરે છે તેટલું અને તેવું અનુકરણ પહેલાંના યુરોપીયનો રોમનોનું કરતા, અને તેથીજ આજ તેઓ ઉન્નતિને એટલે ઉંચે પગથીએ ચડી વિજયપતાકા ફરકાવતા ઉભા છે. બાલ્યવયમાં જે બાળક બીજાનો હાથ પકડી પાણીમાં ઉતરવાનું શીખતો નથી તે કદિ પણ તરવાનું કામ શીખવાનો નહિ. માસ્તરના લખેલા અક્ષરો જોઇ જે નિશાળીઓ લખતાં શીખશે નહિ તે કદિપણ લખી શકવાનો નહિ. આથી ભારતવાસીઓ ઇંગ્રેજોનું અનુકરણ કરતા જણાય તો તે તેમને-માટે આશારૂપ છે.

પરંતુ લોકોની માન્યતા એવી છે કે અનુકરણવડે કદિ પણ ઉચ્ચ પ્રકારની ઉન્નતિ પ્રાપ્ત થઇ શકતી નથી. પણ એ શું સત્ય છે ?

પહેલાં સાહિત્યને લઇએ. પૃથ્વી ઉપર પ્રથમ પંક્તિનાં ગણાતાં કેટલાંક મહાકાવ્યો કેવળ અનુકરણ માત્ર છે. પોપે ડ્રાઇડન અને બૉયાલ્લોનું અનુકરણ કરેલું છે, અને જોન્સને પોપનું અનુકરણ કરેલું

છે. અમે નાના લેખકોનાં દૃષ્ટાંત આપી અમારી વાત સિદ્ધ કરવા માગતા નથી. મોટા લેખકો વિષેજ સાંભળો. વર્જીલનું મહાકાવ્ય હોમરના પ્રસિદ્ધ મહાકાવ્યનું અનુકરણ છે. રોમનોનું બધું સાહિત્ય યુનાની સાહિત્યનું અનુકરણ છે. કહેવાની મતલબએ છે કે, રોમનોનું જે સાહિત્ય અત્યારે યુરોપવાસીઓના સુધારાના આધારભૂત છે તે પણ અનુકરણ માત્ર છે. હવે પરદેશી ઉદાહરણોને મૂકી દઇએ, અને અહીંનાંજ ઉદાહરણો લઇએ. આપણા દેશમાં બે મહાકાવ્ય છે. આપણે એને મહાકાવ્ય ન કહેતાં મહત્વને કારણે ઇતિહાસ કહીએ છીએ. એ પૃથ્વીનાં બધાં કાવ્યોમાં શ્રેષ્ઠ છે. ગુણમાં એ બન્ને મોટે ભાગે સમાનજ છે; અને તફાવત છે તે બહુજ જૂજ છે. સાહિત્યની દૃષ્ટિથી તેમાંનું એક કાવ્ય બીજા કાવ્યનું અનુકરણ છે.

મહાભારત જે રામાયણની પછી રચાયું છે, તે વાતનો તો વિલર સાહેબ સિવાય બીજો કોઈ અસ્વીકાર ભાગ્યેજ કરશે. અનુકરણ કરવાની વસ્તુ અને અનુકરણ, એટલે કે અસલ અને નકલ એ બન્ને જાતના નાયકોમાં જેટલું અંતર હોવું જોઇએ તેથી વધારે અંતર રામ અને યુધિષ્ઠિર વચ્ચે નથી. રામાયણના અપાર બળવાન, વીર, જીતેંદ્રિય, ભ્રાતૃવત્સલ લક્ષ્મણ મહાભારતમાં અર્જુન બની ગયેલ છે, અને ભરત, શત્રુઘ્ન તે નકુળ, સહદેવ બનેલા છે. ભીમ નવીન રચના છે, તોપણ અનેક પ્રસંગોમાં તેના ઉપર હનુમાનની છાયા પડેલી છે. રામાયણનો વિભીષણ મહાભારતમાં વિદુર બન્યા છે. રામાયણનો રાવણ મહાભારતમાં દુર્યોધન છે. ઇંદ્રજીતનાં હાડકાં ચામડાં લઇ, અભિમન્યુને ઉપજાવેલ છે. અહીં જેમ રામ, ભાઇ અને સ્ત્રી સાથે વનવાસી થાય છે તેમ ત્યાં યુધિષ્ઠિર પણ ભાઈ અને સ્ત્રી સાથે વનવાસી થાય છે; અને લાંબો કાળ વનવાસ ભોગવે છે. બન્ને રાજ્ય પામતાં પામતાં વંચિત થયા છે. એકની સ્ત્રી હરાઇ છે ત્યારે બીજાની સ્ત્રી ભરીસભામાં

અપમાન પામી છે. બન્ને મહાકાવ્યોનો સારાંશ જે યુદ્ધનો દાવાનળ તે એકમાં સ્પષ્ટરૂપે અને બીજામાં અસ્પષ્ટરૂપે સળગે છે. બન્ને કાવ્યોનું વસ્તુ (પ્લૉટ-કથાભાગ) એ છે કે યુવરાજ રાજ્યભ્રષ્ટ થઇ ભાઇ અને સ્ત્રી સાથે વનવાસી થાય અને પછી જીત મેળવી ફરી પોતાનું રાજ્ય સ્થાપે. નાના પ્રસંગોમાં પણ એવુંજ મળતાપણું છે. લવકુશનું કામ મણિપુરમાં બભ્રૂવાહને કરી દેખાડયું છે. મિથિલામાં ધનુર્ભંગ થયો, તેવોજ પાંચાલમાં ધનુષ્યવડે મત્સ્યવેધ થયો છે. દશરથ અને પાણ્ડુના પાપમાં અને શાપમાં બહુજ મળતાપણું છે. તમને મહાભારતને રામાયણનું અનુકરણ કહેવાની ઇચ્છા ન હોય તો ભલે અનુકરણ ન કહો, પરંતુ અસલ અને નકલમાં આનાથી વધારે સમાનતા આપણને બહુ ઓછી મળશે. મહાભારત રામાયણનું અનુકરણ હોવા છતાં પણ પૃથ્વીમાં અદ્વિતીય ગ્રંથ છે. જો જગતના કોઇપણ ગ્રંથની સાથે એની તુલના થઇ શકતી હોય તો કાંઇક અંશોમાં રામાયણ સાથેજ થઇ શકે તેમ છે. આથી સર્વ અનુકરણ ત્યજવા યોગ્ય છે એમ સમજવાનું નથી.

સાહિત્યને તપાસ્યું, હવે સમાજ વિષે બોલીએ. જ્યારે રોમનોને યુનાનીઓની સભ્યતાનો પરિચય થયો ત્યારે તેઓ મન, વચન અને કાયાથી યુનાનીઓનું અનુકરણ કરવા લાગ્યા. એનું ફળ એ થયું કે સિસિરો જેવા વકતા, તાસિતસ જેવા ઇતિહાસલેખકો, વર્જીલના જેવા મહાકવિઓ, પ્લાટસ અને ટિબીન્સ જેવા નાટકકારો, હોરેસ અને ઑવીડ જેવા ગીતિકાવ્ય લખનારા, પેપીનીયન જેવા વ્યવસ્થાકારો, સેનેકા જેવા ધર્મનીતિપ્રણેતાઓ, આંતનૈન જેવા રાજ્યધર્મલેખકો અને કુકાલસ જેવા ભોગાસકત પુરુષો, રોમમાં પેદા થયા. સાધારણ પ્રજા વર્ગનું ઐશ્વર્ય પણ પુષ્કળ વધ્યું, અને સમ્રાટોએ પોતાની સૌંદર્યપ્રિયતા સિદ્ધ કરતી ભવ્ય ઇમારતો બંધાવી. આધુનિક

યુરોપની હકીકત પહેલાંજ લખાઈ છે. ઇટાલી અને ફ્રાન્સનું સાહિત્ય ગ્રીસ અને રોમના સાહિત્યનું અનુકરણ છે. યુરોપની શાસનપદ્ધતિ પણ રોમના અનુકરણરૂપેજ ગુંથાઇ છે. ક્યાંક એ ઇમ્પીરેટર છે, ક્યાંક સેનેટ છે, ક્યાંક એ 'પ્લેવ' પદ્ધતિ છે, ક્યાંક 'ફોરમ' અને ક્યાંક 'મ્યુનીસિપીયમ' છે. હાલના યુરોપનું સ્થાપત્ય (ઇંજીનિયરી) અને ડ્રોઇંગ (ચિત્રવિદ્યા) નું મૂળ પણ યુનાન અને રોમમાં રહેલું છે. પહેલાંનાં શરૂઆત અનુકરણરૂપે હતી, પણ અત્યારે અનુકરણ અવસ્થાનો ત્યાગ કરી, ઉન્નતિ પ્રાપ્ત કરી, એ બધી બાબતોમાં યુરોપિયનો 'ગુરૂથી ચેલા આગળા' જેવા બન્યા છે. એમ થવામાં પ્રતિભાશકિતની આવસ્યકતા છે. પ્રતિભાવાળા લોકો પહેલાં અનુકરણ કરે છે, અને પછી તેનો મહાવરો અને અવલોકન થતાં અનુકરણની વસ્તુ કરતાં ઉન્નતિ મેળવે છે. જે બાળક પહેલું લખતાં શીખે છે, તેને શરૂઆતમાં તો બીજાના લખેલા અક્ષરોનું અનુકરણ કરવુંજ પડે છે, પણ છેવટે તેના હસ્તાક્ષરો સ્વતંત્રરૂપ ધારણ કરે છે, અને પ્રતિભા હોય તો અભ્યાસ કરતાં કરતાં તે ગુરૂના કરતાં પણ સારા અક્ષરો લખી શકે છે.

પરંતુ એમાં તો કાંઇ સંદેહ નથી કે પ્રતિભાશૂન્ય મનુષ્ય જો અનુકરણ કરે તો તેનું ફળ સારૂં આવતું નથી. જેની જે વિષયમાં શક્તિ નથી અથવા જે દીર્ઘકાળ અનુકરણજ કર્યા કરે તેની સ્વાભાવિક શક્તિ કદિ જોઇ શકાતી નથી. યુરોપનાં નાટકો આનું એક ઉત્તમ ઉદાહરણ છે. યુરોપની તમામ જાતિઓમાં જે જે નાટકકારો થયા છે તેમણે સર્વેએ યુનાની નાટકોનું શરૂઆતમાં અનુકરણ કરેલું છે, પરંતુ પ્રતિભા હોવાથી સ્પેન અને ઇંગ્લાંડનાં નાટકો તુરતજ સ્વતંત્રરૂપે લખાયાં છે. ઇંગ્લાંડે આ વિષયમાં ગ્રીસની બરાબરી કરી છે. અને એ વિષયની પ્રતિભા અર્થાત્ સ્વાભાવિક શક્તિ ન હોવાથી રોમ, ઇટાલી અને ફ્રાન્સના લેખકો કેવળ અનુકરણ કરવાવાળાજ

બની ગયા છે. ઘણા લોકો કહેશે કે, રોમ વગેરે દેશોના લોકો જેઓ નાટકરચનામાં સ્પેન અને ઇંગ્લાંડની બરાબરી કરી ન શકયા એનું કારણુ બીજું કંઇ નહિ પણ અનુકરણનો અનુરાગજ છે; પણ એ ભ્રમ છે. એનું કારણ અનુકરણનો અનુરાગ નથી, પણ એનામાં નાટક રચવાની સ્વાભાવિક શક્તિનો અભાવ છે. અનુકરણની ઇચ્છા, એ પણ એક કાર્ય છે; કારણુ નથી.

લોકો આજકાલ "અનુકરણ" શબ્દને ગાળ જેવો કે ગાળથી પણ વધારે અપમાનકારક સમજે છે. મોટે ભાગે પ્રતિભાવિનાના માણસોજ અનુકરણમાં પ્રવૃત્તિ કરતા હોવાથી તેનું અનિષ્ટ પરિણામ દેખાય છે; અને તેથીજ લોકોની અનુકરણપર અરુચિ કે અશ્રદ્ધા થએલી છે. મૂળે ભાઇ અક્કલશૂન્ય, અને તે પાછું અનુકરણ કરે; એટલે તે હાસ્યને પાત્ર થાય તેમાં નવાઇ શી ? કેમકે આંધળા અનુકરણ સિવાય તેમાં બીજું પરિણામ હોય નહિ.

જો પ્રતિભાવાળા માણસો અનુકરણ કરે તો તે કદિ તિરસ્કાર કે હાસ્યને પાત્ર થાય નહિ. આપણા લોકોની આ વખતે જે દશા ચાલે છે તેનો વિચાર કરતાં અનુકરણ કરવાની પ્રવૃત્તિ એ નઠારી કે અનુચિત છે એમ કહી શકાતું નથી. અમારા સમજવા પ્રમાણે તો અનુકરણ એ મનુષ્યને સ્વભાવસિદ્ધ છે. એવા અનુકરણમાં જો કોઇ ભારતવાસીઓને દોષ દે તો એનું વાસ્તવિક કશું કારણ અમે સમજી શકતા નથી. એક તો એ મનુષ્યનો સ્વભાવસિદ્ધ ગુણ કહો તો ગુણ, ને દોષ કહો તો દોષ છે. જ્યારે ઉત્તમ અને નિકૃષ્ટનો યોગ થાય છે ત્યારે નિકૃષ્ટને ઉત્કૃષ્ટ બનવાની ઇચ્છા થાય છે. હવે ઉત્કૃષ્ટની સમાન થવાનો ઉપાય શો ? ઉપાય એટલોજ કે "ઉત્કૃષ્ટ જે રીતે કરે તેજ રીતે નિકૃષ્ટ પણ કરે" તેનેજ અનુકરણ કહે છે. આજકાલ ભારતવાસીઓ જુએ છે કે ઇંગ્રેજો સુધારામાં, કેળવણીમાં, ઐશ્વર્યમાં, સુખમાં

અને બળમાં સર્વ રીતે પોતાનાથી શ્રેષ્ઠ છે તો પછી તેઓ ઇંગ્રેજ લોકના જેવા થવા કાં ન ચાહે? ભારતવાસીઓ સમજે છે કે "ઇંગ્રેજ લોકો જે જે કરે છે તેનું અનુકરણ કરવાથી અમે પણ તેમના જેવા સુધરેલા, કેળવાયલા, ઐશ્વર્યવાળા અને સુખી થઇશું." આ સ્થળે ભલે ગમે તે જાતિ હોય તો ભારતવાસીઓ જેવી દશામાં આવતાં તે પણ તેમજ કરત. મતલબ કે આ અનુકરણ કરવાની વૃત્તિ કેવળ ભારતવાસીઓનાજ સ્વભાવનો દોષ નથી પરંતુ માનવજાતિનો એ સ્વભાવજ છે. ભારતવાસીઓ ઉચ્ચ આર્યવંશમાં ઉત્પન્ન થયેલા છે. તેમનાં શરીરોમાં અત્યારે આર્યોનું રૂધિર વહી રહેલું છે. એ આર્યજાતિ, વાનરોની માફક અનુકરણપ્રિય થઇને અનુકરણ કરતી નથી. એમને અનુકરણ કરવાનો તો કોઇ ઉંચો ઉદ્દેશ છે. આથી એમનું અનુકરણ સ્વાભાવિક અને મંગળફળપ્રદાતા થઇ શકે. જે લોકો અમને ઇંગ્રેજી પોષાકમાં, ખાનપાનમાં અને રહેણી કરણીમાં ઇંગ્રેજોના અનુકરણવાળા જોઇને સળગી ઉઠે છે તેઓ જો ફ્રાન્સના લોકોના ખાનપાન અને પોષાકનું અનુકરણ કરતા ઇંગ્રેજોને દેખે તો શું કહેશે? શું ઇંગ્રેજ લોકો અનુકરણ કરવામાં ભારતવાસીઓથી ઉતરે એવા છે? અમે અનુકરણ કરીએ છીએ તે તો અમારી ધણીરણી જાતિનું, પરંતુ ઇંગ્રેજો અનુકરણ શા માટે કરે છે?

અમે આટલું અવશ્ય સ્વીકારીએ છીએ કે હાલના ભારતવાસીઓ જેટલું અનુકરણ કરી રહ્યા છે એટલું બધું અનુકરણ કરવાની જરૂર નથી. ભારતવાસીઓમાં આંધળું અનુકરણ કરવાવાળાની સંખ્યા ઘણી મોટી છે. એટલે તેઓ મોટે ભાગે ગુણોનું અનુકરણ ન કરતાં દોષોનુંજ અનુકરણ કરવામાં તત્પર દેખાય છે, તે મોટી દિલગીરીની વાત છે. ભારતવાસીઓ ગુણોનું અનુકરણ કરવામાં બહુ નિપુણ નથી, પરંતુ દોષોનું અનુકરણ કરવામાં ભૂમંડળમાં તેનો જોટો નથી. એટલા-

માટેજ સમજુ હિતેચ્છુ લોકો ભારતવાસીઓની, આંધળી અનુકરણવૃત્તિ ઉપર ગાલિપ્રદાન કરે છે અને એ હેતુએજ રાજનારાયણ બાસુએ એ વિષે જે જે કહ્યું છે તેનો મોટો ભાગ અમે સ્વીકારેલ છે. જ્યાં અનુકરણ કરનાર પ્રતિભાવાન્ હોય ત્યાં પણ અનુકરણમાં બે મોટા દોષો દેખાય છે.

એક તો વિચિત્રતા કે વિવિધતાના વિકાસમાં વિઘ્ન આવે છે. આ સંસારમા મોટું સુખજ વિચિત્રતા કે વિવિધતાને લીધે ઉપજેલું છે. પૃથ્વી ઉપરના તમામ પદાર્થો જો એકજ રંગના હોત તો તેનો દેખાવ શું આટલો બધો મનોહર અને સુખદાયક લાગત ? જો બધાજ અવાજો એકજ પ્રકારના હોત તો શું આવું સ્વરમાધુર્ય લાગત ? ધારો કે સૌનો અવાજ કોયલના જેવોજ હોત તો એ મધુર "કૂહૂ" સ્વર કાનને મીઠો લાગત ? નહિ, એ સ્વર કાનને ઉદ્વેગ કરનારજ લાગત. આપણામાં જો વિચિત્રતાના સુખની પ્રીતિ નહોત તો કદાપિ ઠીક લાગત, પરંતુ અત્યારે મનુષ્યજાતિ જે પ્રકૃતિને લઇને પેદા થઈ છે, તેમાં તો વિચિત્રતા અને વિવિધતા વિના સુખ પણ નથી અને સ્વાદ પણ નથી. અનુકરણની પ્રવૃત્તિ એ વિવિધતાના માર્ગમાં અડચણરૂપ છે. અમે માનીએ છીએ કે શેકસપિયરનું મેકબેથ એક ઉત્તમ નાટક છે, પરંતુ જો પૃથ્વીનાં બધાં નાટકો મેકબેથનુંજ અનુકરણ કરીને લખાય તો પછી નાટકમાં સુખ કે સ્વાદ રહેશે કે ? બધાં મહાકાવ્યો રઘુવંશના નમુના ઉપરથી લખાયાં હોત તો પછી એવાં મહાકાવ્યો કોણ વાંચત ?

અનુકરણમાં બીજો દોષ એ છે કે તેનાથી કોઇ કાર્યની જલદી ઉન્નતિ થતી નથી. સંસારનો નિયમ છે કે તમે ગમે તે કામ લો, પણ તેમાં વારંવાર યત્ન કરવાથીજ ઉન્નતિની સંભાવના છે; પરંતુ જો પછીનું કાર્ય પહેલાંના કાર્યનું માત્ર અનુકરણજ હોય તો તે ક્રિયા કોઇ નવો માર્ગ ગ્રહણ કરતી નહિ હોવાથી તે કામમાં ઉન્નતિ પણ

થઇ શકતી નથી. ફળ એ થાય છે કે–બહુ કાળ પર્યંત એકજ ચીલે ગતિ થયા કરે છે. આ વાત શિલ્પ, સાહિત્ય, વિજ્ઞાન, સામાજિક કાર્ય કે માનસિક અભ્યાસ, એ બધામાં સત્ય છે.

મનુષ્યદેહ ધારણ કરવાનો પ્રધાન ઉદ્દેશ શારીરિક અને માનસિક વૃત્તિઓની યથાયોગ્ય સ્ફૂર્તિ અને ઉન્નતિ કરવાનો છે; પરંતુ જે અભ્યાસે કેટલીક વૃત્તિઓ અધિક પુષ્ટ થાય, અને કેટલીક નષ્ટ થાય તે અભ્યાસ મનુષ્યને અવશ્ય હાનિકારક છે. મનુષ્યો અનેક છે અને તેમનાં સુખ પણ જુદી જુદી જાતનાં છે. એ બધાં સુખોની સિદ્ધિનેમાટે કાર્ય પણ અનેક પ્રકારનાં કરવાની આવશ્યક્તા છે. એવાં જુદાં જુદાં કાર્યો જુદી જુદી પ્રકૃતિના માણસો વિના સારી રીતે થઇ શકતાં નથી; એક પ્રકારના ચરિત્રવાળાં માણસોથી અનેક પ્રકારનાં અનેક કાર્યો કરી શકાતાં નથી. આથી સંસારમાં ચરિત્રવૈચિત્ર્ય, કાર્યવૈચિત્ર્ય અને પ્રવૃત્તિવૈચિત્ર્યની ઘણી આવશ્યકતા છે. તેના સિવાય સમાજનાં બધાં અંગોની ઉન્નતિ થઇ શકતી નથી. અનુકરણની પ્રવૃત્તિનું ફળ એ થાય છે કે—અનુકરણ કરનારનું ચરિત્ર અને પ્રવૃત્તિ અનુકરણીયના ચરિત્ર અને પ્રવૃત્તિ જેવાં થાય છે, અને અનુકરણ કરનારો બીજે માર્ગે ગતિ કરી શકતો નથી." જ્યારે સમાજના ઘણા લોકો અથવા બધા લોકો એકજ નમુનાનું અનુકરણ કરવા લાગે છે, ત્યારે એ વૈચિત્ર્યની હાનિ થાય છે અને મનુષ્યચરિત્રનાં બધાં અંગો વિકાસ પામતાં નથી, વૃત્તિઓમાં સમાન યોગ્યતા રહેતી નથી, મનુષ્યપણું મનુષ્યજીવન–અપૂર્ણ રહે છે અને તેથી સમાજ અપૂર્ણ રહે છે.

અમે અહીં જે જે વાતો કહી તે બધાનો સાર નીચે પ્રમાણે છે.

(૧) સમાજની "સભ્યતા" બે રીતે ઉપજે છે. કોઇ સમાજ પોતાનાથી "સભ્યતા" (સુધારો) પામે છે અને કોઇ સમાજ બીજા સમાજથી સુધારો પામે છે. પહેલી રીતે સુધરતાં બહુ સમય

લાગે છે, અને બીજી રીતે તે કાર્ય બહુ જલદીથી સિદ્ધ થઇ શકે છે.

(૨) જ્યારે કોઇ અણસુધરેલી જાતિ વધારે સુધરેલી જાતિસાથે હળવામળવાનો પ્રસંગ પામે છે, ત્યારે તે સુધારાના રસ્તા ઉપર બહુજ ત્વરાથી દોડવાની કોશિશ કરે છે; અને જો તેનામાં પ્રતિભા હોય તો તે પોતાના યત્નમાં સફળ પણ થાય છે. એ ઠેકાણે સમાજની દશા એવી થાય છે કે અણસુધરેલો અશિક્ષિત સમાજ તમામ બાબતોમાં શિક્ષિત સમાજનું અનુકરણ કરવા લાગે છે અને એ સ્વાભાવિકજ છે.

(૩) આથી ભારતવાસીઓના અત્યારના સમાજમાં દેખાતી અનુકરણપ્રવૃત્તિ અસ્વાભાવિક છે અથવા દોષરૂપ છે એમ માનવાનું નથી.

(૪) દરેક અનુકરણ અનિષ્ટકારક નથી. કદિ કદિ તો તેમાંથી મહાન ફળ પણ ઉપજે છે. પહેલી અવસ્થામાં જે અનુકરણ છે, તે પછીની અવસ્થામાં સ્વાતંત્ર્ય બને છે. માટે ભારતવાસીઓની અવસ્થા જોતાં એ અનુકરણવૃત્તિ અયોગ્ય છે એવો નિર્ણય થઇ શકે નહિ. એમાંથી ઉંચી આશા પણ રાખી શકાય છે.

(૫) પરંતુ આંધળા અનુકરણમાં મહાન દોષ છે. અનુકરણની પહેલી અવસ્થા વીતી ગયા છતાં પણ તેની તેજ રીત પ્રબળ રહ્યા કરે અથવા અનુકરણનો અભ્યાસ અત્યંત વધી જાય તો બહુજ વહેલો સર્વનાશ થશે.

અનુકરણ કરનારા ભારતવાસીઓ આ બધી બાબતો ઉપર ધ્યાન આપી કામ કરશે તો તેઓ જલદી પોતાના ગુરૂઓના ઉત્તમ શિષ્યો બની, ઉન્નતિ અને સન્માન પ્રાપ્ત કરી શકશે.

बंकिम निबंध माला

ભાગ ૨ જો.

(લોકરહસ્ય તથા કમલાકાન્તનું

દફ્તર, પત્રો અને જુબાની.)

અનુવાદકઃ-

કલ્યાણજી વિઠ્ઠલભાઇ મહેતા.

લોકરહસ્ય.

૧—વ્યાઘ્રાચાર્ય બૃહલ્લાંગૂલ.

એક દિવસ સુંદરવનમાં વ્યાઘ્રોની મહાસભા મળી હતી. ગાઢ અરણ્યમાં વિશાળ ભૂમિખંડ ઉપર ભયંકર આકૃતિવાળા અનેક વ્યાઘ્રો દંષ્ટ્રપ્રભાથી અરણ્યપ્રદેશને પ્રકાશિત કરીને પુચ્છાસન વાળી હારબંધ બેઠા હતા. સઘળાએ એકમત થઇને અમિતોદર[૧] નામના એક વૃદ્ધ વ્યાઘ્રને સભાપતિ બનાવ્યા. અમિતોદર મહાશયે અધ્યક્ષસ્થાન ગ્રહણ કરીને સભાના કાર્યનો આરંભ કર્યો. તેઓ સભાસદોને સંબોધન કરીને કહેવા લાગ્યાઃ—" આજે આપણા લોકોનો કેવો શુભ દિવસ છે ! આજે આપણે સઘળા અરણ્યવાસી, માંસાભિલાષી, વ્યાઘ્રકુલતિલક પરસ્પરના મંગલસાધનાર્થે આ અરણ્યમાં એકત્ર થયા છીએ. આહા ! નિન્દાપ્રિય, ખલ સ્વભાવનાં અન્ય પશુઓ કહેતાં આવ્યાં છે કે આપણે ઘણા અસામાજિક, વનમાં એકલાજ વસવાનું પસંદ કરનારા અને સંપવિનાના છીએ; પરન્તુ આજે આપણી સમસ્ત સુસભ્ય વ્યાઘ્રમંડળી એકત્રિત થઇ છે, તે દર્શાવી આપે છે કે એ નિંદા કેવી પાયાવિનાની છે. હમણાં આપણામાં દિવસે દિવસે સભ્યતાની અભિવૃદ્ધિ જે પ્રમાણમાં થવા માંડી છે તે પરથી મને સંપૂર્ણ આશા રહે છે કે, બહુજ થોડા સમયમાં વ્યાઘ્ર પ્રજા સભ્ય જાતિઓમાં અગ્રગણ્ય થઇ પડશે. આ સમયે હું વિધાતાને પ્રાર્થના કરૂં છું કે, આપણે હંમેશ

૧. જેનું પેટ કદી ભરાતુંજ નથી એવો.

આ પ્રમાણે જાતિહિતૈષિતા દર્શાવીને આપણો પરાપૂર્વથી ચાલતો આવેલો ધંધો—નાનાવિધ પશુઓનું હનન કરવાનો—સલાહ શાંતિથી ચલાવી પરમ સુખમાં વસીએ !"

(સભામાં પૂછડાં પટપટાવી પાડેલી તાલીઓનો અવાજ.)

"બન્ધુઓ ! હવે આપણે જે ખાસ કામનેમાટે એકત્ર થયા છીએ તે સંક્ષેપમાં જણાવવાની હું રજા લઇશ. આપ સઘળાજ જાણો છો કે, આ સુંદરવનની વ્યાઘ્રસમાજમાંથી વિદ્યાની ચર્ચા ક્રમે ક્રમે લોપ થતી જાય છે. આથી આપણી તીવ્ર ઇચ્છા છે કે, આપણે સુશિક્ષિત થવું; કારણ કે આજ કાલ સઘળા કેળવાય છે, તો આપણે પણ તેવા થવું જોઇએ. વિદ્યાવિષયક ચર્ચાનેમાટે જ આ "વ્યાઘ્ર સમાજ" સ્થાપિત થઇ છે. આ સ્થળે મારે એટલું જ કહેવાનું છે કે, આપ લોકો એને અનુમોદન આપશો."

સભાપતિનું આ ભાષણ સમાપ્ત થતાં, સભાસદોએ "હુરૂરૂરૂરૂ હુરૂરૂરૂરૂ" ધ્વનિ કરી એ ઠરાવને અનુમોદન આપ્યું. એ પછી બીજા કેટલાક ઠરાવો રજુ થયા તેને અનુમોદન મળ્યું અને તે સ્વીકારાયલા જાહેર થયા. દરેક ઠરાવ ઉપર સાથે સાથે લાંબાં લાંબાં ભાષણો પણ અપાયાં, તે સઘળાં વ્યાકરણદોષરહિત અને અલંકારયુક્ત હતાં; પરન્તુ તેમાં શબ્દવિન્યાસની છટા ઘણી ભયંકર હતી. ભાષાણોના સપાટાથી આખું સુંદરવન કંપી ઉઠયું હતું.

એ પછી સભાનાં બીજાં આવશ્યક કાર્યો થઇ રહ્યા બાદ સભાપતિએ જણાવ્યું; "આપ જાણો છો કે, આ સુંદરવનમાં બૃહલ્લાંગૂલ નામક એક મહા પંડિત વ્યાઘ્ર વસે છે. આજે રાત્રે તેમણે મારા આગ્રહથી "મનુષ્યચરિત્ર" ઉપર એક નિબંધ વાંચવાનું સ્વીકાર્યું છે."

મનુષ્યનું નામ સાંભળીને કેટલાક યુવાન સભાસદોને ભૂખની લાગણી થઇ આવી; પરન્તુ તે સમયે સાર્વજનિક મિજબાની-

(Public dinners) ની ગોઠવણ નહિ હોવાથી તેઓ શાંત થઇને બેઠા. વ્યાઘ્રાચાર્ય બૃહલ્લાંગૂલ મહાશય સભાપતિની વિનતિ પછી ગર્જના સાથે ઉઠયા, અને પથિકોને ભયભીત કરે એવા સ્વરથી નીચેનો નિબંધ વાંચવા લાગ્યા:—

"સભાપતિ મહાશય! વાઘણ બહેનો અને વ્યાઘ્ર ગૃહસ્થો! મનુષ્ય એક પ્રકારનું બેપગું જાનવર છે; પરન્તુ તેને પાંખ નથી માટે તેને પંખી કહી શકાય નહિ. બલ્કે ચોપગાંઓ સાથે તેને ઘણું સાદૃશ્ય છે, ચોપગાંઓને જેવાં હાડકાં છે તેવાંજ મનુષ્યોને પણ છે, એટલા માટે મનુષ્યને એક પ્રકારનું ચોપગું કહી શકાય. તફાવત એટલો જ છે કે, ચોપગાંઓની બનાવટમાં જેવી સુંદરતા છે તેવી મનુષ્યોમાં નથી. પરન્તુ કેવળ આટલા તફાવતને લીધેજ આપણે મનુષ્યોને બેપગાં કહીને તેના તરફ તિરસ્કાર દર્શાવવો એ યોગ્ય નથી.

ચોપગાંઓમાં વાનરોની સાથે મનુષ્યોનું વિશેષ સાદૃશ્ય છે. વિજ્ઞાની લોકો કહે છે કે, કાલક્રમે પશુઓના અવયવની ઉત્ક્રાંતિ (Evolution) થાય છે અને જે અવયવોની ખોટ હાલ જણાય છે તે કેટલીક પેઢીયો પછી પૂરી પડશે; આથી મને વિશ્વાસ છે કે મનુષ્ય પશુ પણ કાલપ્રભાવને લીધે પૂછડાવાળા બનીને વાનરવર્ગમાં ગણાવાને લાયક થશે.

મનુષ્ય પશુ અત્યંત સ્વાદિષ્ટ અને ખોરાક તરીકે ઉમદા હોય છે, એ વાત આપ સર્વને જાણીતીજ છે. (આ સાંભળીને સઘળા સભ્યો પોતપોતાનું મોં ચાટવા લાગ્યા.) તેઓ સઘળે ઠેકાણે અનાયાસેજ પકડાઇ જાય છે. હરણ વગેરેની પેઠે તેઓ ત્વરિત ગતિથી પલાયન કરી જવાને શક્તિમાન નથી અને પાડા ઇત્યાદિની પેઠે બળવાન કે શૃંગાદિ આયુધયુક્ત પણ નથી. જગદીશ્વરે આ સમગ્ર જગત્ વ્યાઘ્રજાતિનાં સુખને માટેજ સરજ્યું છે, એમાં સંદેહ નથી.

એટલા માટેજ વ્યાઘ્રના ઉપયુક્ત ભોજ્ય, મનુષ્ય–પશુને પલાયનની અથવા તો આત્મરક્ષાની શક્તિ સુદ્ધાં આપી નથી. વસ્તુતઃ મનુષ્ય-જાતિ જે પ્રમાણે અરક્ષિત—નખ, દંત, શૃંગાદિથી વર્જિત, ગમનમાં મંદ અને પ્રકૃતિએ કોમળ છે;–તે જોઇને આશ્ચર્ય થાય છે કે, ઇશ્વિરે શા માટે એને સરજાવી હશે ? વ્યાઘ્રજાતિની વા સિવાય એમના જીવનનો બીજો કોઇ ઉદ્દેશ જણાતો નથી.

આ સઘળાં કારણોથી, વિશેષ કરીને તેમના માંસની કોમળ-તાને લીધે આપણે મનુષ્યોને વધારે ચાહીએ છીએ; નજરે પડતાંજ પકડીને આરોગી જઇએ છીએ. આશ્ચર્યની વાત તો એ છે કે, તેઓ પણ મોટા વ્યાઘ્રભક્ત છે. આ વાતમાં કદાચ આપની શ્રદ્ધા નહિ ચોંટે તો દૃષ્ટાન્ત તરીકે મારા પોતાના સંબંધમાં જે બન્યું છે તે કહી સંભળાવું છું ! આપને વિદિતજ છે કે, હું લાંબા વખત સુધી દેશાટન કરીને બહુદર્શી થયો છું. હું જે દેશમાં પ્રવાસ કરતો હતો, તે દેશ આ વ્યાઘ્રભૂમિ–સુંદરવનન ઉત્તરે આવેલો છે, ત્યાં ગો-મનુષ્યાદિ ક્ષુદ્ર આશયવાળાં અહિંસ્ર પશુઓ વસે છે. ત્યાંના મનુ-ષ્યોની બે જાત છે. એક કૃષ્ણવર્ણ અને બીજી શ્વેતવર્ણ. એક દિવસ તે દેશમાં હું વિષય કર્મને માટે ગ । હતો.

આ સાંભળીને મહાદંષ્ટ્રા નામનો એક દ્ધત સ્વભાવનો વ્યાઘ્ર પૂછવા લાગ્યોઃ–

" વિષયકર્મ એટલું શું ? "

બૃહલ્લાંગૂલ મહાશય બોલ્યાઃ–" વિષયકર્મ એટલે આહારા-ન્વેષણ." * હમણાં સભ્ય લોકોમાં આહારાન્વેષણને 'વિષયકર્મ' કહેવામાં આવે છે, તેથી કંઇ સઘળા લોકોનાજ આહારાન્વેષણને વિષયકર્મ કહેવામાં આવે છે એમ નથી. મોટા લોકોના આહારાન્વેષણનું નામ વિષયકર્મ

* આહારની શોધખોળ.

અને ઉતરતા દરજ્જાના લોકોના આહારાન્વેષણનું નામ 'જુગાર, ચોરી, ઉચાપત કરી જવાની વૃત્તિ, અને ભિક્ષા' છે. ધૂર્ત લોકોના આહારાન્વેષણનું નામ ચોરી, બળવાનોના તે કૃત્યને ધાડપાડુપણું, અને કેટલાક ખાસ પુરૂષોના કાર્યને એ નામ લાગુ પાડી શકાય એમ નહિ હોવાથી તેને વીરત્વ કહેવામાં આવે છે. જે ધાડપાડુને સજા કરી શકાય તેમ હોય છે તેના કામને ધાડપાડુપણું અને જે ધાડપાડુને કોઇ સજા કરી શકે એમ ન હોય તેના ધાડપાડુપણાને વીરત્વ કહેવામાં આવે છે. આપને જ્યારે સભ્ય-સમાજમાં રહેવાનું થાય ત્યારે, આ સઘળાં વિચિત્ર નામો યાદ રાખવાં જોઇએ, નહિતો લોકોમાં અસભ્ય ગણાશો. વસ્તુતઃ મારા વિચાર પ્રમાણે આ સઘળાં ભિન્ન ભિન્ન નામોની આવશ્યકતા નથી; એકલું 'ઉદરપૂજા' નામ રાખવાથીજ વીરત્વ આદિ સઘળા ગુણો સમજી જવાય છે. એ ગમે તેમ હો; હમણાં તો હું જે મૂળ વિષયપર બોલું છું તેજ શ્રવણ કરો.

"મનુષ્યો મોટા વ્યાઘ્રભક્ત છે. હું એક દિવસ મનુષ્યોની વસ્તીમાં વિષયકર્મનેમાટે ગયો હતો. સાંભળવા પ્રમાણે આ સુંદરવનમાં કેટલાંક વર્ષ થયાં એક "પોર્ટ કેનિંગ કંપની" સ્થાપિત થઇ છે."

મહાદંષ્ટ્રા ફરીથી ભાષણમાં ભંગ પડાવીને પૂછવા લાગ્યાઃ—"પોર્ટ કેનિંગ કંપની કયી જાતનું પ્રાણી ?"

બૃહલ્લાંગૂલ બોલ્યાઃ—"તેની મને પૂરેપૂરી માહિતી નથી. એ જંતુનો આકાર અને હાથપગ વગેરે કેવાં હતાં તથા તેની હનનવૃત્તિ કેવા પ્રકારની હતી તે સઘળાની મને ખબર નથી; પણ મેં સાંભળ્યું છે કે, એ પશુ મનુષ્યોએ ઉત્પન્ન કર્યું હતું. તે મનુષ્યોનાજ હૃદયશોણિતનું પાન કરતું હતું, તેના પોષણથી ઘણું હૃષ્ટપુષ્ટ થયું હતું અને હમણાં મરી ગયું છે. મને લાગે છે કે મનુષ્યજાતિ બીલકુલ વિચારશૂન્ય છે. તેઓ સદૈવ પોતપોતાનો નાશ કરવાની યુક્તિ અને સાધનો શોધવામાંજ રોકા-

ચલા રહે છે. મનુષ્યો જે અનેક અસ્ત્રશસ્ત્રનો ઉપયોગ કરતા આવ્યા છે, તે સઘળાં અસ્ત્રશસ્ત્રોજ આ વાતનું પ્રમાણુ છે. મનુષ્યોનો વધ કરવો એજ એ સઘળાં શસ્ત્રોનો ઉદ્દેશ છે. સાંભળ્યું છે કે, કોઇ કોઇ વખતે હજારો મનુષ્યો રણક્ષેત્રમાં એકત્રિત થઇને આ સઘળાં અસ્ત્રશસ્ત્રદ્વારા એકબીજા ઉપર પ્રહાર કરીને સંહાર ચલાવે છે. મને લાગે છે કે, મનુષ્યોએ પરસ્પરના વિનાશને માટેજ આ **પોર્ટ** કેનિંગ કંપની નામનો રાક્ષસ સરજાવ્યો હતો. તે ગમે તેમ હો. આપ લોકો સ્થિર ચિત્તે આ મનુષ્યવૃત્તાંત સાંભળશો. વચમાં વચમાં પ્રશ્ન પૂછીને ભંગ પડાવવાથી ભાષણનો રસ જામે નહિ. આપણે હમણાં સભ્ય થયા છીએ, એટલા માટે દરેક કામમાં સભ્ય લોકોના નિયમ પ્રમાણે વર્તવું જોઇએ. હું એક દિવસ **પોર્ટ** કેનિંગ કંપનીના મુખ્ય સ્થળ **માતલામાં** વિષયકર્મનેમાટે ગયો હતો. ત્યાં વાંસના એક મંડપમાં નૃત્ય કરતું એક માંસદાર બકરીનું બચ્ચું જોયું, તેનો સ્વાદ લેવા માટે મેં તે મંડપમાં પ્રવેશ કર્યો; પણ પાછળથી જાણવામાં આવ્યું કે, એ મંડપ જાદુઇ હતો. મનુષ્યો તેને ફાંદ કહે છે. મારો પ્રવેશ થતાંજ તેનાં દ્વાર આપોઆપ બંધ થઇ ગયાં. એ પછી કેટલાંક મનુષ્યો તે સ્થળે આવી પહોંચ્યા. તેમને મારા દર્શનથી પરમાનંદ થયો. તેઓ આનંદસૂચક ધ્વનિ અને હાસ્યપરિહાસ કરવા લાગ્યા. તેઓ મારી અત્યંત પ્રશંસા કરતા હતા તે હું કળી ગયો. કોઇક મારા દાંતનાં, કોઇક નખનાં અને કોઇક પૂછડાનાં વખાણ કરવા મંડયા, અને કેટલાક તો મારા ઉપર વહાલ દર્શાવીને પત્નીના સહોદરને જે સંબોધન કરાય છે તેજ શબ્દથી મને પણ સંબોધવા લાગ્યા. એ પછી તેમણે ભક્તિભાવથી મને મંડપ સાથે ખાંધ ઉપર ઉઠાવીને એક રથ ઉપર ચઢાવ્યો. બે સ્વચ્છ શ્વેત કાંતિવાળા બળદ એ રથને ખેંચતા હતા. તેમને જોઇને મારી ક્ષુધા ઘણી વધવા લાગી; પરન્તુ તે વખતે જાદુઇ મંડપમાંથી બહાર નીકળવાનો ઉપાય ન હતો

એટલે ખાતાં વધેલા બકરાવડેજ મારે ક્ષુધાનું શમન કરવું પડ્યું. હું સુખપૂર્વક રથારોહણ કરીને અજમાંસ ખાતો ખાતો એક નગરવાસી શ્વેતવર્ણ મનુષ્યના મુકામ પાસે આવી પહોંચ્યો. તેણે જાતે મારા સન્માનને માટે આંગણામાં આવીને મારી અભ્યર્થના કરી; અને લોખંડના શળીઆથી વિભૂષિત એક સુંદર ગૃહમાં મને ઉતારો આપવાનું સૂચવ્યું. આ સ્થળે જીવતાં અથવા તરતનાંજ હણેલાં બકરાં, મેઢાં, અને ગાય વગેરેનાં ઉત્કૃષ્ટ રુધિરમાંસથી તેઓ મારી સેવા કરતા, અને બીજા પણ અનેક દેશી-પરદેશી મનુષ્યો મારા દર્શનને-માટે આવતા; અને તેઓ મારા દર્શનથી કૃતકૃત્ય થતા હતા એ હું સ્પષ્ટપણે જોઇ શકતો.

હું લાંબા વખત સુધી એ લોહજાળથી શણગારાયલા વાસ-સ્થાનમાં રહ્યો, તે સુખ છોડી દઇને મને પાછા ચાલ્યા આવવાની જરા પણ ઇચ્છા ન હતી; પરંતુ સ્વદેશપ્રેમને લીધે જ હું ત્યાં રહી શક્યો નહિ. અહા ! જ્યારે આ જન્મભૂમિનું મને સ્મરણ થઇ આવતું ત્યારે હું હુરૂરૂરૂર હુરૂરૂરૂર કરીને પોકાર કરી મૂકતો; "હે માતૃભૂમિ ! સુંદર-વન ! શું હું તને કદી પણ ભૂલી શકું ? જ્યારે મને તારૂં સ્મરણ થતું ત્યારે હું ઘેટાં અને બકરાંનું માંસ પણ ખાતો નહિ અથવા ખરૂં પૂછો તો તેમનાં હાડકાં અને ચામડાં એમનાં એમ રહેવા દેતો અને સર્વદા પૂછડાના પછાડાથી મારા અંતઃકરણની અસ્વસ્થતા લોકોને દર્શા-વતો. હે જન્મભૂમિ ! મેં જેટલા દિવસ સુધી તારાં દર્શન કીધાં ન હતાં, તેટલા દિવસસુધી વગર ભૂખે ખાતો નહિ, અને વિના ઉંઘે સૂતો નહિ. દુઃખની વધારે વાત શી કહું ? પેટ જેટલું સમાવી શકતું તેટલું જ અથવા તો માત્ર બશેર ચાર શેર જ વધારે ખાતો ! એથી વધુ ખાઇ શકતો નહિ.

આ સમયે બૃહલ્લાંગૂલ મહાશય જન્મભૂમિના પ્રેમથી ગદ્ગદ્ત

થઇને અનેક ક્ષણ સુધી મૌન ધરી ઉભા જ રહ્યા. જાણવામાં આવ્યું કે, તેઓ અશ્રુપાત કરતા હતા અને તેના ચિહ્ન તરીકે એક બે સ્વચ્છ જલબિન્દુ જમીનપર પડેલાં જોવામાં આવ્યાં પરંતુ કેટલાક યુવાન વ્યાઘ્રોએ તકરાર ઉઠાવી કે તે ટીપાં બૃહલ્લાંગુલ મહાશયનાં અશ્રુબિંદુ ન હતાં; પરન્તુ મનુષ્યાલયના પ્રચુર આહારની વાતનું સ્મરણ થતાં તેમના મુખમાં આવી ગએલું પાણી હતું.

લેકચરરે (ભાષણકર્ત્તાએ) પછી ધીરજ ધરીને ફરીથી બોલવાનો આરંભ કર્યો. "કેવી રીતે મેં તે સ્થળનો પરિત્યાગ કર્યો, તે કહેવાનું પ્રયોજન નથી. મારો વિચાર જાણવામાં આવ્યો હશે તેથી, કે કાંતો ભૂલથી મારો સેવક મારૂં મંદિર ધોવા પછી દ્વાર ઉઘાડું મૂકીને ચાલ્યો ગયો હું તે દ્વારમાંથી બહાર આવીને ઉદ્યાનરક્ષકને મોંમાં લઈ ચાલ્યો આવ્યો."

આ સઘળો વૃત્તાંત વિસ્તારપૂર્વક જણાવવાનું કારણ એટલુંજ કે, હું લાંબા વખત સુધી મનુષ્યસમાજમાં વસી આવ્યો છું—અર્થાત મનુષ્યચરિત્રથી સારી પેઠે માહીતગાર થઇ આવ્યો છું—એ સાંભળીને આપ મારા કથન ઉપર ખાત્રીપૂર્વક વિશ્વાસ મૂકી શકો, મેં જે જાતે જોયું છે તેજ કહીશ. અન્ય પ્રવાસીઓની બનાવટી વાતો જે આપણે લાંબા વખતથી સાંભળતા આવ્યા છીએ, તેપર મને શ્રદ્ધા નથી. આપણે પરાપૂર્વથી સાંભળતા આવ્યા છીએ કે, " મનુષ્યો દુર્બળ પ્રાણી હોવા છતાં પોતાને માટે પર્વત જેવા આકારનાં વિચિત્ર ગૃહો નિર્માણ કરે છે; " તેઓ આવાં પર્વતાકાર ગૃહોમાં વસે છે એ ખરૂં, પરન્તુ મેં તેમને કોઇ પણ દિવસ એવાં ગૃહો બાંધતાં નજરે જોયાં નથી; એટલા માટે તેઓ આવી જાતનાં ઘરો પોતેજ બાંધે છે એ વાતનું કંઇ પણ પ્રમાણ નથી. મને લાગે છે કે, તેઓ જે ઘરોમાં વસે છે તે વસ્તુતઃ પર્વત જ છે, કુદરતનીજ સૃષ્ટિ છે; પરન્તુ તેમાં

અનેક ગુફાઓ જોવામાં આવતાં બુદ્ધિજીવી મનુષ્યપશુએ તેનો આશ્રય લીધો લાગે છે.*

મનુષ્ય જન્તુ ઉભયાહારી છે. માંસભક્ષી અને ફળાહારી. તેઓ મોટાં વૃક્ષો ખાઇ શકતાં નથી; પણ નાના નાના છોડવાઓ મૂળ-સાથે ખાઇ જાય છે, મનુષ્યોને નાનાં ઝાડો એટલાં તો રૂચે છે કે તેઓ પોતે તેને ઉગાડીને વાડથી ઘેરી રાખે છે. એ પ્રકારની રક્ષિત ભૂમિને ખેતર અથવા બગીચો કહે છે. એક મનુષ્યના બગીચામાં બીજું મનુષ્ય ચરી શકતું નથી.

મનુષ્યો ફળ, મૂળ, લતા, રોપા ઇત્યાદિ ખાય છે ખરાં; પરન્તુ તેઓ ઘાસ ખાય છે કે નહિ તે હું કહી શકું નહિ. મેં કદી પણ કોઇ પણ માણસને ઘાસ ખાતાં જોયો નથી; પરંતુ એ વાતમાં મને કંઇક સંશય છે. ગોરાઓ અને કાળા લોકોમાંના તવંગર માણસો પોતપોતાના બગીચામાં ઘાસ (લોન) ના ક્યારા તૈયાર કરાવે છે. મારી સમજ પ્રમાણે તેઓ એ ઘાસ ખાતા હોવા જોઇએ, નહિ તો તેને માટે આટલી કાળજી શા માટે રાખે? મેં એક કૃષ્ણવર્ણના મનુષ્યને મોઢે સાંભળ્યું છે કે; “આખો દેશ ઉજ્જડ થઇ ગયો છે. જેટલા સાહેબ સૂબા અને મોટા લોકો છે તે સઘળા ઘરમાં બેઠા બેઠા ઘાસ વાગોળે છે.” એ ઉપરથી મોટા માણસો ઘાસ ખાય છે એ તો નક્કી જ છે.

* વાંચક મહાશય, બૃહલ્લાંગૂલનું ન્યાયશાસ્ત્રનું જ્ઞાન જોઇને વિસ્મિત થશો નહિ. આવી જ જાતના તર્કથી મેક્ષમૂલરે સાબીત કર્યું છે કે, પ્રાચીન ભારતવાસીઓ લખી જાણતા ન હતા. વળી એવાજ તર્કથી જેમ્સે સિદ્ધ કર્યું છે કે, પ્રાચીન ભારતવાસીઓ જંગલી હતા, અને સંસ્કૃત ભાષા અસભ્ય ભાષા છે. વસ્તુતઃ આ વ્યાઘ્રપંડિત અને કેટલાક મનુષ્યપંડિતો વચ્ચે ઝાઝો ફેર જોવામાં આવતો નથી.

કોઇ માણસ જ્યારે ઘણો ગુસ્સે થાય છે ત્યારે કહે છે કે, "શું હું ઘાસ ખાઉં છું?" હું જાણું છું કે, મનુષ્યો જે કામ કરે છે તે બહુજ કાળજીપૂર્વક ગુપ્ત રાખવાનો તેમનો સ્વભાવ છે. એટલા-માટે જ્યારે તેઓ ઘાસ ખાવાની વાત પર ગુસ્સે થઇ જાય છે ત્યારે અવસ્ય એવા સિદ્ધાન્ત પર આવવું પડે છે કે, તેઓ ઘાસ ખાતા જ હોવા જોઇએ.

મનુષ્ય લોકો પશુપૂજા કરે છે. જે રીતે મારી પૂજા કરવામાં આવી હતી તે કહી ચૂકયો છું. ઘોડાઓની પણ તેઓ એજ પ્રમાણે પૂજા કરે છે. તેને આશ્રયસ્થાન આપે છે, આહારની ગોઠવણ કરે છે, સ્નાન કરાવે છે અને માલિશ પણ કરે છે. અશ્વ મનુષ્ય કરતાં શ્રેષ્ઠ પશુ હોવાથી જ તેઓ તેની પૂજા કરે છે.

મનુષ્યો બકરાં, મેઢાં, ગાય ઇત્યાદિનું પાલન પણ કરે છે. ગાયના સંબંધમાં તેમનું વર્તન અજબ જેવું જોવામાં આવ્યું છે, તેઓ ગાયનું દૂધ પીએ છે! એ ઉપરથી પ્રાચીન કાળના વ્યાઘ્રપંડિતોએ એવું પ્રતિપાદન કર્યું છે કે, મનુષ્યો એક સમયે ગોવત્સ હતા! હું એટલું બધું તો માની શકતો નથી; પરન્તુ આ ઉપરથી એટલું તો માલૂમ પડે છે કે તેઓ ગાયનું દૂધ પીએ છે તેથીજ તેમની બુદ્ધિ ઢોર જેવી હશે.

ગમે તેમ હો; પરન્તુ મનુષ્યો આહારપ્રાપ્તિને માટે ગાય, બકરાં અને મેઢાં પાળે છે, એ એક અનુકરણ કરવા જેવી રીત છે એમાં સંશય નથી. મેં એવો ઠરાવ રજુ કરવાનો વિચાર રાખ્યો છે કે, આપણે પણ મનુષ્યોની ગૌશાળા સ્થાપન કરીને મનુષ્યપાલન કરવું.

ગાય, ઘોડા, બકરાં અને મેઢાંની વાત કહી; પણ એ સિવાય હાથી, ઊંટ, ગર્દભ, કુતરાં અને બિલાડાં જ નહિ પણ પક્ષીઓ સુદ્ધાં તેમની સેવા પામે છે; એટલા માટે મનુષ્ય જાતિને પશુ માત્રના સેવક કહીએ તો કહી શકાય.

મેં મનુષ્યાલયમાં અનેક વાનરો પણ જોયા હતા. તેઓ બે જાતના હતા—એક પૂછડાંવાળા, બીજા પૂછડાં વિનાના. પૂછડાંવાળા વાનરો ઘણે ભાગે છાપરાં ઉપર અથવા તો ઝાડ ઉપર રહે છે, કેટલાક નીચે પણ જોવામાં આવે છે એ ખરું; પરન્તુ મોટો ભાગ ઊંચે સ્થાને જ રહે છે. એનું કારણ કુળાભિમાન અને જાતિ અભિમાન જ હશે.

“ મનુષ્ય ચરિત્ર અત્યંત વિચિત્ર છે. તેમનામાં વિવાહની જે રીતિ પ્રચલિત છે તે અત્યંત આશ્ચર્યજનક છે. એ સિવાય તેમની રાજનીતિ પણ ઘણીજ મનોહર છે. સર્વનું ક્રમે ક્રમે વર્ણન કરીશ. ”

આટલે સુધી નિબંધ વંચાયો, એટલામાં સભાપતિ અમિતોદર દૂર એક હરિણશિશુ નજરે પડતાં ચેર (ખુરશી) ઉપરથી છલંગ મારીને તેની પાછળ દોડવા લાગ્યા. અમિતોદર આવા દૂરદર્શી હતા એટલા માટે-જ તેમને સભાપતિ બનાવવામાં આવ્યા હતા. સભાપતિને એકાએક વિદ્યાવિષયક ચર્ચાથી વિમુખ થએલા જોઇને નિબંધવાંચક કંઇક ખિન્ન થયા. તેમનો મનોભાવ જાણી જતાં એક સુજ્ઞ સભાસદ તેમને કહેવા લાગ્યો:—“ આપ ગુસ્સે થશો નહિ. સભાપતિ મહાશય “વિષયકર્મ” ને માટે ગયા છે. આટલામાં હરણાંઓનું ટોળું આવ્યું લાગે છે. મને તેની ગંધ આવે છે. ”

આ વાત સાંભળતાં જ સઘળા મહાવિજ્ઞ સભ્યો ઉંચી પૂછડી કરીને વિષયકર્મને માટે જે દિશામાં ફાવ્યું તે દિશા તરફ દોડવા લાગ્યા. લેક્ચરર (ભાષણકર્ત્તા) મહાશયે પણ વિદ્યાર્થીઓના દૃષ્ટાંતનું અનુકરણ કર્યું. આ પ્રમાણે તે દિવસે મહાસભા નિર્વિઘ્ને અકાળે વિસર્જન થઇ. એ પછી બીજા એક દિવસે સઘળાએ વિચાર કરીને ભોજન લીધા પછી સભાનું અધિવેશન કર્યું. તે દિવસે સભાનું કામ નિર્વિઘ્ને સંપૂર્ણ થયું અને નિબંધનો બાકી રહેલો ભાગ વંચાયો.

દ્વિતીય પ્રબંધ.

" સભાપતિ મહાશય, વાઘણુ બ્હેનો અને વ્યાઘ્રગૃહસ્થો ! મેં મારા પ્રથમ વ્યાખ્યાનમાં મનુષ્યોની લગ્નપદ્ધતિ અને અન્ય બાબતો વિષે કંઇક બોલવાનું માથે લીધું હતું. પ્રતિજ્ઞાપાલન એજ સજ્જનનો મુખ્ય ધર્મ છે; એટલે હવે હું એકદમજ મારા વિષય ઉપર આવું છું.

લગ્ન એટલે શું, તે આપ સર્વને વિદિત છે. સર્વે કોઇ જરૂરિઆત પ્રમાણે વખતોવખત લગ્ન કરી લે છે; પરન્તુ મનુષ્યવિવાહમાં કંઇક વિચિત્રતા છે. વ્યાઘ્રાદિ સભ્ય પશુઓનું દારપરિગ્રહણુ[1] કેવળ પ્રયોજનાધીન છે; પરન્તુ મનુષ્ય પશુઓમાં તે પ્રમાણે નથી. તેઓમાંના અનેક લોકો આખી જિંદગી સુધી માત્ર એકજ લગ્ન કરી મૂકે છે.

મનુષ્યવિવાહ બે જાતના હોય છે. નિત્ય અને નૈમિત્તિક. તેમાંનો નિત્ય અથવા પૌરોહિત વિવાહજ તે લોકોમાં માન્ય છે. પુરોહિતને મધ્યસ્થ રાખીને જે વિવાહ કરવામાં આવે છે, તે પૌરોહિત વિવાહ કહેવાય છે.

મહાદંષ્ટ્રા—પુરોહિત કોણ ?

બૃહલ્લાંગૂલ—શબ્દકોશમાં લખ્યું છે કે, પુરોહિત એટલે મિષ્ટાન્ન ભક્ષણુ કરનાર અને લોકોને છેતરવાનો ધંધો કરનાર જાત; પરંતુ આ વ્યાખ્યા દોષયુક્ત છે. કારણુ કે સઘળા પુરોહિતો કેવળ મિષ્ટાન્ન ભક્ષણુ કરનારાજ નથી; અનેક મદ્યમાંસ ખાનારા અને અનેક સર્વભક્ષી પણુ હોય છે. બીજી રીતે મિષ્ટાન્ન ખાવાથીજ પુરોહિત થવાય છે એમ નથી. વારાણુસી (કાશી) નામક નગરમાં પુષ્કળ સાંઢો છે, તેઓ મિષ્ટાન્ન ખાતા ફરે છે છતાં પુરોહિત કહેવાતા નથી; કારણુ એ છે કે, તે લોકો છેતરનારા નથી ! જે લોકો ઠગાઇ કરવા ઉપરાંત

1- સ્ત્રી પરિગ્રહણ.

મિષ્ટાન્ન ભક્ષણ કરે છે તેઓજ પુરોહિત કહેવાય.

પૌરોહિત વિવાહમાં આ પ્રકારનો એક પુરોહિત વરકન્યાનો મધ્યસ્થ થઇને બેસે છે; અને બેસીને કંઇક ગણગણ કરે છે. આ વક્તૃતાને મંત્ર કહે છે. તેનો અર્થ શો છે તેની મને પૂરેપૂરી માહિતી નથી; પરન્તુ હું જે કોટિનો પંડિત છું તે પ્રમાણે એ સર્વ મંત્રોનો એકજ પ્રકારનો અર્થ મનમાં આ પ્રમાણે સમજું છું. પુરોહિત કહે છે કે; " હે વરકન્યા ! હું આજ્ઞા કરૂં છું કે, તમે વિવાહ કરો. તમે લોકો વિવાહ કરશો તેથી હું દરરોજ લાડુ પામી શકીશ, એટલા-માટે તમે વિવાહ કરો. આ કન્યાના ગર્ભાધાનસમયે, સીમન્તોન્નયન-સમયે અને પ્રસવકાળે મને મિષ્ટાન્નપ્રાપ્તિ થાય એટલા માટે તમે વિવાહ કરો. સંતાનની ષષ્ઠીપૂજામાં, અન્નપ્રાશનમાં, કર્ણવેધમાં, ચૂડાકરણમાં,[1] અને ઉપનયનમાં પુષ્કળ મિષ્ટાન્ન પાણી મેળવી શકું એટલા માટે તમે વિવાહ કરો. તમે સંસાર ધર્મમાં પ્રવૃત્ત થવાથી, સર્વદા વ્રત નિયમ, પૂજા પાર્વણ અને યજ્ઞયાગમાં રત રહેશો એટલે હું સારી પેડે મિષ્ટાન્ન પામી શકીશ માટે તમે વિવાહ કરો. કદી પણ આ વિવાહબંધન તોડશો નહિ. જો તેમ કરશો તો મારાં મિષ્ટાન્ન-પાણીમાં મોટું વિઘ્ન આવી પડશે, એટલે તેવી વાત કરશો તો એક એક ચપેટિકા–પ્રહારથી[2] તમારાં મોં ફરીજ ગયલાં સમજજો. અમને અમારા પૂર્વ પુરુષો તરફથી આવી આજ્ઞા મળતી રહી છે. "

આ સજાના ભયથીજ પૌરોહિત વિવાહ કદી પણ તુટી શકતો નથી.

આપણા લોકોમાં જે લગ્નની રૂઢિ પ્રચલિત છે, તેને નૈમિત્તિક વિવાહ કહી શકાય. મનુષ્યોમાં આ પ્રકારનો વિવાહ પણ સર્વત્ર પ્રચલિત છે, અનેક પુરુષો અને સ્ત્રીઓ નિત્ય અને નૈમિત્તિક બન્ને પ્રકારના વિવાહનું પાલન કરે છે; પરન્તુ નિત્ય અને નૈમિત્તિક વિવાહમાં ખાસ

૧. બાબરી ઉતારવામાં ૨ તમાચાથી.

ભેદ એ છે કે, કોઈ પણ માણુસ નિત્ય વિવાહને ગુપ્ત રાખતો નથી; પરન્તુ નૈમિત્તિક વિવાહને તો સઘળાજ પ્રાણપણથી ગુપ્ત રાખવાનો પ્રયત્ન કરે છે. જો કોઇ મનુષ્યના નૈમિત્તિક વિવાહની વાત જાણવામાં આવી જાય તો કેટલીક વખતે તેને પકડીને ટીપવામાં આવે છે. મારી સમજ પ્રમાણે આ અનર્થનું મૂળ પુરોહિતોજ છે; કારણ કે નૈમિત્તિક વિવાહમાં તેમને મિષ્ટાન્ન પાણી મળતાં નથી, એટલે એ વિવાહપદ્ધતિનો ઉચ્છેદ કરવો એજ તેમનો ઉદ્દેશ છે. એટલા માટે સર્વ કોઇ તેમના બોધપ્રમાણે નૈમિત્તિક વિવાહ કરનારને પકડીને ટીપે છે; પરંતુ વધારે નવાઇની વાત તો એ છે કે, જે મનુષ્યો પોતે ગુપ્તપણે નૈમિત્તિક વિવાહ કરે છે, તેઓ પણ જો બીજા કોઇએ તેવું લગ્ન કર્યું છે એવી ખબર પડે છે કે તરતજ તેને પકડીને કોપરાપાક આપવામાં સામેલ થઇ જાય છે.

આ ઉપરથી હું એવા વિચાર ઉપર આવ્યો છું કે, અનેક મનુષ્યો નૈમિત્તિક વિવાહમાં અંદરખાનેથી સંમત છે. છતાં ગોર લોકોના ભયથી મોં ફાડી શક્તા નથી. હું મનુષ્યસ્થાનમાં વસીને જાણી આવ્યો છું કે, અનેક મોટા માણસોમાં નૈમિત્તિક વિવાહનો આદર વિશેષ છે. જે લોકો આપણા જેવા સુસભ્ય છે એટલે કે પાશ્ચવૃત્તિવાળા છે તેઓજ આ વિષયમાં આપણું અનુકરણ કરતા રહે છે. મને એવો પણ વિશ્વાસ છે કે, કાળક્રમે મનુષ્યજાતિ આપણા જેવી સુસભ્ય થતાં તે લોકોમાં પણ નૈમિત્તિક વિવાહ સમાજસંમત થશે, અનેક મનુષ્ય પંડિતો આ પક્ષનું સમર્થન કરનારા ગ્રંથો લખવા લાગ્યા છે, તેઓ મોટા સ્વજાતિહિતૈષી છે એમાં સંદેહ નથી. મારા વિચાર પ્રમાણે તેમનું સન્માન વધારવાને તેમને આ વ્યાઘ્રસમાજના ઓનરરી મેમ્બર નીમવામાં આવે તો ઠીક; અને આશા રાખું છું કે, તે લોકો સભામાં હાજર થાય તો આપ તેને ખોરાકની વસ્તુ તરીકે

નહિ ગણી લેવાની સંભાળ રાખશો; કારણ કે તે લોકો આપણા જેવા નીતિજ્ઞ અને લોકહિતૈષી છે.

મનુષ્યોમાં નૈમિત્તિક વિવાહમાં એક બીજો ખાસ પ્રકાર પ્રચલિત છે; તેને મૌદ્રિક વિવાહ પણ કહી શકાય. એ પ્રકારના વિવાહમાં પુરુષ મુદ્રાદ્વારા કોઇ સ્ત્રીના કરતલનો સ્પર્શ કરે છે. (અર્થાત્ પુરુષ સ્ત્રીના હાથમાં અમુક રૂપીઆ મૂકે છે એટલે મૌદ્રિક વિવાહ થઇ ગયલો મનાય છે.)

મહાદંષ્ટ્રઃ—મુદ્રા એટલે શું?

બૃહલ્લાંગૂલઃ—મુદ્રા મનુષ્ય લોકોની એક ખાસ પૂજ્ય દેવતા છે જો આપની ઉત્સુકતા હશે તો હું તે દેવીનાં ગુણકીર્તન વિસ્તારથી કરીશ. મનુષ્ય જેટલા દેવતાઓને પૂજે છે તે સર્વમાં એના તરફ જ તેમની ભકિત વિશેષ હોય છે. એ સાકાર છે. સોના, રૂપા અને તાંબાથી એની પ્રતિમા ઘડવામાં આવે છે; લોઢું, ટીન અને કાષ્ઠવડે એનું મંદિર બનાવાય છે; અને રેશમ, મખમલ, રૂ અને ચર્મ ઇત્યાદિથી એનું સિંહાસન રચવામાં આવે છે. મનુષ્યો રાત્રિ દિવસ એનું ધ્યાન ધરે છે; અને કેવી રીતે એનાં દર્શન થાય તેને માટે સર્વદા આંફળાફાંફળા થઇને ફરતા ફરે છે. જે ઘરમાં એ દેવીની મૂર્તિઓ છે એમ જાણવામાં આવે છે તે ઘર રાત દિવસ તેના પૂજારી મનુષ્યોથી ભરનિંગળ થયાં કરે છે—ભકિતભાવ પણ એવો જબ્બર કે કોઈ પણ પ્રકારે તેઓ દેવીનું મંદિર છોડતા નથી. મારવા છતાં ત્યાંથી ડગતા નથી. જેઓ એ દેવીના ગોર હોય છે અર્થાત્ જેમના ઘરમાં તેનો વાસ હોય છે તેજ માણુસ સર્વમાં શ્રેષ્ઠ મનાય છે. બીજાં મનુષ્યો સર્વદા તેની આગળ હાથ જોડીને સ્તુતિ કરતા ઉભા રહે છે. મુદ્રાદેવીનો આવો અધિકારી તેમના તરફ સહજ દૃષ્ટિ કરે તેટલામાં તેઓ પોતાને કૃતાર્થ થએલા માને છે.

દેવતા પણ બહુજ જાગ્રત છે. એવું કોઇ પણ કાર્ય નથી કે, જે

એ દેવીના અનુગ્રહથી સાધી શકાતું ન હોય. પૃથ્વીમાં એવી કોઇ પણ ચીજ નથી કે જે એ દેવીના વરથી પ્રાપ્ત થઈ શકતી ન હોય. એવું કોઈ દુષ્કર્મ પણ નથી કે જે એ દેવીના અનુગ્રહથી પાર પડતું ન હોય. એવો કોઈ પણ દોષ નથી કે જે એની અનુકંપાથી ઢંકાઈ જતો ન હોય. એવો કોઇ ગુણજ નથી કે જે એ દેવીના અનુગ્રહ વિના ગુણ તરીકે ઓળખાઇને મનુષ્યસમાજમાં સ્વીકારાઈ શકે. જેના ઘરમાં એ દેવીનો વાસ નથી તેનામાં વળી કયો ગુણ હોઇ શકે ? અને જેના ઘરમાં એ વિરાજમાન હોય છે તેનામાં પછી દોષ પણ કયો રહે ? મનુષ્યસમાજમાં મુદ્રા મહાદેવીનો અનુગ્રહ પામેલા માણસો ડાહ્યા ગણાય છે, ધર્મિષ્ટ ગણાય છે, મુદ્રાહીનતાનેજ અધર્મ કહેવામાં આવે છે. મુદ્રા હોય તોજ વિદ્વાન્ થવાય છે, જેની પાસે મુદ્રા ન હોય તેને વિદ્યા હોય તોપણ મનુષ્યશાસ્ત્રાનુસારે મૂર્ખ માનવામાં આવે છે. આપણામાં ‘ મોટો વાઘ ’ એટલે અમિતોદર, મહાદંષ્ટ્રા ઇત્યાદિ પ્રચંડ શરીરવાળા વાઘોનું ભાન થાય છે; પરન્તુ મનુષ્યાલયમાં ‘મોટો માણસ’ કહેવાથી આવો અર્થ સમજાતો નથી; આઠ કે દશ હાથ ઉંચા મનુષ્યનો તેથી બોધ થતો નથી; પરન્તુ જેના ઘરમાં એ દેવીનો વાસ હોય છે તેનેજ ‘ મોટો માણસ ’ કહેવામાં આવે છે. જેના ઘરમાં એ દેવીની સ્થાપના થયેલી નથી હોતી તે પાંચ હાથ લાંબો હોય તોપણ “સાધારણ માણસ”જ ગણાય છે.

મુદ્રાદેવીના આવા ચમત્કારિક ગુણો જ્યારે સાંભળવામાં આવ્યા ત્યારે મેં સંકલ્પ કર્યો હતો કે, મનુષ્યાલયમાંથી લઈ આવીને એની વ્યાઘ્રાલયમાં સ્થાપના કરવી; પરંતુ પાછળથી જે કંઇ મારા સાંભળવામાં આવ્યું તે પરથી મેં મારો વિચાર માંડી વાળ્યો. મારા સાંભળવામાં આવ્યું કે મનુષ્યજાતિમાં રહેલાં બધાં અનિષ્ટોનું મૂળ આ મુદ્રાદેવીજ છે. વાઘ અને એવાં બીજાં અગ્રગણ્ય પશુઓ કદી પણ સ્વજાતિની

ઈર્ષ્યા કરતાં નથી; પરન્તુ મનુષ્યો તો સર્વદા પોતાની જાતિનીજ ઈર્ષ્યા કરનારા છે. મુદ્રાપૂજા એજ એનું કારણ છે. મુદ્રાલોભથી સઘળાં મનુષ્યો એક બીજાનું અનિષ્ટ કરવાના પ્રયત્નમાં મંડયાં રહે છે. મેં પ્રથમ વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે, હજારો મનુષ્યો રણક્ષેત્રમાં એકત્ર થઇને એક બીજાનો સંહાર કરે છે, તેનું કારણ મુદ્રાજ છે. મુદ્રાદેવીનીજ ઉત્તેજનાથી મનુષ્યો પરસ્પર ખૂન કરતાં, જખમ કરતાં, પીડા કરતાં, અવરોધ કરતાં, અપમાન કરતાં કે તિરસ્કાર કરતાં અચકાતા નથી. જાણવા પ્રમાણે મનુષ્યલોકમાંનું એવું કોઇ પણ અનિષ્ટ નહિ હશે કે, જેની પ્રેરણા એ દેવીના અનુગ્રહથી ન થઈ હોય. આ બધું જ્યારે મારા જાણવામાં આવ્યું ત્યારે મુદ્રાદેવીને લઇ આવવાની વાતને નવ ગજના નમસ્કાર કર્યા, અને તેની પૂજાનો અભિલાષ પણ છોડી દીધો; પરંતુ મનુષ્યો આ સમજતા નથી. પ્રથમના વ્યાખ્યાનમાંજ મેં કહ્યું હતું કે, તેઓ કેવળ વિચારશૂન્ય છે. સર્વદા એક બીજાના અકલ્યાણના પ્રયત્નોમાંજ પ્રવૃત્ત રહે છે. આથી તેઓ ચાંદીનાં અને તાંબાનાં ચકરડાં સંગ્રહવાના પ્રયત્નમાં કુંભારના ચાકની પેઠે અવિરત ઘૂમતા ફરે છે.

મનુષ્ય લોકોની લગ્નવિધિ જેવી વિચિત્ર અને હાસ્યજનક છે, તેજ પ્રમાણે બીજા રીતરિવાજોનું પણ સમજવું. તેના ઉપર લંબાણથી વિવેચન કરવા જાઉં તો, આપના વિષયકર્મનો સમય પુનઃ ઉપસ્થિત થઇ જાય, એટલા માટે આજે એટલેથીજ સમાપ્ત કરૂં છું. જો ભવિષ્યમાં પ્રસંગ મળશે અને અવકાશ હશે તો, અન્ય વિષય ઉપર કંઇક બોલીશ.

આ પ્રમાણે વ્યાખ્યાન સમાપ્ત કરીને પંડિતશિરોમણિ વ્યાઘ્રાચાર્ય બૃહલ્લાંગૂલે, પૂછડાંઓના પટપટારા વચ્ચે આસન લીધું; એટલે દીર્ઘનખ નામના એક યુવાન વિદ્વાન્ વાઘે ઉઠીને **ઘુરરરર ઘુરરરર** શબ્દથી ચર્ચાનો આરંભ કર્યો.

દીર્ઘનખ મહાશય ગર્જના કરીને બોલ્યા; "સભ્ય વ્યાઘ્રગૃહસ્થો ! હું આજના ભાષણકર્તાના ઉત્તમ વ્યાખ્યાન માટે તેમનો ઉપકાર માનવાનો આનંદદાયક ઠરાવ રજુ કરૂં છું; છતાં એટલું કહેવાની મને ફરજ પડે છે કે, આજનું ભાષણ તદન મોળું અને અસત્ય વાતોથી ભરેલું છે તથા વક્તા મોટા મૂર્ખશિરોમણિ છે."

પ્રમુખઃ—"આપ શાંત થાઓ. સભ્ય જાતિના લોકો આટલી સ્પષ્ટ રીતે ગાળો દેતા નથી. વ્યંગમાં તમે આ કરતાં પણ વધારે સખત ગાળો દઈ શકો એમ છો."

દીર્ઘનખઃ—" જેવી આજ્ઞા ! વક્તા ઘણા સત્યવાદી છે. તેમણે જે જે કહ્યું છે તેમાંના મોટા ભાગની હકીકત ઉપજાવી કાઢેલી હોવા છતાં તેમાંની એકાદ બે વાત સાચી માલૂમ પડે છે. આપણે કબૂલ રાખીએ છીએ કે તેઓ મહા સમર્થ વિદ્વાન્ છે. આપણામાંના અનેક જણનો અભિપ્રાય એવો હશે કે, તેમના વ્યાખ્યાનમાં ખાસ જાણવા જેવું કંઇ પણ ન હતું; પરંતુ આપણે જે કંઇ લાભ મેળવી શકયા છીએ તે બદલ આભારની લાગણી દર્શાવવીજ જોઇએ. જો કે હું વ્યાખ્યાનકારના સઘળા કથનને અનુમોદન આપી શકતો નથી; ખાસ કરીને પહેલી વાત તો એ છે કે, મનુષ્યોમાં 'લગ્ન' કોને કહેવામાં આવે છે તેની વક્તાને માહિતી નથી. વ્યાઘ્રજાતિમાં કુલરક્ષાને માટે કોઇ પણ વાઘ કોઇ પણ વાઘણને પોતાની સહચરી બનાવે, (સહચરી એટલે સાથે ચરે તે) તેનેજ આપણે લગ્ન કહીએ છીએ; મનુષ્યવિવાહ આ પ્રકારનો નથી. માણસ સ્વભાવથીજ દુર્બળ અને પ્રભુભક્ત છે; એટલે મનુષ્ય માત્ર એક એક પ્રભુની ઇચ્છા રાખે છે. આથી દરેક માણસ એક એક સ્ત્રીને પોતાના પ્રભુ તરીકે નિયોજે છે; અને એનેજ એ લોકો વિવાહ કહે છે. જ્યારે તેઓ કોઇને સાક્ષી રાખીને પ્રભુ–નિયોગ કરે છે ત્યારે તે વિવાહને પૌરોહિત વિવાહ કહેવામાં આવે છે. સાક્ષીનું નામ પુરોહિત છે. બહુ-

લ્લાંગૂલ મહાશયે વિવાહમંત્રના જે અર્થ કર્યા હતા તે ખોટા છે, ખરો અર્થ આ પ્રમાણે છે:—

પુરોહિતઃ—બોલો, મારે કયી બાબતમાં સાક્ષી થવાનું છે ?

વરઃ—આપ સાક્ષી રહેજો કે હું આ સ્ત્રીને જીવન પર્યંત મારા ઉપર સત્તા ચલાવવાને નિયુક્ત કરૂં છું.

પુરોહિતઃ—બીજું કાંઇ ?

વરઃ—બીજું એ કે, હું જન્મપર્યંત એના ચરણકમળનો ગુલામ થઇ રહીશ. રોટલો મેળવવાનો ભાર મારા ઉપર અને ખાવાનો ભાર એના ઉપર.

પુરોહિતઃ—(કન્યા પ્રતિ) તું શું કહે છે ?

કન્યાઃ—હું એ સેવકને ખુશીથી સ્વીકારૂં છું. જેટલા દિવસ મારી ઇચ્છા હશે તેટલા દિવસ એને ચરણસેવા કરવા દઇશ. જે દિવસે એની જરૂર નહિ જણાશે તે દિવસે લાત મારીને બહાર કાઢીશ.

પુરોહિતઃ—**શુભમસ્તુ**.

આ પ્રમાણેની બીજી પણ અનેક ભૂલો એમના ભાષણમાં છે. દાખલા તરીકે મુદ્રાને વક્તાએ મનુષ્યપૂજિત દેવતા તરીકે ઓળખાવી છે; પરન્તુ વાસ્તવિક રીતે તે દેવતા નથી. મુદ્રા એક જાતનું વિષચક્ર છે. માણસો વિષપ્રિય હોય છે; તેટલા માટે તેઓ મુદ્રા (પૈસો) પ્રાપ્ત કરવાના યત્ન કરતા રહે છે. મનુષ્યો મુદ્રાભક્ત છે એવું જાણીને મને પ્રથમ એવો વિચાર થયો હતો કે; " મુદ્રા કોણ જાણે કેવીક ઉમદા ચીજ હશે; મારે તેને એક દિવસ ચાખી જોવી પડશે. " એક દિવસ વિદ્યાધરી નદીના તીરે એક મનુષ્યને હણીને ભોજન કરતી વખતે તેના વસ્ત્રમાંથી કેટલીક મુદ્રા મળી આવી. નજરે પડતાંજ મેં તેને ઉદરસ્થ કરી દીધી; પરન્તુ બીજે દિવસે પેટમાં પીડા થવા લાગી, તો પછી મુદ્રા એ એક પ્રકારનું વિષ છે એમાં શક શો ? "

દીર્ઘનખે આ પ્રમાણેનું ભાષણ સમાપ્ત કરવા પછી બીજા કેટલાક વ્યાઘ્રમહાશયોએ ઉઠીને ભાષણ કર્યાં. છેવટે સભાપતિ અમિતોદર મહાશય ઉપસંહાર કરતાં બોલ્યા કેઃ—

"હવે સાંઝ પડી ગઇ છે અને વિષયકર્મનો સમય આવી પહોંચ્યો છે. વળી હરિણદળ ક્યારે આવી પહોંચશે તેનું પણ નક્કી નથી, એટલા માટે લાંબુ ભાષણ કરીને કાલક્ષેપ કરવાની જરૂર નથી. આજનું વ્યાખ્યાન ઘણું સુંદર થયું છે—અને તે માટે બૃહલ્લાંગૂલ મહાશયના આપણે ઘણા ઉપકૃત છીએ. હું એક વાત જણાવવા માગું છું તે એ કે, આપે બે દિવસ સુધી જે વ્યાખ્યાન સાંભળ્યાં તે પરથી આપ અવશ્ય સમજી શક્યા હશો કે, મનુષ્યો ઘણાં અસભ્ય પ્રાણી છે. અને આપણા જેવાં સુધરેલાં પશુ બીજાં કોઇ નથી. તો આપણી ફરજ છે કે આપણે મનુષ્યોને કેળવણી આપીને આપણા જેવા સભ્ય બનાવવા. મને લાગે છે કે, મનુષ્ય જાતિને સુધારવાને માટે જ પરમાત્માએ આપણને આ સુંદરવનની ભૂમિમાં મોકલ્યા છે. વિશેષમાં મનુષ્યો સંસ્કારી થતાં તેમનું માંસ પણ કંઇક વધારે સ્વાદિષ્ટ થશે અને આપણે તેમને વધારે સહેલાઇથી પકડી શકીશું; કારણ કે કેળવણી વધતાં તેઓ સહજ સમજી શકશે કે વ્યાઘ્રાદિના આહાર અર્થે શરીરદાન કરવું એજ મનુષ્યોનું કર્તવ્ય છે. આવી રીતની કેળવણી આપણે તેમને આપવા માગીએ છીએ. એટલા માટે આપ એ વિષયમાં સંમત થશોજ. વ્યાઘ્ર લોકોની ફરજ છે કે, પ્રથમ મનુષ્યને સભ્ય બનાવવા; અને તે પછી તેમનું ભોજન કરવું."

સભાપતિ મહાશયે આ પ્રમાણે વ્યાખ્યાન સમાપ્ત કરીને પૂછડાંના ભારે પટપટારવ વચ્ચે આસન લીધું; એટલે સભાપતિનો ઉપકાર માનીને વ્યાઘ્રસભા વિસર્જન થઇ અને સઘળાએ જેમને જ્યાં ફાવ્યું તે તરફ વિષયકર્મને માટે પ્રયાણ આદર્યું.

જે સ્થળે સભાનું અધિવેશન થયું હતું, તેની ચોપાસ કેટલાંક મોટાં મોટાં વૃક્ષો હતાં. કેટલાક વાનરો તેની ઘટામાં છુપાઇને બેઠા બેઠા વ્યાઘ્ર વક્તાઓનાં ભાષણો સાંભળતા હતા. વ્યાઘ્ર લોકો સભા-સ્થાન છોડી જવા પછી એક વાનરે ડોકું બહાર કાઢીને બીજાને બોલાવીને કહ્યું:—" કેમ ભાઇ, ડાળપર છે તો ખરો ને ?" બીજાએ ઉત્તર આપ્યો—" જી, બેઠો છું !"

પહેલો:—આવ ત્યારે, આપણે એ વાઘોનાં ભાષણની સમાલોચના કરીએ.

બીજો:—શા માટે ?

પહેલો:—એ વ્યાઘ્ર જાતિ આપણી પરાપૂર્વની શત્રુ છે, માટે ચાલો, તેમની કંઇક નિંદા કરીને વેર વાળી લઇએ.

બીજો:—જરૂર, એ કામ તો આપણી જાતિને માટે સર્વથા યોગ્ય જ છે.

પહેલો:—ઠીક, ત્યારે જરા જો તો, આટલામાં કોઈ વાઘ રહ્યો તો નથી ને ?

બીજો:—ના, તોપણ આપ જરા સંતાઇને બોલજો.

પહેલો:—એ વાત બરાબર છે ! નહિ તો, કોણ જાણે, કયે દિવસે કોઇ વાઘના પંજામાં સપડાઇ જવાય અને તે આપણું પાણી કરી જાય !

બીજો:—કહો, કયા કયા દોષ છે ?

પહેલો:—પ્રથમ તો વ્યાકરણ અશુદ્ધ હતું. આપણે વાનર જાતિ વ્યાકરણમાં ઘણીજ પ્રવીણ. એ લોકોનું વ્યાકરણ આપણા વાનર-વ્યાકરણ જેવું નથી.

બીજો:—બીજું કંઇ ?

પહેલો:—એ લોકોની ભાષા ઘણી મોળી છે.

બીજો:—અલબત્ત. એ લોકો વાનરોની પેઠે વાત કરી જાણતા નથી.

પહેલો:—દાખલા તરીકે પેલા અમિતોદરે કહ્યું કે; "વ્યાઘ્ર લોકોનું કર્તવ્ય છે કે, પ્રથમ મનુષ્યને સભ્ય બનાવવાં અને પછી તેનું ભોજન કરવું." એને ઠેકાણે "પ્રથમ મનુષ્યોનું ભોજન કરવું અને પછી તેમને સભ્ય બનાવવા" એમ કહ્યું હોત તો સંગત હતું.

બીજો:—એમાં શક શો?–નહિ તો આપણે વાનરો શા માટે કહેવાત?

પહેલો:—ભાષણ કેવી રીતે અપાય, તેમાં શું શું બોલવું જોઇએ, તેની એ લોકોને ક્યાં ખબર છે? ભાષણ આપતાં વચમાં દાંત કચકચાવવા જોઇએ, કંઇક કૂદાકૂદ થવી જોઇએ, એકાદ બે વાર અંતરનો ભાવ દર્શાવે તેવાં મોં થવાં જોઇએ. વળી વચમાં વચમાં એકાદ બે વખત કેળું કરડતા જવું જોઇએ. એ લોકોની ફરજ છે કે, તેમણે આપણી પાસેથી એ વિષયને લગતું કંઇક શિક્ષણ મેળવવું.

બીજો:—આપણી પાસે શિક્ષણ લેવાથી તેઓ વાનર થાય, વ્યાઘ્ર બને નહિ.

દરમ્યાન બીજા પણ કેટલાક વાનરો સાહસ કરીને બહાર પડ્યા. તેમાંના એકે જણાવ્યું, મારી સમજ પ્રમાણે વ્યાખ્યાનનો મોટામાં મોટો દોષ એ છે કે, બૃહલ્લાંગૂલ પોતાના જ્ઞાન અને બુદ્ધિબળથી શોધેલી અનેક નવી વાતો બોલ્યા છે. એ સઘળી વાતો કોઇ પણ ગ્રંથમાંથી મળી આવતી નથી. જે વાત પ્રાચીન ગ્રંથકારોના લખાણનું પિષ્ટપેષણ ન હોય તે કહેવી મહાદોષ છે. આપણે વાનરજાતિ લાંબા કાળથી ચાલેલુંજ ચાલતા આવીને વાનર લોકોની પ્રતિષ્ઠા વધારતા આવ્યા છીએ–વ્યાઘ્રોએ આ પ્રમાણે કર્યું નથી, એ મહા પાપ છે.

એટલામાં એક સુંદર વાનરી બોલી ઉઠી:–"મને તો એ સઘળી

ભાષણોમાં હજારો દોષનું ટીપ્પણ જણાયું છે. હું એ ભાષણમાં અનેક ઠેકાણે તેઓ શું કહેવા માગે છે તે સમજી શકી નથી, તો જે ભાષણ આ પ્રમાણે અમારી સ્ત્રીઓની વિદ્યા–બુદ્ધિને પણ અગમ્ય હોય તે મહાદોષ નહિ તો બીજું શું ?"

બીજા એક વાનરે જાહેર કર્યું:–"મને ખાસ દોષ શોધી કાઢતાં તો નથી આવડતું; પરન્તુ હું બાવન જાતની મુખભંગી* કરી શકું છું, અને અશ્લીલ ગાળાગાળી કરીને મારી સભ્યતા અને રસિકતાનો પ્રચાર કરી શકું છું."

આ પ્રમાણે વાનરો વ્યાઘ્ર લોકોની નિંદામાં પ્રવૃત્ત થઇ રહ્યા હતા. એ જોઇને એક સ્થૂળ દેહધારી વાનર બોલ્યો કે "આપણે જે નિન્દાવાદ ચલાવ્યો છે તેનાથી અપમાન પામી બૃહલ્લાંગૂલ બોડમાં જઇને મરી જશે. ચાલો, હવે આપણે કેળાં આરોગીએ."

---

* ખરાબમાં ખરાબ જાતનું મોં કરવાની કળા.

૨—બાબુ.

(મહાભારતમાંથી ભાષાંતર.)

જનમેજય બોલ્યાઃ-હે મહર્ષે! આપે કહ્યું હતું કે, કલિયુગમાં બાબુ નામનાં એક પ્રકારનાં મનુષ્યો પૃથ્વીપર આવિર્ભૂત થશે. તેઓ કયા પ્રકારનાં મનુષ્યો હશે અને પૃથ્વીપર જન્મ ધારણ કરીને શું શું કાર્ય કરશે તે સાંભળવા મને ઘણી ઉત્કંઠા થઇ છે. આપ અનુગ્રહ કરીને તેનું સવિસ્તર વર્ણન કરીએ.

વૈશમ્પાયન બોલ્યાઃ—હે નરશ્રેષ્ઠ! હું તેજ વિચિત્રબુદ્ધિ, આહાર-નિદ્રાકુશળ, બાબુ લોકોની કથા કહું છું, આપ શ્રવણ કરીએ. હું તેજ ચશ્માલંકૃત, ઉદારચરિત્ર, બહુભાષી, મિષ્ટાન્નપ્રિય, બાબુ લોકોનું ચરિત્ર કીર્તન કરૂં છું; આપ શ્રવણ કરીએ. હે રાજન્! જેઓ વિચિત્ર વસ્ત્ર ધારી, વેત્રહસ્ત[1], અલંકૃતકેશ અને હોલબુટધારી હશે તેઓજ બાબુ. જેઓ વાગ્યુદ્ધમાં અજેય, પરભાષાપારદર્શી, માતૃભાષાવિરોધી હશે તેઓજ બાબુ. મહારાજ! એવા અનેક મહાબુદ્ધિસંપન્ન બાબુઓ જન્મ લેશે કે, જેઓ માતૃભાષામાં વાતચીત કરવામાં અસમર્થ હશે. જેમની દશે ઇન્દ્રિયો સ્વતંત્ર અને તેથીજ અપવિત્ર હશે. જેમની કેવળ રસનેન્દ્રિય પણ પરજાતિનું એઠું ખાવાથી પવિત્ર હશે; તેઓજ બાબુ. જેમના ચરણ માંસ—અસ્થિવિહીન શુષ્ક કાષ્ઠ સમાન હોવા છતાં જેઓ પલાયનમાં વીર, હસ્ત દુર્બળ હોવા છતાં લેખિની[2] પકડવામાં અને વેતનગ્રહણમાં[3] સુપટુ[4], ચર્મ કોમળ હોવા છતાં પણ સાગરપાર—નિર્મિત ખાસ પદાર્થોના પ્રહારમાં સહિષ્ણુ, સંક્ષેપમાં જેમની ઇંદ્રિયમાત્રની આ પ્રમાણે પ્રશંસા કરી શકાય તેઓજ બાબુ. જેઓ વિના ઉદ્દેશે સંચય

---

૧. હાથમાં લાકડી પકડનારા. ૨ કલમ. ૩ પગાર લેવામાં. ૪ સુકુશળ.

કરશે, સંચયને માટે ઉપાર્જન કરશે, ઉપાર્જનને માટે વિદ્યાધ્યયન કરશે, વિદ્યાધ્યયનને માટે પરીક્ષા–પ્રશ્નની ચોરી કરશે તેઓજ બાબુ.

મહારાજ ! બાબુ શબ્દ માનાર્થે વપરાશે. જેઓ કલિયુગમાં ભારતવર્ષમાં રાજ્યાભિષિક્ત થઇને અંગ્રેજ નામે પ્રસિદ્ધ થશે તેઓ 'બાબુ' શબ્દથી કારકુન અને વેપારી સમજશે. નિર્ધન લોકો 'બાબુ' શબ્દ પોતાના કરતાં વધારે ધનવાન માણસો માટે વાપરશે. સેવક લોકો 'બાબુ' શબ્દનો અર્થ શેઠ કરશે; પરન્તુ એ સઘળાથી પણ જુદા કેવળ "બાબુ–જીવન" ગાળવાની અભિલાષા ધરાવનાર કેટલાંક મનુષ્યો જન્મશે. હું કેવળ તેમનાંજ ગુણકીર્તન કરૂં છું. જેઓ વિપરીત અર્થ કરશે તેમનું આ મહાભારત–શ્રવણ નિષ્ફળ જશે, અને તેઓ ગોજન્મ ગ્રહણ કરીને બાબુ લોકોનું ભક્ષ્ય બનશે.

હે નરાધિપ ! બાબુલોક દ્વિતીય અગસ્ત્ય સમાન બનીને સમુદ્રરૂપી વારૂણી (મદિરા)નું શોષણ કરશે, કાચનાં પાત્ર એ લોકોનાં જળપાત્ર બનશે, અગ્નિ એ લોકોનો આજ્ઞાધીન થશે, 'તમાકુ' અને 'ચીરૂટ' નામનાં બે અભિનવ ખાંડવવનનો આશ્રય લઇને રાત્રિદિવસ એ લોકોના મુખમાંજ લાગી રહેશે, જે પ્રમાણે એમના મુખમાં તે પ્રમાણે જઠરમાં પણ અગ્નિ સદા પ્રજ્વલિત રહેશે; અને રાત્રિના તૃતીય પ્રહરપર્યંત એ લોકોના રથના બન્ને પ્રદીપોરૂપે બળ્યા કરશે. એમના સંગીત અને કાવ્યમાં પણ અગ્નિદેવ વિરાજમાન રહેશે; તે સ્થળે તે 'કામાગ્નિ' અને 'હૃદયાગ્નિ' નું રૂપ ધારણ કરશે વાર વિલાસિની-(વેશ્યાઓ)ઓના મત પ્રમાણે એમના કપાળમાં (ભાગ્યમાં) પણ અગ્નિદેવ વિરાજમાન રહેશે. વાયુનુંજ એ લોકો ભક્ષણ કરશે. સભ્યતાને ખાતર તે કઠોર કાર્યનું નામ રાખશે 'વાયુસેવન' ચન્દ્ર એમના ઘરમાં અને ઘરની બહાર સદા વિરાજમાન રહેશે–કદાચ ઘુંઘટમાં ઢંકાયલો પણ રહેશે. કોઇ (એટલે મોડે સુધી ભટકશે કે) પ્રથમ રાત્રિએ કૃષ્ણ

પક્ષનો ચંદ્ર અને શેષ રાત્રિએ શુકલ પક્ષનો ચંદ્ર જોશે, કોઇ એનાથી વિપરીત પણ કરશે. સૂર્ય એમનાં દર્શન કરી શકશે નહિ. યમ* એમને ભૂલી જશે. કેવળ અશ્વિનીકુમારોનાં મંદિરનું નામ રહેશે "આસ્તાબલ"×

હે નરશ્રેષ્ઠ! જેઓ કાવ્યરસાદિથી વિમુખ, સંગીત પર એટલી પ્રીતિ ધરાવનાર કે દગ્ધ કોકિલનોજ આહાર કરી જનારા, અને જેમનું પાંડિત્ય કેવળ નિશાળ અને કૉલેજના ગ્રંથોમાંજ બંધાયલું હશે, તે છતાં જેઓ પોતાને અનન્તજ્ઞાની તરીકે ઓળખાવશે તેઓજ બાબુ. જેઓ કાવ્યમાં કંઇ પણ સમજતા ન હશે છતાં કાવ્યપાઠમાં અને સમાલોચનામાં પ્રવૃત્ત થશે જેઓ વારાંગનાઓના રાગડાને જ સંગીત સમજશે; અને જેઓ પોતાને નિશ્ચય બુદ્ધિવાળા તરીકે ઓળખાવશે, તેઓ જ બાબુ. જેઓ રૂપમાં કાર્તિકેયના કનિષ્ઠ ભ્રાતા, ગુણમાં નિર્ગુણ પદાર્થ જેવા, કર્મમાં જડભરત જેવા અને વાતોમાં સરસ્વતીસમાન હશે તેઓજ બાબુ. જેઓ ઉત્સવને માટે દુર્ગાપૂજન કરશે, ગૃહિણીની પ્રસન્નતા માટે લક્ષ્મીપૂજા કરશે, ઉપગૃહિણીની પ્રસન્નતા માટે સરસ્વતી(!)પૂજા કરશે અને બકરાના (માંસના) લોભથી ગંગાપૂજન કરશે§ તેઓજ બાબુ. જેમનું ગમન તરેહ તરેહનાં વાહનોમાં, શયન હોટેલોમાં, પાન શરાબનું અને આહાર માંસથી ભ્રષ્ટ હશે તેઓજ બાબુ. જેઓ મહાદેવસમાન માદકપ્રિય, બ્રહ્મસમાન

* ૧-જમ. ૨-સંયમ × ૧-સ્ટેબલ, તબેલો. ૨-આસ્થા-બળ ભાવાર્થ એવો છે કે, બાબુ લોકો યમ નિયમ વગેરે ભૂલી જશે, અને "આસ્થાબળ" શબ્દ પણ કેવળ તબેલાના પર્યાય તરીકે જ રહી જશે અર્થાત્ આસ્થાબળને પણ એ લોકો ભૂલીજ જશે.

§ બંગાળા તરફ ગંગાપૂજનમાં બકરાનો વધ કરવાની અને તેનો પ્રસાદ લેવાની પ્રથા હશે. ભા૦ ક૦

પ્રજોત્પાદનપરાયણ અને વિષ્ણુસમાન લીલાપટુ હશે તેઓજ બાબુ.

હે કુરૂકુલભૂષણ ! વિષ્ણુ સાથે એ બાબુ લોકોનું સાદૃશ્ય વધારે રહેશે. વિષ્ણુની પેઠે એમની પાસે લક્ષ્મી અને સરસ્વતી બન્નેજ રહેશે. વિષ્ણુની પેઠે એ લોકો પણ અનંતશય્યાશાયી§ થશે. વિષ્ણુની પેઠે એમના પણ દશ અવતાર થશે. જેમકે કારકુન, માસ્તર, સુધારક, ઑફિસ મેનેજર, ડાકટર, વકીલ, મેજીસ્ટ્રેટ, જમીનદાર, એડિટર અને નિષ્કર્મા.‡ વિષ્ણુની પેઠે એ લોકો સઘળા અવતારોમાં અમિતબળ-પરાક્રમથી અસુરગણોનો વધ કરશે. કારકુન અવતારમાં દફતરરૂપી અસુરનો વધ, માસ્તર અવતારમાં વિદ્યાર્થીનો વધ, સ્ટેશન માસ્તર અવતારમાં ટીકીટહીન મુસાફરનો વધ, સુધારક અવતારમાં મિષ્ટાન્નાભિલાષી પુરોહિતનો વધ, મેનેજર અવતારમાં અંગ્રેજ વેપારીઓનો વધ, ડાકટર અવતારમાં રોગીનો વધ, વકીલ અવતારમાં અસીલનો વધ, મેજીસ્ટ્રેટ અવતારમાં ન્યાય માગનારનો વધ, જમીનદાર અવતારમાં રૈયતનો વધ, એડિટરાવતારમાં આબરૂદાર લોકોનો વધ, અને નિષ્કર્માવતારમાં તળાવનાં માછલાંનો વધ કરશે.*

મહારાજ ! પુનઃ શ્રવણ કરીએ. જેમનું વચન હૃદયમાં એક, કથનમાં દશ, લેખનમાં સો અને કલહમાં સહસ્ર થશે તેઓજ બાબુ. જેમનું બળ હાથમાં એક ગણું, મુખમાં દશગણું, પૃષ્ઠે શતગણું, અને કાર્ય કાળે અદૃશ્ય થશે તેઓજ બાબુ. જેમની બુદ્ધિ બાલ્યકાળે

§ ૧ શેષશાયી, ૨ અનેક સ્ત્રીઓ સાથે શયન કરનાર, ‡ નિરૂદ્યમી.

* બંગાળામાં ઉંચી જાતના હિંદુઓમાં પણ મચ્છી ખાવાનો રિવાજ ઘણો સામાન્ય છે, અને તેટલા માટે દરેક સારી સ્થિતિનો માણસ પોતપોતાના આંગણામાં નાનુંસરખું તળાવ-જેને તેઓ 'પુષ્કરણી' કહે છે-રાખે છે. નિરૂદ્યમી અવતારમાં બાબુ લોકોનું કામ તેમાંનાં માછલાં મારવાનું. બા. ક.

પુસ્તકમાં, યૌવનકાળે બાટલીમાં અને ઘડપણમાં (નવી) ગૃહિણીના અંચળમાં (ખોળામાં) હશે તેઓજ બાબુ. જેમને ઇષ્ટ દેવતા અંગ્રેજ, ગુરૂ બ્રાહ્મધર્મવેત્તા, વેદ અંગ્રેજી વર્તમાનપત્ર અને તીર્થ "નેશનલ થિએટર" હશે તેઓજ બાબુ. જેઓ મિશનરી આગળ ખ્રિસ્તિ, કેશવચંદ્ર પાસે બ્રાહ્મ, પિતા પાસે હિન્દુ અને ભિક્ષુક બ્રાહ્મણ સમીપ નાસ્તિક હશે તેઓજ બાબુ. જેઓ પોતાને ઘેર જલપાન કરે, મિત્રોને ત્યાં મદ્યપાન કરે, વેશ્યાગૃહે ગાલિપ્રદાન શ્રવણ કરે અને ઉપરી સાહેબને ત્યાં ધક્કામુક્કી સહન કરે તેઓજ બાબુ. જેમને સ્નાનસમયે તેલની સાથે ઘૃણા[1], આહાર સમયે પોતાની આંગળીઓ સાથે ઘૃણા, અને વાતચિત સમયે માતૃભાષા સાથે ઘૃણા હશે તેઓજ બાબુ. જેમના યત્ન કેવળ વસ્ત્રપરિધાન કરવામાં, તત્પરતા કેવળ ઉમેદવારીમાં, ભક્તિ કેવળ ગૃહિણી અથવા ઉપગૃહિણીમાં અને ક્રોધ કેવળ સદ્ગ્રંથો ઉપર હશે તેઓજ નિઃસંદેહ બાબુ.

હે નરનાથ ! મેં હમણા જેમની કથા કરી, તેમના મનમાં એવી શ્રદ્ધા ઉત્પન્ન થશે કે; "અમે તાંબૂલચર્વણ કરીને, ગાદી તકીઆનું અવલંબન કરીને [2]દ્વિભાષામિશ્રિત વાતો કરીને અને તમાકુ સેવન કરીને ભારતવર્ષનો પુનરુદ્ધાર કરીશું."

જનમેજય કહેતા હવાઃ–"હે મુનિપુંગવ ! બાબુલોકોનો જય થાઓ ! આપ અન્ય પ્રસંગ આરંભીએ."

---

૧. તિરસ્કાર. ૨ ઢેડ ગુજરાતી.

૩—ગર્દભ.

હે ગર્દભ ! મેં પ્રદાન કરેલા આ નવીન તૃણસમૂહનું ભક્ષણ કરીએ.

હું ગાય વાછરડાં વગેરેને પણ અગમ્ય એવાં સ્થળોમાંથી મહા મહેનતે નવજલકણથી સિંચિત સુગંધયુક્ત તૃણની કુંપળો એકત્ર કરી લાવ્યો છું. આપ તેને સુંદર મુખમંડળમાં ગ્રહણ કરીને મોતીને પણ લજાવે એવા દાંતથી ચાવીને મારા પ્રતિ અનુગ્રહ કરીએ.

હે મહાભાગ ! આપની પૂજા કરવાની મને ઇચ્છા થઇ છે, કારણ કે આપ સર્વત્ર નજરે પડો છો; એટલા માટે હે વિશ્વવ્યાપિન્ ! મારી પૂજા ગ્રહણ કરીએ.

મને પૂજ્ય વ્યક્તિની શોધ માટે વિવિધ દેશોમાં અને વિવિધ સ્થળોમાં પરિભ્રમણ કરતાં જણાયું છે કે, આપ સર્વત્રજ વસેલા છો, અને સઘળાજ આપની પૂજા કરે છે; એટલા માટે હે લંબકર્ણ ! મારી પૂજા પણ સ્વીકારીએ.

હે ગર્દભ ! કોણ કહે છે કે, આપનું પદ ક્ષુદ્ર છે ? દરેક સ્થળે હું આપને ઉચ્ચપદ ઉપરજ જોઇ શકું છું. તમે ભક્તમંડળીથી વીંટળાઇને ઉચ્ચાસન પર બેસી ઘાસની મોટી મોટી પૂળીઓ આરોગ્યા કરો છો. લોકો તમારી શ્રવણેન્દ્રિયની પ્રશંસા કરે છે.

તમેજ ન્યાયાસનપર વિરાજમાન થઇને આમતેમ મહાકર્ણદ્રયનું[1] સંચાલન કરો છો; તેમાંની ઉંડી ગુફાઓ જોઇને વકીલ નામના કવિઓ તેમાં નાનાવિધ કાવ્યરસ રેડી રહે છે, ત્યારે તમે શ્રવણ-તૃપ્તિના સુખથી વશીભૂત થઇને નિદ્રાધીન થઇ જાઓ છો.

---

૧. બે લાંબા કાનોનું.

હે બૃહન્મુણ્ડ[1] ! ત્યારે તેજ કાવ્યરસથી આર્દ્ર થઇને તમે દયાળુ બની અસીમ દયાના પ્રભાવથી રામાનું સર્વસ્વ કાળાને આપો છો, અને કાળાનું સર્વસ્વ ધનાને આપો છો; આપની દયાનો પાર નથી.[2]

હે રજકગૃહભૂષણ[3] ! કોઇ કોઇ વખતે મારા જોવામાં આવે છે, કે તમે પૂછડું છુપાવીને સરસ્વતી મંડપમાં કાષ્ઠાસનપર વિરાજમાન થઇને દેશી બાળકોને ગર્દભલોકની પ્રાપ્તિનો ઉપાય દર્શાવો છો. બાળકો ગર્દભલોકમાં પ્રવેશ કર્યા પછી "મેટ્રીકમાં પાસ થયો" "મેટ્રીકમાં પાસ થયો" એમ પોકારતાં મહા ગર્જન કરી મૂકે છે; જે સાંભળીને હું ભયભીત થઇ જાઉં છું.

હે પ્રકાણ્ડોદર[4] ! સંસ્કૃત પાઠશાળામાં કુશાસનપર વિરાજમાન થઇને, તૈલસિંચિત લલાટપ્રદેશમાં ચંદનની નદી તાણીને, હાથમાં દંડ ધારણ કરીને તમેજ શોભી રહો છો. તમે કરેલાં શાસ્ત્રનાં વ્યાખ્યાન સાંભળીને હું તમને અનેક વાર ધન્યવાદ આપું છું; એટલા માટે હે મહાપશો ! મેં પ્રદાન કરેલાં કોમળ તૃણાંકુરો ભક્ષણ કરીએ.

લક્ષ્મીની કૃપા તમારા ઉપર છે—તમે ન હોત તો બીજા કોઇના ઉપર પણ કમલાની કૃપા થાત નહિ. તમારી પાસેથી તે કદી પણ ખસતીજ નથી; પરન્તુ તમે તેનો બુદ્ધિબલથી સર્વદાજ ત્યાગ કરતા રહો છો, અને તેથીજ લક્ષ્મી પર ચંચલતાનું કલંક લાગેલું છે; એટલા માટે હે સુપુચ્છ ! તૃણભક્ષણ કરીએ.

તમેજ ગાયક છો. ષડ્જ, ઋષભ, ગાન્ધાર ઇત્યાદિ સપ્તસુર આપને કંઠસ્થ છે. બીજા લોકો લાંબા વખતસુધી તમારૂં અનુકરણ કરીને, ધોળી દાઢી થતાં છતાં પણ અનેક પ્રકારે ઉધરસ ખાવાનો અભ્યાસ કરીને તમારા જેવો સ્વર પ્રાપ્ત કરે છે. હે ભૈરવકંઠ !

---

૧. મોટા માથાવાળા. ૨ ઉંધો ઈન્સાફ આપનાર કેટલાક ન્યાયાધીશો ઉપર આ ટકોર છે. ૩. ધોબીના ઘરનું ભૂષણ. ૪. મોટા ઉદરવાળા.

ઘાસ ખાઇએ.

*   *   *   *   *   *

*   *   *   *   *   *

તમે વિવિધ રૂપે વિવિધ દેશોને પ્રકાશિત કરીને યુગ યુગમાં પ્રતિષ્ઠિત થયા છો. હમણાં તપસ્યાબળે, બ્રહ્માના વરદાનથી તમે આ દેશમાં ગ્રંથાવલોકનકાર રૂપે અવતીર્ણ થયા છો.

હે લોમશાવતાર![1] મેં આણેલાં નવીન કોમલ તૃણાંકુરો ભક્ષણ કરીએ; તેથી હું પરમ આનંદ પામીશ.

હે મહાપૃષ્ઠ! તમે ક્યારેક રાજ્યભાર વહન કરો છો; ક્યારેક પુસ્તકભાર વહો છો, ક્યારેક ધોબીની ગાંસડી વહો છો; હે લોમશ! કયો ભાર સૌથી અધિક છે, તે જણાવવા કૃપા કીજીએ.

તમે ક્યારેક ખડ ખાઓ છો, ક્યારેક ડફણાં ખાઓ છો, ક્યારેક ગ્રંથકારનું મગજ ખાઓ છો; હે લોમશ! એમાંથી કયો પદાર્થ સુભક્ષ્ય છે, તે આ બાળકને બતાવીએ.

હે સુન્દર! તમારૂં રૂપ જોઇને હું મોહિત થયો છું. તમે જ્યારે વૃક્ષતળે ઉભા રહીને નવવર્ષા-જળથી છંટાઓ છો; બે મહા કર્ણ ઉંચા કરી, મુખચંદ્ર વિનીત રાખી, ચક્ષુદ્વય ક્ષણમાં ઉઘાડતા, ક્ષણમાં બંધ કરતા ભિંજાતા ઉભા રહો છો; તમારા પૃષ્ઠ ઉપરથી, મસ્તક ઉપરથી અને સ્કન્ધ ઉપરથી વસુધારા વહી રહે છે ત્યારે તમે મને ઘણા સુંદર લાગો છો. હે જનમનમોહન! કંઇક ઘાસ તો આરોગીએ.

વિધાતાએ તમને તેજી આપી નથી, એટલા માટે તમે શાન્ત છો; વેગ આપ્યો નથી, એટલા માટે સુધીર છો; બુદ્ધિ આપી નથી, એટલા માટે વિદ્વાન્ છો; અને બોજો ન વહો તો ખાવા પામતા નથી, એટલા માટે તમે પરોપકારી છો; હું આપનાં યશોગાન કરૂં છું. આપ ઘાસ આરોગીએ. મને સુખી કરીએ.

---

૧. કેશસમૂહ-અવતાર.

૪—વસન્ત અને વિરહ.

પ્રમીલા—સખિ ! ઋતુરાજ વસન્તનો આજે પૃથ્વી પરઉદય થયો છે. આવ, આપણે વસન્ત-વર્ણન કરીએ. ખાસ કરીને આપણે બન્ને વિરહિણી છીએ; પ્રાચીન કાળની વિરહિણી સ્ત્રીઓ ચિરકાળથી વસન્ત-વર્ણન કરતી આવી છે; ચાલો, આપણે પણ તેમજ કરીએ.

સરલા—બ્હેન ! ઠીક કહે છે. આપણે કન્યાશાળામાં લખતાં વાંચતાં શીખીને કેવળ કુટણાં કુટી કુટીનેજ મરી જઇએ છીએ. ચાલો, આજે કાવ્યસમાલોચના કરીએ.

પ્રમીલા—બ્હેન ! ત્યારે આરંભ કરીએ. સખિ ! ઋતુરાજ વસન્તનો સમાગમ થયો છે. જો, પૃથ્વીએ કેવો અનિર્વચનીય ભાવ ધારણ કર્યો છે. જો, આમ્રલતા કેવી નવમુકુલિત થઇ રહી છે—

સરલા—વૃક્ષે વૃક્ષે ફળ-પુષ્પ ઝુકી રહ્યાં છે.

પ્રમીલા—મલયસમીર મંદ મંદ વહી રહ્યો છે.

સરલા—તેના વડે ઉડતી ધૂળમાંની રજકણથી દાંતમાં કચ કચ આવે છે.

પ્રમીલા—આઘી મર, છોકરી ! આ શું ? સાંભળ, ભ્રમરગણ પુષ્પો ઉપર ગુણ્ ગુણ્ કરે છે.

સરલા—માખીઓ ભાત ઉપર ભણ્ ભણ્ કરે છે.

પ્રમીલા—વૃક્ષો ઉપર કોયલો પંચમ સ્વરથી કુહુ કુહુ કરે છે.

સરલા—ના બ્હેન, તારી સાથે વસન્ત-વર્ણન નહિ થાય. હું મધુરિકાને બોલાવું છું. આવ બ્હેન, મધુરિકા ! આપણે વસન્ત-વર્ણન કરીએ.

(મધુરિકાનું આગમન.)

મધુરિકા—હું તો બ્હેન! તમારી પેઠે ઝાઝું ભણેલી ગણેલી નથી; કેવળ થોડું ઘણું ભણું છું. હું એ બધામાં સમજી શકીશ નહિ-તમારે મને વચમાં વચમાં સમજાવતાં રહેવું પડશે.

પ્રમીલા—બહુ સારૂં. જો બ્હેન! વસન્ત કેવો અપૂર્વ સમય છે! સઘળી આમ્રલતા કેવી નવ મુકુલિત-

મધુરિકા—બ્હેન! મારા જોવામાં તો આંબાનું ઝાડજ આવ્યું છે. આંબાની લતા કેવી હોય ?

પ્રમીલા—આંબાની લતા સાંભળી છે ખરી; પરન્તુ કોઇ દિવસ નજરે જોઇ નથી. જોઇ હોય કે ન હોય, પરન્તુ આમ્રલતા સિવાય આમ્રવૃક્ષ કદી પણ વાંચવામાં આવ્યું નથી. એટલા માટે આમ્રલતાજ કહેવી જોઇએ, આમ્રવૃક્ષ કહી શકાય નહિ.

મધુરિકા—ઠીક, બોલ ત્યારે.

પ્રમીલા—આમ્રલતિકા નવમુકુલિત થઇને-

મધુરિકા—અલિ! હમણાં તો કહેતી હતી આમ્રલતા-હવે વળી લતિકા કેવી રીતે થઇ ગઇ ?

પ્રમીલા—એમાં તે કરતાં પણ કંઇક વધારે માધુર્ય આવ્યું છે. આમ્રલતિકા નવમુકુલિત થઇને ચારે દિશામાં સુગંધ પ્રસારી રહી છે.

સરલા—બ્હેન! વસન્ત ઋતુમાં તો આંબાનો મોર જવી જઇને મરવા બેસી જાય છે.

મધુરિકા—તેથી શું થયું? જો તો ખરી; હવે કેવી મિઠાશ આવે છે.

પ્રમીલા—તેના ઉપર ભ્રમરગણ મધુલોભથી ઉન્મત્ત બનીને ઝંકાર કરી રહ્યા છે, જે સાંભળીને આપણા પ્રાણ નીકળી રહ્યા છે.

મધુરિકા—અહા! સખિ! યથાર્થ કહ્યું; પણ અલિ! ભ્રમર કોને કહે છે ?

પ્રમીલા—મર ગાંડી–એટલુંએ જાણતી નથી ? ભ્રમર એટલે ષટ્પદ.

મધુરિકા—વળી ષટ્પદ તે શું ?

પ્રમીલા—ષટ્પદ એટલે ભમરો.

મધુરિકા—વારૂ બ્હેન ! ભમરો આંબાનો મોર જોઇને ગાંડો શા માટે બની જાય છે ? ભમરાનું ગાંડપણ વળી કેવું હોય ? આ શું આમ તેમ બકે છે ?

પ્રમીલા—કોણે કહ્યું કે ભ્રમર ગાંડો બની જાય છે ?

મધુરિકા—વાહરે ! હમણાંજ તેં કહ્યું ને, " ઉન્મત્ત થઇને ઝંકાર કરે છે. "

પ્રમીલા—કયી રાંડ હવે તારી સાથે વસન્ત–વર્ણન કરે ?

મધુરિકા—બ્હેન ! ક્રોધ શા માટે કરે છે ? તું વધારે ભણેલી ગણેલી છે અને હું થોડું શીખી છું; એટલે મને સમજાવતી રહે તોજ બને તો. બધીજ શું તારા જેવી રસિક હોય છે ?

પ્રમીલા—(અભિમાન સાથે) ઠીક, ત્યારે સાંભળ. ભ્રમરગણ મધુલોભથી ઉન્મત્ત બનીને ઝંકાર કરી રહ્યા છે. તેમના ગુણ્ ગુણ્ રવથી આપણો જીવ જાય છે.

મધુરિકા—અલિ ! ભમરા "ગુણ્ ગુણ્" કરે છે કે "ભોં ભોં" ?

પ્રમીલા—કવિઓ કહે છે, " ગુણ્ ગુણ્. "

મધુરિકાઃ—ત્યારે તો " ગુણ્ ગુણ્ "જ કબૂલ; પણ તેથી આપણો જીવ શામાટે જાય છે ? ભમરાના ડંખવાથી તો પીડા થાય એ જાણું છું; પરન્તુ તેના બોલવાથી પણ શું મરવું પડશે ?

પ્રમીલા—આજ સુધીની સઘળી વિરહિણીઓ " ગુણ્ ગુણ્ " રવથી મરતી આવી છે, તો તું કયી મોટી નહિ મરનારી ?

સરલા—ઠીક બ્હેન, શાસ્ત્રમાં જો લખ્યું હશે તો મરીશ; પરન્તુ પૂછું છું કે, શું કેવળ ભમરાના શબ્દથીજ મરવું પડશે કે મધમાખીનો

ગણગણાટ સાંભળીને પણ ચિંતામાં   વું પડશે ?

પ્રમીલા—કવિઓએ કેવળ ભ્રમર-રવથીજ મરવાનું કહ્યું છે.

સરલા—એ તો કવિઓનો મોટો અત્યાચાર કહેવાય. કેમ, માખીના ગણગણાટે શો અપરાધ કર્યો છે ?

પ્રમીલા—તારે મરવું હોય તો મરજે-હમણાં સાંભળ.

સરલા—બોલો.

પ્રમીલા—કોકિલાઓ વૃક્ષપર બેસીને પંચમ સ્વરથી ગાન કરી રહી છે.

મધુરિકા—પંચમ સ્વર કેવો, બ્હેન ?

પ્રમીલા—કોકિલના સ્વર જેવો.

મધુરિકા—અને કોકિલનો સ્વર કેવો ?

પ્રમીલા—પંચમ સ્વર જેવો.

મધુરિકા—સમજી ગઈ આગળ ચલાવ.

પ્રમીલા—કોકિલ વૃક્ષપર બેસીને પંચમ સ્વરથી ગાન કરે છે તેનાથી વિરહિણીનું અંગ જર્જરિત થઈ ઉઠે છે.

સરલા—કૂકડાના પંચમ સ્વરથી અંગ કેવું થાય છે ?

પ્રમીલા—મોત, બીજું શું ? કૂકડાનો વળી પંચમ સ્વર કેવો ?

સરલા—મારૂં અંગ તો તેનાથીજ જર્જરિત થઈ ઉઠે છે. મરઘો બોલતાંજ મનમાં થઇ આવે છે કે, તેમના ઘેર આવતાંજ મારે એ સર્વનાશી પક્ષીને નસાડી મૂકવું પડશે.

પ્રમીલા—તે પછી મલયસમીર. મૃદુ મૃદુ મલયસમીરથી વિરહિણી કંપી ઉઠે છે.

મધુરિકા—ઠંડીથી ?

પ્રમીલા—ના. વિરહથી. મલયસમીર બીજાંઓને માટે શીતલ હોય છે, પરન્તુ આપણે માટે તો અગ્નિતુલ્ય છે.

સરલા—બ્હેન ! એતો બધાંને માટેજ છે. આ ચૈત્ર માસની બપોરની બળતી હવા, આગ કરતાં ઓછી કોને લાગે ?

પ્રમીલા—અરે, હું તે હવાની વાત નથી કહેતી.

મધુરિકા—બ્હેન ! તું ઉત્તરી વાયુ વિષે બોલે છે. ઉત્તર તરફનો પવન એટલો ઠંડો હોય છે કે તેટલો મલય વાયુ પણ હોતો નથી.

પ્રમીલા—વસન્તના અનિલસ્પર્શથી અંગ રોમાંચિત થઇ ઉઠે છે.

સરલા—અંગપર કપડાં ન હોય તો ઉત્તરીય વાયુથી પણ શરીર ઠકડી જાય છે.

પ્રમીલા—મર છોકરી, વસંત ઋતુમાં શું ઉત્તરીય વાયુ વાય છે કે હું વસન્ત વર્ણનમાં તેની વાત કહી શકું ?

સરલા—હમણાં ઉત્તર તરફનોજ વાયુ વાય છે. જો આજકાલ જેટલી આંધી આવે છે તે સઘળી ઉત્તર તરફનીજ હોય છે. મને લાગે છે કે વસન્ત વર્ણનમાં ઉત્તરીય વાયુનોજ ઉલ્લેખ કરવો ઉચિત છે. ચાલો, આપણે " કાવ્યદર્શન " માં લખી મોકલીએ કે ભવિષ્યમાં કવિઓ મલય વાયુનો ત્યાગ કરીને ઉત્તરની આંધીનુંજ વર્ણન કરે.

પ્રમીલા—તેમ થશે તો પછી વિરહિણીઓનું સાધન શું થશે ? તેઓ કોને લઇને રડશે ?

મધુરિકા—સખિ ! ત્યારે રહેવા દે, હમણાં તારૂં વસન્ત-વર્ણન-ઉહુઃ ઉહુઃ સખિ ! મરી મરી ! ગઇરે ! ગઇરે !

(ભૂમિ પતન થવું અને નયન બંધ કરવાં)

પ્રમીલા—કેમ, કેમ, બ્હેન ! શું થયું છે ? એકદમ આમ કેમ થઇ ગઇ ?

મધુરિકા—(આંખો મીચીને) અરે, સાંભળ્યું નહિ ? બાવળ-વૃક્ષ ઉપર કોયલ ટહુકી રહી છે.

પ્રમીલા—સખિ, ધીરજ ધર, ધીરજ ધર—તારા પ્રાણેશ્વર જલદીજ

આવી પહોંચશે. બ્હેન ! મને પણ એવીજ પીડા થાય છે. નાથનાં દર્શન વિના જીવવું મુશ્કેલ થઇ પડયું છે. (આંખો બંધ કરીને) મહોલ્લાનાં સઘળાં તળાવોનું પાણી જો ન સુકાઇ ગયું હોત તો આટલા દિવસોમાં હું ડુબી મરી હોત. હે હૃદય-વલ્લભ જીવિતેશ્વર ! હે રમણીજનમનમોહન ! હે નિશાશેષોન્મેષોન્મુખકમલકોરકોપમોત્તેજિતહૃદય-સૂર્ય[1] ! હે અતુલ જલદ-તલન્યસ્તરત્ન-રાજિવન્મહામૂલ્ય પુરુષરત્ન ! હે કામિનીકંઠવિલંબિત-રત્નહારાધિક-પ્રાણાધિક ! હવે પ્રાણ ટકતા નથી. હું અબલા, સરલા, ચંચલા, વિકલા, દીના, હીના, ક્ષીણા, પીના, નવીના, શ્રીહીના થઈ છું-હવે પ્રાણ ટકતા નથી. હવે કેટલા દિવસ તમારી વાટલડી નિહાળું ? જે પ્રમાણે સરોવરમાં સરોજિની સૂર્યની આશા રાખે છે, જે પ્રમાણે કુમુદિની ચંદ્રની આશા રાખી રહે છે, અને જે પ્રમાણે ચાતક મેઘજળની આશા રાખીને બેસે છે-તેજ પ્રમાણે હું તમારી આશા રાખીને બેઠી છું.

મધુરિકા ! (રડતી રડતી) જે પ્રમાણે ગોવાળ ખોવાયલી ગાયની વાટ આતુરતાથી જોતો રહે છે, જે પ્રમાણે બાળક કંદોઇની દુકાન પરથી માણસ આઘું પાછું થઇ જવાની આશા રાખીને ઉભું રહે છે, જે પ્રમાણે અશ્વ ઘાસ લાવનાર નોકરની આશા રાખી રહે છે; હે પ્રાણાધાર ! હું તેજ પ્રમાણે તમારી આશા રાખી રહી છું. જે પ્રમાણે બિલાડી માછલી ધોવા ગયલી પાછળ પાછળ ગમન કરે છે; તેજ પ્રમાણે તમારી પાછળ પાછળ મારૂં મન ગયું છે. જે પ્રમાણે ઉચ્છિષ્ટ અવશેષ ફેંકવા જનારની પાછળ પાછળ ભૂખ્યો કુતરો જાય છે; તેજ પ્રમાણે મારૂં પરવશ થયલું ચિત્ત તમારી પાછળ ગયું છે. જે પ્રમાણે ઘાંચીની ઘાણીના થડીઆ આસપાસ કદાવાર બળદીઓ ઘૂમતો

૧. રાત્રિ પૂરી થતાં મારા મુખને ઉંચા કરેલા મુખકમળની કળીની ઉપમા આપીને ઉત્તેજિત કર્યું છે એવું જે મારૂં હૃદય તેના સ્વામી.

રહે છે; તેજ પ્રમાણે આશા નામનો મારો કદાવર બળદીઓ તમારા પ્રણયરૂપી ઘાણીના થડની આસપાસ ફરી રહ્યા છે. જે પ્રમાણે પેણી-માંના ઉકળતા તેલમાં પત્તરવેલીયાં તળાય છે; તેમ વિરહરૂપ પેણીમાંના વસંતરૂપી તપ્ત તેલમાં મારૂં હૃદય રાત દિવસ તળાઇ રહ્યું છે. જેમ વસંત ઋતુના તાપથી જમીનમાં ચીરા પડી જાય છે; તેમ તમારા વિરહ રૂપી તાપથી મારા હૃદયમાં ચીરા પડી જાય છે. જે પ્રમાણે એક હળને બે બળદ જોડીને ખેડુત ક્ષેત્રને ક્ષતવિક્ષત કરે છે;[1] તેજ પ્રમાણે એક પ્રેમરૂપી હળને વિરહ અને વારાંગનાની ભક્તિરૂપ બે બળદ જોડીને મારા સ્વામીરૂપી કૃષક મારા હૃદયરૂપી ક્ષેત્રને ક્ષતવિક્ષત કરે છે.[2] વધારે વાત શી કહું ? વિરહ–જ્વાળાથી દાળમાં મીઠું, પાનમાં ચૂનો, ચટણીમાં ઝમઝમાટ અને ખીરમાં મિઠાશ જણાતી નથી. સખિ ! વિરહદુઃખ જે દિવસે યાદ આવે છે તે દિવસે હું ત્રણ કરતાં વધારે વેળા જમી શકતી નથી; મારી દૂધની વાડકી એમની એમ પડી રહે છે; (આંખો બંધ કરીને) સખિ ! તારૂં વસન્ત–વર્ણન સમાપ્ત કર, દુઃખની વાત વધારે શી કરવી ?

પ્રમીલા—મારૂં વસન્ત–વર્ણન સમાપ્ત થઇ ગયું છે. ભ્રમર, કોકિલ, મલય–સમીર અને વિરહ, એ ચારેની વાત કહી ચૂકી; હવે બાકી શું રહ્યું ?

સરલા—હોરી અને લોટી !

---

૧. ખેડે છે. ૨. વિદીર્ણ કરે છે.

૫—સુવર્ણગોલક

કૈલાસ શિખરપર નવમુકુલશોભિત દેવદારૂનીચે વ્યાઘ્રચર્મ ઉપર બેસીને શિવપાર્વતી ચોપટ ખેલતાં હતાં. એક સુવર્ણગોલક (સોનાનો ગોળો) શરતમાં મૂકાયો હતો. મહાદેવની રમવાની પદ્ધતિમાં દોષ એ હતો કે તેઓ દાવપેચ જાણતા ન હતા. જો તેવી આવડ હોત તો સમુદ્રમંથનકાળે વિષપાન કરવાનું તેમને ભાગ આવત નહિ. ગૌરી દાવપેચમાં કુશળ હતાં; તેનું પ્રમાણ એ કે જગતમાં તેમની ત્રણ દિવસ સુધી પૂજા થાય છે.* રમવામાં તેવાં હો કે ન હો, પરન્તુ આંસુ ઢાળવામાં તો તેઓ અદ્વિતીયજ હતાં; કારણ કે તેઓજ આદ્ય શકિત છે. મહાદેવનો દાવ સારો પડતો ત્યારે રડી રડીને આંસુ વહેવડાવતાં. જો પોતાનો દાવ પડતો તો "પાંચ બે સાત" કહેતાં; એટલે પોબાર. દાવ નાખીને મહાદેવના તરફ ત્રણે નેત્રોથી કટાક્ષ કરતાં, જે કટાક્ષથી પૃથ્વીની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થઇ જતાં; તેના પ્રભાવથી મહાદેવ પાસા જોવા છતાં દેખી શકતા નહિ. કહેવાની જરૂર નથી કે, આવી રીતથી આખરે દેવાધિદેવની હાર જ થઇ. સંસારમાં એમજ બનતું આવ્યું છે.

હાર થતાં મહાદેવજીએ પોતે બનાવેલો સુવર્ણગોલક પાર્વતીજીને આપ્યો. ઉમાએ તેને લઇને પૃથ્વી પર ફેંકી દીધો. તે જોઇને શિવજીએ ભ્રકુટી ચઢાવીને કહ્યું; "મારો આપેલો ગોળો શા માટે નાખી દીધો ?"

ઉમાએ જવાબ આપ્યો:—"પ્રભો ! આપનો ગોલક અવશ્ય કોઇ અપૂર્વ શક્તિશાળી અને મંગલપ્રદ હશે. મનુષ્યોના હિતને માટે મેં તેને પૃથ્વીપર ફેંકયો છે. "

---

* બંગાળામાં ત્રણ દિવસ સુધી ગૌરીપૂજનની પ્રથા છે. બા. ક.

ગિરીશ બોલ્યાઃ—"ભદ્રે ! પ્રજાપતિ, વિષ્ણુ અને હું, એ ત્રણે મળીને જે નિયમો બાંધીને ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરીએ છીએ તેનાથી ઉલટી રીતે કદી પણ કલ્યાણ થઇ શકતું નથી. જે મંગળ થવાનું હોય તે એ સઘળા નિયમોના બળ ઉપરજ આધાર રાખે છે. સુવર્ણગોલક કંઇ પણ કરી શકે એમ નથી. જો કદાચ એમાં કોઇ મંગલપ્રદ ગુણ હોય તો નિયમભંગના દોષથી લોકોનું અનિષ્ટ પણ થાય. હવે તમારા આગ્રહથી એને ખાસ ગુણવાળો બનાવું છું; માટે તમે બેઠાં બેઠાં તે કેવું કાર્ય કરે છે તે જુઓ."

કાલીકાન્ત બસુ મોટા ગૃહસ્થ છે. ઉમ્મર વર્ષ ૩૫ ની; અને દેખાવમાં સુંદર છે. કેટલાંક વર્ષ થયાં બીજી વાર લગ્ન કર્યું છે. તેમનાં પત્ની કામસુંદરીની ઉમ્મર ૧૮ વર્ષની છે; હમણાં તે પિયરમાં હતાં. કાલીકાન્ત બાબુ સ્ત્રીને મળવાને સાસરે જવા નીકળ્યા છે. સસરો ઘણો શ્રીમંત હતો, અને ગંગા કિનારાના એક ગામમાં તેનો વાસ હતો. કાલીકાન્ત ઘાટ ઉપર નૌકાને લાંગરીને પગપાળા ચાલવા મંડયા, સાથે માથા ઉપર પેટી લઇને રામો ચાકર પણ હતો. માર્ગમાં કાલીકાન્ત બાબુએ એક સુવર્ણગોલક પડેલો જોયો. વિસ્મિત થઇને તેમણે તે ઉઠાવી લીધો, અને જોયું તો તે ખરેખર સુવર્ણજ જણાયું. પ્રસન્ન થઇને તેને રામા ચાકરને ઉંચકવા આપ્યો, અને કહ્યું; "ખરેખર સોનાનોજ જણાય છે. કોઇનો પડી ગયો હશે. જો કોઇ શોધ કરતો આવશે તો કાઢી આપીશું, નહિતો ઘેર લઈ જઇશું. હમણાં રાખ."

રામાએ ગોલકને વસ્ત્રમાં છુપાવીને રાખવાના વિચારથી રસ્તામાં પેટી ઉતારી. પછી કાલીકાન્ત બાબુના હાથમાંથી ગોલક લઇને કપડાંમાં સંતાડયો.

પરંતુ હવે રામાએ પેટી પોતાને માથે ઉંચકી નહિ. કાલીકાન્ત બાબુએ પોતે તે ઉઠાવી લીધી અને પોતાના માથાપર મૂકી. રામો

આગળ ચાલવા મંડ્યો, બાબુ પાછળ પાછળ ચાલવા લાગ્યા. એટલામાં રામો બોલ્યો; "અરે રામા !"

બાબુએ જવાબ આપ્યોઃ—"જી."

રામાએ કહ્યુંઃ—"તું ઘણો બેઅદબ છે. જો એવી બેઅદબી મારા સાસરામાં કરતો નહિ. તેઓ મોટા માણસ છે."

બાબુ બોલ્યાઃ—"જી, એમ તે કંઇ થાય ? આપ માલિક છો, આપની પાસે તે બેઅદબી કરી શકાય ?"

કૈલાસમાં ગૌરી બોલ્યાંઃ—"પ્રભો ! હું તો કંઇ પણ સમજી શકતી નથી. શું આ આપના સુવર્ણગોલકનોજ પ્રભાવ છે ?"

મહાદેવ બોલ્યાઃ—"ગોલકમાં ચિત્તવિનિમયનો ગુણ છે. જો હું નંદીના હાથમાં આ ગોલક મૂકું તો તે પોતાને મહાદેવ અને મને નંદી સમજશે, તેમજ હું પણ મને નંદી અને નંદીને મહાદેવ ગણવા લાગું. રામો સમજે છે કે હું કાલીકાન્ત બાબુ છું અને કાલીકાન્ત તે રામો ચાકર છે. કાલીકાન્ત સમજે છે કે હું રામો ચાકર છું અને રામોચાકર તે કાલીકાન્ત બાબુ છે."

કાલીકાન્ત બાબુ જ્યારે સાસરે પહોંચ્યા ત્યારે તેમના સસરા અંતઃપુરમાં હતા; પરન્તુ બહાર મોટો ઘોંઘાટ મચી ગયો. દરવાન રામદીન પાંડેએ કહ્યું; "અરે, એ રામા ! તારાથી અહીં ન બેસાય, તું મારી પાસે આવ."

આ સાંભળતાંજ રામો ગરમ થઇ જઇ આંખો રાતી ચોળ કરીને બોલ્યો; "જા, જા, બચ્ચા ભરવાડ, તું તારૂં કામ કર."

દરવાને પેટી ઉતરાવી. કાલીકાન્ત બોલ્યા; "દરવાનજી ! બાબુનું અપમાન કરશો નહિ, નહિતો એઓ ગુસ્સે થઇને ચાલ્યા જશે."

દરવાન જમાઇ બાબુને ઓળખતો હતો, પણ ચાકરને ઓળખતો ન હતો; તેથી કાલીકાન્તના મોઢેથી આવી વાત સાંભળીને તેણે મનમાં

વિચાર્યું કે, જ્યારે જમાઇરાજ પોતે એને બાપુ કહે છે, ત્યારે એઓ કોઇ ગુપ્ત વેશમાં રહેતા મોટા માણસ હોવા જોઇએ. એટલે દ્વારપાળે ભક્તિભાવથી રામાને બે હાથ જોડીને પ્રણામ કર્યા અને કહ્યું; "સેવકની કસૂર માફ કરશો." રામાએ કહ્યું; "ઠીક છે. તમાકુ લાવી આપ."

ઉદ્ધવ સસરાના ઘરનો ઘણો જૂનો નોકર હતો. તે હુક્કો ભરી લાવ્યો. રામો તકીએ પડીને હુક્કો ગગડાવવા લાગ્યો. કાલીકાન્ત નોકરોને રહેવાની ઓરડીમાં જઇને ચલમ પીવા મંડ્યો. ઉદ્ધવ વિસ્મિત થઇને બોલ્યો; "બાપુ ! આ શું કહેવાય ?"

કાલીકાન્ત બોલ્યા; "શું એમની સમક્ષ મારાથી તમાકુ પી શકાય ?"

ઉદ્ધવે અંતઃપુરમાં જઇને માલિકને ખબર આપી કે; "જમાઇ બાપુ આવ્યા છે, તેમની સાથે એક ગુપ્ત વેશધારી મોટા માણસ પધાર્યા છે. જમાઇ બાપુ તેમની એટલી બધી આમાન્યા રાખે છે કે, તેમની સમક્ષ તમાકુ પણ પીતા નથી !"

શેઠ નીલરત્ન બાપુ તરતજ બહારના ભાગમાં આવ્યા. કાલીકાન્ત તેમને જોઇને દૂરથીજ સાષ્ટાંગ પ્રણામ કરીને ખસી ગયા. રામાએ આવીને નીલરત્નની ચરણરજ લીધી અને ભેટી પડ્યો. નીલરત્ને વિચાર્યું; "સાથેના માણસ ઘણાજ સભ્ય જણાય છે; પરન્તુ જમાઇની દશા કંઇક જુદીજ લાગે છે."

નીલરત્ન બાપુ રામાને ક્ષેમકુશળ પૂછીને બેઠા; પરન્તુ વાતચિત સાંભળીને કંઇ પણ સમજી શક્યા નહિ. આ તરફ અંતઃપુરમાં નાસ્તા પાણીની વ્યવસ્થા થઇ, એટલે દાસી કાલીકાન્તને બોલાવવા આવી.

કાલીકાન્ત બોલ્યા; "અરરર ! મારાથી શું બાપુજીના પહેલાં નાસ્તો થઇ શકે ખરો ? પ્રથમ બાપુજીને કરાવો, તે પછી મારી વાત. માજી ! હું તો આપ લોકોનુંજ ખાઉં છું ને ?"

"માજી"નું સંબોધન સાંભળીને દાસીએ મનમાં વિચાર્યું કે;

" જમાઇજીએ મને સાસુ બાસુ ધારી લાગે છે—નહિ કેમ ધારે ? હું સારાં માબાપની દીકરી, મને કોણ હલકા લોકની છોકરી ધારે ? એમણે તો જાત જાતનાં માણસો જોયાં છે, એટલે માણસને સારી પેઠે ઓળખી શકે છે; પરન્તુ આજ ઘરનાં માણસો ઓળખી શકયા નથી." આથી હલકી વા જેવી ચાકરડી જમાઇરાજ ઉપર અત્યંત પ્રસન્ન થઇને અંતઃપુરમાં જઇને બોલી; " જમાઇરાજના વિચાર તો યોગ્યજ છે સાથેના માણસ જ્યાં સુધી નાસ્તો પાણી કરે નહિ ત્યાં સુધી પોતે કેવી રીતે લઇ શકે ? માટે પ્રથમ તેમને નાસ્તો આપો એટલે પછી જમાઇ લેશે. "

ગૃહિણીએ વિચાર કર્યો, એઓ તો બહારના માણસ છે એમને ઘરના અંદરના ભાગમાં લાવીને નાસ્તો કરાવી શકાય નહિ, તેમ જમાઇને બહારના ભાગમાં પણ આપી શકાય નહિ; એટલા માટે એમને માટે બહાર અને જમાઇને માટે અંદર બંદોબસ્ત કરવો. ગૃહિણીએ આ પ્રમાણેની ગોઠવણ કરી. રામો નાસ્તા પાણીના બંદોબસ્ત બહાર થયેલો જોઇને ઘણો ગુસ્સે થયો અને વિચારવા લાગ્યો; " આ કેવી વિચિત્રતા ! "

આ તરફ દાસી કાલીકાન્તને અંતઃપુરમાં બોલાવી લાવી. ઘરમાં ખાવાનો બંદોબસ્ત થયો છે છતાં કાલીકાન્ત ચોકમાંજ ઉભા રહીને બોલ્યા; " મને વળી ઘરની અંદર શામાટે ? મને તો આજ સ્થળે થોડા ચણા અને ગોળ આપો, એટલે ખાઇને પાણી પી લઉં." આ સાંભળીને તેમની સાળીઓ કહેવા લાગી; " જોયું કે, આ વખતે તો બસુ મહાશય જાત જાતની રસિકતા શીખી આવ્યા જણાય છે. " કાલીકાન્ત ગભરાઇને બોલી ઉઠયા; " જી, મારી મશ્કરી શામાટે કરો છો ? શું હું આપને મશ્કરી કરવા યોગ્ય છું ? " એટલે એક પ્રૌઢા સ્ત્રી બોલી; " અમારી મશ્કરીને યોગ્ય શેના ?—જેની મશ્કરીને લાયક છો

તેની પાસે ચાલો." એમ કહીને કાલીકાન્તના હાથ પકડીને સડસડાટ કરતી ઘસડીને ઘરના અંદરના ભાગમાં લઇ ગઈ.

તે સ્થળે કાલીકાન્તની પત્ની કામસુંદરી ઉભી હતી. કાલીકાન્તે તેને જોતાંજ પ્રભુપત્ની તરીકે સાષ્ટાંગ પ્રણામ કર્યા. આ જોઇને કામસુંદરી ચંદ્રવદન મલકાવીને મધુરતાથી બોલી; "અરે! શો આ રંગ? આ વખતે વળી કયો પાઠ શીખી આવ્યા છો?" આ સાંભળીને કાલીકાન્ત વ્યાકુળ થઇને કહેવા લાગ્યો; "જી, મારી સાથે આવી આવી વાત શામાટે? હું આપનો સેવક છું, આપ મારાં માલિક છો."

રસિક કામસુન્દરી બોલ્યાં; "તમે સેવક અને હું માલિક, એ કંઇ આજ કાલની વાત છે? જ્યાં સુધી મારૂં યોવન છે ત્યાં સુધી એજ સંબંધ રહેવાનો, પણ હમણાં નાસ્તો પાણી લો."

કાલીકાન્ત વિચારવા લાગ્યો; "બાપ રે, એના બોલવાની મતલબ કેવી જણાય છે! મારા શેઠ કોઇ ખરાબ સ્ત્રીના હાથમાં સપડાઇ ગયા લાગે છે. મારે અહીંથી ખસી જવુંજ ઉચિત છે." એવો વિચાર કરીને કાલીકાન્ત ફરીથી ભક્તિભાવથી પ્રણામ કરીને નાશી છુટવાના પ્રયત્નમાં હતો, એ જોઇને કામસુંદરી આવીને તેનો ખેસ પકડી લઇને કહેવા લાગી. "અરે મારા સોનાના ચંદ્ર! મારા સાત રાજ્યોની દોલતના એક માણેક! મારી પાસેથી હવે નાશી જવાશે નહિ." એમ કહીને કામસુંદરી સ્વામીને આસન તરફ ખેંચવા લાગી.

કાલીકાન્ત અંતરની વ્યગ્રતાથી હાથ જોડીને કહેવા લાગ્યો, "સોગન છે વહુજી, તમને સાત વાર સોગન. મને છોડી દો. તમે મારો સ્વભાવ જાણતાં નથી. હું એવા ચરિત્રનો માણુસ નથી." કામસુંદરીએ હસીને જવાબ દીધો; "તમે જે રીતના માણુસ છો તે હું સારી પેઠે જાણું છું. હવે નાસ્તો કરો."

કાલીકાન્ત બોલ્યા; "જો આપની પાસે કોઇએ મારી આવી

નન્દા કરી હશે તો તેણે આપને છેતર્યા છે. આપની પાસે હાથ જોડીને હું કહું છું કે, આપ મારાં મુરબ્બી છો, પૂજ્ય છો, મને છોડી દો."

કામસુંદરી રસિકતાપ્રિય હતાં. તેમણે મનમાં વિચાર્યું કે, આ પણ એક નવીન રસિકતા ખરી. તે બોલ્યાં, "પ્રાણનાથ! તમે કેટલી રસિકતા શીખ્યા છો, તે માલૂમ પડી આવશે." એમ કહીને સ્વામીના બન્ને હાથ પકડીને આસન પર બેસાડવાને માટે ખેંચવા લાગ્યાં.

હાથ પકડાતાંજ કાલીકાન્તે સત્યાનાશ ગયું એમ સમજીને, "બાપ રે! મુઓ રે! દોડો રે! મને મારી નાખ્યો રે!" ઇત્યાદિ કહીને પોકાર કરી મૂક્યો. ઘોંઘાટ સાંભળીને ઘરનાં સઘળાં માણસો ગભરાઇને દોડી આવ્યાં. મા, માશી, બ્હેન ઇત્યાદિને જોતાંજ કામસુંદરીએ સ્વામીનું વસ્ત્ર છોડી દીધું. કાલીકાન્ત અવસર જોઇને જીવ લઇને પલાયન કરી ગયા!

માતા કામસુંદરીને પૂછવા લાગી; "કેમરે! કામી! જમાઇ આમ પોકારી શા માટે ઉઠયા? તું શું મારતી હતી?" આશ્ચર્યમાં ડૂબી ગએલા કામસુંદરી ભગ્નહૃદયે કહેવા લાગી; "મારૂં શા માટે? હું મારૂં? જેવું મારૂં ફૂટેલું કપાળ!" રડતાં રડતાં ક્રમે ક્રમે સુર ચઢવા લાગ્યો. "જેવું મારૂં ફૂટેલું નશીબ! કોઇ મુઆએ મારૂં સત્યાનાશ વાળ્યું છે. કોઇએ કંઇ ખવડાવી દીધું છે" બોલતાં બોલતાં કામસુંદરી ધુસકે ધુસકે રોવા માંડી; પરંતુ બધાંજ કહેવા લાગ્યાં:–"હું, તેંજ માર્યા છે. નહિ તો આ પ્રમાણે ભયભીત થઇને બુમ શા માટે પાડે?" એમ કહીને તેઓ કામીને "પાપિણી," "ડાકણ," "રાક્ષસી" ઇત્યાદિ શબ્દોથી તિરસ્કારવા લાગ્યાં. બિચારી કામસુન્દરી વિના અપરાધે નિંદા અને તિરસ્કારનું પાત્ર થઇ પડી. રડતી રડતી ઘરમાં જઇને બારણું બંધ કરીને ભોંયપર પડી.

આ તરફ કાલીકાન્ત બહાર આવીને જુએ છે તો મોટો ઘોંઘાટ

મચી રહ્યો છે. નીલરત્ન બાબુ પોતે, દરવાન અને ઉદ્ધવ, સઘળા મળીને રામા ઉપર તુટી પડયા હતા; અને જેને જ્યાં ફાવ્યું ત્યાં પ્રહાર કરતા હતા. મૂક્કા, લાત અને ડંડાની વૃષ્ટિ વચ્ચે બિચારો રામો ચાકર કેવળ એટલુંજ બોલતો, " અરે છોડી દો ! બાપ રે ! જમાઇને મારો છો ! એવું કોઇ પણ ઠેકાણે સાંભળ્યું નથી. મારે શું ? તમારીજ દીકરીને ખૂણે બેસવું પડશે ! "

પાસે ઉભેલી તરંગા નામની નોકર હસતી હતી. તે કાલીકાન્ત બાબુને ત્યાં વારંવાર જા આવ કરતી; અને રામા ચાકરને સારી પેઠે ઓળખતી હતી. તેણે પડદો ફાડી નાખ્યો. કાલીકાન્ત બાબુ મારપીટ જોઇને ગાંડા જેવા અહીંથી તહીં દોડવા મંડયા અને કહેવા લાગ્યા; " અરે સત્યાનાશ વળી ગયું ? બાબુને મારી નાખ્યા. " આ જોઇને નીલરત્ન બાબુ વધારે કોપાયમાન થઇને રામાને કહેવા લાગ્યા; "સાળા તેંજ જમાઇને કંઇક ખવડાવી દઇને પાગલ બનાવી દીધા છે. મારો સાળાને ખાસડાં."

આ કહેતાંની વારમાંજ જેમ શ્રાવણ માસમાં વરસાદની ઝડી ઉપર ઝડી આવે છે તેમ નિર્દોષ રામા ઉપર પ્રહારવૃષ્ટિ થવા લાગી. મારપીટની ચોટથી વસ્ત્રમાં છુપાવેલો સુવર્ણગોલક પડી ગયો. તરંગા ચાકરડીના જોવામાં આવતાં તેણે તે ઉપાડી લઇને નીલરત્ન બાબુના હાથમાં મૂકયો, અને બોલી " અરે આ તો ચોર છે, જુઓ, આ સોનાનો ગોળો ચોરી લાવ્યો છે." " જોઉં " કહીને નીલરત્ન બાબુએ સુવર્ણગોલક હાથમાં લીધો, એટલે તરતજ તેમણે રામાને છોડી દીધો. પાછળ હઠીને ઉભા રહી ગયા અને ધોતીઆંની પાટલી કાઢી નાખીને તેને માથા પર ઓઢી લીધું. તરંગાએ પણ માથે ઓઢેલું લૂગડું ખેંચી લઇને કચ્છો માર્યો અને હાથમાં ખાસડું લઇને રામાને મારવા લાગી.

ઉદ્ધવે તરંગાને કહ્યું; " તું બાઇ માણસ વળી આમાં શા માટે દાખલ થઇ ? "

તરંગા બોલી; "બાઇ કોને કહે છે?" ઉદ્ધવે જવાબ વાળ્યો:- "તને."

"મારી મશ્કરી?" એમ કહીને તે મહા ક્રોધમાં આવી જઇ હાથમાંનાં જૂતાંથી ઉદ્ધવને મારવા લાગી. ઉદ્ધવ પણ ગુસ્સે થયો, પરન્તુ સ્ત્રી જાત પર હાથ ચલાવવો ઉચિત નહિ સમજીને નીલરત્ન બાબુ તરફ જોઇને બોલ્યો; "જુઓ શેઠ, જોઇ આ સ્ત્રીની બદમાશી! મને ખાસડાં મારે છે!" એટલે બાબુજીએ જરા ઘુંઘટ તાણીને કંઇક ગાલમાં હસતાં હસતાં મૃદુ સ્વરે કહ્યું; "મારે ભાઇ મારે, તમારે ગુસ્સે થવાનું કંઇ કારણ નથી. માલિક મારે પણ ખરા."

આ સાંભળીને ઉદ્ધવ વધારે ગુસ્સે થઇને બોલ્યો; "એ વળી કોની માલિક—એ પણ ચાકરડી અને હું પણ ચાકર. આપ આવી આજ્ઞા ફરમાવો છો! હું આપનો સેવક ખરો, પણ એનો કેવી રીતે? મારાથી એવી નોકરી નહિ બને."

આ સાંભળીને વળી બાબુજી કંઇક સ્મિત કરીને બોલ્યા, "મોત પણ નથી આવતું? ઘરડો થયો તોએ અભખરો તો જુઓ. મારો સેવક—તું વળી ક્યારનો થયો?"

ઉદ્ધવ ઠરી જઇને મનમાં વિચારવા લાગ્યો; "આ શું? આજે કંઇ ગાંડાંનાં ગામ વસ્યાં છે કે શું? ઉદ્ધવ આશ્ચર્યચકિત થઇને રામાને છોડી દઇને ઉભો."

એ અરસામાં ઘરનો ગોવાળ ગોવર્ધન ઘોષ ત્યાં આવી પહોંચ્યો. તે તરંગાનો સ્વામી હતો. તરંગાનાં કરતુક અને ઢંગ જોઇને તે નવાઇ પામ્યો. તરંગાએ તેને જરા પણ લેખવ્યો નહિ. આ તરફ બાબુજી ગોવર્ધનને જોઇને ઘુમટો તાણીને એક તરફ ઉભા રહી ગયા, અને ગોવર્ધન તરફ ત્રાંસી નજરે જોઈ જોઇને છાના છાના કહેવા લાગ્યા; "તમે એ લોકોની વચમાં પડશો નહિ." ગોવર્ધન તરંગાનું આચરણ

જોઇને અત્યંત ગુસ્સે થઇ ગયો હતો; એટલે તે વાત તેના કાન સુધી પહોંચી નહિ. તે તરંગાનો ચોટલો પકડવા ધસ્યો. "કમજાત સ્ત્રી! જરા લાજે નથી આવતી!" એમ કહીને ગોવર્ધનને આગળ આવતો જોઇને તરંગા બોલી; "ગોબરા! તું પણ પાગલ બની ગયો છે કે શું? જા, ગાયો તરફ પાછો ફર." આ સાંભળીને ગોવર્ધને તરંગાનો ચોટલો ખેંચીને ઉત્તમ મધ્યમ આપવાનો આરંભ કર્યો. એ જોઇને નીલરત્ન બાબુ બોલ્યા; "અરે કમબખત! શું માલિકનું ખૂન કરશે કે શું?" આ તરફ તરંગા ગુસ્સે થઇને "શું મારા શરીર પર હાથ ઉપાડીશ!" એમ કહીને ગોવર્ધનને મારવા લાગી.

હવે ત્યાં મોટો કોલાહલ મચી ગયો. એ સાંભળીને મહોલ્લાના રહેવાસીઓ રામ મુખોપાધ્યાય, ગોવિન્દ ચટ્ટોપાધ્યાય ઇત્યાદિ આવીને હાજર થઇ ગયા. રામ મુખોપાધ્યાયે એક સુવર્ણગોલક પડેલો જોઇને તેને ગોવિન્દ ચટ્ટોપાધ્યાયના હાથમાં મૂકતાં કહ્યું; "જુઓ તો મહાશય, આ શું છે?"

કૈલાસમાં પાર્વતી બોલ્યાં:–"પ્રભો! આપનો ગોલક સંકેલી લો. આ જુઓ, ગોવિન્દ ચટ્ટોપાધ્યાય રામ મુખોપાધ્યાયના અંતઃપુરમાં પ્રવેશ કરીને રામ બાબુની વૃદ્ધ સ્ત્રીને પત્ની તરીકે સંબોધીને તમાસો કરી રહ્યા છે; અને રામ મુખોપાધ્યાયના ઘરની કામવાળી તેમનું આચરણ જોઇને તેમની સાવરણીથી પૂજા કરી રહી છે. આ તરફ ઘરડા મુખોપાધ્યાય પોતાને જુવાન ગોવિન્દ ચટ્ટોપાધ્યાય સમજીને તેના અંતઃપુરમાં જઇને તેની સ્ત્રીને ટહેલટપ્પા સંભળાવી રહ્યા છે. એ ગોલક હવે એક ક્ષણ પણ પૃથ્વી પર વધારે રહેશે તો ઘેર ઘેર ઘોંટાળો થઇ જશે; એટલા માટે આપ એને સંકેલી લો.

મહાદેવજી બોલ્યા:–"હે શૈલસુતે![1] મારા ગોલકનો શો અપરાધ

[1] ગિરિરાજકન્યા.

છે ? શું પૃથ્વી ઉપર આજે આ કંઈ નવીન પ્રકરણ છે ? શું તમે દરરોજ નથી જોતાં કે; ઘરડાઓ જુવાન થઇને ફરે છે, શેઠ નોકરના જેવાં આચરણ કરે છે, અને નોકર શેઠ થઇ બેસે છે. શું તમારા જોવામાં કદી પણ નથી આવ્યું કે પુરુષો સ્ત્રીઓનાં જેવાં આચરણ કરે છે; અને સ્ત્રી પુરુષના જેવો વ્યવહાર કરે છે ? આ સઘળું પૃથ્વી ઉપર નિત્ય બન્યા કરે છે; પરન્તુ એ કેવી હાસ્યજનક વાત છે કે લોકો તેને જોતા છતાં જોઇ શકતા નથી ! મેં એ સઘળું આજે એક વાર પ્રત્યક્ષ બતાવી દીધું. હવે હું મારા ગોલકનું સંવરણ કરી લઉં છું. મારી ઇચ્છા પ્રમાણે સઘળા પોતપોતાની અસલ સ્થિતિમાં આવી જશે, અને જે જે બન્યું છે તેનું કોઇને સ્મરણ પણ રહેશે નહિ. તોપણ લોકહિતાર્થે મારા વરદાનથી "સસ્તુંસાહિત્ય" આ વાતનો ગુજરાતની સુવર્ણપ્રિય ભૂમિમાં પ્રચાર કરશે."

૬—રામાયણની સમાલોચના.

(કોઇ એક વિલાયતી સમાલોચકપ્રણીત.)

હું રામાયણ નામનો ગ્રંથ આદ્યંત વાંચીને અતિશય વિસ્મિત થયો છું. અનેક સ્થળે તેની રચના બહુધા ઉતરતી પંક્તિના યૂરોપીય કવિઓના જેવી છે. હિન્દુ કવિઓને માટે આ સામાન્ય ગૌરવની વાત નથી. જો ગ્રંથકાર બીજા કેટલાક દિવસ પરિશ્રમ કરત તો એક સારો કવિ બનત એમાં સંદેહ નથી.

એ કાવ્યનો સ્થૂલ ઉદ્દેશ વાનરોનું માહાત્મ્ય વર્ણવવાનો છે, ઘણું કરીને વાનરો આધુનિક બોરવાલ (Boerwal)નામક હિમાલય-પ્રદેશવાસી અનાર્ય જાતિના પૂર્વપુરુષ હતા. અનાર્ય વાનરગણદ્વારા લંકાવિજય અને રાક્ષસ લોકોનો સવંશ નાશ, આ પુસ્તકનો વર્ણ-નીય વિષય છે. આર્ય લોકો અસભ્ય અને અનાર્ય લોકો સભ્ય હતા.

રામાયણમાં કંઇક કંઇક નીતિપૂર્ણ કથાઓ પણ છે. બુદ્ધિહીન-તાના જે કેટલાક દોષો છે, તે સમજાવવાની કવિએ ચેષ્ટા કરી છે. એક મૂર્ખ વૃદ્ધ રાજાને ચાર સ્ત્રીઓ હતી. બહુવિવાહનું વિષમય ફળ સહજજ ઉત્પન્ન થયું. બુદ્ધિમતી કૈકેયીએ સ્વપુત્રની ઉન્નતિ માટે, અસભ્ય વૃદ્ધને ભૂલથાપ આપીને છળકપટથી સપત્નીગર્ભે જન્મેલા રાજાના જ્યેષ્ઠ પુત્રને વનવાસ અપાવ્યો. જ્યેષ્ઠ પુત્ર પણ ભારતવર્ષીય લોકોના સ્વભાવસિદ્ધ આળસને વશ વર્તી પોતાના સ્વત્વાધિકારની રક્ષા કરવાનો કંઇ પણ પ્રયત્ન નહિ કરતાં બુઢ્ઢા બાપની વાત સાંભળી વનમાં ચાલ્યો ગયો. એની સાથે મહાતેજસ્વી તુર્કવંશીય ઔરંગઝેબની તુલના કરો; એટલે મુસલમાનો આટલા લાંબા વખત સુધી હિન્દુઓ ઉપર કેવી રીતે સત્તા જમાવી શક્યા હતા તે સમજી શકાશે. રામ

જતી વેળા પોતાની યુવતી ભાર્યાને પણ સાથે લઈ ગયો, તેથી જે બનવા જેવું હતું તે બન્યું !

ભારતવર્ષીય સ્ત્રીઓ સ્વભાવથીજ અસતી છે. આ સીતાનો વ્યવહાર જ તેનું ઉત્તમ પ્રમાણુ છે. સીતા જેવી ઘરથી બહાર ગઇ તેવીજ પર પુરુષપર આસક્ત થઇ; અને રામનો ત્યાગ કરીને રાવણુ સાથે લંકામાં રાજ્યભોગ કરવા ચાલી ગઇ. મૂર્ખ રામ માર્ગે માર્ગે રડતો ભટકવા લાગ્યો. હિન્દુઓ એટલા માટેજ સ્ત્રીઓને ઘર બહાર કાઢતા નથી.

હિન્દુ સ્વભાવની નીચતાનું બીજું ઉદાહરણુ લક્ષ્મણુ છે. તેનું ચરિત્ર જે રૂપે ચિત્રિત થયું છે, તે ઉપરથી લક્ષ્મણુ કર્મવીર માલૂમ પડે છે. અન્ય જાતિનો હોત તો તે એક મહાન પુરુષ થઇ શકત; પરન્તુ એક દિવસને માટે પણુ તેનું મન તે દિશા તરફ વળ્યું નહિ. તે કેવળ રામની પાછળ પાછળ ભટકતો રહ્યો; અને પોતાની ઉન્નતિની કંઈ પણુ ચેષ્ટા કરી નહિ. એ કેવળ ભારતવર્ષીય લોકોની સ્વભાવ-સિદ્ધ નિશ્ચેષ્ટતાનું ફળ છે.

બીજો એક અસભ્ય મૂર્ખ ભરત છે. પોતાના હાથમાં રાજ્ય આવવા છતાં ભાઇને તે પાછું આપી દીધું. વસ્તુતઃ રામાયણુ નિરુદ્યમી લોકોના ઇતિહાસથીજ પરિપૂર્ણુ છે. ગ્રંથકારનો એજ એક ઉદ્દેશ છે. રામ પત્નીને ગુમાવી બેઠા પછી અનાર્ય (વાનર) જાતિએ તેનું દુઃખ જોઇ દયા કરીને, રાવણુને સવંશ હણી સીતાને છોડાવીને રામને આપી; પરન્તુ જંગલી હિન્દુ જાતિની નૃશંસતા (નિર્દયતા) ક્યાંથી જાય ? સ્ત્રી ઉપર ક્રોધ કરીને રામ તેને એક દિવસ બાળીને મારી નાખવા તત્પર થયો; ભાગ્યબળથી તે દિવસે તેની રક્ષા થઇ. પછી તેને દેશમાં લાવીને માત્ર બેચાર દિવસ સુખમાં ગુજાર્યા. પાછળથી બર્બરજાતના સ્વભાવસુલભ ક્રોધને વશ થઇ પારકાની વાત સાંભળીને

રામે તેને ઘર બહાર કાઢી મૂકી. કેટલાંક વર્ષ પછી સીતા ખાવાનું ન મળવાથી રામને બારણે પાછી આવીને ઉભી. રામે તેને જોતાંજ ક્રોધાંધ થઇને જમીનમાં જીવતીજ દાટી દીધી. અસભ્ય જાતિમધ્યે એ પ્રમાણેજ બનતું રહે છે. રામાયણનું સ્થૂલ તાત્પર્ય એજ છે.

એનો પ્રણેતા કોણ છે તે સહજમાં નક્કી કરી શકાય એમ નથી. કિંવદન્તી એવી છે કે, એ વાલ્મીકિપ્રણીત છે. વાલ્મીકિ નામનો કોઈ ગ્રંથકાર હતો કે નહિ તે વિષે સંશય છે. 'વલ્મીક' ઉપરથી વાલ્મીકિ શબ્દની ઉત્પત્તિ થએલી જણાય છે; એટલા માટે મારા અભિપ્રાય પ્રમાણે કોઇક વલ્મીક (માટીના ઢગલા)માંથી એ ગ્રંથ મળી આવ્યો હતો. એમાંથી કયો સિદ્ધાંત નક્કી થાય છે તે જોવું જોઈએ.

રામાયણ નામનો એક હિંદી ગ્રંથ પણ મેં જોયો છે. તે તુલસીદાસપ્રણીત છે. ઉભય ગ્રંથમાં બહુજ સાદૃશ્ય છે. એટલા માટે વાલ્મીકીય રામાયણ તુલસીરામાયણ ઉપરથી સંકલિત થયું હોય એ અસંભવિત નથી, વાલ્મીકીય રામાયણ તુલસીરામાયણમાંથી રચાયું છે તેની મીમાંસા કરવી સહજ નથી, એ હું કબૂલ કરૂં છું; પરન્તુ રામાયણનામજ એ વિષયમાં એક પ્રમાણ છે. "રામાયણ" શબ્દનો સંસ્કૃતમાં કંઇ પણ અર્થ થતો નથી, પણ હિન્દુસ્થાનીમાં તેનો અર્થ છે. માલૂમ પડે છે કે "રામાયણ" શબ્દ "રામાયવન" શબ્દનો અપભ્રંશ માત્ર છે. કેવળ "વ" કાર લુપ્ત થયો છે. રામાયવન અથવા રામા મુસલમાન નામક કોઈ એક વ્યક્તિના ચરિત્રને આધારે તુલસીદાસે પ્રથમ એની રચના કરી હશે. પાછળથી કોઈએ સંસ્કૃતમાં અનુવાદ કરીને વલ્મીકમધ્યે છુપાવી રાખી મૂક્યું. તે પછી ગ્રંથ વલ્મીકમાંથી પ્રાપ્ત થવાથી "વાલ્મીકિ" નામે પ્રસિદ્ધ થયો છે.

રામાયણ ગ્રંથની મેં કંઇક પ્રશંસા કરી છે, પરન્તુ વિશેષ પ્રશંસા કરી શકતો નથી. તેમાં અનેક મોટા મોટા દોષો છે. આદ્યો-

પાન્ત અશ્લીલતાથી ભરપૂર છે. સીતાનો વિવાહ, રાવણુથી સીતાહરણુ, એ સઘળું અશ્લીલતાપૂર્ણ નહિ તો બીજું શુ? રામાયણુમાં કરુણુ રસ અતિ વિરલ જોવામાં આવે છે. વાનરોનું સમુદ્રબંધન, કેવળ એ એકજ પ્રસંગ રામાયણુમાં કરુણુરસાશ્રિત છે. લક્ષ્મણુના ભોજનમાં કિંચિત્ વીર રસ છે. વસિષ્ઠાદિ ઋષિઓમાં કંઇક હાસ્ય રસ છે. ઋષિઓ ઘણુા રસિક પુરુષ હતા. તેઓ ધર્મની વાત લઇને અનેક હાસ્યવિનોદ કર્યા કરતા.

રામાયણુની ભાષા જો કે સરલ અને વિમલ છે; તોપણુ અત્યન્ત અશુદ્ધ જણુાય છે. રામાયણુના એક કાંડમાં યોદ્ધાઓની કંઇ પણુ વાત નહિ હોવાથી તેનું નામ રખાયું છે "અયોધ્યાકાંડ." ગ્રંથકારે તેને "અયોદ્ધાકાંડ" નહિ લખતાં "અયોધ્યાકાંડ" લખ્યું છે. પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં બહુધા આ પ્રમાણે અશુદ્ધ સંસ્કૃત જોવામાં આવે છે. આધુનિક યૂરોપિઅન પંડિતોજ વિશુદ્ધ સંસ્કૃતના અધિકારી છે.

The Matrimonial Penal Code.

૭–લગ્ન સંબંધી સજાનો કાયદો.

Chapter I. Introduction.

Whereas it is expedient to provide a special Penal Code for the coercion of refractory husbands and others who dispute the supreme authority of woman, it is hereby enacted as follows:—

1. That this act shall be entitled the "Matrimonial Penal Code" and shall take effect on all natives of India in the married state.

પ્રકરણ ૧ લું–ઉપોદ્ઘાત.

ઉદ્ધત પતિઓ અને બીજાઓ, જેઓ સ્ત્રીઓની સંપૂર્ણ સત્તા સ્વીકારતા નથી તેઓને કાબુમાં લાવવાને ખાસ કાયદાની જરૂર જણાયાથી નીચેનો કાયદો ઘડવામાં આવે છે:—

કલમ–૧. આ કાયદાને "લગ્ન સંબંધી સજાનો કાયદો" એવું નામ આપવામાં આવશે અને તે હિન્દુસ્તાનના દરેક પરણેલા વતનીઓને લાગુ પડશે.

Chapter II. Definitions.

2. A husband is a piece of moving and moveable property at the absolute disposal of a Woman.

પ્રકરણ ૨ જું—વ્યાખ્યાઓ.

કલમ—૨. 'પતિ' એટલે સ્ત્રીની સંપૂર્ણ સત્તા નીચેની જંગમ અને પોતાની મેળે હાલી ચાલી શકે એવી મિલ્કત.

Illustrations (ઉદાહરણ).

(a) A trunk or a workbox is not a husband, as it is not moving, though a moveable piece of property.

(अ) ઝાડનું થડ અથવા પેટી એ કંઇ પતિ નથી; કારણ કે તે વસ્તુ જંગમ છતાં પોતાની મેળે હાલી ચાલી શકતી નથી.

(b) Cattle are not husbands, for though capable of locomotion they cannot be at the absolute disposal of any woman, as they often display a will of their own.

(ब) ઢોર (સાંઢ, પાડા, બળદ ઇત્યાદિ પશુઓ)એ પણ પતિ નથી, કારણ કે તેઓ હાલવા ચાલવાની શક્તિ ધરાવે છે ખરાં; પરન્તુ ઘણી ખરી વાર તેઓ પોતાની મરજી પ્રમાણે વર્તે છે, એટલે કે તેઓ સ્ત્રીને સંપૂર્ણ અધીન નથી.

(c) Men in the married state having no will of their own are husbands.

(क) માત્ર વિવાહિત પુરુષોજ પોતાની ઇચ્છા પ્રમાણે કોઈ પણ કાર્ય કરી શકતા નથી; એટલા માટે (પશુઓને નહિ પણ) એમનેજ પતિ કહી શકાય.

3. A wife is a woman having the right of property in husband.

કલમ–૩. 'પત્ની' એટલે પતિ ઉપર માલિકીનો હક્ક ધરાવનાર સ્ત્રી.

Explanation. (ખુલાસો).

The right of property includes the right of flagellation,

માલકીના હક્કમાં ફટકા મારવાના હક્કનો પણ સમાવેશ થાય છે.

4. "The married state" is a state of penance into which men voluntarily enter for sins committed in a previous life.

કલમ–૪. 'લગ્નાવસ્થા' એટલે પૂર્વ જન્મમાં કીધેલાં પાપોની શિક્ષા તરીકે પુરુષોએ મરજીપૂર્વક સ્વીકારેલી સ્થિતિ.

Chapter III. Of punishment.

5. The punishments to which offenders are liable under the provisions of this Code are:—

Firstly—Imprisonment which may be either within the four walls of a bed-room or within the four walls of a house.

Imprisonments are of two descriptions, namely:-

(1) Rigorous, that is, accompanied by hard words.

(2) Simple.

Secondly—Transportation, that is to another bed-room.

Thirdly—Matrimonial servitude.

Fourthly—Forfeiture of pocket-money.

પ્રકરણ ૩ જું-સજાઓ વિષે

કલમ-૫. આ કાયદા પ્રમાણે અપરાધીઓને નીચે પ્રમાણેની સજાઓ થશે.

(૧) કેદની સજા-કે જે શયનગૃહની અથવા તો કોઇ પણ મકાનની ચાર દિવાલોની વચ્ચે થઇ શકશે.

કેદની સજાના બે પ્રકાર છે. જેમકેઃ-

(अ)-'સખત', એટલે કે કઠોર શબ્દપ્રયોગ સાથેની; અને

(ब)-'સાદી'.

(૨) 'દેશનિકાલ', એટલે કે શયનગૃહની બહાર કાઢી મૂકવાની સજા.

(૩) 'વૈવાહિક દાસત્વ.'

(૪) ખિસ્સા ખરચ જપ્ત કરવો.

6. "Capital punishment" under this Code means that the wife shall run away to her paternal roof, or to some other friendly house, with the intention of not returning in a hurry.

કલમ-૬. "દેહાંત દંડની સજા"-આ કાયદામાં તેનો અર્થ એવો છે કે પત્ની પોતાનાં માબાપને ત્યાં અથવા કોઈ સ્નેહી સંબંધીને ત્યાં જલદી પાછી ન આવવાના ઇરાદાથી ચાલી જશે.

7. The following punishments are also provided for minor offences:—

Firstly—Contemptuous silence on the part of the wife.
Secondly—Frowns.
Thirdly—Tears and lamentations.
Fourthly—Scolding and abuse.

કલમ-૭. સાધારણ ગુન્હાઓ માટે વળી નીચે પ્રમાણેની બીજી સજાઓ ઠરાવવામાં આવે છેઃ—

(૧) પત્નીનું તિરસ્કારયુક્ત મૌન.
(૨) કરડી નજર.
(૩) અશ્રુપાત અને આક્રંદ.
(૪) ઠપકા અને ગાલિપ્રદાન.

Chapter IV. General Exceptions.

8. Nothing is an offence which is done by a wife.

પ્રકરણ ૪ થું–સામાન્ય અપવાદો.

કલમ-૮. પત્નીએ કરેલું કોઇ પણ કૃત્ય ગુન્હામાં ગણાશે નહિ.

9. Nothing is an offence which is done by a husband in obedience to the commands of a wife.

કલમ-૯. પત્નીના હુકમ અનુસાર પતિ જે કંઇ કૃત્ય કરશે તે ગુન્હામાં ગણાશે નહિ.

10. No person in married state shall be entitled to plead any other circumstances as grounds

of exemptions from the provisions of the matrimonial Penal Code.

કલમ-૧૦. "લગ્ન સંબંધી સજાના કાયદા" ની કલમોમાંથી માફી મેળવવાને, પરણેલી સ્થિતિના કોઇ પણ પુરુષને બીજાં કોઇ પણ કારણો આગળ ધરવાનો હક્ક રહેશે નહિ.

Chapter V. Of Abetment.

11. A person abets the doing of a matrimonial offence, who:—

Firstly:—Instigates, persuades, induces or encourages a husband to commit that offence.

Secondly:—Joins him in the commisson of that offence or keeps his company during its commisson.

પ્રકરણ ૫ મું-મદદગારી વિષે.

કલમ-૧૧. નીચેનાઓ લગ્ન સંબંધી ગુન્હો કરવાના કામમાં મદદ કરનાર ગણાશે.

(૧) જે માણસ લગ્ન સંબંધી ગુન્હો કરવાને પતિને ઉશ્કેરે, સમજાવે, ફોસલાવે કે ઉત્તેજન આપે; અથવા

(૨) જે ગુન્હો કરતી વખતે તેની મદદે જાય અથવા તે કરતી વખતે તેની સાથે રહે તે.

Explanation (ખુલાસો).

A man not in the married state or even a woman may be an abettor.

કોઇ પણ અવિવાહિત પુરુષ તેમજ સ્ત્રી ગુન્હો કરવાના કામમાં મદદ કરનાર હોઇ શકે.

Illustrations (ઉદાહરણ).

(*a*) A, the husband of B, and C, an unmarried man, drink together. Drinking is a matrimonial offence. C has abetted A.

(૧) **ब** સ્ત્રીનો પતિ **अ**, અને **क** એક કુંવારો માણુસ, બન્ને જણા સાથે દારૂ પીએ છે; તો દારૂ પીવો એ લગ્ન સંબંધી ગુન્હો હોઇને **क** એ **अ** ને ગુન્હો કરવાને માટે મદદ કરી ગણાશે.

(*b*) A, the mother of B, persuades B (the husband of C,) to spend money in ways other than those which C approves. As spending money in such ways is a matrimonial offence, A has abetted B.

(૨) **क** સ્ત્રીના પતિ **ब** ને, તેની (**ब**ની) મા **अ**, **क** પત્નીને નાપસંદ માર્ગે પૈસા ઉડાવવા સમજાવે છે, તો આ પ્રમાણે સ્ત્રીના મત વિરુદ્ધ પૈસા ઉડાવવા એ દાંપત્ય અપરાધ (ગુન્હો) હોઇ, **अ** એ **ब** ને ગુન્હો કરવાને મદદ કરી ગણાશે.

12. When a man in the married state abets another man in the married state, in a matrimonial offence, the abettor is liable to the same punishment as the principal provided that he can be so punished only by a Competent Court.

કલમ–૧૨. જો એક પરણેલો પુરુષ, બીજા પરણેલા પુરુષને લગ્ન સંબંધી ગુન્હો કરવાના કામમાં મદદ કરે તો તે પણ મૂળ ગુન્હો કરનારાના જેવી અને જેટલીજ સજાને પાત્ર થશે. જો કે એવી સજા માત્ર તેમ કરવાને સત્તા ધરાવનારી કોર્ટ જ કરી શકશે.

Explanation. ખુલાસો.

A Competent Court means the wife having right of property in the offending husband.

આ ઠેકાણે 'સત્તા ધરાવનારી કોર્ટ' એનો અર્થ ગુન્હેગાર પતિ ઉપર માલકીનો હક્ક ધરાવનારી પત્ની છે.

13. Abettors who are female or male offenders not in the married state are liable to be punished only with scolding, abuse, frown, tears and lamentations.

કલમ–૧૩. જો ગુન્હાના કામમાં મદદ કરનાર સ્ત્રી અથવા પુરુષ અવિવાહિત હશે તો તેઓ માત્ર ઠપકો, ગાળિપ્રદાન, કરડી નજર, અશ્રુપાત અને આક્રંદ દ્વારા સજાને પાત્ર થશે.

Chapter VI.-Of Offences against the state.

14. "The State shall in this Code, mean the married state only.

પ્રકરણ ૬ ઠું.–રાજ્ય વિરુદ્ધના ગુન્હાઓ વિષે.

કલમ–૧૪. આ કાયદામાં "રાજ્ય"નો અર્થ વિવાહિત અવસ્થા એવો કરવામાં આવશે.

15. Whoever wages war against his wife or attempts to wage such war, or abets the waging of such war, shall be punished capitally, that is, by separation or by transportation to another bed-room and shall forfeet all his pocket money.

કલમ–૧૫. જે કોઇ પોતાની સ્ત્રી સામે લડાઈ કરશે અથવા એવી લડાઇ કરવાનો પ્રયત્ન કરશે અથવા તો તેમ કરવાના કામમાં કોઇને મદદ કે ઉસ્કેરણી કરશે તેને દેહાંતદંડની શિક્ષા કરવામાં આવશે; એટલે કે તેને અલગ રહેવાની અથવા અન્ય શયનગૃહરૂપી દેશનિકાલની સજા કરવામાં આવશે, અને તેનો સઘળો ગજવા–ખરચ બંધ કરવામાં આવશે.

16. Whoever induces friends or gains children to side with him, or otherwise, prepares to wage war with the intention of waging war against the wife, shall be punished by transportation to another bed-room and shall also be liable to be punished with scolding and with tears and lamentations.

કલમ–૧૬. જે કોઈ પોતાના મિત્રોને સહાયક બનાવીને અથવા સંતાનને પોતાના પક્ષમાં લઇને અથવા તો બીજી કોઇ રીતે પત્નીની સામે લડાઇ કરવાના ઈરાદાથી યુદ્ધની તૈયારી કરશે, તો તેને દેશનિકાલની સજા થશે; અર્થાત તેને શયનગૃહની બહાર કાઢી મૂકવામાં

આવશે, અને તે ઉપરાંત તિરસ્કાર, અશ્રુપાત અને આક્રંદની પણ સજા કરવામાં આવશે.

17. Whoever shall render allegiance to any woman other than his wife shall be guilty of incontinence.

કલમ–૧૭. જે માણસ પોતાની સ્ત્રી સિવાય બીજી કોઈ સ્ત્રી-તરફ સદ્દભાવ દર્શાવશે તેણે 'વ્યભિચાર'નો ગુન્હો કર્યો છે, એમ ગણાશે.

Explanation.

1. To show the slightest kindness to a young woman, who is not the wife, is to render such young woman allegiance.

ખુલાસો ૧ લો.

પત્ની સિવાય બીજી કોઇ જુવાન સ્ત્રીના તરફ જરા પણ ભલમનસાઇ બતાવવી, એ આવી જુવાન સ્ત્રી પ્રત્યે સદ્દભાવ બતાવવા બરોબર છે.

Illustration.

A is the husband of B and C is a young woman. A likes C's baby because he is a nice child and gives him buns to eat. A has rendered allegiance to C,

ઉદાહરણ.

अ, **ब**નો પતિ છે. **क** એક યુવાન સ્ત્રી છે. **अ**, **क**ના છોકરાને ચાહે છે; કારણ કે તે એક સુંદર બાળક છે અને તેને ખાવાને પૂરીઓ આપે છે. તો **अ** એ **क** પ્રત્યે સદ્દભાવ બતાવ્યો ગણાશે.

Explanation.

(2) Wives shall be entitled to imagine offences under this section, and no husband shall be entitled to be acquitted on the ground that he has not committed the offence.

The simple accusation shall always be held to be conclusive proof of the offence.

ખુલાસો ૨ જો.

આ કલમ મુજબ ગુન્હાની કલ્પના કરી લેવાનો હક્ક પત્નીને પ્રાપ્ત થશે, અને પોતે ગુન્હો કર્યો નથી એ કારણસર કોઇપણ પતિ સજામાંથી મુક્ત થવાનો દાવો કરી શકશે નહિ.

ફરિયાદ થઇ છે એજ હકીકત હંમેશાં ગુન્હો પૂર્ણ રીતે પુરવાર થયાની સાબીતીરૂપ માનવામાં આવશે.

Explanation.

(3) The right of imaging offence under this section shall be held to belong, in general to old wives, and to women with old and ugly husbands; and a young wife shall not be entitled to assume the right unless she can prove that she has a particularly cross temper or was brought up a speilt child or is herself supremely ugly.

ખુલાસો 3 જો.

આ કલમમાં આવી જતા ગુન્હાને કલ્પી લેવાનો હક્ક સામાન્ય રીતે, વૃદ્ધ પત્નીઓ અને વૃદ્ધ તેમજ કદરૂપા પતિની પત્નીઓને રહેશે; અને જ્યાં સુધી કોઇ યુવાન પત્ની, ખાસ કરીને પોતાનો સ્વભાવ

ધણોજ ચિઢીઓ છે, અથવા પોતે બચપણમાં બહુ લાડમાં ઉછરેલી હતી, કે કાંતો પોતે ઘણીજ કદરૂપી છે, એવું સાબીત કરી શકશે નહિ, ત્યાં સુધી તે આ હક્ક ધારણ કરવાનો દાવો કરી શકશે નહિ.

18. Whoever is guilty of incontinence shall be liable to all the punishments mentioned in this Code and to other punishments not mentioned in the Code.

કલમ–૧૮. જે કોઇ પુરુષ વ્યભિચારનો ગુન્હો કરશે તે આ કાયદામાં ગણાવેલી તેમજ ગણાવવામાં નહિ આવેલી એવી સઘળી સજાઓને પાત્ર થશે.

Chapter VII.

Of Offences relating to the Army and Navy.

19. The Army and Navy shall, in this Code mean the sons and daughters and the daughters-in-law.

પ્રકરણ ૭ મું.

ખુશ્કી અને દરિયાઇ લશ્કરને લગતા ગુન્હાઓ વિષે.

કલમ–૧૯. આ કોડમાં " ખુશ્કી અને દરિયાઇ લશ્કર " એ શબ્દોમાં છોકરાઓ, છોકરીઓ અને છોકરાઓની વહુઓનો સમાવેશ થાય છે.

20. Whoever abets the committing of mutiny by a son or daughter or a daughter-in-law

shall be liable to be punished by scolding and tears and lamentations.

કલમ–૨૦. જે કોઇ પત્નીની સામે બળવો ઉઠાવવાને દીકરા, દીકરી કે પુત્રવધૂને ઉશ્કેરશે તે તિરસ્કાર, અશ્રુપાત અને આક્રંદની સજાને પાત્ર થશે.

Chapter VIII.

Of Offences against the domestic Tranquillity.

21. An assembly of two or more husbands is designated an unlawful assembly if the common object of such husband is:–

Firstly—To drink as defined below or to commit any other matrimonial offence;

Secondly—To over-awe by show of authority, their wives from the exercise of the lawful authority of such wives;

Thirdly—To resist the execution of a wife's order.

પ્રકરણ ૮ મું.

ઘરમાં સુલેહનો ભંગ કરવાના ગુન્હાઓ વિષે.

કલમ–૨૧. બે અથવા વધારે પરણેલા પુરુષો નીચે લખેલા કોઇ પણ હેતુને માટે એકત્ર થાય તો એવી મંડળીને ગેરકાયદેસર મંડળી ગણવી.

૧. નીચે વ્યાખ્યામાં જણાવ્યા પ્રમાણે દારૂ પીવો, જુગાર રમવો અથવા એવા બીજા લગ્ન સંબંધી ગુન્હા કરવા.

૨. પોતાની પત્નીઓને તેમને કાયદેસર મળેલી સત્તાનો અમલ કરવા દેવામાં રૂઆબથી દમ ભરાવી અટકાવ કરવા.

૩. પત્નીના હુકમના અમલની સામે થવા.

22. Whoever is a member of an unlawful assembly shall be punished by imprisonments with hard words, and shall also be liable to contemptuous silences or to scolding.

કલમ–૨૨. જે કોઇ ગેરકાયદેસર મંડળીનો સભાસદ હોય, તેને સખ્ત શબ્દો સાથે કેદખાનાની સજા ફરમાવવામાં આવશે; તેમજ તે તિરસ્કારયુક્ત મૌન અને ઠપકાને પણ પાત્ર થશે.

Of drinking wines and spirits.

23. Any liquid kept in a bottle and taken in glass vessel is wine and spirit.

દારૂ પીવા વિષે.

કલમ–૨૩. શીશીમાં રખાયલા અને કાચના વાસણમાં પિવાયલા કોઇ પણ પ્રવાહીને દારૂ ગણવામાં આવશે.

24. Whoever has in his possession wine and spirits, as above defined, is said to drink.

કલમ–૨૪. ઉપરની વ્યાખ્યામાં જણાવ્યા પ્રમાણેનો દારૂ જે કોઇના કબજામાં હશે તે દારૂ પીએ છે એમ ગણવું.

Explanation.

He is said to drink even though he never touches the liquid himself.

ખુલાસો.

તે માણસે કદાચ તે પ્રવાહીનો સ્પર્શ પણ કર્યો ન હોય, તો પણ તે દારૂ પીએ છે એમજ ગણવું.

25. Whoever is guilty of drinking shall be punished with imprisonment of either description within the four walls of a bed-room during the evening hours and shall also be liable to scolding.

કલમ-૨૫. જે કોઇ દારૂ પીવાનો ગુન્હો કરશે તેને દરરોજ સાંજના વખતે શયનગૃહમાં, બેમાંથી ગમે તે એક પ્રકારની કેદ રાખવાની સજાને પાત્ર થશે; અને તે ઉપરાંત ઠપકાને પાત્ર પણ થશે.

Of rioting.

26. Whoever shall speak in an ungentle voice to his wife shall be guilty of domestic rioting.

હુલ્લડ કરવા વિષે.

કલમ-૨૬. જે કોઇ પોતાની પત્ની સાથે કર્કશ સ્વરે બોલશે તેણે ઘરમાં હુલ્લડ મચાવવાનો ગુન્હો કર્યો લેખાશે.

27. Whoever is guilty of domestic rioting shall he punished by contemptuous silence or by scolding or by tears and lamentations.

કલમ-૨૭. જે કોઇ પોતાના ઘરમાં હુલ્લડ મચાવવાનો ગુન્હો કરશે તે તિરસ્કારયુક્ત મૌન અથવા ઠપકો અથવા અશ્રુપાત અથવા આક્રંદની સજાને પાત્ર થશે.

૮–એક "ખાસ ખબરપત્રી"નો પત્ર.

પ્રિન્સ ઑફ વેલ્સની સાથે જે અનેક " ખાસ ખબરપત્રીઓ " અહીં આવ્યા હતા, તેમાંના એકે વિલાયતના કોઇક વર્તમાનપત્રમાં નીચે પ્રમાણેનો પત્ર લખ્યો હતો. અમે તેનું ભાષાંતર અહીં પ્રગટ કરીએ છીએ. તે વિલાયતી વર્તમાનપત્રના નામ માટે કોઇ અમારો જીવ ખાશે, તો અમારે લાચાર થવું પડશે. વર્તમાનપત્રનું નામ અમે જાણતા નથી, અને ક્યાં જોવામાં આવ્યું હતું તેનું પણ અમને સ્મરણ નથી. પત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે.

યુવરાજની સાથે આવીને બંગાળા દેશમાં જે જે જોયું, તે આ અવકાશના વખતમાં વર્ણવીને આપને કૃતાર્થ કરવાની ઇચ્છા છે. મેં આ દેશ સંબંધે અનેક તપાસ કરી છે, તેટલા માટે મારી પાસેથી જેવી ખરી હકીકત મેળવી શકશો તેટલી બીજા કોઇ પાસેથી મળી શકશે નહિ. આ દેશનું નામ " બેંગોલ " છે, એ નામ શા માટે પડયું, તે દેશી લોકો કહી શકતા નથી; પરન્તુ દેશી લોકોને આ દેશની અવસ્થા પૂરેપૂરી માલૂમ નથી; તેઓ જાણે પણ કેવી રીતે ? તેઓ કહે છે, પૂર્વે એમાંના એક પ્રદેશને ' બંગ ' કહેવામાં આવતો. તે પ્રદેશના લોકોને હમણાં પણ " બંગાલ " કહેવામાં આવે છે; એટલા માટે એ દેશનું નામ " બંગાલા " પડયું; પરન્તુ આ દેશનું નામ " બંગાલ " નથી, પણ " બેંગોલ " છે તે આપ સૌ જાણો છોજ; એટલે એ લોકોની વાત કેવલ જૂઠી છે. મને લાગે છે કે, બેન્જામીન ગોલ (Benjamin Gall) સંક્ષેપમાં બેન્ગોલ નામના કોઇ અંગ્રેજે પ્રથમ આ દેશ શોધી કાઢીને અને તેના પર અધિકાર જમાવીને પોતાના નામથી તેને વિખ્યાત કર્યો હતો.

રાજધાનીનું નામ “ કાલકાટા ” (Calcutta) છે. ‘કાલ’ અને ‘ કાટા ’ એ નામના બે બંગાળી શબ્દોમાંથી એ નામની ઉત્પત્તિ થઈ છે. એ નગરમાં કાલ કાપવા (વખત ગુજારવા)ને કંઇ પણ મુશ્કેલી પડતી નથી; એટલા માટેજ એનું નામ “કાલકાટ્રા” પડયું છે.

એ દેશના લોકોમાંથી કેટલાક અતિશય કૃષ્ણ વર્ણના અને કેટલાક કિંચિત્ ગૌર છે. જે લોકો કૃષ્ણ વર્ણના છે તેમના પૂર્વ પુરુષ, માલૂમ પડે છે કે, આફ્રિકામાંથી આવીને અહીં વસ્યા હતા; કારણ કે તે કાળા રંગના બંગાળીઓમાંના અનેક જણના કેશ ગુંછળાંવાળા છે. નરતત્ત્વવેત્તાઓએ સિદ્ધ કર્યું છે કે, ગુંછળાંવાળા વાળ હોય તેઓ કાફ્રા–સીધી–જ; અને જેઓ કિંચિત્ ગૌર વર્ણના છે, તેઓ ઘણું કરીને ઉપર્યુક્ત એન્ગોલ સાહેબના વંશજ છે.

મેં જોયું છે કે, ઘણા ખરા બંગાળીઓ મેન્ચેસ્ટરના સુતરમાંથી બનેલાં વસ્ત્રો પહેરે છે; એટલા માટે સ્પષ્ટજ સિદ્ધ થાય છે કે, હિન્દુસ્તાન મેન્ચેસ્ટરના સંબંધમાં આવ્યા પહેલાં, બંગ દેશના લોકો નગ્ન-જ રહેતા. હમણાં મેન્ચેસ્ટરની દયાથી તેઓ વસ્ત્ર પહેરીને જીવે છે. એ લોકોએ કેવળ હમણાંજ વસ્ત્ર પહેરવાનો આરંભ કર્યો છે, એટલે કેવી જાતનાં વસ્ત્ર પહેરવાં જોઇએ, તે હજી સુધી બરાબર નક્કી કરી શકયા નથી. કોઇ કોઇ આપણાં જેવાં પાટલુન પહેરે છે, કેટલાક તુર્ક લોકોના જેવા પાયજામા પહેરે છે, અને કેટલાક તો કોનું અનુકરણ કરવું તે સંબંધે હજુ સુધી કંઈ પણ નક્કી નહિ કરી શક્યાથી કેવળ કમરેજ વસ્ત્ર લપેટી રાખે છે.

એટલે જુઓ કે, બ્રિટિશરાજ્ય બેંગોલમાં કેવળ સો વર્ષ થયાંજ સ્થાપન થયું છે; છતાં તેટલામાંજ અસભ્ય નગ્ન જાતિને વસ્ત્ર પહેરતાં શીખવી દેવાયું છે. ખરેખર ઇંગ્લાંડનો અસીમ મહિમા અને તેદ્વારા ભારતવર્ષમાં ધન અને ઐશ્વર્યની વૃદ્ધિ જે પ્રમાણમાં થતી રહે છે, તે

વર્ણવી જાય એમ નથી. એ વાત અંગ્રેજ જાણે છે; બંગાળીઓ સમજી શકે એટલી બુદ્ધિ તે લોકોમાં હોય એવો સંભવ નથી.

દુઃખની વાત એ છે કે, હું આટલા થોડા દિવસોમાં બંગાળી લોકોની ભાષામાંહેલું શાસ્ત્રીય જ્ઞાન અધિક પ્રાપ્ત કરી શક્યો નથી; તો પણ કંઇક કંઇક શીખ્યો છું; અને ગુલિસ્તાં અને બોસ્તાં નામના જે બે બંગાળી ગ્રંથો છે, તેનો અનુવાદ પણ વાંચી ગયો છું. એ બન્ને પુસ્તકોનો સ્થૂળ મર્મ એ છે કે, યુધિષ્ઠિર નામના એક રાજાએ રાવણ નામના એક બીજા રાજાનો વધ કરીને તેની પટરાણી મંદોદરીનું હરણ કર્યું હતું. મંદોદરીએ કેટલાક કાળ સુધી વૃંદાવનમાં વાસ કરીને કૃષ્ણની સાથે રાસલીલા કરી હતી. અંતે તેના પિતાએ કૃષ્ણને નિમંત્રણ નહિ કરવાથી તેણે દક્ષયજ્ઞમાં પ્રાણ ત્યાગ કર્યા હતા.

હું થોડું ઘણું બંગાળી શીખ્યો છું. બંગાળીઓ 'હાઇકોર્ટ' ને 'હાઇકોર્ટ' કહે છે; 'ગવર્નમેન્ટ' ને 'ગવર્નમેન્ટ' કહે છે; 'ડિક્રી'ને 'ડિક્રી' કહે છે; 'ડિસમિસ' ને 'ડિસમિસ;' 'બોલ' ને 'બોલ;' 'ડોર' ને 'દ્વાર' અને 'ડબલ' ને 'ડબલ' (ઇત્યાદિ ઇત્યાદિ) કહે છે. એ ઉપરથી સ્પષ્ટજ પ્રતીત થાય છે કે, બંગાળી ભાષા અંગ્રેજીની એક શાખા માત્ર છે.

પરન્તુ એમાં એક સંદેહ ઉત્પન્ન થાય છે કે, જો બંગાળી અંગ્રેજીની શાખા હોય તો, અંગ્રેજોના આ દેશમાં આવવા પહેલાં કોઇ ભાષા અહીં હતી કે નહિ? જુઓ, આપણા ક્રાઇસ્ટના નામ ઉપરથીજ એ લોકોના પ્રધાન દેવતા કૃષ્ણનું નામ પડાયું છે, અને અનેક યુરોપિઅન પંડિતોના +મત પ્રમાણે એ લોકોનો મુખ્ય ધર્મગ્રંથ કૃષ્ણપ્રણીત ભગવદ્ગીતા બાઇબલનોજ અનુવાદ છે! એટલે બાઇબલ રચાયું

+ Dr. Lorinzer.

તે પૂર્વે એ લોકોની કોઇ પણ ભાષા ન હતી; એ એક રીતે નક્કીજ છે. તે પછી એ લોકોની ભાષા ક્યારે ઘડાઇ તે કહી શકાય નહિ. મને લાગે છે કે, પંડિતવર મેકસમૂલર ધારે તો એ વિષયનો નિર્ણય કરી શકે એમ છે. જે પંડિતોએ સાબીત કર્યું છે કે, અશોકના પહેલાં આર્ય લોકો લખી જાણતા ન હતા; તેજ પંડિતો આ બાબતનો અંતિમ નિર્ણય કરવાને સમર્થ છે.

એક બીજી વાત પણ જાણવા જેવી છે. સર વિલિયમ જોન્સથી માંડીને મેકસમૂલર સુધીના પ્રાચ્યતત્ત્વવિત્ પંડિતોએ જણાવ્યું છે કે, એ દેશમાં સંસ્કૃત નામની એક બીજી ભાષા છે; પરન્તુ આ દેશમાં આવીને મેં કોઇને પણ સંસ્કૃત બોલતાં કે લખતાં જોયો નથી. એટલા માટે આ દેશમાં સંસ્કૃત ભાષાના અસ્તિત્વ વિષે મને વિશ્વાસ નથી. માલૂમ પડે છે કે, એ ચાતુરી સર વિલિયમ જોન્સ વગેરેનીજ છે. તેમણે સ્વપ્રસિદ્ધિને માટેજ એ ભાષાની કલ્પનાસૃષ્ટિ ઉપજાવી કાઢી છે.*

ગમે તેમ હો, હવે એ લોકોની સામાજિક અવસ્થા સંબંધે કંઇક કહીશ. તમે સાંભળ્યું છે કે, હિંદુઓ ચાર જાતિમાં વહેંચાયલા છે; પરન્તુ તેમ નથી. એ લોકોમાં અનેક જાતિ છે; તેનાં નામ નીચે દર્શાવું છું.

૧. બ્રાહ્મણ, ૨. કાયસ્થ, ૩. શૂદ્ર, ૪. કુલીન, ૫. વંશજ, ૬. વૈષ્ણવ, ૭. શાક્ત, ૮. રાય, ૯. ઘોષાલ, ૧૦. ટાગોર, ૧૧. મુલ્લાં, ૧૨. ફરાજી, ૧૩. રામાયણ, ૧૪. મહાભારત, ૧૫. ગવલી મહોલ્લો, ૧૬. પેરિયા ડોગ્સ (મેલું ખાનારા કુતરા).

બંગાળી લોકોનું ચારિત્ર્ય ઘણા ઉતરતા પ્રકારનું છે. તેઓ હડહડતા જુઠ્ઠા છે; કારણ વિના પણ અસત્ય ભાષણ કરે છે. સાંભળ્યું છે કે બંગાળીઓમાં એક પંડિત બાબુ રાજેન્દ્રલાલ મિત્ર છે. મેં અનેક બંગાળી-

* સાવધાન. કોઈ હસશો નહિ. મહા મહોપાધ્યાય પંડિત ડોગલ્ડ સ્ટુઅર્ટ યથાર્થ આવાજ મતનો હતો.

ઓને પૂછ્યું હતું કે તેઓ કયી જાતિના છે? સઘળાઓએજ કહ્યું કે કાયસ્થ છે; પરન્તુ તેઓ મને ઠગી શકે એમ નથી. કારણ કે મેં તેજ પંડિતવર મેક્સ મૂલરના ગ્રંથમાં+ વાંચ્યું છે કે, બાબુ રાજેન્દ્રલાલ મિત્ર, બ્રાહ્મણ છે. વળી માલમ પડે છે કે, " Mitra " (મિત્ર) શબ્દ " Metre " (મિટર)નો અપભ્રંશ છે; એટલા માટે પણ મિત્ર મહાશયને પુરોહિત જાતિનાજ માનવા જોઇએ.

બંગાળીઓનો એક ખાસ ગુણ એ છે કે, તેઓ ઘણાજ રાજભક્ત છે. યુવરાજને જોવાને તે લોકોનાં જે ટોળે ટોળાં આવ્યાં હતાં તે ઉપરથી માલૂમ પડે છે કે, પૃથ્વીપર આવી રાજભક્ત જાતિ બીજે કોઇ પણ સ્થળે જન્મીજ નથી. ઈશ્વર આપણી ચઢતી કરો; કારણ કે તેમ થવાથી બંગાળીઓનું પણ કંઇક કલ્યાણ થઇ શકે!

બંગાળી લોકો સ્ત્રીને પરદેનશીન રાખે છે એમ સાંભળ્યું છે, તે સત્ય છે; પરન્તુ સર્વત્ર નહિ.* જ્યારે કંઇ પણ લાભની વાત ન હોય ત્યારે તેઓ સ્ત્રી જાતિને અંતઃપુરમાં રાખે છે, અને લાભની સંધિ જોતાંજ બહાર લાવે છે. આપણે જેપ્રમાણે "ફાઉલિંગ પીસ" (બંદુક)નો ઉપયોગ કરીએ છીએ તેવીજ રીતે બંગાળીઓ સ્ત્રીઓનો ઉપયોગ કરે છે. જ્યારે પ્રયોજન નહિ હોય ત્યારે પેટીમાં પૂરી રાખે છે, શિકાર જોતાંજ બહાર કાઢીને તેમાં દારૂ ભરે છે. બંદૂકની સીસાની ગોળીથી હલકી જાતનાં પક્ષીનો પક્ષચ્છેદ થાય છે; બંગાળી સ્ત્રીનાં નયન-બાણો કોના પક્ષચ્છેદની આશા રાખે છે તે કહી શકતો નથી. મેં બંગાળી લલનાઓનાં ઘરેણાંમાં રહેલી જે પ્રકારની મોહકતા જોઇ છે તે પરથી મને ઇચ્છા થાય છે કે, હું પણ " ફાઉલિંગ પીસ " ને એકાદ બે

+ Chips from a German Workshop.

*બંગાળી સ્ત્રીઓમાંની કોઇ કોઇએ અંતઃપુરનો પરિત્યાગ કરીને રાજપુત્રનું સ્વાગત કર્યું હતું.

સોનાનાં ઘરેણાં પહેરાવી દઉં,—જોઉં, તેમ કરવાથી કોઇ પક્ષી ખેં-ચાઇને બંદૂક ઉપર આવીને બેસે છે કે નહિ ?

કેવળ નયનબાણ તો શું પણ સાંભળ્યું છે કે, બંગાળી સ્ત્રીઓ તો પુષ્પબાણ છોડવામાં–મદન ઉશ્કેરવામાં–પણ ઘણી સુપટુ છે. હિન્દુ સાહિત્યમાં વપરાયલા પુષ્પશરમાં અને આ બંગકામિનીઓ તરફથી ફેંકાયલા પુષ્પશરમાં કંઇ સંબંધ છે કે નહિ તે હું જાણતો નથી; જો તેમ હોય તો બંગાળી સ્ત્રીઓને દુર્વાસનાવાળી કહેવી જોઇએ. સાંભળવા પ્રમાણે કોઇ બંગાળી કવિએ લખ્યું છે કેઃ—

" આ તે પુષ્પધનુ (કામદેવ) શું પોતાનું વિવિધ રંગ ધનુષ્ય ધારણ કરે છે ?" હમણાં એમાં જરા ફેરફાર કરીને કહેવું જોઇએ કેઃ-

" આ તે પુષ્પધનુ–કામદેવ (તે ઉશ્કેરનારી સ્ત્રીઓ)–પોતાનાં વિવિધરંગી પુષ્પો–કટાક્ષો–મારે છે શું ? " ગમે તેમ હો. પુષ્પબાણ (કામદેવ) સચરાચર પ્રચલિત ન થઇ બેસે ! નહિ તો બંગાળામાં અંગ્રે-જોને રહેવું ભારે થઇ પડશે. મને સર્વદા ભય રહે છે, કે હું એક ગરીબ દુકાનદારનો છોકરો, એ પૈસાના લોભથી સમુદ્ર ઓળંગીને અહીં આવ્યો છું—કોણ જાણે કયારે બંગકુલકામિની–પ્રેરિત કુસુમશર આવીને, આ ફાટેલા તંબુને છેદીને મારા હૃદયમાં આઘાત કરે, અને હું તત્ક્ષણ ધમ્મ દઇને ચત્તાપાટ પડી જાઉં ! હાય ! ત્યારે મારૂં શું થશે ! મને મરતાં પાણી પણ કોણ પાશે ?

હું એમ કહેતો નથી કે, સઘળા બંગાળીઓની સ્ત્રીઓ આ પ્રકારની ફાઉલિંગ પીસ (Fowling piece) છે, અથવા તો સઘળીજ આ પ્રમાણે કુસુમશર ચલાવવામાં સુચતુર છે; તો પણ કોઇ કોઇ એવી છે ખરી; એ મેં લોકોક્તિપરથી જાણ્યું છે. સાંભળ્યું છે કે, તેઓ પો-તાના પતિની આજ્ઞાનુસારજ આ પ્રકારના કાર્યમાં પ્રવૃત્ત થાય છે અને તે પતિઓએ દેશી શાસ્ત્રાનુસારજ એ પદ્ધતિનું અવલંબન કરેલું હોય

છે. હિન્દુઓના જે ચાર વેદ છે તે માંહેલા ચાણક્ય શ્લોક નામક વેદમાં (મેં એ સકળ શાસ્ત્રોનો ખાસ અભ્યાસ કર્યો છે.) લખ્યું છે કેઃ—

आत्मानं सततं रक्षेत दारैरपि धनैरपि ।

એનો અર્થ એવો છે કે, હે પદ્મપલાશલોચન શ્રીકૃષ્ણ! હું પોતાની ઉન્નતિ માટે તમને આ વનફૂલની માળા અર્પણ કરૂં છું, તમે તે કંઠે ધારણ કરો.

૯—વર્ષ સમાલોચના.

વર્ત્તમાનપત્રોનો રિવાજ છે કે, નવા વર્ષમાં પ્રવેશ કરતાં ગત વર્ષની સઘળી ઘટનાઓની સમાલોચના કરવી. "બંગદર્શન" વર્તમાન-પત્ર નથી; પરન્તુ તેટલા માટે શું અમને તે કરવાની ઇચ્છા નહિ થાય ? જેમ અનેક માણસો રાજા નહિ હોવા છતાં રાજા જેવ. થઇને ફરે છે, જે પ્રમાણે અનેક લોકો કાળા ભારતવાસી હોવા છતાં સાહેબ બનવાની ઇચ્છાથી કોટ પાટલુન ચઢાવે છે, તેજ પ્રમાણે અમે પણ અમારૂં પત્ર એક સામાન્ય માસિક હોવા છતાં પ્રખર પ્રતાપશાળી સમાચારપત્રનો અધિકાર ગ્રહણ કરવાની અભિલાષા રાખીએ છીએ.

પરન્તુ મનુષ્યજાતિ એવી દુર્ભાગી છે, કે જ્યારે તે અમુક ઇચ્છા રાખે છે ત્યારે તેની તે ઇચ્છા પાર પાડવામાં વિઘ્ન આવી નડે છે. નવું વર્ષ બેસી ચૂક્યું પૌષ માસથી, અને અમે લખીએ છીએ માર્ગશીર્ષ માસનું "બંગદર્શન". સત્યાનાશની પાટી એ છે કે, "બંગ દર્શન" ચર્ચાના વિષયો સંબંધે કોઇ પણ નિયમ સ્વીકારતુંજ નથી—અત્યંત સ્વેચ્છાચારી છે; એટલા માટે અમે મનની ઇચ્છા મનમાંજ નહિ સમાવી દેતાં, તેમાં વિષાદ ઇત્યાદિ અનુપ્રસાદના લોભનું સંવરણ કરી માર્ગશીર્ષ માસમાં પણ સને ૧૮૭૫ની સાલની સમાલોચના કરીશું; તેથી હે ગતવર્ષ ! સાવધાન થા અમે તારી સમાલોચના કરીશું.

ગત વર્ષમાં રાજકારભાર કેવી રીતે ચાલ્યો હતો, તે સંબંધે અનેક તપાસને અંતે જાણવામાં આવ્યું છે, કે એ વર્ષમાં ૩૬૫ દિવસ હતા; એક પણ ઓછો ન હતો. દરેક દિવસમાં ૨૪ કલાક અને દરેક કલાકમાં ૬૦ મિનિટ હતી. કોઇમાં એક પણ ઓછી જોવામાં આવી ન હતી; એ ઉપરથી જણાય છે, કે અધિકારીઓએ એમાં કોઇ પણ પ્રકારનો

હસ્તક્ષેપ કર્યો ન હતો. આ ઉપરથી તેમની વિજ્ઞતાનો પરિચય મળી શકે છે. અનેક માણુસોનું એમ કહેવું છે કે, એ વર્ષમાંથી કેટલાક દિવસ ઘટાડી નાખ્યા હોત તો ઠીક થાત; પરન્તુ અમે એ વાતને અનુમોદન આપી શકતા નથી. દિવસ ઘટાડવાથી કેવળ નોકરીઆત વર્ગને પગારનો અને વર્તમાનપત્રોના લેખકોને મહેનતના બચાવનો લાભ મળે. સામાન્ય જનસમાજને કંઇ પણ લાભ થાય નહિ; (અમારૂં તો માસિક છે, એટલે ૧૨ માસના ૧૨ અંક લીધા વિના કોઇ છોડવાનું નથી.) તોપણ ગ્રીષ્મકાલ તદન ઉડાવી લેવામાં આવે તો ઠીક થાય ખરૂં. આપણા અધિકારીઓને ભલામણ કરીએ છીએ કે, બારે માસ શીતકાળજ રહે, એવો કોઇ કાયદો પસાર કરાવવાનો તેઓ પ્રયત્ન કરે.

અમે સાંભળીને ખેદ પામ્યા છીએ કે, આ વર્ષ સઘળાનાજ આયુષ્યમાંથી એક એક વર્ષ ચોરી ગયું છે; પરન્તુ અમે એ વાતપર સંપૂર્ણ વિશ્વાસ મૂકી શકતા નથી. અમે પ્રત્યક્ષ જોઇએ છીએ કે, અમારી ૭૧ વર્ષની ઉમ્મર હતી તે આ વર્ષે વધીને ૭૨ ની થઇ છે. જો આયુષ્યમાંથી ચોરી થઇ ગઇ હોત તો એક વર્ષ વધે કેવી રીતે ? માટે દોષદષ્ટિવાળાઓએજ આવી અફવા ફેલાવી લાગે છે.

આ વર્ષ સુવર્ષ હતું, તેની વિશેષ સાબીતી એ છે કે એ વર્ષમાં અનેક માણસને ત્યાં સંતાનપ્રાપ્તિ થઇ છે. મ્યુનીસીપાલ ડિપાર્ટમેન્ટના સુદક્ષ અમલદારોએ ખાસ પ્રયત્ન કરીને કોને કોને પુત્ર થયા, કોને કોને કન્યા અવતરી અને કોના કોના ગર્ભસ્ત્રાવ થઇ ગયા, તેની ખબર મેળવી છે. દુઃખની વાત એ છે કે, એ વર્ષમાં કેટલાંક મનુષ્યો—અધિક નહિ—રોગ વગેરેથી મુઆં છે. સાંભળવામાં આવ્યું છે કે, આ દેશની કોઇ એક મહાસભા પાર્લામેન્ટને સવિનય પ્રાર્થના કરનાર છે કે, આ ભારતરાજ્યની પુણ્ય ભૂમિમાં કોઇ પણ મનુષ્ય મરવા પામે નહિ. વળી તેણે એક એવો પણ ઠરાવ પસાર કર્યો છે કે, જો કોઇને

ખાસ મરવાની જરૂર હોય તો તેણે પોલિસને ખબર આપીને તેની અનુમતિ લીધા પછી મરવું.

આ વર્ષનું ફિનેન્સિઅલ ડિપાર્ટમેન્ટનું પ્રકરણ (નાણાં પ્રકરણ) ઘણું વિચિત્ર છે-અમને ભરોસાદાર સ્થળેથી ખબર મળી છે કે, ગવર્મેન્ટને આવક પણ થઇ છે અને વ્યય પણ થયો છે. આ હકીકત આશ્ચર્યકારક હો કે ન હો, પરન્તુ વધારે આશ્ચર્યની વાત તો એ છે કે, આથી સરકારી ખજાનામાં કંઈક વધારો—નહિ તો ઘટાડો તો થયોજ હશે; અને તેમ નહિતો જમા ઉધારનાં પાસાં સરખાં તો થઇ રહ્યાં હશેજ. આગામી વર્ષમાં (સને ૧૮૭૬) કોઈ નવો કર પડશે કે નહિ તે વિષે આજે કંઇ પણ કહી શકાય નહિ; પરન્તુ આશા રાખીએ છીએ કે, ૭૭ ની સાલના એપ્રિલ માસમાં એ વાત નક્કીપણે કહી શકીશું.

આ વખતે ન્યાય ખાતાના કામની પ્રશંસા કરવાને અમે અસમર્થ છીએ. ખરૂં છે કે, જેમણે ફરિઆદ કરી છે, તેમનો ન્યાય અપાયો છે, અથવા આપવાના પ્રયત્ન ચાલી રહ્યા છે; પરન્તુ જેમણે ફરિઆદ નથી કરી તેમનો કંઇ પણ ઇન્સાફ થયો નથી. અમે સમજી શકતા નથી કે જ્યાં ન્યાય સાર્વજનિક હોય ત્યાં ફરિઆદ કરવામાં આવે કે ન આવે તોપણ સર્વનો ન્યાય શા માટે ન તોળાવો જોઇએ ? કોઈ તડકાને ચાહતું હોય કે ન હોય તોપણ સૂર્ય ભગવાન સર્વત્ર તાપ ફેલાવે છે, કોઇ વૃષ્ટિ ચાહે કે ન ચાહે તોપણ મેઘ ખેતરે ખેતર વૃષ્ટિ કરે છે; એજ પ્રમાણે કોઈ ન્યાય માગે કે ન માગે તોપણ ન્યાયાધીશોએ ઘેરે ઘેર જઇને ન્યાય આપી આવવો જોઇએ. જો કોઇ એવો પ્રશ્ન ઉઠાવશે કે, ન્યાયાધીશો આ પ્રમાણે વગર તેડયા ઘેરેઘર ઘુસવા લાગે તો ગૃહસ્થોની સંમાર્જની[1] અકસ્માત

૧. સાવરણી, ઝાડુ.

વિઘ્ન ખડાં કરી દેવાનો સંભવ રહે છે; તો તેને માટે અમારો જવાબ એ છે કે, ગવર્મેન્ટના અધિકારીઓ કાંઇ સંમાર્જનીથી એટલા બધા ડરતા નથી. નિમ્ન શ્રેણીના ન્યાયાધીશોને સંમાર્જની સાથે વિલક્ષણ પરિચય છે, અને તેઓ બહુધા તેની સાથે પ્રતિદિન સંભાષણ કરતા જ ફરે છે. જે પ્રમાણે મયૂર સર્પપ્રિય હોય છે તેજ પ્રમાણે તેઓ પણ સંમાર્જનીપ્રિય છે. નજરે પડતાંજ બહુધા ભક્ષણ કરી જાય છે. અમે એવું પણ સાંભળ્યું છે કે, કેટલાક કનિષ્ઠ પંક્તિના અધિકારીઓએ સરકારને એવી વિનંતિ કરી છે કે, જે પ્રમાણે ઉચ્ચ પંક્તિના અધિકારીઓના પુરસ્કાર માટે " ઑર્ડર ઑફ ધિ સ્ટાર ઑફ ઇન્ડિઆ " નો ઇલકાબ કાઢવામાં આવ્યો છે, તેજ પ્રમાણે ઉતરતી પંક્તિના અધિકારીઓ માટે " ઑર્ડર ઑફ ધિ બ્રૂમસ્ટિક "નો ખિતાબ કાઢવો જોઇએ; અને ખાસ લાયકાત ધરાવનારા ડેપ્યુટી કલેક્ટરો અને સબજડ્જો ઇત્યાદિને ચૂંટી ચૂંટીને આ મહારત્ન તેમની કોટેજ પંચાશીની (ખજુરીનાં છટીઆંની) દોરીથી બાંધીને લટકાવાવું જોઇએ. તે તેમના ચેઇનથી વિભૂષિત થયેલા અને સદાય ઝુજતા વક્ષઃસ્થલ ઉપર અપૂર્વ શોભા ધારણ કરશે. રાજપ્રસાદરૂપે જો આ ટાઇટલ અર્પણ કરવામાં આવશે તો તેનો આદર સાથે સ્વીકાર થશે એ અમે સોગનપૂર્વક કહી શકીએ છીએ. અમને ભય કેવળ એટલોજ રહે છે કે, ઉમેદવાર એટલા બધા નીકળશે કે, એટલી સાવરણી એકઠી કરવી ભારે થઇ પડશે.

ગત વર્ષમાં વૃષ્ટિ થઇ હતી; પરંતુ સર્વત્ર સમાન નહિ. ખચિત મેઘોનો એ પક્ષપાતજ હતો. જે જે પ્રદેશોમાં વૃષ્ટિ થઇ નથી તે તે પ્રદેશના લોકોએ એવી મતલબની માગણી કરી છે કે, જેથી ભવિષ્યમાં સર્વત્ર સમાન વૃષ્ટિ થાય એવો કોઇ ઉપાય શોધી કઢાવો જોઇએ. અમારા અભિપ્રાય પ્રમાણે એ સદુપાયના સંશોધન માટે એક કમિટિ

નિભાવી જોઇએ. એક મોજ્ભાદાર પત્ર મિત્ર જણાવે છે કે, જો સરકાર તરફથી મેઘોની બરદાસ્ત બરાબર થઇ શકે, તો તેઓ બીજા કોઇ પણ દેશમાં ચાલ્યા જવાની બીક રહેશે નહિ; પરન્તુ અમારા અભિપ્રાય પ્રમાણે એમ કરવાથી પણ જોઇએ તેવો સુધારો થઇ શકશે નહિ—કારણ કે બંગ દેશના સર્વ મેઘ અત્યંત સૌદામિનીપ્રિય છે; એટલે સૌદામિનીને છોડીને પૈસાના લોભથી પણ તેઓ દેશાન્તરમાં જવાનું સ્વીકારશે નહિ. એટલા માટે અમે સૂચના કરીએ છીએ કે, સઘળા મેઘોને બરતરફ કરવા અને તેને ઠેકાણે ભિસ્તીઓનો બંદોબસ્ત કરી દેવો. દરેક ખેતરમાં એક એક ચપરાસી અથવા સુયોગ્ય ડેપ્યુટી કલેકટર લાંબા વાંસ ઉપર ભિસ્તીને બાંધીને વાંસ ઉભો કરીને પકડી રહે, અને ભિસ્તી ત્યાંથી ખેતરમાં પાણી છાંટીને પછી નીચે ઉતરી આવે ! બરાબર છે ને ?

આપણા દેશની રમણીઓ દેશહિતચિંતક નથી; નહિતો ભિસ્તીઓની પણ જરૂર પડત નહિ. તેઓ જો દરરોજનું રડવાનું નિત્યકર્મ ખેતરમાં જઇને કરી આવે તો અનાયાસેજ ખેતીના કામમાં અનુકૂળતા થઇ જાય, અને મેઘ ડિપાર્ટમેન્ટનો બહિષ્કાર (એબૉલિશ) કરી શકાય; પરન્તુ લોકોના શારીરિક અને માનસિક કલ્યાણને માટે કહીએ છીએ કે, આકાશવૃષ્ટિને બદલે જો નારીનયનાશ્રુનો હુકમ ફરમાવવામાં આવે તો પ્રથમ પોલિસનો પક્કો બંદોબસ્ત કરવો જોઇએ નહિતો આ (નારીરૂપી) નવીન મેઘની કટાક્ષવિદ્યુતથી ખેતરમાં ખેડુતોના છોકરાનું શું થશે તે કહી શકાય નહિ—પોલિસે હાજર રહેવું સારૂં.

સાંભળ્યું છે કે, કેળવણી ખાતામાં મોટો ઘોંટાળો ઉભો થયો છે. ખબર પ્રમાણે અનેક વિદ્યાલયના વિદ્યાર્થીઓએ કાન કાપવાને-માટે એક એક ગજ છરા તૈયાર કરાવ્યા છે. તેમના મનમાં ઘોર સંદેહ ઉત્પન્ન થવાથી તેઓ કહે છે કે, અધ્યાપકોની શ્રવણેંદ્રિય કાપી

લઇશું, નહિતો તેમની પાસે ભણીશું નાહ. વિદ્યાર્થીઓના ઘોંઘાટથી અધ્યાપકોના કાન પાકી ઉઠે નહિ, તેટલા માટે આ કાર્ય તેમને કદાચ જરૂરી લાગ્યું હશે. અમારી ખાત્રી છે કે, કાન કાપવાની છરી નાની પડે એવો જરા પણ સંભવ નથી.

ગમે તેમ હો. વર્ષ નઠારૂં હો કે સારૂં હો; પણ ત્રણ નિગૂઢ તત્ત્વ અમે નિશ્ચયપૂર્વક જાણી શકયા છીએ.

૧ વર્ષ ચાલ્યું ગયું છે, એ સબંધમાં મતભેદ નથી.

૨ વર્ષ ગયું છે તે પાછું આવશે નહિ. પાછું લાવવાને કોઇએ પ્રયત્ન કરવો નહિ; કારણ કે નિષ્ફળ થવાશે.

૩ વર્ષ પાછું આવે કે ન આવે, પણ વાંચનાર ! તારે અને મારે માટે તો એ બન્ને સમાનજ છે; કારણકે આપને માટે અને મારે માટે ૭૫ માં પણ ઘાસ પાણી હતાં અને ૭૬ માં પણ તે હશે. આપનું કલ્યાણ થાઓ. આપ ઘાસ પાણી તરફ નજર રાખતા રહેશો.

૧૦—હનુમદ્બાબુ—સંવાદ.

એક દિવસ બાલસૂર્યનાં કિરણોથી સુશોભિત કદલીકુંજમાં[1] શ્રીયુત્ હનુમાનજી વાયુસેવનાર્થે પરિભ્રમણ કરતા હતા. તેમની પરમ રમણીય લાંગૂલલતા[2] કેટલોક ચક્રમાં કુંડલીનું રૂપ ધારણ કરી કદી પીઠ પર, કદી સ્કંધ ઉપર, અને કદી વૃક્ષની શાખા ઉપર સુશોભિત થઇ રહેતી હતી. ચોપાસે સોનેરી, ખાસડીઆં, કોકણી ઇત્યાદિ જાતજાતનાં પરિપકવ અને અપકવ રંભાફ્ળોની લૂમની લૂમ શાખાઓને સુશોભિત કરીને દશે દિશાઓને સુગંધિત કરી રહી હતી. વીરવર કદી કદી કોઇક વૃક્ષપરથી એકાદ ફળ તોડી પાડી ઘડિકમાં આ ઘ્રાણ (સુંઘવું તે), ઘડીકમાં ચુંબન, ઘડીકમાં લેહન (ચાટવું) અને ઘડીકમાં ચર્વણ કરીને કદલીફળોના અનંત માધુર્યની મનમાં ને મનમાં અત્યંત પ્રશંસા કરતા હતા. એવે સમયે દૈવયોગથી બૂટ, કોટ, પાટલૂન, ચેઇન, ચસ્મા, ચિરૂટ અને ચાબુકધારી, હૅટ સુશોભિત મસ્તકવાળા એક યુવાન બાબુ ત્યાં ઉપસ્થિત થયા. હનુમાનચંદ્ર દૂરથીજ આ અપૂર્વ મૂર્તિને જોઇને મનમાં ને મનમાં વિચારવા લાગ્યા; “ આ કોણ? આકાર ઇંગિતથી માલૂમ પડે છે કે, અવશ્ય એ કિષ્કિંધાથી આવે છે. આવો નકલી વેશ, ગમન અને ઢંગઢબ અન્ય કોઇ પણ દેશમાં હોવાં અસંભવિત છે. એ મારો સ્વદેશી અને જાતિબંધુ છે, માટે હું એનો આદરસત્કાર અવશ્ય કરીશ. ”

એમ વિચારીને મહાત્મા પવનાત્મજે એક સુંદર કદલીવૃક્ષપરથી પરિપકવ સોનેરી કેળાંની એક લૂમ તોડીને સુંઘી જોઇ; અને તેની સુગંધથી તૃપ્તિ પામીને તેનો અતિથિસત્કારમાટે ઉપયોગ કરવાનો

---

૧ કેળની ઘટામાં. ૨ પૂછડારૂપી લતા.

મનમાં નિશ્ચય કર્યો. એ દરમિયાન તે હૅટ કોટથી શણગારાયલી મોહનમૂર્તિ, વીરવરની સંમુખ આવી અને તેને સંબોધીને કહેવા લાગી;–

"Good morning Mr. Hanuman! how do you do? So glad to see you! Ah! I see you are at breakfast already." (સલામ સાહેબજી, મી. હનુમાન! આપની તબીયત કેમ છે? આપને જોઇ હું ઘણો ખુશી થાઉં છું! અરે મને લાગે છે આપે તો કયારનો નાસ્તો પણ લેવો શરૂ કર્યો છે.)

હનુમાન બોલ્યા—**किमिदं? किं वदासि?** (શું આ? શું કહે છે?)

બાબુ—What's that! I suppose this is the Kishkinda patois? It is a glorious country–is it not? There is a land of every land, the pride and so on, as you know. (આ તે શું! હું ધારૂં છું કે આ કિષ્કિન્ધાની પ્રાંતિક ભાષા છે, તે એક પ્રતાપી દેશ છે–ખરૂં કે નહિ? તે સર્વસુંદર ભૂમિ છે, ગૌરવ અને એવું બીજું આપ જાણો છો તેમ તે છે.)

હનુ૦—**कस्त्वं? कस्माज्जनपदात् आगतोसि?** (તું કોણ? કયા દેશમાંથી આવે છે?)

બાબુ—(સ્વગત) It seems most barbarous gibberist that precious lingo of his but I suppose I must put up with it. (પ્રગટપણે) "My dear Mr. Monkey, I am ashamed to confess that I am not quite familiar with your beautiful vernacular. I dare say it is a very polished language. I presume you

can talk a little English." (સ્વગત) તેની કિમતી ભાષા તદ્દન અસંસ્કારી પટપટારો જણાય છે; પણ હું ધારૂં છું કે મારે તે નિભાવી લેવો જોઇએ. (પ્રગટપણે) મારા વ્હાલા મી. હનુમાન, શરમ સાથે મારે કબુલ કરવું જોઇએ કે, આપની સુંદર માતૃભાષાથી હું બીલકુલ પરિચિત નથી. હું છાતી ઠોકીને કહું છું કે, તે એક ઘણી સંસ્કારી ભાષા છે. આપ થોડું અંગ્રેજી બોલી શકો છો એમ હું અનુમાન કરૂં છું.

એટલે તે મહાવીર પવનનંદને એકાએક બન્ને આંખો ફેરવીને પોતાનો બૃહલ્ લાંગૂલપાશ[1] વિસ્તારીને બાબુજીના ગળામાં નાખ્યો અને ગાળો કરીને કસકસાવવા લાગ્યા; એટલે તો બાબુ મહાશય હં કહેતા ધમ્મ દઇને ગબડયા, મોમાંની ચિરૂટ પણ ઉડી પડી. પછી બોલ્યા—

" I say, this seems some what—(અલ્યો, આ તો જણાય છે કંઇક—)

(પુચ્છનો એક વધુ પેચ.)

" Somewhat unmannerly-to say the least—(કશુંયે નહિ તો-કંઇક અસભ્યતા જેવું.)

(એક વધુ પેચ.)

" Dear Mr. Hanuman, you will hurt me. " (વહાલા મી. હનુમાન, તમે મને ઇજા કરશો.)

(એક બીજો આંટો.)

" Kind good Mr. Hanuman. " (દયાળુ ભલા મી. હનુમાન.)

એટલે હનુમાને બાબુ મહાશયને પુચ્છ વડે ઉંચે ઉઠાવીને અદ્ધર તોળ્યા.

---

૧. પૂછડાનો મોટો ફાંસો.

બાબુની ટોપી, ચશ્મા, અને ચાબુક પડી ગયાં. જાકીટના ગજવામાંથી ઘડીઆળ નીકળી પડી ને ચેઇન (અછોડા) સાથે ઝુલવા લાગી. હવે બાબુનું મોં સુકાવા લાગ્યું. તેઓ બોલી ઉઠયા:–" ઓ હનુમાનજી! ભૂલ થઇ ગઇ, છોડો, છોડો. બચાવો ગરીબના પ્રાણ જાય છે!"

હનુમાને બાબુ તરફ સદય થઇ તેમને ભુતલ પર સ્થાપન કરીને લાંગૂલપાશથી મુક્ત કર્યા. અવસર મળતાં બાબુએ ટોપી, ચશ્મા અને ચાબૂક ઉઠાવી લીધાં. હનુમાન બોલ્યા:–" મહાશય! દુઃખ ધરશો નહિ. આપની બોલી અંગ્રેજી, વેશ કિષ્કિન્ધાનો અને મૂર્ખતા પહાડના જેવી જોઇને આપની જાતિ ઓળખવાને માટે મારે આપને આટલું કષ્ટ આપવું પડયું છે. હવે—

બાબુ—હવે શું?

હનુમાન—હવે હું સમજી ગયો કે, આપનો જન્મ કોઇક હિંદી સ્ત્રીના ગર્ભથી થયો છે. હમણાં આપ શ્રમિત થયા છો, એકાદ કેળું ખાશો?

બાબુજીની જીભ એવી તો સુકાઇ ગઇ હતી કે, તેમને પણ એકાદ સરસ કેળાંનું ભક્ષણ કરી લેવું ઘણું જરૂરનું જણાયું; એટલે તેમણે પ્રસન્નતાપૂર્વક ઉત્તર આપ્યો:—" With the greatest pleasure." (ઘણીજ ખુશીની સાથે.)

હનુમાન—આપનો જે દેશમાં જન્મ છે; ત્યાં હું કેળાં અને વંતાકના સંશોધનાર્થે વારંવાર ગમન કરૂં છું અને તે દેશની સુંદરીઓ 'વડી' નામની જે સુસ્વાદિષ્ટ વાની બનાવે છે તેને કદી કદી વિના અનુમતિએ રામાનુચરની સેવા માટે પસંદ કરી લઉં છું. આથી હું દેશીભાષા સારી પેઠે સમજી શકું છું; એટલે મારી સાથે માતૃભાષામાંજ વાતચીત કરશો.

બાબુ—તેમાં શી નવાઇ? આપ કેળાં આપવા ચાહો છો? હું

અત્યંત આનંદપૂર્વક આપનાં કેળાં આરોગીશ.

હનુમાનજીએ બાબુ મહાશય તરફ કેળાંની એક લૂમ ફેંકી–તે દેવને પણ દુર્લભ એવાં કેળાં ખાઇને બાબુ અતિશય પ્રસન્ન થયા. હનુમાને પ્રશ્ન કર્યો:–"કેળાં કેવાં છે ?

બાબુ—delicious—(ઘણાંજ સ્વાદિષ્ટ)

હનુમાન—હે ટોપ્યાવૃત[1] મહાપુરુષ ! માતૃભાષામાં વાત કરો.

બાબુ—એ તો મારી ભૂલ થઇ ગઇ. આટલી વખત મને Excuse (માફ) કરીએ.

હનુમાન—એ વળી શું ?

બાબુ—મને માફ કરજો. હું ઘણો–શું કહું ? અંગ્રેજી શબ્દ તો forgetfull છે–એનું ગુજરાતી શું ?

હનુમાન—વત્સ ! તારાં કથોપકથનથી હું પ્રસન્ન થયો છું. હવે તું બીજાં કેળાં પણ ખાઇ શકીશ–જેટલી ઇચ્છા હોય તેટલાં ખાવાની છુટ છે. કેળ ઉપર લાગેલાં છે, તોડી આપું છું. વળી મારાથી તારૂં બીજું પણ કોઇ કાર્ય સધાતું હોય તો તે પણ જણાવ. હું તેની સાધનામાં તત્પર થઇશ.

બાબુ—થેન્કસ ! હે મારા પ્રિય વાનર મહાશય ! આ વખતે જો આપ મને એક વાત સમજાવશો તો હું આપનો ઘણો ઉપકૃત થઇશ.

હનુમાન—કયી વાત, હે વિદ્વન્ ?

બાબુ—તેજ વાત, હનુમાન ! કે જે જાણવાને હું આપને ત્યાં આવ્યો છું.

આપે રામરાજ્ય જોયું છે. રામરાજ્યના જેવું કોઇ પણ રાજ્ય કદી પણ થયું નથી; પણ કેટલાક કહે છે કે, એ સઘળી ગપ Fable માત્ર છે.

હનુમાન—(આંખો લાલચોળ કરી, દાંત કચકચાવી) રામરાજ્ય

---

૧ ટોપીથી શણગારાયલા.

ગપ ! બેટા, ત્યારે તો હું પણ ગપ ? અને મારૂં આ પુચ્છડું પણ એક ગપજ ? જો ત્યારે એ કેવી ગપ છે તે !

એમ કહીને મહાક્રોધથી હનુમાને પેલું અનેક ગુંછળાવાળું મહાપૂચ્છ ફરીથી બિચારા બાબુના સ્કંધ ઉપર સ્થાપ્યું એટલે બાબુ લેવાઇ ગયલા વદને બોલી ઉઠયા; " થોભો, થોભો, હે મહાલાંગૂલ ! તમે કંઇ ગપ નથી, અને તમારૂં પૂછડું તો કદી પણ નહિજ; એ બાબત હું સોગનપૂર્વક કહી શકું છું, એટલે તમારૂં રામરાજ્ય પણ ગપ નથી–The proof of the pudding is in the eating thereof (પાકનો પુરાવો તેનો પ્રસાદ લેવામાં છે.)

વાત એ છે કે, તમે રામના દાસ છો–હું અંગ્રેજનો દાસ છું. તમારો રામ મોટો કે મારા અંગ્રેજ ? અમારા અંગ્રેજી રાજ્યમાં એક નવી વાત બને છે–તમારા રામરાજ્યમાં તે હતી કે ?

હનુમાન—તે કયી ? પાકાં કેળાં ?

બાબુ—તે નહિ. Local self Government. (લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ)

હનુમાન—તે વળી શું ?

બાબુ—સ્થાનિક આત્મશાસન. હતું તમારે ?

હનુમાન—હતું નહિ તો શું ? સ્થાનિક આત્મશાસન એટલે કોઇ ખાસ સ્થાન ઉપરનું આત્મશાસનને ? એ તો અમે હંમેશાંજ કરતા. અમારૂં આત્મશાસન હતું પૂછડાંપર. જો પૂછડાંપર–અમે આત્મશાસન નહિ રાખત તો ત્રેતાયુગનાં અડધો અડધ મનુષ્ય સમુદ્રમાં ડૂબીને મરી જાત. જ્યારે પણ મારૂં પુછડું પટ પટ કરે છે, અને અમુકના ગળામાં વીંટાવાની ઇચ્છા રાખે છે ત્યારે હું પુચ્છ સ્થાનપર આત્મશાસન કરૂં છું–પુછડાને બે પગ વચ્ચે સંતાડી દઉં છું. બીજું તો શું પણ જે દિવસે શ્રીરામચંદ્રે પોતે સીતાદેવીને અગ્નિમાં પ્રવેશ કરવાને કહ્યું હતું,

તે દિવસે મારામાં જો એ સ્થાનિક આત્મશાસન ન હોત તો આ લાંગૂલ રામચંદ્રના ગળામાં પણ પહોંચી જાત; પરન્તુ સ્થાનિક આત્મશાસનના બળથી તે બે પગ વચ્ચે દબાઈ રહ્યું. બીજી એક વાત એ કે જ્યારે અમે લોકો લંકાને ઘેરીને બેઠા હતા તે દિવસોમાં આહારાભાવથી અમારા સઘળાનું આત્મશાસન ઉદરમાં સ્થાપિત થઇને તે પ્રદેશમાં સ્થાનિક થઇ પડયું હતું.

બાબુ—મહાશયના સમજવામાં ભૂલ થઇ છે—એ પ્રકારના આત્મશાસનની વાત હું નથી કહેતો.

હનુમાન—સાંભળો તો ખરા, સ્થાનિક આત્મશાસન ઘણું ઉત્તમ હોય છે; જેમકે સ્ત્રીઓનું આત્મશાસન રસનામાં હોય તે ઉત્તમ આત્મશાસન કહેવાય. બ્રાહ્મણ પંડિતોનું આત્મશાસન સાંભળવા પ્રમાણે લાડુની ટોપલીમાં હોય તો બહુ ઉત્તમ ગણાય. તમારા લોકોનું આત્મશાસન—

બાબુ—ક્યાં ? પીઠ પર ?

હનુમાન—ના. તમારા લોકોની પીઠ તો બીજાઓના શાસનનું ક્ષેત્ર છે; પરન્તુ તમારા લોકોના આત્મશાસનનું યથાર્થ ક્ષેત્ર તમારાં બે ચક્ષુઓ છે.

બાબુ—તે કેવી રીતે ?

હનુમાન—તમને રડવું આવે તે છતાં તમે રોતા નથી, એ વાત ઉત્તમ છે. રાત દિવસ ટીપાં પાડવાથી તમારા પ્રભુઓ ગુસ્સે થવાનો સંભવ છે.

બાબુ—તે ગમે તેમ હો, પણ હું તે અર્થમાં સ્થાનિક આત્મશાસનની વાત કરતો નથી.

હનુમાન—ત્યારે કયા અર્થમાં ?

બાબુ—શાસન કોને કહે છે, જાણો છો ને ?

હનુમાન—બેશક તને જો હું લપડાક મારૂં તો તું શાસિત થાય ! એજ શાસનને ?

બાબુ—તે નહિ. રાજશાસન, જાણતા નથી ?

હનુમાન—તે પણ જાણું છું; પરન્તુ તે અર્થમાં તમે પોતે રાજા નહિ હોવા છતાં કેવી રીતે આત્મશાસન કરી શકશો ?

બાબુ—(મનમાં) આનુંજ નામ વાનર બુદ્ધિ. (.પ્રકટ) જો રાજા કૃપા કરીને પોતાનાં કેટલાંક કામ અમને સોંપે તો ?

હનુમાન—તેમ થાય તેમાં તો રાજાનેજ લાભ. તે પોતાનાં કામ બીજાના માથાપર નાખી પટરાણી સાથે રંગચેન ઉડાવશે, અને આપણે તેનું વૈતરૂં કરી મરશું. એ જાણ્યું તમારૂં રામરાજ્ય ! અરે ! રામ !

બાબુ—વાત હજીપણ આપના સમજવામાં નથી આવી. Freedom (ફ્રીડમ)-liberty (લીબર્ટી) કોને કહે છે તે જાણો છો ?

હનુમાન—કિષ્કિન્ધાની કૉલેજમાં એ સઘળું શિખવાતું નથી.

બાબુ—Freedom (ફ્રીડમ) એટલે સ્વાધીનતા. સ્વાધીનતા કોને કહે છે તે તો જાણો છો ને ?

હનુમાન—હું વનનો પશુ છું, સ્વાધીનતા હું નહિ જાણું તો શું તું જાણવાનો હતો ?

બાબુ—સારી વાત જે પ્રમાણમાં મનુષ્ય સ્વાધીન થશે તે પ્રમાણમાં તે સુખી થશે.

હનુમાન—અર્થાત્ જે પ્રમાણમાં મનુષ્ય પશુભાવ પ્રાપ્ત કરશે તેજ પ્રમાણમાં તે સુખી થશે !

બાબુ—મહાશય, ગુસ્સે થશો નહિ; પરન્તુ એ વાત કેવળ હનુમાનને યોગ્ય છે.

હનુમાન—હું તો તેજ છું ને ? વારૂ, હવે બાબુને યોગ્ય વાત હું સાંભળવા ભાગ્યશાળી થઇ શકીશ ?

બાબુ—સ્વાધીનતા વિનાનો મનુષ્યજન્મ પશુજન્મ છે. પરતંત્ર-

લોકો ગાય-ભેંસ વગેરેની પેઠે દોરડાંથી બંધાઇને તાડિત થાય છે. સૌભાગ્ય બળથી અમારા રાજપુરુષો આજન્મ સ્વાધીન-free born છે.

હનુમાન—અમારી પેઠે.

બાબુ—આત્મશાસન એજ સ્વાધીનતાનું લક્ષણ છે.

હનુમાન—અમે પણ તેજ લક્ષણયુક્ત છીએ. અમારામાં આત્મ-શાસન સિવાય બીજું રાજ્યશાસન નથીજ. અમે પૃથ્વીપર સ્વાધીન જાતિ છીએ. તમે શું અમારા જેવા થવાને ચાહો છો ?

બાબુ—છટ્ ! છટ્ ! હવે સમજ્યો કે, વાનરો આત્મશાસન સમજી શકતા નથી.

હનુમાન—સારી વાત ભાઈ ! ચાલો ત્યારે, બન્ને જણ કેળાં ખાઇએ.

૧૧–ગ્રામ્ય–કથા.

કથા નંબર વન.

પાઠશાળાના પંડિતજી.

ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો છે. હું માથે છત્રી ઓઢીને ગામને રસ્તે ચાલ્યો આવતો હતો. જોતજોતાંમાં વરસાદ જોરબંધ પડવા લાગ્યો; એટલે રસ્તાની બાજુપર એક નળીએરી ઘર જોઇને મેં તેની પડાળીનો આશરો લીધો. ત્યાં મારા જોવામાં આવ્યું કે, અંદર કેટલાક છોકરાંઓ હાથમાં પુસ્તક લઇને બેઠા બેઠા ભણતા હતા. એક પંડ્યાજી બંગાળી ભણાવતા હતા. કાન માંડીને મેં તેમનું શિક્ષણ જરા તરા સાંભળી લીધું. તે પરથી જણાયું કે ગુરુજીને વ્યાકરણ ઉપર કંઇક વિશેષ પ્રેમ હતો. એકાદ ઉદાહરણ આપું છું. પંડિતજીએ એક વિદ્યાર્થીને પૂછ્યું:—

"બોલ જોઉં, 'भू' ધાતુને 'क्त' પ્રત્યય લગાડીએ તો શું થાય ?

વિદ્યાર્થી જરા મોભાગ્ર બુદ્ધિનો હતો. સાંભળવા પ્રમાણે તેનું નામ બોઘલરામ હતું. તેણે ઘણો વિચાર કરીને જવાબ આપ્યો, "જી, भू ધાતુને क्त લગાડવાથી "भुक्त" થાય."

પંડિતજી, વિદ્યાર્થીની મૂર્ખતા જોઇને ચિડાઇ ઉઠ્યા અને તેને "મૂર્ખ", "ગર્દભ" ઇત્યાદિ નાનાવિધ સંસ્કૃત વિશેષણોથી અસંસ્કૃત કરવા લાગ્યા. વિદ્યાર્થી પણ કંઇક તપી ઉઠીને બોલ્યો; કેમ ગુરુજી! "ભુક્ત" શબ્દ શું નથી ?

ગુરુજીઃ—ન હોય શા માટે ? 'भुक्त' કેવી રીતે થાય તે શું નથી જાણતો ?

વિદ્યાર્થી:—ના, જાણું નહિ શા માટે? સારી રીતે ચાવીને કોળીઆ ગળી જવાથી "ભુક્ત" થવાય. (ધરાઇ જવાય.)

ગુરુજીઃ—મૂર્ખ! વાનર! શું હું એ પૂછું છું?

આખરે બોધલરામથી અત્યંત કંટાળી જઇને તેમણે તેની પાસેના વિદ્યાર્થી રામને પૂછ્યું; "વારૂ, રામ! તુંજ બોલ જોઉં, "ભુક્ત" શબ્દ કેવી રીતે બને છે?"

રામઃ—"જી, "**भुज्**" ધાતુ ઉપર '**क्त**' લગાડવાથી '**भुक्त**' થાય છે.

ગુરુજીએ બોધલરામને કહ્યું; "સાંભળ રે બોધા! તારૂં કંઇજ વળવાનું નથી."

બોધલરામ ખીજવાઇને બોલ્યો; નહિ વળશે તો નહિ–પણ તમેયે આટલો બધો પક્ષપાત કરો છો.

ગુરુજીઃ—પક્ષપાત વળી શો કર્યો, હનુમાન!

બોધલરામઃ—એના નશીબમાં 'ભૂજા' (પોંઆ) અને મારા નશીબમાં કેવળ 'ભૂ'? આ પક્ષપાત નહિ તો બીજું શું? વિદ્યાર્થી મજાના ભૂજા (પૌંઆ) અને નશીબની તુલના કરીને કોપાયમાન થઇ ગયો છે, એ વાત ગુરૂજી સમજી શકયા નાહ, એટલે તેમણે ખીજવાઇને બોધલને એક થપ્પડ લગાવી દીધી, અને પ્રશ્ન કર્યો, "હવે કહે, '**भू**' ધાતુને **क्त** લગાડવાથી શું થાય?"

બોધલરામઃ—(સજલ નયને) "જી, તે હું નથી જાણતો."

ગુરુજીઃ—નથી જાણતો? 'ભૂત' કેવી રીતે થાય, નથી ખબર?

બોધલરામઃ—જી, તે તો જાણું છું. મરવાથી વળી ભૂત થવાય.

ગુરૂજીઃ—સુઅર! ગધા! '**भू**' ધાતુને '**क्त**' લગાડવાથી ભૂત થાય.

ભોળલરામ આ વખતે સમજ્યો, અને મનમાં ને મનમાં દૃઢ નિશ્ચય કરી લીધો કે, મરવા પછી જે થાય તેજ ' भू ' ધાતુ ઉપર ' क्त ' લગાડવાથી પણ થાય. હવે તેણે વિનીત ભાવે ગુરૂજીને પૂછ્યું; " જી, ' भू ' ધાતુને ' क्त ' લગાડવાથી શું શ્રાદ્ધ પણ કરવું પડે કે ?

ગુરૂજીથી હવે વધારે સહન થઈ શકયું નહિ. પાંચે આંગળાંની છાપ આબાદ પડી રહે તેવી રીતે વિદ્યાર્થીના ગાલમાં એક તમાચો લગાવી દીધો. વિદ્યાર્થી પુસ્તક વગેરે ફેંકી દઈને રડતો રડતો ઘર તરફ ચાલી નીકળ્યો. એ વખતે વૃષ્ટિ ઓછી થઇ ગઇ હતી. રંગ જોવાને હું પણ તેની સાથે સાથે ચાલ્યો. તેનું ઘર વિદ્યાલયથી ઘણે દૂર ન હતું. ભોળાએ ઘરમાં દાખલ થતી વખતે બમણા જોરથી રડવા માંડ્યું, અને પછાડ ખાઇને ભોંય ઉપર પડયો. આ જોઇને તેની મા પાસે આવીને તેને સાંત્વન આપતાં પૂછવા લાગી; કેમ, ભાઇ, શું થયું ?

છોકરાએ મોં ચઢાવીને કહ્યું; " હવે પૂછે છે કે, શું થયું ભાઇ ? આવી સ્કૂલમાં મને મોકલ્યો હતો શા માટે, કાળા મોઢાની ? "

મા—પણ કેમ, થયું છે શું, ભાઇ ?

પુત્ર—હરામજાદી, હવે કહે છે કે, થયું છે શું ભાઇ ? હમણાંજ તારૂં ' ભૂ ' ધાતુ ઉપર ' क्त ' થઇ જાઓ, જલદીજ થઈ જાઓ, કે હું તારૂં શ્રાદ્ધ કરૂં.

મા—તે વળી શું, ભાઇ ? એ કયી વસ્તુ ?

પુત્ર—હમણાંજ તું **भूत** થઇ જાઓ, જલદી થઇ જાઓ.

મા—એ શું ? મરવાનું કહે છે, ભાઇ ?

પુત્ર—તે નહિ તો શું ? હું એજ કહી શકયો નહિ, તેટલા માટે ગુરુજીએ મને માર માર્યો.

મા—ભોંય નાખે તને પંડયાને ! જરા અક્કલે નથી. મારા આ

વેંત જેવડા છોકરાને તે વળી કેટલી વિદ્યા હોય ? જે વાત કોઇ જાણે નહિ, તે ન કહી શક્યો તે માટે છોકરાને માર ! મુઆને આજે એક વાર જોઉં તો ખરી.

એટલું કહીને કપડાં ઠીક કરી બોઘાની મા પંડિતજી પાસે જવા નીકળી. હું પણ પાછળ પાછળ ચાલ્યો. તે સુપુત્રવતીને બહુ દૂર જવું પડ્યું નહિ. એ વખતે પાઠશાળા બંધ થઇ ગઈ હતી. પંડિતજી ઘર તરફ સીધાવી જતા હતા; એટલે માર્ગમાંજ બન્નેનો ભેટો થયો.

બોઘાની માએ કહ્યું; “ વારૂ, પંડિતજી ! જે કોઇજ જાણે નહિ, તે મારો છોકરો કહી શક્યો નહિ તેટલા માટે શું તેને આટલો બધો મારવો જોઇએ ? ”

પંડિતજી—અરે ના, કંઇ એવી અઘરી વાત પૂછી ન હતી. માત્ર એટલોજ સવાલ કર્યો હતો કે; ‘ભૂત’ કેવી રીતે થાય ?

બોઘાની મા—‘ભૂત’ થાય ગંગા નહિ મળવાથી. ભલા, એ બધી વાતની વળી છોકરાને ક્યાંથી ખબર હોય ? એવી એવી બાબત તો અમને પૂછવી જોઇએ.

પંડિત—અરે નહિ, તે ભૂત નહિ.

બોઘાની મા—ત્યારે વળી કયું ભૂત ?

પંડિત—એ બધું કંઇજ નહિ. તું બાઇ માણસ એમાં શું સમજશે ? કહું જે, ભૂત શબ્દ છે.

બોઘાની મા—મેં એવા ભૂતના શબ્દ કેટલાએ સાંભળ્યા છે. હજી તો એ છેક બાળક છે. તેને આવી આવી વાતો કહીને બીવડાવવા એ શું ઠીક કહેવાય ?

મને લાગ્યું કે, આ પંડિતોની સમસ્યા સહેલમાં પતે એમ નથી. મેં પણ એ રંગમાં કંઇક અંશે ભાગ ભરવાની આશાથી છતા થઇને

પંડિતજીને કહ્યું,–"મહાશય, એ તો સ્ત્રી જાત છે, એની સાથે વિવાદ કરવો છોડી દો. મારી સાથે એ સંબંધમાં કંઇક વાતચીત કરવી ઠીક પડશે."

પંડિતજી મને બ્રાહ્મણ જોઇને કંઇક આદરથી કહેવા લાગ્યાઃ– "આપ પ્રશ્ન કરીએ ?"

મેં કહ્યુંઃ—"ઠીક, આપ ભૂત ભૂત કરતા હતા, તો બોલો જોઇએ, ભૂત કેટલાં છે ? "

પંડિતજી સંતુષ્ટ થઇને બોલી ઉઠયા. બહુ સારૂં, ઘણું જ ઉત્તમ, પંડિત હોય તે પંડિતના જેવી જ વાત કરે. સાંભળો છો કે બાઇ ? તે પછી મારા તરફ ફરીને જાણે વિદ્યાનો બોજો ઉતારી નાખતા હોય તેવું મોં કરીને બોલ્યાઃ—"ભૂત પાંચ છે. "

એટલે તો બોધાની મા ગર્જીને બોલી ઉઠી; " વાહરે પંડિત ! આવીજ વિદ્યાપર મારા છોકરાને મારતા હતા કે ? ભૂત પાંચ ! ભૂત તે પાંચ કે બાર ? "

પંડિત—તે કેમ બને, બ્હેન ! આ સજ્જનનેજ પૂછને ? ભૂત પાંચ છે-क्षित्यप्—

બોધાની મા—ભૂત બાર નથી તો મારી બધી દોલત કોણ ખાઇ ગયું ? શું હું પ્રથમથીજ આવી દુઃખી હતી ?

એટલું કહીને કહેતાં તો બોધાની માએ છેડો વાળ્યો. મેં તે વખતે તેનો પક્ષ લઇને કહ્યુંઃ–" એણે જે કહ્યું, તે ખરૂં હોઇ શકે. અનેક વખત સાંભળવામાં આવે છે કે, પારકાની દોલત છીનવી લઇને ભૂત લોકો પોતાનું પિતૃકાર્ય કર્યા કરે છે. શું તમારા સાંભળવામાં નથી આવ્યું કે અમુકના પૈસાથી ભૂતના બાપનું શ્રાદ્ધ થાય છે ?"*

* જ્યારે કોઈ બદમાશ પારકો માલ ઉડાવી જાય છે, તે પ્રસંગે જે એક કહેવત બંગાળીમાં વપરાય છે (અમુકેર ટાકાટાય ભૂતેર બાપેર શ્રાદ્ધ હઇતે છે.) તેનું આ ભાષાન્તર છે. ભા૦ ક૦

આ વાત સાંભળીને, હું વ્યંગ કરૂં છું કે સત્ય કહું છું તે પંડિતજી ખરાબર સમજી શકયા નહિ; કારણ કે તેમની બુદ્ધિ કંઇક મોભાગ્ર હતી. પંડિતજીને કંઇક સંશય થયેલો જોઇને હું બોલ્યો; "મહાશય, એ સંબંધી પ્રમાણ પૂરાવા તો સઘળાની જ જાણમાં છે. મનુએ કહ્યું છે કે—

कृपणानां धनं चैव पोष्यकुष्माण्डपाठिनाम्
भूतानां पितृश्राद्धेषु भवेन्नष्टं न संशयः ॥

પંડિતજીનું સંસ્કૃત જ્ઞાન **भू** ધાતુને **क्त** પ્રત્યય લગાડવા પૂરતું જ હતું; એટલે તેમને એક મોટો ભય એ હતો કે, રખેને વિદ્યાર્થિ-મંડળી આગળ અને ખાસ કરીને બોધાની મા સમક્ષ મારાથી હારી જવાય! તેટલા માટે "**भूतानां पितृश्राद्धेषु भवेन्नष्टं न संशयः**" એ જેવું સાંભળ્યું તેવાજ તેઓ બોલી ઉઠયા; "મહાશય, આપ યથાર્થ જ કહો છો. વેદમાં પણ લખ્યું છે કે, **अस्ति गोदावरीतीरे विशालः शाल्मलीतरुः**" આ સાંભળીને બોધાની મા ઘણી જ સંતુષ્ટ થઇ ગઇ અને પંડિતજીનાં અનેક વખાણ કરીને કહેવા લાગી; "ત્યારે મહારાજ, આટલી બધી વિદ્યા હોવા છતાં મારા છોકરાને શામાટે મારો છો?"

પંડિતજી—અરે બ્હેન! તારા છોકરાને એવોજ વિદ્વાન્ બનાવવાને તો મારૂં છું. માર્યા વિના શું વિદ્યા આવે ખરી કે? સોટી વાગે ચમ્ચમ્ અને વિદ્યા આવે ધમ્ધમ્.

બોધાની મા—મહારાજ! મારવાથીજ વિદ્યા આવતી હોય તો અમારા ઘરવાળાને કેમ કંઇજ ન આવડ્યું? ઝાડુ કહો કે જુતાં કહો, મેં તો કંઇ જ બાકી રાખ્યું ન હતું.

પંડિત—બ્હેન! એ તે કંઇ તમારા હાથથી બની શકે? એ તો અમારૂં જ કામ.

ભોધાની મા—મહારાજ ! મારા હાથમાં કંઇ જોરની કસર નથી. જોશો ?

એમ કહીને ભોધાની માએ પંડિતજીને એક મૂઠી કોપરાપાક આપી દીધો. પંડિતજી આ પ્રમાણે અધિક વિદ્યાલાભનો આકસ્મિક યોગ ઉપસ્થિત થયેલો જોઇને એકે શ્વાસે પલાયન કરી ગયા. સાંભ- ળ્યું છે કે, તે દિવસથી પંડિતજી ફરીથી ભોધલરામનું નામ લેતા નથી, અને **भू** ધાતુને માટે પાઠશાળામાં ફરીથી ધાંધલ મચવા પામ્યું નથી. ભોધલરામ જ્યાં ત્યાં કહેતો ફરે છે કે, માએ એકે તડાકે પંડિતજીનું ભૂત કાઢી નાખ્યું.

કથા નંબર ૯-ધર્મશિક્ષણ.

Theory-(સિદ્ધાંત.)

બોલો બેટા, "**मातृवत् परदारेषु**"

છોકરો—એટલે શું, બાપા ?

બાપ—એ કે, જેટલી સ્ત્રીઓ-પારકી સ્ત્રીઓ હોય તે સઘળીને આપણી મા બરાબર જાણવી.

છોકરો—તે સઘળી જ મારી મા ?

બાપ—હા બેટા, બીજું શું ?

છોકરો—બાપા, ત્યારે તમારે માથે તો મહા દુઃખ આવી પડ- વાનું. જો તેઓ મારી મા હોય તો આપની શું લાગે ?

બાપ—છટ્ ! છટ્ ! એવું તે બોલાતું હશે ? બોલ—

"**मातृवत्परदारेषु परद्रव्येषु लोष्ठवत्**"

છોકરો—એનો શો અર્થ, બાપા ?

બાપ—પારકી ચીજ લોષ્ઠ સમાન ગણવી જોઇએ.

છોકરો—'લોષ્ઠ' શું?

બાપ—માટીનું ઢેફું.

છોકરો—બાપા, ત્યારે તો કંદોઇને પેંડાના પૈસા પણ નહિ આપવા પડે ઢેફાનું વળી મૂલ્ય શું?

બાપ—તેમ નહિ. પારકી ચીજ માટીના જેવી સમજવી એટલે તે લેવાની ઇચ્છા જ ન થાય.

છોકરો—બાપા, કુંભારનો ધંધો શીખીએ તોપણ નહિ થાય?

બાપ-છટ્! તને કશું જ આવડશે નહિ. સાંભળેછ! હમણાં બોલ.

"मातृवत्परदारेषु परद्रव्येषु लोष्ठवत्!
आत्मवत्सर्वभूतेषु यः पश्यति स पंडितः॥"

છોકરો—"**आत्मवत्सर्वभूतेषु**" એટલે શું, બાપા?

બાપ—એજ કે, સઘળાને પોતાના જેવા જ જાણવા.

છોકરો—તેમ હોય તો તો ઘણું જ સારૂં જો પારકાને આપણા જેવા સમજવા એમ હોય તો પારકાની ચીજ તે આપણી જ ગણવી જોઇએ અને પારકી સ્ત્રી પણ આપણીજ સમજવી જોઇએ.

બાપ—દૂર થા! મૂર્ખ! છછૂંદર!

ઇતિ ચપેટિકા ઘાત (તમાચા પ્રહાર).

Practice—અભ્યાસપાઠ.

પાઠ પહેલો.

કાદંબિની નામની એક પ્રૌઢા સ્ત્રી બેડું બગલમાં રાખીને પાણી ભરવા જાય છે. એ અરસામાં પેલો શાસ્ત્ર ભણેલો છોકરો તેની સામે આવીને ઉભો.

છોકરાએ કહ્યું—મા!

કાદમ્બિની—કેમ, બેટા ! અહા ! છોકરાની વાણી કેવી મિઠી છે ! કાળજું પણ ઠરી જાય છે.

છોકરા—મા, પેંડા ખાવાને એક પૈસો આપને !

કાદમ્બિની—ભાઇ, હું દુઃખી માણસ છું, પૈસો કયાંથી લાવું ?

છોકરો—દીકરી, નથી આપતી કે ? કમબખ્ત, ચોટલા બળી !

કાદમ્બિની—જારે મુઆ ! દેવતા પડે તારા મોં પર, મુઓ આવો છોકરો કોનો છે ?

છોકરો—મારી બેટી નહિ આપે કે ? (એમ કહી પ્રહાર કરવો અને તેથી ઘડાનું ફૂટી જવું.)

(પછી છોકરાના બાપનું તેજ રંગભૂમિ ઉપર હાજર થવું.)

બાપ—અરે વાનર ! આ શું ?

છોકરો—કેમ, બાપા, આ તો મારી મા છે. માની સાથે જે પ્રમાણે ચાલું છું તે જ પ્રમાણે આની સાથે પણ વર્ત્તુ છું. "**मातृवत्-परदारेषु**" કેમરે ! ટચરી, બાપાને જોઇને ઘૂમટો પણ નથી તાણતી કે ?

પાઠ બીજો.

કંદોઇએ છોકરાના બાપની પાસે આવીને ફરીઆદ કરી કે, તમારા છોકરાના જુલમથી હવે દુકાન ચલાવવી ભારે થઈ પડી છે. છોકરો દુકાન લૂંટીને બધી મિઠાઇ ઉડાવી જાય છે.

ગોવાળે આવીને તેજ પ્રમાણે દૂધ માખણના સંબંધમાં ફરિઆદ કરી એટલે પિતાએ પુત્રને પકડીને મારવા માંડયો. છોકરાએ પૂછયું, મારો છો શા માટે, બાપા ?

બાપ—મારૂં નહિ તને ? પારકી ચીજ લૂંટી લાવનારને ?

છોકરા—બાપા, ચોરોનો ભય વધી પડયો છે, તેથી દેશાં

(ગોળા) એકત્ર કરી રાખું છું; પારકી ચીજ તો ઢેફાં જ છે ને?

સરસ્વતીપૂજનનો સમય આવી રહ્યો છે. પ્રાતઃકાળમાં પિતાએ પુત્રને કહ્યું:—"જા એક ડુબકી મારતો આવ અને અંજલિ આપ—નહિ તો ખાવા પામીશ નહિ."

છોકરો—ખાઇને સાંજે અંજલિ આપીએ તો નહિ ચાલે?

બાપ—એમ કેવી રીતે બને? ખાધા પછી તે અંજલિ અપાતી હશે, ગાંડા?

છોકરો—ત્યારે આ વર્ષની અંજલિ બીજા વર્ષની અંજલિ સાથે આપવાથી નહિ ચાલે? આ વખતે તો ઠંડી ઘણી સખત છે.

બાપ—એમ નહિ ચાલે. **સરસ્વતીને** અંજલિ આપ્યા સિવાય શું વિદ્યા આવે કે?

છોકરો—એકાદ વરસ શું ઉધાર વિદ્યા નહિ મળી શકે?

બાપ—દૂર જા, મૂર્ખ! જા, સ્નાન કરતો આવ, અંજલિ આપ્યા પછી એ સરસ પેંડા આપીશ.

"બહુ સારૂં" કહીને છોકરો નાચતો કૂદતો નહાવા દોડ્યો. ઠંડી પુષ્કળ હતી—પવન પણ તેવોજ—પાણી હાથ ઠરી જાય તેવું હતું; એટલે છોકરાએ અક્કલ દોડાવીને ઘાટ પર એક પાંચ વર્ષનો માછીનો છોકરો ઉભો હતો તેને પકડ્યો, અને બે ડૂબકી મરાવી પછી તેને પાણીમાંથી ખેંચી કાઢી બાપ પાસે ઘસડી લાવ્યો, અને બોલ્યો; "બાપા! નાહી આવ્યો."

બાપ—કયાં બાપુ—કયાં નાહી આવ્યો?

છોકરો—આ માછીના છોકરાને ઝબોળી લાવ્યો છું.

બાપ—મોટું કામ કર્યું પણ તું કયાં નાહી આવ્યો?

છોકરો—બાપા, **"आत्मवत् सर्वभूतेषु"** એટલે એનામાં અને મારામાં કંઇ ભેદ છે? એ નાહ્યો એટલે હું પણ નાહ્યો જ છું ને? હવે પેંડા આપો.

પિતા હાથમાં લાકડી લઇને પુત્રની પાછળ દોડવા લાગ્યા. પુત્ર નાસતાં નાસતાં બોલતો હતો; " બાપા શાસ્ત્ર જાણતા નથી. "

થોડી વાર પછી તે શિક્ષિત બાળકના પિતાના સાંભળવામાં આવ્યું કે પુત્રે પાસેના મહોલ્લાના દિનમણિશંકર શાસ્ત્રીની પાઠશાળામાં જઇને શાસ્ત્રીને સારી પેઠે ખોખરા કર્યા છે. છોકરો ઘેર આવતાં પિતાએ પૂછ્યું, આ વખતે વળી શી મોકાણ માંડતો આવ્યો ?

છોકરો—શું કરૂં બાપા! તમે કંઇ છોડો એમ હતા ? લાકડી મારતજ મારત; એટલે મેં જાતે જાતેજ માર ખાઇ લીધો.

બાપ—તે કેવી રીતે બચ્ચાજી ? પોતેજ ક્યાંથી ? દિનમણિશંકર શાસ્ત્રીને મારી આવ્યો છે ને ?

છોકરો—બાપા, " **आत्मवत् सर्वभूतेषु** " દિનમણિશંકર શાસ્ત્રી અને મારામાં શું તમે ભેદ જુઓ છો ?

પિતાએ પાણી મૂક્યું કે આ છોકરાને હવે કદીપણ ભણાવવો નહિ.

કમલાકાન્તનું દફતર.

કમલાકાન્તનો પરિચય.

અનેક જણ કમલાકાન્તને પાગલ કહે છે. તે ક્યારે શું કરશે અને શું બોલશે તેનું કંઇ ઠેકાણું નથી. તેને લખતાં વાંચતાં આવડતું નથી એમ નથી. તે કંઇક અંગ્રેજી અને કંઇક સંસ્કૃત પણ જાણે છે; પરન્તુ જે વિદ્યાથી દ્રવ્યોપાર્જન ન થાય તે વિદ્યા શું વિદ્યા કહેવાય ? ખરી વાત એ છે કે, સાહેબ સુબા પાસે પહોંચતાં આવડવું જોઇએ, પછી તે ગમે તેવો મૂર્ખશિરોમણિ કાં ન હોય ! ભલે કેવળ પોતાની સહીજ કરી જાણતો હોય તેની હરકત નહિ; તેવાઓ પણ મઝેથી અમલદારી ભોગવે છે. અમારા વિચાર પ્રમાણે તેજ પંડિત, અને કમલાકાન્ત જેવા વિદ્વાન્ જેમણે કેટલાંએ પુસ્તકો ભણી નાખ્યાં હોય તેઓ મહા મૂર્ખજ છે.

કમલાકાન્ત એક વખત નોકરીએ રહ્યા હતા. એક સાહેબે તેમની અંગ્રેજી વાતચીત સાંભળીને તેમને પોતાની ઑફિસમાં બોલાવી જઇ કારકુની આપી હતી; પરન્તુ કમલાકાન્ત નોકરી ટકાવી શક્યા નહિ. તેઓ ઑફિસમાં જઈને ઑફિસનું કામ કરતા નહિ. સરકારી રજીસ્ટરમાં કવિતા લખતા, ઑફિસની ચિઠ્ઠીપત્રી ઉપર કોઇક શેક્સપિઅર નામના લેખકનાં વચનો નોંધતા, અને બીલ–બૂકનાં પાનાં ચિત્રોથી અંકિત કરતા. એક વખત સાહેબે તેમને માસિક પગાર બીલ તૈયાર કરવા કહ્યું. કમલાકાન્તે બીલ–બૂક લઈને એક ચિત્ર ખેંચ્યું. કેટલાક નાગા

બાવાઓ સાહેબ પાસે ભિક્ષા માગે છે, અને સાહેબ બહાદુર બબ્બે ચચ્ચાર પૈસા તેમના તરફ ફેંકી રહ્યા છે. નીચે લખ્યું હતું:—"વાસ્તવિક પે–બિલ." સાહેબે આ નૂતનતર પે–બિલ જોઇને તેજ દિવસે કમલાકાન્તને માન સાથે વિદાય કરી દીધા !

કમલાકાન્તની નોકરી અહીંથીજ સમાપ્ત થાય છે. પૈસાનું તેમને ઝાઝું પ્રયોજન પણ ન હતું. કમલાકાન્ત સ્ત્રીપરિગ્રહણની પંચાતમાં તો કદી પણ પડયા ન હતા. જ્યાં રહ્યા ત્યાં પેટપૂર અનાજ અને અડધાભાર અફીણ મળ્યું એટલે થયું. અહીં તહીં મોજ આવે ત્યાં પડયા રહેતા. અનેક દિવસ મારે ઘેર પણ રહ્યા હતા. હું તેમને પાગલ જાણીને તેમની જરા વધારે સંભાળ લેતો; પરંતુ હું પણ તેમને ઝાઝું રાખી શકયો નહિ. તેઓ કોઇ પણ ઠેકાણે સ્થાયી રહેતા જ નહિ. એક દિવસ પ્રાતઃકાળમાં ઉઠીને બ્રહ્મચારીના જેવાં ગેરૂઆ રંગનાં કપડાં પહેરીને તેઓ ચાલતા થયા; અને કયાં ગયા તેનો પત્તોજ લાગ્યો નહિ.

તેમની પાસે કાગળોનું એક દફતર—બંડલ—હતું. કમલાકાન્તની પાસે કોઇ પણ કોરો કાગળ રહેવા પામતોજ નહિ. નજરે પડતાંજ ધૂળ પત્થર ચીતરી મારતા. શું લખતા તેમાંનું કંઇ પણ સમજી શકાતું નહિ. કોઇક કોઇક વખત તાનમાં આવી જઇને તેઓ મને વાંચી સંભળાવતા, સાંભળતાંજ હું નિદ્રાધીન થઇ જતો. એ કાગળો તેઓ શાહીથી ખરડાયલા એક જરી પુરાણા વસ્ત્રમાં બાંધી રાખતા. જતી વખતે તેઓ મને એ બંડલ સોંપતા ગયા અને બોલ્યા; "તમને આ બક્ષિસ કરૂં છું."

એ અમૂલ્ય રત્નને લઇને મારે શું કરવું ? પ્રથમ એવી ઇચ્છા થઈ કે, અગ્નિદેવને સમર્પણ કરૂં; પરન્તુ પાછળથી મારા હૃદયમાં લોક-

હિતૈષિતાનો પ્રબળ ભાવ સ્ફુરી આવ્યો. મેં વિચાર્યું કે જેણે લોકોપકાર કર્યો નથી તેનો જન્મ વૃથા છે. મને અનુભવ હતો કે આ દફતરમાં અનિદ્રાની અતિ રામબાણ દવા છે; અને જે એને વાંચશે તેના પર નિદ્રાદેવી તરતજ પ્રસન્ન થઇ જશે, અને તેથી કરીને જેઓ અનિદ્રા રોગથી પીડાતા હોય તેમના ઉપકારાર્થે હું કમલાકાન્તની કૃતિઓનો પ્રચાર કરવા તત્પર થયો છું.*

શ્રી ભીષ્મદેવ ખુશનબીસ.

---

* બંગાળીમાં "કમલાકાન્તેર દફતર" એ નામથી પ્રસિદ્ધ થએલી એ કૃતિઓમાંની કેટલીક ચૂંટી કહાડીને તેનો અનુવાદ અત્ર અપાય છે.

મ.શ્રી. સ. સા.

૧-એકાંત.

" એ કોણ ગાય છે ? "

લાંબા વખતથી ભૂલી જવાયલા સુખસ્વપ્નની સ્મૃતિની પેઠે એ મધુર ગાને મારી કર્ણગુહામાં પ્રવેશ કર્યો. એ સંગીત બહુ સુંદર છે એમ નથી, છતાં આટલું મધુર શા માટે લાગે છે? પથિક રસ્તે ચાલતાં પોતાની મોજથી ગાતો ગાતો જાય છે. ચાંદનીવાળી રાત્રિ જોઇને તેના હૃદયનો આનંદ ઉભરી આવ્યો છે. સ્વાભાવિક રીતેજ તેનો કંઠ મધુર છે—એ મધુર કંઠથી આ મધુમાસ (ચૈત્ર) માં તે પોતાના હૃદયાનંદનું માધુર્ય વરસાવી રહ્યો છે. તો પછી સિતારની તંત્રી ઉપર આંગળી ફરતાં જેમ તેના સઘળા તારો ઝણુઝણી ઉઠે છે, તેમ આ ગીતધ્વનિ પોતાના સ્પર્શથી મારી હૃદયતંત્રીને શા માટે ગુંજાયમાન કરી મૂકે છે ?

શા માટે ? એનો ઉત્તર કોણ આપશે ? રાત્રિ જ્યોત્સ્નામયી+ છે. વાલુકામયx નદીમાં કૌમુદી* હાસ્યતરંગ ફેલાવી રહી છે. નીલી સાડીથી જેનું અર્ધું અંગ ઢંકાયલું છે એવી સુંદરીની પેઠે કૃશ શરીરવાળી, સ્વચ્છ ભૂરા જળવાળી તરંગિણી÷ કિનારાપરની રેતીને આલિંગતી ચાલી જાય છે. રાજમાર્ગ ઉપર આનંદ આનંદ રેલાઇ રહ્યો છે—બાળક, બાલિકા, યુવાન, યુવતિ, પ્રૌઢા, વૃદ્ધા, સર્વ નિર્મળ ચંદ્ર-કિરણોમાં સ્નાન કરીને આનંદ કરી રહ્યાં છે. કેવળ હુંજ આનંદરહિત છું-તેથીજ આ સંગીતથી મારી હૃદય-તંત્રી ઝણુઝણી ઉઠી છે.

હું એકલો છું-તેથીજ આ સંગીતથી મારૂં શરીર રોમાંચિત

+ ચાંદનીવાળી. x રેતીવાળી. * ચાંદની. ÷ નદી.

થઇ ઉઠયું છે. આ બહુજનપૂર્ણ નગરીમાં—આ આનંદપૂર્ણ અનંત મનુષ્ય—પ્રવાહમાં હું એકલોજ છું. તો હું પણ શા માટે આ અનન્ત જળપ્રવાહમાં ભળી જઇને આ વિશાળ આનંદતરંગ—તાડિત જલબુદ્‌બુદ્‌ના સમૂહ માંહેલો એક બીજો બુદ્‌બુદ્‌ નહિ બનું ? જળનાં બિંદુ બિંદુ મળીને સમુદ્ર બન્યો છે. હું પણ એક જળબિન્દુ છું, તો પછી એ સમુદ્રમાં શા માટે ન ભળી જાઉં ?

તે હું જાણતો નથી—કેવળ એટલુંજ જાણું છું કે, હું એકલો છું. મારી સલાહ છે કે કોઇએ પણ એકલા રહેવું નહિ. જો કોઇ અન્ય તમારા પ્રણયનું ભાગીદાર ન થયું તો તમારો મનુષ્યજન્મ વૃથા છે. પુષ્પમાં સુગંધ છે, પરન્તુ જો તેને કોઇ સુંઘનાર ન હોય તો તે સુગંધી કહેવાશે નહિ; કારણ કે સુંઘનાર વિના સુગંધના અસ્તિત્વનું પ્રમાણ પણ શું ? પુષ્પ પોતાને માટે વિકસતાં નથી, તમારા હૃદયપુષ્પને પણ અન્યને માટે પ્રફુલ્લિત થવા દો.

પરન્તુ કેવળ એક વાર સાંભળતાંજ એ સંગીત મને એટલું મધુર શા માટે લાગ્યું તે તો મેં કહ્યુંજ નહિ. અનેક દિવસ થયાં આનંદોત્પન્ન સંગીત મારા સાંભળવામાં આવ્યું નથી—લાંબા વખતથી મેં આવો આનંદ અનુભવ્યો નથી. યૌવનમાં જ્યારે આખી પૃથ્વી સુંદર હતી, જ્યારે પુષ્પે પુષ્પે સુગંધ મળતી હતી, પ્રત્યેક ખરી પડતાં પાંદડાંના અવાજમાં મધુર શબ્દ સંભળાતા હતા, પ્રત્યેક નક્ષત્રમાં ચિત્રારોહિણીની શોભા દેખાતી હતી, અને પ્રત્યેક મનુષ્યના મુખ ઉપર સરલતા ભાસતી હતી, ત્યારે આનંદ હતો. પૃથ્વી આજે પણ તેનીતેજ છે, સંસાર આજે પણ તેનો તેજ છે, અને મનુષ્યચરિત્ર પણ આજે તેનું તેજ છે, પરન્તુ આ હૃદય હવે તેનું તે રહ્યું નથી. તે સમયે સંગીત સાંભળતાં જે આનંદ થતો હતો, તેજ આનંદ આજે આ સંગીત સાંભળીને યાદ આવી ગયો છે. જે અવસ્થામાં, જે સુખમાં

તે આનંદ અનુભવ્યો હતો, તેજ અવસ્થા, તેજ સુખ હમણાં યાદ આવી ગયાં છે. જાણે ક્ષણભરનેમાટે ફરીથી જુવાની પ્રાપ્ત થઇ. હમણાં ત્યારની પેઠેજ જામેલી મનોમય મિત્રમંડળીમાં મનવડે જઇ બેઠો, અને પહેલાંની પેઠે અકારણ ઉચ્ચ સ્વરે હસવા લાગ્યો; જે વાત હમણાં પ્રયોજન વિનાની સમજીને હું બોલતો નથી, પણ ચિત્તની ચંચળતાને લીધે તે વખતે નિષ્પ્રયોજન છતાં અનેક વાર બોલ્યો હતો તે સઘળી વાત હમણાં પાછી બોલવા લાગ્યો. ફરીથી સરળ હૃદયે અન્યના સ્નેહને અકૃત્રિમ સમજીને સ્વીકારવા લાગ્યો. અને ક્ષણભરને માટે ભ્રાંતિ થઇ ગઇ—તેથીજ આ ગીત આટલું મધુર લાગ્યું. કેવળ-એમજ નહિ; ત્યારે સંગીત પ્રિય લાગતું, હમણાં તેમ નથી—ચિત્તની જે પ્રફુલ્લતાને લીધે સંગીત પ્રિય લાગતું તે પ્રફુલ્લતા હવે રહી નથી એટલે તેમ લાગતું નથી—હું ચિત્ત પરોવીને તે ગત યૌવનસુખનો વિચાર કરી રહ્યો હતો, તેજ અરસામાં આ પૂર્વ સ્મૃતિનું સૂચન કરનાર સંગીત કાને પડયું, અને તેથીજ તે આટલું મધુર લાગ્યું.

તે પ્રફુલ્લતા, તે સુખ હવે શા માટે નથી ? શું સુખની સામગ્રીઓ ઘટી ગઇ છે ? પ્રાપ્તિ અને ક્ષય બન્નેજ સંસારના નિયમ છે; પરન્તુ તેની સાથે ક્ષતિ કરતાં પ્રાપ્તિ અધિક હોય એવો પણ નિયમ છે. તમે જીવનમાર્ગમાં જેટલા આગળ વધશો તેટલાજ સુખ-સામગ્રીનો વધારે સંચય કરશો. તો પછી અવસ્થા થતાં અંગમાંથી સ્ફૂર્તિ ઘટે છે શા માટે ? શા માટે પૃથ્વી તેવીજ સુંદર દેખાતી નથી ? શા માટે આકાશના તારા પ્રથમના જેવા ઝગઝગતા નથી ? આકાશની ભૂરાશમાં પણ અસલના જેવી ભભક શા માટે જણાતી નથી ? જે સ્થળ તૃણપલ્લવપૂર્ણ, કુસુમસુવાસિત, સ્વચ્છ નદીના જલસીકરથી છંટાતું, અને વસંતના પવનથી સંચાલિત હૃદયને ઠારે એવું હતું, તે હમણાં રેતાળ મરૂભૂમિ જેવું ઉજ્જડ શા માટે જણાય

છે ? કેવળ રંગીન ચશ્મા નહિ હોવાથીજ—આશા એજ રંગીન ચશ્મા. જુવાનીમાં મેળવેલું સુખ તો અલ્પ હોય છે; પરન્તુ સુખની આશા અપરિમિત હોય છે. હમણાં સંચિત સુખ તો અધિક છે, પરન્તુ તે બ્રહ્માંડવ્યાપિની આશા ક્યાં છે ? ત્યારે સંસારનો ક્રમ શો છે તે જાણતો ન હતો, તેથીજ અનેક જાતની આશાઓ રાખતો હતો. હવે સમજવામાં આવ્યું છે કે, આ સંસારચક્રપર આરોહણ કરનારને પાછા જયાંના ત્યાંજ આવવું પડે છે. જ્યારે તે પોતાના મનમાં એમ ધારે છે કે હું આગળ વધું છું, ત્યારે તે માત્ર ચક્કરજ લેતો હોય છે. હવે સમજાયું છે કે, સંસારસમુદ્રમાં તરવાનો આરંભ કરતાં તેના તરંગે તરંગ પ્રહાર કરીને આપણને ફરીથી કિનારા તરફ ધકેલી લાવે છે.

હવે સમજાયું છે કે, આ અરણ્યમાં માર્ગ નથી, આ રણમાં જલાશય નથી, આ નદીનો પાર નથી, આ સાગરમાં દ્વીપ નથી, આ અંધકારમાં નક્ષત્રનો પ્રકાશ નથી. હવે સમજાયું છે કે, પુષ્પમાં કીડા હોય છે, કોમલ પલ્લવોમાં કંટક હોય છે, આકાશમાં વાદળાં હોય છે, નિર્મળ નદીમાં વમળ હોય છે, ફળમાં વિષ હોય છે, ઉદ્યાનમાં સર્પ હોય છે, મનુષ્યહૃદયમાં કેવળ પોતાનેજ માટે આદર હોય છે. હવે સમજાયું છે કે, વૃક્ષે વૃક્ષે ફળ હોતાં નથી, પુષ્પે પુષ્પે સુવાસ હોતી નથી, પ્રત્યેક મેઘ વરસતા નથી, વને વને ચંદન નથી, ગજે ગજે મૌક્તિક નથી. હમણાંજ સમજી શક્યો છું કે, કાચ પણ હીરાની પેઠે ચળકતો હોય છે, પિત્તળ પણ સુવર્ણ જેવું ચકચકિત હોય છે, કાદવ પણ ચંદન જેવો સ્નિગ્ધ[1] હોય છે, અને કાંસુ પણ ચાંદી જેવું મધુર રણકાદાર હોય છે; પરન્તુ શું કહેતો હતો, ભૂલી ગયો ! હં ! તેજ ગીતધ્વનિ ! તે

૧ ચીકણો.

મધુર લાગ્યો હતો ખરો; પરન્તુ હવે હું તે બીજી વાર સાંભળવા ઇચ્છતો નથી. જેવું આ મનુષ્યકંઠમાંથી ઉત્પન્ન થયેલું સંગીત, તેવુંજ એક બીજાું સંગીત સંસારમાં છે; સંસારરસના રસિયાઓજ તે સાંભળી શકે એમ છે, તેથીજ સંગીત સાંભળવા માટે મારૂં ચિત્ત આકુળ થઇ રહ્યું છે.

શું તે સંગીત હવે હું નહિ સાંભળી શકીશ ? સાંભળીશ, પરન્તુ હું વિવિધ જાતના વાદ્યધ્વનિથી સંમિલિત, અનેક કંઠમાંથી ઉત્પન્ન થયેલું પેલું પૂર્વશ્રુત સંસારસંગીત હવે સાંભળીશ નહિ.

હવે પહેલાંના જેવા ગાયક નથી, તે ઉમ્મર પણ નથી, તે આશા પણ નથી; પરન્તુ તેને બદલે જે સંગીત હમણાં સાંભળી રહ્યો છું તે તેના કરતાં પણ વધારે પ્રીતિકર છે. અન્ય કોઇ પણ વાદ્યની સહાયતા લીધા વિનાના માત્ર તેજ એક ગીતધ્વનિથી મારા કર્ણ પરિતૃપ્ત થઇ જાય છે. ‘ પ્રેમ ’ સંસારમાં સર્વવ્યાપી છે–પ્રેમજ ઇશ્વિર છે. પ્રેમ એજ હમણાં મારા કર્ણમાં પ્રવેશેલું સંસારસંગીત છે. અનંતકાલ સુધી એજ મહાસંગીત સાથે મનુષ્યની હૃદયવીણા વાગતી રહો. જો મનુષ્ય જાતિ ઉપર મારો પ્રેમ અવિચળ રહે તો પછી અન્ય સુખની હું સ્પૃહા રાખતો નથી.

શ્રી કમલાકાન્ત ચક્રવર્તી.

૨—મનુષ્યરૂપી ફળ.

અફીણની એકાદ માત્રા વધારે ચઢાવતાં મને ભાસે છે કે, આ સંસારવૃક્ષ ઉપર માયારૂપી પર્ણઘટામાં જાતજાતનાં ફળરૂપે મનુષ્ય માત્ર લટકી રહ્યાં છે; પાકતાંજ ખરી પડશે પણ સઘળાંજ કંઇ પાકી શકતાં નથી. કેટલાંક પવનના સપાટાથી અકાળે પણ ખરી પડે છે, કેટલાંકને કીડા લાગે છે, કેટલાંકને પંખીના ચંચુપ્રહાર નડે છે, કેટલાંક સુકાઇને ખરી પડે છે, અને કેટલાંક પરિપકવ થતાં તોડી લેવામાં આવે છે, અને ગંગાજળથી ધોવાઇને દેવસેવા અથવા બ્રહ્મભોજનના ઉપયોગમાં લેવાય છે. તેમનોજ ફળજન્મ અથવા મનુષ્યજન્મ સાર્થક છે. કેટલાંક ફળ બહુજ પાકી જતાં આપોઆપ વૃક્ષ ઉપરથી જમીનપર ખરી પડે છે, અને શિઆળ વગેરે તેઓને ખાઇ જાય છે; તેમનો મનુષ્યજન્મ અથવા ફળજન્મ વૃથા છે. કેટલાંક ફળ તીખાં, કડવાં અને તુરાં હોય છે; પરન્તુ તેમાંથી અમૂલ્ય ઔષધિઓ બને છે. કેટલાંક ફળ ઝેરી હોય છે કે જે ખાય તે મરીજ જાય; અને કેટલાંક ઇંદ્રવર્ણાની જાતિનાં હોય છે કે જે કેવળ દેખાવમાંજ સુંદર હોય છે.

મને કદી કદી ઝોકાં ખાતાં ખાતાં જણાઇ આવે છે કે, જુદી જુદી જાતના લોકો જુદી જુદી જાતનાં ફળો છે. આપણા દેશના હમણાંના મોટા લોકો મનુષ્યજાતિ મધ્યેનાં ફણુસ જેવા માલૂમ પડે છે.

કેટલાંક ખારસાં ખાવા લાયક હોય છે, કેટલાંકમાં જાળાં વધારે હોય છે, અને કેટલાંક બિલકુલ સત્વ—ચાંપાં—વિનાનાં ઢોરને ખાવા જેવાંજ હોય છે. કેટલાંક ફણુસ પાકે છે. કેટલાંક કેવળ કાચાંજ રહી જાય છે; કદી પણ પાકતાં નથી. કેટલાંક પકવે તો પાકી શકે

એવાં હોય છે, પરન્તુ પાકવા પામતાં નથી. પૃથ્વીનાં રાક્ષસ રાક્ષસીઓ તેને કાચાં ને કાચાંજ તોડી પાડી દાળમાં નાખીને ખાઇ જાય છે, અને જો તે પાકે તો મોટાં કોલાંઓનો ઉપદ્રવ નડે છે. જો ઝાડને ચારે બાજુએથી ઘેરી લીધું હોય અને ફણસ ઉંચે લાગ્યું હોય તો તો ઠીક; નહિ તો શિઆળવાંઓ કોઇ પણ રીતે તેને ઉદરસ્થ કરી દે છે. શિઆળવાંઓમાં કેટલાંક મેનેજર, કેટલાંક કારકુન, કેટલાંક નાયબ, કેટલાંક મુનીમ, મુનસફ અને કેટલાંક કેવળ આશીર્વાદ આપનારાં-ગોર, બ્રાહ્મણ વગેરે હોય છે. જો એ સઘળાંના હાથમાંથી બચીને પાકું ફણસ કોઇ પણ રીતે ઘેરજ પહોંચવા પામ્યું તો ત્યાં માખીઓ તેની આસપાસ ગણગણવા મંડી જાય છે. માખીઓ ફણસ ચાહતી નથી, તેઓને કેવળ તેના થોડા ઘણા રસનીજ અપેક્ષા હોય છે. એક માખીને કન્યાનો ભાર છે–તેના લગન માટે થોડો રસ આપો. બીજીની માનું શ્રાદ્ધ છે, થોડો રસ આપો. આ માખીએ એક પુસ્તક લખ્યું છે, થોડો રસ આપો, પેલીએ પેટને માટે એક વર્તમાન પત્ર કાઢયું છે તેને પણ થોડો રસ આપો; આ માખી ફણસની ફોઇની સાસુના પુત્રના સાળાના પુત્રની સાળી થાય છે, ગુજરાનનું સાધન નથી, થોડો રસ આપો. પેલી માખીની પાઠશાળામાં સાડાત્રણ છોકરાઓ ભણે છે, થોડો રસ આપો. હવે આ તરફ ફણસને ઘરમાં રાખી મૂકવાં પણ ઠીક નથી–સડી જઇને ગંધાઇ ઉઠશે. અમારા અભિપ્રાય પ્રમાણે તેને કાપીને તેની ઉત્તમ ચોકખા દૂધમાં ખીર રાંધીને કમલાકાન્ત જેવા સુપાત્ર બ્રાહ્મણને તેનું ભોજન કરાવવું એજ ઉત્તમ છે.

આ દેશની "સિવિલ સર્વિસ" ના સાહેબ લોકોને હું મનુષ્ય-જાતિ મધ્યેનાં આમ્રફળ સમજું છું. આ દેશમાં આમ્રફળ ન હતાં, સાગરપારથી કોઇ મહાત્મા એ સ્વાદિષ્ટ ફળ આ દેશમાં લઇ આવ્યા છે. આમ્રફળ દેખાવમાં રંગદાર અને ટોપલાને શોભાવી મૂકે એવાં

હોય છે. કાચાં બહુજ ખાટાં હોય છે, પણ પાકતાં સુમિષ્ટ થઇ જાય છે ખરાં; પરન્તુ ત્યારે પણ હાડ (ગોટલા) ખટાશ જતી નથી. કેટલાંક ફળ તો એવાં હલકી જાતિનાં હોય છે કે, પાકવા છતાં પણ તેની ખટાશ બીલકુલ જતીજ નથી; પરન્તુ તેઓ દેખાવમાં એવાં તો મોટાં અને રંગદાર હોય છે કે વેચનાર સહેલાઇથી ગ્રાહકને છેતરીને સેંકડાના પચીસ રૂપીઆ ઉપજાવી શકે છે. કેટલાંક ફળ કાચાં હોય ત્યારે મીઠાં લાગે છે, પણ પાકતાં ઉતરીને—એ સ્વાદ થઇ જાય છે. કેટલાંક એવાં પણ હોય છે કે દાબ આપીએ ત્યારેજ પાકે, તેવાંને તો કાપીને મીઠું છાંટી અથાણુંાંજ કરી નાખવાં ઠીક છે.

બધા લોકો આમ્રફળ ખાઇ જાણુતા નથી. એ ફળ ઝાડ પરથી તોડીને તરતજ ખાવાં ઠીક નથી. એને કેટલાક વખત સુધી સલામરૂપી પાણીમાં ડુબાડીને ઠંડાં કરવાં, અને જો બની શકે તો તે પાણીમાં થોડોક ખુશામતરૂપી બરફ નાખવો કે જેથી સારી પેઠે ઠંડાં પડે તે પછી છરી ચલાવી મજેથી ખાઇ શકાશે.

સાધારણ રીતે સ્ત્રીઓને કેળની ઉપમા આપવામાં આવે છે; પરન્તુ તે વાત અયુક્ત છે. કદલીફળ અને ભુવનમોહિની સ્ત્રી જાતિ એ બેમાં મને કંઇ પણ સાદશ્ય દેખાતું નથી. સ્ત્રીઓ શું લૂમે લૂમે ફળે છે ? કોઇના નશીબમાં ફળતી હોય તો હોય—પરન્તુ કમલાકાન્તના ભાગ્યમાં તો નથીજ. કેળ સાથે કામિનીઓનું એટલુંજ સાદશ્ય છે કે, એ બન્ને વસ્તુઓ વાનરોની પ્રિય વસ્તુ છે.

કામિનીઓમાં આ એક સમાન ગુણુ હોવા છતાં હું તેની તુલના કેળ સાથે કરી શકતો નથી. બીજી બાજુએ કેટલાક કટુભાષી લોકો છે, તેઓ બધાં ફળોમાંથી ઇંદ્રવર્ણાની સાથેજ યુવતિઓની તુલના કરે છે. જેઓ એવું કહે છે તેઓ કઠોરભાષી છે, હું તો સુંદરીઓનો દાસાનુદાસ છું, હું એવું કહી શકતો નથી.

હું કહું છું કે રમણીઓ આ સંસારમાં નાળિએરનું સ્થાન લે છે. નાળિએરી પણ ઝુમ્મે ઝુમ્મે ફળે છે ખરી, પરન્તુ (વ્યાપારી સિવાય) કોઇ પણ તેની લૂમની લૂમ તોડી પાડતું નથી. કદાચ કોઇ બારશનાં પારણાં કરવા અથવા તો વૈશાખ માસમાં બ્રાહ્મણોની સેવા-માટે એકાદ બે તોડે છે.

નાળિએરની લૂમે લૂમ તોડી પાડીને ખાવાના અપરાધ માટે જો કોઇ પણ ગુન્હેગાર હોય તો તે કેવળ કુલીન બ્રાહ્મણો જ છે.* કમલાકાન્તથી કદી પણ તેવો અપરાધ થયો નથી.

વૃક્ષનાં નાળિએરોની પેઠે સંસારનાં આ નાળિએરોની પણ અવસ્થાભેદે જુદી જુદી સ્થિતિ છે. છેક કુમળી અવસ્થામાં બન્નેનાં હૃદય ઘણાં સ્નિગ્ધ હોય છે—નાળિએરનાં જળથી ઉદર ઠંડું થાય છે, અને કિશોરીના અકૃત્રિમ, ભોગવિલાસનાં લક્ષણોથી રહિત પ્રણયરસથી હૃદય ઠંડું થાય છે; પરન્તુ બન્ને જાતિનાં—ફલજાતિનાં અને મનુષ્ય જાતિનાં—કુમળાં નાળિએરજ સારાં છે. તે વખતે એ ફળ દેખાવમાં કેવાં સ્યામલ કાંતિમાન હોય છે ! તેનાથી તાપ પરાજય પામી જાય છે—જાણે તે નવીન સ્યામલ શોભા આગળ જગતનો તાપ ઠંડો પડી જતો હોયની ! ઝાડ ઉપરની નાળિએરની લૂમે લૂમ અને ઝરૂખામાંની સ્ત્રી-ઓનાં ઝુંડે ઝુંડ મારી નજરે એક સરખાંજ દેખાય છે. બન્ને પોત પોતાનાં સ્થાન દીપાવે છે; પરન્તુ જો જો—જોતાં ભૂલમાં પડી જશો નહિ—આ ચૈત્રમાસનો તાપ છે, વૃક્ષપરથી કાચાં નાળિએર તોડી ખાવા મંડી જશો નહિ—એ વખતે એમાં ઘણી ગરમી રહેલી હોય છે. સંસારના પાઠ ભણ્યાવિનાની બાલિકાને એકાએક હૃદયમાં સ્થાન

* આપણે ત્યાંના દેશાઇ લોકોની પેઠે બંગાળાના કુલીન બ્રાહ્મણ એક ઉપર બીજી, ત્રીજી એમ વીસ વીસ બાયડીઓ કરતા તેમના ઉપર આ કટાક્ષ છે. હમણાં એ બદી ઓછી થતી જાય છે. ભા. ક.

આપશો નહિ, નહિ તો તમારા હૃદયમાં જ્વાલા (જ્વર) પ્રગટી નીકળશે. આમ્રફળની પેઠે કાચાં નાળિએરને પણ (ખુશામતરૂપી) બરફના પાણીમાં રાખીને ઠંડા કરવાં. જો બરફ ન હોય તો તળાવના પાણીમાં બોળવાં. જો મિષ્ટ વચનથી ન થઈ શકે તો કમલાકાન્ત ચક્રવર્તીની આજ્ઞા છે કે સખતાઇથી તેમ કરવું.

નાળિએરમાં ચાર ચીજ હોય છે—પાણી, ગર, કાચલી અને જટા. નાળિએરના પાણી સાથે સ્ત્રીઓના સ્નેહમાં મને સાદૃશ્ય જણાય છે. બન્ને જ ટાઢક આપનાર છે. જ્યારે તમે સંસારતાપથી તપીને હાંફતાં હાંફતાં ઘરના છાંયડામાં બેસીને વિરામ લેવાની ઇચ્છા કરો ત્યારે એજ શીતળ જળનું પાન કરજો એટલે સઘળા પરિતાપ ભૂલી જશો. તમારી દરિદ્રતાના ચૈત્રમાં અથવા બન્ધુવિયોગના વૈશાખમાં તમારા યૌવનના મધ્યાહ્નમાં અથવા વ્યાધિતપ્ત પાછલા પહોરમાં તમારૂં હૃદય બીજા શાથી ઠંડું પડી શકશે ? માતાનો આદર, સ્ત્રીનો પ્રેમ, કન્યાની ભક્તિ, એ સિવાય જીવનના સંતાપસમયમાં સુખનું બીજું સાધન છે શું ? ગ્રીષ્મના તાપમાં કાચા નાળિએરના પાણી જેવું બીજું ઠંડક આપનાર શું છે ?

પરન્તુ નાળિએર પાકતાં પાણી કંઇક તિખાશવાળું થઇ જાય છે. રામાની માની ઉમ્મર પાકી થવા પછી રામાનો બાપ એ તિખાશના સપાટાથી ઘર છોડી ચાલ્યો ગયો છે; એટલા જ માટે નાળિએરમાં કાચાં નાળિએરનો જ વધારે આદર થાય છે.

નાળિએરનો ગર તે સ્ત્રીઓની બુદ્ધિ છે. છેક કુમળી અવસ્થામાં તો તે ઝાઝી હોતી નથી. કિશોર અવસ્થામાં તે અત્યંત મધુર અને કોમળ હોય છે. પછી પાકી વય થતાં બહુ સખત થઈ જાય છે, કોની તાકાત છે કે તેને દાંતથી ફોડી શકે ? તે વખતે એ 'ગૃહિણીપણું' કહેવાય છે. ગૃહિણીપણામાં રસ અને મિઠાશ તો હોય છે ખરાં; પરન્તુ

તેમાં કોઇના દાંત બેસી શકતા નથી. એક તરફ કન્યા બેઠી છે, માના ઘરેણાંના દાબડામાંથી કંઇક મેળવવાની આશા રાખે છે; પરન્તુ ડોસીનો ગર એવો સખત છે કે, તેમાં દીકરીના દાંત બેસી શકયા નહિ— આખરે માએ જાતેજ એક વાળી કાઢીને આપી. આ તરફ માની નગદ પૂંજી. પર દાઢ ઘાલીને પુત્ર બેઠો છે, ડોસીએ દયા કરીને રોકડાં સાત પહોળીઆં કાઢી આપ્યાં. ધણીને ઘડપણમાં કંઇક ધંધો કરવાનો વિચાર થયો છે, પરન્તુ આખર અવસ્થામાં હાથ ખાલી હતા—પૈસા વિના વેપાર થાય નહિ—તેથી તેની નજર પણ ડોસીની પૂંજી પર ચોંટી. બેચાર પ્રવૃત્તિરૂપી દાંત લગાવી જોયા પણ ઘડપણના હાલી રહેલા દાંત ભાંગી ગયા—હવે જો કોઇ પણ રીતે બાકી રહેલા દાંતની ટીકી લાગી જાય તો પણ નાળિએરને જેરવવાની શક્તિ કયાં છે? જ્યાં સુધી રૂપીઆ પાછા ભરી દેવાય નહિ ત્યાંસુધી પતિદેવને અજીર્ણ રોગથી રાત્રે નિદ્રા પણ આવવા પામે નહિ.

એ પછી નાળિએરની કાચલી લઇએ,—એને સ્ત્રીઓની વિદ્યા કહેવી જોઇએ હું તો એને અડધી પડધી સિવાય કદી પણ પૂરેપૂરી જોઇ શકયોએ નથી. નાળિએરની કાચલી કંઇ મોટા કામમાં આવતી નથી, સ્ત્રીઓની વિદ્યા પણ બાજરખાણુ નથી. મેરી સમરવિલે વિજ્ઞાનનું પુસ્તક લખ્યું છે, જેન ઓસ્ટેન અને જ્યોર્જ ઇલિયટે નવલકથા લખી છે—તે ખરાબ નથી; પરન્તુ બન્ને કાચલીના પ્રમાણમાંજ ઉપયોગી છે.

જટા એ સ્ત્રીઓનું રૂપ છે. જે પ્રમાણે જટા નાળિએરનો બાહ્ય અંશ છે. તેજ પ્રમાણે રૂપ પણ સ્ત્રીઓનો બાહ્ય અંશ છે. બન્નેમાં કંઇ પણ સાર નથી, એનો પરિત્યાગ કરવો જ સારો છે; તોપણ નાળિએરની જટા એક કામમાં આવે છે—તેનાં ઉત્તમ દોરડાં બને છે, જે વડે મોટાં મોટાં જહાજો બાંધી શકાય છે. સ્ત્રીઓનાં રૂપરજ્જુથી પણ અનેક જહાજો બદ્ધ થઇ જાય છે. તમે જે પ્રમાણે નાળિએરનાં

(કાથાનાં) દોરડાંથી જગન્નાથજીનો રથ ખેંચો છો તેજ પ્રમાણે સ્ત્રીઓ પણ રૂપના રજ્જુથી મોટા મોટા મનોરથ ખેંચે છે. જ્યારે રથ તાણવા અટકાવવા માટેનો કાયદો ઘડાય ત્યારે તેમાં આ રથ ખેંચવા અટકાવવા-માટેની કલમ પણ નખાવી જોઇએ; તેમ થતાં અનેક નરહત્યા અટકી જશે. નાળિએરના રજ્જુનો ગળામાં ફાંસો નાખીને કોઇએ કદી પણ પ્રાણ ત્યાગ કર્યા છે કે નહિ તે હું જાણતો નથી; પરન્તુ રમણીઓના રૂપરજ્જુનો ફાંસો ખાઇને કેટલા બધા લોકોએ પ્રાણ ત્યાગ કર્યા છે, તેની ગણના કોણ કરી શકે એમ છે?

વૃક્ષનાં નાળિએર અને સંસારનાં નાળિએર સાથે મારે વાંધો એ છે કે, હું હતભાગી બેમાંના એકનું પણ હરણ કરી શક્યો નથી.

બીજાં ફળો આકર્ષણી× લગાવીને પાડી લેવાય છે; પરન્તુ નાળિ-એર ઝાડપર ચઢ્યા વિના આંટીમાં આવતાં નથી. જો ઝાડપર ચઢવા જાઓ તો પોતાના પગમાં દોરડું બાંધવું પડશે; નહિ તો તરવાડાની* ખુશામત કરવી પડશે.

હું તરવાડાની ખુશામત કરવાને પણ રાજી છું; પરન્તુ મારા ભાગ્યદોષથી લલાટમાં નાળિએર લખાયુંજ નથી. હું જેવા 'ટાઇપ'નો માણુસ છું, તેવાજ વૃક્ષ પરથી તેવા રૂપગુણની આકર્ષણી લગાવીને નાળિએર તોડી શકું એમ છું. તોડી શકું ખરો પરન્તુ ભય એટલો જ રહે છે કે, રખેને નાળિએર આવીને ગરદન પર પડે. એવી ઘણીએ કાળી, કુબડી, કુબજા કામિનીઓ છે, કે જેઓ કમલાકાન્તને પતિ તરીકે સ્વીકારવા રાજી હોય; પરન્તુ પારકી છોકરીને ગરદન પર બેસા-ડીને આ સંસારયાત્રા કરવાને આ ગરીબ માણુસ હમણાં અસમર્થ છે;

× કડી, આંકડી. *કમલાકાન્ત ઘણુંકરીને ગોર લોકોને તરવાડો કહે છે, કારણ કે ગોરની મદદ સિવાય લગ્ન થઇ શકતાંજ નથી. અરરર કેટલો ઢોંગ ! ભીષ્મદેવ.

એટલા માટેજ કમલાકાન્તે આ વખતની યાત્રામાં નારિકેલ-ફલ ભક્તિભાવપૂર્વક વિશ્વનાથનેજ અર્પણ કરી દીધું છે. એક તો તે સ્મશાનવાસી છે, અને તે ઉપરાંત હમણાં તેમણે વિષપાન કર્યું છે-એટલે એ ધૂળ જેવું કાચું નાળિએર તેને શું કરી શકવાનું હતું ?

આ દેશમાં હમણાં હમણાં એક જાતના લોકોએ દેખાવ દેવા માંડયો છે; તેઓ દેશહિતૈષીના નામથી પ્રસિદ્ધ છે; તેમને હું સામળનાં ફૂલ સમજું છું. જ્યારે ફૂલ ફૂટે છે ત્યારે દેખાવમાં ઘણાં સુંદર હોય છે-મોટાં રાતાં રાતાં ફૂલોથી ઝાડ સુશોભિત થઇ રહે છે; પરન્તુ મારી નજરમાં તો સામળના નગ્ન વૃક્ષ પર આટલી રતાશ સારી દેખાતી નથી, તે થોડાં ઘણાં પાંદડાંથી ઢંકાયલું રહ્યું હોત તો શોભત. પાંદડાંની અંદરથી જે થોડી થોડી રંગની છટા દેખાય તેજ સુંદર લાગે છે. ફૂલમાં સુગંધનું તો નામે નથી, કોમળતાનો (સહૃદયતાનો) અંશે નથી; પરન્તુ તે છતાં તે ખાસ્સાં મોટાં અને રાતાં ચોળ હોય છે ખરાં. જ્યારે ફૂલ ખરી જઈને ફળ આવ્યાં ત્યારે મનમાં થયું કે, હવે કંઇક લાભ મળશે; પરન્તુ તેઓ મોટાં વધવા પામ્યાંજ નહિ અને ધીમે ધીમે ચૈત્ર માસ આવતાં રૌદ્રના તાપથી *લઘુ અંતરવાળાં ફળ ફૂટ દઇને ફાટી પડયાં; અને તેમાંથી સહેજસાજ રૂ બહાર નીકળીને તેનાં ભીંગડાં આખા દેશમાં ઉડવા લાગ્યાં.

સંસ્કૃત પંડિતો અને શાસ્ત્રીઓ સંસારમાં ધંતુરાનાં ફળ જેવા છે. મોટા લાંબા લાંબા સમાસો અને મોટાં મોટાં વાક્યોના રૂપમાં તેમનાં લાંબાં લાંબાં ફૂલો ફૂટે છે, પરન્તુ ફળ વખતે તો ધંતુરાનાં કંટકમય જીંડવાંજ નજરે પડે છે. મને ઘણા દિવસ થયાં વિચાર થયો કે, કુકકુટ માંસનું ભોજન લઇને હિન્દુજન્મ પવિત્ર કરૂં-પરન્તુ દુષ્ટ ધંતુરાના કાંટાના ભયથી હજી સુધી કંઈ પણ કરી શક્યો નથી. ધંતુરાનો

---

* કદમાં નાનાં, લઘુ અંતઃકરણવાળાં.

ગુણમાં ગુણ એજ છે કે, તે માદક પદાર્થની માદકતામાં વૃદ્ધિ કરે છે. જે ગંજેરીઓને ગાંજાથી નિશો ચઢતો નહિ હોય તેમણે ગાંજાની સાથે ધંતુરાનાં બે ચાર બી વાટી નાખવાં—જે માયાભક્તોને માયાથી નિશો ચઢતો નહિ હોય તેમણે માયા સાથે બે ચાર બીજ ધંતુરાનાં વાટી નાખવાં. માલૂમ પડે છે કે એજ હિસાબે આ દેશના સાક્ષરો પોતપોતાના લેખો અને ભાષણોમાં શાસ્ત્રીઓ પાસેથી બે ચાર પ્રમાણ વચન—શ્લોકો—સાંભળી લઇને ઘુસાડી દે છે. લેખો અને નિબંધો રૂપી ગાંજામાં પેલાં પ્રમાણ વાક્યરૂપી ધંતુરાનાં બીજ મેળવવાથી તેના ઉપાસકો(વાંચકો અને શ્રાવકો)ને ઘેન સારી પેડે ચઢી શકે છે, અને એજ નિશાથી આજકાલ આખો દેશ ઉન્મત્ત થઇ ગયો છે.

આપણા દેશના લેખકોને હું આમલી સમજું છું. એમની પોતાની પૂંજી તો પેલી ખટાશજ છે, પરન્તુ તે દૂધનો પણ સ્પર્શ કરતાં તેનું દહીં બનાવી દે છે. ગુણમાં કેવળ ખટાશનો ગુણ—અને તે પણ નિકૃષ્ટ પ્રતિનો, તેમ છતાં એનો એક બીજો ગુણ આપણે કબુલ કરવો જોઇએ; તે એ કે, એ સાક્ષાત્ કાષ્ઠનો અવતાર છે. આમલીનું કાષ્ઠ નિરસ છે ખરૂં, પરન્તુ સમાલોચનારૂપી અગ્નિમાં બળે છે સારૂં. સત્ય વાત બોલવામાં ભય શો ? આમલીના જેવી ખરાબ ચીજ મેં દુનીઆમાં જોઇજ નથી. જો થોડી સરખી પણ ખાવામાં આવે તો અજીર્ણ થઇ જાય, અને ખાટા ખાટા ઓડકાર આવવા લાગે. જો વધારે પ્રમાણમાં ખાધી તો અમ્લપિત્તના રોગથી સદાય પીડાવુંજ પડે. જેઓ સાહેબ બની ગયા છે, અને ટેબલ ખુરશીપર બેસીને ગ્યાસ અથવા વિજળીની રોશનીમાં, દૃંજુલ્લાખાને પકાવેલું ખાણું કાંટા ચમચાથી ખાતાં શીખી ગયા છે તેઓ એક મહા પીડામાંથી છુટી ગયા છે; તેમને આમલીની તીક્ષ્ણ ધારના ઘા ખમવા પડશે નહિ, તેમને પહેલેથી છેલ્લે સુધી આમલીના પાણીમાં માછલી

રાંધીને તેની સાથે ભાત મેળવીને ખાવાનો પ્રસંગ નથી આવતો;* પરન્તુ જેઓને રસોડામાં બેસી અબોટીઆં પહેરીને ગૃહિણીના હાથનું રાંધેલું થાળી વાટકામાં ખાવું પડે છે તેમના દુઃખનો કંઇ આરો છે? ગૃહિણી કુલીન માબાપની દીકરી છે, દરરોજ સવારમાં નહાય છે, અને હાથમાં તુલસીની માળા લઇ હરિનામ કીર્તન કરે છે; પરંતુ રાંધતી વખતે દાળ, ભાત, રોટલી ને શાક સિવાય બીજું કશું પણ કરી જાણતી નથી. ફૈજુલ્લા જાતનો તો મુસલમાન છે; પરંતુ રાંધે છે અમૃત જેવું.

હવે બીજા એક પ્રકારના મનુષ્યફળની વાત કહીને આજે વિરમીશું. કહો જોઇએ, દેશી ન્યાયાધીશો કયી જાતનાં ફળ છે? જેઓ ગુસ્સે થવાના હોય તેઓ ભલે થાય; પરન્તુ હું તો સ્પષ્ટ વાત કહીશ. તેઓ પૃથ્વીપરનાં ભૂરાં કોળાં છે. તેમને જો છાપરાંપર ચઢાવવામાં આવે તોજ તેઓ ઉંચે જળવાનાં. નહિ તો ભોંયપર ગબ-ડ્યાંજ કરવાનાં. જે સ્થળે ઇચ્છા થાય તે સ્થાને એમને ચઢાવી દો; પરન્તુ જ્યાં એકાદ પવનનો સપાટો આવ્યો કે, વેલા ઉપરથી ડબા-ડબ તૂટી પડીને જમીનપર ગબડવા માંડવાનાં. ઘણાં ખરાં ફળો તો રૂપમાં પણ કોળાં જેવાં અને ગુણમાં પણ કોળાં જેવાંજ—તો પણ કોળાં હમણાં બે પ્રકારનાં થાય છે, દેશી કોળાં અને વિલાયતી કોળાં.

વિલાયતી કોળાં કહેવાથી એમ સમજી લેવાનું નથી કે, એ કોળાં વિલાયતથી આવ્યાં છે. જે પ્રમાણે દેશી મોચીના બનાવેલા જોડાને વિલાયતી બુટ કહેવામાં આવે છે, તેજ પ્રમાણેનાં એ પણ વિલાયતી કોળાં છે. વિલાયતી કોળાંનું ગૌરવ અધિક હોય એ કહેવાની કંઇ જરૂર નથી. સંસારના ઉદ્યાનમાં બીજાં પણ અનેક ફળો ફળે છે, તેઓમાં સર્વ કરતાં નિરુપયોગી, હલકી પંક્તિનું અને ખાટું ફળ આ છે.

શ્રી કમલાકાન્ત ચક્રવર્તી.

---

* બંગાળામાં ઉંચી નાતના હિંદુઓ પણ મત્સ્યનો ખુલ્લી રીતે ઉપયોગ કરે છે. **ભા. ક.**

૩—યૂટિલિટી* અથવા ઉદર—દર્શન.

બેન્થામ સાહેબ હિતવાદ—દર્શનનો પ્રચાર કરીને યૂરપમાં અક્ષય કીર્તિ પ્રાપ્ત કરી ગયા છે.

હું એ હિતવાદ—મતનો વિરોધી નથી, એટલું જ નહિ પણ તેને અનુમોદન આપનારો છું; છતાં હું પણ એક કુશળ દાર્શનિક છું, અને એ વાત આપની જાણમાં છે કે કેમ તે હું કહી શકતો નથી. મેં એજ હિતવાદ—દર્શનના આધારે તેમાં કંઈક ભાંગફોડ કરીને વધારો ઘટાડો કરીને એક નવીન દર્શન શાસ્ત્ર રચ્યું છે. વાસ્તવિક રીતે જોતાં તે બંગાળામાં પ્રચલિત હિતવાદદર્શનનું કેવળ એક નવીન ભાષ્યજ છે; તેનો સ્થૂળ મર્મ સંક્ષેપમાં અહીં જણાવું છું. પ્રાચીન પદ્ધતિપ્રમાણે દર્શનશાસ્ત્ર સૂત્રોમાં લખવામાં આવ્યું છે, અને તેનું ભાષ્ય પણ મે પોતે જ લખીને સૂત્રોની સાથે સામેલ કર્યું છે. સૂત્રો બંગાળીમાં જ

---

* યૂટિલિટી શબ્દનો અર્થ શો ? શું એ બંગાળી શબ્દ નથી ? હું પોતે અંગ્રેજી જાણતો નથી—કમલાકાન્તે પણ કશો ઉલ્લેખ કર્યો નથી, તેથી નિરૂપાયે મેં મારા પુત્રને પૂછ્યું. મારા દીકરાએ ડિક્ષનરી જોઇને આ પ્રમાણેનો અર્થ બતાવ્યો 'યૂ' શબ્દ કહેતાં 'તું' અથવા 'તમે,' 'ટિલ' શબ્દનો અર્થ 'ખેતી કરવી,' 'ઇટ' એટલે 'ખાવું' અને 'ઇ' શબ્દનો અર્થ શો થાય છે તે તે કહી શકયો નથી; પરન્તુ હું ધારૂં છું કે, કમલાકાન્તનો "યૂ ટિલ્ ઇટ ઇ" પદથી એવો ઉદ્દેશ વ્યક્ત થાય છે કે, "તમે ખેતી કરીનેજ ખાઓ." કેવો નાલાયક ? સઘળાને જ ખેડુ ગણ્યા ! આવા દુર્જન, દશાનન લંબોદર ગજાનનની કૃતિ વાંચવામાં પણ પાપ છે. મને લાગે છે કે, મારો છોકરો અંગ્રેજીમાં પારંગત થયો જણાય છે, નહિ તો આવા કઠિન શબ્દનું સ્પષ્ટીકરણ કરવા શક્તિમાન થઇ શકત નહિ.

શ્રી ભીષ્મદેવ ખોસનવીશ.

લખવામાં આવ્યાં છે, તે ઉપરથી હું સંસ્કૃત ભાષાથી અજ્ઞાત છું એમ કોઇએ માનવું નહિ; પરન્તુ સંસ્કૃતમાં સૂત્રો લખવાથી તે કેટલા થોડા માણસો સમજી શકે? એટલા માટે સાધારણ વાચકોની અનુકૂળતા ખાતર જ મેં સઘળું કાર્ય બંગાળીમાં જ કર્યું છે. તે સૂત્ર ગ્રંથનો સારાંશ આ પ્રમાણે છેઃ—

સૂત્ર ૧. પ્રાણી માત્રના શરીરમાં રહેલી ચોક્કસ વિશાળ ગુફાને ઉદર કહે છે.

ભાષ્ય.

વિશાળ એટલે કે નાક, કાન ઇત્યાદિ ક્ષુદ્ર ગુફાઓને ઉદર કહી શકાય નહિ; કહીએ તો 'અતિવ્યાપ્તિ' દોષ આવે. "પ્રાણી માત્રના શરીરમાં રહેલી વિશાળ ગુફા" એમાં "પ્રાણી માત્રના શરીરમાં રહેલી" એમ કહેવાનું તાત્પર્ય એ છે કે, એમ ન કહીએ તો કોઇ પર્વતગુફા ઇત્યાદિને ઉદર સમજીને તેની પૂર્તિ કરવાની આકાંક્ષા રાખવા તત્પર થઇ જાય.

'ગુફા'—'ઉદર' શબ્દનો વાચ્યાર્થ પ્રાણી માત્રના શરીરમાં રહેલી ચોક્કસ ગુફાજ થાય છે; તો પણ અવસ્થા વિશેષે અંજલિ વગેરેનો પણ ઉદર શબ્દમાં સમાવેશ થાય છે. કોઇ ઠેકાણે ઉદર ભરાવવું પડે છે, અને કોઇ સ્થળે ખોબો ભરાવવો પડે છે.

સૂત્ર ૨. ઉદરની ત્રિવિધ પૂર્તિજ પરમ પુરુષાર્થ છે.

ભાષ્ય.

સાંખ્યશાસ્ત્રનો પણ એવોજ મત છે. આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એ ત્રણ પ્રકારની ઉદરપૂર્તિ છે.

"આધિભૌતિક"—લાડુ, દૂધપાક, માવાની ઘારી, પેંડા, શીરાપૂરી ઇત્યાદિ જાતજાતની ભૌતિક સામગ્રીદ્વારા જે ઉદરપૂર્તિ થાય છે તે આધિભૌતિક પૂર્તિ કહેવાય.

"આધ્યાત્મિક"—કાળક્ષેપ કરીને મોટા લોકોની વાતોથી તૃપ્તિ મેળવવી તેનું નામ આધ્યાત્મિક પૂર્તિ.

"આધિદૈવિક"—દૈવકૃપાથી બરોળ, જલંદર ઇત્યાદિથી પેટ ભરાઇ જવું તેનું નામ આધિદૈવિક ઉદરપૂર્તિ.

સૂત્ર ૩. એ માંહેલી આધિભૌતિક–પૂર્તિજ વિહિત છે.

ભાષ્ય.

"વિહિત"—શબ્દથી બાકીની પૂર્તિઓનો નિષેધ થયો કે નહિ તેનો નિર્ણય ભવિષ્યના ભાષ્યકારો કરશે.

હમણાં તો એ સિદ્ધ થયું કે, ઉદર નામક મહાગુફામાં લાડુ, દૂધપાક, પેંડા ઇત્યાદિ ભૌતિક પદાર્થોનો પ્રદેશજ પુરૂષાર્થ છે; એટલા માટે એ ખાડાની પૂરણીનાં સાધનોની પણ પસંદગી કરવી જોઇએ.

સૂત્ર ૪. પ્રાચીન પંડિતોએ પુરૂષાર્થના વિદ્યા, બુદ્ધિ, પરિશ્રમ, ઉપાસના, બલ અને છળ, એ છ જાતના ઉપાયો દર્શાવ્યા છે.

ભાષ્ય.

(૧.) "વિદ્યા"—વિદ્યા એટલે શું, તેનો નિર્ણય કરવો કઠિન છે. કોઇ કહે છે કે, લખતાં વાંચતાં શીખવું એનું નામ વિદ્યા. કેટલાક કહે છે કે, વિદ્યાને માટે વિશેષ લખતાં વાંચતાં શીખવાનું પ્રયોજન નથી; ગ્રંથ લખતાં અને વર્તમાનપત્રો તથા માસિકોમાં લેખ લખતાં આવડયું એટલે થયું. કેટલાક એની સામે એવો વાંધો લાવે છે કે, જેઓ લખી જાણતા નથી તેઓ વર્તમાનપત્રો વગેરેમાં લખશે કેવી રીતે?

મારા અભિપ્રાય પ્રમાણે આવી દલીલ તદન પાયા વગરની છે. મગરનું બચ્ચું ઇંડાંમાંથી નીકળતાં વારજ પાણીમાં જઇને તરવા લાગે છે, તેને કંઇ શીખવાની જરૂર પડતી નથી. તેજ પ્રમાણે અહીંના

લોકોને વિદ્યા સ્વભાવસિદ્ધજ છે; તેને માટે લખતાં વાંચતાં શીખવાની કંઇજ જરૂર નથી.

(૨.) "બુદ્ધિ"—જે અદ્ભુત શક્તિદ્વારા રૂ લોઢું છે અને લોઢું રૂ છે એમ સિદ્ધ કરી શકાય તેનું નામ બુદ્ધિ. કૃપણે સંગ્રહી રાખેલા ધનના ઢગલાની પેઠે બુદ્ધિમાન્ માણસ પોતેજ પોતાની બુદ્ધિને જોઈ શકે છે, બીજાઓને તેનું દર્શન થઇ શકતું નથી. પૃથ્વી પરની બીજી સઘળી ચીજો કરતાં જગતમાં એનીજ અધિકતા હોય એમ માલૂમ પડે છેઃ કારણ કે કોઇને પણ કદીએ એવું કહેતાં તો સાંભળ્યોજ નથી કે મારી પાસે એનો ભંડોળ ઓછો છે.

(૩.) "પરિશ્રમ"—બરાબર વખતે જુદી જુદી વાનીનું ઉનું ઉનું ભોજન કરવું તે; પછી નિદ્રા લેવી, હવા ખાવા જવું, તમાકુનું ધુમ્રપાન કરવું અને ગૃહિણી સાથે પ્રેમગોષ્ઠી કરવી ઇત્યાદિ મહાત્કાર્યો પાર ઉતારવાં તેનું નામ પરિશ્રમ.

(૪.) "ઉપાસના"—કોઇ પણ વ્યક્તિના સંબંધમાં કંઇ વાત કહેવામાં આવે તો તે કાંતો તેના ગુણાનુવાદ હોય કે કાંતો દોષકીર્તન હોય. જ્યારે કોઇ સામર્થ્યવાન્ પ્રધાન વ્યક્તિના સંબંધમાં આ પ્રમાણે વાત થતી હોય, ત્યારે જો તે ખરેખર દોષયુક્ત વ્યક્તિ હોય તોપણ તેનું દોષકીર્તન કરવું એ 'નિંદા' કહેવાય, અને જો તે દોષયુક્ત ન હોય તોપણ તેની દોષગણના કરવી એનું નામ 'સ્પષ્ટવક્તાપણું' અથવા 'રસિકતા'! અને ગુણના સંબંધમાં આમ છે કે--જો તે ગુણહીન હોય તોપણ તેના ગુણ ગાવા એનું નામ "ન્યાયપરાયણતા"! અને જો તે ખરેખર ગુણવાન્ હોય તો તેના ગુણકીર્તનને ઉપાસના અથવા ખુશામત કહે છે.

(૫.) "બલ"—મિથ્યા શબ્દપ્રલાપયુક્ત સંભાષણો, લાલ ડોળા, અને રાતુંચોળ મોં, સામાને ડરાવે એવા બખાળા કરવા, મોંમાંથી એ

સુમાર હિંદી અંગ્રેજી શબ્દો સાથે થૂંક ઉડાડવું, દૂરથી ભ્રમર ચઢાવી, હોઠ પીસી, મુક્કી, લપડાક, ધુસ્સા, લાત અને લાકડી વગેરે મારવાની ઇશારત કરવી, અને ઉન્મત્તની પેઠે જાતજાતની અંગચેષ્ટા કરવી; પરન્તુ સામાપક્ષવાળા તરફથી કંઇક પણ ચમત્કાર બતાવાતાં તરતજ પલાયન કરી જવું એનું નામ 'બળ'. બળ છ પ્રકારનાં છે. જેવાં કેઃ—

૧. મુખબળ—શાપ, ગાળાગાળી, નિંદા ઇત્યાદિ.

૨. હસ્તબળ—મુક્કી, લપડાક ઇત્યાદિ દૂરથી બતાવવાં.

૩. ચરણબળ—પલાયનાદિ.

૪. દ્રષ્ટિબળ—રોદન વગેરે—આ વિષયમાં ચાણક્ય પંડિતનું પ્રમાણ છે કેઃ—"**बालानां रोदनं बलं**" ઇત્યાદિ.

૫. ત્વચાબળ—પ્રહારસહિષ્ણુતા.[૧]

૬. મનોબળ—દ્વેષ, ઇર્ષ્યા, હિંસા વગેરે.

(૬.) "છળ"—નિમ્નલિખિત વ્યક્તિઓ જગતમાં ઠગ જાણવી.

નંબર ૧. વેપારી પ્રમાણ—દુકાનદાર માલ વેચીને પૈસા માગે છે, દરેકે દરેક ઘરાકનો એવો મત હોય છે કે તે દુકાનદારથી ઠગાયો છે.

નં૦ ૨. વૈદ્ય પ્રમાણ—રોગી રોગમુક્ત થયા પછી વૈદ્ય જ્યારે ફી માગે છે ત્યારે દરેક રોગી બહુધા એવુંજ સાબીત કરે છે કે હું મારી મેળેજ સાજો થયો છું; મારો બેટો નકામો ઠગીને પૈસા લઈ જવા માગે છે.

નં૦ ૩. ધર્મોપદેશક અને ધાર્મિક માણસ—એઓ પરાપૂર્વના ઠગ લોકો છે. એમનું બીજું નામ "બગભગત" છે. એ લોકો ઠગ છે એનું વિશેષ પ્રમાણ એ છે કે, તેઓ પૈસાની ઇચ્છા રાખતા નથી.

---

૧ માર ખમવાની શક્તિ.

સૂત્ર ૫. એ છ પ્રકારનાં સાધનોથી ઉદરપૂર્તિ અથવા પુરુષાર્થ અસાધ્ય છે.

ભાષ્ય.

આ સૂત્રથી પ્રાચીન પંડિતોના મતનું ખંડન કરવામાં આવે છે, વિદ્યાદિ ષડ્‌વિધ સાધનોથી ઉદરપૂર્તિ થઇ શકતી નથી; નીચે ક્રમવાર તેનાં ઉદાહરણ આપવામાં આવે છે.

"વિદ્યા"—વિદ્યાથી જો ઉદરપૂર્તિ થતી હોય તો દેશી વર્તમાનપત્રો અને માસકો ભૂખે શામાટે મરે?

"બુદ્ધિ"—બુદ્ધિથી જો ઉદરપૂર્તિ થતી હોય તો ગધેડાં બોજો શામાટે વહે?

"પરિશ્રમ"—પરિશ્રમથી પેટ ભરાતું હોય તો દેશી ગ્રેજ્યુએટો કારકુન શામાટે થાય?

"ઉપાસના"—ઉપાસનાથીજ ઉદરપૂર્તિ થતી હોય તો સાહેબ લોકો કમલાકાન્ત ઉપર અનુગ્રહ શામાટે નથી કરતા? મેં કંઇ ખોટું 'પે-બિલ' બનાવ્યું નહોતું.

"બલ"—બલથી જો ઉદરપૂર્તિ થતી હોય તો આપણે ભોંય-ભેગા થઇને માર શામાટે ખાઇએ?

"છળ"—જો છળથી ઉદરપૂર્તિ થતી હોત તો દારૂની દુકાનો કોઇ કોઇ વખત દેવાળાં શામાટે ફુંકે છે?

સૂત્ર ૬. ઉદરપૂર્તિ યા પુરુષાર્થ કેવળ લોકોપકારથીજ થઈ શકે છે.

ભાષ્ય.

ઉદાહરણ—બ્રાહ્મણ ગોર અને ધર્મગુરૂઓ લોકોના કાનમાં મંત્ર ફૂંકીને તેમનું કલ્યાણ કરે છે. યૂરોપિઅન લોકોએ અનેક જંગલી

જાતઓનું કલ્યાણ કરી નાખ્યું છે, અને રશિઆ હમણાં મધ્ય એશિઆનું કલ્યાણ કરવામાં મંડેલું છે. ન્યાયાધીશો ન્યાય આપીને દેશનું હિત સાધી રહ્યા છે, અને અનેક લોકો ફેલાવો કરવાને યોગ્ય કે અયોગ્ય પુસ્તકો તથા પત્રોનો પ્રચાર કરીને દેશહિત કરી રહ્યા છે; એ સઘળાઓની ઉદરપૂર્તિ સારી પેઠે થાય છે અર્થાત્ પુરુષાર્થની પ્રાપ્તિ થાય છે.

સૂત્ર ૭. એટલા માટે સઘળાએ દેશહિત સાધવું.

ભાષ્ય.

આ છેલ્લા સૂત્રવડે હિતવાદ દર્શન અને પેટ–દર્શનની એકતા સિદ્ધ થઈ ચૂકી; એટલે કમલાકાન્તના સૂત્ર ગ્રંથની પણ આ સ્થળે સમાપ્તિ થાય છે. હું આશા રાખું છું કે આ ગ્રંથ ભારતવર્ષમાં "સપ્તમ દર્શનશાસ્ત્ર" તરીકે આદર પામશે.×

શ્રીયુત કમલાકાન્ત ચક્રવર્તી.

× પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનમાં યુટિલિટી–ઉપયોગ વાદ એ પણ એક સ્વતંત્ર મત છે. તેના ઉત્પાદકો જોન સ્ટુઅર્ટ મીલ અને બેન્થામ કહેવાય છે. તેમના મત પ્રમાણે વધારેમાં વધારે માણસોનું વધારેમાં વધારે હિત થાય એ જ ઇષ્ટ છે; અને ઉપયોગવાદનો એ મૂળ મંત્ર છે. ભા. ક.

૪—પતંગીઉં.

બાપુના દિવાનખાનામાં લેમ્પ બળી રહ્યો છે, પાસે જ હું મુસદ્દીની ઢબથી બેઠો છું. બાપુ આપણી નાતોનાં તડ સંબંધી વાતચીત કરતા બેઠા છે—અને હું પણ અમલ ચઢાવીને ઝોકાં ખાતો બેઠો છું. આપણા લોકોની ફાટફુટથી ચિઢાઇને મેં આજે બમણો અમલ ચઢાવ્યો છે. જેવા વિધિના લેખ! આ અખિલ બ્રહ્માંડની અનાદિ ક્રિયાપરંપરાઓમાંની એક એ ક્રિયા પણ નિર્માણ થઇ ચૂકેલી હશે કે વીસમી સદીમાં કમલાકાન્ત ચક્રવર્તી અવતાર લઇને આજે રાત્રે નસીરામ બાપુના દિવાનખાનામાં બેસીને સારી પેઠે અમલ ચઢાવશે; તો પછી મારી શી તાકાત કે હું તેને ફેરવી શકું?

અમલના જોમમાં હું જોઇ શક્યો કે, એક પતંગીઉં ફુંઉંઉં કરતું આવીને લેમ્પની ચારે બાજુ ભમવા લાગ્યું. અફીણના ઘેનમાં ને ઘેનમાં મને વિચાર આવ્યો કે, શું હું પતંગીઆની ભાષા નહિ સમજી શકું? કેટલીક ક્ષણ કાન માંડીને સાંભળ્યું—કંઇ પણ સમજી શક્યો નહિ. મનમા ને મનમાં પતંગીઆંને કહેવા લાગ્યો:—"તું આ ફુંઉંઉં શું કરી રહ્યુ છે, હું કંઇ પણ સમજી શકતો નથી;" એટલામાં એકાએક અફીણના પ્રભાવથી મને દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થયા અને મેં સાંભળ્યું. પતંગીઉં કહે છે કે:—"હુ પ્રકાશ સાથે વાત કરૂં છું, તુ ચૂપ રહે." એટલે હું મૂગો રહીને તેની વાત સાંભળવા લાગ્યો. પતંગીઉં કહેવા લાગ્યું:—

"જુઓ પ્રકાશમહાશય, તમે તે વખતે સારા હતા. પિત્તળની દીવી ઉપર માટીના કોડીઆમાં તમે શોભતા હતા, અને અમે સ્વચ્છંદે બળી મરી શકતાં; પરંતુ હમણાં તમે ફેશનના માર્યા ગ્લોબની અંદર ભરાઇ બેઠા છો, અમે ચારે તરફ ફાંફાં મારી વળીએ છીએ છતાં અંદર

આવવાનો માર્ગ જ જડતો નથી, તો પછી બળી મરવાની તો વાત જ ક્યાં રહી ?

જુઓ, બળી મરવાનો અમારો 'રાઇટ' છે—અમારો પરાપૂર્વનો હક્ક છે. અમારી પતંગજાતિ પરાપૂર્વથી પ્રકાશમાં બળી મરતી જ આવી છે—કદિ કોઈ પણ પ્રકાશે અમારો અટકાવ કર્યો જ નથી. તેલના પ્રકાશે, મીણબત્તીના પ્રકાશે, લાકડાના પ્રકાશે કે બીજા કોઇએ પણ અમને અટકાવ્યાં નથી. તો પછી હે પ્રભુ ! તમે શા માટે કાચના કોટમાં ભરાઇ બેસીને અમને બળી મરવામાં અંતરાય નાખો છો ?

અમે ગરીબ પતંગ !—અમારા ઉપર સહગમન-નિષેધનો કાયદો શા માટે લાગુ પાડો છો ? અમે શું હિન્દુ સ્ત્રીઓ છીએ કે ન બળી મરી શકીએ ?

જુઓ, હિન્દુની સ્ત્રીઓ અને અમારામાં ઘણોજ તફાવત છે. સ્ત્રીઓ જ્યાં સુધી સૌભાગ્ય ટકી રહે છે ત્યાં સુધી બળી મરવા ચાહતી નથી. પહેલાં વિધવા થાય, તે પછીજ સતી થાય. કેવળ અમેજ હરકોઇ સમયે આત્મવિસર્જન કરવા તત્પર હોઇએ છીએ; તો પછી અમારી સાથે સ્ત્રીજાતિની તુલના કેવી ?

અમારી પેઠે સ્ત્રીજાતિ પણ રૂપની જ્યોતિ પ્રજ્વલિત જોતાં તેમાં ઝંપલાવી પડે છે ખરી, ફળ પણ એકજ આવે છે—અમે બળી મરીએ છીએ, તેઓ પણ બળી મરે છે; પરન્તુ ધ્યાનમાં રાખવું જોઇએ કે તે દહનમાંજ તેમનું સુખ છે—અમારે શું સુખ ?. અમે કેવળ બળવાને ખાતરજ બળીએ છીએ, મરવાને ખાતરજ મરીએ છીએ. સ્ત્રીજાતિથી એ બની શકશે ? તો પછી અમારી સાથે તેની તુલના શા માટે ?

સાંભળો જો જ્વલન્ત રૂપમાં શરીર ન હોમ્યું તો પછી એનો ઉપયોગ શો ? બીજા લોકો શું ધારે છે તે તો હું કહી શકું નહિ; પરન્તુ અમે પતંગ જાત તો શરીરનો એ સિવાય બીજો શો ઉપયોગ હશે તે સમજી શકતા નથી. એને ધારણ કરીને શું કરવું ?—

અમે અહર્નિશ પુષ્પમધુ ચૂમીએ છીએ, અહર્નિશ વિશ્વને પ્રફુલ્લ કરનાર કિરણોમાં વિચરીએ છીએ.

પરન્તુ તેમાં શું સુખ? ફૂલમાં એક સુગંધ જ છે, મધમાં એક મિષ્ટતા જ છે, અને સૂર્યમાં કેવળ એક પ્રકારનું તેજ જ છે. આવા અસાર, પુરાણા, વૈવિધ્ય–શૂન્ય જગતમાં તે રહેવાતું હશે? કાચમાંથી બહાર આવો, તમારી જ્વલન્ત રૂપજ્યોતિમાં અમે કાયાને હોમી દઇએ.

જુઓ, અમારી ભિક્ષા ઘણી નજીવી છે–અમારા પ્રાણ તમને અર્પણ કરી જઇશું, સ્વીકારશોને? અમે આપીશું ખરાં પણ લઇશું નહિ, તો પછી આપને હાનિ શી? તમે રૂપમાં બાળવાને જન્મ્યા છો, અમે પતંગ જાતિએ બળવાને જન્મ લીધો છે; આવો, જેનું જે કામ તે કરતાં જઇએ. તમે હસતા રહો, હું બળીશ.

તમે સકળ સંસારને બાળવાને શક્તિમાન છો–તમને અટકાવી શકે એવું જગતમાં કંઇ પણ નથી તમે કાચની અંદર શામાટે છુપાઇ બેઠા છો? તમેંજ આખા જગતની ગતિના કારણરૂપ છો–તો પછી કોના ભયથી કાચના કિલ્લામાં છુપાઈ બેઠા છો? કયા નીચ માણસે એ કિલ્લો નિર્માણ કર્યો? કયા નીચ માણસે આપને એ દુર્ગમાં પૂર્યા છે? તમે વિશ્વવ્યાપી છો, કાચનો કિલ્લો તોડીને મને દર્શન ન દઇ શકો?

તમે કોણ છો, તેની મને ખબર નથી–ખબર નથી છતાં કેવળ એટલું જાણું છું કે તમે મારી વાસનાના વિષય, જાગ્રતમાં ધ્યાન, નિદ્રામાં સ્વપ્ન, જીવનની આશા, અને મરણસમયના આશ્રય રૂપ છો. તમને કદી જાણી શકીશ નહિ–જાણવાની ઇચ્છા પણ નથી–જે દિવસે જાણીશ તેજ દિવસે મારૂં સુખ ઉડી જશે.

કામ્ય વસ્તુનું સ્વરૂપ જાણી લીધા પછી કોનું સુખ ટકે છે?

તમને શું ન મેળવી શકીશ? કેટલા દિવસ તમે કાચની અંદર રહેશો? શું કાચને હું તોડી શકીશ નહિ? ઠીક, રહો હું તમને છોડીશ

નહિ—બીજી વાર આવું છું—ફુઉંઉં........" પતંગીઉં ઉડી ગયું.

*　　　*　　　*　　　*

નસીરામ બાબુએ હાક મારીઃ—"કમલાકાન્ત." હું ચોંકી ઉઠયો! આંખ ઉઘાડીને જોયું—માલૂમ પડ્યું કે મોટાં મોટાં ઝોકાં ખાઇ રહ્યો હતો. આંખ ફાડીને જોયું પણ નસીરામને ઓળખી શકયો નહિ—એમ લાગ્યું કે એક મોટું પતંગીઉં તકીઆને અઢેલીને હુક્કો ગગડાવે છે. તે મારી સાથે વાતે વળ્યું; અને તેની ભાષામાં શું કહે છે તે મને સમજાવા લાગ્યું. તે દિવસથી મને પ્રતીતિ થવા લાગી કે મનુષ્ય માત્ર પતંગીઆં છે. દરેકને એક એક અગ્નિ પ્રિય હોય છે, અને બધા જ તેમાં પડીને મરવા ચાહે છે. બધા જ એમ માને છે કે તે અગ્નિમાં પડીને બળી મરવાનો તેમને અધિકાર છે—કોઈ મરે છે, અને કોઇ કાચ સાથે અથડાઇને પાછું ફરે છે. જ્ઞાનનો અગ્નિ, ધનનો અગ્નિ, માનનો અગ્નિ, રૂપનો અગ્નિ, ધર્મનો અગ્નિ, ઇન્દ્રિયનો અગ્નિ, કેટલું ગણાવીએ? આખો સંસારજ અગ્નિમય છે. વળી સંસાર પણું કાચથી ઘેરાયલો છે. જેઓ પ્રકાશ જોઇને મોહિત થાય છે—મોહ પામીને તેમાં ઝંપલાવવા જાય છે—તેઓ તેને પામી શકતા નથી. એટલે ચક્કર મારીને ફુંઉંઉં કરીને પાછા જાય છે; અને પાછા આવીને તેની આસપાસ ફરતા ફરે છે. કાચનો ઘેરો ન હોત તો સંસાર આજસુધીમાં બળીને ખાખ થઈ ગયો હોત. જો સઘળા જ ધર્મવિદ્ ચૈતન્યદેવની પેઠે ધર્મનો સાક્ષાત્કાર કરી શકયા હોત તો પછી કોણ બચી શકત? અનેક માણસ જ્ઞાનાગ્નિના આવરણરૂપી કાચની સાથે અથડાઇને બચી જાય છે; પરન્તુ સોક્રેટીસ અને ગેલિલિઓ તેમાં બળી મુઆ. રૂપના અગ્નિમાં, ધનના અગ્નિમાં અને માનના અગ્નિમાં તો નિત્ય પ્રતિ હજારો માણસને બળી મરતા હું નજરે જોઉં છું. એ અગ્નિદાહનું જેમાં વર્ણન હોય છે તેને કાવ્ય કહેવામાં આવે છે. મહાભારતકારે

અભિમાનનો અગ્નિ પ્રકટાવીને દુર્યોધન–પતંગને ભસ્મ કીધો; એથી જગતમાં એક અદ્વિતીય કાવ્યગ્રંથ રચાયો. જ્ઞાનાગ્નિથી પ્રકટેલા દાહનું ગીત "Paradise Lost;"[૧] અને ધર્માગ્નિનો અદ્વિતીય કવિ સેન્ટ પોલ[૨] ગણાય છે. વિલાસાગ્નિનાં પતંગ "એન્ટની અને ક્લિયોપેટ્રા;*" રૂપાગ્નિનાં "રોમિયો અને જુલિયટ;*" અને ઇર્ષ્યાગ્નિનું પતંગ "ઓથેલો,*" ઇન્દ્રિયાગ્નિમાં "ગીતગોવિંદ" અને "વિદ્યાસુંદર" જલે છે, અને સ્નેહાગ્નિમાં સીતા પતંગને બાળવાને માટે રામાયણની રચના થઇ.

અગ્નિ શું છે તેની મને ખબર નથી. રૂપ, તેજ, તાપ, ક્રિયા, ગતિ એ સઘળા શબ્દોનો કશો અર્થ નથી.

આ સ્થળે દર્શન શાસ્ત્ર પરાજય પામે છે, વિજ્ઞાનના હાથ હેઠા પડે છે, ધર્મગ્રંથો હારી જાય છે અને કાવ્યશાસ્ત્ર "નેતિ નેતિ" પોકારે છે. ઇશ્વિર શું છે, ધર્મ શું છે, જ્ઞાન શું છે, સ્નેહ શું છે ? એ શું છે તેની કંઇજ ખબર નથી, તો પણ તે અલૌકિક, અજ્ઞાત પદાર્થોની આસપાસ હું ભટક્યા કરૂં છું. હું પતંગ નહિ તો કોણ ?

જુઓ ભાઇ, પતંગીઆં લોકો, ચક્કર મારતા ફરવામાં કંઇ લાભ નથી. બની શકે તો આગમાં ઝંપલાવી બળી મરો. ન બને તો ચાલો, ફુંઉંઉંઉં કરીને ઉડી જઇએ.

શ્રીયુત કમલાકાન્ત ચક્રવર્તી.

---

૧ ઇંગ્લાંડમાં સત્તરમા સૈકામાં થઇ ગયેલા મિલ્ટન નામના મહાન કવિનો એક ગ્રંથ. ૨ ક્રાઇસ્ટની પછી થયેલો ખ્રિસ્તિ ધર્મનો મહાન ધર્મપ્રવર્તક. એણે યૂરોપના પૂર્વ ભાગના ઘણા ખરા દેશોમાં ખ્રિસ્તિ ધર્મ ફેલાવ્યો અને પોતાના પ્રાણનું બલિદાન પણ આપ્યું હતું. * ઇંગ્લાંડના કવિકુલ શિરોમણિ શેક્સપિયરનાં નાટકો અને તેમાંનાં પાત્રો.

૫—મારૂં ચિત્ત.

મારૂં ચિત્ત ક્યાં ગયું? કોણ લઇ ગયું? જ્યાં તે હતું, ત્યાં તો નથી. જ્યાં મેં રાખ્યું હતું તે સ્થળે તે નથી. કોણે ચોરી કરી? સમલોક ઢૂંઢી વળ્યો પણ મારા ચિત્તનો ચોર કોઇ પણ સ્થળે મળી શક્યો નહિ; તો પછી ચોરી કોણે કરી?

મારા એક મિત્રે કહ્યું:—"જો, રસોડામાં જઇને તપાસ કર. તે ઠેકાણે તારૂં મન પડેલું હોય એવો સંભવ છે." હું માનું છું કે, રસોડામાં મારૂં મન પડેલું હોય. જ્યાં બીરંજ, માલપુવા, ભજીયાં વગેરેની સુગંધ (!) ફેલાઇ રહી હોય, જ્યાં મસાલેદાર કાચલી તડાતડ અવાજ કરતી તેલમાં તળાઇ રહી હોય ત્યાં મારૂં મન પડી રહે છે. જે સ્થળે તાજી તાજી મેવાધારી કડાઇરૂપી ગંગામાં ધૃતના અભિષેક સાથે સ્નાન કરીને માટી, કાંસુ, કાચ કે ચાંદીના સિંહાસન પર વિરાજમાન હોય છે ત્યાંજ મારૂં મન પ્રણુત થઇને પડી રહે છે; ભક્તિરસમાં તલ્લીન થઇને તે તીર્થસ્નાન કદી પણ છોડવા ચાહતું નથી. જ્યાં રસોઇઆરૂપી વિષ્ણુ, પૂરીરૂપી સુદર્શન ચક્ર છોડે છે ત્યાંજ મારૂં મન પરમ વૈષ્ણવ બનીને ઉભું રહે છે; અથવા જે આકાશમાં પૂરીરૂપી ચંદ્રનો ઉદય થાય છે તેજ સ્થળે મારૂં મન રાહુરૂપે જઇને તેનો ગ્રાસ કરવાને ચાહે છે. બીજા લોકો તો ચાહે તેને કહેતા હોય, પરન્તુ હું તો પૂરીનેજ 'અખંડ-મંડલાકાર' કહું છું. જે સ્થળે પેંડારૂપી શાલિગ્રામ વિરાજે છે તેજ સ્થળે મારૂં મન પૂજારી બનીને રહે છે. નસીરામના ઘરવાળી રાયમણિ દેખાવમાં બેડોળ અને ઉંમરે સાઠેક વર્ષની હોવા છતાં રસોઇ બનાવે છે અચ્છી, અને પીરસવામાં પણ મોકળા હાથની છે; એટલે મારૂં મન તેની સાથે વાતચિત કરવાનો પ્રસંગ ખોળવા લાગ્યું;

પરન્તુ વાંધો કેવળ એટલોજ નડયો કે, રાયમણિ પરલોકગમન કરી ગઇ અને મનની મનમાંજ રહી ગઇ.

એક વખત મિત્રના કહેવાથી મેં રસોડામાં ચિત્તની ખોળ કરી; પરન્તુ ત્યાં તેનો પત્તો લાગ્યો નહિ. બીરંજ, ભજીયાં ઇત્યાદિ અધિષ્ઠાતા દેવોને પૂછવાથી માલૂમ પડયું કે, તેમાંના કોઇએ પણ મારૂં ચિત્ત ચોર્યું ન હતું.

મિત્રે ફરીથી કહ્યું:—જરા પ્રસન્ન ગોવાલણ પાસે તપાસ માટે જઈ આવોને ! પ્રસન્ન સાથે મારે થોડો ઘણો પ્રેમ છે ખરો; પરન્તુ તે પ્રણય કેવળ ગોરસાત્મક છે—શૃંગારરસાત્મક નહિ. પ્રસન્ન દેખાવમાં હૃષ્ટપુષ્ટ, ગોળમટોળ, વયે ચાળીશથી પણ ઓછી, દાંતે મસી ઘસનારી અને હસમુખી છે. તેના કપાળપરનું એક નાનું સરખું છુંદણું ચન્દ્રમાં કલંક પેઠે શોભી રહ્યું છે. તે રસભર્યું હાસ્ય વરસાવતી વરસાવતી રસ્તે ચાલી જતી અને હું તે ઝીલી લેતો; આથી કેટલાક નઠારા લોકો મારી નિંદા કરતા. જેમ પૂજારી મહારાજના પાપે બાગમાં ફૂલ ખીલવા પામતાં નથી, તેમ નિન્દાખોરોના દુઃખે પ્રસન્ન પાસે મારૂં મુખકમળ ઉઘડવા પામતું નહિ; નહિ તો ગોરસ અને કાવ્યરસનો પરસ્પર વિલક્ષણ વિનિમય થાત. આથી મારે પોતાને માટે મને દુઃખ હો યા ન હો; પરન્તુ પ્રસન્નનેમાટે મારૂં મન ખાસ કરીને ખિન્ન છે; કારણ કે પ્રસન્ન સતી સાધ્વી પતિવ્રતા છે. આ વાત પણ મારાથી મોં ફોડીને કહી શકાતી નથી. મેં એક વખત એ વાત કહી હતી ત્યારે મહોલ્લાના એક ભ્રષ્ટ બુદ્ધિના છોકરાએ તેનો વિપરીત અર્થ કર્યો હતો. તે બોલ્યો કે, પ્રસન્ન 'છે' એટલા માટે તે 'સત્' અથવા 'સતી' કહેવાય ખરી. તે સાધુ ગોવાળની સ્ત્રી છે એટલા માટે 'સાધ્વી' અને વિધવાવસ્થામાં પણ તે પતિરહિત નથી એટલા માટે પૂરેપૂરી 'પતિવ્રતા' છે. કહેવાની જરૂર નથી કે, જે અસભ્ય છોકરાએ આવો ખરાબ અર્થ કર્યો હતો તેને શિક્ષાને માટે કપોલપ્રદેશ ઉપર મેં બેચાર તમાચા ખેંચી

કાઢયા હતા; પરન્તુ તેથી પણ મારૂં કલંક દૂર થયું નહિ.

જ્યારે લખવા બેઠો છું ત્યારે સ્પષ્ટ વાત બતાવવીજ ઉચિત છે કે હુ પ્રસન્નનો કંઇક પ્રણયી છું ખરો, અને તેનાં અનેક કારણો છે. પ્રથમ તો પ્રસન્ન જે દૂધ આપે છે તે ભેળવગરનું અને ભાવમાં સસ્તું હોય છે. બીજું, તે કદી કદી દૂધ, દહીં, માખણ વગેરે મને વિના મૂલ્યે પણ આપી જાય છે. ત્રીજું, એક દિવસ તેણે મને કહ્યું હતું કે, "બાબુજી ! તમારા દફતરમાં આ કાગળો શેના છે ?" મેં પૂછ્યું, "તું સાંભળીશ?" તે બોલી, "સાંભળીશ."

મેં તેને કેટલાક લેખો વાંચી સંભળાવ્યા—તેણે તે બેસીને એકચિત્તે સાંભળ્યા. ભલા આવા ગુણોથી કયો લેખક વશીભૂત ન થઇ જાય? પ્રસન્નના ગુણની વધારે શી તારીફ કરૂં ? તે મારા આગ્રહથી અફીણ લેતાં પણ શીખી ગઇ છે.

આ સઘળાં કારણોથી મારૂં મન કદી કદી પ્રસન્નના ઘરના પાછલા બારણા તરફ ઘૂમ્યા કરતું, એ હું કબૂલ કરૂં છું; પરન્તુ કેવળ તેના પાછલા બારણા આગળજ નહિ પણ તેની કોઢમાં પણ હું ડોકીઉં કરી આવતો. પ્રસન્ન તરફ મારી જેવી પ્રીતિ છે તેવીજ તેજ મંગલા નામની ગાય ઉપર પણ છે. એક દૂધ, દહીં અને માખણની ખાણ છે અને બીજી તેનું દાન કરનારી છે. ગંગા વિષ્ણુના ચરણમાંથી ઉત્પન્ન થઇ છે ખરી, પરન્તુ તેને લાવનાર ભગીરથ હતો. મંગલા મારે મન વિષ્ણુપદ અને પ્રસન્ન ભગીરથ છે. હું બન્નેને સમાન ભાવથી ચાહું છું. પ્રસન્ન અને તેની ગાય બન્નેજ સુંદર, બન્નેજ સ્થૂલાંગી (હૃષ્ટપુષ્ટ), લાવણ્યમયી અને ઘટસ્તની છે. એક ગૌરસ ઉત્પન્ન કરે છે અને બીજી હાસ્યરસ ઉત્પન્ન કરે છે. હું બન્નેનોજ વિના મૂલ્યે ખરીદાયલો દાસ છું.

પરન્તુ આજકાલ તપાસ કરતાં જણાયું કે મારૂં ચિત્ત પ્રસન્નના જાળીઆ આગળ અથવા તેની કોઢમાં પણ નથી. તો પછી મારૂં મન ગયું ક્યાં ?

રોતો રોતો હું બહાર રસ્તાપર નીકળ્યો. જોયું તો એક યુવતી પાણીનો ઘડો બગલમાં રાખીને ચાલી જાય છે. તેના મુખમંડલ ઉપર પવનથી ફરફર ઉડતા, વક્ર, ઘેરા કાળા રંગના કેશનો કલાપ, કાળાં ભ્રમર જેવાં ભ્રૂયુગલ, અને તેવાજ કાળા રંગની ચંચળ આંખની કીકીઓ જોવામાં આવતાં મને લાગ્યું કે, કમળના વનમાં કેટલાક ભ્રમરો ઉડતા ફરે છે—એક સ્થળે બેસતા નથી પણ ફર્યાજ કરે છે. ચાલતી વખતે તેનું અંગ એવી રીતે ડોલાયમાન થતું કે, જાણે લાવણ્યની નદીમાં નાની નાની લહરીઓ ઉઠતી હોય અને તેનું ડગલે ડગલું જાણે પાંસળીનાં હાડકાંનો ચૂરેચૂરા કરી નાખતું હોય એમ લાગતું. એને જોતાં મને લાગ્યું કે, નિઃસંદેહ એણે જ મારૂં મન ચોર્યું છે હું તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો. તેણે પાછું ફરીને જોતાં કંઈક ક્રોધપૂર્વક મને પૂછ્યું; " અરે ! આ શું ? તમે મારી પાછળ શા માટે આવો છો ?"

મેં કહ્યું:—" તેં મારૂં ચિત્ત ચોર્યું છે ? "

યુવતીએ ગાલિપ્રદાન કરતાં તીખા સ્વરથી કહ્યું:—"મેં તો ચોર્યું નથી, પણ તમારી બ્હેને મને તેનો ભાવ ઠરાવવા આપ્યું હતું. દર ઠેરવીને મેં તેને પાછું આપી દીધું છે, માટે ત્યાં તપાસ કરો. "

હું તેજ વખતે પાઠ શીખ્યો, અને ચિત્તની શોધખોળ કરતાં ફરીથી રસિકતા ચલાવવાનું સાહસ કરી શક્યો નહિ; પરન્તુ મનમાં ને મનમાં સમજી લીધું કે, આ સંસારમાં મારૂં ચિત્ત કોઇ પણ સ્થળે નથી. મજાક છોડીને સત્ય વાત કહું છું કે, કોઇ પણ ચીજમાં મારૂં મન હવે નથી. શારીરિક સુખ અને સ્વચ્છન્દતામાં મારૂં મન નથી. જે હાસ્યવિનોદ મને પ્રિય હતો, તે હાસ્યવિનોદમાં પણ મારૂં મન નથી. મારી કેટલીક ફાટીતૂટી ચોપડીઓ હતી, જેમાં મારૂં મન પહેલાં રહેતું હતું, તેમાં પણ હમણાં તે નથી. ધનસંગ્રહમાં તો મારૂં મન કદી પણ

હતુંજ નહિ, અને હમણાં પણ નથી. કોઇ પણ ચીજમાં મારૂં મન નથી, તો પછી તે ક્યાં ગયું ?

સમજ્યો, લઘુચેતસ્ (સાંકડા દીલના માણસો) ના મનને માટે બંધન અવશ્ય હોવું જોઇએ: નહિ તો તેનું ચિત્ત ઉડી જાય છે. મેં કદી પણ મારા ચિત્તને કોઈ પણ ચીજ સાથે બાંધ્યું નથી એટલા માટેજ કોઇ પણ સ્થળે મારૂં ચિત્ત નથી. આ સંસારમાં આપણે શા-માટે આવીએ છીએ, તે હું બરાબર રીતે તો કહી શકતો નથી; પરન્તુ માલૂમ પડે છે કે, કેવળ મનને બંધનમાં નાખવાને માટેજ આવીએ છીએ.

હું હંમેશાં પોતાનોજ રહ્યો—અન્યનો ન થયો, એટલાજ કાર-ણુથી આ પૃથ્વીપર મને સુખ નથી. જેઓ સ્વભાવથીજ કેવળ આત્મ-પ્રિય હોય છે, તેઓ પણ લગ્નબંધનથી જોડાઇને સંસારી થઇને સ્ત્રી-સંતાન આગળ આત્મસમર્પણ કરે છે, અને તેટલા કારણથી તેઓ સુખી હોય છે; નહિ તો તેમને સુખનો છાંટો પણ મળી શકત નહિ. મને ઘણી તપાસને પરિણામે જણાયું છે કે, અન્યને માટે આત્માર્પણ કીધા સિવાય પૃથ્વી ઉપર શાશ્વત સુખનું કંઇ પણ સાધન નથી. ધન, યશ, ઇન્દ્રિયજન્ય સુખ એ સુખ છે ખરાં; પરન્તુ તેઓ સ્થાયી નથી. એ સઘળાં પહેલી વાર જેટલાં સુખદાયક લાગે છે તેટલાં બીજી-વાર જણાતાં નથી અને ત્રીજી વખત તેના કરતાં પણ અલ્પ સુખ-દાયક થઇ જાય છે. આમ ક્રમે ક્રમે તે રોજનાં થઇ જતાં તેમાં જરા પણ સુખ લાગતું નથી. સુખ નથી મળતું એટલુંજ નહિ પરન્તુ અ-સુખનાં બે કારણો જન્મ પામે છે. પ્રથમ એ કે જેનો મહાવરો પડી ગયો હોય તેના અસ્તિત્વમાં સુખ લાગતું નથી પરન્તુ અભાવ થતાં મહા દુઃખ થાય છે; અને બીજું, કદી પણ તૃપ્ત નહિ થઇ શકે એવી લાલસાની વૃદ્ધિથી દુઃખનો પાર રહેતો નથી; એટલા માટે પૃથ્વીપર

જે સઘળી વસ્તુઓ કામ્ય વસ્તુ તરીકે લાંબા કાળથી મનાતી આવી છે તે સઘળીજ અતૃપ્તિ કરાવનારી અને દુઃખના મૂળ રૂપ છે. સઘળેજ ઠેકાણે યશની પાછળ નિન્દા, ઇન્દ્રિયસુખની પાછળ રોગ તથા ધનની પાછળ ક્ષય અને મનસ્તાપ રહેલાં છે. સુંદર શરીર જરાગ્રસ્ત અને રોગિષ્ટ થાય છે. સારૂં નામ પણ મિથ્યા કલંકથી દૂષિત થાય છે. ધનનો ઉપભોગ પત્નીનો જાર પણ કરે છે. માનપ્રતિષ્ઠા મેઘમાલાની પેઠે શરદૃઋતુ પછી ટકતાં નથી. વિદ્યા તૃપ્તિ આપનારી નથી, તે કેવળ અંધકારમાંથી ગાઢતર અંધકારમાંજ લઇ જાય છે. તે તત્ત્વજ્ઞાનવિષયક જિજ્ઞાસાને કદી પણ તૃપ્ત કરતી નથી. અલબત્ત, પોતાના હેતુની સિદ્ધિમાં વિદ્યા કદી પણ અસમર્થ થતી નથી. હું દ્રવ્યોપાર્જન કરીને સુખી થયો છું અથવા યશસ્વી થઇને સુખ પામ્યો છું, એમ કહેતાં કદી પણ કોઇને સાંભળ્યો છે ? જેઓના વાંચવામાં આ થોડી લીટીએ આવે તેમણે પણ ખૂબ યાદ કરી જોવું કે, એવું કદી પણ તેમના સાંભળવામાં આવ્યું છે ? હું સોગનપૂર્વક કહી શકું છું કે, કોઇએ પણ એવી વાત કદીએ સાંભળી ન હશે. ધનમાનાદિની નિઃસારતાનું આના કરતાં વધારે સબળ પ્રમાણ બીજું કયું મેળવી શકાય ?

નવાઇની વાત તો એ છે કે, આવાં સબળ પ્રમાણ હોવા છતાં મનુષ્ય માત્ર તેમને માટે જીવતોડ મહેનત કરે છે; એ પરિણામ કેવળ હાલની સંગીન (!) કેળવણીનુંજ છે. માતાના ધાવણમાંથીજ બાળકના મગજમાં એવો ખ્યાલ પેશી જાય છે કે, જે કંઇ પ્રાપ્તવ્ય છે તે ધન અને માનજ છે. બાળક નાનપણથીજ રાત દિવસ જોતું આવે છે કે, માબાપ, બાઇબ્હેન, ગુરૂ, નોકર ચાકર, આડોશીપાડોશી, શત્રુ મિત્ર સઘળાંજ જીવતોડ પરિશ્રમ કરીને હાય પૈસો ! હાય કીર્તિ ! હાય માન ! હાય મરતબો ! કરતા ફરે છે; એટલે બાળક બોલતાં શીખે તે પહેલાંજ એ રસ્તે ચાલતાં શીખી જાય છે. કોણ જાણે ક્યારે મનુષ્યો

નિત્ય સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય શોધતાં થશે ?–જેટલા જેટલા **વિદ્વાન, બુદ્ધિવાન, દાર્શનિક અને સંસારતત્ત્વજ્ઞ હોવાનું અભિમાન ધરાવે છે તેઓ સઘળા મળીને વિચારી જુએ કે, અન્યને સુખી કરવા સિવાય મનુષ્યને માટે બીજું સુખનું મૂળ છે ખરૂં ?–નથી.** હું મુઆ પછી બળીને ભસ્મ થઇ જઇશ, મારૂં નામ સુદ્ધાં ભુસાઇ જશે; પરંતુ હું મુક્ત કંઠે કહું છું કે, એક દિવસ મનુષ્યમાત્ર મારૂં આ કથન સમજશે કે મનુષ્યના નિત્ય સુખનું આ સિવાય બીજું સાધન નથી. આજકાલ લોકો જે પ્રમાણે ધન, માન, વિલાસ ઇત્યાદિની પાછળ ગાંડા થઇને દોડે છે, તેજ પ્રમાણે મનુષ્ય જાતિ એક દિવસ પારકાંને સુખી કરવા માટે ઉન્મત્ત થઇને ધસશે. હું મુઆ પછી ભસ્મ થઈ જઇશ; પરન્તુ મારી આ આશા એક દિવસ ફળશે. ફળશે ખરી; પરન્તુ કેટલે દિવસે ? હાય ! કોણ કહી શકશે, કેટલા દિવસોમાં ?

વાત ઘણી પુરાણી છે. અઢી હજાર વર્ષ પૂર્વે શાક્યસિંહ (ગોતમ-બુદ્ધ) એ વાત અનેક રીતે જણાવી ગયા છે. તેમના પછી હજારો લોકોપદેશકોએ હજારો વાર એજ બોધ આપ્યો છે; પરન્તુ લોકો કશાથી પણ સમજતા નથી–કશાથી પણ માનપ્રતિષ્ઠા ઇત્યાદિની ઇન્દ્રજાળ કાપી નાખી શકતા નથી, અને હવે જ્યારથી આપણો દેશ અંગ્રેજી મૂલક થયો છે ત્યારથી તો આ સંબંધમાં ઘણોજ ગોટાળો વધી ગયો છે. અંગ્રેજી શાસન, અંગ્રેજી સભ્યતા અને અંગ્રેજી કેળવણીની સાથે સાથે "મટિરિયલ પ્રોસ્પેરિટી"(જડ સંપત્તિ)ઉપર મોહ થવા માંડીને દેશ પાયમાલ થવા બેઠો છે. અંગ્રેજ પ્રજા જડ સંપત્તિની પરમભક્ત છે–અંગ્રેજોની સભ્યતાનું એજ પ્રધાન ચિહ્ન છે–તેઓ અહીં પધારીને આ દેશની જડ સંપત્તિનાં સાધનો તરફજ મંડ્યા છે–આપણે પણ તેનેજ શ્રેષ્ઠ સમજીને બીજું સઘળુંજ ભૂલી ગયા છીએ.

ભારતવર્ષની અન્ય સઘળી દેવમૂર્તિઓ સ્થાનભ્રષ્ટ થઇ ગઇ છે, સિન્ધુથી માંડીને બ્રહ્મપુત્રા સુધી કેવળ જડ સંપત્તિની પૂજાનો આરંભ થઇ ચૂક્યો છે. જુઓ, કેટલો વેપાર વધતો જાય છે–જુઓ હિન્દ-ભૂમિ રેલ્વેની જાળથી કેવી જકડાઇ ગઇ છે–જુઓછોને, ટેલીગ્રાફ કેવી ચીજ છે ! જોઉં છું ખરો; પરન્તુ કમલાકાન્તનો પ્રશ્ન એ છે કે, તમારાં રેલ્વે અને ટેલીગ્રાફથી મારા ચિત્તની પ્રસન્નતા વધી શકશે ? મારૂં ખોવાઇ ગયલું ચિત્ત શું એ વસ્તુઓ શોધી લાવી શકશે ? કોઇની પણ હૃદયજ્વાળા શાંત કરી શકશે ? આ જે કૃપણો ધનની તૃષ્ણાથી મરી જાય છે તેમની તૃષ્ણા નિવારી શકશે ? અપમાન પામેલાનું અપમાન ધોઇ શકશે ? ના, કદી નહિ. ત્યારે તમારાં રેલ્વે અને ટેલીગ્રાફ વગેરે ઉપાડીને સમુદ્રમાં ફેંકી દો–કમલાકાન્ત શર્મા તેથી કંઇ પણ નુકશાન સમજશે નહિ.

શું અંગ્રેજી કે શું દેશી જે વર્તમાનપત્ર, માસિકપત્ર, સ્પિચ્, ડિબેટ અને લેક્ચર વાંચીએ છીએ કે સાંભળીએ છીએ તેમાં એજ જડ સંપત્તિ સિવાય અન્ય કોઇ પણ વિષય સંબંધે કશું પણ જોવા-માં આવતું નથી. હર હર ! ઓમ્ ઓમ્ ! જડ સંપત્તિની પૂજા કરો. હર હર ! ઓમ્ ઓમ્ ! ઢગલા ઉપર ઢગલા જેટલો પૈસો એજ ભક્તિ, એજ મુક્તિ, એજ શીલ, એજ પરમ ગાત, એજ ધર્મ, એજ અર્થ, એજ કામ અને એજ મોક્ષ છે. એવે રસ્તે જશો નહિ કે જેથી દેશનું દ્રવ્ય ઓછું થાય. એવે માર્ગે ચાલો કે જેથી દેશનો પૈસો વધે ! ઓમ્ ઓમ્ ! હર હર ! પૈસા વધારો, પૈસા વધારો, રેલ્વે ટેલીગ્રાફ એ પૈસાની માતા છે. તેના મંદિરમાં જઇને શિર ઝુકાવો. એવું કરો કે જેથી પૈસા વધે; શૂન્ય આકાશમાંથી પણ પૈસા વરસ્યા કરે ! રૂપીઆના ઝણઝણાટથી ભારતવર્ષ ભરપૂર થઇ જાય ! અને મન ? મન વળી બીજી શી વસ્તુ છે ? રૂપીઆ સિવાય મન બીજું

શું છે ? રૂપીઆ એજ મન છે. રૂપીઆ સિવાય બીજું મન અમારી પાસે નથી. ટંકશાળમાં અમારૂં મન ગાળી દેવાયું છે. રૂપીઆ એજ જડ સંપત્તિ છે ! હર હર, બોમ્ બોમ્ ! જડ સંપત્તિની પૂજા કરો. એ પૂજાના પુરોહિત *તામ્ર શ્મશ્રુધારી અંગ્રેજ નામના ઋષિઓ છે. ×એડમસ્મિથ પુરાણ અને મિલ—તંત્રમાંથી એ પૂજાના મંત્રો ભણવામાં આવે છે. એ પૂજાના ઉત્સવપ્રસંગે સઘળાં અંગ્રેજી વર્તમાનપત્રો ઢોલ બજાવે છે અને દેશી પત્રો કાંસાં કૂટે છે. એમાં કેળવણી અને ઉત્સાહ નૈવેદ્યરૂપે અને હૃદયને બલિદાન તરીકે ધરવામાં આવે છે. એ પૂજાનું ફળ આ લોક અને પરલોકમાં અનંત નરકભોગ ! તો આવો, સઘળા મળીને જડ સંપત્તિની પૂજા કરીએ. આવો, યશોગંગાના જળમાં શુદ્ધ કરીને છેતરપિંડીના બીલીપત્રપર મીઠી મીઠી વાતોરૂપી ચંદન ચોપડીને એ મહાદેવની પૂજા કરીએ. બોલો, હર હર, બોમ્ બોમ્! જડ સંપત્તિની પૂજા કરીએ. બજાવો ભાઇ ઢોલ નગારાં, તુરી, ઝાંઝ, ઢમ ઢમ, ટમ્ ટમ્, ઝમ્ ઝમ્, પેંપૂં પેંપૂં ! પધારો પુરોહિતજી ! મંત્ર ભણો. અમારૂં આ ઘણું જુનું ઘી લઇને સ્વાહા મંત્ર ભણીને અગ્નિમાં આહુતિ આપો. ક્યાં ગયા ભાઈ યુટિલિટેરીઅન કુમાર ? બકરાને ખૂંટા ઉપર રાખ્યો છે, એકવાર બાબા પંચાનન્દનું§ નામ લઇને હાથ ચલાવો ! હર હર, બોમ્ બોમ્ ! કમલાકાન્ત ખડા છે, મુડી આપી દો ! તમે મજેથી પૂજા કરો! પૂજા કરો, કંઈ પણ નુકશાન નથી; પરન્તુ મને કેટલીક વાત સમજાવતા જાઓ. તમારી જડ સંપત્તિથી કેટલા નઠારા માણસો

---

* રાતી દાઢીવાળા. × એડમસ્મિથ અને મિલ એ બન્ને મોટા અર્થશાસ્ત્રીઓ હતા.

§ પંચાનન નામ યોગ્ય નથી. પંચાનંદજ યોગ્ય છે. મદ્ય, માંસ, ગાડી, પોશાક અને વેશ્યા એ પાંચ પ્રકારના આનંદથી આ નવીન પંચાનંદ શબ્દ વ્યુત્પન્ન થયો છે.

સારા થયા છે? કેટલા અસભ્ય માણુસો શિષ્ટ થયા છે? કેટલા અધર્મી માણુસો ધાર્મિક થયા છે? કેટલા અપવિત્ર માણુસો પવિત્ર થયા છે? એક જણુ પણુ નહિ. જો ન થયા હોય તો તમારી એ ધૂળ જેવી વસ્તુ મારે જોઇતી નથી. હું હુકમ ફરમાવું છું કે એ ભસ્મ ભારતવર્ષમાંથી ફેંકી દો.

તમારી વાત હું સમજું છું. પેટ નામનો એક મોટો ધરો છે. તેને દરરોજ ભરવો જોઇએ નહિતો કામ ચાલી શકે નહિ. તમારૂં કહેવું એવું છે કે; "સઘળાનો એ ધરો જેથી કરીને સારી રીતે ભરાય તેવા પ્રયત્ન અમે આદરીએ છીએ." હું કહું છું કે, એ વાત ઘણીજ ઉત્તમ છે ખરી; પરન્તુ તેને માટે આટલી ગડમથલનું કામ નથી. પેટ ભરવાની ધૂનમાં તમે એટલા તો તલ્લીન થઇ ગયા છો કે બીજી સઘળીજ વાત ભૂલી ગયા છો. કદાચ ખાડાનો એકાદ ખૂણો ખાલી રહે તો બહેતર છે; પરન્તુ બીજી દિશા તરફ થોડું ઘણું પણ ધ્યાન રાખવું જોઇએ. પેટ ભરવાના કરતાં મનનું સુખ એક જુદીજ ચીજ છે; તો શું તેની (માનસિક સુખની) વૃદ્ધિનો કોઇ પણ ઉપાય થઇ શકે એમ નથી? તમે આટઆટલાં યંત્રો બનાવો છો, તો શું મનુષ્ય મનુષ્ય વચ્ચે પ્રેમની વૃદ્ધિ થાય એવી એકાદ કળ નહિ યોજી શકો? જરા અક્કલ વાપરીને જુઓ, નહિ તો સઘળું વિફળ થઇ જશે.

હું પણ લાંબા વખતથી કેવળ પેટજ ભરતો આવ્યો છું—કદી પારકાને માટે વિચાર પણ કર્યો નથી. એજ કારણથી હવે હું સઘળું હારી બેઠો છું—સંસારમાં મને સુખ નથી, એટલે હવે મારે પૃથ્વીપર રહેવાનું પ્રયોજન પણ જોતો નથી. પારકાનો બોજો હું શા માટે વહું એમ વિચારીને હું સંસારી થયો નહિ. તેનું ફળ એ આવ્યું કે, કોઇ પણ સ્થળે મારૂં મન રહ્યું નથી. હું સુખી નથી. હોઉં પણ કેવી રીતે? પારકાને-માટે મેં કંઇ પણ કર્યું નહિ તો પછી સુખપર મારો અધિકાર ક્યાંથી?

સુખપર મારો અધિકાર નથી; પરન્તુ એ ઉપરથી તમે એમ સમજી લેશો નહિ કે, તમે વિવાહ કર્યો છે એટલે સુખી સુખી બની ગયા છો. જો કૌટુમ્બિક સ્નેહમાં તમારી આત્મપ્રિયતા લુપ્ત ન થઇ ગઇ હોય, **જો વિવાહસંસ્કારથી તમારૂં હૃદય ઉન્નત ન થયું હોય અને જો પોતાના પરિવાર પરના પ્રેમથી તમે આખી મનુષ્ય જાતિ ઉપર પ્રેમ રાખતાં ન શિખ્યા હો, તો તમે જે વિવાહ કર્યો છે તે મિથ્યા છે. તમે નકામો બોજો વહી મર્યા છો. ઇન્દ્રિયતૃપ્તિ અથવા પુત્રનું મોં જોવું એટલાજ માટે વિવાહ નથી. જો લગ્નસંબંધથી મનુષ્યનું ચારિત્ર્ય ઉન્નત ન થયું તો લગ્નનું પ્રયોજન નથી.** ઇન્દ્રિયાદિ અભ્યાસથી વશ થઇ શકે છે. અભ્યાસથીજ ઇન્દ્રિયમાત્ર તદન શાંત બનાવી શકાય છે. ઇન્દ્રિયને વશ કર્યાથી જો કદાપિ મનુષ્ય જાતિ પૃથ્વી પરથી લુપ્ત થઇ જાય તો પણ બહેતર છે; પરન્તુ જે વિવાહથી પ્રીતિનું શિક્ષણ નથી મળતું તેવા વિવાહનું કંઇ પણ પ્રયોજન નથી.

હમણાં કમલાકાન્ત હાથ જોડીને સઘળા આગળ નિવેદન કરે છું કે, તમારામાંનો કોઇ કમલાકાન્તને એકાદ સ્ત્રી સાથે પરણાવી શકે એમ છે?

૬—બેસતું વર્ષ.

શ્યામબાબુ—ગુડમોર્નિંગ મિ. રામબાબુ—હાઉ ડુ યુ ડુ?

રામબાબુ—ગુડમોર્નિંગ મિ. શ્યામબાબુ—હાઉ ડુ યુ ડુ?

(બન્નેનું પ્રગાઢ કરમર્દન.)

રામબાબુ—I wish you happy new year and many many returns of the same. (તમને નવીન વર્ષ મુબારક હો અને એવાં બીજાં ઘણાં વર્ષ ભોગવો એમ ઇચ્છું છું.)

શ્યામબાબુ—The same to you. (આપને માટે પણ તેમજ હો.)

(શ્યામબાબુની આવી વાતચીત માટે અન્ય મિત્રોને ત્યાં જવું, અને રામબાબુનો અંતઃપુરમાં પ્રવેશ.)

રામબાબુની સ્ત્રી—એ કોણ આવ્યું હતું?

રામબાબુ—એ તો પેલા ઘરવાળા શ્યામબાબુ.

સ્ત્રી—તે તમારે ખેંચતાણ શા માટે થતી હતી?

રામબાબુ—શું બકે છે? ખેંચતાણ વળી ક્યારે થઇ?

સ્ત્રી—વાહ! તમે તેનો હાથ પકડીને ઝટકી નાખ્યો અને તેણે તમારો હાથ પકડીને તેમ કરીને બદલો લીધો. તમને વાગ્યું તો નથી?

રામ—એ ખેંચતાણ? કેવું પાપ! એ તો કહેવાય Shaking hands, એ તો આદરનું ચિહ્ન છે.

સ્ત્રી—ખરેખર! સારે નશીબે હું તમારા આદરનું પાત્ર ન બની. પણ અરે! તમને વાગ્યું તો નથી?

રામ—જરા નખ વાગી ગયો છે, પણ એ તે કંઇ ગણતરીમાં લેવાય?

સ્ત્રી—આહ, જોઈએ. છોલાઇ ગયા છો. ભોંય પડ્યો, સવારના પહોરમાં મુઓ મારે ઘેર હાથાહાથી કરવા આવ્યો હતો. ખેલ્યા હવે હુટો હુટી! મુઆની સાથે હવેથી રમ્યા તો તમે તમારી વાત જાણ્યા.

રામ—શું બકે છે? રમવાની વાત વળી ક્યારે થઇ હતી?

સ્ત્રી—વાહરે! તે બોલ્યો, 'હાં ડુડુડુ' તમે પણ કહ્યું "હાં ડુડુડુ" તે શું! "હાં ડુડુડુ"* ખેલવાની હવે તમારી ઉમ્મર છે?

રામ—આહ! આ ગામડીઅણના હાથમાં પડીને મારું તે કાંઇ જીવતર છે! અરે "હાંડુડુડુ" નહિ "હાઉ ડુ યુ ડુ." અર્થાત્ how do you do? એનો ઉચ્ચાર થાય છે "હાઉ ડૂ યુ ડૂ?"

સ્ત્રી—એનો અર્થ શો?

રામ—એનો અર્થ એ કે, "તમે કેમ છો?"

સ્ત્રી—એ કેવી રીતે હોય? તેણે તમને પૂછ્યું, "તમે કેમ છો?" તમે તેનો કંઇ પણ ઉત્તર આપ્યો નહિ, અને ઉલટી તેની તેજ વાત ઉલટાવીને બોલ્યા!

રામ—એજ છે આજ કાલની એટીકેટ—સભ્ય રીત.

સ્ત્રી—શું તેનું તે ઉલટાવીને કહેવું એ સભ્ય રીત છે? જો તમે મારા છોકરાને કહો કે, કેમ રે હરામખોર, લખતો વાંચતો નથી? તો શું તે પણ તમને ઉલટાવીને પૂછશે કે, કેમ રે હરામખોર, લખતો વાંચતો નથી? શું આજ સભ્ય રીત કે?

રામ—અરે એમ નહિ, એમ નહિ. "કેમ છો?" પૂછવાથી ઉત્તર નહિ આપતાં સામું પૂછવું પડે છે કે, "કેમ છો?" એજ સભ્ય રીત કહેવાય.

સ્ત્રી—[હાથ જોડીને] મારી એક પ્રાર્થના છે. તમે સવારસાંજ સાજા માંદા રહો છો; એટલે મને દિવસમાં પાંચ વાર ખબર લેવી

* એવા નામની કોઇ રમત બંગાળામાં હશે.

પડે છે કે, "તમને કેમ છે ?" તે વખતે મને "હાંઙુઙુઙુ" કહીને કાઢી મૂકશો નહિ. મારી પાસે કૃપા કરીને એવા સભ્ય ન બનતા.

રામ—ના, ના, એમ તે કંઈ થાય ? તો પણ આ સઘળી વાત તારે જાણી રાખવી જોઇએ.

સ્ત્રી—તે બતાવશો એટલે સમજી જઇશ. જરા સમજાવી દોને ? વારૂ, પણ શામબાબુ આવ્યા અને કિચિર મિચિર કરીને બોલ્યા અને ચાલ્યા ગયા. જો "હાંઙુઙુઙુ" બોલવાની વાત કહેવા ન આવ્યા હતા તો શા માટે આવ્યા હતા ?

રામ—આજે બેસતું વર્ષ છે, એટલા માટે નવા વર્ષના આશીર્વાદ કહેવા આવ્યા હતા.

સ્ત્રી—આજે બેસતું વર્ષ ? મારાં સાસુ સસરા તો વૈશાખ* સુદ પડવાથી નવું વર્ષ ગણતાં !

રામ—આજે પહેલી જાન્યુઆરી છે. અમે લોકો આજથીજ નવું વર્ષ ગણીએ છીએ.

સ્ત્રી—સાસુ સસરા ગણતાં વૈશાખ સુદ પડવાથી, તમે ગણો છો પહેલી જાનેવારીથી, અને ધારૂં છું કે, મારો છોકરો ગણશે શ્રાવણ સુદ પડવાથી ?

રામ—એ તે કેવી રીતે બને ! આ તો અંગ્રેજોનો મૂલક છે એટલે હમણાં અમારે પણ અંગ્રેજી નવા વરસને નવું વરસ ગણવું પડે.

સ્ત્રી—તે તો ઠીકજ છે; પણ આટલા બધા શરબતના સીસા શામાટે લાવ્યા છો ?

રામ—આનંદનો દિવસ છે. સાહેબ લોકોને ભેટસોગાદ મોકલવી જોઇશે. એ તો વિલાયતનો ઉંચી જાતનો...છે.

સ્ત્રી—તો ઠીક, હું મોઇ કુટલાં નશીબની સમજી કે આ બધા

* બંગાળામાં વર્ષ વૈશાખ માસથી બદલાય છે. બા. કુ.

શરબતના સીસા હશે ને આ ગરમીની મોસમમાં તે દાન કરવા લાવ્યા હશો. હું તો તમને વારવાની હતી પણ વખતે તમે મારાં સાસુ સસરાને નિમિત્તે આપવાના હશો એમ ધારીને બોલી નહિ.

રામ—તું ઘણી મૂર્ખ છે.

સ્ત્રી—એજ સારી વાત છે તો, એથી તો વધારે વાત પૂછતાં ડરૂં છું.

રામ—વળી બીજું શું પૂછવું છે ?

સ્ત્રી—આટલી બધી કોબી, મૂળા, ગાજર, બેદાના, પરતાં, દ્રાક્ષ, કેળાં, એ બધું લાવ્યા છો શામાટે ? શું એટલું બધું ખાવામાં વપરાવાનું હતું ?

રામ—ના, એ બધાંનો તો સાહેબને કંડીઓ ભરીને મોકલવો પડશે.

સ્ત્રી—હાય ! હાય ! એવું કામ ન કરતા. લોકો ઘણું નબળું બોલશે.

રામ—શું બોલશે ?

સ્ત્રી—લોક કહેશે કે એના ઘરમાં તો દારૂના સીસાનાં દાન થાય છે અને બ્રાહ્મણને ઠેકાણે સાહેબ લોકોને અપાય છે.

(પ્રહારભયથી ગૃહિણીનું ત્યાંથી સત્વર પલાયન. રામબાબુનું વકીલના ઘર તરફ ગમન અને હિન્દુના છૂટા છેડા–divorce થઇ શકે કે નહિ તે સંબંધમાં પ્રશ્ન.)

૭—ચાંદનીમાં.

આ ઘાસપાનથી સુશોભિત લીલાંકુંજાર ખેતરોમાં, આ કલરવ કરતી વહેતી ભાગીરથીના તીરે, આ ખીલેલી ચાંદનીમાં, 'દફ્તર'ની અભિવૃદ્ધિ—કલેવરની વૃદ્ધિ—કરીશ. આવી ચાંદનીમાંજ ટ્રૅલસ ટ્રોય નગરની ઉચ્ચ દિવાલ પર ચઢીને ક્રેસિડાને યાદ કરીને ઉષ્ણ નિઃશ્વાસ મૂકતો હતો નહિ વારૂ? આવી ચાંદનીમાંજ થિસબી સુંદરી આવા ઝાકળબિન્દુથી છંટાયલા કોમળ તૃણને સુકુમાર પદથી દલિત કરીને પિરામસ સાથે કરેલા સંકેતસ્થાનપ્રતિ અભિસારિણી થતી હતી નહિ વારૂ? 'અભિસારિણી' શબ્દમાં 'અભિ'*ઉપસર્ગ છે, 'સૃ' એક +ધાતુ છે, અને સ્રીત્વવાચક 'ઇની×' પ્રત્યય છે. આ જીવનમાં કમલાકાન્ત શર્માએ અનેક ઉપસર્ગ અને અનેક ધાતુવિકારવાળા માણસો જોયા છે. તેમજ કેટલીએ 'ઇની' નજર તળે આવી ગઇ છે; પરન્તુ ઉપસર્ગ સહિત ધાતુયુક્ત 'ઇની' (એણી) કદી પણ જોવામાં આવી નથી. કમલાકાન્તે ઉપસર્ગથી કોઇ પણ ઇનીનો ધાતુ બગાડ્યો નથી, અને કમલાભિસારિણી નાયિકા કદી પણ થઇ નથી. જેઓ ગોરસ વેચવાને આવે છે તેમને શ્રીમદ્ ભાગવતમાં "પ્રસારિણી"‡ કહી છે, કોઇ પણ

---

* (૧) ધાતુની આગળ જોડાનાર પદ, જેમકે 'અનુચર'માં 'અનુ.' (૨) મંદવાડ, આફત.

+ (૧) શબ્દનું મૂળ. (૨) શરીરના સાત ધાતુ જેવા કે રસ, રુધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર; એમાંનો એક.

× (૧) ક્રિયાપદ ઉપરથી સ્રીલિંગ નામ બનાવનાર પ્રત્યય.(૨)'ઇની' બંગાળી શબ્દનો અર્થ સ્રીજાતિ વાચક 'આ' થાય છે. સરખાવો 'પારસી ગુજરાતી'નો 'એણી' શબ્દ.

‡ બંગાળી શબ્દ છે અને તેનો અર્થ સ્રી દુકાનદાર થાય છે.

સ્થળે “ અભિસારિણી ” કહી હોય એવું સ્મરણમાં આવતું નથી. જો તેમ કહેવાતું હોત તો મેં અનેક અભિસારિણી જોઇ છે એમ હું કહી શકું.

ચન્દ્ર, તું હાસ્ય કરે છે ? હસતો હસતો નાસે છે ? તારી સત્તાવીસ ‘ પ્રની ’ (નક્ષત્રો) સાથે મને જોઇને મારા તરફ કટાક્ષ ફેંકી ઉપહાસ કરે છે ? દક્ષપ્રજાપતિનાં આવાં જ કામ ? એકી વખતે સત્તાવીશ જણીને એક ચન્દ્રને સમર્પણ કરી દીધી, અને આ તરફ કમલાકાન્ત શર્માને એક વિવાહ માટે પણ ફાંફાં ! હે અમલ–ધવલ–કિરણરાશિ સુધાકર ! બીજી સઘળી ભલે તારી રહે, પરન્તુ ઓછામાં ઓછી અશ્લેષા અને મઘા ઉપરથી તો તારો હાથ ઉઠાવી લે. હું એ બન્નેને અત્યંત ચાહું છું. મારા જેવા કામ ધંધા વિનાના માણસોને એની કૃપાથી ઓછામાં ઓછા બે દિવસ તો ગૃહવાસ સુખની પ્રાપ્તિ થઇ શકશે. હું એ બન્ને ભગિનીઓને મારા ઘરમાં હંમેશને માટે સ્થાન આપીને સુખે કાળ ગાળીશ. એમનામાં બીજા પણ અનેક ગુણો છે. પોતાની અશક્તિને લીધે જો કોઈ કામ પાર પડી શકતું નથી તો લોકો ઇચ્છા પ્રમાણે એમને દોષ દઇને બીજા આગળ પોતાની બડાઇ હાંકી શકે છે. હું પણ જો નસીબાબુનું કાપડ ખરીદતાં કમઅક્કલથી છેતરાઈ આવું તો મારી બન્ને સહધર્મિણીને માથે સઘળો દોષનો પોટલો નાખી દઇને સફાઇ બતાવી શકું.

ચન્દ્રદેવ ! તેં મારી વાત તરફ કાન પણ દીધા નહિ ? હજી સુધી તું મન્દાકિનીનાં મંદ–આંદોલિત વક્ષ–વસન કરસ્પર્શથી પ્રતિભાસિત કરતો રહ્યો છે ? હજી પણ મંદસમીરસાથે ગોષ્ઠિ કરીને વૃક્ષની કુંપળો પર પલક મારી મારીને ઝલક વર્ષાવી રહીશ ? હજી પણ તૃણક્ષેત્રોપર છૂટથી ‘મણિ–મુક્તા–મરકતની× વૃષ્ટિ કરતો રહીશ ?

× લીલા રંગનું રત્ન–નીલમ.

બીજા કોઇ મોતી વરસાવે કે ન વરસાવે; પરન્તુ જોઉં છું કે તું તો વરસાવે છે, અને આજે હું પણ વરસાવીશ.

આ સંસારના લોક—આ બલ્લાળસેનના પૌત્રના પૌત્રના પૌત્રના પૌત્ર અને—દૌહિત્રના દૌહિત્રના દૌહિત્રના દૌહિત્ર મને બાળીને ખાખ કરે છે. મારી છાતી ઉપર વિશ્વ વિદ્યાલય સ્થાપન થયું છે. બી. એ. પાસ કર્યા સિવાય કોઇ કન્યા આપતું નથી. હવે સંસાર રસાતળ ગયો છે. ઉચ્ચ કેળવણીનું ફળ શું ? છત્રપલંગ, ચાંદીનાં પાત્રો, રેશમી વસ્ત્રો અને સુવર્ણાલંકારથી શણગારાયલી એક વંશ વૃદ્ધિ કરનારી ! હરિ ! હરિ ! ડૂબતી વેળા તરણાનો આશ્રય લેનાર પાંડિત્યાભિમાની બી. એ. ની ઉપાધિ ધારણ કરનાર ઉંચી કેળવણી પામેલા બંગવાસી યુવકના ચાંદી પાત્ર અને વસ્ત્ર—વંશ—ખાટ સહિત સચેત અવસ્થામાંજ રામ બોલાઇ ગયા !* પ્રથમ ઉપાધિ મેળવી હતી, હવે સમાધિ મળી. તે વિલાયતી બ્રહ્મમાં લીન થઇ ગયો, બંગાળી યુવક સંસારી થયો ખરો, પણ તેની ઉંચી કેળવણીએ તેને તેના અંતિમ ધામે પહોંચાડી દીધો. તેને હજાર તોલાનાં ચાંદીપાત્ર, સો તોલા વજનના સુવર્ણાલંકાર, અને સંસારકુટીરનો એક આધારસ્તંભ—વંશ વૃદ્ધિ કરનારી—મળી ગયાં છે; તેણે પોતાની ચિરવાંછિત હેમકુટ પર્વત પાસેની કિષ્કિન્ધાપુરીની સરકારી વકીલાત મેળવી છે. હરિ હરિ ! ભાઇ, હરિ હરિ !

તેને આટલે દિવસે સમાધિ મળી ! તેણે ઉંચી કેળવણી પ્રાપ્ત કરવાને માટે ભગીરથ પ્રયત્ને કામસ્કાટકા દેશની સઘળી નદીઓનાં નામ કંઠાગ્રે કર્યાં હતાં. એજ ઉચ્ચ કેળવણીને માટે તેણે આખી રાત દીવે બેસીને એક ચિત્તે સહરાના રણના એક એક રેતીના ઢગલાઓની

---

*આ રાત્રિથી કમલાકાન્તમાં વાયુની વૃદ્ધિ ઘણીજ થઇ ગઈ હોય એમ માલૂમ પડે છે.

શ્રી ભીષ્મદેવ ખોશનબીસ.

સંખ્યા ગોખી મારી હતી. એજ ઉચ્ચ શિક્ષણને માટે *શાર્લમેનની પહેલી બાવન અને પાછલી સાડીત્રેપન પેઢીનાં નામ ગોખી માર્યાં હતાં. એજ ઉચ્ચ કેળવણીના પ્રતાપે તે શીખ્યો હતો કે, ટાઉનહૉલમાં ભાષણ આપવું એજ પરમ પુરૂષાર્થ છે. યેન કેન પ્રકારેણ અંગ્રેજોની નિંદા કરવી એજ રાજનીતિનિપુણતા છે; અને વંશવૃદ્ધિ કરનારીની આરાધના કરીને ઉમેદવારો(સંતાનો)ના દળમાં વૃદ્ધિ કરીને દેશને જંગલ જેવો બનાવી મૂકવો એમાંજ કળિયુગના મનુષ્યજીવનનું સાફલ્ય છે.

હું આવી વંશવૃદ્ધિકારિણીને માટે પ્રયાસ કરનાર નથી. હું 'વિલ' કરી જઇશ કે મારી સાત પેઢી સુધી કોઇનો પણ વિવાહ ન થાય તો બહેતર; પરન્તુ આવી વંશવૃદ્ધિકારિણીનો આશ્રય લઇને સ્વર્ગ પ્રાપ્ત કરવાની વાંછના કોઇએ પણ રાખવી નહિ.

જો સંસારની વૃદ્ધિ કરવી એજ લગ્નનો ઉદ્દેશ હોય તો હું માછલી સાથે વિવાહ કરીશ; જો પૈસાને માટેજ લગ્ન કરાતાં હોય તો હું ટંકશાળના મેનેજર સાથે વિવાહ કરીશ; અને જો સૌન્દર્યને માટેજ લગ્ન થતાં હોય તો ઘુંઘટ—આચ્છાદિત ચંદ્રવદનાને દૂરથીજ પ્રણામ કરીને આ આકાશી ચંદ્ર સાથેજ લગ્ન કરીશ.

ભાગીરથિ ! જો તું શાન્તનુનાં વક્ષઃસ્થળમાં, અથવા તે કરતાં પણ વધારે ઉંચા હિમાલય—ભવનમાં અથવા તેથી પણ ઉંચે ધૂર્જટિ-(શિવ)ના જટાજૂટમાં રહી હોત તો આજે કોણ તારી ઉપાસના કરત ? તેં અધોગામિની થઇને મૃત્યુ લોકમાં ઉતરીને સહસ્ર ધારાએ સાગરને મળવા માટે પ્રયાણ કર્યું તો કેવો સગરવંશનો ઉદ્ધાર થયો !

હે વાયુ ! જો તું અંજનિના અંચલ સાથેજ ચિરકાલ પર્યંત

* શાર્લમેન એ આઠમા સૈકામાં થઇ ગયેલો યૂરપનો ચક્રવર્તી રાજા હતો; અને તે ' હોલી રોમન એમ્પરર ' તરીકે અભિષિક્ત થનાર પહેલોજ રાજા હતો. ભા૦ ક૦

ક્રીડા કરવામાં આસક્ત રહ્યો હોત, અથવા મલયાચલ પર પોતાના પ્રમોદભવનમાં ચંદનની શાખા ઝુકાવીને અથવા એલચીની લતાઓને કંપાયમાન કરીને પ્રરિભ્રમણ કરતો રહ્યો હોત તો પછી "**त्वमेव जगज्जीवनं पालनं**" કહીને તારી સ્તુતિ કોણ કરત? આ બાલ વસન્ત-વિહારી વિહંગમોનો કલરવ જો કેવળ નંદનવનમાંજ સંભળાતો હોત, તો પછી કમલાકાન્ત ચક્રવર્તી આ રાત્રિના સમયમાં તેમના નામ પર પોતાની શાહી અને લેખિનીનો નિરર્થક વ્યય શામાટે કરત? હે સુધાંશુ (ચંદ્ર!) જો તું ક્ષીરસાગરતલે, અમૃતના ભંડારમાં, પ્રવાલ-પલંગપર મોતીની શય્યા ઉપર સૂઇ રહ્યો હોત તોપછી તારી સાથે રમણીના મુખમંડલની તુલના કોણ કરત? અથવા તારી આ સત્તાવીશ ક્રમાનુગતિક સુંદરીઓને લઇને "**खलु सारं श्वशुरमन्दिरम्**" એ સિદ્ધાન્ત પ્રમાણે તેં દક્ષભવનમાં વાસ કર્યો હોત તો પછી આજે કમલશર્મા તારા દર્શનનો અભિલાષી થઇને, આ શ્મશાન નજીક, આ વડતળે સંસારથી તટસ્થ થઈ શામાટે બેસત?

હે શશિ! જો તું વ્યાકરણ ભણ્યો હોય તો મને માફ કરજે; મારાથી પ્રાણાન્તે પણ "શશિન્ બોલી શકાતું નથી. અત્યાર સુધી તારા ગુણો તરફજ મારૂં ધ્યાન ચોંટેલું હતું.

શશિ! તું અનાથોની પર્ણકુટીના દ્વારપર અનિમેષ નયને પહેરેગીરરૂપે ચોકી કરતો રહે છે; કાલુંઘેલું બોલતાં બાળકો જ્યારે નાચતાં નાચતાં તને પકડવાને દોડે છે, ત્યારે તું પણ તેમની સાથે નાચતો નાચતો ખેલ કરે છે; બાલિકાઓ જ્યારે સ્વચ્છ સરોવરના હૃદયપ્રદેશમાં તને કોઇ વાર જોવા પામે અને કોઇ વાર ન જોઇ શકે ત્યારે તારાં દર્શન માટે અહીંતહીં સરોવર તટે દોડતી ફરે છે, ત્યારે તું કોઇ કોઇ વાર સહજ દેખાવ દઇને તેમની સામે સંતાકુકડી રમે છે; નવવધૂ જ્યારે મંદમંદ પવન સાથે મહેલની અગાસીમાં એકલી બેસીને દીર્ઘ

નિશ્વાસ મૂકતી હોય છે, ત્યારે તું નારિકેલની કુંજના અંતર પ્રદેશમાંથી અતિ ધીરે ધીરે અમૃત વરસાવી તેના હૃદયને ભરી દઇ શીતળ કરે છે; જ્યારે તરંગિણી (નદી) આશા તરંગિત હૃદયે ધીર પ્રવાહે મંદગતિથી સાગર પાસે જવા નીકળે છે, ત્યારે તુંજ તેને સુવર્ણાલંકારથી શણગારીને, આશીર્વાદ દઇ માર્ગ દર્શાવે છે; જ્યારે ગુલાબ વસન્તના રંગથી મસ્ત થઇને ચારે તરફ નજર ફેંકી ડોલે છે, ત્યારે તેના કાનમાં માલતીલતાને ચુંબન કરવાની સલાહ તુંજ આપે છે; વળી તેજ તું, જ્યારે દુષ્ટ હેતુવાળો કોઇ માણસ કોઈ કુલકામિનીનો ધર્મ નષ્ટ કરવા પ્રવૃત્ત થાય છે ત્યારે તારા સુકુમાર મુખમંડલ પર એવી ભ્રકુટી ચઢાવે છે કે તે તારા મુખ તરફ દૃષ્ટિપાત કરવા પણ સમર્થ થઇ શકતો નથી; તુંજ ખૂનીની તલવારમાં એવી વિજળી ચમકાવી દે છે, કે તેને તેના પાપ–શોણિતબિન્દુથી રૈરવ નરકની પ્રતીતિ થઇ જાય છે.

તું ખેલતાં કુદતાં બાળકોની ચાલતી સુવર્ણ થાળી છે; તરૂણ પુરૂષોનો આશા પ્રદીપ છે; યુવક યુવતીઓને માટે રાત્રિ વિતાવવાનું અને ભોગ ઉપભોગનું પ્રધાન સાધન છે, અને ઘરડાંઓને માટે સ્મૃતિ–દર્પણ છે. તું અનાથોનો પહેરેગીર; સ્થિર તેજભંડાર; પ્રવાસીઓનો માર્ગદર્શક; ગૃહસ્થોનો રાત્રિ–સૂર્ય; પાપીઓના પાપનો સાક્ષી; પુણ્યાત્માની નજરે તેમની યશ:પતાકા, ગગનનો ઉજ્જવલ મણિ, જગતની શોભા અને આ શ્મશાનવિહારી કમલાકાન્તનો એક માત્ર આધાર છે. તું સારાનેમાટે સારો, નઠારાનેમાટે નઠારો, રસમાં રસ અને નિરસ સમયે વિષ છે. તું કમલાકાન્તની સહધર્મિણી છે; શશિ ! હું તને બહુજ ચાહું છું; હું તારી સાથેજ લગ્ન કરીશ. બધા હરિહરિ બોલો, ભાઇ ! આજે આજ સ્થળે વિવાહ રાત્રિનું શયનગૃહ ! સઘળા બોલો એક વખત હરિહરિ. બોલો, બોમ્ ભોળાનાથ ! ચન્દ્ર તો પુરૂષ છે ! હવે ડબલમાત્રા ચઢાવવી પડશે.

ચન્દ્ર આપણા આર્ય મત પ્રમાણે પુરુષ છે ખરો, પરન્તુ વિલાયતી પંડિતોના મત પ્રમાણે તે એક કોમલાંગી છે. આપણા મત પ્રમાણે ચન્દ્ર "હી" (He)* અંગ્રેજી મતે "શી" (She) છે. તો પછી ઉપાય શો ? 'હી' કે 'શી,' એ નક્કી થાય કેવી રીતે ?

વાસ્તવિક રીતે સંસારના લોકો સાથે મારે આ વિષયમાં એક મત થઇ શક્યો નથી. એ સંબંધમાં મને જાત જાતના સંદેહ ઉપજે છે. જે વાજીદઅલી શાહ લખનૌના શહેરમાંથી સ્વચ્છંદે મ્યાનામાં બેસી કેદખાનામાં જઇને હંસ-હંસી, કપોત-કપોતી વગેરે સાથે ખેલતો, ગુલાબજળની નદીમાં રોજ સ્નાન કરતો, અને પોતાના જેવી પિંજરમાં પડેલી બુલ બુલને ઘીવાળો પુલાવ ખવડાવતો તે 'હી' (He) કે 'શી' (She) ? અને જે રાણીએ સ્વદેશપ્રેમને લીધે ઐહિક સુખસંપત્તિનો ત્યાગ કરીને-રાજપુરુષોને શરણાગત થવા કરતાં ભિક્ષા માગવી ઉત્તમ સમજીને નેપાળના પહાડી પ્રદેશનો આશ્રય લીધો તે 'શી' કે 'હી' ?

જો 'હી' અને 'શી' નો ભેદ પરાક્રમથી નક્કી ન કરી શકાય તો શું તે યુદ્ધકૌશલ્યદ્વારા થઇ શકશે ? જે જુવાને (જૉન ઑફ આર્ક) ઑર્લિયન્સના કિલ્લા પર આક્રમણ કરતી વખતે સર્વથી પહેલાં પગલાં ભર્યાં અને જેણે ફ્રાંસનો પુનરુદ્ધાર કર્યો તેને 'શી' કહીશું કે 'હી' ? અને જે બેડફર્ડે તેને બળતી આગમાં નાખી દેવાને માટે તે કેદખાનામાં હતી ત્યારે પુરુષનાં વસ્ત્રો પહેરાવી રાખ્યાં હતાં તેને 'હી' કહીશું કે 'શી' ? ના, યુદ્ધકૌશલ્યથી એ જાણી શકાશે નહિ. ત્યારે સાધારણ રીતે સાંભળવામાં આવે છે કે, જે બળવાન તેજ પુરુષ,

* 'હી' (He)=તે, 'શી' (She)=તે, અંગ્રેજી સર્વનામ છે. 'હિ' પુલ્લિંગ અને 'શી' સ્રીલિંગ.

શ્રી ભીષ્મદેવ.

અને જે જાતિ નિર્બળ તેજ સ્ત્રી. વારૂ, કોંતે* (Comte) પોતાને નીતિ રાજ્યનો સર્વોપરિ સમજીને યુરોપીઅન પંડિતો પાસે 'કર' ની માગણી કરી હતી; તેજ અતુલ પરાક્રમશાલીને જે મેડમ ક્લોટિલ્ડ દેવીએ પોતાના પ્રતાપથી વશ કરી લીધો તેને 'શી' કહીશું કે 'હી'? રોમન મહારાજ્યના કૈસર પ્રતાપી પૃથ્વીપતિ હતા, મિસરની જે ક્લિયોપેટ્રા રાણીએ એવા ત્રણ કૈસરો ઉપર પોતાનો અમલ ચલાવ્યો તેને 'શી' કહેશો કે 'હી'?

વાસ્તવિક રીતે જગતમાં 'હી' કોણ અને 'શી' કોણ તેનો નિર્ણય થઇ શકે એમ નથી. તે દિવસે નાટકનો ખેલ ચાલતો હતો, તેમાં એક સ્ત્રી એકટરે કહ્યું:—"સિંહણ થઇ શું શિયાળના પગ સેવીશ?" અને બંગ નવ યુવકો મન્ત્રમુગ્ધની પેઠે પુતળાં જેવા તેના મુખ તરફ જોઇ રહ્યા હતા; ખરેખર મને ત્યારે તે ગાનારી સિંહ જેવીજ લાગી હતી અને પેલા સઘળા બંગાળી યુવકો મને શિઆળ રૂપજ ભાસ્યા હતા. તે સમયે જો કોઇ મને પ્રશ્ન કરત કે, 'હી' કોણ અને 'શી' કોણ? તો હું અવશ્ય કહેત કે, આ ગાનારીજ 'હી' અને તેનો જડવત શ્રોતૃ વર્ગજ 'શી' છે. ખરી રીતે તો બંગાળી યુવકો કોઇક ઠેકાણે 'હી,' કોઇક સ્થળે 'શી' અને સર્વત્ર વિકલ્પે ×'ઇટ' (it) હોય છે. તેમનો નિત્ય ક્રમ પણ છે. જેમકે ઠઠ્ઠા મશ્કરીમાં 'હી', શયનગૃહમાં 'શી,' અને કામકાજમાં "ઇટ્" હોય છે. તેઓ ભાષણ આપતી વેળા 'હી,' સાહેબની પાસે 'શી' અને મદ્યપાન પછી 'ઇટ્' થઇ જાય છે. પરિણામે 'ઇટ્', ગમે તેમ હો, મને મારા પોતાના સંબંધમાં પણ સંદેહ છે કે હું 'હી' છું કે 'શી'? તે દિવસે મધુભાટે મારૂં નામ દઇને પ્રસન્નની કંઇક ટોળ કરી એટલે તેણે તરત જ દૂધની ભરેલી તાંબડી

* કોંત [જન્મ, ૧૭૯૮ માં] એ એક ફ્રેન્ચ નૈયાયિક હતો. ભા. ક.

× ઇટ (It)=તે. અંગ્રેજી સર્વનામ નપુંસકલિંગમાં તે વપરાય છે.

તેના માથામાં અફાળી અને ભાટની છાતીનાં પાટીઆંની મજબૂતીની પરીક્ષા કરવા માટે તેના પર એક ખાસ પ્રકારનું અસ્ત્ર ચલાવવાનો ઇરાદો કીધો, તે પ્રસન્ન જગતની દૃષ્ટિમાં ઠરી 'શી,'—અને હું–જેને નસીબાબુએ એક દિવસ કહ્યું કે "ચક્રવર્તી! આજે ઝોકાં ખાતાં ખાતાં બિછાનું સળગાવી દીધું, મને લાગે છે કે એકાદ દિવસ લંકાકાંડ, કરી દેશો!" આ ભયથી તેમણે અફીણની માત્રા ઘટાડી દીધી, તેજ હું 'હી' ઠર્યો! આવા આવા વિચારોને લીધેજ મારે જગત સાથે વાગ્–યુદ્ધ મચે છે. તાત્પર્ય એ છે કે જ્યારે હું પોતે જ 'હી' છું કે 'શી' તેનો નિર્ણય કરવો દુષ્કર થઇ પડે તો પછી ચંદ્ર 'હી' છે કે 'શી' તે કેવી રીતે નક્કી થઇ શકે? જો ચંદ્ર હી હશે તો હું શી! કારણ કે મારી સાથે ચંદ્રને પ્રેમ થઇ ચૂક્યો છે; અને મારે ચંદ્ર સાથે વિવાહ કરવો જ પડશે; અને હું જો ખરેખર કમલાકાન્ત ચક્રવર્તી નીકળ્યો તો ચંદ્ર થશે 'શી'. ચંદ્ર અંગ્રેજોના મત પ્રમાણે 'શી' છે. તેમ થતાં હું ચન્દ્રનું અંગ્રેજી રીતે પાણિગ્રહણ કરીશ.

હમણાં વિવિધ મતાનુસાર વિવિધ કાર્યો થતાં રહે છે; હું વિલાયતી મત પ્રમાણે લગ્ન કરીશ. હમણાં દશાવતાર દશ ભિન્ન ભિન્ન કર્મને માટે યોજાયા છે. મત્સ્ય, કૂર્મ અને વરાહ ટેબલની શોભામાં વૃદ્ધિ કરે છે. નૃસિંહ, લક્ષ્મીની આરાધના કરનાર દૈત્યકુળમાં ઉત્પન્ન થયલા પ્રહ્લાદના 'બુલડૉગ' રૂપે આશ્રિત થઇ રહ્યા છે. ભારતીય યુવકો વામન અવતારધારી હોવા છતાં સુવર્ણ ચંદ્રને પકડવાનું અભિમાન ધરાવે છે. તેમણે પ્રથમ રામ (પરશુરામ) પાસેથી માતૃસેવાનું, બીજા રામ (દશરથસુત) પાસેથી પત્નીસેવાનું અને છેલ્લા રામ (બળરામ) પાસેથી વારૂણીસેવા (મદિરા–સેવન) નું શિક્ષણ પ્રાપ્ત કર્યું છે. એમણે બૌદ્ધ મતમાંથી જગતની અનિત્યતા સમજી લઇને કલ્કિ અવતારની પેઠે સંહાર મૂર્તિ ધારણ કરી છે. હાલના સમયમાં

શાક્ત મત પ્રમાણે ભોજન તૈયાર કરીને તેને શિવના ત્રિશૂલ (કાંટા)માં પરોવીને ગળા નીચે ઉતારી દેવામાં આવે છે; અને તે પછી સુરાપાન અવશ્ય સેવનીય ગણાય છે. વળી જેરૂસલમના પ્રથમ ગૌરાંગ-(ઇસુખ્રિસ્ત)ના ઉપદેશાનુસાર ભજન કરવાં જોઇએ, નવદ્વીપવાસી બીજા ગૌરાંગ (ચૈતન્ય)ની પેઠે હરિસંકીર્તન થવું જોઇએ અને રાધાનગરના નાના ગૌરાંગની પેઠે સંસ્કૃત શ્લોક પણ ભણવા જોઇએ.

એટલા માટે શશિ! પૂર્ણ શશિ! હું તને અંગ્રેજી મત પ્રમાણે 'શી' (She) સમજીને રાજી રજા વંદીથી, તન્દુરસ્ત હાલતમાં, અક્કલ હુશિઆરીથી તારી સાથે લગ્ન કરૂં છું. હું અને મારા પછી મારા વંશ વારસો, કોઇની પણ અટકાયત વિના તારો ઉપભોગ સુખપૂર્વક કરતા રહીશું. એમાં તું અથવા તારી જગ્યાએ આવનાર કોઇ પણ કશો વાંધો લેશે કે લેવરાવશે તે રદબાતલ ગણાશે. આજથી તારી સત્તાવીશ પ્રિયા ઉપર મારો સંપૂર્ણ અધિકાર જામી ચૂક્યો છે.

હવે આ પ્રમાણે પગ દબાવી દબાવીને રોહિણી સાથે ગોષ્ટિ કરવાથી શું વળશે? અને આ પ્રમાણે મોં મલકાવીને આછા આછા મેઘના ઘુંઘટ તાણીને કેટલેક દૂર સુધી ચાલ્યાં જશો? ઇતિ કોર્ટશિપ સમાપ્ત:-

હવે ગાન્ધર્વ વિવાહ થઇ ચૂક્યો. મેં તને વરમાળ પહેરાવી, તું મને કરમાળ આરોપ.

> કન્યાનો તાત પે કન્યા, વર વરપિતા સ્થાનમાં;
> ગોર જ્યાં મન પોતાનું, લગ્ન-શય્યા સ્મશાનમાં;

હરિ! હરિ!

આજથી હવે ચન્દ્રને જોઇને કમલ મુદિત થશે નહિ. કમલને પ્રફુલ્લ થતો જોઇને હવે ચંદ્ર મ્લાન થશે નહિ. આજથી ભારતવાસી કવિ લોકોનું કવિત્વ લુપ્ત થશે. પહેલાં તેઓ એમ કહેતા કે:—

"કમળ નયન પ્રસન્ન ચન્દ્ર નિરખતાં થતાં,"

હવે

કમળ નયન ચંદ્ર દેખતાં મિંચાઇ જતાં.
ચન્દ્ર હૃદયે શ્યામતા દિસે છે કેવળ,
(કિન્તુ) ચન્દ્ર કમળ-હૃદયમાંહી પરમ ઉજ્જવળ.
સોળ કળા સેવી ચંદ્ર-વૃદ્ધિ ક્ષય નડે,
ચક્રવર્તી પૂર્ણ એક કળાને રડે.
ચંદ્ર કળા કદિ લુપ્ત કદિ વર્તમાન,
કમળ-બાગમાંહી સર્વ કળા વર્તમાન.

જો શશિ ! હમણાં એકાંત છે. તને કેટલીક વાત કહેવાની છે. તું તારા પોતાના રૂપના અભિમાનથી ગર્વિષ્ઠ થઇને જે તે ઠેકાણે રૂપની વૃષ્ટિ કરી મૂકીશ નહિ. જ્યારે પુત્રશોકાતુર માતા છાતી કુટતી તારા તરફ જોતી આક્રંદ કરતી હોય ત્યારે તું તેની આગળ રૂપ દેખાડીને શું કરીશ ? ત્યારે હે કલંકિની ! તારા રૂપરાશિને ગાઢાં વાદળાંની અંદર છુપાવી રાખજે. જ્યારે કોઈ માણસ સંસારની જ્વાળાથી દગ્ધ થઇને તારા દરબારમાં આવીને ફરિયાદ કરે ત્યારે તેની આગળ તારા સૌન્દર્યનું પ્રદર્શન કરીશ નહિ; કારણ કે જેઓ સંસારથી બળી રહેલા છે તેમને માટે તે સૌન્દર્ય તીવ્ર વિષસમાન થઇ પડશે. તેમની સાથે રાતાચોળ થઇને જ વાત કરવી બહેતર છે. જે સઘળાનેજ ઘૃણાની નજરથી જુએ છે, તે કોઇની પણ પ્રીતિ સહન કરી શકતો નથી. વળી જેઓ ઉત્તમ પ્રકારના ઐહિક સુખની સીમા સુધી પહોંચી જઇને આત્મત્યાગને માટે તત્પર થયા છે તેમને પણ ખોટી આશા આપીને સાન્ત્વન આપીશ નહિ.

તું હવે કેવળ એક મારેજ ભોગ્ય છે, તો બીજાને કેવી રીતે આશા આપી શકીશ ? કમલાકાન્તને વેળા કવેળા નથી, અનુકૂળતા પ્રતિકૂળતા નથી, કે સુખ દુઃખ પણ નથી. તારે હંમેશાંજ મારી પાસે

આવવું. તારી આત્મકથા મને કહેવી, મારી વાત સાંભળતાં જવી અને તેને તારા અંતરમાં તારાં અસ્થિ મજ્જાની સાથે મિશ્રિત કરી જડી રાખવી. તારે અજવાળી રાત્રિએજ મને મળવાને આવવું, આ કોમળ કાંતિ-સાથે અંધકારમાં નીકળીશ નહિ. આજનો આપણો દિવસ કેવા સુખનો છે તે તારા અને મારા સિવાય કોણ સમજી શકે એમ છે ? આજથી માસગણના કરીને પ્રત્યેક મહીનાને અંતે હું આ ગંગાતટપર તૃણ-વાસકસજ્જામાં રાત્રિ ગાળીશ, પણ તારે દરેક પૂર્ણિમાએ એકદમ મારી પાસે આવવા નીકળવું નહિ; પંચાંગ બનાવનાર જોષીઓ સાથે દિવસ પળનો વિચાર કરીને–મુહૂર્ત જોઇને કમલાભિસારિણી થવું; નહિતો કોઇ દિવસ રાહુ તને માર્ગમાં એકાએક શાહી ચોપડીને કષ્ટ પહોંચાડશે. હવે આજની વિવાહરાત્રિએ નવવધૂને અધિક ઉપદેશ આપવા જતાં ધર્મઢોંગીપણાનો આરોપ આવે માટે **अलमातिविस्तरेण !**

હમણાં એક વાર

" કમલ–શશીના શયન–ગૃહે હે,
કોકિલ ગા પંચમ સૂરે. "

હવે શશિ ! આ મૃત્યુલોકપર ઉતરીને તરંગાવલિ ઉપર અપ્સ-રાની પેઠે એક વાર નૃત્ય કર જોઉં ! એક વાર કાળાં વાંદળાંની અંદર વેગથી દોડી જઇને, અનંત આકાશના અનંત પથમાં ઉછળી પડ જોઉં ! એક વાર ગાઢાં વાદળાંમાં નાનું સરખું છિદ્ર પાડીને તેમાંથી આંખ માંડીને મારા પ્રતિ મધુર દૃષ્ટિપાત તો કર જોઉં ! એક વાર નક્ષત્ર નક્ષત્રમાં કલહ વધારી દઇને જેવાં તેઓ પરસ્પર સંગ્રામ કરવા લાગે કે તરત જ તે બન્ને દળના વ્યૂહ ભેદીને વેગથી દોડ તો ખરી ! એક વાર ત્વરિત ગમનને લીધે થાકનું સૂચન કરતાં, મોતીને પણ લજવે એવા સ્વેદબિન્દુથી છંટાયલા કપાળ ઉપર ઘુમટો તાણીને ગગન–ગોખમાં સ્થિર દૃષ્ટિથી બેસીને વાયુસેવન કરતો ખરી. એક વાર અવિરત અમૃત-વર્ષા કરીને ચકોર ચક્રવાકની અપરિતૃપ્ત રસનાને તૃપ્ત તો કર. એક વાર

શુભ ક્ષણે કમલાકાન્તના હૃદયમાં આવિર્ભૂત થા, કમલાકાન્ત શયન કરે છે.

ચંદ્રા ! તું ક્ષીરસાગરની ત્રિભુવનવિહારિણી પુત્રી હોવા છતાં પણ બાલિકાઓના સ્વભાવ—સુલભ 'અભિમાન' ની આરાધના કરે છે કે? કમલાકાન્તનો શો અપરાધ થયો છે તે કહી શકતો નથી—કોઇક વાર સ્ત્રીપુરુષના ભેદની ગુંચ કાપી નાખવાને ઉદાહરણ તરીકે પ્રસન્નનું નામ બોલ્યો હતો; એવી સામાન્ય વાતને માટે આજની રાત્રિએ આટલો રોષ દર્શાવવો ઘટતો નથી. જો, તું કલંકિની છે તે છતાં મેં તને ગ્રહણ કરી છે. તારી સાથે વિવાહ કીધો ત્યારથી આજ પર્યંત Lunatic* નામ ધારણ કર્યું છે. જ્યોતિર્વિદ્ લોકો કહેતા આવ્યા છે કે, તું પાષાણમયી છે—તોપણ મેં તારી સાથે લગ્ન કીધું છે તે છતાં આટલો ગુસ્સો? ત્યારે હવે આ "સંસાર—ગરલ—ખંડન+" "ગિરિ તરૂ શિરસિમંડલ"+ કરલેખા મારાં મસ્તક ઉપર સ્થાપી છે. બની શકે તો, આ અનન્ત નીલ વૃન્દાવનમાં મેઘનો ઘુંઘટ તાણીને એક વાર માનિની રાધા થઇ બેસ ! હું એક વાર સ્ત્રીજાતિના ચરણ પકડીને આ જડ જીવન સાર્થક કરી લઉં.§ આજે હું સેંકડો અપરાધોનો અપરાધી હોવા છતાં તારાવડે જ મારાં સઘળાં પાપોનું પ્રાયશ્ચિત્ત થશે. તું મારા ચાન્દ્રાયણ (વ્રત)નું ચન્દ્રફલક છે, તું મને વૈતરણી માટે નવીન વત્સ છે.

---

* ચંદ્રગ્રસ્ત અથવા ગાંડો. **શ્રી ભીષ્મદેવ.**

+ 'ગીત ગોવિંદ' માંની શ્રીકૃષ્ણની રાધા પ્રત્યેની નીચેની ઉક્તિની Parody (અસલ લખાણ પરથી કરેલી હાસ્યરસવાળી ટીકા.)

"स्मरगरलखंडनं मम शिरसि मंडनं देहि पदपल्लवमुदार"

બા. ક.

§ મને ખબર છે કે કમલાકાન્તે એક દિવસ પ્રસન્ન ગોવાલણના પગ પણ પકડયા હતા; પરન્તુ તે દૂધને માટે. **શ્રી ભીષ્મદેવ.**

જો તું કમન બતાવીશ તો હું શત સહસ્ત્ર વિવાહ કરીશ. હવે કમલાકાન્ત વિવાહની નવીન પદ્ધતિ શીખી ચૂક્યો છે. કમલ હવે પોતે વર, કર્ત્તાકારવતા પુરોહિત અને લગ્નનું ચોકઠું બેસાડી આપનાર વેવિશાળીઓ થવાનું શિખ્યો છે. કમલ હવે ફાવે ત્યાં વિવાહ કરી શકે છે. જ્યારે જોઇશ કે નવપલ્લવિકા શાખા–સ્કન્ધમાંથી મુખ બહાર કાઢીને પત્રરૂપી કરસંચાલનથી બોલાવે છે કે તરત જ હું તેની સાથે લગ્ન કરી લઇશ. જ્યારે જોઇશ કે પદ્મ સ્વચ્છ સરોવરના દર્પણમાં વાંકી ડોક કરીને પોતાનું મુખ જોતી ખીલી રહી છે, એટલે તેજ ક્ષણે હું સ્થળકમળ સાથે જળકમળને જોડી દઇશ. જ્યારે જોઇશ કે નિર્ઝરિણી મેઘધનુષ્યને પકડી લાવીને તેની સાથે લ્હેરાઇ લ્હેરાઇને ખેલ કરી રહી છે એટલે તરતજ તેને તે ધનુષ્યનો સ્પર્શ કરાવી શપથ આપીને મારી સંગિની કરી લઇશ અથવા જ્યારે જોઇશ કે નદી અનન્ત શય્યા(પૃથ્વી)પર સુવર્ણ અને મણિ આદિનાં આભૂષણો અને શ્વેતાંબરથી વિભૂષિત થઇને ઉત્તર દક્ષિણ શયને નિદ્રિત થવા જાય છે એટલે તરતજ તેના પાણિગ્રહણથી ધીરે ધીરે જાગ્રત કરીને મારા અર્ધાંગની ભાગિની કરીશ. જ્યારે જોઇશ કે કુંજલતા કાને પુષ્પગુચ્છ લટકાવીને, સ્યામ કેશકલાપ ચારે તરફ વિસ્તારીને નિસ્તબ્ધ ભાવે સૂર્યનાં કુળાં કિરણોથી સહજ તપ્ત બને છે; કે તરતજ તેના કેશકલાપમાં મસ્તક ઝુકાવી દઇને તેનો પુષ્પગુચ્છ સરકાવી દઇ તેને તેના પતિની પિછાન કરાવી દઇશ. કમલાકાન્ત ચક્રવર્તી હવે લગ્ન કરતાં શિખ્યો છે, અને વેવિશાળીઆની વિદ્યા પણ શિખ્યો છે; હવે કોઇની પણ ખુશામત કરશે નાહ.

વાચક ! જો તને મારી સલાહ માન્ય હોય તો તું પણ મારી પેઠે લગ્ન કર. હું વરને માટે કન્યા અને કન્યાને માટે વર શોધવાનું સારી પેઠે જાણું છું; તમને મન પસંદ સામગ્રી મેળવી આપીશ.

૮—વસન્ત ઋતુની કોકિલા.

વસન્તની કોકિલા, તું ઉત્તમ પ્રાણી છે. જ્યારે પુષ્પો ખીલે, દક્ષિણાનિલ વાય અને આખો સંસારસુખના સ્પર્શથી ચમકી ઉઠે; ત્યારે તું આવીને તારી રસિકતા બતાવવાનો આરંભ કર. જ્યારે લોકો કડકડતી ઠંડીમાં દાંત કકડાવતા કંપવા લાગે; ત્યારે તું ક્યાં રહેશે, બાપુ? જ્યારે શ્રાવણની જલધારાથી મારી છાયેલી છાપરીમાં નદીઓ વહેવા માંડે છે, ત્યારે વરસાદની ઝડીથી ભિંજી ગયેલા કાગડાઓ અને સમડીઓ ઠેક ઠેકાણે ઉડતાં ફરે છે; ત્યારે તારી આ સ્નિગ્ધ કૃષ્ણ કાંતિવાળી મોહક કાયા ક્યાં રહે છે તું વસન્તની કોકિલા છે. શિયાળાની કે વર્ષા ઋતુની નહિ.

ક્રોધ કરીશ ના—તારા જેવા અમારા લોકોમાં પણ અનેક છે. જ્યારે નસીબાબુને ત્યાં તાલુકામાંથી વતનદારીની રકમ આવે છે ત્યારે મનુષ્ય—કોકિલથી તેમની ગૃહ—કુંજ પુરાઇ જાય છે. અનેક ચોટલી, ટીલાં, ચાંલ્લા અને ચસ્માનું હાટ મંડાઈ જાય છે. કેટલીએ કવિતા, કેટલાએ શ્લોક, કેટલાંએ ગીત, અપભ્રંશ અંગ્રેજી, સુધરેલી અંગ્રેજી, ચોરાટીઆ અંગ્રેજી, અને 'લાલીઆ પરાપર' અંગ્રેજીથી નસીબાબુનું દિવાનખાનું મૃદુ ઘૂ ઘૂ ધ્વનિ કરતાં કબુતરોથી છવાયલી અગાસીની માફક શોભી રહે છે. જ્યારે તેમની ડહેલીએ, નાચરંગ, ગાનતાન, રામલીલા અને વાર પર્વની મીજલસ હોય છે; ત્યારે મનુષ્ય—કોકિલનાં ટોળેટોળાં આવીને તેમના ઘરમાં અંધારૂં ઘોર કરી મૂકે છે. કોઇ ખાય છે, કોઇ ગાય છે, કોઇ હસે છે, કોઇ કરાંજે છે, કોઇ હુક્કા ગગડાવે છે, કોઇ હસતા ફરે છે, કોઇ અમલ ચઢાવે છે, અને કોઇ ટેબલની નીચે ગબડે છે. (દારૂ પીને.)

જ્યારે નસીબાનુ બાગમાં જાય છે ત્યારે તેના સોબતીઓ કીડીની પેઠે ઉભરાઈ નીકળે છે; પરન્તુ જે રાત્રિએ મુસળધાર અવિશ્રાન્ત વરસાદ વરસ્યો અને નસીબાનુના પુત્રે એકાએક દેહ મૂકયો, ત્યારે તેમને એક પણ માણસ મળી શકયું નહિ. કેટલાકની તબીઅત જરા ઠીક ન હતી તેથી તેઓ આવી શક્યા નહિ, કેટલાકને ઘેર પરમ આનંદનો દિવસ હતો–દીકરાને ઘેર દીકરો અવતર્યો હતો–તેથી તેઓ આવી શક્યા નહિ, કેટલાકને આખી રાત ઉંઘજ આવી નહોતી તેથી તેઓ આવી શકયા નહિ, કેટલાક સારી રાત ઘોર નિદ્રા દેવીને અધીન થઈ ગયા હતા તેથી તેઓ આવી શક્યા નહિ, ખરી વાત એ છે કે, તે દિવસ વર્ષાનો હતો, વસન્તનો નહિ; તો પછી વસન્તની કોકિલા તે દિવસે શા માટે આવે?

તો પછી બ્હેન, વસન્તની કોકિલા તારો દોષ નથી. તું સુખે આ. આ અશોકની ડાળે બેસીને, રાતાં ફૂલોના ઢગલા વચ્ચે તારા કૃષ્ણ શરીરને બળતા અંગારામાં રહેલાં કાળાં વેંગણની પેઠે છુપાવી રાખીને એક વખત પંચમ સ્વરથી "કુ–હૂ" કરીને ટહૂક. તારા આ "કુ–હૂ" રવને હું ઘણોજ પસંદ કરૂં છું. તું જાતે કાળી–પારકા અન્નથી પોષાયલી એટલે તારી દૃષ્ટિમાં સઘળુંજ "કુ" (ખરાબ) છે, તો પછી જેટલા જોરથી બની શકે તેટલા જોરથી આ પંચમ સ્વરે બોલ,– "કુ–હૂ." જ્યારે પૃથ્વી પર કોઈ એવી સુંદર ચીજ જોવામાં આવે કે જેથી તારામાં દ્વેષ, અદેખાઈ, ઈર્ષા જાગી ઉઠે ત્યારે ઊંચી ડાળ ઉપર બેસીને પોકારીને કહે, "કુ–હૂ;" કારણ કે તું સૌન્દર્યશૂન્ય અને પારકા અન્ન ઉપર જીવન નિભાવનારી છે. જ્યારે કુસુમગુચ્છથી છવાયલી લતા સન્ધ્યાનો સમીર આવતાં ડોલી ઉઠે, અને સુગંધની લહરી આવવા માંડે એવું જણાય એટલે તરતજ ટહૂકી ઉઠ,–'કુ–હૂ'.

જે વખતે અસંખ્ય ચમેલી એક સાથે ખીલી ઉઠીને પોતાની

સુગન્ધથી પોતેજ મસ્ત થઈ એકએક ઉપર ઢળી પડતી જોવામાં આવે એટલે તારે તેજ ડાળેથી તરતજ પોકારી ઉઠવું, "કુ–હૂ." જેમ યૌવનપૂર્ણ સુન્દરીનું લાવણ્ય ખીલી ખીલીને, મરડાઇ મરડાઇને, ડોલી ડોલીને, લચકાઇ લચકાઇને તેના દેહમાંથી ઉભરાઇ નીકળે તેમ બકુલ વૃક્ષનાં ગાઢાં છવાયલાં સ્નિગ્ધ શ્યામલ ઉજ્જવલ પત્રોની શોભા વૃક્ષ ઝીલી ન શકે, એમ જ્યારે તારા જોવામાં આવે, તેનાં ખીલી રહેલાં અસંખ્ય પુષ્પોની સુગંધથી આકાશ સુવાસિત થઇ રહે; ત્યારે તેજ વૃક્ષનો આશ્રય લઇને તે કોમળ પત્રના સ્પર્શથી તારા શરીરને શીતળ કરીને, તેનાજ સુવાસથી તારા દેહને પવિત્ર કરીને એજ બકુલકુંજ-માંથી તું "કુ–હૂ" એવું પોકારજે. જ્યારે જોવામાં આવે કે, શુભ્ર-મુખી, ધવલકાન્તિવાળી નવમલ્લિકા (ચંપેલી) સન્ધ્યાના ઝાકળ-બિન્દુથી છંટાઇને, પ્રકાશની ઉગ્રતાનો હ્રાસ થતો જોઇને ધીરે ધીરે મુખ વિકાસવાનું સાહસ કરવા માંડે—અસંખ્ય અકલંક પાંખડીઓનાં પડનાં પડ વિકસિત થવાનો ઉપક્રમ શરૂ થાય, જ્યારે જોવામાં આવે-કે, ભ્રમર તે રૂપ જોઇને—સ્નેહભર્યા સ્વરે તેમની આસપાસ ગુંજારવ કરતા ફરીને મધુરસ ચૂમે ત્યારે પણ હે કૃષ્ણમુખી ! ફરીથી 'કુ–હૂ' બોલી ઉઠીને તારા મનની જ્વાળા શાંત કરજે; અને જ્યારે તું કોઇ ગૃહસ્થના આંગણામાં આવેલી દાડમડીની ડાળે બેસીને, તે ઘરની કુસુમકુમારિકાઓ લતાનું ડોલન, ગુલાબનો વિકાસ, બકુલનો રૂપબહાર, અને ચમેલીની વિમલતા એકત્ર કરતી, આનંદ કરી રહી હોય, એવું જોવામાં આવે ત્યારે તેના મોં ઉપરજ આ પંચમસ્વરે આખા ઘર-આંગણને પ્રતિધ્વનિત કરી સૌને પોકારીને કહેજે કે, આટલું રૂપ, આટલું સુખ, આટલી પવિત્રતા, એ સઘળું "કુ–હૂ!" એજ તારો વિજય છે,–એજ પંચમસ્વર છે. નહિ તો તારા આ 'કુ–હૂ'ને કોઇ

પણ સાંભળત નહિ. આ પૃથ્વી ઉપર તું ગ્લેડસ્ટન* અને ×ડિસ્રાય- લીની પેઠે કેવળ શબ્દચાતુર્યથીજ જિતી ગઇ છે; નહિ તો તારો આ

* મિ. ગ્લેડસ્ટન (ઇ. સ. ૧૮૦૯-૧૮૯૮) ઓગણુસીમા સૈકાનો ઈંગ્લાંડનો સૌથી મહાન પુરૂષ હતો. એ ૧૮૩૩ માં પહેલી વાર પાર્લા- મેન્ટમાં દાખલ થયો. પ્રથમ એ કોન્ઝરવેટીવ પક્ષનો હતો; પણ પાછળથી લીબરલ મતવાદી થયો હતો. પાર્લમેન્ટમાં એ ૧૮૩૩ થી ૧૮૯૪ સુધી લાગલાગટ ૬૧ વર્ષ સુધી રહ્યો હતો અને તે દરમિયાન ૪ વખત બ્રિટિશ સામ્રાજ્યના વડા પ્રધાનનું પદ પામ્યો હતો. એની વકૃત્વશક્તિ અદ્ભુત હતી. જે કોઇ એને સાંભળતું તે મંત્રમુગ્ધજ બની જતું. ઇ. સ. ૧૮૫૩માં જમા ખર્ચનો વાંધાભર્યો ખરડો પાર્લમેન્ટમાં પસાર કરાવવા માટે એણે પાંચ કલાક સુધી એક મિનિટ પણ વિશ્રાંતિ લીધા સિવાય છટાદાર ભાષણ આપ્યું હતું; છતાં આટલા લાંબા ભાષણથી પણ કોઇને જરાએ કંટાળો ઉપજ્યો નહતો. એક સભાસદે તો કહ્યું હતું કે; "મારા પાંચ કલાક પસાર થઇ ગયા એમ ઘડિયાળમાં જોવાથીજ જણાયું, અને મને એમ લાગ્યું કે એ પાંચ કલાક આટલા જલદી કેમ પસાર થઇ ગયા." મિ. ગ્લેડસ્ટને જે અનેક ઉપયોગી કામો કર્યાં તેમાં તેને તેની કલમ કરતાં જીભેજ ઘણી મદદ કરી હતી. એનું જીવનચરિત્ર 'ચરિત્રમાળા'દ્વારા નિકળેલા "જગ- વિખ્યાત પુરૂષો-ભાગ ૪ થો." માં અપાયલું છે.

× ડિસ્રાયલી (અર્લ ઑફ્ બેકનસ્ફીલ્ડ) મિ. ગ્લેડસ્ટનનો સમકાલીન અને પ્રતિપક્ષી હતો. એ જાતે યાહુદી હતો. યુવાવસ્થામાં લીબરલ હતો પણ પાછળથી ચુસ્ત કોન્ઝરવેટીવ થયો હતો. એ પણ એક છટાદાર વક્તા હતો; પણ ગ્લેડસ્ટનની પેઠે કોઈ પણ વિષયને માટે તનતોડ મહેનત લેતો નહિ. નિષ્પક્ષપાતપણાને માટે એ ગ્લેડસ્ટનના જેટલોજ પ્રસિદ્ધ છે. એ જ્યારે ઉમરાવ બનીને 'હાઉસ ઑફ્ કૉમન્સ'માંથી અમીરોની સભામાં ગયો ત્યારે ગ્લેડસ્ટનને સૂનું સૂનું લાગ્યું હતું; કારણ કે વાદવિવાદને માટે ડિસ્રાયલી જેવો બીજો કોઇ સમર્થ પ્રતિપક્ષી તે સભામાં રહ્યો નહતો. ડિસ્રાયલી નવલકથાકાર તરીકે પણ જાણીતો છે. એ ઈ. સ. ૧૮૬૮ માં થોડા દિવસ સુધી બ્રિટિશ સામ્રાજ્યના વડા પ્રધાનપદ પર રહ્યો હતો.

કાળો રંગ કંઇ જોર મારવાનો ન હતો. શબ્દચાતુર્યમાં આટલો ગુણ ન હોત તો જેણે દમવગરની નૉવેલો લખી છે તે (ડિઝ્રાયલી) સમ્રાટના અમાત્યપદે શી રીતે બિરાજત ? અને જોન સ્ટુઅર્ટ §મીલ જેવો સમર્થ વિદ્વાન્ પાર્લામેન્ટમાં બેસવાને પણ શક્તિમાન ન થયો તેનું શું કારણ ?

તો પછી હે કોકિલ ! તું પ્રકૃતિની મહા પાર્લમેન્ટમાં ઉભી રહીને નક્ષત્રમય ભૂરા ગગનરૂપી ચંદરવાથી આચ્છાદિત અને ગિરિ, નદી, નગર અને કુંજરૂપી બેન્ચોથી સજ્જિત આ મહાસભાગૃહમાં તારા પંચમ સ્વરે-"કુ-હૂ" કહીને પોકાર; કે જેથી સિંહાસન ઉપરથી હેસ્ટિંગ્સ* સુધીના સઘળાજ કંપી ઉઠે. ઠીક, બાપુ, આ મધુર કંઠથી 'કુ' કહીશ તો 'કુ' માનીશ, અને 'સુ' બોલીશ તો 'સુ' માની લઇશ. 'કુ' સિવાય બીજું છે પણ શું ? સઘળુંજ 'કુ' છે. લતામાં કંટક છે, કુસુમમાં કીડા છે, ગંધમાં વિષ છે, પાંદડાં સુકાઇને ખરી પડે છે, રૂપ વિરૂપ થઇ જાય છે, અને સ્ત્રી જાતિમાં પ્રપંચ છે. 'કુ-હૂ' ઠીક છે-તું ગા; પરન્તુ જ્યારે તું આ પંચમ સ્વરે બોલશે ત્યારેજ 'કુ' માનીશ, નાહ તો કુકડાજી 'કુકૂરે કુક્' બોલીને મારી સુખભરી ગુલાબી ઉંઘને 'કુ' કહેશે તો હું માનીશ નહિ; કારણ કે તેના ગળામાં મિઠાશ નથી. શબ્દચાતુર્યથી જગત્ જિતાય છે ખરૂં; પરન્તુ કેવળ બૂમ બરાડાથી નહિ. જો કોઇ પણ શબ્દમંત્રવડે જગતને વશ કરી શકાતું હોય તો તે માત્ર તારો પંચમ સ્વરજ છે.

---

§ જોન સ્ટુઅર્ટ મીલ એક સમર્થ તત્ત્વજ્ઞાની, નૈયાયિક અને અર્થશાસ્ત્રી હતો. (૧૮૦૬ થી ૧૮૭૩.) ભા. ક.

* વૉરન હેસ્ટિંગ્સ હિન્દુસ્તાનનો પહેલો ગવર્નર જનરલ હતો. (૧૭૭૪-૮૫) એના ઉપર હિન્દુસ્તાનની અમલગિરિ દરમિયાન તેણે કરેલા અમાનુષી કામોના આરોપ બદલ પાર્લમેન્ટમાં સાત વરસ સુધી મુકદ્દમો

બેસુરા અથવા તીવ્ર, મધ્યમ સ્વરથી કામ સરતું નથી. સર જેમ્સ મેકિન્ટોસ× પોતાના ભાષણમાં ફીલ્સુફીના તીવ્ર મધ્યમ સુર મેળવ્યાથી નિષ્ફળતા પામ્યો, અને મૅકૉલે* રેટરિક (અલંકાર–વાણી વિભવ)ના પંચમનું અવલંબન કરવાથી વિજયી નીવડ્યો; અને 'ફક્કડ' દયારામ+ આદિરસ(શૃંગાર)નો પંચમ ગાવાથી અમર થઇ ગયો; પરન્તુ અખાના ઋષભ (ખરબચડા) સ્વરને સાંભળે છે કોણ ? જુઓ, ઘરડાં માબાપના બેસુરા બકબકાટથી કયું સારૂં ફળ આવેલું

ચાલ્યો હતો. એવો લાંબો અને પ્રખ્યાત મુકદ્દમો ઇંગ્લાંડમાં બીજો એક ચાલ્યો નથી. રાણી, શાહજાદો ને શાહજાદીઓ, ડ્યુકો ને બીશપો, તેમજ પોતાની પત્નીઓ સાથે ઉમરાવો અને પોતાના ઝભ્ભા પહેરેલા ન્યાયાધીશો, એ સર્વ મુકદ્દમો સાંભળવા આવ્યાં હતાં. હેસ્ટિંગ્સ ઉપરનાં તોહમતો સાબીત કરવાને તેના પ્રતિપક્ષીઓ તરફથી એડમંડ બર્કે એવું તો છટાદાર ભાષણ આપ્યું હતું કે તે સાંભળીને શ્રોતાઓની આંખમાંથી હેસ્ટીંગ્સે ગુજારેલા અત્યાચાર માટે દડ દડ આંસુ વહેલાં; એટલુંજ નહિ પણ ખુદ હેસ્ટિંગ્સને પોતાને પણ લાગેલું કે હું મરી ગયો હોત તો સારૂં થાત. ભા. ક.

× મેકિન્ટોસ (૧૭૬૫–૧૮૩૨) એક અંગ્રેજ રાજદ્વારી પુરૂષ અને ઇતિહાસકર્ત્તા હતો. તેણે 'એન્સાઇકલો પિડિઆ' માટે ઇંગ્લાંડમાં થએલા મહાન્ રાજવિપ્લવનું પ્રકરણ લખ્યું હતું. તેના લખાણમાં ઐતિહાસિક પ્રસંગો કરતાં ઐતિહાસિક તત્વજ્ઞાનનું પ્રાધાન્ય જોવામાં આવે છે તેથી કદાચ તેનાં પુસ્તકો લોકપ્રિય ન થઇ શક્યાં હોય. તે ફૉક્સ અને બર્કનો સમકાલીન હતો.

* લૉર્ડ મૅકોલે (૧૮૦૦–૧૮૫૯) એ પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી અને સમર્થ વિવેચક તથા ઇતિહાસકાર હતો. એ હિન્દુસ્તાનની "વાઇસ રિગલ" કાઉન્સિલનો સભાસદ હતો, અને તે ઓદ્ધાની રૂઇએ તેણે હિન્દુસ્તાનની અંગ્રેજી કેળવણીનો પાયો નાખ્યો હતો. તેના લખાણમાં સચોટ ભાષા અને તીક્ષ્ણ પૃથક્કરણ શક્તિનો સારો પરિચય મળે છે.

+ મૂળ પુસ્તકમાં ભારતચંદ્ર અને કવિ કંકણનાં નામ છે.

જણાય છે ? પરન્તુ જ્યારે સાહેબનાં પત્ની સાહેબનો 'સુર બાંધવા'* (એટલે કે તેમની રગ પકડવા) તેમનો કાન× પકડીને પંચમસુરથી આલાપ કરે છે, ત્યારે સાહેબ કેવા એકતાન થઇને બાઇસાહેબના સુર સાથે પોતાનો સુર મલાવી દે છે ?

તોપણ તારા સ્વરને પંચમ સ્વર શા માટે કહે છે તે સમજી શકાતું નથી. શું જે મધુર હોય તેજ પંચમ ? બે પંચમ અવશ્ય મધુર લાગે છે—એક પંચમ સુરનો, અને બીજો સ્ત્રીના પગે પહેરાતા ઘુઘરીવાળા વિંછુવાનો+; તોપણ સુર પંચમમાંથી ઉઠે તોજ મધુર લાગે છે, અને પગનો પંચમ પગ તળેથીજ ઉઠે તો મિષ્ટ લાગે છે.

કયો સ્વર પંચમ, કયો ષડ્જ, કયો મધ્યમ અને કયો ગાંધાર કહેવાય એ મને કોણ સમજાવશે ? આ હાથીનો અવાજ, પેલો ઘોડાનો હણહણાટ, આ મોરની કેકા, અને પેલો વાંદરાનો કચકચાટ છે એમ કહેવાથી તો મારા સમજવામાં કશું પણ આવતું નથી. હું અરીણી ભાઈ—બેસુરું સાંભળું, બેસુરું સમજું, અને બેસુરું લખું છું— ધૈવત, ગાંધાર, નિષાદ, અને પંચમની પંચાત શામાટે રાખું§ ? જો

* વાજીંત્ર વગાડનારાઓ સપ્તકમાંના કોઇ પણ સુરથી 'સા' વગાડીને પોતાને અનુકૂળ સપ્તક બનાવી લે છે તેને 'સુર બાંધવો' કહે છે.

× ૧. સાહેબના કાન. ૨. સારંગીની ખીંટી.

+ નાચનારીઓ પગનાં આંગળાંમાં જે ઘુઘરીવાળું ઘરેણું પહેરે છે તે.

ભા. ક.

§ निषादर्षभगांधारषड्जमध्यमधैवताः ।
पंचमश्चेत्यमी सप्त तंत्रीकंठोत्थिताः स्वराः ॥

સંગીતશાસ્ત્રમાં એકંદર સાત સ્વર છે. 'સા' આગળથી ઉઠતા સ્વરને ષડ્જ, 'રિ' આગળથી ઉઠતાને ઋષભ, 'ગ' આગળથી ઉઠતાને ગાન્ધાર, 'મ'થી ઉઠતાને 'મધ્યમ, 'પ'થી ઉઠતાને પંચમ, 'ધ'થી ઉઠતાને ધૈવત અને 'નિ'થી ઉઠતાને નિષાદ કહેવામાં આવે છે.

કોઇક પખાજ, તંબુરો કે ફીડલ લઇને મને સપ્ત સુર સમજાવવા આવે ત્યારે તેનું ગર્જન સાંભળીને મંગલા ગાયના તરતના જન્મેલા વાછરડાનો અવાજ મને યાદ આવી જાય છે. તેણે પીતાં વધેલા નિર્મળ દૂધના ધ્યાનમાં મન તલ્લીન થઇ જાય છે—એટલે સુર સમજી શકાતો પણ નથી. હું ગવૈયાઓનો કૃતજ્ઞ થઇને તેમને મનવચન કર્મથી આશીર્વાદ આપું છું, કે બીજે અવતારે તેઓ મંગલા ગાયના વત્સ થાય.

હવે આવ, કોયલડી ! હું અને તું બન્ને એક વાર પંચમ ગાઇએ. તું જે છે, તેજ હું પણ છું.—આપણે બન્ને એકજ દુઃખે દુઃખી અને એકજ સુખે સુખી છીએ. તું આ કુસુમોદ્યાનમાં વૃક્ષે વૃક્ષે આનંદથી ગાતી ફરે છે, હું પણ આ સંસારવાટિકામાં ગૃહે ગૃહે નિજાનંદે આ દફતર સંભળાવતો ફરૂં છું. આવ, બ્હેન, આપણે બન્ને હળીમળીને પંચમ ગાઇએ. તારે પણ કોઇ નથી, આનંદ છે; મારે પણ કોઇ નથી, આનંદ છે. તારી પૂંજી આ કંઠ છે; મારી પૂંજી આ અફીણની ગોટી છે. તું આ સંસારમાં પંચમ સ્વરને પસંદ કરે છે,—હું પણ એનેજ ચાહું છું. તું પંચમસ્વરથી કોને બોલાવે છે ? અને હું પણ કોને ? કહે જોઉં કોયલડી, હું કોને પોકારૂં છું ?

જે સુંદર છે તેનેજ પોકારૂં છું; જે સારૂં છે તેનેજ પોકારૂં છું; જે મારૂં બોલવું સાંભળે છે તેનેજ પોકારૂં છું; જે આ અદ્દભુત બ્રહ્માંડને જોઇને કંઇ પણ ન સમજી શકતાં આશ્ચર્યચકિત થઇ ગયાં છે, તેમનેજ પોકારૂં છું. આ અનન્ત સુંદર જગત્—રૂપી શરીરનો જે આત્મા છે તેને પોકારૂં છું. હું પણ પોકારૂં છું, તું પણ પોકાર. જાણીને પોકારૂં અથવા અજાણતાં પોકારૂં, એ એકતું એકજ છે. તું પણ કંઇ જાણતી નથી અને હું પણ જાણતો નથી. તારો પોકાર પણ પહોંચશે અને મારો પોકાર પણ પહોંચશે. જો સાંભળનારને કાન હશે તો પછી તારો પોકાર ત્યાં સુધી કેમ નહિ પહોંચે ? આવ, બાપુ, એક વાર બન્ને જણ

હળીમળીને પંચમ સ્વરે ગાઇએ.

ઠીક, તો પછી કુહૂરવથી સધાયલા કંઠથી હે કોકિલ એક વાર બોલ તો ખરી ! કંઠ નહિ હોવાથી હું મારા મનની વાત કદી પણ કહી શક્યો નથી. જો તારો આ ભુવનમોહન સ્વર મને પ્રાપ્ત થયો હોત તો કહેત. તુંજ મારા મનની વાત પ્રકટ કરીને આ પુષ્પમય કુંજવનમાં એક વાર પોકાર જોઉં. કમલાકાન્તના મનની વાત આ જન્મમાં કહેવાઇ નથી—જો કોકિલકંઠ પામું—કોઇ અમાનુષી ભાષા પામું તોજ મનની વાત કહી શકું. આ નીલા આકાશમાં પ્રવેશીને, આ નક્ષત્રમંડળમાં ઉડીને શું હું કદી પણ કુહૂ પોકારી નહિ શકું ? હું નહિ પોકારી શકું તો ખેર, પરન્તુ હે કોકિલ ! તુંજ મારાવતી એક વખત પોકાર તો, જોઉં.

૯—સ્ત્રીઓનું રૂપ.

અનેક સુંદરીઓ રૂપના અભિમાનથી ધરતી પર પગ માંડતી નથી. તેઓ એમ સમજે છે કે, જે તરફ તેઓ લચકાતી મચકાતી ચાલી જાય છે તે તરફના લોકો લાવણ્યની લહરીઓમાં ડૂબી જાય છે; અને તે દ્વારા એક નવીન જગતની સૃષ્ટિ થાય છે. તેઓ એમ માને છે કે, તેમના રૂપનો ઝંઝાવાત જે દિશા તરફ વાય છે, તે તરફના સઘળા લોકોનું ધૈર્ય બીજે સ્થળે ઉડી જાય છે, ધર્મનો કોટ ભાંગી પડે છે; જ્યારે પુરૂષોના હૃદય—સાગરમાં તેમના રૂપનો પ્રબળ પ્રવાહ વહેવા માંડે છે ત્યારે તેમાં તેમનાં (પુરૂષોનાં) કર્મ—જહાજ, ધર્મ—નૌકા અને બુદ્ધિરૂપી મછવા સઘળુંજ ડૂબી જાય છે. કેવળ સૌંદર્યાભિમાની રમણીઓનીજ આવી પ્રતીતિ હોય છે એમ નથી. પુરૂષો પણ જ્યારે સુંદરીઓની મોહિની શક્તિથી વશીભૂત થઇને તેમનો સૌંદર્ય મહિમા વર્ણવવાનો આરંભ કરે છે ત્યારે જે કંઇ બોલે છે તે સાંભળીને પણ વિસ્મિત થવું પડે છે. ત્યારે તેઓ ગગનના તારા, અને શુક્ર, પૃથ્વીના પર્વતો, પશુપક્ષી, કીટપતંગ અને લતાગુલ્મ ઇત્યાદિની સાથે મારી મચરડીને સ્ત્રીઓનાં વિવિધ અંગોની ઉપમા આપવા મંડી જાય છે—અને પછી તેમાંનાં અનેકને અપમાનિત કરીને પાછાં કાઢે છે. રૂપવતીઓના મુખમંડળ સાથે તુલના કરવા માટે તેઓ પૂર્ણચંદ્રને નિમંત્રણ દઇને પછી તેને કલંકિત ગણીને પાછો વિદાય કરી દે છે; ગરીબ બિચારો ચંદ્ર પોતાનું કલંક પોતાના હૃદયમાં રાખીને રાતો રાત પોતાનું કામ બજાવીને પલાયન કરી જાય છે. તેઓ સુંદરીના લલાટપરનું સિન્દુરબિંદુ જોઇને ઉષાની સેંથીના શોભારૂપ બાલસૂર્યની નિંદા કરે છે, પરિણામે સૂર્યદેવ ક્રોધથી રાતાચોળ થઈ પૃથ્વીને તપ્ત કરીને

ચાલ્યા જાય છે. રસિક રમણીના વદનનું હાસ્ય જોતાં તેઓ પ્રફુલ્લ કમળ પરના સૂર્યનાં કિરણોના અને ખીલેલી કુમુદિની પરના ચાંદનીના નૃત્યને કશા લેખામાં ગણતા નથી. ત્યારથીજ કમળ અને કુમુદ ઉપર કીડા અને પતંગનો અધિકાર જામી ગયો છે. કામિનીના કંઠહારનું નિરીક્ષણ કરતાં તેઓ રાત્રિની તારકમાળાપ્રતિ તિરસ્કાર દર્શાવવા લાગ્યા છે; મને લાગે છે કે ભવિષ્યમાં જ્યોતિષનું અધ્યયન છોડી દઇને મારે તેમના હાર ઘડનાર સોનીની વિદ્યા શીખવામાં મન લગાડવું. રસીલી રંગીલી લલનાઓનાં અંગસંચાલનમાં તેઓ એવી તો લાવણ્ય-લીલા નિહાળે છે કે, ચાંદની રાત્રિમાં મંદ મંદ હાલતાં વૃક્ષ-પત્રોમાં અથવા તો નિત્યકંપિત સમુદ્રતરંગમાં થતી ચંદ્રિકાની ક્રીડામાં તેમનું મન ચોંટતું નથી. સંભવ છે કે એટલા માટે સ્ત્રીઓ રાત્રે નિદ્રાધીન થઇ જાય છે અને ઘડા ભરી ભરીને નદીને શોષી લેતી રહે છે; અને જ્યારે તેઓ રમણીઓનાં નયનોનું વર્ણન કરવા બેસે છે ત્યારે મલયસમીરથી ડોલાયમાન થતાં સરોવરમાંનાં ભૂરા રંગનાં કમળો તો દૂર રહ્યાં, પણ વિશ્વમંડળમાંની કોઈ પણ ચીજ તેમને પસંદ પડતી નથી.

એ સ્ત્રીમૂર્તિના પ્રશંસકોની ઉપમાનુભવશક્તિનાં કંઇક વખાણ કર્યા સિવાય રહી શકતો નથી. એમની કલ્પનાના પ્રભાવથી એક-નયન ઘડીકમાં પક્ષી, જેમકે ખંજન, ચકોર વગેરે; ઘડીકમાં મત્સ્ય, જેમકે શફરી; ઘડીકમાં વનસ્પતિ, જેમકે પદ્મ, પલાશ, કમળ વગેરે; અને ઘડીકમાં જડ પદાર્થ, જેમકે આકાશના તારા વગેરે બની જાય છે. એક ચન્દ્ર એમના પ્રભાવથી કોઇ વખતે રમણીનું મુખમંડળ અને કોઇ વખતે તેમની ચરણાંગુલિનો નખ* બની જાય છે.

* મારા વિચાર પ્રમાણે ચન્દ્રની સાથે નખનીજ ઉપમા ઘણી સુંદર છે; કારણ કે તેથી કવિતામાં ઉત્તમ પદવિન્યાસ અથવા 'જમક' આવી

ઉચ્ચ કૈલાસશિખર અને નાનીસરખી કમળની કળી, બન્નેની ઉપમા એકજ અંગ સાથે અપાય; છતાં તેટલાથી પૂરૂં થતું નથી, તેથી દાડમ, કદંબ અને હાથીનાં કુંભસ્થળ જેવી વિષમ વસ્તુઓને પણ ઉપમાની સાંકળથી જકડી લેવામાં આવી છે. નાનુંસરખું જળચર પક્ષી હંસ અને પ્રચંડ શરીરધારી સ્થળચર પશુ હાથી, એ બન્નેના ગમનમાં વિષમતા હોય એ સ્વાભાવિક છે; પરન્તુ કવિઓની નજરમાં બન્નેજ રમણીઓની ચાલનું અનુકરણ કરનારાં છે. વળી જેવા તેવા હાથીની ગતિ સાથે એ હંસગામિનીઓના ગમનની તુલના થતી નથી; પરન્તુ જે હાથી હાથીઓનો પણ રાજા હોય તેની ગતિ સાથેજ એ ગજેન્દ્ર-ગામિનીઓની ગતિ સરખાવવા યોગ્ય ગણાય છે. સાંભળ્યું છે કે, હાથી એક દિવસમાં ઘણે દૂર સુધી જઇ શકે છે; ઘોડો કે તેવાં બીજાં પશુ તેટલું જઇ શકતાં નથી. તો પછી જેઓને દૂર મુસાફરીએ જવાનું હોય તેઓ એ ગજેન્દ્રગામિનીઓની (સ્ત્રીઓની) પીઠ ઉપર સ્વારી કરીને શા માટે જતા નથી ? જે વિભાગમાં રેલ્વે થઇ નથી તે તરફ જો ચૂંટી ચૂંટીને ગજગામિની સ્ત્રીઓનાં સ્ટેશન બેસાડવામાં આવે તો કેવું?

હું પણ એક વખતે કામિનીભક્ત કવિદળ માંહેલો એક હતો. ત્યારે મને આ અખિલ સંસારમાં રમણીસમાન સુંદર વસ્તુ બીજી કોઇ પણ દેખાતી ન હતી. ચંપક, કમળ, કુંદ (બટમોગરો), શિરીષ, કદંબ, ગુલાબ ઇત્યાદિ પુષ્પોનો પુંજ તે સમયે કામિનીઓની કાન્તિમાં ગુંથેલી કુસુમમાલા જેટલો મનોહર લાગતો નહિ. કેટલે સુધી કહું, વસન્તની પુષ્પવતી પૃથ્વીના કરતાં પણ હું કુસુમમયી કામિનીને વધારે પસંદ કરતો; વર્ષાઋતુની આગળ વધતી જતી, તરંગમયી, રંગદાર

શકે છે. જેમકે—" નખર–નિકર–હિમકર–કરમ્બિત–કોકિલ કૂજિત કુંજ-કુટીરે." આ ખાસ મારી પોતાનીજ કૃતિ છે. "ગીતગોવિંદ"માંના પૃ. ૨૪

નદી કરતાં રસિક યુવતીનો હું વધારે પક્ષપાતી હતો; પરન્તુ હવે મારો તે ભાવ બદલાઇ ગયો છે. મને દિવ્ય જ્ઞાન થયું છે. હું માયામયી મહિલામંડળની મોહજાળ કાપી છૂટો થઇને નાસી આવ્યો છું. માછીની સડી ગયલી જાળમાં ફસાઇ પડેલો મચ્છ જેવી રીતે તેને કાપીને નાશી જાય છે તેજ પ્રમાણે હું નાશી છુટયો છું; જે પ્રમાણે ક્ષુદ્ર કરોળીઆની જાળમાં સપડાયલું જીવડું જાળ તોડીને પલાયન કરી જાય છે તેજ પ્રમાણે હું નાશી છુટયો છું; અથવા જે પ્રમાણે તોફાની આખલું દોર તોડાવ્યા પછી ઉભી પૂછડીએ નાશી જાય છે તેજ પ્રમાણે હું દોટ મૂકીને પલાયન કરી આવ્યો છું. એ સઘળો પ્રતાપ અફીણનોજ છે. હે માતા અફીણ દેવી ! તારી દાબડી અક્ષય રહો. તું પ્રતિવર્ષ સુવર્ણ જહાજમાં બેસીને ચીન દેશમાં જઇ માન અકરામ અને પૂજા પામી આવ; જાપાન, સૈબીરીઆ, યૂરપ, અમેરિકા એ સઘળાજ તારા અધિકાર નીચે આવો. દેશેદેશમાં તારી જયંતી ઉજવાઓ; પરન્તુ કમલાકાન્તને ચરણ સમીપ રાખજે. હું તારી કૃપાથી જનસમાજના ઉપકારાર્થે દીલ ખોલીને મારા મનની બેચાર વાતો કહીશ.

બેશક મારી વાત સાંભળીને કેવળ સ્ત્રીઓજ નહિ, અનેક પુરૂષો પણ મને પાગલ કહેશે. કહેવા દો, હરકત નહિ. જે કોઇ નવીન વાત કહે છે તે પાગલજ ગણાય છે. *ગેલીલીઓએ કહ્યું કે "પૃથ્વી ફરે છે" એ સાંભળીને ઇટલીનો શ્રીમંત વર્ગ, ધાર્મિકવર્ગ અને વિદ્વાન વર્ગ હસવા લાગ્યો; તેમણે નિશ્ચય કર્યો કે ગેલીલીઓને ચિત્તભ્રમ થયો છે. કાળનો પ્રવાહ વહી ગયો; હવે ઇટલીનો શ્રીમંતવર્ગ, ધાર્મિક

---

* ગેલીલીઓ ઇટાલીઅન ખગોળવેત્તા હતો અને પૃથ્વી પોતાની ધરી ઉપર ફરે છે એ સિદ્ધાંતને યુરોપના વિદ્વાનો સમક્ષ મૂકનાર પહેલો પુરૂષ એ હતો. કોપાર્નિકસે એ સિદ્ધાંતને સિદ્ધ કરી બતાવી માન્ય કરાવ્યો હતો. હિંદમાં તો એ સમય અગાઉથી એ સિદ્ધાંત જણાઇ મનાઇ ચૂકયો હતો. ભા. ક.

વર્ગ અને વિદ્વદ્વર્ગ પૃથ્વી ફરે છે એ કથન સાંભળીને હસતો નથી; અને ગેલીલીઓને હવે કોઈ ભેજાગેપ પણ કહેતું નથી.

સઘળા લોકો સૌન્દર્યની બાબતમાં સ્ત્રીઓનું પ્રાધાન્ય સ્વીકારે છે. વિદ્યા, બુદ્ધિ અને બળમાં પુરુષોની શ્રેષ્ઠતા સ્વીકારતાં છતાં રૂપનું સર્વોપરિપણું તો સ્ત્રીઓનેજ અર્પવામાં આવે છે. મારા વિચાર પ્રમાણે આ એક ભયંકર ભૂલ છે. દિવ્ય ચક્ષુથી મારા જોવામાં આવ્યું છે કે, પુરૂષના રૂપ કરતાં સ્ત્રીનું રૂપ ઘણે દરજ્જે ઉતરતી પંક્તિનું છે. હે માનમયી મોહિનીઓ ! મારા આ અપરાધને માટે તમે મને તમારાં કુટિલ કટાક્ષની કાલકૂટવૃષ્ટિથી ભસ્મીભૂત કરશો નહિ; કાળી નાગણને પણ ભૂલાવે એવી વેણીથી મને બાંધી લેશો નહિ; ગુસ્સાથી ભ્રકુટિ-ધનુષ્યપર તીક્ષ્ણ શર ચઢાવીને મને વિંધી નાખશો નહિ. શું કહું, તમારી નિંદા કરતાં ભયથી કાળજું ધડકી ઉઠે છે. જો તમે માર્ગ જોઇને તમારી વાળીની જાળ પાથરી રાખો તો તેમાં કેટલાએ હાથીના પગ બંધાઇ જઇને તેઓ તમારા નાક સાથે ઝુલ્યા કરશે; તો પછી કમલાકાન્ત તે શી વિસાતમાં ? તમારી વાળીનું લોલક જો સરી પડે તો અનેક માણસોનાં ખૂન થઈ જવાનો બહુજ સંભવ છે. તમારા ચંદ્રહારમાંનો એકાદ ચંદ્ર પણ જો સ્થાનભ્રષ્ટ થઇને કોઇના અંગઉપર પડે તો તેના હાથ પગ ભાંગી જાય એમાં કંઇ નવાઇ નથી; એટલા માટે તમે કોપ કરશો નહિ. અને હે રમણીપ્રિય, કલ્પનાપ્રિય, ઉપમાપ્રિય કવિજનો, હું તમારી સ્ત્રીદેવીની સુખમયી સુવર્ણમયી પ્રતિમા ભાંગી નાખવા પ્રવૃત્ત થયો છું એમ સમજીને મને મારવાને માટે ઉદ્ધત થશો નહિ. હું સાબીત કરી આપીશ કે, તમે કુસંસ્કારથી દૂષિત પૌત્તલિક (મૂર્તિપૂજકો) છો. તમે લોકો ઉપાસ્ય દેવતાની પ્રકૃત (અસલ) મૂર્તિનો પરિત્યાગ કરીને વિકૃત (બનાવટી) પ્રતિમૂર્તિની પૂજા કરવા લાગ્યા છો.

જેમને માથે સુંદર કેશકલાપ હોય છે તેઓ કૃત્રિમ વાળનો ઉપયોગ કરતા નથી. જેમના દાંત ઉજળા દૂધ જેવા અને સુંદર હોય છે તેમને બનાવટી દાંત વાપરવાનું પ્રયોજન નથી. જેમની ચામડીનો વર્ણજ મન હરણ કરે એવો હોય તેમને પછી રંગ લગાવીને સૌન્દર્યની વૃદ્ધિ કરવી પડતી નથી. જેમની આંખો સાબુત હોય છે તેમને કાચનાં ચક્ષુનો (ચશ્માનો) આશ્રય લેવો પડતો નથી. જેમને પગ હોય છે તેઓ લાકડાના પગનો આધાર શોધતા નથી; આ પ્રમાણે જેમની પાસે જે વસ્તુ હોય છે તેને માટે તેઓ લખલખાટ કરતા નથી. જેઓ એમ સમજે છે કે, પ્રકૃતિએ તેમને અમુક ચીજથી બેનશીબ રાખ્યા છે, તેઓજ તે સંબંધી પોતાની અપૂર્ણતા દૂર કરવાને-માટે યત્ન કરતા રહે છે.

આ સઘળું જોઈ સાંભળીને મેં નિશ્ચય કર્યો છે કે, સ્ત્રીઓમાં સુંદરતાનો અત્યંત અભાવ છે. તેઓ સર્વદા પોતપોતાનું રૂપ વધારવામાંજ રોકાયલી રહે છે; ક્યા ઉપાયથી પોતે સુંદર દેખાશે તેના વિચારમાંજ મશ્ગુલ રહે છે. સારા સારા અલંકારો કેવી રીતે મળી શકે એજ તેમની હંમેશની ભાવના હોય છે; એટલુંજ નહિ પણ હું તો એટલે સુધી કહી શકું છું કે, અલંકારજ તેમને માટે જપ, અલંકારજ તેમને માટે તપ, અલંકારજ તેમને માટે ધ્યાન અને અલંકારજ તેમને માટે જ્ઞાન છે. પોતાનો દેહ શણગારવાને માટે તેઓ એટલા બધા યત્ન કરે છે તે ઉપરથી તેમનામાં પ્રકૃત (ખરેખરૂં) સૌંદર્ય ઝાઝું હોય એમ લાગતું નથી. જેનું નાક સુંદર ન હોય તેજ નાકે વાળીરૂપી દોરીમાં લોલકરૂપી જગન્નાથને ઝુલાવે છે. જેના કાન સુંદર ન હોય તેજ ફુલફુલ કે પશુપક્ષી ભર્યાં બાગનાં ચકરડાં (કર્ણફૂલ, એરિંગ વગેરે) કાને લટકાવે છે. જેનું હૃદય સુંદર ન હોય તેઓજ તે ઠેકાણે ‘ નવસર ’ હાર લટકાવીને પુરૂષજાતિને ખાસ કરીને

સ્તનપાન કરનારાં બાળકને ભય બતાવે છે. જે આભૂષણ વિના પણ પોતાને સુંદર માને છે તે કદી પણ ઘરેણાંનો બોજો લાદવાને આટલી વ્યગ્ર બને નહિ. પુરૂષો દાગીના વિના પણ સંતુષ્ટ રહે છે; પરન્તુ સ્ત્રીજન ઘરેણાં વિના પાંચ માણુસમાં મોં બતાવતાં લજાય છે; એટલા માટે સ્ત્રીઓના પોતાના આચરણ ઉપરથી જ માલૂમ પડી આવે છે કે, સૌંદર્યની બાબતમાં પુરૂષો કરતાં સ્ત્રીઓ નિકૃષ્ટ છે.

સ્ત્રીજાતિ કરતાં પુરૂષોનું સૌંદર્ય વધારે છે એ વાત કુદરતની સૃષ્ટિનું અવલોકન કરવાથી એથી પણ વધારે સ્પષ્ટ રીતે પ્રતીત થશે. જે ખીલેલી કળા જોઇને વાદળાંઓના મુકુટરૂપ ઇન્દ્રધનુષ પણ હારી જાય છે, તે ચંદ્રકલાપ (કળા) મોરને જ હોય છે, ઢેલને નહિ. જે યાળથી સિંહની આટલી શોભા છે તે સિંહણને હોતી નથી. જે ટાટ્ટો વૃષભની શોભામાં વૃદ્ધિ કરે છે તે ગાયને હોતો નથી. મરઘાને માથે જે સુંદર રાતી કલગી (માંજર) અને પિંછાંઓ હોય છે તે મરઘીને હોતાં નથી. આ પ્રમાણે જોતાં જણાશે કે, ઉચ્ચ કોટિના જીવોમાં પણ સ્ત્રીના કરતાં પુરૂષ વધારે સુંદર હોય છે. તો પછી મનુષ્યને ઘડતી વખતે સૃષ્ટિકર્ત્તાએ એ નિયમનો ભંગ કર્યો હોય એ સમજી શકાતું નથી. હે " વિદ્યાસુંદર " નાટકના રચનાર ! તારા મનમાં પણ શું આજ સિદ્ધાંત ઘોળાતો હતો ? શું એટલાજ માટે તેં નાયકનું નામ " સુંદર " રાખ્યું હતું ? શું તું સમજી શક્યો હતો કે સ્ત્રીઓ ગમે એટલી વિદ્યાવતી કાં ન હોય; પરન્તુ પુરૂષની સ્વાભાવિક સુંદરતા અને બુદ્ધિ આગળ તેને પરાભવ સ્વીકારવો જ પડે છે !

સૌંદર્યનો બહાર યૌવનકાલમાં ખીલે છે; પરન્તુ હે રૂપાન્ધ ભામિનીવૃન્દ ! તમારૂં યૌવન કેટલી ક્ષણ ટકે છે ? જુવાળ (ભરતી)ના પાણીની પેઠે ચઢતાં ચઢતાંમાંજ ઉતરી જાય છે. કોડી વરસ પૂરાં થતાં પહેલાં તો તમે ડોસીઓ બની જાઓ છો. થોડા દિવસોમાં જ

તમારાં સઘળાં અંગો શિથિલ થઇ જાય છે. વય થતાં જ તમારૂં કંઠ-માધુર્ય વિકૃત થઇ જાય છે. ચાળીશ પીસ્તાળીશ વર્ષની અવસ્થાએ પુરૂષોમાં જે તેજ જોવામાં આવે છે તે તમારામાં વીશ પચીશ વર્ષની અંદર પણ રહેતું નથી. તમારા રૂપની સ્થિતિ વિદ્યુતની પેઠે, ઇન્દ્ર-ધનુષ્યની પેઠે ક્ષણસ્થાયી ન છતાં બહુજ અલ્પ કાળમાટેની છે, જેઓ રૂપભોગને માટે પાગળ જેવા રહે છે તેમનું દુઃખ હું ભોજન કરવા બેસું ત્યારેજ અનુભવી શકું છું. મને મારા જીવનમાં મોટામાં મોટું દુઃખ એ છે કે, જમવાની ચીજ પીરસ્તાં પીરસ્તાંમાંજ ઠંડી પડી જાય છે; એજ પ્રમાણે સ્ત્રીઓનો સૌંદર્યરૂપી ભાત પ્રણય—કલહરૂપી પાત્રમાં પીરસાતાં પીરસાતાંજ ઠંડો પડી જાય છે—પછી કોની તાકાત છે કે તે ખાવાની તેને રૂચિ થાય ? છેવટે પોશાક અને આભૂષણરૂપી ચટણી મેળવીને અને હાવભાવરૂપી મીઠું દઇને ગમે તે રીતે ગળે તો ઉતા-રવોજ પડે છે.

હે સૌન્દર્યાભિમાની કામિનીઓ ! સાચે સાચું કહો જોઇએ, શું ક્ષણસ્થાયી હોવાને લીધેજ તમારા એ રૂપનો આટલો બધો આદર સ-ત્કાર થાય છે ? તમારૂં રૂપ સારી પેઠે જોયું ન જોયું તેટલામાં, કે તેનો સારી પેઠે ઉપભોગ કર્યો ન કર્યો તેટલામાં તે અન્તર્હિત થઇ જાય છે; તેટલા માટે જ શું પુરુષો તરસ્યા ચાતકની પેઠે તેને માટે ઉન્મત્ત બની જાય છે ? અગોચર સ્થાને પડેલા કે ખોવાયલા ધનના જેવું માનીને શું તમે તે રૂપની ખરી કિંમત આંકવા શક્તિમાન નથી ? કેવળ ક્ષણસ્થાયી પદાર્થ હોવાને લીધે જ નહિ, પરન્તુ બીજા કારણથી પણ સ્ત્રીઓનું સૌન્દર્ય મનોહર મૂર્તિ ધારણ કરે છે. તે કારણ એ છે કે, આ ભૂમંડળ ઉપર જે જે ગ્રંથકારોના મત પ્રકાશ થયાં છે તે સઘળા જ પુરુષો હતા; અને મારી સમજ પ્રમાણે તેમણે પ્રેમ દષ્ટિથી સ્ત્રીઓના રૂપનાં વર્ણન કર્યાં છે. કહેવાય છે કે, જે લેલા ઉપર મજનૂએ

પ્રાણુ ઓવાર્યાં હતા તે ઘણી બદસુરત હતી; પરન્તુ "જેણે જેમાં માન્યું, તેમાં તેને સુખ." સ્ત્રીઓ જે પ્રણયની મૂર્તિ છે તેમને સામાન્ય દૃષ્ટિથી કોણ જુએ ? ઉંચી જાતના આયનાના પ્રભાવથી દૃષ્ટ વસ્તુ કદરૂપી હોય તો તે પણ સુંદર જણાય છે. મનોહારિણી સ્ત્રીઓનું રૂપ જોતી વખતે તેને પ્રીતિનું અંજન આંજીને જોશો તો પછી તે પુરુષોના કરતાં વધારે સુંદર કેમ નહિ જણાય ?

હે પ્રણયદેવ ! પાશ્ચત્ય કવિઓએ તને અંધ કહ્યો છે. વાત પણ ખોટી નથી. તારા પ્રભાવથી લોકો પ્રિય વસ્તુના દોષ જોઇ શકતા નથા. તારાં અંજનથી જેમનાં નેત્રો અંજાયાં છે, તેઓ–વિશ્વવિમોહન પદાર્થ–પરંપરાથી ઘેરાયલાજ રહે છે. વિકટ મૂર્તિ તેમને મનોહર ભાસે છે, કર્કશ સ્વર મધુર લાગે છે, વંત્રીની અંગ–ભંગીને મંદ મંદ પવનથી ડોલાયમાન થતી લલિત લવંગલતાની લાવણ્યલીલા કરતાં પણ અધિક સુખદાયક માને છે; એજ કારણથી ચીન દેશમાં ચીબા નાકને આદર મળે છે, એજ કારણથી વિલાયતી મડમોમાં ભૂરા વાળ અને બિલાડી જેવી–માંજરી–આંખોને માન મળે છે, એજ કારણથી સીદીઓના દેશમાં જાડા અધરોષ્ઠનું સન્માન છે, અને એજ કારણથી ભારતવર્ષમાં ચંદ્રના કલંક સમાન છુંદણાંવાળા મુખચંદ્રનો મહિમા વધારે છે તથા એજ કારણથી માનવ સમાજમાં સ્ત્રીઓને આદર મળે છે. હવે જો સ્ત્રીઓ પુરુષની પેઠે મનની વાત મોંએ લાવી શકતી હોય તો તેમ થતાં, હે પ્રણયદેવ ! તેમના ગુણથી તો કદાચ બને કે ન બને; પરન્તુ તમારા પ્રભાવથી તો અમે અવશ્ય સાંભળી શકીએ કે, પુરુષોના સૌંદર્ય આગળ સ્ત્રીઓનું સૌન્દર્ય કુછ ગિસાતમાં નથી.

જો કે અંતરના ગુપ્ત ભાવો વાણીદ્વારા વ્યક્ત કરવામાં સ્ત્રીઓ અત્યંત સંકોચ પામે છે ખરી, તો પણ તેમના અંતરના ગૂઢ ભાવો તેમનાં કાર્યદ્વારા કેટલેક અંશે પ્રકટ થઇ જાય છે.

કોના જોવામાં નથી આવ્યું કે, એક સ્ત્રી બીજી સ્ત્રીના સૌન્દર્યનો સ્વીકાર કરવા ચાહતી નથી; છતાં પુરુષનેમાટે તેઓ આત્મસમર્પણ કરી દે એવી ભક્ત બની જાય છે. આ ઉપરથી કોણ ન સમજી શકશે કે, તેઓ અંદરખાનેથી સ્ત્રીના રૂપ કરતાં પુરુષના રૂપની પક્ષપાતિની છે ?

' રૂપ રૂપ ' કરવાથી સ્ત્રીઓનું સત્યનાશ વળી ગયું છે, સઘળાજ એમ સમજે છે કે, સ્ત્રીઓનું કિમતી ધન રૂપજ છે, રૂપજ સ્ત્રીજાતીનું સર્વસ્વ છે. એનું પરિણામ એ આવ્યું કે, સ્ત્રીઓ જે કંઇ ઇચ્છિત વસ્તુને માટે માગણી કરે છે, તે વસ્તુ લોકો કેવળ રૂપના બદલામાંજ આપવા ચાહે છે. આથીજ મનુષ્ય સમાજના કલંકરૂપ વારાંગનાઓનો વર્ગ ઉત્પન્ન થયો; આથીજ કુટુંબમાં સ્ત્રી વર્ગનેમાટે દાસત્વ સ્થાપિત થયું.

અસ્થાયી સૌંદર્ય જ કામિનીઓની એક માત્ર પૂંજી છે, સંસારસાગર પાર ઉતારનાર કર્ણધાર છે; એ વાત પુનઃ સાંભળવા હું ચાહતો નથી. અનેક દિવસ સુધી સાંભળી ચૂક્યો છું.

સાંભળતાં સાંભળતાં કાન ફૂટી ગયા છે. હવે એનું એ સાંભળી શકું એમ નથી. હવે તો એવું સાંભળવા ઇચ્છું છું કે, સ્ત્રીજાતિમાં રૂપના કરતાં સો ગણા, હજાર ગણા, લાખ ગણા, કરોડ ગણા ઉમદા ગુણો રહેલા છે. હું એવું સાંભળવા આતુર છું કે, તેઓ સાક્ષાત્ સહિષ્ણુતા, ભક્તિ અને પ્રેમની મૂર્તિ છે. જેમણે જોયું છે કે, જનની કેટલાં કષ્ટ સહન કરીને સંતાનનું લાલનપાલન કરે છે; જેમણે જોયું છે કે, સ્ત્રીઓ કેવા પ્રેમ અને કાળજીથી પોતાના કુટુંબના રોગી માણસોની બરદાસ ઉઠાવે છે, તેમને સ્ત્રીજાતિની સહિષ્ણુતાનો કિંચિત્ પરિચય થઇ શક્યો હશે. જેમણે કોઇ વખતે કોઇ સુંદરીને પોતાના પતિ અથવા પુત્રને માટે જીવન વિસર્જન કરતાં, ધર્મને માટે બાહ્ય સુખોને લાત મારતાં

જોઇએ છે, તેઓ જ કેટલેક અંશે સમજી શકે છે કે, સ્ત્રીહૃદયમાં કેવો પ્રેમ અને કેવી ભક્તિ રહેલાં છે !

જ્યારે હું ઉત્કૃષ્ટ રમણીઓના સંબંધમા વિચાર કરવા બેસું છું; કે તરત જ મારા માનસપટ ઉપર સહગમન કરવાને તત્પર થએલી 'સતી' ની મૂર્તિ ખડી થઇ આવે છે. મારા જોવામાં આવે છે કે ચિતા ભડ ભડ બળી રહી છે, સતી પતિના ચરણને આદરપૂર્વક છાતી-સાથે ચાંપીને બળતી ચિતાની વચ્ચે બેઠી છે, આસ્તે આસ્તે અગ્નિ ફેલાતો જાય છે, એક અંગને બાળીને બીજામાં પ્રવેશી રહ્યો છે, સતી બળતી બળતી પોતાના સ્વામીના ચરણોનું ધ્યાન ધરી રહી છે, વચમાં વચમાં રામ નામનો ઉચ્ચાર અથવા સંકેત કરી રહી છે, શારીરિક કે માનસિક દુઃખનું કંઇ પણ ચિહ્ન નહિ જણાતાં વદન પ્રફુલ્લ છે, ધીમે ધીમે અગ્નિની જ્યોત વધવા લાગી, પ્રાણ નીકળી ગયા અને કાયા ભસ્મીભૂત થઇ ગઇ. ધન્ય છે એ સહિષ્ણુતાને, ધન્ય છે એ પ્રીતિને, અને ધન્ય છે એ ભક્તિને !

જ્યારે હું વિચાર કરૂં છું કે, કેટલાક દિવસ થયાં આપણા દેશની અબલા અંગનાઓ કોમલાંગી થવા છતાં આ પ્રમાણે આત્મસમર્પણ કરી શકે છે, ત્યારે મારા મનમાં નવી આશાનો સંચાર થાય છે, ત્યારે મને ખાત્રી થાય છે કે મહત્તાનું બીજ આપણા લોકોના હૃદયમાં હજી પણ ટકી રહેલું છે. વખત આવ્યે આપણે પણ શું મહત્તા દર્શાવી શકીશું નહિ ? હે ભારતીય પૌરાંગનાઓ ! તમે પોતે જ ભારતવર્ષનાં અણમૂલાં રત્નો છો. તમારે મિથ્યા ઠાઠથી રૂપ વધારે દેખાડવાને શામાટે મથવું જોઇએ ?

૧૦—ફૂલનો વિવાહ.

વૈશાખ માસ લગ્નસરાનો મહિનો છે. મેં વૈશાખ સુદી પડવાને દિવસે નસી બાબુના કુસુમોદ્યાનમાં (ફૂલવાડીમાં) બેસીને એક વિવાહ જોયો. ભવિષ્યનાં વરકન્યાઓને કંઇક શીખવાનું મળે તેટલા માટે તે નોંધી રાખું છું.

ચમેલીનો વિવાહ હતો. બચપણનો સંધિકાળ વીતી જવાની તૈયારી હતી; કલિકા—કન્યા લગ્નને માટે લાયક થઇ આવી હતી. કન્યાનો પિતા મોટો માણસ નથી, તે એક સાધારણ વૃક્ષ છે. વળી વધારામાં તેના ઉપર ઘણી દીકરીઓ પરણાવવાનો ભાર છે. સંબંધને માટે ઘણેક સ્થળે વાતચીત થઇ હતી; પરન્તુ કોઇ પણ સ્થળ નક્કી થયું ન હતું. બાગનો રાજા ગુલાબ, પાત્ર તો ખામી વગરનું; પરન્તુ ઘર ઘણું મોટું એટલે તે આટલો નીચે ઉતરવા રાજી ન હતો. જાસુદને વિવાહ માટે વાંધો ન હતો; પરન્તુ તે અત્યંત રાગી (લાલ—ક્રોધી) હોવાથી કન્યાના પિતાનું મન માનતું ન હતું. રાયચંપો પાત્ર તો સારૂં, પણ દિમાગ ઘણો - ભારે એટલે તેની સાથે જોગ થાય એ અસંભવિત. આવા ભાંજગડના સમયે ભ્રમરરાજ વેવિશાળીઆ બનીને ચમેલી—સદનપર આવી બેઠા, અને બોલ્યાઃ—

“ ગું ગું ગું ! કન્યા છે ? ”

ચમેલીના પિતાએ (વૃક્ષે) પાંદડાં હલાવીને ઉત્તર આપ્યો “છે.”

ભ્રમર પાંદડાંનું આસન ગ્રહણ કરીને બોલ્યાઃ—“ ગું ગું ગું ! જરા કન્યા બતાવશો ? ”

વૃક્ષે ડાળી નમાવીને નતનયના ઘુંઘટવતી કન્યા બતાવી. ભ્રમરે એક વાર વૃક્ષની પ્રદક્ષિણા કરીને કહ્યું:—

"ગું ગું ગું ! જરા ઘુંઘટ ખોલો, કન્યાનું રૂપ જોવા મરજી છે." શરમાળ કન્યાએ કેમે કરી ઘુંઘટ ખોલ્યો નહિ.

વૃક્ષે કહ્યું; "તમે જરા થોભો, મારી દીકરી શરમાળ છે. હું મુખ બતાવું છું."

ભ્રમર મહાશય ગું ગું કરતા ગુલાબના દિવાનખાનામાં જઇને રાજપુત્ર સાથે ગોષ્ઠિ કરતા બેઠા. આ તરફ ચમેલીની મોટી બ્હેન સન્ધ્યા આવીને ઘણું ઘણું સમજાવવા લાગી અને બોલી; "બ્હેન ! એક વાર ઘુંઘટ ખોલ, નહિ તો વર આવશે નહિ. મારી લક્ષ્મી, મારી ચંદા, મારી સોનાની પુતળી કની ?"

કલિકાએ કેટલીક વાર ખભાં ચઢાવ્યાં, કેટલીક વાર સુધી ગુસ્સાથી મોં ચઢાવી રાખ્યું, અને અનેક વાર કહ્યું કે; "જા અહીંથી જા." પરન્તુ છેવટે સન્ધ્યાના સ્નિગ્ધ સ્વભાવથી પીગળીને કન્યાએ ઘુંઘટ ખસેડયો; એટલે વેવિશાળીઆએ ભૃં કરીને રાજગૃહમાંથી ઉતરી આવીને કન્યા તરફ નજર ફેરવી.

કન્યાના પરિમલથી મુગ્ધ થઇને તે બોલ્યાઃ—"ગું ગું ગું ! કન્યા રૂપવતી તો છે ખરી, પણ ઘરમાં મધ કેટલું છે ?"

કન્યાના પિતા–વૃક્ષે કહ્યું; "કરાર પ્રમાણે પૂરતું આપીશ. લેશ પણ ઓછું નહિ."

ભ્રમર બોલ્યાઃ—"ગું ગું ગું ! આપ અનેક સદ્ગુણસંપન્ન છો. સેવકની મહેનતનું કંઇ ?"

કન્યાના પિતાએ ડાળી હલાવીને ઉત્તર આપ્યો; "તે પણ થશે."

ભ્રમરે કહ્યુંઃ—સેવકની ભેટ ઉધાર તો રાખતા નથી ને ? નગદ દાનજ શ્રેષ્ઠ દાન છે–ગું ગું ગું !

આ સાંભળતાં ક્ષુદ્ર વૃક્ષે ગુસ્સે થઇને સઘળી ડાળીઓ હલાવીને કહ્યું; "પ્રથમ વરની વાત તો કહો ? પાત્ર કોણ છે ?"

ભ્રમરે કહ્યું:—"વર ઘણોજ સુપાત્ર છે. સર્વ ગુણસંપન્ન છે."

વૃક્ષે કહ્યું:—"પણ તે કોણ ?"

ભ્રમરે કહ્યું:—"ગુલાબરાય ગન્ધોપાધ્યાય. બહુજ ગુણવાન માણસ."

આ સઘળી વાતચીત મનુષ્યો સાંભળી શકતાં નથી. કેવળ હુંજ અરીણની કૃપાથી દિવ્ય શ્રુતિશક્તિ મેળવીને એ બધું સાંભળી શક્યોછું. મારા સાંભળવામાં આવ્યું કે કુલાચાર્ય મહાશય પાંખ ફફડાવીને છએ પગ વિસ્તારીને ગુલાબનાં ગુણગાન કરતા બેઠા હતા. તેઓ કહેતા હતા કે, "ગુલાબનું કુળ ઘણુંજ કુલીન છે. એનો તો રંગજ ન્યારો છે. જો કે ખીલે છે તો સઘળાંય ફૂલો, પરન્તુ ગૌરવ તો ગુલાબનુંજ વધારે છે; કારણ કે એ સાક્ષાત્ બ્રહ્માનીજ પેદાશ છે. તેણે તે પોતાના હાથેજ રોપેલું છે. કદાચ તમે કહેશો કે 'એ ફૂલમાં કંટક છે'; તો કયા કુલમાં કે કયા ફૂલમાં તે નથી વારૂ ?

ગમે તેમ હો; પણ વેવિશાળીઓ કોઈપણ પ્રકારે સંબંધ નક્કી કીધા પછીજ ઉઠયો; અને ગુલાબબાબુને ઘેર ખબર પહોંચાડી. એ સમયે ગુલાબરાય હવા સાથે નૃત્ય કરતા કરતા, હસતા હસતા ખેલતા હતા. તેમણે વિવાહની વાત સાંભળતાંજ આનંદમાં આવી જઇને પ્રશ્ન કર્યો, 'કન્યાની ઉમ્મર કેટલી'? ભ્રમરે કહ્યું, "આજકાલમાંજ ખીલી ઉઠશે."

ગોધૂલિ લગ્ન ઠર્યાં. ગુલાબરાયના વરઘોડાની તૈયારી થવા લાગી. તમરાંએ નોબત બજાવવાનો આરંભ કર્યો; મધમાખીએ શરણાઇનું બાનું લીધું હતું, પરન્તુ તે રતાંધળી હોવાથી સાથે આવી શકી નહિ; આગીઆએ મશાલ ધરી; આકાશમાં તારાઓની આતશબાજી થવા લાગી; કોકિલા આગળ આગળ મધુર સુરે મંગળગીત ગાવા લાગી; જાનમાં અનેક લોકો સામેલ થયા. રાજકુમાર સ્થળપદ્મ સાંજનો વખત હોવાથી પ્રકૃતિ અસ્વસ્થ હોવાને લીધે આવી શક્યા ન હતા; પરન્તુ

સફેદ જાતિનાં, રાતી જાતિનાં અને પીળી જાતિનાં જાસુદો સકુટુમ્બ પધાર્યાં હતાં. કરેણુના દળે પ્રાચીન કાળના રાજાઓની પેઠે ઘણી ઉંચી ડાળે ચઢીને હાજરી આપી હતી. બટમોગરો સાળેલો બનવાનો હોવાથી સારી પેઠે શણગારાઇને મહાલતો હતો. ચંપો પીતાંબર પહેરીને આવી ઉભો; પણ તે બ્રાંડિ ચઢાવીને આવેલો હોવાથી તેની ઉગ્ર ગંધ છૂટી રહી હતી. બકુલ પુષ્પે ટોળેટોળાંમાં આવીને પોતાની સુગંધથી સમગ્ર પ્રદેશ બહેકાવી મૂક્યો હતો. નિશાને લીધે લાલ બનેલા અશોક સાથે કીડીઓનું દળ અંતરંગ સહચારી બનીને આવ્યું હતું; તેને ગુણુની સાથે નિસ્બત નથી; ઉલટું મોંમાં ઝેર ઝાઝું રાખે છે—આવા જાનૈયા ક્યા વિવાહમાં નથી ભેગા થતા અને કયા વિવાહમાં તેઓ ધાંધલ કરીને ઝગડો નથી મચાવી મૂકતા ? આ સિવાય કુટજ* કુરૂબક+ ઇત્યાદિ બીજા અનેક જાનૈયાઓ પણ આવ્યા હતા. એમનો વિશેષ પરિચય વેવિશાળીઆ તરફથી મળી શકશે; કારણ કે તેઓ સઘળે ઠેકાણે આવજા કરે છે, અને દરેક ઠેકાણેથી થોડું ઘણું મધ પણ મેળવતા રહે છે.

મને પણ નિમંત્રણ હતું તેથી હું ત્યાં ગયો હતો. જઇને જોઉં છું તો વરપક્ષવાળા મહા વિપત્તિમાં આવી પડ્યા હતા. પવને વાહન પૂરાં પાડવાનું બાનું લીધું હતું, ને તે વખતે તો હં હં કરી છાતી ઠોકીને મરદાનગી બતાવતો હતો; પરન્તુ કામને વખતે કોણ જાણે ક્યાં જઇને છુપાયો કે પત્તોજ નહિ ! આથી વર અને જાનૈયાઓ દિઙ્‌મૂઢ બનીને સ્તબ્ધપણે ઉભા. ચમેલીના ઘરની પ્રતિષ્ઠા જતી જોઇને મેં તેમને માટે વાહન બનવાનું બીડું ઝડપ્યું; અને વર તથા જાનૈયા વગેરે સઘળાંને ઉંચકી લઇને હું મલ્લિકા (ચમેલી) પુરમાં પહોંચી ગયો.

* ફૂલનું નામ. + વૃક્ષનું નામ. આ નામો સંસ્કૃત સાહિત્યમાં વપરાયલાં જોવામાં આવે છે.

ત્યાં જોઉં છું તો કન્યા પક્ષની સઘળી સુંદરીઓ આનંદના તાનમાં ઘુંઘટ ખસેડીને મોં મલકાવતી, સુગંધ વરસાવતી, સુખ લૂંટતી હાસ્ય કરી રહી છે. પાંદડીએ પાંદડી એક બીજીને વળગી રહી છે, સુગન્ધ ભંડારમાંથી સુગન્ધની રેલમછેલ થઇ રહી છે, લાવણ્યના બહારથી સઘળાં લચી પડે છે. જુઇ, માલતી, બકુલ (બોરસલ્લી), ગુલછડી ઇત્યાદિ સુહાગણોએ સ્ત્રી આચાર કરાવીને વરને પોંખ્યા; એટલામાં પુરોહિતજી પણ હાજર થઇ ગયા. નસી બાબુની નવ વર્ષની કન્યા (જીવન્ત કુસુમરૂપી) કુસુમલતા સુતર લઇને ઉભી છે. કન્યાના પિતાએ કન્યાદાન દીધું. પુરોહિતજીએ બન્નેને એક સૂત્રે બાંધી ગાંઠ વાળી દીધી!

પછી વરને તેમના ખાસ ઉતારામાં લઇ જવામાં આવ્યા. ત્યાં અનેક મધુમયી રસિલી સુંદરીઓ તેની આસપાસ ફરી વળી. સરળ સ્વભાવનાં પાટલા સાસુ તગરનું તો મજાક કરતાં કરતાં મોં પણ સુકાઇ ગયું. ગુલમેંદીના લાલીભર્યા મુખમાં હસવું સમાતું ન હતું. જુઇ કન્યાની સખી હોવાથી તેની પાસે જઇને સૂતી. ગુલછડીને મોટી તાટકા રાક્ષસીની ઉપમા આપીને વરરાજાએ સારી પેઠે બનાવી; બકુલ એક તો બાલિકા અને વળી જેટલા ગુણ તેટલું રૂપ પોતામાં નહિ હોવાથી તેણે એક ખૂણે મૌન ગ્રહીને બેસવાનુંજ ઉચિત ધાર્યું; અને મધુમાલતી મોટા માણસનાં ધણીઆણી એટલે ભારે ખમ થઇને પોતાની નીલી સાડી ફડફડાવતાં રૂવાબ સાથે બેઠાં. એટલામાં—

“ કમલ કાકા ! ઉઠો. ઘેર જાઓ. રાત પડી ગઇ છે. શું અહીંજ સૂઇ રહેવું છે ? ” એમ કહીને કુસુમલતા મને ઢંઢોળવા લાગી. મેં ઝબકીને જોયું તો કંઇજ મળે નહિ. ફુલોનો તે જાનીવાસો કયાંય લુપ્ત થઇ ગયો ? મને લાગ્યું, ખરેખર સંસાર અનિત્યજ છે. હમણાં હોય છે તે ક્ષણવારમાં લુપ્ત થઇ જાય છે ! તે રમ્ય દિવસ ક્યાં ઉડી ગયો ? તે સઘળી હસમુખી, સુધામયી, પુષ્પ સુંદરીઓ ક્યાં ચાલી ગઇ ? જે

ઠેકાણે સઘળાં જશે, તે ઠેકાણે–સ્મૃતિના દર્પણ તળે–ભૂતસાગરના ગર્ભમાં જે સ્થળે રાજા, પ્રજા, પર્વત, સાગર, ગૃહ, નક્ષત્ર વગેરે ગયાં છે અથવા જશે તે ઠેકાણે–મૃત્યુપુરમાં ! આ વિવાહની પેઠેજ સઘળું શૂન્યમાં મળી જશે, હવામાં ઉડી જશે, ત્યારે રહેશે શું, ભોગ ? ના. ભોગ્ય ન રહે તો ભોગ ટકી શકતો નથી, ત્યારે શું સ્મૃતિ ?

વળી કુસુમ બોલી:—" ઉઠોને, શું કરોછ ? "

મેં કહ્યું:—" દૂર થા, ગાંડી ! હું લગ્ન કરાવતો હતો."

કુસુમ હસતી હસતી પાસે આવીને ઉત્કંઠાથી પૂછવા લાગી; " કોનું લગ્ન, કાકા ? "

મેં કહ્યું:—" ફૂલનું. "

" ઓહ્ ! કપાળ તમારૂં. શું કહું ! હું પણ હમણાં એ ફૂલોની લગ્નવિધિ કરાવવામાંજ રોકાયલી હતી."

" કયાં વારૂ ? "

" જુઓ, હમણાંજ આ માળા ગુંથી છે તેમાં." જોઉં છું તો મારાં વર કન્યા તેજ માળામાં ગુંથાયલાં હતાં !

૧૧–જગતરૂપી બજાર.

પ્રસન્ન ગોવાલણુ સાથે મને હંમેશના વિયોગનો સંભવ નજરે પડે છે. હું નસીરામ બાબુના ઘેર આવ્યો ત્યાં સુધી તેની પાસેથી દૂધ, દહીં, ઘી, મલાઇ, અને માખણુ ખાતો આવ્યો છું. ખાતી વખતે સમજતો કે, પ્રસન્ન કેવળ પરલોકમાં સદ્‌ગતિ પામવાની ઇચ્છાથી જ આ અનંત પુણ્યનો સંચય કરી રહી છે. હું સમજતો કે, સંસારરૂપી અરણ્યમાં જે લોકો પુણ્યરૂપી મૃગને પકડવાને જાળ લઇને ઘૂમે છે તેઓમાં પ્રસન્ન સુચતુર છે. ભોજનાન્તે હમેશાં હું પ્રસન્નને પરકાલમાં અક્ષય સ્વર્ગ અને આ લોકમાં હુંગોપાણી મળે તેટલા માટે પ્રભુ પાસે પ્રાર્થના કરતો હતો; પરન્તુ અફસોસ ! માનવચરિત્ર કેવી ભયાનક સ્વાર્થપરાયણુતાથી કલંકિત છે! હમણાં તે પૈસા માગે છે!

એટલા માટે તેની સાથે હમેશના જ રામ રામનો સંભવ દેખાય છે. જ્યારે પહેલે દિવસે તેણે પૈસા માગ્યા ત્યારે મેં હસવામાં તે વાત ઉડાવી દીધી–બીજે દિવસે વિસ્મિત થયો–અને ત્રીજે દિવસે બોણુાવવા મંડયો. હવે તેણે દૂધ દહીં બંધ કરી દીધાં છે. કેવું ભયંકર! આટલે દિવસે જાણ્યું કે મનુષ્ય જાતિ ખરેખર સ્વાર્થપરાયણ છે; આટલે દિવસે માલૂમ પડે છે કે, આશાઓને કાળજીપૂર્વક હૃદયક્ષેત્રે રોપીને વિશ્વાસવારિથી પુષ્ટ કરવી, એ સઘળું વ્યર્થજ છે. હમણાં જ જાણું છું કે, ભક્તિ, પ્રીતિ, સ્નેહ, પ્રણુય આદિ સઘળું ખાલી શબ્દો જ છે–આકાશકુસુમ છે!–પડછાયા સમાન છે! હાય ! મનુષ્ય જાતિનું શું થશે ? હાય ધનલોભી ગોવાળ જાતિનો ઉદ્ધાર કોણુ કરશે ? હાય ! પ્રસન્ન નામની ગોવાલણુની ગાય કયારે ચોરાઇ જશે ?

પ્રસન્નનાં દૂધ દહીં છે એટલે તે આપશે; અને મારે પેટ છે,

એટલે હું તે ખાઉં એમાં તે પૈસા કયા અધિકારથી માગે છે, તે હું સમજી શકતો નથી. પ્રસન્ન કહે છે કે, હું અધિકાર, અનધિકાર સમજતી નથી, ગાય મારી છે, દૂધ મારૂં છે; હું પૈસા લઇશ. તે સમજતી નથી કે, ગાય કોઇની પણ નથી; ગાય ગાયની પોતાની છે; અને દૂધ જે પીએ તેનુંજ છે.

છતાં આ સંસારમાં કિમ્મત લેવી એ એક રિવાજ પડી ગયો છે તે હું કબૂલ કરૂં છું. કેવળ ખાદ્ય સામગ્રીજ નહિ; પરંતુ સઘળીજ વસ્તુઓ મૂલ્ય આપીને ખરીદવી પડે છે. દૂધ, દહીં, દાળ, ચોખા, ખાવા–પીવાની બીજી વસ્તુઓ અને કપડાં–લત્તાં વગેરે બજારમાં વેચાતી ચીજોને કદાચ બાજુ રાખીએ; પરંતુ વિદ્યા–બુદ્ધિ પણ મૂલ્ય આપીનેજ ખરીદવી પડે છે ! કોલેજમાં પૈસા આપીને વિદ્યા વેચાતી લેવી પડે છે. અનેક લોકો સારી વસ્તુ મૂલ્ય આપીને ખરીદે છે. હિન્દુઓ સામાન્ય રીતે પૈસા આપીને ધર્મ ખરીદતા રહે છે. યશ અને માન બહુ જ થોડી કિમ્મતમાં મળી જાય છે. સારી વસ્તુઓ પૈસા આપીને ખરીદવી પડે એ વાત તો કંઇક સમજવામાં આવે છે ખરી; પરન્તુ મનુષ્યો પૈસાના એવા તો ગુલામ છે કે નઠારી ચીજ પણ પૈસા વિના કોઇ કોઇને આપતું નથી ! જો તમારે ઝેર ખાઇને મરવું હોય તો તે પણ બજારમાંથી વેચાતું લઇને જ ખાવું પડે.

ખરેખર આ આખું જગતજ એક મોટા બજાર જેવું છે. સઘળાઓ એમાં પોતપોતાની દુકાન શણગારીને બેઠા છે. સઘળાનોજ ઉદ્દેશ પૈસાની પ્રાપ્તિ છે. સઘળાઓ અવિરત બૂમ મારી રહ્યા છે કે, “ અમારી દુકાનમાં સારો માલ છે–ખરીદનાર ચાલ્યા આવો. ” સઘળાઓનો એકજ ઉદ્દેશ–ગ્રાહકોની આંખમાં ધૂળ નાખીને રદ્દી માલ પધરાવી દેવો એજ છે. દુકાનદારો અને ગ્રાહકો વચ્ચે યુદ્ધજ મચી રહ્યું છે; જોઇએ, કોણ કોને મહાત કરી શકે છે! સસ્તું ખરીદવાના અવિરત પ્રયત્નને આ બજારમાં મનુષ્યજીવન કહે છે.

જરા ઉંડો વિચાર કરીને મનનું દુઃખ ઓછું કરવા અફીણની માત્રા ચઢાવી; એટલે જ્ઞાનનેત્ર ઉઘડી ગયાં. સામે સુવિસ્તૃત જગ-બજાર પડેલું જોયું. જોયું તો અસંખ્ય દુકાનદારો દુકાન શણગારીને બેઠેલા છે. અસંખ્ય ગ્રાહકો ખરીદી કરે છે. મારા જોવામાં આવ્યું કે તે અસંખ્ય દુકાનદારો અને અસંખ્ય ગ્રાહકો પરસ્પર આંગળાં બતાવી રહ્યાં છે. હું પણ ઝોળી ખભે ભેરવીને બજાર જઇ આવવા બહાર નીકળ્યો. પહેલવહેલો રૂપની દુકાનમાં ગયો. ઉઘાડું છે કે જે ચીજ ઘરમાં નથી હોતી તેને માટેજ દુકાન આગળ જવું પડે છે. ત્યાં જઇને જોયું તો તે સંસારની "માછલી પીઠ" જણાઇ! પૃથ્વીપરની સુંદરીઓ માછલી બનીને બરણીમાં પેઠેલી હતી. મેં જોયું કે, નાની, મોટી, ભીમ, માંગણ, બાઇ, રઉ, છમની, ઝુમલી! વગેરે જાત જાતની માછલીઓ ગ્રાહકને માટે પૂંછડી પટકી પટકીને ધમપછાડ કરી રહી છે, જેમ જેમ બજારનો વખત વીતતો જાય છે તેમ તેમ તે વેચાવાને માટે તલપાપડ થઇ રહી છે. માછણો પોકારી રહી છે કે, "માછલી લ્યોરે માછલી! કુલીન કુળરૂપી સરોવરની સસ્તી માછલી, ફોગટમાંજ આપ-વાની છે. ભાર ઓછો કરવાનેજ વેચી નાખું છું." કોઇ પોકારે છે કે, "માછલી લ્યોરે માછલી! ધન—સાગરની મીઠી માછલી—જે ખરીદશે તેને ફરીથી જન્મ લેવો પડશે નહિ. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ સર્વ મસ્તક નમાવીને તેના ઘર આંગણામાં આમ તેમ નાચતાં ફરશે; જેની શક્તિ હોય તે ખરીદે. સોનાની હાંડીમાં આંખોના નીરવડે ઉકાળીને હૃદયા-ગ્નિની સખત જ્વાળા આપીને રાંધવી પડશે. કયો ખરીદનાર સાહસ કરે છે, આવો હોશિયાર થઇને આવો, ગળે બાંધશો તો માત્ર નાનો સરખો કાંટો ભોંકાશે ને છુટા ફરવું પડતું હશે તો સાસુ (તમારી કે તેની) રૂપી બિલાડીજ તેને ચુસી ન ખાય માટે જરાક તેને પગે પડતા રહેવું પડશે. ખરીદનાર હશે તે શું એવો બીરૂ હશે કે આવી બીકથી

પાછો હઠી જશે ?" કોઇક કહે છે, " અરે ! અમારી લજ્જાળુ માછલી વેચાવા બેઠી છે, ખટાશમાં, તેલમાં, ઘીમાં, પાણીમાં જેમાં નાખશો તેમાં રંધાઇ જશે. ચાલો, જીંદગીની સફળતા કરો." કોઇક બોલે છે, " કાદવ ધોઇને પુનમના ચંદ્ર જેવી માછલી (કન્યા) લાવી છું; જોતાંમાંજ ખરીદનાર ભાન ભૂલે છે. લ્યો, લઈ જાઓ. ઘર ઉજાળો. "

આ પ્રમાણે જોઇ સાંભળીને હું તો એકાદ માછલી ખરીદવાને તત્પરજ થઇ ગયો; કારણ કે મારૂં ઘર હજી સુધી માછલીની મજાથી ખાલી હતું. મારા જોવામાં આવ્યું કે માછલીઓના દલાલ હોય છે; અને તેનું નામ પુરોહિત અથવા ગોર હોય છે. દલાલ ઉભો થતાં ભાવતાલ પૂછ્યો. ઉત્તર મળ્યો કે જે લેવી હોય તે લ્યો. બધાનું એકજ મૂલ્ય છે, માત્ર "જીવન-સર્વસ્વ ! ! " મેં પૂછ્યું; " વારૂ, એ માછલી કેટલા દિવસ ખાઈ શકાશે ? " દલાલે કહ્યું; " બે દિવસ કે ચાર દિવસ; તે પછી તો સડી જઇને ગંધાઇ ઉઠશે." ત્યારે આટલી ભારે કિમ્મતે આવી ક્ષણ ભંગુર-તકલાદી ચીજ શા માટે વહોરૂં ? એમ વિચારીને હું મચ્છી બજારમાંથી નાઠો, એ જોઇને માછણો હાથ લાંબા કરી કરીને મહાકાવ્યમાંના રોયા, પીટયા વગેરે અનેક અલંકારોથી મને વિભૂષિત કરવા લાગી. હું રૂપબજાર છોડીને વિદ્યાના બજારમાં ગયો. જોયું તો એ ઠેકાણે ફળ મૂળ વેચાય છે. એક ઠેકાણે નજર પડતાં આડાં ઉભાં કેટલાંક ટીલાં ટપકાં તાણેલા બ્રાહ્મણ રેશમી મુગટો પહેરીને, રામનામી ઓઢીને, જૂનાં નાળિએરની દુકાન ખોલીને બેઠા બેઠા ગ્રાહકોને પોકારી પોકારીને કહે છે કે; હું વેચું છું ઘટત્વ, પટત્વ, ષત્વ-ણત્વ.

ઘરમાં દાણો પાણી હોય તેજ સ્વત્વ, નહિતો તત્વ.

જગતમાં દ્રવ્યત્વ એજ પદાર્થ છે.

બાપના શ્રાદ્ધમાં દક્ષિણા ન આપવાથી પુત્ર અપદાર્થ થાય છે.

પદાર્થ તત્વ નામનું એક સૂકું નાળિએર છે. ખાવામાં ઘણુંજ

કઠિન છે. તેના પહેલાજ છોટલામાં લખ્યું છે કે, બ્રાહ્મણીજ પરમ પદાર્થ છે.

અભાવ નામનાં નાળિએરના ચાર પ્રકાર હોય છે,* તેની વાત પણ સાંભળો:—

૧. તમારા ઘરમાં ધન છે અને મારા ઘરમાં નથી; એ થયો અન્યોન્યાભાવ.

૨. જ્યાં સુધી ધન પ્રાપ્ત થતું નથી ત્યાં સુધી પ્રાગભાવ.

૩. ધન ખરચાઇ જાય તે ધ્વંસાભાવ, અને

૪. મારા ઘરમાં જે હંમેશાજ રહે છે તે અત્યન્તાભાવ.

જો સંશય પડે કે અભાવ નિત્ય છે કે અનિત્ય, તો મારા ભંડારમાં નજર નાખો. જણાશે કે અભાવ નિત્યજ છે; એટલા માટે મારાં સૂકાં નાળિએર ખરીદો!

'વ્યાપ્ય,' 'વ્યાપક,' અને 'વ્યાપ્તિ' એ આ નાળિએરનો ગર છે. બ્રાહ્મણનો હાથ ઠર્યો વ્યાપ્ય, ચાંદીનો સિક્કો થયો વ્યાપક અને તમે આપશો એટલે થઇ વ્યાપ્તિ, માટે આ સૂકું નાળિએર ખરીદો; હમણાંજ સઘળું સમજમાં આવી જશે.

જુઓ શેઠ, 'કાર્ય—કારણ'નો સંબંધ ઘણી મોટી વાત છે; રૂપીઓ આપો, હમણાંજ એક 'કાર્ય' બની જશે. ઓછું આપવું એ 'અકાર્ય' છે.

હવે 'કારણ' કેમ સમજાવું? આ બપોરના તાપમાં સૂકાં નાળિએર વેચવા આવ્યોછું, બ્રાહ્મણીજ એનું 'કારણ' છે. જો કંઇ ખરીદશો નહિ તો નાળિએરનો ભાર વહ્યો 'અકારણ' થશે, એટલા માટે નાળિએર ખરીદો; નહિ તો આ સૂકું નાળિએર માથામાં મારીને જીવ કાઢીશ."

---

*નૈયાયિકો કહે છે કે અભાવ ચાર પ્રકારનો છે. અન્યોન્યાભાવ, પ્રાગભાવ, ધ્વંસાભાવ અને અત્યન્તાભાવ.

શ્રી કમલાકાન્ત.

બ્રાહ્મણનું પ્રખર તાપથી તપેલું અને પરસેવાથી તરબોળ થએલું લલાટ અને વિતંડાવાદપૂર્ણ અધર–સુધાવૃષ્ટિ જોઇને મને દયા ઉપજી–મેં પૂછ્યું; "ભટ્ટાચાર્યજી ! મને નાળિએર લેવાને વાંધો નથી; પરન્તુ દુકાનમાં કંઇ હથિઆર છે ? તે વિના છોલવું કેવી રીતે ?"

"ના બાપુ, અમે હાથઆર રાખતા નથી."

"ત્યારે નાળિએર છોલો છો કેવી રીતે ?"

"અમે છોલતા નથી. દાંતથી કરડી કરડીને ખાઇએ છીએ."

આ સાંભળીને હું ભૂદેવને નમસ્કાર કરીને પાસેની દુકાનમાં ગયો.

સામે જોયું તો તે એક્સપેરિમેન્ટલ "સાયન્સ"ની દુકાન હતી. કેટલાક ગોરા દુકાનદારો સૂકાં નાળએર, બદામ, પિસ્તાં, સોપારી વગેરે ફળો વેચતા હતા. દુકાન ઉપર મોટા મોટા પીતળના અક્ષરે લખ્યું હતું કે:—

Messrs Brown Jones & Robinson.

Nut Suppliers.

ESTABLISHED 1757.

ON THE FIELD OF PLASSEY.

Messrs Brown Jones & Robinson,

OFFER TO THE INDIAN PUBLIC

A Large Assortment of

NUTS.

PHYSICAL, METAPHYSICAL,

LOGICAL, ILLOGICAL,

AND

SUFFICIENT TO BREAK

THE JAWS
AND
DISLOCATE TEETH
OF
ALL INDIAN YOUTHS.

WHO STAND IN NEED OF HAVING THEIR DENTAL SUPERFLUITIES CURTAILED.*

દુકાનદાર પોકારે છે; "આવો બચ્ચાઓ, Experimental Science અનુભવો. આવો, જુઓ, નંબર એકનો એક્સપેરિમેન્ટ (પ્રયોગ) મુક્કા છે. એનાથી દાંત તૂટે છે, માથું ફૂટે છે અને હાડકાં ભાગે છે. અમે આ સઘળા એકસપેરિમેન્ટ (પ્રયોગો) વિના મૂલ્યેજ બતાવીએ છીએ–કેવળ પરાયું માથું અને પોચું હાડ મળવું જોઇએ. અમે સ્થૂળ પદાર્થોનો સંયોગ અને પૃથક્કરણ કરવામાં કુશળ છીએ. રાસાયનિક બળથી, વીજળિક બળથી અથવા ચુંબક બળથી જડપદાર્થોનું પૃથક્કરણ કરવાના અમે ખાસ 'એકસપર્ટ' છીએ; પરન્તુ

*મેસર્સ બ્રાઉન, જોન્સ અને રોબિન્સન.
સૂકા મેવા વેચનારા.
સ્થાપન થઈ પ્લાસીના મેદાનમાં. ૧૭૫૭
મેસર્સ બ્રાઉન, જોન્સ અને રોબિન્સન
હિન્દુસ્તાની પ્રજાને
ભૌતિક, આધ્યાત્મિક, નૈયાયિક અને અનૈયાયિક
સૂકા મેવાનો મોટો જથો પૂરો પાડે છે.
જે હિંદવાસી યુવકોને પોતાના વધારે પડતા દાંત
તોડવાની ઇચ્છા હોય,
તેમના દાંત ભાંગે અને જડબાં તોડી નાખે
એવો સંગીન સૂકકો મેવો.

સર્વ કરતાં મુષ્ટિપ્રહારના બળે મસ્તકના ટુકડેટુકડા કરવામાં અમે અદ્વિતીય સફળતા મેળવી છે. મધ્યાકર્ષણ, સ્નેહાકર્ષણ, ચુમ્બકાકર્ષણ ઇત્યાદિ જાતજાતનાં આકર્ષણોની વાત અમને જ્ઞાત છે; પરંતુ એ સર્વ કરતાં કેશાકર્ષણના અમે ખાસ અનુભવી છીએ. આ સૃષ્ટિમાં જડપદાર્થોના અનેક પ્રકારના યોગ (મિશ્રણ) જોવામાં આવે છે; જેમ કે હવામાં ઓક્સિજન અને નાઇટ્રાજનનો સાધારણ સંયોગ; પાણીમાં હાઇડ્રોજન અને ઓક્સિજનનો યોગ અને તમારા લોકોની પીઠપર અમારા હાથનો મુષ્ટિયોગ! એટલા માટે આ સઘળો આશ્ચર્યજનક વ્યાપાર જોવો હોય તો માથું આગળ ધરો, એક્સપેરિમેન્ટ કરીએ. જોશો કે ગ્રેવિટેશન(આકર્ષણ શક્તિ)ના બળથી આ સઘળાં નાળિએર વગેરે તમારા મસ્તક ઉપર પડશે, પર્કશન (સંઘટ્ન) નામક અદ્ભુત શબ્દ-રહસ્યનો પણ પરિચય પામશો અને તમારા મસ્તકમાં રહેલા સ્નાયુઓના ગુણથી તમે વેદના અનુભવશો. પ્રથમ બાનુ આપશો તો મફત પણ પ્રયોગ જોઈ શકશો."

હું આ સઘળું જોતો સાંભળતો ઉભો હતો, એટલામાં એકાએક જોયું તો અંગ્રેજ વેપારીઓ હાથમાં ડંડા લઇને ત્વરિત ગતિથી બ્રાહ્મણોનાં સૂકાં નાળિએરના ઢગ ઉપર જઇ પડયા. આ જોતાંજ બ્રાહ્મણો નાળિએર છોડી દઇને, રામનામી વસ્ત્ર ફેંકી દઇને, મુક્તકચ્છ બનીને ઉંચા શ્વાસે પલાયન કરવા લાગ્યા. પછી સાહેબ લોકો તે સઘળાં તજી દેવાયલાં નાળિએરો દુકાનમાં ઉઠાવી લઇ આવ્યા અને વિલાયતી અસ્ત્રથી તેનું છેદન કરીને સુખે ખાવા લાગ્યા. મેં પ્રશ્ન કર્યો કેઃ-"આ શું થયું?"

સાહેબોએ કહ્યુંઃ-"Asiatic Researches" (એશિયાટિક શોધખોળ); એટલે રખેને મારા શરીરમાં તો કોઇ પ્રકારની Anatomical Researches (શારીરિક શોધખોળ) નહિ થઇ

જાય તેની શંકાથી ભયભીત બનીને ત્યાંથી હું નાઠો.

પછી સાહિત્યના બજારમાં ગયો. જોયું તો વાલ્મીકિ આદિ ઋષિ લોકો અમૃતફળ વેચતા હતા. મારા સમજવામાં આવ્યું કે એ સંસ્કૃત સાહિત્ય હતું. જરા આગળ ચાલીને જોયું તો કેટલાંક મનુષ્યો પીચ, આલુ, દાડમ, દ્રાક્ષ ઇત્યાદિ સ્વાદિષ્ટ ફળો વેચતા હતા—માલુમ પડયું કે એ પાશ્ચાત્ય સાહિત્ય છે. આ ઉપરાંત બીજી પણ એક દુકાન જોઇ—તેમાં અસંખ્ય સ્ત્રી છોકરાંઓ આપ લે કરી રહ્યાં હતાં. અતિશય ભીડને લીધે હું તેમાં પ્રવેશ કરી શક્યો નહિ—બહારથીજ પૂછ્યું; "આ શાની દુકાન છે?"

બાળકો બોલી ઉઠયાં; "ગુજરાતી સાહિત્યની."

"વેચે છે કોણ?"

"અમેજ વેચીએ છીએ. એકાદ બે મોટા વેપારીઓ પણ છે. એ ઉપરાંત લેભાગુ દુકાનદારો (લેખકો)નો પરિચય "બળશીઆ-પ્રકાશ" નામના માસિકમાંથી મળી શકશે."

"ઠીક એને ખરીદે છે કોણ?"

"અમેજ લોકો."

વેચાઉ માલ જોવાની ઇચ્છા થઇ. જોતાં સમાચાર પત્રમાં લપેટેલાં કેટલાંક કાચાં કેળાં માલૂમ પડયાં.

ત્યાર પછી ઘાંચીવાડામાં ગયો. જોયું તો દુનીઆભરના ઉમેદ્વારો અને જીવજાન દોસ્તો ઘાંચીના રૂપમાં તેલનાં કુંડાં લઇને હારબંધ બેસી ગયા છે. તમારા હાથ તળે એકાદ જગ્યા ખાલી છે એવું સાંભળતાંજ તમારા પગ પકડીને, તેલની કુપ્પી બહાર કાઢીને તેલ માલીશ કરવા બેસી જાય છે. નોકરી ન હોય તો પણ કદાચ હશે એવી આશાથી પગ ખેંચી લઇને તેલ ચોળવા બેસે છે. તમારી પાસે નોકરી નહિ હોય તો નહિ—નગદ રૂપીઆ તો છે ને?—બહુ સારૂં,

તેજ આપો, તેલ આપું છું. કોઇક એવી પ્રાર્થના કરે છે કે જ્યારે તમે તમારા બાગમાં બેસીને બ્રાન્ડિ ઉડાવશો ત્યારે હું તમારા પગે તેલ લગાવીશ–મારી દીકરીનાં લગ્ન થઇ જવાં જોઇએ. કોઇકની અરજ છે કે, તમારા કાનમાં ખુશામતનું ખુશબોદાર તેલ અવિરત રેડીશ–મારા ઘરની ભાંગેલી દીવાલ સુધરાવી આપો. કોઇક એવી કામના રાખે છે કે, તમારા ભંડારમાં દીવો કરી જઇશ–મારૂં સમાચારપત્ર ચાલવુંજ જોઇએ. સાંભળ્યું છે કે, ઘાંચીઓની ખેંચાતાણથી અનેક જણના પગ લંગડા થઇ ગયા છે. મને શંકા પડી કે, રખેને કોઇ ઘાંચી અફીણ માગવાને માટે મારા પગે પણ તેલ ઘસવા ન મંડી જાય ! આથી હું પલાયન કરી ગયો.

એ પછી યશના કંદોઇવાડામાં ગયો. વર્તમાનપત્ર લેખક નામના કંદોઇઓ ગોળ ચોપડેલા સંદેશ*ની દુકાન માંડીને રોકડે પૈસે વેચી રહ્યા છે. રસ્તે જતા લોકોને પકડી પકડીને માલ બંધાવી દઈ હાથ ધરે છે–પૈસા નહિ મળે તો વસ્ત્ર ઉતારી લે છે આ તરફ તેમના વેચાઉ યશની દુર્ગન્ધથી પથિકો નાક બંધ કરીને પલાયન કરી જાય છે. દુકાનદારો માવા વિના, કેવળ ગોળથીજ અદ્દભુત સંદેશ સસ્તે ભાવે મૂકીને વેચી રહ્યા હતા. કોઇ રૂપીઆ અડધાને માટે, કોઇ આના બેઆનાને માટે, કોઈ કેવળ માનને ખાતર, અને કેટલાક કેવળ સાંજના વાળુને માટેજ યશ વેચે છે. કેટલાક એવા પણ છે કે જેઓ કેવળ શેઠીઆની ગાડીમાં બેચવાનું મળે તેટલા માટેજ યશનો વિક્રય કરે છે. બીજી તરફ રાજપુરુષો કંદોઇના રૂપમાં શણગારાઇને રાવબહાદુર, રાવસાહેબ, ખાનસાહેબ, રાજાબહાદુર, ખિતાબ, શાલ, પાઘડી, નિમંત્રણ, ધન્યવાદ ઇત્યાદિ જાતજાતની મિઠાઇઓ લઇને વિસ્તારીને બેઠેલા હતા–ઉધરાણું, સલામ, ખુશામત, દવાખાનાં ખો-

---

* ૧. ખબર, ૨. મીઠાઇનું નામ.

લવાં, રસ્તા બંધાવવા ઇત્યાદ મૂલ્ય લઇને મિઠાઇ વેચતા હતા; પરંતુ વિક્રયમાં અંધાધુધી ઘણીજ ચાલે છે; કારણ કે કેટલાક સર્વસ્વ અર્પણ કરવા છતાં પણ કશુંજ પામી શકતા નથી, જ્યારે કેટલાક કેવળ સલામ કરીનેજ મણ દોઢમણ ભાર બાંધી જાય છે.

આ પ્રમાણે અનેક દુકાનો જોઇ; પરન્તુ બધેજ ઠેકાણે સડી ગએલો માલ અડધી કિમ્મતે વેચાતો જણાયો, કોઇ ચોકખા માલની દુકાન જોવામાં આવી નહિ. કેવળ એક દુકાન જોઇ—તે ઘણી અદ્દભુત હતી.

જોયું તો દુકાનમાં ગાઢ અંધકાર છવાઇ રહેલો હતો—કંઇ પણ નજરે પડી શકતું નહિ. બૂમ પાડવા છતાં દુકાનદાર તરફથી ઉત્તર મળી શક્યો નહિ—કેવળ પ્રાણિ માત્રને ભય પમાડે એવી અનન્ત ગર્જના સંભળાઇ—ઝાંખા પ્રકાશમાં બહારના પાટીઆ ઉપરનું લખાણ વાંચ્યું—

યશની દુકાન.

વેચવાનો માલ—અનન્ત યશ.

વેચનાર — કાલ.

મૂલ્ય — જીવન.

પોતાના જીવનમાં કોઈ એમાં પ્રવેશ કરી શકતો નથી, બીજે કોઇ પણ ઠેકાણે સુયશ વેચાતો નથી.

વાંચીને વિચાર્યું—મારે આવા યશનું કામ નથી. કમલાકાન્ત જીવતો હશે તો ઘણો યશ કમાશે.

પછી ઇન્સાફના બજારમાં ગયો—જોયું તો તે કસાઇખાનું હતું ટોપીવાળા, બંગાળી ફેંટાવાળા, નાના, મોટા સઘળા કસાઇઓ (વકીલો) હાથમાં છરી લઇને ગાય કાપી રહ્યા છે. ભેંસ પાડા, સાંઢ વગેરે મોટા મોટા પશુઓ શિંગડાં બતાવીને છૂટીને નાશી જાય છે.—

બકરાં, મેઢાં અને ગાય વગેરે નાનાં અને નિર્બળ પશુઓ કસાઇ પડે છે. મને જોતાંજ બળદ જાણીને એક કસાઇ બોલી ઉઠયો; "આ પણ બળદ છે. કાપવો જોઇશે." હું સલામ કરીને ત્યાંથી ઉભી પુછડીએ નાઠો.

હવે જગત બજારમાં ફરવાની ઇચ્છા રહી નહિ; તો પણ પ્રસન્ન ઉપર ગુસ્સો હતો તેથી એકવાર દહીં બજાર જોવા પહોંચ્યો. જતાં પ્રથમજ જોવામાં આવ્યું કે ખુદ કમલાકાન્ત ચક્રવર્તી નામક ગોવાળ, દફતરરૂપી સડેલી છાસની મટુકી લઇને બેઠો છે—પોતે તે છાસ પીએ છે, અને બીજાને પાય છે.

એટલામાં ચોંકી ઉઠયો—આંખ ઉઘડી ગઇ,—જોયું તો નસી બાબુના ઘરમાંજ છું; પણ છાસની દોણી પાસે છે ખરી. પ્રસન્ન એક દોણી છાસ લાવીને મને મનાવે છે કે, "ચક્રવર્તી મહાશય, ગુસ્સે થશો નહિ. આજે દૂધ દહીં કશું રહ્યું નથી—આટલી છાસ લાવી છું—એના પૈસા આપવા નહિ પડે."

૧૨–મારો દુર્ગોત્સવ.

માતાની આઠમને દિવસે મને આટલું અફીણ ચઢાવવાનું કોણે કહ્યું હતું ! મેં શા માટે અફીણ લીધું ! હું શા માટે મૂર્તિનાં દર્શન કરવા ગયો ! જે કદી દેખીશ નહિ તે શા માટે જોયું ! આ ઈંદ્રજાલ કોણે દેખાડયું !

મેં જોયું, કાલનો પ્રવાહ દશે દિશામાં વ્યાપી જઇને પ્રબલ વેગથી છૂટી રહ્યો છે–હું તરાપા ઉપર બેસીને ગમન કરૂં છું. જોયું તો, અનન્ત અપાર અંધકારમાં પવનથી ઉત્પન્ન થતા તરંગવાળો તે પ્રવાહ વહી રહ્યો છે. વચમાં વચમાં ઉજ્જ્વલ નક્ષત્રો ઉદય પામે છે, આથમી જાય છે અને ફરી ઉગે છે. હું કેવળ એકલો જ હતો–એકલો હોવાથી ભય પામવા લાગ્યો–બીલકુલ એકલો–માતૃહીન–મા ! મા ! કહીને પોકારૂં છું. હું આ કાલસમુદ્રમાં માતૃસંશોધન અર્થે આવ્યો છું માતા ક્યાં છે ? ક્યાં છે મારી મા ! ક્યાં છે કમલાકાન્ત–પ્રસૂતિ ભારત માતા ? આ ઘોર કાલસમુદ્રમાં તું ક્યાં છે ?

એકાએક સ્વર્ગીય વાદ્યથી કર્ણ તૃપ્ત થઇ ગયા. ગગનમંડળમાં પ્રાતઃકાળના અરૂણોદય જેવો લોહિતોજ્જ્વલ પ્રકાશ છંટાઇ ગયો–શીતળ મંદ પવન વહેવા લાગ્યો–તે તરંગપૂર્ણ જલરાશિ ઉપર દૂર દેશમાં નજર નાખતાં સુવર્ણથી મઢેલી, માતા સવસ્વતીની પ્રતિમા દેખાઇ ! જળમાં હસે છે, તરતી તરતી ખસતી જાય છે, અને તેજ ફેલાવે છે. શું આજ માતા ? હા, એજ માતા. ઓળખી શક્યો, કે એજ મારી જનની જન્મભૂમિ–એજ–મૃણ્મયી–[1] અનન્ત રત્નભૂષિતા–અત્યારે કાળના ગર્ભમાં દટાએલી છે !

---

૧. મૃત્તિકામયી–માટીમયી.

રત્નવિભૂષિત દશ દિશારૂપી દશ ભુજાઓ દશે દિશા તરફ ફેલાયલી છે; તે ભુજાઓમાં વિવિધ આયુધ રૂપે વિવિધ શક્તિઓ શોભે છે; પગ નીચે શત્રુ કચરાઇ પડયા છે. એ મૂર્તિ હવે જોઇશ નહિ–આજે જોઇશ નહિ–કાલે પણ જોઇ શકીશ નહિ–કાલપ્રવાહને પાર ઉતર્યા વિના જોઇ શકીશ નહિ–પરન્તુ એક દિવસ જરૂર દેખીશ–દશ ભુજાવાળી, નાના આયુધધારિણી, શત્રુમર્દિની, વીરેન્દ્રવાહિની, જમણી બાજુએ ભાગ્યરૂપિણી લક્ષ્મી, અને ડાબી બાજુએ વાણી, વિદ્યા અને વિજ્ઞાનમયી સાક્ષાત્ સરસ્વતીવાળી બળરૂપી કાર્તિકેય અને કાર્યસિદ્ધિ રૂપી ગણેશના સંગવાળી ભારત માતાની સુવર્ણમયી પ્રતિમા મેં તે કાલપ્રવાહમાં ફરીથી જોઇ.

પુષ્પ ક્યાંથી મળ્યાં તે કહી શકતો નથી,–પરન્તુ મેં તે પ્રતિમાના ચરણે પુષ્પાંજલિ સમર્પી–અને બોલ્યો; “ હે સર્વ મંગલદાયિની, હે કલ્યાણિ, હે ! સર્વાર્થસાધિકે ! અસંખ્ય સંતાનપાલિકે ! ધર્મ અર્થ અને કર્મફલરૂપ સુખ–દુઃખને આપનારી માતા, મારી પુષ્પાંજલિ ગ્રહણ કર. આ ભક્તિ, પ્રીતિ, વૃત્તિ, શક્તિ આદિક પુષ્પો હાથમાં લઇને તારા ચરણકમળમાં પુષ્પાંજલિ સમર્પું છું; તું આ અનન્ત જલરાશિમાંથી નીકળીને, આ વિશ્વમોહિની મૂર્તિ જગત્ સમીપ એકવાર પ્રકટાવ. આવ, માતા ! ઘેર આવ–અમે ૩૩ કોટિ સંતાનો એકત્ર થઇને, એકી વખતે, ૬૬ કોટિ હાથ જોડીને, તારાં ચરણકમળની પૂજા કરીશું. ૩૩ કરોડ મુખથી–“ માતઃ, જનનિ, અંબિકે ! ધાત્રિ, ધરિત્રિ, ધનધાન્યદાયિકે ! નગાંકશોભિનિ, નગેન્દ્રબાલિકે ! શરત્સુંદરિ ! ચારૂપૂર્ણચંદ્રભાલિકે ! ” એમ પોકારીશું. હે સિન્ધુસેવિતે, સિન્ધુપૂજિતે સિન્ધુમથનકારિણિ ! શત્રુઓનો વધ કરવા માટે દશ ભુજાઓમાં દશ આયુધ ધારણ કરનારી ! અનન્ત શ્રીસંપન્ન, અનન્તકાલ–સ્થાયિનિ ! હે અનન્ત શક્તિપ્રદાયિનિ, તારાં સંતાનોને શક્તિ આપ ! હે મા !

અમે તને શું કહીને બોલાવીએ ! આ તેત્રીસ કોટિ શિર તારા ચરણ-કમળ ઉપર ધરીશું—આ તેત્રીસ કોટિ કંઠે તારૂં નામ લઇને હુંકાર કરીશું. આ તેત્રીસ કોટિ દેહની તારે માટે આહુતિ આપીશું. જો ન કરી શકીશું તો આ ૬૬ કોટિ ચક્ષુમાંથી તારે માટે આંસુ વહેવડાવીશું. આવો મા, ઘરમાં આવો—જેનાં ૩૩ કોટિ સંતાન—તેને ચિન્તા શાની ?"

જોત જોતામાં આ પ્રાતમા તે અનન્ત કાલસમુદ્રમાં ડૂબી ગઇ—ફરીથી જોઇ શક્યો નહિ. તે તરંગપૂર્ણ જલરાશિ અંધકારથી વ્યાપ્ત થઇ ગયો, જળકલ્લોલમાં સમસ્ત જગત્ ડુબી ગયું; એટલે હું હાથ જોડીને, સજળ નેત્રે, પોકારવા લાગ્યો; " ઉઠ મા, સુવર્ણમયી ભારત-ભૂમિ ! ઉઠ ! હવે અમે સુસંતાન થઇશું, સત્પથે ચાલીશું, તારૂં નામ રાખીશું. ઉઠ મા, દેવતાઓની કૃપાપાત્ર દેવિ—હવે અમે અમારી જાતને ભૂલી જઇશું, બંધુપ્રેમી બનીશું, પરહિત સાધીશું,—અધર્મ, આલસ્ય અને વિષયસેવન ત્યાગ કરીશું. ઉઠ મા, એકલો રડી રહ્યો છું, રડતાં રડતાં આંખો ફૂટી ગઇ છે મા ! ઉઠ, ઉઠ માતા ભારતજનનિ !

માતા ઉઠી નહિ. ઉઠે નહિ શા માટે ? આવો સર્વ બંધુઓ ! આપણે આ અંધકારમય કાલ—પ્રવાહમાં ભૂસકો મારીએ. ચાલો, આપણે ૬૬ કોટિ ભુજાઓવડે એ પ્રતિમા ઉઠાવીને, તેત્રીસ કોટિ મસ્તક ઉપર ચઢાવીને ઘેર લઇ ચાલીએ. આવો, અંધકાર છે તો શું થયું ? શો ભય છે ? આ નક્ષત્રો જે વચમાં વચમાં ઉગે છે અને ઝબકારા મારીને અદશ્ય થાય છે તે આપણને માર્ગ બતાવશે. ચાલો, ચાલો, અસંખ્ય હસ્તપ્રહારથી એ કાળસમુદ્રના જળને ઉછાળતા ઉછાળતા, વલોવતા વલોવતા ડહોળી નાખીને તરી જઇએ અને માતાની સુવર્ણ-પ્રતિમા મસ્તક ઉપર રાખી લઇ આવીએ. ભય શો ? ન બનશે તો ડૂબી મરીશું, માતા વિના આ જીવનનું કામ પણ શું છે ? આવો, પ્રતિમા ઉઠાવી લાવીએ. પૂજાની મોટી ધામધૂમ ગચરો. દ્વેષરૂપી બકરાને

સત્કીર્તિ રૂપી ખડ્ગથી છેદીને માતાને બલિ ચઢાવીશું. નોબત વગાડનારા અનેક પૂર્વજો નોબતના ગંભીર નાદથી ભારતનાં યશોગાન ગજવી આકાશ કંપાવી મૂકશે. અનેક ઢોલ, કાંસાં, પખાજ વગેરે ભારતના જયનાદ ફેલાવશે, અને અનેક શરણાઇઓ પોતાના સુરવડે માતાનો મહિમા વિસ્તારશે. પૂજાની મોટી ધૂમ મચશે. અનેક બ્રાહ્મણો, પંડિતો લાડુના લોભથી ભારતપૂજામાં સામેલ થઇને પતરાળી મંડાવશે—અનેક દેશી વિદેશી સજ્જનો—ઉંચ નીચ સઘળા—આવીને માતાના ચરણમાં મસ્તક નમાવશે. કેટલાએ દીન દુઃખીઓ પ્રસાદ ખાઇને પેટ ભરશે. અનેક નર્તકીઓ નૃત્ય કરશે, ગાયકો મંગળ ગાશે, અને કરોડો ભક્ત પોકારશે—મા ! મા ! મા !

જય જય જય જય જગદાત્રી,
જય જય જય હિંદ જગદ્ધાત્રી;
જય જય જય સુખદા અન્નદા,
જય જય જય વરદા શર્મદા.
જય જય જય શુભા શુભંકરી,[1]
જય જય જય શાન્તિ ક્ષેમંકરી;[2]
દ્વેષક—દલિની[3], સંતાન—પાલિની,
જય જય દુર્ગા, દુર્ગતિ—નાશિની.
જય જય લક્ષ્મી વારીન્દ્ર—બાલિકા,
જય જય કમલાકાન્ત—પાલિકા;
જય જય ભક્તિ શક્તિ—દાયિકા,
પાપ તાપ ભય શોક—નાશિકા.
મૃદુલ—ગંભીર—ધીર—ભાષિકા,
જય મા કાલિ કરાલિ અંબિકા;

૧. શુભ કરનાર. ૨. ક્ષેમ કરનાર ૩. દ્વેષીનો નાશ કરનાર.

જય હિમાલય—નગ બાલિકા,
અતુલિત—પૂર્ણ—ચંદ્ર—ભાલિકા.
શુભા શોભના સર્વ અર્થ સાધિકા,
જય જય શાન્તિ શક્તિ કાલિકા,
જય જય મા કમલાકાન્ત—પાલિકા.

नमोस्तु ते देवि वरप्रदे शुभे ॥
नमोस्तु ते कामचरे सदा ध्रुवे ॥
ब्रह्माणीन्द्राणि रुद्राणि भूतभव्ये यशस्विनि ॥
त्राहि माम् सर्वदुःखेभ्यो मानवानं भयंकरि ॥
नमोस्तु ते जगन्नाथे जनार्दनि नमोस्तु ते ॥
प्रियदान्ते जगन्मातः शैलपुत्रि वसुन्धरे ॥
त्रायस्व माम् विशालाक्षि भक्तानामार्तिनाशिनि ॥
नमामि शिरसा देवीम् बन्धनोऽस्तु विमोचितः ॥*

* આચાર્ય સ્તોત્ર.

૧૩—એક ગીત

"સાંભળ પ્રસન્ન, તને એક ગીત સંભળાવું."

પ્રસન્ન ગોવાલણુ બોલી, "હમણાં મને ગીત સાંભળવાને નવરાશ નથી—દૂધ દોહવાનો વખત થયો છે."

કમલાકાન્તઃ—"આવો આવો આવો આવો રે, પ્રિતમ પ્યારા."

પ્રસન્ન—"છટ્ છટ્! હું શું તમારો પ્રિતમ?"

કમલાકાન્ત—છટ્ છટ્ તું શા માટે પ્રિતમ થવા જાય છે? મારા ગીતમાં છે—

"આવો આવો આવો આવો રે, પ્રિતમ પ્યારા.
પાથરૂં પાલવ અરધો
વ્હાલા આસને પધારો,
નયનભરી નિરખું હો રે— પ્રિતમ પ્યારા.

સુર કાઢીને મેં ભજન છેડતાં પ્રસન્ન દહોણી તગારામાં મૂકીને બેઠી, મેં આદિથી અંત સુધી ગાયું.

"આવો આવો આવો આવો રે, પ્રિતમ પ્યારા.
પાથરૂં પાલવ અરધો,
વ્હાલા આસને પધારો;
નયનભરી નિરખું હો રે,—પ્રિતમ પ્યારા.
પ્રાણ ધન ખોયું મ્હારૂં,
મેળવ્યું વિધિએ પ્યારૂં;
ફળી મનેચ્છાઓ ચારૂ રે,—પ્રિતમ પ્યારા.
મળે ન માણેક મોતી-
પ્હેરૂં હાર હૈયે સ્હોતી;

ફૂલ નહિ, કેશ ગુંથું શાથી રે,—પ્રિતમ પ્યારા.
સૃજી હોત ન નારી વેશે,
પ્રિય સંગ દેશો દેશે;
રહેત ફરતી હરનિશે રે,—પ્રિતમ પ્યારા.
થાતાં આપનું ચિંતન,
દૃગ દોડે વૃંદાવન;
વિસરૂં વેણી-બંધન રે,—પ્રિતમ પ્યારા.
જઇને રસોડા વિષે,
ગુણ ગાતાં ધૂમ મિષે;
છાનું રોતી હું અતિશે રે,—પ્રિતમ પ્યારા."

પરન્તુ ગુજરાતી ભાષામાં આવોજ એક બીજો મોહમંત્ર સાંભળવાને મનમાં ઘણી અભિલાષા રહેલી છે. જ્યારે આ ગાન પ્રથમ કર્ણ તૃપ્તિ પામે એવી રીતે સાંભળ્યું, ત્યારે મનમાં આવ્યું કે આ નીલ-આકાશ તલે એક સાધારણ પંખી બનીને આ ગીત ગાઉં. મનમાં થયું કે, તે અદ્‌ભુત કલ્પનાકુશળ કવિની પ્રકૃતિ-બંસીમાં એજ સ્વર ફુકું-વાદળાંઓની ઉપર જે શબ્દશૂન્ય અદસ્ય વાયુચક્ર છે, જે સ્થળેથી પૃથ્વી દેખી શકાતી નથી તે સ્થળે બેસીને, પેલી મોરલીમાં એકાંતે એજ ગીત ગાઉં-એ ગીત કદી ભૂલી શક્યો નથી, ભૂલી શકીશ પણ નહિ.

" આવો આવો આવો આવો રે, પ્રિતમ પ્યારા "×

લોકોના મનમાં શું હશે તે હું કહી શકતો નથી; પરંતુ કમલાકાન્ત ચક્રવર્તી ઇન્દ્રિયતૃપ્તિમાં કંઇ પણ સુખ હોય એ સમજી શકતા નથી. જે પશુને ઇન્દ્રિયતૃપ્તિને માટે પરસંદર્શનની આકાંક્ષા હોય તેણે

× વાચકે ગીતની સાથે મેળવી જોવું.

કમલાકાન્ત શર્માની દફતર—મુક્તાવલિ કદી પણ વાંચવા બેસવું નહિ. હું વિલાસપ્રિય માણુસના મુખમાંથી નીકળતા—

"આવો આવો આવો આવો રે, પ્રિતમ પ્યારા."

એ ચરણને સમજી શકતો નથી; પરન્તુ એટલું સમજી શકાય છે કે, મનુષ્યે મનુષ્યને માટે જન્મ લીધો છે—એક હૃદય અન્યના હૃદયને માટેજ ઘડાયું છે—તે હૃદયે હૃદયનું આલિંગન, હૃદયે હૃદયનું મિલન એજ મનુષ્યજીવનનું સુખ છે. અન્ય હૃદયની કામના એજ આ જન્મમાં મનુષ્યહૃદયની તૃષ્ણા હોય છે. મનુષ્યહૃદય નિરંતર બીજા હૃદયને પોકારે છે કે; "આવો આવો આવો રે, પ્રિતમ પ્યારા." નાની નાની સઘળી પ્રવૃત્તિઓનો હેતુ શરીરરક્ષાનો છે, અને મહાન્ પ્રવૃત્તિઓનો ઉદ્દેશ "આવો રે પ્રિતમ પ્યારા" એ છે. તમે નોકરી કરો છો પેટને માટે; પરન્તુ યશની આકાંક્ષા રાખો છો, અન્યની પ્રીતિ સંપાદન કરવાને, જનસમાજના હૃદયને તમારા હૃદય સાથે મેળવી લેવાને માટે. તમે જે પરોપકાર કરો છો તે પારકાના હૃદયનું દુઃખ પોતાના હૃદયમાં અનુભવો છો તેજ કારણથી. તમે જે ક્રોધ કરો છો તેનું કારણ તમારે મનગમતું કામ ન થયું હોય, હૃદય હૃદય સાથે ભળ્યું ન હોય તેજ છે. સર્વત્ર એજ રવ સંભળાય છે કે; "આવો રે પ્રિતમ પ્યારા."

સર્વ કર્મોનો મૂળ મંત્ર એજ છે કે; "આવો રે પ્રિતમ પ્યારા." જડ જગતનો નિયમ આકર્ષણ કરવાનો છે. મોટા ગ્રહ ઉપગ્રહને બોલાવે છે—"આવો રે પ્રિતમ પ્યારા!" સૂર્ય મોટા ગ્રહને બોલાવે છે કે; "આવો રે પ્રિતમ પ્યારા!" એક જગત્ બીજા જગતને પોકારે છે કે, "આવો રે પ્રિતમ પ્યારા!" અને પરમાણુ પરમાણુને નિરંતર બોલાવે છે કે; "આવો રે પ્રિતમ પ્યારા!" આ પ્રમાણે તમામ જડપિંડ, ગ્રહ, ઉપગ્રહ, ધુમકેતુ સઘળાજ આ મોહમંત્રથી બંધા-

ઇને ઘૂમતા ફરે છે. પ્રકૃતિ પુરૂષને કહે છે; " આવો રે પ્રિતમ પ્યારા ! " જગતનો અવિશ્રાન્ત ગંભીર ધ્વનિ " આવો રે પ્રિતમ પ્યારા " એજ છે. કમલાકાન્તનો પ્રિતમ શું આવશે ?

" પાથરૂં પાલવ અરધો,
વ્હાલા આસને પધારો. "

આ ઘાસપાનથી છવાયલા, કંટક આદિથી વિકટ સંસાર અરણ્યમાં, હે મનના માન્યા ! તમને બીજું કયું આસન આપું ? મારા આ હૃદયપટના અર્ધા ભાગ ઉપર વિરાજો. આ કાંટા–કાંકરામાં તમને આસન આપવા માટે હું મારી કાયાને અનાચ્છાદિત કરૂં છું. મારા પાલવ ઉપર બેસો ! હે મિલિત ! જેના વડે મારી લજ્જાની માનની રક્ષા થાય છે અને જે મારા શરીરની શોભા છે તે અર્ધા ભાગને તમે પણ ગ્રહણ કરો. અર્ધા પાલવ ઉપર બેસો. હે પારકાના હૃદય ! હે સુન્દર ! હે મનોરંજન ! હે સુખદ ! પાસે આવો. હું તમારી સાથે સંલગ્ન થઇશ. દૂર ન બેસો–આ મારા શરીર સંલગ્ન અર્ધા અંચળ–પાલવ ઉપર બેસો. હે કમલાકાન્ત ! હે દુર્વિનીત ! (અસભ્ય) હે બાળબ્રહ્મચારી ! તું આ ઉપરથી શાન્તિપુરની બેરવાળી સાડીના પાલવનો અર્ધો ભાગ સમજીશ નહિ. તું જે અર્ધા પાલવ ઉપર બેસીશ તેનો વણનાર હજી સુધી જન્મ્યોજ નથી. મનનું નગ્નપણું જ્ઞાનવસ્ત્રથી ઢંકાયું છે, અર્ધા વસ્ત્રથી તારૂં હૃદય આચ્છાદિત કર અને બાકીના અર્ધા ઉપર મનના માન્યાને બેસાડ. તું મૂર્ખ છે; તો પણ જો કોઇ તારા કરતાં પણ મૂર્ખશિરોમણિ હોય તો તેને કહે,–

" આવો આવો આવો આવો રે, પ્રિતમ પ્યારા.
પાથરૂં પાલવ અરધો,
વ્હાલા આસને પધારો. "

* * * *

"નયન ભરી નિરખું હો રે!"

કોઇએ કદી પણ જોયું છે? તેં પુષ્કળ ધન મેળવ્યું છે; પણ કોઇ દિવસે નયન ભરીને આત્મધન જોઇ શક્યો છે? તેં યશ મેળવવાને માટે જીવતોડ મહેનત કરી છે; પરન્તુ કયે દિવસે તારાં નેત્ર આત્મ–યશ નિરખીને તૃપ્ત થયાં છે? રૂપની તૃષ્ણામાં તેં આખું જીવન વિતાડી દીધું છે–જ્યાં પુષ્પો ખીલે છે, ફળો ઝુલે છે, પંખીઓ ઉડે છે, વાદળાં ઘેરાય છે, ગિરિશૃંગ ઉપસે છે, નદીઓ વહે છે અને ઝરણાંઓ ઝરે છે; તે સ્થળે તું રૂપની શોધમાં ભટક્યો છે. જે સ્થળે બાળક પોતાનું પ્રસન્નતાભર્યું વદનકમળ હલાવીને હસે છે, જે સ્થળે યુવતી લજાતી શરમાતી વાંકીચૂંકી શંકિત મને જાય છે, જ્યાં ભર જુવાનીથી પૂર્ણરૂપે ખીલેલી પ્રૌઢા મધ્યાહ્ન પદ્મિનીની પેઠે જરા પણ સંકોચ સિવાય રૂપનો બહાર પ્રકટાવે છે, ત્યાં તું રૂપની શોધમાં ભટક્યો છે; પણ કદીએ નયન ભરીને રૂપ જોયું છે? શું તું જોતો નથી કે કુસુમ જોતજોતાંમાં કરમાઇ જાય છે, ફળ જોતજોતાંમાં પાકી જાય છે, ખરી પડે છે, ઉતરી જાય છે અને સડી જાય છે, પંખીઓ ઉડી જાય છે, વાદળાં વિખેરાઇ જાય છે, પર્વત ધુમસથી ઢંકાઇ જાય છે, નદી સુકાઇ જાય છે, ચંદ્ર અસ્ત પામી જાય છે, નક્ષત્ર લુપ્ત થઇ જાય છે, અને બાળકોનું હાસ્ય રોગ હરી લે છે!

આ સંસારનું કમ ભાગ્ય છે કે કોઇ કોઇને નયન ભરીને જોઇ શકતું નથી અથવા એ સંસારનું સૌભાગ્ય છે કે કોઇ કંઇ પણ નયન ભરીને જોઇ શકતું નથી. ગતિ એજ સંસારનું સુખ છે–ચંચલતા એજ સંસારનું સૌન્દર્ય છે. નયન તૃપ્તિ પામતાં નથી. તૃપ્ત નયન અમને મળી શકતાંજ નથી. મળત તો સંસાર દુઃખમય બની જાત, પરિતૃપ્તિ રૂપી રાક્ષસી અમારાં સઘળાં સુખોનો ગ્રાસ કરત. જે કારીગરે આ પરિવર્તનશીલ સંસાર અને આ અતૃપ્ત નયન સરજાવ્યાં છે, તેની

કારીગરીની કારીગરી “ નયન ભરી નિરખું હો રે ” એ વાસના છે. જગત્ પરિવર્તનશીલ છે. નયન પણ અતૃપ્ત છે, અને તે છતાં વાસના એવી કે,—

“ નયન ભરી નિરખું હો રે ! ”

હે રૂપ ! હે બાહ્ય સૌન્દર્ય ! હે અન્તઃપ્રકૃતિની સાથે સંબંધ ધરાવનાર ! પાસે આવ, નયન ભરીને તને જોઉં. દૂર બેસવાથી દેખી શકાશે નહિ; કારણ કે જોવાનું કેવળ આંખોથીજ બનતું નથી. સંસ્પર્શ અથવા પાસે આવ્યા સિવાય મનની વિદ્યુત્ વહેતી નથી. અમે તમામ શરીરના સંબંધમાં જોતા આવ્યા છીએ. એક મનમાંથી બીજા મનમાં વિદ્યુત્ દોડે છે ત્યારે નયન ભરાય છે. હાય ! કેવી રીતે નયન તૃપ્ત થશે ? નયનમાં તો પલક છે !

“ પ્રાણધન ખોયું મ્હારૂં,
મેળવ્યું વિધિએ પ્યારૂં,
ફળી ઇચ્છા અનેક દિવસે રે ”

મને કદી કદી વિચાર આવ્યા કરે છે કે વિધાતાએ કેવળ દુઃખનું માપ કાઢવાને માટેજ દયા કરીને દિવસ સરજાવ્યો છે. નહિ તો કાળ અપરિમિત હોવાથી મનુષ્યનું દુઃખ પણ અપરિમિત થાત. હમણાં આપણે કહી શકીએ છીએ કે હું બે દિવસ, બે માસ કે બે વરસથી દુઃખ ભોગવું છું; પરન્તુ જો રાત દિવસનો ફેરફાર ન થતો હોત તો કાળનો માર્ગ ચિહ્નરહિત થાત અને તેથી લોકો એમ જાણત કે હું અનન્ત કાળથી દુઃખ ભોગવતો આવ્યો છું; આશાને તેની પાસે ઉભા રહેવાનું સ્થાન મળી શકત નહિ. કોઇ એવો વિચાર કરી શકત નહિ કે આટલા દિવસ પછી મારાં દુઃખોનો અંત આવશે. ઝાડપાન વિનાના વિશાળ વેરાન પ્રદેશમાંના માર્ગની પેઠે જીવન-પથ કાપવો દુષ્કર થઇ પડત. જીવનયાત્રા ઘોર દુઃખનું કારણ બની જાત.

એટલા માટે આ વિશાળ જગતના કેન્દ્રસ્વરૂપ સૂર્યનો માર્ગ આપણા દુઃખનો પરિમાણ–દંડ છે, દિવસગણના કરવામાં સુખ છે. સુખ હોવાથીજ દુઃખી માણસો દિવસ ગણતા રહે છે. દિવસગણના એજ દુઃખનો વિનોદ છે; પરન્તુ એવા દુઃખીઆરાઓ પણ છે કે જેઓ દિવસ ગણતા નથી, દિવસ ગણવાથી તેમના જીવને આનંદ મળતો નથી. પૃથ્વી ઉપર ભૂલથી જન્મ લેનાર હું કમલાકાન્ત ચક્રવર્તી શામાટે દિવસ ગણું ? મને સુખ નથી, આશા નથી, ઉદ્દેશ નથી કે કામના પણ નથી. આ સંસારસાગરમાં હું એક તરતા તરણા જેવો છું, સંસારરૂપી ઝંઝાવાતમાં ઉડતી ધૂળની રજ છું, સંસાર–અરણ્યમાં એક નિષ્ફળ વૃક્ષ છું, સંસારાકાશમાં જળશૂન્ય મેઘ છું; તો પછી હું શા માટે ગણું ?

ગણીશ. મને એક દુઃખ, એક સંતાપ, એક વિશ્વાસ છે. હું ઇ.સ. ૧૨૦૩ થી દિવસ ગણું છું. જે દિવસથી બંગાળામાંથી હિન્દુ નામ લુપ્ત થયું છે, તેજ દિવસથી હું દિવસ ગણું છું. હાય ! કેટલાક દિવસ ગણીશ ? દિવસ ગણતાં ગણતાં માસ થાય છે, માસ ગણતાં ગણતાં વર્ષ થાય છે, વર્ષ ગણતાં ગણતાં સૈકો થાય છે, સૈકા પણ સાત વખત ગણી નાખ્યા.

અનેક દિવસે મનની ઇચ્છા ક્યાં ફળી ? વિધાતાએ પ્રાણધન ક્યાં મેળવી આપ્યું ? જે ચાહું છું તે ક્યાં મળ્યું છે ? મનુષ્યત્વ ક્યાં પ્રાપ્ત થયું છે ? રાષ્ટ્રીય ભાવના ક્યાં પ્રાપ્ત થઇ છે ? ઐક્ય ક્યાં છે ? વિદ્યા ક્યાં છે ? ગૌરવ ક્યાં છે ? શ્રી હર્ષ ક્યાં છે ? ભટ્ટ નારાયણ ક્યાં છે ? હલાયુધ ક્યાં છે ? લક્ષ્મણસેન ક્યાં છે ? શું એ હવે નહિ મળશે ? હાય ! સૌને ઇપ્સિત મળે છે, કમલાકાન્તને નહિ મળશે ?

" મળે ન માણેક મોતી–
પ્હેરૂં હાર હૈયે સ્હોતી; "

વિધાતાએ જગતને જડ પદાર્થમય શા માટે બનાવ્યું છે ?

રૂપ જડ પદાર્થ શા માટે ? સઘળા અશરીરી શા માટે ન થયા ? તેમ થાત તો હૃદય હૃદય સાથે કેવી રીતે મળી શકત ? જો રૂપને માટે શરીરની જરૂર હતી તો વિધાતાએ તમારૂં અને મારૂં શરીર એકજ શા માટે ન બનાવ્યું ! તેમ થાત તો પછી વિયોગ થઇ શકતજ નહિ. હવે શું આપણાં શરીર એક ન બની શકે ? મારા શરીરમાં એટલું સ્થાન છે–તેમાં કોઇ પણ સ્થળે શું હું તમને નહિ રાખી શકું ? તમને ગળે વળગાડીને હૃદય પર ઝુલાવી શકું નહિ ? હાય ! તમો માણેક નથી, મોતી પણ નથી, કે હાર કરીને ગળે પહેરૂં ?

અરે ભારતભૂમિ ! તું જ માણેક મોતી શા માટે ન બની ? તારો હાર બનાવીને હું તને કંઠે શા માટે ન ધારી શક્યો ? જો તને કંઠમાં ધારણ કરત, તો મુસલમાનો જ્યાં સુધી મારી છાતીમાં લાત ન મારત ત્યાં સુધી તેની પદરજ તારો સ્પર્શ કરી શકત નહિ. તને સુવર્ણના આસનમાં બેસાડીને (મઢાવીને) હૃદય પર ઝુલાવી દેશે દેશમાં બતાવત. યુરપ અમેરિકા, મિસર અને ચીન જોઇ શકત કે તું મારૂં કેવું ઉજ્જવલ રત્ન છે ?

" સૃજી હોત ન નારી વેશે,
પ્રિય સંગ દેશો દેશે,
રહેત ફરતી હર નિશે રે; પ્રિતમ પ્યારા. "

પ્રથમ આહ્વાન,—

" આવો આવો આવો આવોરે, પ્રિતમ પ્યારા "

પછી સ્વાગત,—

" પાથરૂં પાલવ અરપો,
વ્હાલા આસને પધારો. "

પછી ભોગ,—

" નયન ભરી નિરખું હારૂ. "

હવે સુખભોગકાળે દુઃખની સ્મૃતિ થઇ આવે છે,—

" પ્રાણુ ધન ખોયું મ્હારૂં,
મેળવ્યું વિધએ પ્યારૂં,
ફળી ઇચ્છા અનેક દિવસે રે પ્રિતમ પ્યારા. "

સુખ બે પ્રકારનાં છે, સંપૂર્ણ અને અપૂર્ણ. અપૂર્ણ સુખ જેવાં કે,—

" મળે ન માણેક મોતી,
પ્હેરૂં હાર હૈયે સ્હોતી. "

એ પછી સંપૂર્ણ સુખ જેમ કે,—

" સૃજી હોત ન નારી વેશે,
પ્રિયસંગ દેશોદેશે,
રૂહેત ફરતી હર નિશેરે—પ્રિતમ પ્યારા. "

સંપૂર્ણ સુખનું, અસલ સુખનું લક્ષણુ શારીરિક ચાંચલ્ય અને માનસિક અસ્થિરતા છે. એ સુખ કયાં રાખું? લઇને શું કરૂં? હું કયાં જાઉં? એ સુખનો ભાર ઉપાડીને કયાં ફેંકું? એ સુખનો બોજો લઇને હું દેશે દેશ ફરીશ; એ સુખને એક સ્થળે પકડી રખાતું નથી; જ્યાં જ્યાં પૃથ્વી ઉપર સ્થાન છે ત્યાં ત્યાં એ સુખ લઇને જઇશ.

આ જગત્—સંસારને એ સુખથી ભરી દઇશ. સંસારને એ સુખના સાગરમાં તરાવીશ; એક મેરૂથી બીજા મેરૂ સુધી સુખના તરંગ નચાવીશ; હું પોતે ડૂબકી મારતો મારતો, તરતો તરતો, તેમાં દોડીશ; પરન્તુ એ સુખમાં કમલાકાન્તનો અધિકાર નથી—એ સુખમાં બંગાળીનો અધિકાર નથી. સુખની વાત માત્રમાં પણ બંગાળીનો અધિકાર નથી. ગોપીઓનું દુઃખ એ હતું કે વિધાતાએ તેમને સ્ત્રી શા માટે ઘડી?—અમારૂં દુઃખ એ છે કે વિધાતાએ અમને સ્ત્રી શા માટે ન ઘડી?—જો તેમ થાત તો આ સુખ કોઇને બતાવવું પડત નહિ.

સુખની વાતમાં બંગાળીઓનો અધિકાર નથી; પરન્તુ દુઃખમાં

છે. આર્તનાદ કેટલો ગંભીર, કેટલો હૃદયવિદારક કાં ન હોય, તે બંગાળીઓની મર્મોક્તિ છે—અને દુઃખનો પોકાર ક્યાં નથી હોતો? તરતનાં જન્મેલાં પક્ષીનાં બચ્ચાંથી માંડીને મહાદેવના નગારાના ધ્વનિ સુધીના સઘળા અવાજો આર્તનાદજ છે. સંપૂર્ણ સુખમાં સુખી રહેનાર પણ સુખના વખતમાં પહેલાનાં દુઃખનું સ્મરણ કરીને દુઃખના પોકાર કરે છે. નહિ તો પછી સુખની સંપૂર્ણતા ક્યાંથી? દુઃખની સ્મૃતિ વિના સુખમાં સંપૂર્ણતા ક્યાંથી? સુખ પણ દુઃખમય છે.—

" થાતાં આપનું ચિંતન,
દગ દોડે વૃંદાવન,
વિસરૂં વેણી-બંધન રે—પ્રિતમ પ્યારા.

આ ઉક્તિ સુખ-દુઃખની સીમા-રેખા છે. જેઓ ગત સુખોની સ્મૃતિ તાજી થતાં તે સુખોનું દર્શન હમણાં પણ પામી શકે છે, તેઓ આજે પણ સુખી છે—તેમનું સુખ જડમૂળથી નષ્ટ થયું નથી. તેનો પ્રિતમ, તેનો પ્રિય, તેનો મનમાન્યો ચાલ્યો ગયો છે; પરન્તુ તેનું વૃંદાવન છે—ચાહે તો તે, તે સુખભૂમિ તરફ નજર નાખી શકે છે. જેનું સુખ ગયું છે—સુખની ઝાંખી પણ અદષ્ટ થઇ છે—પ્રિતમ ગયો છે, વૃન્દાવન પણ ગયું છે, ઝાંખીને જોવાનું કોઇ પણ સ્થાન રહ્યું નથી—તે દુઃખી છે; અપાર દુઃખમાં ડુબેલ છે. વિધવા યુવતીને અતિ કાળજીપૂર્વક સાચવી રખાયલી મૃત પતિની પાદુકા ખોવાઇ જતાં જે દુઃખ થાય છે તેવાજ દુઃખે તે પણ દુઃખિત થાય છે.

મારા આ બંગદેશના સુખની સ્મૃતિ છે, પરન્તુ દર્શન ક્યાં છે? દેવપાલદેવ, લક્ષ્મણસેન, જયદેવ, શ્રી હર્ષ, પ્રયાગ સુધી વિસ્તાર પામેલું રાજ્ય, ભારતના અધીશ્વરનાં નામ, અને ગૌડ રીતિ એ સઘળાંની સ્મૃતિ છે; પરન્તુ દર્શન ક્યાં છે? સુખની યાદ આવે છે, પણ જોવું કયી દિશા તરફ? તે ગૌડ ક્યાં છે? હમણાં તેના યવન પદદલિત

ભસ્માવશેષ માત્ર રહેલા છે. આર્ય રાજધાનીનું ચિહ્ન ક્યાં છે? આર્ય જાતિનો ઇતિહાસ ક્યાં છે? જીવનચરિત્ર ક્યાં છે? કીર્તિ ક્યાં છે? કીર્તિસ્તંભ ક્યાં છે? સમરક્ષેત્ર ક્યાં છે? સુખ ગયાં—સુખનાં ચિહ્ન પણ ગયાં. પ્રાણવલ્લભ ગયા, વૃન્દાવન પણ ગયું—હવે હું કયી તરફ જોઉં?

જોવા લાયક હવે એક સ્થાન રહ્યું છે—સ્મશાનભૂમિ—નવદ્વીપ.× એજ ઠેકાણે સત્તર યવનોએ બંગાળાનો પરાજય કર્યો. બંગમાતાને એમ થયું કે હવે હું એ સ્મશાનભૂમિ તરફજ જાઉં. હજી પણ જોઉં છું તો એ નાનકડા ગામની આસપાસ મધુર કલકલ નિનાદ કરતી ભાગીરથી વહી રહી છે. ત્યારે હું ગંગાને સંબોધન કરીને પૂછું છું કે તું તો છે પણ અમારી રાજલક્ષ્મી ક્યાં ગઇ? તું જેના પગ ધોતી તે અમારી માતા ક્યાં છે? તું જેની આસપાસ નૃત્ય કરતી હતી તે આનંદમૂર્તિ માતા ક્યાં છે? તું જેને માટે સિંહલ, બાલિના દ્વીપ, અરબસ્તાન અને સુમાત્રાથી તારી છાતીપર ધારણ કરીને દોલતના ઢગલે ઢગલા વહી લાવતી તે ધનેશ્વરી આજે ક્યાં છે? તું જેના રૂપની માત્ર છાયા ધારણ કરીને સ્વરૂપવતી દેખાતી હતી તે અનંત સૌંદર્યશાલિની ક્યાં છે? તું જેની ફૂલની પ્રસાદી લઇને તારા સ્વચ્છ વક્ષસ્થલ ઉપર પુષ્પમાલા ધારણ કરતી, તે પુષ્પાભરણા માતા ક્યાં ગઇ? એ રૂપ, એ ઐશ્વર્ય તું કયાં ખેંચી લઇ ગઇ? વિશ્વાસઘાતિનિ! તું શું તારા મધુર કલકલ ધ્વનિથી મારા મનને મોહિત કરીને મને પટાવી કહાડવા માગે છે? ઠીક, હવે હું સમજ્યો. તારા અગાધ ઉંડાણમાં યવન લોકોના ભયથી ડરીને એ અમારી રાજલક્ષ્મી ડુબકી

× પંદરમા શતકમાં અને ત્યાર પહેલાં નવદ્વીપ (નદિયા) ઘણુંજ સમૃદ્ધિશાળી નગર હતું. આખા ભરતખંડને માટે તે વિદ્યાનું મુખ્ય કેન્દ્ર હતું. નવદ્વીપના વિશ્વવિદ્યાલયની પદવીવાળા પંડિતો સર્વત્ર માન પામતા હતા. શ્રી ચૈતન્ય અથવા ગૌરાંગ પ્રભુનું એ જન્મસ્થાન છે.

મારીને અંદર પેસી ગઇ; કુપુત્ર સંતાનોનું મોં જોઇશ નહિ એવો સંકલ્પ કરીને તારા જલરાશિમાં સમાઇ ગઇ. હું તે દિવસને યાદ કરી કરીને અશ્રુપાત કરૂં છું. હું માનસનેત્રે જોઇ શકું છું કે ઝગઝગતા ભાલા ઉંચા કરીને, ઘોડાના પગની પડઘીઓના અવાજથી રાત્રિની શાંતિનો ભંગ કરીને યવન સેના નવદ્વીપ તરફ ચાલી આવે છે. પોતાનો સમય ભરાઇ ચૂક્યો જાણીને બંગદેશની લક્ષ્મી નવદ્વીપમાંથી અંતર્ધાન થઇ ગઇ. એકાએક આકાશમાં અંધકાર વ્યાપી ગયો. રાજપ્રાસાદનું સુવર્ણશિખર તૂટી પડયું. વટેમાર્ગુઓ ભયભીત થઇને રસ્તામાંથી નાસી ગયા. નાગરિકોના અલંકાર નીકળી પડયા. કુંજે પક્ષીઓ ચૂપ થઈ ગયાં. ગૃહમયૂરનો અડધો ઉચ્ચારેલો કેકારવ તેના કંઠમાંજ રૂંધાઇ ગયો. બાકીનો અડધો નીકળ્યોજ નહિ. ખરે બપોરે મધ્યરાત્રિ થઇ ગઇ. ચૌટાની દીપમાળા બુઝાઇ ગઇ. મંદિરોના શંખનાદ બંધ થયા. પંડિતોના મુખમાંથી અશુદ્ધ મંત્રો નીકળવા લાગ્યા. શાલિગ્રામ સિંહાસન ઉપરથી ગબડી પડયા. યુવાનોનું બળ એકદમ ક્ષીણ થઇ ગયું. યુવતીઓને એકાએક વૈધવ્યની શંકા પડવા લાગી. બાળકો કોઇ પણ જાતના વ્યાધિ વગર માતાના ખોળામાં સૂઇને મરી જવા લાગ્યાં. અંધકાર વધારે ને વધારે પ્રગાઢ થઇને દિશાઓમાં ફેલાવા લાગ્યો. આકાશ, પ્રાસાદ, રાજમહેલ, રાજમાર્ગ, દેવમંદિર બજાર સર્વે ઘન અંધકારથી ઢંકાઇ ગયાં. કેવળ અંધકાર સર્વત્ર વ્યાપી ગયો. સઘળા પદાર્થો એ અંધકારને લીધે અદૃશ્ય થઇ ગયા. હું મારી આંખે અત્યારે બધું જોઇ શકું છું. આકાશમાં ગંભીર વાદળ ઘેરાયું છે, અને નદીના ઘાટ ઉપરથી રાજલક્ષ્મી નદીમાં પ્રવેશ કરે છે. હોલવાઇ જતા દીવાની માફક અંધકારની અંદર ધીમે ધીમે એ તેજોરાશિ વિલીન થઇ જાય છે. જો ગંગાના અગાધ ઉંડાણમાં ડૂબી ન ગઇ હોય તો આપણા દેશની લક્ષ્મી બીજે ક્યાં જાય?

૧૩—બિલાડી.

હું શયનગૃહમાં પલંગ ઉપર હાથમાં હુકકો લઇને ઝોકાં ખાતો હતો. એક નાનોસરખો દીવો ઝાંખો પ્રકાશ ફેલાવી રહ્યો હતો. દિવાલ-ઉપર ચંચળ છાયા પ્રેતવત્ નાચી રહી હતી. રસોઇ તૈયાર થઇ ન હતી, તેથી હાથમાં હુકકો લઇને આંખો બંધ કરીને હું વિચાર કરવા લાગ્યો, કે જો હું નેપોલિયન હોત, તો વોટર્લુ જિતી શકત કે નહિ? એટલામાં એક ઝીણો સુર સાંભળ્યો, " મિયાંઉં. "

આંખ ઉઘાડીને જોયું, એકાએક કંઇ સમજમાં આવ્યું નહિ. પ્રથમ લાગ્યું કે, વેલિંગ્ટન એકાએક બિલાડીનું રૂપ ધારણ કરીને મારી પાસે અફીણ માગવાને આવ્યો છે. પહેલાં તો પત્થરના જેવા સખત થઇને કહેવા ધાર્યું કે, ડયુક સાહેબ, તમને અત્યાર પહેલાં યોગ્ય પુરસ્કાર અપાઇ ચૂકયો છે હવે વધારે બદલો આપી શકાશે નહિ. વળી અતિલોભ સારો નથી. ડયુક બોલ્યા, " મિયાંઊં ! "

એટલે મેં આંખો ફાડીને સારી પેઠે જોયું, તો વેલિંગ્ટન ન હતો. એક નાની બિલાડી હતી. પ્રસન્ન મારે માટે જે દૂધ મૂકી ગઇ હતી, તેને નિઃશેષ કરીને તેણે ઉદરસાત્ કરી દીધું હતું. હું તે સમયે વૉટર્લુના મેદાનમાં વ્યૂહરચના કરવામાં રોકાયલો હતો એટલે કંઇ જોવામાં આવ્યું નહિ. હમણાં આ માર્જાર સુંદરી દુગ્ધપાનથી પરિતૃપ્ત થઇને પોતાના મનનો આનંદ જગતમાં પ્રકટ કરવાના હેતુથી નિર્લજ્જ થઇને અતિ મધુર સ્વરે કહે છે, " મિયાઉં ! " હું કહી શકતો નથી પણ સમજું છું ખરો કે એમાં કંઇક વ્યંગ છે.

મને લાગ્યું કે બિલાડી મનમાં ને મનમાં હસીને મારા તરફ જોઇને કહેતી હતી કે, " ખોદે ઉંદર અને ભોગવે ભોરિંગ " અથવા

તો તે " મિયાંઉ " શબ્દથી મારૂં મન જોવા માગતી હતી. બિલાડીના મનનો ભાવ હવે હું સમજ્યો, તે કહેતી હતી કે, " તમારૂં દૂધ તો હું પીને બેઠી છું, હવે શું કહો છો ? "

બોલું શું ? હું તો કંઇજ નિશ્ચય કરી શક્યો નહિ; દૂધ મારા બાપનું પણ ન હતું. દૂધ હતું મંગલા ગાયનું અને દોહેલું પ્રસન્ન ગોવાલણે, એટલા માટે તે દૂધ ઉપર મારો જેટલો અધિકાર હતો તેટલોજ બિલાડીનો પણ હતો, એટલે ક્રોધ કરી શકતો નથી; તો પણ લાંબા કાળથી એક પ્રથા ચાલી આવે છે કે, બિલાડી દૂધ પી જાય તો તો તેને મારવા દોડવું પડે છે. હું તે લાંબા કાળથી ચાલતી આવેલી પ્રથાની અવગણના કરીને જનમંડળમાં કુલાંગારરૂપે ઓળખાઉં એ પણ ઇચ્છવા જોગ ન હતું. કોણ જાણે, વખતે એ બિલાડી પોતાની જાતિનાં મંડળમાં કમલાકાન્તને કાપુરુષ (બાયલો) કહીને ઉપહાસ તો નહિ કરે ? એટલા માટે પુરુષકર્ત્તવ્યજ કરવું ઉચિત છે. આવો નિશ્ચય કરીને દુઃખિત હૃદયે હાથમાંથી હુકકો નીચે મૂકીને ઘણી શોધ-ખોળને અંતે એક ભાગેલી લાકડી મેળવી અને પછી ગર્વપૂર્વક બિલાડી-ઉપર ધસી ગયો.

બિલાડી કમલાકાન્તને ઓળખતી હતી; લાકડી જોઇને તે કંઇ વિશેષ ભય પામી હોય એમ જણાયું નહિ. કેવળ મારા મુખ તરફ જોઇને એક નિઃશ્વાસ મૂકીને જરા બાજુએ સરી જઇને બેઠી, અને બોલી; " મિયાંઉં ! " આ વખતે પ્રશ્ન સમજમાં ઉતરતાં લાકડી મૂકી દઇને ફરીથી પથારી પર આવી હુકકો હાથમાં લીધો, એટલે દિવ્ય કર્ણ પ્રાપ્ત થવાથી બિલાડીનું સઘળું કથન સમજી શક્યો.

બિલાડી કહે છે " માર પીટ શા માટે કરો છો. જરા સ્વસ્થ થઇને, હુકકો હાથમાં લઇ વિચાર તો કરી જુઓ ! આ જગતમાં દૂધ, દહીં, મલાઇ, ખીર, મત્સ્ય, માંસ વગેરે સઘળુંજ તમે ખાશો,

શા માટે અમે કંઇ પણ નહિ મેળવી શકીએ ? તમે મનુષ્ય છો, અમે બિડાલ છીએ, આપણી વચ્ચે ભેદ શો છે ? તમને ભૂખ તરસ લાગે છે; તો શું અમને નહિ લાગતી હોય ? તમે ખાઓ છો તેમાં અમે હરકત કરતાં નથી; પરન્તુ અમે ખાવા મંડીએ કે તરતજ તમે ડંડા લઇને મારવા દોડો છો એ ક્યા શાસ્ત્રાનુસાર છે, તે હું બહુ બહુ તપાસ કરવા છતાં જાણી શકી નથી. તમારે અમારી પાસેથી કંઈક ઉપદેશ ગ્રહણ કરવો જોઇએ. ચતુર ચોપગાં પાસેથી શિક્ષણ મેળવ્યા સિવાય તમારા જ્ઞાનનો ઉદય થવાનો રસ્તો નથી. તમારાં વિદ્યાલયો જોવાથી માલૂમ પડે છે કે, તમે આટલે દિવસે પણ મારી આ વાત માનવા લાગ્યા છો.

જો, શય્યાશાયી મનુષ્ય ! ધર્મ શું છે ? પરોપકારજ શ્રેષ્ઠ ધર્મ છે. આ દુગ્ધપાનથી મારા ઉપર મોટો ઉપકાર થયો છે. તમારે પીવાના દૂધથી આ પરોપકાર થયો છે, એટલા માટે તમે આ પરમ ધર્મના ફલભાગી થયા છો. મેં ચોરી કરી કે ગમે તે કર્યું, પણ તમારા ધર્મસંચયનું મૂળ કારણ હુંજ છું; એટલા માટે મારા ઉપર પ્રહાર નહિ કરતાં મારી પ્રશંસા કરો. હું તમારા ધર્મની સહાયક છું.

જુઓ, હું ચોર છું એ વાત સાચી, પરન્તુ શું હું ઇચ્છાપૂર્વક ચોર થઇ છું ? ખાવાનું મળે તો કોણ ચોર થાય ? જુઓ, જેઓ મોટા મોટા સાહુકાર કહેવાય છે, અને જેઓ ચોરના નામથી કંપી ઉઠે છે, તેઓ ચોરના કરતાં પણ વધારે અધર્મી છે. તેમને ચોરી કરવાની જરૂર નથી માટેજ તેઓ ચોરી કરતા નથી; પરન્તુ જરૂરિઆત કરતાં વધારે પૈસો હોવા છતાં પણ તેઓ ભૂખના માર્યા ચોર બનનાર તરફ ઝાંખીને જોતાએ નથી; એટલાજ માટે ચોર લોકો ચોરી કરે છે. અધર્મનું કારણ ચોરો નથી, ચોર જે ચોરી કરે છે તે અધર્મનું મૂળ કૃપણ ધનવાનોજ છે. ચોર ગુન્હેગાર છે

ખરો; પરન્તુ તેના કરતાં સો ગણો વધારે દોષભાગી કૃપણ ધનવાન છે. ચોરોને સજા થાય છે; પરન્તુ ચોરીનું મૂળ જે કૃપણો તેમને શા માટે દંડ નહિ દેવાય ?

જુઓ, હું દિવાસે દિવાસે મિયાંઉ મિયાંઉ કરતી ફરૂં છું, તો પણ મને કોઇ એંઠો ટુકડોસરખો નાખતું નથી. વધ્યું ઘટયું જે કંઇ હોય તે લોકો ગટરમાં પધરાવી દે છે, પાણીમાં નાખે છે; પરન્તુ અમને બોલાવીને આપતાં નથી. તમારાં પેટ ભરાયલાં છે, તમે અમારાં જેવાં ભૂખ્યાંની ગત શી રીતે જાણો ! હાય ! ગરીબોને દુઃખે દુઃખી થવાથી શું તમારૂં ગૌરવ ઘટી જાય એમ છે ? હા ! મારા જેવા દરિદ્રના દુઃખે દુઃખી થવું એ શરમની વાત છે, એમાં સંદેહ નથી. જેઓ આંધળાને મૂઠીસરખી આપતા નથી; તેઓને પણ જ્યારે કોઇ મોટો રાજા મુશ્કેલીમાં આવી પડે છે ત્યારે રાતભર ઉંઘ આવતી નથી આ પ્રમાણે મોટાનાં દુઃખે દુઃખી કહેવરાવવામાં સઘળા રાજી હોય છે; પરન્તુ કોઇ સાધારણ માણસના દુઃખે દુઃખી-છટ ! કોણ થાય ?

જો કોઇ મહામહોપાધ્યાય કે વ્યાખ્યાનવાચસ્પતિ; કોઇ વેદાલંકાર કે ન્યાયરત્નાલંકાર આવીને તમારૂં દૂધ પી જાય તો શું તમે તેને લાકડી લઇને મારવા દોડો છો ? ઉલટા હાથ જોડીને કહેશો કે "કેમ બીજું થોડું લઇ આવું ?" તો પછી અમારી વખતે લાઠી શા માટે ? તમે કહેશો કે તેઓ મહા પંડિત અને પ્રતિષ્ઠિત છે. પંડિત અથવા પ્રતિષ્ઠિત હોવાથી શું તેમને અમારા કરતાં વધારે ભૂખ લાગે છે ? તેમ તો નથી. **ભર્યામાં ભરવાનો મનુષ્યજાતિને રોગ છે.** દરિદ્રોની ભૂખને કોઇ જાણતું નથી. જેઓને ખાવાનું કહેતાં ના પાડે છે તેમને માટે ભોજનનો બંદોબસ્ત કરો છો, અને જેઓ ભૂખના દુઃખથી વગર બોલાવ્યે પણ તમારૂં અન્ન આરોગી જાય છે તેમને ચોર કહીને સજા કરો છો—છટ્ ! છટ્ !

જુઓ અમારા હાલ જુઓ. દિવાસે દિવાસે આંગણે આંગણે, અને ઘેરે ઘેર મિયાંઉં મિયાંઉં કરીને ચારે દિશાએ નજર નાખીએ છીએ–કોઇ અમને સૂકો રોટલોએ નાખતું નથી. હા, જો કોઇ બિલાડી તમારી પાળેલી હોય તો તે ઘરબિલાડી થઇને બુઢ્ઢાને ઘેર રહેનાર તેની જુવાન બાયડીના ભાઇનું અથવા તો મૂર્ખ ધનવાનની પાસે રહીને ગંજીફા ખેલનાર તેના દોસ્તદારનું સ્થાન લઇ શકે એટલી હૃષ્ટપુષ્ટ થઇ જાય. તે વખતે તેની પૂંછડી ફૂલી ઉઠે છે. શરીરે રૂંવાટી આવી જાય છે અને તેના રૂપની ભભક જોઇને અનેક બિલાડાઓ કવિ બની જાય છે.

વળી અમારી દશા જુઓ; આહારના અભાવથી પેટ ચોંટી ગયું છે. હાડકાં નીકળી આવ્યાં છે. પૂછડી પડી ગઇ છે, જીભ નીકળી પડી છે–સદાની ભૂખથી પોકારૂં છું, “મિયાંઉં, મિયાંઉં.” “ખાવાનું મળ્યું નથી.” અમારી કાળી ચામડી જોઇને તિરસ્કાર કરશો નહિ. આ પૃથ્વીના પદાર્થો ઉપર અમારો પણ કંઇક અધિકાર છે. ખાવાને આપો, નહિ તો ચોરી કરીશું. અમારી નૂર વિનાની કાળી ચામડી, સૂકાઇ ગયલું મુખ, અને ક્ષીણ સ્વરે નીકળતો મિયાંઉં મિયાંઉં કરૂણ રવ સાંભળીને શું તમને દુઃખ થતું નથી? ચોરને માટે દંડ છે, તો શું નિર્દયતાને માટે તે નથી? દરિદ્રોના આહારસંશોધનને માટે દંડ છે તો પછી ધનવાનોની કૃપણતાને માટે દંડ શા માટે નથી? હે કમલાકાન્ત તું દીર્ઘ દૃષ્ટિવાળો છે; કારણ કે અફીણી છે. શું તું પણ જોઇ શકતો નથી કે શ્રીમંતોના દોષથીજ દરિદ્રો ચોર બને છે? પાંચસો ગરીઓનાં લોહી ચૂસીને એક માણસ તેમની ભોજનસામગ્રી શા માટે સંગ્રહી રાખે છે? અને જો સંગ્રહે તો તેણે ખાધા પછી વધી પડેલું દરિદ્રોને શા માટે વહેંચી ન દેવું? જો તે ન આપે તો ગરીઓ જરૂર તેની પાસેથી ચોરી જશે; કારણ કે ભૂખે મરી જવાને-માટે આ પૃથ્વી ઉપર કોઇ પણ આવેલું નથી.”

હવે વધારે સહન નહિ થઇ શકવાથી હું બોલ્યો; " શેમ ! શેમ ! માર્જાર પંડિત ! તારી વાત પૂરેપૂરી સોશીયાલીઝમવાળી, સમાજબંધનને છિન્ન ભિન્ન કરી નાખનારી લાગે છે. જો દરેક માણુસ પોતપોતાની શક્તિપ્રમાણે ધનસંચય કરી શકે નહિ અથવા સંચય કરીને તેનો ચોરોના દુઃખે નિર્વિઘ્ને ઉપભોગ કરી શકે નહિ તો પછી કોઇ પણ માણુસ ધનસંચયને માટે પ્રયત્ન કરશે નહિ; અને તેથી સમાજની આર્થિક ઉન્નતિ અટકી પડશે. "

માર્જારે કહ્યું:–" અટકી પડશે તેમાં અમારે શું ? સમાજની ધનવૃદ્ધિ–આર્થિક ઉન્નતિ એટલે પૈસાદારોના ધનની વૃદ્ધિ. ધનિકોના ધનની વૃદ્ધિ ન થઇ તેમાં દરિદ્રોને શી હાનિ ? "

મેં સમજાવીને કહ્યું કે, " સામાજિક ધનવૃદ્ધિ વિના સમાજની ઉન્નતિ નથી. "

બિલાડીએ ગુસ્સે થઇ જઇને કહ્યું; " મને જો ખાવાનું ન મળ્યું, તો પછી સમાજની ઉન્નતિ પડી કુવામાં ! "

બિલાડીને સમજાવવાનું કઠિન થઇ પડયું. જે વિચારક અથવા નૈયાયિક છે તેને કોઇ પણ માણુસ કોઇ પણ કાળે કશુંએ સમજાવી શકતો નથી. આ માર્જારી સુવિચારક અને તર્કશાસ્ત્રી પણ ખરી; એટલે નહિ સમજવાની બાબતમાં એનો અધિકાર છે; એટલા માટે હું એના ઉપર ગુસ્સે નહિ થતાં બોલ્યો:–" સમાજની ઉન્નતિની દરકાર ગરીબોને ન હોય તો નહિ, પરન્તુ ધનવાનોને તે વિશેષ છે એટલા માટે ચોરોને સજા કરવીજ જોઇએ. "

શ્રીમતી માર્જારી બોલ્યાં:–" ચોરને ફાંસી આપો, તેમાં અમને વાંધો નથી; પરન્તુ તેની સાથે એક બીજો નિયમ પણ કરો. જે ન્યાયાધીશ ચોરને સજા કરે, તેણે પ્રથમ ત્રણ દિવસ ઉપવાસ કરવા. એ પછી જો ન્યાયાધીશને ચોરી છુપીથી ખાઇ લેવાની ઇચ્છા નહિ

થાય તો તે ખુશીથી ચોરને ફાંસીએ ચઢાવે. તમે મને મારવાને માટે લાકડી ઉપાડી હતી; પણ આજથી ત્રણ દિવસ સુધી ઉપવાસ કરી જુઓ. એ અરસામાં જો તમે નસીરામ બાબુના રસોડામાં પકડાઇ ન જાઓ તો મને ડંડો મારજો; હું વાંધો લઇશ નહિ."

ચતુર લોકોનો મત એવો છે કે, જ્યારે વાદવિવાદમાં પરાજય થાય ત્યારે તે ન સ્વીકારતાં એકદમ સામા ઉપર સવાર થઇ જઇ ગંભીરભાવે ઉપદેશ આપવા મંડી જવું. હું તેજ પ્રથા પ્રમાણે માર્જારને કહેવા લાગ્યો કે; "આ સઘળી વાત કેવળ નીતિવિરુદ્ધ છે, એની ચર્ચામાં પણ પાપ છે, તું આ સઘળા દુષ્ટ વિચારો છોડી દઇને ધર્માચરણમાં ચિત્ત પરોવ. જો તું મને ચાહીશ તો હું તને ન્યૂમેન અને પાર્કરના ગ્રંથ વાંચવાને આપી શકીશ અને કમલાકાન્ત ચક્રવર્તીનું દફતર વાંચવાથી પણ તને કંઇક લાભ મળી શકશે. બીજું કંઇ તો થાઓ કે ન થાઓ; પરન્તુ અફીણનો નિઃસીમ મહિમા તો સમજી શકાશેજ.

અત્યારે તો સ્વસ્થાને સિધાવો. પ્રસન્ને થોડું દહીં આપવાનું કહ્યું છે. નાસ્તા વખતે આવજો; બન્ને વહેંચીને ખાઇશું. આજે હવે કોઇની પણ હાંડલી ચાટશો નહિ; જો ભૂખથી ખરેખર અધીરાં થઇ જવાય તો ફરીથી આવી પહોંચજો; રાઇના દાણા જેવી એકાદ બે અફીણની ગોળી આપીશ."

બિલાડીએ કહ્યું:-"અફીણની ખાસ જરૂર નથી; તોપણ હાંડી ચાટવાની વાત ઉપર ભૂખ પ્રમાણે વિચાર ચલાવવામાં આવશે."

બિલાડીબાઈ વિદાય થયાં. આજે એક પતિત આત્માને અંધકારમાંથી પ્રકાશમાં આણ્યો છે એવા વિચારથી કમલાકાન્તને ઘણો આનંદ થયો.

૧૪–ઢીંકણી.

મને વિચાર આવ્યો કે, પૃથ્વી પર ઢીંકણી ન હોત તો ખાત શું? પક્ષીની પેઠે છોડ ઉપર બેસીને દાણા ખાત? નહિ તો, કાન અને પૂછડું હલાવતી ગજેન્દ્રગામિની ગાયની પેઠે અનાજના પાલામાં મો ઘાલત? જરૂર મારાથી તેમ થઇ શકત નહિ–રંગે શામળો, વસ્ત્ર-વિહીન લઠ્ઠપઠ્ઠ ખેડુત આવીને મારી પાંસળીમાં દંડપ્રહાર કરત અને હું ફુંફાટો મારી નિશ્વાસ મૂકીને શિંગડાં અને પૂછડું હલાવતો પલાયન કરી જાત; પરન્તુ આર્ય–સંસ્કૃતિના અપાર મહિમાથી તે ભય રહ્યો નથી. ઢીંકણી છે–ભાત ખંડાઇને ચોખા થાય છે. હું એ પરોપકારપરાયણ ઢીંકણીને આર્ય સંસ્કૃતિનું એક ખાસ પરિણામ લેખું છું. એની આગળ મારા મનથી આર્યસાહિત્ય અને આર્યદર્શન કંઇ વિસાતમાં નથી. રામાયણ, કુમારસંભવ, પાણિનિ કે પતંજલિ કોઇ પણ ડાંગેરના ચોખા કરી શકતા નથી. ઢીંકણીજ આર્યસંસ્કૃતિની કુખ દીપાવનાર સંતાન–શ્રાદ્ધાધિકારી છે; નિત્ય પિંડદાન કરે છે. ક્યાં? કેવળ ભાડ-ભુંજાના ઘરમાં? સમાજમાં, સાહિત્યમાં, ધર્મસંસ્કારમાં, રાજસભામાં કે બીજે કયે ઠેકાણે ઢીંકણી, આર્યસંસ્કૃતિનું નામ દીપાવનાર પુત્રનું–શ્રાદ્ધના અધિકારીનું સ્થાન લેતી નથી? ક્યાં નિત્ય પિંડદાન કરતી નથી? દુઃખની વાત છે કે આટલું છતાં પણ આર્યસંસ્કૃતિ મુક્તિ પામી શકતી નથી; આજે પણ ભૂત થઇને રહી છે. આશા છે કે કોઇ ઢીંકણી વગર વિલંબેજ તેનું "ગયા શ્રાદ્ધ" કરશે.

ઢીંકણીના આ અપરિમિત માહાત્મ્યનું કારણ શોધવા હું અતિ ઉત્સુક બન્યો. આ 'વીસમી સદી' છે–વિજ્ઞાનનો જમાનો છે–કારણ અવશ્ય શોધવાંજ જોઇએ.

ઢીંકણીમાં આવી કાર્યદક્ષતા ક્યાંથી આવી? આ પરોપકારબુદ્ધિ, આટલો (Public Spirit) જાહેર જુસ્સો આવવાનું કારણ શું? **નાવસ્તુના વસ્તુસિદ્ધિઃ?** શું કારણ વિના એ ઉત્પન્ન થઇ શકે છે? કારણ શોધવાને માટે હું ઢીંકણીના સ્થાનમાં ગયો.

જોયું તો ઢીંકણી ખાડામાં પડે છે. મદિરાનું ટીપું સરખું લેતી નથી; છતાં ફરી ફરીને ખાડામાં પડે છે, ઉઠે છે, જરા પણ વિશ્રાંતિ લેતી નથી. મેં વિચાર્યું કે વારંવાર ખાડામાં પડવું એજ શું આટલા માહાત્મ્યનું કારણ હશે? ઢીંકણી ખાડામાં પડે છે તેથીજ શું આટલી પરોપકારબુદ્ધિ, આટલો 'પબ્લીક સ્પિરિટ' આવ્યો હશે? ના, એવું કદી પણ બની શકે નહિ; કારણ કે અમારા રામચંદ્ર ભાઉ પણ બન્ને વેળા ખાડામાં પડ્યા રહે છે, પરન્તુ તેનામાં તો જરા પણ Public spirit નથી. નિશા-કાલ સિવાય તેનો જરા પણ પરોપકાર નજરે આવતો નથી, બીજી પણ મનની વાત છુપાવવાની શી જરૂર? હું કમલાકાન્ત ચક્રવર્તી પોતે પણ એક દિવસ ખાડામાં પડ્યો હતો, અને ગર્તલોકપ્રાપ્તિ થઇ હતી; પણ તેનું કારણ બીજુંજ હતું. ગોપાંગના-કુલ-કલંકિની પ્રસન્ન ગોવાલણે એક દિવસ તેની મંગલા ગાયને છોડી મૂકી હતી. છોડતાંજ તે પૂછડી ઉંચી કરીને શિંગડાં નીચાં કરીને દોડવા લાગી. કયા વિચારથી મંગલા દોડી તે કહી શકતો નથી; સ્ત્રીજાતિ અને ગોજાતિના મનની વાત કેવી રીતે કહી શકાય? પરન્તુ મને લાગ્યું કે હુંજ તેનાં બન્ને શિંગડાંનું નિશાનજ બન્યો છું; એટલે મેં તરતજ સગર્વે કમર કસી અને ઉંચે શ્વાસે નાસવા માંડ્યું! અને પાછળ તે ધંટોધ્નીــ* ભયંકર રાક્ષસી!

હું જેટલું દોડતો તેટલું તે પણ દોડતી. પરિણામે હું તો દોટ મૂકતાં મૂકતાં ઠોકર ખાઇને ગબડતો ગબડતો ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્રોની

* મોટાં બાવલાવાળી.

પેઠે, વિવરપ્રદેશમાં (ઉંડા ખાડામાં) જઇ પહોંચ્યો. "અસ્તવ્યસ્ત કેશપાશ, મુખે ના લેવાય શ્વાસ"—હાય ! ત્યારે શું મારા હૃદયપ્રદેશમાં Public Spirit રૂપી પૂર્ણચંદ્રનો ઉદય થયો હતો કે? ન થયો એમ તો નહિ. તે વખતે મેં સિદ્ધાંત બાંધ્યો કે જો પૃથ્વીપર એક પણ ગાય ન રહે અને તાડ, નાળિએરી, ખજુરી ઇત્યાદિ ઝાડોમાંથી દૂધ ઝર્યા કરે તો આ દૂધ ઉપર જીવનારી હિંદુ જાતિપર વિશેષ ઉપકાર થાય. તેઓ શિંગડાના ભય વિનાજ દૂધ પીતા થઇ જાય ! એ દિવસે તે *વિવરપ્રાપ્તિના કારણથી મારી પરહિતકામના એટલી બધી પ્રબળ થઇ આવી કે મેં બીજે પ્રસંગે પ્રસન્નને કહ્યું,—"અયિ દધિદુગ્ધ—ક્ષીર—નવનીત—પરિવેષ્ટિતા ગોપકન્યા ! તું ગાયને વેચી દઇને જાતેજ દુધી અને અનાજનાં છાલાં ખાવા માંડ, એટલે તું પોતેજ ધટસ્તની થઇને દૂધપર નિર્વાહ ચલાવનાર અનેક જણનું પાલનપોષણ કરી શકીશ. માત્ર કોઇને શિંગાટતી નહિ, એટલે બસ."

પ્રત્યુત્તરમાં પ્રસન્ને તરતજ ઝાડુ હાથમાં લીધું, અને તે દિવસથી મારે પરહિત—વ્રતનો પરિત્યાગ કરવો પડયો.

કહો ત્યારે પરહિતકામના, દેશપ્રેમ, જાહેર જુસ્સો અર્થાત્ Public Spirit, અને ખાસ કરીને કાર્યદક્ષતા એ સઘળું ખાડામાં પડવાથી ઉદ્ભવે છે કે નહિ ? જો તેમ ન હોય તો ઢીંકણીમાં આ કાર્યદક્ષતા અને આ મહાન્ શક્તિ ક્યાંથી આવી ? હું આ કૂટ તર્કની નિષ્પત્તિમાટે સાશંક વિચાર ચલાવી રહ્યો હતો એટલામાં મધુર કંઠે કોઇક બોલ્યું; "ચક્રવર્તી સાહેબ ! મોઢું વકાસીને શો વિચાર કરો છો ? શું ઢીંકણી કદી જોઈ નથી ?"

આંખ ઉઘાડીને જોયું તો તરંગિણી અને માતંગિની બે બ્હેનો ફુસકા કાઢનારી ઢીંકણી ઉપર પગ ચલાવી રહી છે. અત્યાર સુધી તે તરફ ધારીને જોવાયું ન હતું, જેમ પેલા હાથી જોવા ગયેલા આંધ-

* ખાડામાં પડવાના કારણથી.

ળાએ કેવળ સૂંઢજ જોઇ હતી, તેમ હું પણ ઢીંકણી જોવા જઇને તેની સૂંઢજ જોઇ રહ્યો હતો. પાછળ એ રમણીઓના રંગિત પગ ઢીંકણી ઉપર પડતા હતા તેતો દેખાયાજ ન હતા. જોતાં વારમાંજ જાણે કોઇએ મારી આંખપરની અંધારી ઉતારી લીધી!

મને દિવ્ય જ્ઞાન થઇ આવ્યું, કાર્યકારણસંબંધની પરંપરા મારી નજર આગળ પ્રખર સૂર્યકિરણમાં ઝળકી ઉઠી. આજ રહ્યું ઢીંકણીનું બળ! આજ ઢીંકણીના માહાત્મ્યનું મૂળ કારણ!—રમણીના પાદપદ્મ! પાદપદ્મ તેની પીઠ ઉપર ધબાધબ પડે છે, અને ઢીંકણી ભાત ખાંડીને ચોખા બનાવે છે! ઉઠે છે, પડે છે, ઢકઢક, કચકચ કરતી કેટલો પરોપકાર કરે છે! હા ઢીંકણી! આ પગમાં તે એટલો બધો શું ગુણ છે કે, એના પીઠ ઉપર પડવાથી તું આ સાત કરોડ બંગાળીઓને અન્ન આપી શકે છે, અને તે ઉપરાંત દેવતાઓને ભોગ પણ ધરાવે છે? આવો, સ્ત્રીજનના શ્રી ચરણ! તમે ઢીંકણીની પીઠ ઉપર સારી પેઠે નૃત્ય કરો, હું કૃતજ્ઞતાના પાશથી બંધાઇને તમને—હાય! શું કરૂં?—કાંસાનાં કલ્લાં પહેરાવીશ!

હવે ઢીંકણીગણ! હું તમારી વિદ્યા, બુદ્ધિ સઘળું સમજી ગયો છું. જ્યારે પીઠ ઉપર રમણીપાદપદ્મ ઉર્ફે સ્ત્રીઓની લાત પડે છે ત્યારેજ તું ડાંગર ખાંડે છે—નહિ તો કેવળ લાકડાનું ઠોયુંજ છે—ખાડામાં સૂંઢ ઘાલીને પૂછડું ઉંચું કરી ઢીંકણી—શાળામાં પડી રહે છે. તારી વિદ્યા કેવળ ખાડામાં પડવાની, આનંદ ભાતમાં, અને પુરસ્કાર પેલી રંગીન ચરણશ્રીનો! વળી સાંભળવામાં આવ્યું છે કે, તમારા લોકોમાં એક વિશેષ ગુણ છે. ઘરમાં રહીને તમે વચમાં વચમાં મગર બની જાઓ છો, નહિ વારૂ? અને ઢીંકણબાઇ, એક બીજી વાત પૂછું છું. સાંભળ્યું છે કે તમને વચમાં વચમાં સ્વર્ગે જવું પડે છે, ખરેખર ત્યાં જઇને પણ શું તમારે ડાંગર ખાંડવી પડે છે? દેવતાઓ અમૃતપાન કરે છે, પારિજાતપર ચઢે છે, અપ્સરા સાથે ક્રીડા કરે છે, મેઘ ઉપર સવારી કરે

છે, વિદ્યુત્ પકડે છે, રતિ અને રતિપતિ (કામદેવ) સાથે સંતાકુકડી રમે છે,–તે વખતે શું તું ચચર ચચર કરીને ભાતજ ખાંડે છે? ધન્ય છે બાઇ, તારી સાધનાને!

ઢીંકણીએ કંઇ પણ ઉત્તર આપ્યો નહિ, કેવળ ભાત ખાંડતીજ રહી. મેં ગુસ્સે થઇને ત્યાંથી પાધરા 'કમલાશ્રમ' તરફ ચાલતી પકડી. કમલાશ્રમ તે શું? શ્રી શ્રી ૧૦૮ નસીબાબુ હમણાં ભાત ખાંડવા ચાલી ગયા છે. હતાશના પિતાની હજામડીએ એક ભાંગીતૂટી છાપરી મૂકીને વારસ ઠરાવ્યા સિવાય સ્વર્ગારોહણ કર્યું છે–ઘર એવી હાલતમાં હતું કે બીજા કોઇએ તે તરફ નજર નાખી નહિ–એટલે મેં તેને કમલાશ્રમ બનાવ્યું છે–એ કેવળ કમલાકાન્તનોજ આશ્રમ નથી–સાક્ષાત્ કમલાનો આશ્રમ છે. મેં તેજ ઠેકાણે ડામચીઆપર પડીને અફીણ ચડાવ્યું, આંખ ઘેરાઇ આવી, જ્ઞાનનેત્ર ઉઘડી ગયાં. જોયું તો આ આખો સંસાર કેવળ ઢીંકણી–શાળાજ છે. મોટી મોટી ઇમારતો, દિવાનખાનાં, રાજમહેલો વગેરે સઘળાંજ ઢીંકણી રાખવાનાં સ્થાનો છે–તેમાં મોટી મોટી ઢીંકણીઓ ખાંડણીઆમાં મોં ઘાલીને ખડે પગે ઉભી રહેલી છે. કોઇ ઠેકાણે જમીનદારરૂપી ઢીંકણી પ્રજાના હૃદયપિંડને ખાંડણીઆમાં ખાંડીને નવા કરરૂપી ચાવલ કાઢી સુખે રાંધીને ભોજન કરે છે. કોઇ સ્થળે કાયદાબાજ ઢીંકણી 'મિનિટ' અને 'રિપોર્ટ'ના ઢગલાને ખાંડણીઆમાં ખાંડીને ફૂટો કરીને નવા નવા કાયદા બહાર પાડે છે. ન્યાયાધીશ ઢીંકણી તે કાયદાઓનો ખાંડણીઆમાં ફૂટો કરીને બહાર કાઢે છે–દારિદ્રય, કારાવાસ, ધનવાનોના ધનનો અંત, અને સજ્જનોનો દેહાન્ત! સાહેબ ઢીંકણી બોટલ–ખાંડણીઆમાં બાપની પૂંજીનો ફૂટો કરીને કાળજું અને બરોળ કાઢે છે;* તેમની પત્નીરૂપી ઢીંકણી એકાદશી વ્રતના ખાંડણીઆમાં બજારખરચનો ફૂટો કરીને કાઢે છે અનાહાર! અને સૌ કરતાં ભયાનક તો એ જોયું કે, (લેખાગુ)

* દારૂ પીવાથી કલેજું અને બરોળ ફૂલી જાય છે. ભા. ક.

સાક્ષર ઢીંકણી સાક્ષાત્ સરસ્વતી માતાના શિરને છાપાંઓના ખાંડણીઆમાં ખાંડીને કાઢે છે; સ્કૂલબુક, કચરાબુક, વાર્તાબુક, જોડકણુંબુક, માથાંખાઉ બુક!

જોતાં જોતાં માલમ પડ્યું કે, હું પણ એક મસ્ત ઢીંકણી છું–કમલાશ્રમે લાંબો થઇને પડયો છું; નિશાના ખાંડણીઆમાં મનોવેદનારૂપી ડાંગર ખાંડીને દફ્તરરૂપી ચોખા કાઢું છું. મનમાં ને મનમાં અહંકાર ઉત્પન્ન થયો કે આવા ચોખા તો કોઇ પણ ખાંડણીઆમાંથી નીકળતા નથી; એટલે ઇચ્છા થઇ આવી કે આ ચોખા મનુષ્ય લોકને લાયક નથી, હું સ્વર્ગલોકમાં જઇને ભાત ખાંડીશ. તરતજ 'અન્ધ-મનોરથ' વડે હું સ્વર્ગે પહોંચ્યો. ત્યાં જઇ દેવાધિદેવને પ્રણામ કરીને બોલ્યો; "હે મહેન્દ્ર! હું શ્રીયુત કમલાકાન્ત ચક્રવર્તી છું–સ્વર્ગમાં ભાત ખાંડવા આવ્યો છું." મહેન્દ્ર બોલ્યા; "હરકત શી? પુરસ્કાર શું ચાહો છો?"

મેં કહ્યું:–"ઉર્વશી, મેનકા, રંભા."

દેવેન્દ્રઃ—"ઉર્વશી, મેનકા મળી શકશે નહિ અને બાકી રહી તે–રંભા* તો મૃત્યુલોકમાંથી પણ તને મળી શકશે–રૂપીઆની આઠના દરે."

હું કટુભાષી બોલ્યો:–" શું દેવતાજી, આઠ રંભાફળ–કેળાં? તે શું આજકાલ માણસને મળી શકે એમ છે? હમણાં તો તે દેવતાઓજ ચપાટી જાય છે."

ઇન્દ્રદેવે સંતુષ્ટ થઇને મને એક શેર અમૃત અને એક કલાકને માટે ઉર્વશીનું સંગીત બક્ષીસ કરવાનો હુકમ ફરમાવ્યો. સચેત થઇને જોયું તો પાસે મટુકીમાં એક શેર દૂધ પડ્યું છે, અને પ્રસન્ન ઉભી ઉભી કોલાહલ કરે છે–"અફીણીઓ!" "લુચ્ચો!" "પેટભરો!" ઇત્યાદિ ઇત્યાદિ. મેં (તે) ઉર્વશીને કહ્યું; "બાઇ જા, એક કલાક થઇ ગયો–હવે બંધ કરો."

* ૧. વેશ્યા. ૨. વિધવા. કલકત્તામાં એ બન્નેનું પ્રમાણ ઘણુંજ વધારે હોવાથી બંકિમે આ ટકોર લગાવી છે. ભા. ક.

કમલાકાન્તના પત્રો.

પત્ર ૧ લો—શું લખું?

પૂજ્યપાદ શ્રીયુત "બંગદર્શન" ના સંપાદક મહાશયના
પવિત્ર ચરણકમલમાં.

મારૂં નામ શ્રીયુત કમલાકાન્ત ચક્રવર્તી છે. મારો નિવાસ શ્રી શ્રી ૐ "નસીધામ" માં છે. હું આપને પ્રણામ કરૂં છું. આપની સાથે મારે સાક્ષાત્ પરિચય નથી, તો પણ આપે આપની લાયકાતથી મારો પરિચય મેળવી લીધો લાગે છે. હું પ્રથમથીજ જાણતો હતો કે ભીષ્મદેવ ખોશનબીસ એક જુગારી માણસ છે—હું મારૂં દફતર તેને ત્યાં અનામત મૂકીને તીર્થયાત્રાએ નીકળ્યો હતો; તેણે આવી તક મળતાં તે દફતર આપને વેચી માર્યું છે. વેચાણની વાતનો આપે સ્વીકાર કર્યો નથી; પરન્તુ હું જાણું છું કે, ભીષ્મદેવ સાહેબ શાલિગ્રામને પણ વિના મૂલ્યે તુળસી ચઢાવે એવા નથી, તે આપને શ્રીયુત કમલાકાન્ત–પ્રણીત દફતર વિના મૂલ્યે આપે એવો સંભવજ બહુ ઓછો છે. આ છેતરપિંડીની વાત આટલા દિવસ સુધી હું જાણતો ન હતો. દૈવયોગે એક દિવસ એક જોડી ખાસડાં ખરીદવાથી એની ખબર મળી ગઇ. એ ખાસડાંની જોડી એક છાપાના કાગળમાં બાંધેલી હતી. જોતાંજ વિચાર ઉદ્ભવ્યો કે એવું તે કોનું સૌભાગ્ય ઉઘડી ગયું છે કે તેની કૃતિ શ્રીમાન્ કમલાકાન્ત શર્માના ચરણયુગલના ઉપયોગમાં આવનાર જુતાંને વિભૂષિત કરે છે! મનમાં લાગ્યું કે, તેનું લેખિનીને ધારણ કરવું ધન્ય છે! તેનું રાત્રિએ તેલ બાળવું પણ સાર્થક છે! કોઇ મૂર્ખના હાથમાં તેની કૃતિ વંચાવા નહિ જતાં સાધુજનના ચરણ-

સાથે તેનો કોઇ પણ પ્રકારે સંબંધ થયો, એ તે બંગીય લેખકનું મોટું સૌભાગ્ય છે; એમ વિચારીને મેં કુતુહલ સાથે વાંચી જોયું કે કાગળ શો છે? વાંચ્યું તો ઉપર લખ્યું હતું કે "બંગદર્શન"; અંદર "કમલાકાન્તનું દફતર." એટલે સમજમાં આવ્યું કે આ તો મારીજ પૂર્વજન્મની સંચિત સુકૃતિનું ફળ છે.

બીજું પણ એક કુતૂહલ ઉત્પન્ન થયું. 'બંગદર્શન' શું હશે તે જાણવાની ઇચ્છા થઇ. એક મિત્રને પૂછ્યું, "ભાઇ સાહેબ, 'બંગદર્શન' શું છે તે કહી શકશો?" તેણે ઘણીક વાર સુધી વિચાર ચલાવ્યો. અનેક ક્ષણ પછી માથું ઉંચું કરીને કહ્યું, "મને લાગે છે કે, બંગ-દેશનાં દર્શન કરવાં એજ બંગદર્શન." મેં તેની વિદ્વત્તાનાં બહુ વખાણ કર્યાં; પરન્તુ લાચારીથી એક બીજા મિત્રને પણ એ પ્રશ્ન પૂછવો પડયો. તેણે એવો નિર્ણય આપ્યો કે, શકારના ઉપર જે રેફ છે તે મુદ્રણકારની ભૂલ હોય એમ લાગે છે. ખરો શબ્દ "બંગદશન" અર્થાત્ બંગાળીઓના દાંત છે. મેં તેને પાઠશાળા કાઢવાની સલાહ આપી અને એક બીજા સુશિક્ષિત માણસને પૂછ્યું. તેણે બંગ શબ્દથી પૂર્વ બંગાળાનો બોધ થતો જણાવી ઉત્તર આપ્યો કે, એનો અર્થ "પૂર્વ બંગાળાનાં દર્શન કરવાની વિધિ; અર્થાત્ A Guide to Eastern Bengal." આ પ્રમાણે અનેક પ્રકારની શોધને અંતે મારા જાણવામાં આવ્યું કે, બંગદર્શન એક માસિક પત્ર છે, અને તેમાં કમલાકાન્ત શર્માનું માસિક પિંડદાન થતું રહે છે. હમણાં એવું પણ સાંભળવામાં આવ્યું છે કે કોઇ ધનુર્ધરે એ દફતરને પોતાની કૃતિ જણાવીને પ્રકટ કરવા માંડયું છે. કોણ જાણે બીજું પણ શું શું થશે?

એટલા માટે હે બંગદર્શનના સંપાદક મહાશય! આપને વિદિત થાય કે, હું કમલાકાન્ત શર્મા અદ્યાપિ આ જગતમાં સશરીર વર્તમાન છું; અને આપ લોકોને ખાસ હરકત હશે તોપણ બીજા કેટલાક દિવસ રહેવાની ઇચ્છા રાખું છું.

હવે, આપને શામાટે આજે પત્ર લખું છું તે જાણી લઇએ. ઉપર જોઇ શકશો કે, "શ્રી શ્રી ॐ નસીબાય" લખેલું છે; અર્થાત્ મારા નસીબાણુ શ્રી શ્રી ॐ પરમાત્મામાં વિલીન થયા છે. મારી ખાત્રી છે કે, તેઓ સર્વના આશ્રય સ્વરૂપ શ્રીપાદ–પદ્મમાં પહોંચી ગયા છે; પરન્તુ તેમની વાસ્તવિક ગતિ કયે માર્ગે થઇ છે તેની નિશ્ચિત ખબર મને નથી. કેવળ એટલુંજ જાણું છું કે, તેઓ આ લોકમાં નથી! એટલા માટે મારો પણ આશ્રય નથી, અફીણમાં કંઇક ગરબડ થઇ ગઇ છે; તેનો કંઇ બંદોબસ્ત કરી શકશો? મારા દફતરને માટે આપે ખોશનબીશ મહાશયને શું આપ્યું છે તે હું કહી શકતો નથી; પરન્તુ મને પાશેર અફીણ મોકલશો તો (મારી માત્રા કંઇક વધારે છે) હું એક એક નિબંધ પાઠવતો રહીશ. આપનું કલ્યાણ થાઓ. આપ આમાં કંઈ વાંધો કાઢશો નહિ; પરન્તુ આપની સાથે કંઇ પણ પાકો બંદોબસ્ત કરતાં પહેલાં કેટલીક ગુંચવણભરેલી બાબતોનો ખુલાસો મેળવવા ઇચ્છા છે. આ કમલાકાન્તના કારખાનામાં ઓર્ડર મુજબ સઘળી જાતનો માલ (લેખ) તૈયાર થાય છે. આપને શું જોઇશે? નાટક–નૉવેલ ઇચ્છો છો કે પૉલિટિક્સ્‌ની જરૂર છે? કંઇક ઐતિહાસિક શોધખોળને લગતું મોકલું કે સંક્ષિપ્ત સમાલોચના કરૂં? વિજ્ઞાનશાસ્ત્રમાં આપની રૂચિ છે કે ભૂગોળશાસ્ત્રના તત્ત્વદર્શનમાં આપને રસ પડે છે? સ્થૂળ વાત એ છે કે, મોટા વિષયો મોકલું કે લઘુ વિષય પાઠવું? મારી કૃતિનું મૂલ્ય આપ ગજના હિસાબે આપશો કે મણના? જો આપને લંબાણ વિષયમાં અભિરૂચિ હોય તો જણાવશો કે તેમાં કયા પ્રકારના અલંકારનો સમાવેશ કરૂં? આપ કોટેશન (અવતરણ) પસંદ કરો છો કે 'ફુટનોટ' ઉપર પ્રીતિ રાખો છો? જો 'કૉટેશન' અથવા 'ફુટનોટ'ની જરૂર હોય તો તે કયી ભાષામાંથી આપવાં તે પણ લખશો. યૂરપ અને એશિઆની સઘળી ભાષાઓમાંથી

મેં કોટેશનનો સંગ્રહ કરી રાખ્યો છે, આફ્રિકા અને અમેરિકાની કેટલીક ભાષાઓનો પત્તો હજી મળ્યો નથી; પરન્તુ હું તે સઘળી ભાષાઓનાં કોટેશન બહુજ થોડા વખતમાં રજુ કરીશ, આપ નિશ્ચિંત રહેશો.

જો ગહન વિષય સંબંધી લેખો આપને વધારે પસંદ હોય તો કયા પ્રકારના વિષય આપને જોઇશે તે પણ જણાવશો. તે સંબંધમાં હું પોતે તો કંઇ કરી શકું કે ન પણ કરી શકું; પરન્તુ મારે એક મોટી ઓથ છે. ભીષ્મદેવ ખોશનબીસ મહાશયના ચિરંજીવી, જેણે 'યુટિલિટિ' શબ્દની અદ્દભુત વ્યાખ્યા કરી હતી,* તેનું આપને સ્મરણ હશેજ. તે હમણાં સર્વવિદ્યામાં પારંગત થયો છે. એમ. એ. પાસ કરીને અંગ્રેજી વિદ્યાનો ફાંસો તેણે ગળે ઘાલ્યો છે. લાંબા વિષયો પર તેનો સંપૂર્ણ કાબુ છે. આપને સ્કૂલોમાં ચાલતી ટેક્સ્ટ બુકો જોઇએ છે? તેઓ 'વર્ણપરિચય' (બાળપોથી કે પ્રાઇમર)થી માંડીને રોમ દેશના ઇતિહાસ પર્યંત સઘળુંજ લખી શકે એમ છે. નેચરલ હિસ્ટરીનો તો એમણે અંતજ આણી નાખ્યો છે; પુરાણાં પેનિમૅગેઝિનમાંથી અનેક લેખોના તેમણે અનુવાદ કરી રાખ્યા છે; અને ગોલ્ડસ્મિથ કૃત 'એનીમિટેડ નેચર'ના સારાંશની સંકલના પણ કરી રાખી છે. એ કૃતિઓ આપને ખપશે? ગહનમાં ગહન વિષય જે અંકગણિત અને ભૂમિતિ ગણાય છે, તેમાં પણ એમનું સાહસ ઓછું નથી. ભૂમિતિ અને ત્રિકોણમિતિ ચૂલામાં જાય, ચતુષ્કોણમિતિ ઉપર પણ એનો સંપૂર્ણ કાબુ છે. દૈવ વિદ્યાના બળે તેમણે પોતાના બાપિકા ચતુષ્કોણાકૃતિ તળાવને પણ માપી નાખ્યું છે. કહેવાની જરૂર નથી કે આ પરાક્રમ સાંભળીને લોકો ધન્ય ધન્ય કહેવા લાગ્યા હતા. એમની ઐતિહાસિક-કીર્તિની વાત શું કહું? તેમણે ચિતોડના રાજા આલ્ફ્રેડ ધિ ગ્રેટના જીવનચરિત્રનાં દશ પંદર પાનાં લખી રાખ્યાં છે; અને બંગાળી

* યુ-ટિલ્-ઇ-દ-ઇ.

સાહિત્ય–સમાલોચના સંબંધી એક અમૂલ્ય ગ્રંથ મહાભારતના આધારે તૈયાર કરી રાખ્યો છે. તેમાં કોમ્ટ અને હર્બર્ટ સ્પેન્સરના મતનું ખંડન કરવામાં આવ્યું છે, અને 'મધ્યાકર્ષણ બલ ઉપર પૃથ્વી ટકેલી છે' એવી ડાર્વિનની થિયરીનો જવાબ આપવામાં આવ્યો છે! એ ગ્રંથમાં પ્રમાણમાટે 'માલતીમાધવ' માંથી ચારપાંચ શ્લોક પણ ઉદ્ધૃત કરવામાં આવ્યા છે; આ બધાં કારણોથી એ એક ગહન વિષય ઉપરનો મોટો ગ્રંથ થઇ પડ્યો છે. મારી ખાત્રી છે કે એની સમાલોચના કરતી વખતે આપ કહેશો કે, આ ગ્રંથ બંગાળી ભાષામાં અદ્વિતીય છે.

હું આશા રાખું છું કે, ગહન વિષય છોડીને સામાન્ય બાબતો તરફ આપની અભિરૂચિ નજ થશે; કારણ કે તેમાં કંઇક મુશ્કેલી વધારે છે. તો પણ ખોશનબીસ પુત્રે એક નાટકની સામગ્રી તૈયાર રાખી છે ખરી. નાયિકાનું નામ ચંદ્રકલા અથવા શશિરંભા રાખવું એવો નિર્ણય કરવામાં આવ્યો છે. તેનો પિતા વિજયપુરનો રાજા ભીમસિંહ છે અને નાયક કોઇ અમુક સિંહ છે. છેલ્લા અંકમાં શશિરંભા નાયકની છાતીમાં છરી મારીને પોતે '**हा हंतास्मि**' (હાય હું હણાઇ) કરીને બળી મરશે; આ પ્રમાણેનો પ્લૉટ કરાવવામાં આવ્યો છે; પરન્તુ નાટકનો આદિ અને મધ્યભાગ કેવા પ્રકારનો થશે અને નાટકમાં જણાવવામાં આવેલાં બીજાં પાત્રો શું શું કરશે તે સંબંધે કશું નક્કી કરવામાં આવ્યું નથી. છેલ્લા અંકના છરી મારવાના સીન સંબંધમાં કેટલુંક લખી રાખવામાં આવ્યું છે, અને હું આપને સોગન પૂર્વક કહીશ કે જે ૨૦ લીટીઓ લખી રાખવામાં આવી છે તેમાં આઠ વખત "હા, સખિ!" તેર વખત "શું થયું! શું થયું!" અને પંદર વખત "વ્હાલા!" "વ્હાલી!" નો સમાવેશ કરવામાં આવ્યો છે. છેલ્લે એક ગાયન પણ મૂકવામાં આવ્યું છે, અને નાયિકા

હાથમાં છરી લઇને તે ગાય છે; પરન્તુ દુઃખની વાત એ છે, કે નાટકના બીજા અંકો હજી સુધી કોરે પાનેજ છે.

જો આપને નૉવેલની ઇચ્છા હશે તો પણ અમે એટલે કે ખોશનબીસ કંપની જરા પણ પાછી પડે એમ નથી. અમે ઉત્તમ નૉવેલ લખી શકીએ છીએ; તો પણ અમારી ઇચ્છા એવી હતી કે કચરા જેવી નવલકથા નહિ લખતાં ડૉનકિવકઝોટ અથવા જિલબ્લાનાં પરિશિષ્ટ લખવાં. દુર્ભાગ્યવશાત્ એ બન્ને પુસ્તકમાંનું એક પણ હજી સુધી અમારા વાંચવામાં આવ્યું નથી. હાલ તુરત મેકોલેના એસે (નિબંધ)નું પરિશિષ્ટ લખી આપવાથી આપનું કામ નિભી શકશે ? તે પણ એક નૉવેલજ છે—ટુંકી ટુંકી વાર્તાઓનો સંગ્રહ છે !

જો આપ કાવ્ય પસંદ કરતા હો તો પ્રાસબદ્ધ કવિતા જોઇશે કે પ્રાસવિનાની (Blankverse) તે સ્પષ્ટ જણાવશો. પ્રાસબદ્ધ કવિતા અમારાથી બની શકશે નહિ. અમારાથી અનુપ્રાસ મેળવી શકાતા નથી. તોપણ પ્રાસવિનાની કવિતા જેટલી કહેશો તેટલી લખી શકીશું. હમણાં ખોશનબીસ—સુતે ' જીમૂતનાદવધ ' નામના એક કાવ્યનો પ્રથમ ખંડ લખી રાખ્યો છે. એ કાવ્ય બહુધા મેઘનાદવધને મળતુંજ છે—માત્ર તેમાંનાં ચાર નામમાંજ ફેરફાર કરવામાં આવ્યો છે. પસંદ કરશો ?

જો લઘુ ગુરૂ અને ખોશનબીસી રચના છોડીને કેવળ કમલાકાન્તી ઢબને આપ પસંદ કરતા હો તો તે પણ જણાવશો; મારૂં લખેલું ધૂળ પત્થર જે કંઇ હશે તે મોકલી આપીશ. ધારણા એવી છે કે તેના બદલામાં અફીણ લેવું. વજન કરાવીને ગોટીએ ગોટી ગણી લઇશ—એક તલભાર છોડીશ નહિ. કેમ આપ રાજી છો ? આપ રાજી હો કે ન હો; પણ હું તો છુંજ.

લિ. અફીણાકાંક્ષી ઉત્તરોત્સુક,

શ્રીયુત કમલાકાન્ત ચક્રવર્તી.

પત્ર ૨ જો—પૉલિટિક્સ.

આપના શ્રી ચરણમાં પ્રણામ. અફીણ પહોંચ્યું છે. આપે પુષ્કળ અફીણ મોકલાવ્યું છે. શ્રી ચરણમાં પ્રણામ—પુનઃ પુનઃ પ્રણામ. હજી થોડું અફીણ મોકલાવશો.

પણ આપના ચરણકમળમાંથી કમલાકાન્ત તરફ આવી કઠિન આજ્ઞા શા માટે મોકલવામાં આવી તે હું સમજી શકતો નથી. આપ લખો છો કે "હાલમાં નવા કાયદાને લીધે લોકો પૉલિટિક્સ (રાજનૈતિક વિષય) વિષે બહુજ થોડું લખે છે. તમો કાંઇક લખો તો ઘણું સારૂં." એમ શા માટે, મહાશય! મેં એવાં શાં પાપ કર્યાં હોય કે પૉલિટિક્સરૂપી પત્થર મારીને મારૂં માથું ફોડું? કમલાકાન્ત બિચારો દરિદ્ર બ્રાહ્મણ, તેને શા માટે પૉલિટિક્સ વિષે લખવાની આજ્ઞા કરો છો? કમલાકાંત સ્વાર્થી માણસ નથી. અફીણ સિવાય મને જગતમાં બીજો કોઇ સ્વાર્થ નથી. મારા જેવા ગરીબ ઉપર શામાટે પૉલિટિક્સ-રૂપી બોજો લાદો છો? શું હું રાજા છું? શું હું ખુશામતીઓ છું? શું હું જુગારી છું? શું હું ભિખારી છું? શું હું પત્રનો અધિપતિ છું કે મને પૉલિટિક્સ વિષે લખવાનું કહો છો? આપે મારૂં દફતર તો વાંચ્યું હશે. તેમાં મારી સ્થૂલ બુદ્ધિનું એક પણ ચિહ્ન તમારી નજરે પડયું કે મને પૉલિટિક્સ વિષે લખવા કહ્યું? અલબત, મેં અફીણની ખાતર આપની ખુશામત કરી હશે પણ એ ઉપરથી એમ તો નજ સમજવું કે હું એવો સ્વાર્થપરાયણ, નીચ ખુશામતીઓ છું કે પૉલિટિક્સ ઉપર લેખ લખું! ધિક્કાર છે તમારા અધિપતિ-ઓને! ધિક્કાર છે આપે કરેલા અફીણના દાનને! આપ હજી પણ સમજી શક્યા નહિ કે કમલાકાન્ત એક ઉચ્ચ આદર્શ ધરાવનાર કવિ છે. કમલાકાંત પામર પૉલિટિશિયન નથી.

આપની આ આજ્ઞા મળ્યા પછી હું અત્યંત ખિન્ન ચિત્તે એક પડી ગએલા વૃક્ષની ડાળ ઉપર બેઠો અને "બંગદર્શન" ના તંત્રીની બુદ્ધિમાં થએલી વિપરીતતા વિષે વિચાર કરવા લાગ્યો. શું કરૂં? ગમે તેમ કરીને પણ સવાપાશેર અફીણનો કસુંબો મેં ઉતારી દીધો છે. સામે ગબુ ઘાંચીનું ઘર છે—ઘરના આંગણામાં બે ત્રણ બળદ બાંધેલા છે—ઘાંચણના હાથે તલની સાનીની જોડે મેળવાયલો ખોળનો ભૂકો ખાઇને આંખો મીંચીને બળદ વાગોળતા બેઠા છે. આ દશ્ય જોઇને મને કંઇક શાંતિ વળી. અહીં તો પૉલિટિક્સ નથી. આ ઘાંચીની કોઢની અંદર બાંધેલા બિચારા બળદ પૉલિટિક્સ રહિત અકૃત્રિમ સુખ ભોગવતા બેઠા છે. તેમને જોઇને મને સંતોષ થાય છે. તોપણ અફીણના અમલને લીધે પ્રસન્ન મનથી લોકોનું પૉલિટિક્સના વિષય તરફ થતું વલણ હું મારા મનમાં વિચારવા લાગ્યો. મને આ વખતે વિદ્યાસુંદરના નાટકનું એક ગાયન યાદ આવે છેઃ—

મુંગાભાઇ કહે બોલું બોલ,
લંગડશા કહે મૂકું દોટ;
તમે કહો હું બનું પંડિત,
એ ત્રણેની એકજ રીત. વાહ ! વાહ ! વાહ !

આપણા લોકોની વૃત્તિ હમણાં પૉલિટિક્સ તરફ ગઇ છે. દરરોજ થોડી થોડી પૉલિટિક્સ જોઇએજ. પણ બોબડાની વાક્ચાતુર્યની કામના, લંગડાની દોડવાની અભિલાષા, આંધળાની ચિત્રો જોવાની લાલસા, અને બિચારી હિંદુ વિધવાની સ્વામિસ્નેહની આકાંક્ષા અને પત્નીનો પ્રેમ ભોગવવાની મારા મનની ઇચ્છા એ સર્વ માત્ર ઉપહાસજ કરાવનાર છે; કેમકે તે કદી પણ ફળીભૂત થનાર નથી. પૉલિટિક્સ—પૉલિટિક્સ કરનારા ભાઇઓ ! હું કમલાકાન્ત ચક્રવર્તી તમારા ભલાની એક વાત કહું છું તે સાંભળો. સિપાઇને સાસરૂં તો છે, પણ

જે પ્રજાને માત્ર સત્તર સ્વારોએ જિતીને પરાધીન કરી તેને વળી પૉલિટિક્સ કેવી? જય રાધેકૃષ્ણ! ભગવાન તમારૂં ભલું કરશે! અમે ભૂખ્યા તમારે આંગણે ઉભા છીએ. મૂઠી નાખશો કે બા? આ તેમની પૉલિટિક્સ!! એ સિવાયની બીજી પૉલિટિક્સ કે જે ઝાડપર ઉગે છે, તેનાં તો બીજ પણ આ દેશની જમીનમાં અંકુરિત થવાનો સંભવ નથી.

આ પ્રમાણે હું વિચાર કરતો બેઠો હતો એવામાં મેં જોયું કે ગમુ ઘાંચીનો પૌત્ર જેની ઉમ્મર દશ વર્ષની છે તે એક શકોરામાં ભાત લાવી ઓટલે બેસીને ખાવા લાગ્યો. તેને દૂરથી એક કાબરચિતરા કુતરાએ જોયો. જોઇને થોડી વાર ઉભો રહ્યો. પછી નિરાશ થઇને જીભ બહાર કહાડવા લાગ્યો. ધોળાં જુઇનાં ફૂલ જેવો ભાત કાંસાના પાત્રમાં શોભી રહ્યો હતો—કૂતરાના પેટ તરફ જોયું તો વેંતવેંતના ખાડા પડેલા હતા. કૂતરો બિચારો ઉભો ઉભો ટગરટગર જોવા લાગ્યો. પછી આળસ મરડીને કાન ફફડાવ્યા. ત્યાર પછી બહુ વિચાર કરી કરીને ડરતો ડરતો એક એક પગલું આગળ આવવા લાગ્યો, અને ઘાંચીના છોકરાના ભાતથી ભરેલા મોં તરફ આડી નજરે જોતો જાય અને બ્હીતો બ્હીતો એક પગલું આગળ ભરતો જાય. અફીણના પ્રતાપથી મને દિવ્ય ચક્ષુ પ્રાપ્ત થયાં. મેં જોયું કે આ પૉલિટિક્સ ચાલે છે અને કૂતરો મહાન્ પૉલિટિશ્યન છે. પછી ઘણો વિચાર કરીને એકાગ્ર ચિત્તે બેસીને મેં જોયું કે કૂતરાએ એક પક્કા પૉલિટિશ્યનની ચાલ ચાલવી શરૂ કરી હતી. કૂતરાએ જોયું કે ઘાંચીનો છોકરો કાંઇ બોલતો નથી, ઘણો દયાળુ લાગે છે એટલે તે ધીરે ધીરે તેની પાસે જઇને લાંબા પગ કરીને બેઠો. પછી પૂછડી હલાવવા લાગ્યો અને ઘાંચીના છોકરાના સામું જોઇ પુષ્કળ હાંફવા લાગ્યો. તેનું દુર્બળ શરીર, ચોંટી ગયેલું પેટ, દયામણી નજર અને તેના મોંમાંથી વારંવાર નીકળતા નિઃશ્વાસ જોઇને ઘાંચીના છોકરાને તેના પર દયા આવી. કૂતરાનું

'પોલિટિકલ એજીટેશન' (રાજનૈતિક આંદોલન) સફળ થયું. ઘાંચીના છોકરાએ માછલીના હાડકાના એક ટુકડાને સારી પેઠે ચુસી લીધા પછી કૂતરા તરફ નાખ્યો. કૂતરાએ અત્યંત આનંદથી ઘેલછામાં આવી જઇને તેને ચાટવાનું, ચાવવાનું, ગળવાનું અને પચાવવાનું કામ શરૂ કર્યું. આનંદને લીધે તેનાં નેત્રો ચળકવા લાગ્યાં.

જ્યારે આ માછલીના હાડકાના ભક્ષણનું મહાન કાર્ય ઉત્તમ પ્રકારે સમાપ્ત થયું ત્યારે તે સુચતુર પૉલિટિશ્યનના મનમાં ઇચ્છા થઇ કે બીજો એક ટુકડો મળે તો કેવું સારૂં? એવો વિચાર કરીને પૉલિટિશ્યન છોકરાના મોં તરફ ટીકી ટીકીને જોવા લાગ્યો. જોયું તો છોકરો ભાતમાં આમલી અને મરચાંનું પાણી ચોળીને સપાટાબંધ શીરાવતો બેઠો છે; અને કૂતરા તરફ નજર પણ નાખતો નથી. હવે કૂતરાએ એક 'બોલ્ડ મુવ' (હિંમતભર્યું પગલું) લીધું. કેમ ન લે? ગમે તેવો પણ પૉલિટિશ્યન! આવી રાજનીતિના બળ ઉપર આધાર રાખીને તે એક પગલું આગળ આવીને બેઠો અને નિઃશ્વાસ નાખવા લાગ્યો; તો પણ ઘાંચીના છોકરાએ તેના તરફ જોયું નહિ. ત્યાર પછી તે ઝીણે ઝીણે સ્વરે રડવા લાગ્યો. જાણે કહેતો હોય કે; "હે રાજાધિરાજ ઘાંચી કુમાર! આ ગરીબનું પેટ ભરાયું નથી." આ સાંભળીને ઘાંચીના છોકરાએ તેના તરફ જોયું. માછલી તો ન હતી પણ ભાતનું એક ઢેફું તેના તરફ ફેંક્યું. જે આનંદથી પોતાના નંદનવનમાં બેસીને ઇંદ્ર અમૃતપાન કરે છે, જે સુખથી કાર્ડિનલ વુલ્સીએ અને કાર્ડિનલ જૅરંજે પોતાની કાર્ડિનલની ટોપી ધારણ કરી હતી તેટલાજ આનંદથી તે કૂતરો ભાત ખાવા લાગ્યો. એવામાં ઘાંચણ ઘરમાંથી બહાર આવી. છોકરાની પાસે બેસીને કૂતરો લપક લપક ભાત ખાય છે એ ઘાંચણથી સહન થયું નહિ. તેનાં નેત્ર ક્રોધથી લાલચોળ થઇ ગયાં, અને એક ઈંટનું રોડું ઉપાડીને તેણે કૂતરા તરફ જોરથી ફેંક્યું.

બિચારો પૉલિટિસ્યન માર ખાઇને પાછલા બે પગ વચ્ચે ઘણીજ કાળજીથી પોતાની પૂછડી છૂપાવીને અનેક પ્રકારની રાગરાગણીના આલાપ મારતો મારતો ત્યાંથી પલાયન કરી ગયો.

એવામાં એક બીજો બનાવ મારી દૃષ્ટિએ પડ્યો. જ્યારે પામર કૂતરો પોતાના પેટનેમાટે અનેક પ્રકારનું ચાતુર્ય બતાવી રહ્યા હતો તેજ વખતે એક હૃષ્ટપુષ્ટ ગોધો આવીને ઘાંચીએ બળદને નાખેલા ખોતાના વાસણમાં મોં ઘાલીને મરજીમાં આવે તેટલું ખાવા લાગ્યો. બળદ ગોધાનાં ભયંકર શીંગડાં અને પ્રચંડ દેહ જોઇને ડરી ગયો અને વાસણમાંથી પોતાનું મોઢું કહાડી લીધું તથા તેની ભોજન કરવાની કુશળતા ભયપૂર્ણ નેત્રે નિહાળવા લાગ્યો. કૂતરાને પત્થર મારી હાંકી કહાડી ઘાંચણ આ નવીન ચોર તરફ વળી અને એક લાકડી લઇને ગોધાને મસાણ તરફ જવાની સલાહ આપતી આપતી તેના તરફ દોડતી આવી; પણ મસાણે જવાની વાત તો બાજુએ રહી અને ગોધો એક ડગલું પણ ત્યાંથી ખસ્યો નહિ. જેવી ઘાંચણ તેની પાસે આવી એટલે તરત જ તેણે પોતાનાં લાંબાં શીંગડાં હલાવ્યાં અને તેની છાતીમાં પોતાનાં શીંગડાંની અણી કેવી સહેલાઇથી પ્રવેશ કરી શકશે તેનું સૂચન કરવા લાગ્યો. ઘાંચણ રણસંગ્રામમાંથી પાછી હઠી અને ઘરમાં પેસી જઇને બારણાં બંધ કરી દીધાં. ગોધો પણ પોતાની ફુરસદે ઇચ્છા પ્રમાણે ખોતાનો આહાર કરી ડોલતો ડોલતો પોતાને મુકામે ચાલ્યો ગયો.

મને વિચાર આવ્યો કે આ પણ એક પૉલિટિક્સ છે. મેં બે પ્રકારની પૉલિટિક્સ જોઇ; એક કૂતરાની અને બીજી ગોધાની. બિસ્માર્ક એ ગોધાની પદ્ધતિ ગ્રહણ કરનાર પૉલિટિસ્યન છે અને વુલ્સીથી માંડીને આપણા પરમપ્રિય રાવબહાદુર ઢોલકપ્રસાદ શર્મા સુધીના બધા કૂતરાની પદ્ધતિ ગ્રહણ કરનારા પૉલિટિસ્યનો છે.

આપનો,

કમલાકાન્ત ચક્રવર્તી.

પત્ર ૩ જો—ભારતવાસીઓનું મનુષ્યત્વ.

મહાશય ! આપને શું લખું ? લખવામાં વિઘ્ન નાખનાર અનેક દુશ્મનો ભમે છે. હું હમણાં જે ભાગાતૂટા ઘરમાં રહું છું તેની પાસે મારા દુર્ભાગ્યે બે ત્રણ ફૂલના છોડ ઉગી નીકળ્યા છે. મને વિચાર આવે છે કે આ કમલાકાંતને કોઇ સગું વહાલું નથી ત્યારે આ પુષ્પો મારાં સખા અને સખીઓ થશે; કેમકે ખુશામત કર્યાથી એ કાંઇ પ્રફુલ્લિત થતાં નથી, એમને મેળવવા માટે રૂપીઆ ખર્ચવાની જરૂર પડતી નથી, એમને અલંકાર પહેરાવવા પડતા નથી, એમને પ્રસન્ન કરવાને જુઠાં વખાણ કરવાની જરૂર નથી, તેઓ પોતાના નિજાનંદવડેજ પ્રફુલ્લિત થાય છે. એમના મુખમાં હાસ્ય છે, રોદન નથી; આનંદ છે, ક્રોધ નથી. એવો પણ વિચાર આવે છે કે પ્રસન્ન ગોવાલણે મારો ત્યાગ કર્યો તો ફિકર નહિ; હવે હું આ પુષ્પો સાથે પ્રેમ જોડીશ.

એટલામાં પુષ્પો પણ ખીલ્યાં–હસવા લાગ્યાં. તંત્રી સાહેબ ! મને એક વિચાર આવ્યો ! પણ વિચાર આવ્યો ન આવ્યો એટલામાં તો તે ખીલેલાં ફૂલને જોતાં વારજ ભમરાનાં ઝુંડનાં ઝુંડ–હજારો પતંગીઆં મધમાખીઓ અને બીજાં અનેક પ્રકારનાં રસશોધક રસિકોનાં ટોળે ટોળાં મારા બારણા આગળ આવીને હાજર થયાં. પછી ગણ ગણ, ભણ ભણ, ઝણ ઝણ, ગનન ગનન કરીને તેઓ મને ત્રાસ આપવા લાગ્યાં. તેમને મેં ઘણાંએ સમજાવ્યાં કે, " સદ્ગૃહસ્થો ! આ સભા નથી, સમાજ નથી, ઍસોશિયેશન, લીગ, સોસાઇટી, કલબ એવું કાંઇજ નથી; આતો માત્ર કમલાકાંતની પર્ણકુટી છે. આપને જો ગનનન ગનનન કરવું હોય તો બીજે કોઇ ઠેકાણે જાઓ.

હમણાં હું કોઇ રેઝૉલ્યુશન (ઠરાવ) પસાર કરાવવા તૈયાર નથી; માટે આપ કોઇ બીજે ઠેકાણે સિધારો; પણ એ ગણુગુણ ભણુણુ કરનારા ગૃહસ્થો કોઇ રીતે જવાને કબુલ થયાજ નહિ. ઉલટા તેઓ પુષ્પના છોડ ઉપરથી ઉડીને મારી પર્ણકુટી ઉપર હુમલો કરવા લાગ્યા. મેં આપને પત્ર લખવાનું કામ તો હમણાંજ શરૂ કર્યું (હમણાં અફી-ણનો અમલ ઉતરવા આવ્યો છે) એટલામાં તો એક કાજળ જેવો કાળો ભમરો ભૂઉંઉં કરીને ઘરમાં દાખલ થયો અને મારા કાન પાસે આવીને ગણુગણુવા લાગ્યો. તંત્રી મહાશય ! કહેશો ! હું આપને પત્ર શી રીતે લખી શકું ?

ભમરાજી મનમાં એમ સમજે છે કે પોતે ઘણા રસિક અને છટાદાર વક્તા છે; અને તેના ગણુગણાટથી મારા આખા શરીરમાં આનંદની લહરી ફેલાઇ જઇને મને ઘણોજ સંતોષ થશે. મારાજ આંગણાનાં ફૂલની પાંખડીઓ તોડીને મારાજ કાન પાસે ગણુગણાટ મચાવી મૂકે છે. મારો ક્રોધ એકદમ બૉઇલિંગ પૉઇંટ પર ગયો. મેં પંખો લઇને તેની સાથે યુદ્ધ આરંભ્યું, પછી મેં ઘૂર્ણન, વિઘૂર્ણન, સંઘૂર્ણન વગેરે વિવિધ દાવપેચ કરી પંખારૂપી શસ્ત્ર ચલાવવા માંડ્યું. ભમરો પણ ડીન, ઉડ્ડીન, પ્રડીન, સમાડીન વગેરે તરેહ તરેહના પેંતરા ભરીને પોતાની ચાલાકી બતાવવા લાગ્યો. હું કમલાકાંત ચક્રવર્તી—દફતર મુક્તાવલીનો લેખક છું; પરંતુ મનુષ્ય તે મનુષ્યજ ! મનુષ્યનું પરાક્રમ અત્યંત તુચ્છ છે ! તેનું બળ અત્યંત અલ્પ છે ! હે મનુષ્ય-વીર્ય ! ધિક્કાર છે તને ! તું પરાપૂર્વથીજ મનુષ્યને ઠગીને તારી અસારતા સાબીત કરતું આવ્યું છે. તેં ઝામાના યુદ્ધમાં હેનીબાલને, પલટોવાના યુદ્ધમાં ચાર્લ્સને, વૉટર્લુના યુદ્ધમાં નેપોલિયનને અને આજે ભમર-સાથેના યુદ્ધમાં કમલાકાંત ચક્રવર્તીને ફસાવ્યો છે. હું જેમ જેમ પંખો હલાવીને વાયુને ગતિમાન કરીને ભ્રમરને ઉડાડી મૂકવા લાગ્યો, તેમ

તેમ તે દુષ્ટ ફરી ફરીને મારા માથાની પાસે આવીને ભણભણાટ કરવા લાગ્યો. કોઇ વાર તે મારાં કપડાંમાં સંતાઇ જઇને વાદળામાં છૂપાઇને લડતા ઇન્દ્રજિતની પેઠે મારી સાથે યુદ્ધ કરવા લાગ્યો, તો કોઇ વાર કુંભકર્ણ સાથે યુદ્ધ કરતા રામચંદ્રના સૈન્યની માફક મારી બગલ આગળ આવીને મને ચીડવવા લાગ્યો. કોઇ વખત જાણે મારૂં પરાક્રમ સૅમસનની માફક મારી ચોટલીમાં રહ્યું હોય તેમ સમજીને મારા મેઘ જેવા કાળા વાંકડીયા વાળમાંજ ભરાઇ બેસીને ભેરીનાદ કરવા લાગ્યો. પછી તે કદાચ મને કરડી બેસે તેવા ભયથી મેંજ સમરાંગણમાંથી પલાયન કર્યું. ભમરાએ પણ મારી પૂઠ લીધી. એવામાં અધુરામાં પુરૂં ઉમરાની ઠોકર વાગવાથી કમલાકાંત "**पपात धरणी-तले.**" આ સંસારરૂપી જંગમાં મહારથી કમલાકાંત ચક્રવર્તી જેમણે દારિદ્ર, હંમેશનું વાંઢાપણું અને અફીણ વગેરેની સામે યુદ્ધમાં કદિ પણ હાર ખાધી ન હતી; તેમનો અફસોસ! એક સાધારણ જીવડાને હાથે પરાજય થયો.

પછી ધૂળ ખંખેરીને હું ઉઠી ઉભો થયો અને ભ્રમરરાજની ક્ષમા પ્રાર્થના કરવા લાગ્યો:–"હે ભ્રમરકુલભૂષણ! આ ગરીબ બ્રાહ્મણે તમારો શો અપરાધ કર્યો કે તમે તેના લખવામાં ખલેલ કરવા આવ્યા? જુઓ, હું બંગદર્શનના અધિપતિને પત્ર લખવા બેઠો છું; પત્ર લખીશ તો અફીણ મળશે. તમે શા માટે ગણગણાટ કરીને તેમાં વિઘ્ન કરવા આવો છો?" મેં આજે સવારમાં એક બંગાળી નાટક વાંચ્યું હતું; તેથી એકાએક નાટકની ધૂનમાં હું ભ્રમરને કહેવા લાગ્યો:–"હે ભૃંગ! હે અનંગરંગના તરંગમાં વિક્ષેપ કરનાર! હે ઉદ્યાનવિહારી! તમે શા માટે ભણભણાટ કરો છો? હે ભૃંગ! હે દ્વિરેફ! હે ષટ્પદ! હે અલે! હે ભ્રમર! હે ભમરા! હે ભણભણ!"–

આ ભ્રમરસહસ્ત્ર નામના પાઠથી ભમરો એકદમ પ્રસન્ન થઇ

ગયો અને મારી સામે આવીને બેઠો. વળી પાછો ગણુગણુ કરીને ગળું સાફ કરીને બોલવા લાગ્યો. મને પણ અગ્નિના પ્રતાપથી સર્વે પ્રાણીઓની ભાષા સમજવાની શક્તિ પ્રાપ્ત થઇ હતી એટલે હું સ્થિર ચિત્તે સાંભળવા લાગ્યો.

ભ્રમરરાજે બોલવા માંડ્યું; "હે વિપ્ર ! મારા ઉપર આટલો ગુસ્સો શા માટે ? હું શું એકલોજ ગણુગણું છું ? આ હિંદુસ્તાનમાં જન્મીને હવે ગણુગણીએ નહિ તો બીજું કરીએ શું ? કયો હિંદુસ્તાની ભણુભણાટ નથી કરતો ? ક્યા હિંદુસ્તાનવાસીએ ભણુભણાટ છોડીને બીજો ધંધો શરૂ કર્યો ? તમારામાં જેઓ રાજા મહારાજાઓ અને ઑનરેબલો છે તેઓ કાઉન્સિલમાં બેસીને ગણુગણાટ નથી કરતા ? જેમને રાવબહાદુર અથવા સર થવાની અભિલાષા છે તેઓ શું સાહેબ લોકોની પાસે બેસીને ભણુભણાટ નથી કરતા ? જેઓ માત્ર નોકરીનીજ ઉમેદ રાખે છે તેમના ભણુભણાટનો તો પારજ નથી. હિંદુસ્તાનના શિક્ષિતો જેઓ થોડાં વર્ષ સુધી અંગ્રેજી શીખ્યા છે, તેઓ તો હાથમાં સિફારસની ચિઠ્ઠીઓ લઇ દરવાજે દરવાજે ભણુ-ભણાટ કરતા ફરે છે. તેઓ મચ્છરની માફક ખાતાંપીતાં, ઉઠતાં બેઠતાં, હાલતાં ચાલતાં, રાત દહાડો, સવાર, બપોર ને સાંજ હરઘડી ભણુ-ભણાટજ કરતા રહે છે. જેઓ નોકરી ન કરતાં સ્વતંત્રપણે વકીલ, બારિસ્ટર તરીકે ધંધો કરે છે, તેઓ સનંદી ભણુભણાટ કરે છે. સાચા જૂઠાના સાગરસંગમમાં પ્રાતઃસ્નાન કર્યા પછી જ્યાં લાકડાના અથવા સળીઆના પાંજરામાં માથે "વીગ" પહેરીને હાઇકોર્ટના જડ્જો, જીલ્લા જડ્જો, સબ જડ્જો, ડેપ્યુટીઓ, મુનસફો વગેરે બેઠા હોય ત્યાં જઇને ભણુભણાટનો ફુઆરો છોડી મૂકે છે. કેટલાક એમ સમજતા હોય છે કે ભણુભણાટ કરવાથી દેશનો ઉદય થશે તેથી તેઓ નાના મોટાને એકઠા કરીને ગણુગણવા માંડે છે. દેશમાં દુકાળ પડયો, ચાલો

ભાઇ જરા ભણભણીએ. આપણા લોકોને ઘણી ઉંચી નોકરીઓ આપવામાં આવતી નથી, માટે ચાલો આપણે બધા એકઠા થઇને ગણગણાટ કરીએ. અમુક ગૃહસ્થની મા મરી ગઇ, ચાલો ભાઇ તેના સ્મરણાર્થે જરા ભણભણીએ. કેટલાકને તો આથી પણ સંતોષ નથી થતો. તેઓ તો કાગળ, ખડીઓ અને કલમ લઇને દર અઠવાડીએ, દરમહિને કે દરરોજ ભણભણાટ કર્યાજ કરે છે; અને ભાઇ મારા ગણગણાટથી આટલા ચીડાઇ જાઓ છો, પણ તમે પોતેજ હમણાં શું કરવા બેઠા છો ? બંગદર્શનના અધિપતિની પાસે થોડુંક અફીણ મેળવવાની લાલચે તમે પણ ગણગણવાજ બેઠા છો ને ! તો પછી મારો ગણગણાટ તમને આટલો કંટાળો શા માટે ઉપજાવે છે ? "

" હે કમલાકાંત ચક્રવર્તી ! હું તમને સત્ય વાત કહું છું. તમે લોકો જે ગણગણાટ ભણભણાટ કરો છો તે અમને પણ પસંદ નથી આવતો. જુઓ અમે જીવડાં છીએ તોપણ અમે માત્ર ગણગણાટજ કરીને બેસી રહેતાં નથી. અમે મધ પ્રાપ્ત કરીએ છીએ અને અમારો ડંખ વાપરવાનો અભ્યાસ કરીએ છીએ. તમને નથી આવડતું મધ મેળવતાં કે નથી આવડતો ડંખ વાપરતાં ! ફક્ત બણબણાટજ કરો છો ! તમને કામ તો એકકે કરતાં આવડતુંજ નથી, માત્ર બાઇડીઓની માફક સવાર સાંજ છેડો વાળીને રડતાં કકળતાંજ આવડે છે. **હવે તમે જરા બકબકાટ અને લખાપડી છોડીને ઉપયોગી અને વ્યાવહારિક કામ કરવા મંડો તો ઠીક. તેમ કરશો તોજ તમારૂં શ્રેય થશે.** મધ મેળવતાં શીખો. જરાક ડંખનો ચટકો લગાવતાં શીખો. તમારી જીભ કરતાં અમારો ડંખ વિશેષ સામર્થ્ય ધરાવે છે. તમારાં વાક્યબાણથી કોઇ મરતું નથી પણ અમારા ડંખથી તો તમે બધાજ હરહંમેશ ડરતા રહો છો. સ્વર્ગમાં જેમ ઇન્દ્રનું હથિયાર વજ્ર છે, પૃથ્વી ઉપર જેમ અંગ્રેજોનું હથિયાર તેમની

તોપ છે; તેમ આકાશમાર્ગમાં અમારો ડંખ પણ એક પ્રબળ હથિયાર છે, માટે મારૂં કહેવું એમ છે કે મધ એકઠું કરતાં શીખો. કામમાં લક્ષ પરોવો અને જો તમારી જીભમાં થતી ચળને લીધે તમારૂં લક્ષ કામમાં નજ પરોવાતું હોય તો બહેતર છે કે તમે તમારી જીભને કાપી નાખો. તેમ કરશો તો જરૂર કામમાં ચિત્ત પરોવાશે અને ખાલી બણબણાટ કરવા ઉપરથી તમારૂં મન ઉઠી જશે. ”

આટલું બોલીને ભ્રમરરાજ ભુંઉઉઉં કરીને ઉડી ગયો.

મેં પછી વિચાર કર્યો કે આ ભમરો અલબત્ત ઘણોજ જ્ઞાની જંતુ છે. આપણે જાણીએ છીએ કે મનુષ્યોમાં જેમ જેમ પદવૃદ્ધિ થતી જાય છે તેમ તેમ તે વધારે વધારે ડાહ્યો મનાતો જાય છે. એટલા માટે બે પદવાળાં મનુષ્યો કરતાં ચાર પદ વાળાં પશુઓ વિશેષ ડહાપણ વાળાં હોવાં જોઇએ. ત્યારે આ ભમરો તો ષટ્પદ છે, એક નહિ બે નહિ પણ ષટ્ પદ એટલે ૭ પદ વાળો છે. ખરેખર એ ૭ પદવાળો જીવ ઘણોજ જ્ઞાની હોવો જોઇએ, એ વાત એના પદની અસામાન્ય સંખ્યા ઉપરથી સિદ્ધ થાય છે. એવા સુચતુર, મહાજ્ઞાની ભ્રમરની સલાહની અવગણના કેમ કરાય ? માટે આજથી હું મારો ગણગણાટ બંધ કરૂં છું; પણ મધ મેળવવાની તૃષ્ણા હું તજી શકતો નથી. બંગદર્શન રૂપી પુષ્પમાંથી અશીણ રૂપી મધ પ્રાપ્ત થશે એવી ઉમેદથી જીવન ધારણ કરી રહ્યો છું.

આપનો આજ્ઞાધીન

કમલાકાંત ચક્રવર્તી.

પત્ર ૪ થો—ઘડપણની વાતો.

અધિપતિ સાહેબ ! મને આજે અફીણ મળ્યું નથી. ઘણું દુઃખ થાય છે. આજે હું જે કાંઇ લખું છું તે ફાટે ડોળે લખું છું, મારી પોતાની બુદ્ધિવડે લખું છું—અફીણની ચમત્કારિક શક્તિવડે નહિ. આજે તો હું મારા વીતકની કથા લખું છું.

આજે ઘડપણની વાત લખું છું. લખવાનું મન તો ઘણુંએ થાય છે પણ લખી શકતો નથી. દારૂણ દુઃખની કથા મને ઘણી પ્રિય લાગે એ બનવા જોગ છે. પોતાના વીતકની, મર્મભેદક દુઃખની કથા દરેકને પ્રિય હોય છે; પણ આ બાબત હું લખીશ તોપણ વાંચશે કોણ ? એ પ્રશ્ન છે. હાલ તો યુવાન વર્ગજ વાંચવાનો શોખ ધરાવે છે. મોટી ઉમ્મરના લોકો તો બીલકુલ વાંચતાજ નથી. આથી મને લાગે છે કે મારી ઘડપણને લગતી વાતો આપના વાચક વર્ગમાંથી કોઈ વાંચશે નહિ.

માટે હું ખરેખરા ઘડપણની વાતો લખતો નથી—લખી શકતો પણ નથી. વૈતરણીની તરંગમાલાથી ધોવાતા જીવનના ઓવારાના છેલ્લા પગથીઆ ઉપર મેં હજી મારો પગ મૂક્યો નથી. તેની પેલી પાર જવાને જે દ્રવ્ય જોઇએ તેની એક પાઇ પણ હું કમાઇ શક્યો નથી. મને હજી વિશ્વાસ છે કે એ દિવસ હજી ઘણો દૂર છે; તોપણ જુવાની ઉપરથી મેં મારો દાવો છોડયો છે; જો કે મારી કેદની બધી મુદ્દત હજી ખતમ થઇ નથી. કેદની મુદ્દત પૂરી થશે તોપણ મારે ઘણું દેવું પતાવવાનું બાકી રહેશે, તેની મને થોડી ઘણી ચિંતા રહે છે. યૌવનને સલામ કરી છેવટની ફારગતી લઇ શક્યો નથી. એ સિવાય હજી મહાજનનું મારી પાસે કેટલુંક લેણું છે. દુષ્કાળના

વર્ષોમાં મેં ઘણું અનાજ ઉછીનું લીધું છે; તે દેવું પણ હું અદા કરી શક્યો નથી—અરે અદા કરવાની મારામાં શક્તિ પણ નથી. વળી વૈતરણીની સામી પાર જવાને માટે પણ પૈસા એકઠા કરવાનો વખત આવી લાગ્યો છે. મારી આ સમયની દુઃખની બે ચાર વાતો કહું તો તમે તમારાં યૌવનનાં સુખ બાજુ પર મૂકી સાંભળશો ખરા ?

પ્રથમ સત્યનો નિર્ણય કરવાની જરૂર છે કે, હું જુવાન છું કે વૃદ્ધ છું ? મેં આ સવાલ મારે એકલાને માટે ઉઠાવ્યો છે એમ નથી. હું વૃદ્ધ છું અગર જુવાન છું એ બેમાંથી એક વાત તો મંજુર રાખવીજ પડશે; પણ જેમની સ્થિતિ એવી છે કે જેઓ જુવાન ન ગણાય તેમ ઘરડા પણ ન કહેવાય, જેમનો જુવાનીનો સૂર્ય પશ્ચિમ દિશા તરફ ઝુકવા લાગ્યો છે, જેમના જીવનના પડછાયા પૂર્વ દિશા તરફ લંબાવા લાગ્યા છે તેમને હું પૂછું છું કે ભાઇ ! તમે વિચાર કરીને કહો કે તમે યુવાન છો કે વૃદ્ધ ? અલબત, આપના વાળ આજે પણ ભ્રમર જેવા કાળા અને સુંદર છે, આપના દાંત અવિચ્છિન્ન મોતીની સેર જેવા શોભી રહ્યા છે, આપની નિદ્રા આજે પણ એવી ગાઢ છે કે નૂતન પત્નીના ઢંઢોળવાથી પણ તમે જાગી શકતા નથી; તો પણ મારે કહેવું જોઇએ કે તમે ઘરડાજ થયા છો અથવા તો આપના વાળ ગંગા જમના જેવા કાંઇક સફેદ-કાળા થયા છે, દાંતની હારો કોઇ કોઇ ઠેકાણેથી તૂટવા લાગી છે, તેમાંથી એકાદ બે મોતીના દાણા ખરી પડયા છે, આપની નિદ્રા નેત્રની વિડંબનાતુલ્ય બનવા આવી છે તો પણ તમે યુવાન છો. તમે પૂછશો કે મારા કહેવાનો અર્થ શો ? એનો અર્થ “ ઘડપણ ઉમ્મરથી નથી મપાતું પણ જ્ઞાનથી મપાય છે ” એમ પણ હું કહેવા નથી માગતો. હું અત્ર જ્ઞાનની ચર્ચા કરતો નથી; ઘડપણનીજ ચર્ચા કરૂં છું. ઘડપણ એ વધેલી ઉમ્મરનું પરિણામ છે; બીજું કાંઇ

નથી. કોઇ માણસ ચાળીશ વર્ષે વૃદ્ધ થાય છે તો કોઇ માણસ એતાળીશ વર્ષની ઉમ્મરે પણ યુવાન રહે છે. ઉમ્મરમાંજ વિશેષતા છે એવું તમે કદિ પણ જોઇ શકશો નહિ. જે માણસ પિસ્તાળીશ વર્ષની ઉમ્મરે પોતાને યુવાન કહેવડાવે છે તે કાંતો મૃત્યુથી અત્યંત ડરતો હોવો જોઇએ અથવા બીજી કે ત્રીજી વારની ધણીયાણીનો પતિ હોવો જોઇએ. જે પાંત્રીશ વર્ષે પોતાને ઘરડામાં ખપાવવા મથે છે તેને કાંતો ઘડપણ પસંદ છે, કાંતો બિમાર છે અથવા તો તે કોઇ પ્રકારના ભારે સંકટથી પીડાતો હોવો જોઇએ.

પણ જીવનની અડધી મજલ પર આવી પહોંચ્યા પછી ચશ્મા હાથમાં લઇ રૂમાલ વડે સાફ કરીને જુઓ અને વિચાર કરીને કહો કે હું વૃદ્ધ છું કે યુવાન? કદાચ હું વૃદ્ધ થયો હઇશ અને નહિ પણ થયો હોઉં. મારૂં મન સાક્ષી પૂરે છે કે આંખે સૂઝતું હોય યા ન સૂઝતું હોય, માથે તાલ પડી હોય યા ન પડી હોય તોપણ હું હજી સુધી વૃદ્ધ કહેવાઉં નહિ. કેમ વારૂ? કોઇ પણ વૃદ્ધ થયું નથી ત્યારે હુંજ એકલો શાને વૃદ્ધ થાઉં? આ સનાતન કાળથી ચાલ્યું આવતું વિશ્વ આજે પણ નવીન સરખુંજ છે. મારી પ્રિય કોકિલાનો મધુર ટુહુકાર હજી વૃદ્ધ થયો નથી. ગંગા નદીની સુંદર, હીરાકણી જેવી ચળકતી કોમલ તરંગમાલામાં હજી ઘડપણે પ્રવેશ કર્યો નથી. પ્રભાતના પહોરનો શીતળ, સુખકર વાયુ; બકુલ, ચંપો વગેરે સુગંધી પુષ્પો; વૃક્ષની લીલી, હરિયાળી ઘટા; નક્ષત્રમાલાનો ચળકાટ એ વગેરે સર્વે હજી જેવાં ને તેવાંજ સુંદર અને મોહક છે; તેમનામાં ઘડપણની છાયા પણ આવી નથી; તો શું હુંજ એકલો વૃદ્ધ? નહિ, હું એ વાત કદિ પણ માનીશ નહિ. જગતમાં તો હજી પણ હાસ્ય અને આનંદના ફુવારા ઉછળી રહ્યા છે. શું મારા એકલાનાજ હસવાના દિવસ પૂરા થયા? પૃથ્વી ઉપર ઉત્સાહ, ક્રીડા, આનંદ હજી જેવાં ને

તેવાં ચાલે છે તો તે શું મારે માટેજ બંધ થયાં ? આખું જગત તેજો-મય છે. શું મારેજ ઘોર અમાવાસ્યાની રાત્રિ ? નહિજ. સુલેમાન ચશ્માંવાળાની દુકાનનું સત્યાનાશ જજો ! હું મારાં ચશ્માં આજેજ ભાંગી નાખું છું અને છાતી ઠોકીને કહું છું કે હું ઘરડો થયો નથી.

પણ મુશ્કેલીની વાત તો એ છે કે હું સ્વીકાર કરૂં યા ન કરૂં, તો પણ ઘડપણ મારો પીછો છોડતું નથી. ધીમે ધીમે દરરોજ—પળે પળે ઘડપણ રૂપી ચોર મારા દેહરૂપી શરીરમાં પ્રવેશ કરતોજ જાય છે. આયુષ્ય ક્ષીણ થતું જાય છે. જુવાનીનો કિનારો દૂર જતો જાય છે. હું કરોડ વાર કહું કે હું ઘરડો નથી પણ મારો પ્રત્યેક નિઃશ્વાસ ઘડપણ આવ્યું છે એવી સાક્ષી પૂરે છે. બીજા લોક હસે છે પણ હું તો માત્ર હોઠ હલાવીનેજ તેમને રાજી રાખું છું. લોકો ગાય છે, નાચે છે ત્યારે હું પણ ઘરડો નથી થયો એમ બતાવવાને, મારી જુવાનીનો ઉલ્લાસ હજી જેવો ને તેવોજ છે એવો ડોળ કરવાને તેમની મિજલસોમાં સામેલ થાઉં છું. બીજાઓ જ્યારે રડે છે ત્યારે હું લોકલજ્જાના ભયથી ભારેખમ થઈને બેસું છું; પણ સાચું પૂછો તો હસવા બોલવામાં કે ગાવા વગાડવામાં મારૂં હૃદય હવે આનંદ નથી ભોગવતું. મારામાં હવે ઉત્સાહ, ઉલ્લાસ નથી રહ્યા. આશાનો અર્થ મારે માટે આત્મપ્રતારણાજ છે. મારે માટે આશા, વિશ્વાસ એમાંનું કશું છેજ નહિ. જે છેજ નાહ તેને માટે મિથ્યા વલખાં શા-માટે મારવાં ?

વલખાં માર્યાથી શું વળે ? જે પુષ્પોની માલા મારી જીવન-રૂપી વાડીને શોભા આપતી હતી તેની પાંખડીઓ માર્ગમાં એક પછી એક ખરી ગઈ. જે સદાય હસતાં વદન મને અતિ પ્રિય લાગતાં હતાં તે એક પછી એક અદ્દશ્ય થઈ ગયાં ! અને કેટલાંક છે તે પણ ગ્રીષ્મ ઋતુના પ્રખર તાપને લીધે ચીમળાઇ જતાં પુષ્પ જેવાં મ્લાન

થઇ ગયાં છે. આ ભાગ્યાં તૂટયાં ભવનોમાં, આ નિરાનંદ થએલી નાટયશાલામાં, આ પરિત્યક્ત થએલી મિજલસોમાં ઉજ્જ્વલ દીપમાલા ક્યાં છે? એક પછી એક હવે બુઝાઇ ગઇ. માત્ર વદનજ નહિ પણ હૃદય સુદ્ધાં! તે સરલ, પ્રેમથી છલકાતાં, વિશ્વાસભર્યાં, મૈત્રીપૂર્ણ, અપરાધ થયા છતાં સર્વદા પ્રસન્ન રહેનાર એવાં સ્નેહી હૃદય પણ ગયાં! એમાં કોઇનો દોષ નથી. મારો દોષ નથી. સ્નેહીઓનો પણ દોષ નથી. માત્ર વયનો અથવા યમરાજનોજ દોષ છે.

વારૂ, તો એથી નુકસાન શું થયું! એકલો આવ્યો હતો અને એકલો જઇશ, તેમાં ચિન્તા શી છે? આ જીવ પણ પરિપૂર્ણ મારો થયો નહિ. ઠીક, રામ રામ! હે પૃથ્વી તું તારી નિયમિત કક્ષામાં રહીને ઘૂમતી રહેજે. હું મારા ઇષ્ટ સ્થાને જાઉં છું. તારો અને મારો સંબંધ તૂટે છે. હે મૃણ્મયી! હે વસુંધરા! હે જડસૃષ્ટિના ભારથી દબાયલી પૃથ્વી! તેમાં તને પણ નુકસાન શું છે? મને પણ શું નુકસાન છે? તું અનંત કાલ પર્યંત શૂન્ય માર્ગમાં ભ્રમણ કર્યા કરજે: હું થોડાદિવસ ભ્રમણ કરીશ, ત્યાર પછી તને છેલ્લા રામ રામ કરી જેની સમીપમાં સર્વ જ્વાલાઓ શાંત થાય છે તેની પાસે જઇને મારા અંતરની જ્વાલાનો અંત લાવીશ.

ત્યારે હવે એક વાત તો નક્કી થઇ ગઈ કે હું ઘરડો થઇ ચૂકયો છું; ત્યારે હવે મારૂં કર્ત્તવ્ય શું છે? કેટલાક મૂર્ખ લોકો કહી ગયા છે કે, "**पंचाशदूर्ध्वं वनं व्रजेत्**" (પચાસ ઉપરની વય થતાં વનમાં જવું) અરે ભાઈ? વન કયાં છે? આ અવસ્થામાં તો સર્વ પ્રકારના ભોગવિલાસથી પૂર્ણ મોટા મોટા ભવ્ય મહેલો કે જે શોભા અને મનુષ્યની દોડધામથી નવ જુવાન પુરુષોને પ્રસન્ન કરે એવા છે તે પણ મારે મનથી જંગલ જેવાજ લાગે છે. હે યુવાન વાંચકો! તમારે ને મારે આ બાબતમાં મતભેદ પડયા વગર રહેશે નહિ. તમારૂં હૃદય મારા

હૃદયનો મેળ કરશે નહિ. જ્યારે કોઇના ઉપર અમુક પ્રકારની વિપત્તિ આવી પડે છે. ત્યારે લોકો ઘરડા માણસને પૂછે છે કે; " હે ડોસા તેં ઘણા જમાના જોયા છે. આવે પ્રસંગે શું કરવું જોઇએ તે અમને કહે." પણ સુખના આનંદના પ્રસંગે કોઇ એમ કહેવા નથી આવતું કે; "ડોસા ! આજ અમારો આનંદનો દિવસ છે. તું અમારી પાસે આવ અને અમારા આનંદમાં ભાગ લે." ઉલટું એમજ બને છે કે એવા ખુશાલીના કલ્લોલ કરવાના પ્રસંગે રખેને એ વાત ડોસાના જાણવામાં આવે તેની કાળજી રાખવામાં આવે છે, ત્યારે ભાઇ, આ જંગલ નહિ તો બીજું શું ?

હે પ્રૌઢ વયના વાચકો ! જ્યાં તમે પ્રથમ સ્નેહ અને વિશ્વાસ પ્રાપ્ત કરતા હતા ત્યાં તમે હવે માત્ર ભય અને કોઇક વખત ભક્તિના પાત્ર થાઓ છો. જે પુત્ર તમારી જુવાનીના સમયમાં અને તેના બાળપણના સમયમાં તમારી સાથે તમારીજ પથારીમાં સૂતો હતો અને અર્ધનિદ્રિત અવસ્થામાં પોતાના નાના હાથવડે તમને શોધી કહાડીને તમારે ગળે વળગતો હતો તે આજ તમારી ખબર પણ લેતો નથી અને " મારા પિતા કેમ છે ?" એવું માત્ર લોકોને પૂછીનેજ પોતાને કૃતકૃત્ય માને છે. કોઇ પરાયા બાલકની સુંદરતા ઉપર મોહિત થઇને તમે તેને ખોળામાં બેસાડીને રમાડયો હશે, તમે તેના ઉપર પ્રેમ રાખ્યો હશે તે આજ કાલક્રમે મોટો થતાં પોતાની નિર્દોષ ખુબસુરતી ગુમાવી બેઠો છે અને કદાચ મહા પાપી થઇને પૃથ્વી ઉપર પાપનો પ્રવાહ વહેવડાવી રહ્યો છે. કદાચ તે તમારી નિંદા પણ કરતો હશે. તમે શું કરી શકો છો ? તમે 'એટલુંજ બોલીને બેસી રહો છો કે મેં એને ખોળામાં લઇ રમાડયો હતો; ખાંધે બેસાડીને ફેરવ્યો હતો. તમે જેને ખોળે બેસાડીને 'ક' 'ખ' શીખવ્યા હતા તે આજે કદાચ પ્રતિષ્ઠિત લેખક બની ગયો હશે અને તમારી મૂર્ખતા સંભારી

મનમાં તમારો ઉપહાસ પણ કરતો હશે. જેને તમે એક વાર તુચ્છ માનતા હતા તેજ હવે તમને તુચ્છ માને છે. જેને તમે એક વારની નિશાળમાં ભરવાની ફી આપીને ભણવામાં સહાય આપી હતી તેજ આજ તમને પૈસા ધીરે છે અને ધીરેલાં નાણાં પેટે તમારી પાસે વ્યાજ લે છે. તમે જેને શિખવતા હતા તેજ આજ તમને શિખવવા તૈયાર થાય છે. હવે બોલો, આ જંગલ નહિતો બીજું શું ?

અંતર્ગત વાતો એક બાજુએ રાખી બહારનાજ જગત્ તરફ નજર કરીએ. જે ઠેકાણે તમે તમારે પોતાને હાથે બગીચો બનાવ્યો હતો, પસંદ કરી કરીને ગુલાબના છોડ, ચમેલી, ડોલર તથા બીજા અનેક જાતના વિલાયતી રોપાઓ ઘણી મહેનતે રોપ્યા હતા, જેમને તમે તમારે હાથે ઝારી લઇને પાણી સિંચ્યું હતું ત્યાં તમે આજે જઇને જુઓ. તમારાં ગુલાબ અને ચમેલી સુકાઇ ગયાં છે અને જ્યાં એક વાર રમણીય બગીચો હતો ત્યાં આજે ચણા વટાણાનાં વાવેતર થાય છે અને રામો પટેલ પોતાના મોટાં શીંગડાંવાળા બળદને ગીત લલકારતો ખેતી કરી રહ્યો છે, તેના હળની અણી તમારા હૃદયમાં આરપાર પેસી જતી નથી ? તમારી જુવાનીના વખતમાં મનમાં અનેક પ્રકારની અભિલાષાઓ પોષીને, મનોરથો રચીને, મહાપ્રયત્ને તમારા ઉપભોગમાટે સુંદર હવેલી બંધાવી હતી; જેમાં મનોહર પલંગ બિછાવીને નેત્રે નેત્ર અને અધરે અધર મિલાવીને તમારી બાલપ્રણયિની સાથે આ જીવનમાં કદિ પણ લુપ્ત ન થાય એવા પવિત્ર પ્રેમયુક્ત સંભાષણ કર્યું હતું, આજે ત્યાં જઇને જુઓ; તે તમારી હવેલીની ઈંટોના ટુકડા ગધેડા પર લદાઇને કોઇના તબેલાનું ભોંયતળીયું બનાવવાના કામમાં વપરાવા જાય છે. તમારા પલંગના ટુકડાવડે એક બાઇ રસોઇ કરતી બેઠી છે. આ અરણ્ય નહિ તો બીજું શું ?

સંતાપ ઉપર સંતાપ! હું જેને જુવાનીમાં ઘણો સુંદર જોતો હતો તે આજે ઘણોજ વિરૂપ બની ગયો છે. મારો પરમ મિત્ર સુંદરલાલ તેની જુવાનીના પુર બહારમાં જ્યારે હતો ત્યારે અક્કડને અક્કડ ફરતો. કેટલીએ સ્ત્રીઓ પાણી ભરતાં તેનું રૂપ અને ભભકો જોઇને મોહિત થતી અને **નમઃ શિવાય** એમ કહેવાને બદલે **નમઃ સુંદરલાલાય** એવું બોલી જતી. તે સુંદરલાલને આજે જઇને જુઓ. તેનું વદન કરમાઇ ગયું છે, માથે પળીયાં આવી ગયાં છે, દાંત પડી ગયા છે, ચામડી ઝુલી ગઈ છે અને શરીર સુકાઇને જીર્ણશીર્ણ થઇ ગયું છે. એ સુંદરલાલ એક બાટલી બ્રાંડી અને ત્રણ શેર બિસ્કુટ વગર નાસ્તો કરતો ન હતો, તે સુંદરલાલ આજે તિલક છાપાં લગાવતા ભગતરાજ થયા છે, રામનામી ઓઢે છે અને જમતી વેળા કોઇ મદ્ય માંસનું નામ દે તો પીરસેલી થાળી પણ મૂકીને ઉઠી જાય છે. હવે જંગલમાં શું બાકી રહ્યું

પેલી સુમનગૌરીને જુઓ. એ સુમનગૌરી જ્યારે નાની હતી અને મારી વાડીમાં ફૂલ ચોરી જવા આવતી તે વખતની તેના દેહની શોભા, લાવણ્ય, ચપળતા, કોમળતા યાદ કરો. તેને જોઇને મને એમજ થતું કે નંદનવનનું કોઇ પારિજાત વૃક્ષજ પુષ્પો સહિત ઉપાડીને અહીંઆં આણ્યું હોવું જોઇએ. તેની અલકાવલિ સાથે વાયુ અડપલાં કરતો હતો. ગુલાબના કાંટા તેના સાળુમાં પ્રવેશ કરી રસકેલિ કરતા હતા. હાય ! એજ સુમનગૌરી કેવી થઇ છે તે જુઓ તો ખરા ! આજે છોકરાંને ગાળો દેતી, મારતી, પીટતી, તરતની વિઆયલી કૂત્તરીજેવી દાળ ઝાડકવા બેઠી છે ! તેનાં કપડાં મેલાં અને પચાસ થીંગડાંવાળાં છે. તેનાં લટીયાં લુખાં ઉડતાં ફરે છે, દાંત પડી ગયા છે, નિસ્તેજ આંખો ઉંડી પેસી ગએલી છે, હોઠમાં ફીકાશ આવી છે, ગાલની રતાશ ઉડી ગઇ છે, હાડકાં દેખાય છે, કંઠમાં કર્કશતા આવી

છે. એજ તે સમયની રૂપની પુતળી સુમનગૌરી ! કહો જોઇએ આ જંગલ નહિ તો બીજું શું ?

ત્યારે હવે એ પણ નક્કી થયું કે વનમાં જવાની જરૂર નથી. ત્યારે હવે કરવું શું ? હિન્દુશાસ્ત્રોમાં બતાવેલા રિવાજ પ્રમાણે કવિ કાલિદાસ કહે છે કે સર્વ ગુણસંપન્ન રઘુવંશના રાજાઓએ પણ ઘડપણ આવતાં મુનિવ્રત ધારણ કર્યું હતું. હું ખાત્રીપૂર્વક કહી શકું છું કે કાલિદાસે રઘુવંશ રચ્યો ત્યારે તે ચાળીશ વર્ષનો નહિ હોય. તેણે પોતાની જુવાનીમાં રઘુવંશ રચ્યો હતો અને ચાળીશ વર્ષની વય થયા પછી કુમારસંભવ રચ્યો હતો. આ વાત તેના રચેલા બે શ્લોક ટાંકીને સિદ્ધ કરી બતાવીશ.

પહેલો શ્લોક રઘુવંશ માંહેલા અજવિલાપનોઃ—

श्वसमुच्छ्वसितालकं मुखं तव विश्रांतकथं दुनोति माम् ॥
निशि सुप्तमिवैकपंकजं निरताभ्यन्तरषट्पदस्वनम् ॥

વાયુની લહરીથી તારી અલકાવલિ ફરફરી રહી છે; માત્ર તારૂં વાણી રહિત મુખ, રાત્રિએ બીડાયલા ભ્રમરના ગુંજન રહિત કમળ જેવું જે દેખાય છે તે મને વ્યથા આપે છે.

આ યૌવનનું રુદન છે.

હવે કુમાર સંભવમાંનો રતિવિલાપનો એક શ્લોક જુઓઃ—

गत एव न ते निवर्तते स सखा दीप इवानिलाहतः ॥
अहमस्य दशेव पश्य मामविषह्य व्यसनेन धूमिताम् ॥

રતિ મદનના સખા વસંતને કહે છે કે, “ તમારો મિત્ર વાયુથી હોલવાઇ ગએલા દીવાની માફક (પરલોકમાં) જતો રહ્યો છે; હવે તે પાછો આવતો નથી અને હું હોલવાયલા દીવાની વાટ જેમ ધુમાડાવાળી થાય તેવી દુઃખને લીધે થઇ છું તે જુઓ.

આ ઘડપણના રુદનનું દૃષ્ટાંત.

વારુ, મારા કહેવાનું તાત્પર્ય એ છે કે કાલિદાસને રઘુવંશ લખતી વખતે જો ઘડપણના ગૌરવપૂર્ણ કર્તવ્યનું ભાન હોત તો તે વૃદ્ધ પુરુષોએ મુનિવ્રત લેવું જોઇએ એવું લખી જાત નહિ. બિસ્માર્ક અને ફ્રેડરિક વૃદ્ધ હતા. તેમણે જો મુનિવ્રત ધારણ કર્યું હોત તો જર્મન પ્રજાનું દૃઢ બંધારણ ક્યાંથી થાત? ટિયર પણ વૃદ્ધ હતો. તેણે જો મુનિવ્રત લીધું હોત તો ફ્રાન્સની સ્વતંત્રતા અને પ્રજાસત્તાક રાજ્યતંત્ર કેવી રીતે યોજાત? ગ્લૅડસ્ટન અને ડિસ્રાયલી વૃદ્ધ હતા. તેમણે મુનિવ્રત લીધું હોત તો પાર્લમેન્ટની સુધારણા અને આઇરિશ ચર્ચની ડિસ-એસ્ટાબ્લિશમેંટ કોણ કરત?

ઘડપણ તો ખરેખરૂં મહત્ત્વનું કાર્ય કરવાનો સમય છે. ઘડપણ એટલે "નિર્બળ અને બોખા ડાચાવાળું ચોથી સ્થિતિએ પહોંચેલું માનવ શરીર" એમ સમજવું નહિ. એ હાલતને તો બીજું બચપણજ કહેવાય. જેઓ જુવાન નથી તેમ છેક ઘરડા પણ નથી તેવા માણસને વિષે હું બોલું છું. યૌવન એ કાર્ય કરવાનો સમય તો છેજ પણ એ વખતે કામ જેવું જોઇએ તેવું થઇ શકતું નથી. એક તો તે વખતે બુદ્ધિ અપરિપક્વ હોય છે; વળી રાગ, દ્વેષ અને ભોગવાસનાનું બળ પણ વિશેષ હોય છે અને યુવાન સ્ત્રીઓની પાછળ ફાંફાં મારવાથી યુવાન પુરુષોને હંમેશાં પ્રતિષ્ઠા ગુમાવવાની દહેશત પણ રહે છે. આથી કરીને જુવાનીમાં કોઇ કોઇ અલૌકિક શક્તિવાળા પુરુષો સિવાય ઘણા ખરા સારી રીતે કામ કરી શકતા નથી; પણ યૌવનકાળ પૂરો થયા પછી મનુષ્ય દીર્ઘદર્શી થાય છે, તેની બુદ્ધિ ઠરેલ બને છે, પ્રતિષ્ઠા મેળવે છે અને ભોગવાસનાનું બળ ઘટે છે તેથી તે સમય કોઈ પણ મહત્ત્વના કામને ઘણો યોગ્ય છે, માટે મારી સલાહ છે કે ઘડપણ આવ્યું એમ સમજીને કોઇએ પોતાના કર્તવ્યનો ત્યાગ કરી મુનિવ્રત લેવા તરફ વૃત્તિ દોડાવવી નહિ. ઘડપણમાં પણ સંસારની સેવા કરવી.

તમે કદાચ કહેશો કે એ વાત કહેવાની જરૂરજ નથી. કોઇ પણ માણસ જીવતા સુધી અથવા અશક્ત થતા સુધી સાંસારિક કાર્યનો ત્યાગ કરતોજ નથી. માનું દૂધ ધાવવા માંડે ત્યાંથી તે છેવટનું વસીયતનામું કરતાં સુધી માણસ સંસારનું કાર્ય કદી પડતું મૂકતોજ નથી; પણ હું એવા કામકાજમાં પ્રૌઢ ઉમ્મરના પુરુષોને જોડવા ચહાતો નથી. આપણે જુવાનીમાં જે કામ કરીએ છીએ તે આપણે માટેજ કરીએ છીએ. માટે જુવાની ગયા પછી જે કામ કરીએ તે પારકાનાજ ભલા માટે થવાં જોઇએ, એજ મારી સલાહ છે. એમ ન સમજવું કે હજી સુધી આપણું પોતાનું કામ તો પૂરૂં થયું નથી ને બીજાનું કામ શી રીતે કરીએ ? આપણું કામ તો કદી પૂરૂં થયું પણ નથી અને થવાનું પણ નથી. મનુષ્ય-જીવન એક લાખ વર્ષ પર્યંત લંબાય તો પણ કોઇ એમ નહિ કહે કે હવે મારૂં કામ પૂર્ણ થયું. મનુષ્યની સ્વાર્થપરાયણુતાની સીમા નથી—અંત નથી; માટે ઘડપણ આવે એટલે આપણું કામ પૂરૂં થયું સમજીને પરમાર્થનુંજ કોઇ કાર્ય હાથમાં લેવું. એવું મુનિવ્રત તેજ ખરૂં મુનિવ્રત, જાતિ, સમાજ, સ્વદેશ અને સ્વધર્મની ઉન્નતિ કરવામાં મદદ કરવી એજ ખરૂં મુનિ-વ્રત; ન કે જંગલમાં જઇને પંચાગ્નિ તાપીને અથવા બીજી અનેક રીતે શરીરને કષ્ટ આપવું. સત્ય મુનિવ્રત ગ્રહણ કરો.

તમે વખતે એમ કહેશો કે ઘડપણમાં પણ જો આપણે સ્વાર્થનાં અથવા પરમાર્થનાં કામમાંજ મચ્યા રહીએ તો પછી ઇશ્વરસ્મરણ ક્યારે કરવું ! પરલોક માટે તૈયારી ક્યારે કરવી ? હું એના જવાબમાં એમ કહું છું કે પરલોકમાટે તો બાળપણથીજ તૈયારી કરતા રહેવું જોઇએ. બાળપણથીજ જગદીશ્વરને હૃદયમાં પધરાવવા જોઇએ. જે કાર્ય સર્વ કાર્ય કરતાં શ્રેષ્ઠ છે તે કાર્યને ઘડપણ ઉપર શાસારૂ મુલતવી રાખવું ? બાળપણ, કિશોરાવસ્થા, યૌવન અને વાર્ધક્ય, સર્વ અવસ્થાંામ

ઇશ્વરનું ભજન તો કરવુંજ જોઇએ. એને માટે કાંઇ ખાસ અવસરનું પ્રયોજન નથી. એ કાર્ય કરવામાં–કોઇ પણ બીજું કાર્ય વિઘ્નરૂપ થઈ શકેજ નહિ; એટલુંજ નહિ પણ ઇશ્વરભક્તિની સાથે સાથે આપણે જે જે કાર્ય કરીશું તે સર્વ મંગલદાયક, યશસ્કર અને વિશુદ્ધ થશે.

મને એમ લાગે છે કે ઘણાને આ વાત રૂચશે નહિ. કોઇ એમ પણ કહેશે કે થોડી વારપર તો સુમનગૌરીના લાવણ્યની વાત કહી અને એટલામાં ઇશ્વરભક્તિનું પ્રકરણ ક્યાંથી નીકળ્યું? હમણાં તો ધડપણની ઢીંકી વડે 'બંગદર્શન'ને માટે મમરા ખાંડવા માંડયા હતા અને એટલામાં શિવનું સ્તવન કરવાનું ક્યાંથી સૂઝયું? મારી ભૂલ થઇ હશે એ હું કબુલ કરૂંછું પણ એમ થાય છે ખરૂં; બધા પ્રકારનાં કાર્ય કરતાં કરતાં ઇશ્વરસ્તવન કરવું સારૂંજ છે.

ઠીક હોય યા ન હોય પણ ધડપણનો કશો ઇલાજ નથી. તમારી સુમનગૌરીઓ, પ્રસન્નમનગૌરીઓ, હેમલતાઓ, કનકલતાઓ હવે મારા સામું જોતી પણ નથી. મારો પડછાયો પડતાં પણ તેમને સુગ આવે છે. તમારા મિલ, કૅાંત, સ્પેન્સર, બર્ક હવે મારા મનને તૃપ્તિ આપી શકતા નથી. તમારી ફિલસુફી, સાયન્સ મને કુચા જેવાં, આંધળાના શિકાર જેવાં લાગે છે. આ વર્ષાના અંધકારમય દિવસમાં, આ કાલરાત્રિના છેલ્લા ચોઘડીઆમાં, આ નક્ષત્રહીન અમાવાસ્યાની કાળી ઘટાટોપ રાત્રિએ મારો કોણ બેલી છે? આ ભવ–નદીના ભાઠાની ગરમ ગરમ રેતીમાં, પ્રખર વેગવાળી વૈતરણીના ભયંકર વમળવાળા પ્રવાહમાં, આ દુસ્તર સંસારસાગરની પ્રબલ તરંગમાલાના આઘાતમાંથી મારૂં રક્ષણ કરનાર કોણ છે? પવન ઘણા જોરથી, પ્રચંડ વેગથી વાય છે. પ્રભો! ચારે દિશાએ અંધકાર છે. મારી ક્ષુદ્ર હોડી દુષ્કૃત્યના બોજાથી ઘણી ભારે થઇ ગઇ છે. મારો કોણ બેલી થશે? પ્રભો! તુંજ.

આપનો

કમલાકાન્ત ચક્રવર્તી.

પત્ર ૫ મો—કમલાકાંતની વિદાય

અધિપતિ સાહેબ ! રજા લઉં છું. આજથી લખવું બંધ કરૂં છું. આપણે બન્યું નહિ. આપની સાથે મારો મેળ ન બેઠો. આપના વાચકો સાથે મારો મેળ ન બેઠો. આ સંસારની સાથે પણ મારે બન્યું નહિ. ખુદ મારી સાથે પણ મારે બન્યું નહિ. બસ હવે રામ રામ ! હવે કશુંય લખવું નથી. બેસુરી વાંસળી તે વાગી શકતી હશે ? વાંસળી વાગું વાગું કરે છે પણ વાગતી જ નથી. વાંસળી ફાટી ગઇ છે. હે હૃદય—બંશી ! તું વાગ જોઇએ. એક વાર તો વાગ. હાય ! તને પણ એવુંજ વાગતાં આવડે છે કે ? તને પણ શું તેજ તાન યાદ આવે છે કે ? તું પણ એક વાર હતી તેવી નથી રહી અને હું પણ નથી રહ્યો. તારામાં સળો પેઠો છે તેમ મારામાં પણ પેઠો છે. મારામાં એવું શું છે કે સળો પેઠો ? તે હું જાણતો નથી. હવે મારો અસલનો સ્વર રહ્યો નથી એટલે શું વગાડું ? હવે તે રસ રહ્યો નથી એટલે મારૂં સાંભળે પણ કોણ ? હે હૃદય ! એક-વાર તો વાગ. આ સંસાર—બહેરો, ધનની ધુનથી ઘેલો થએલો સંસાર, મૂઢ સંસાર ! તેવા સંસારને હું મારા મનની વાતો શી રીતે કહું ? કહીશ તો સાંભળશે પણ કોણ ? જ્યારે મારી લખવા જેવી અવ-સ્થા હતી ત્યારે કેટલાએક સમય પૂર્વે મારૂં દફ્તર લખ્યું હતું. હવે આ અવસ્થામાં મારી નીરસ વાતો કોણ સાંભળશે ? હવે કાંઇ તે વસંત પણ નથી ને આ બેસી ગએલા ગળાવાળી કોયલનો ટહુકો પણ કોઇ સાંભળશે નહિ.

સાહેબ ! હવે કશુંએ કહેવાની જરૂર નથી. હવે વગાડવાની પણ જરૂર નથી. ભાંગી તૂટી વાંસળીવડે બેસુરો રાગ કહાડવાની જરૂર

નથી. આ સમયે મારા હસવા સાથે કોઇ હસશે નહિ. મારા રૌદન-સાથે કોઇ પોતાનું રૌદન મિલાવશે પણ નહિ. જુવાનીમાં હસવા-રડવામાં એક પ્રકારની મોજ હતી તેથી લોકો સાથે સાથે હસતા અને રડતા. હાલ તો હાસ્ય અને રૌદન બેઉ ઉપહાસને પાત્ર થાય.

હે અધિપતિ—કુલ—શિરોમણિ ! આપને હું સત્ય વાત કહું છું. કમલાકાંતમાં હવે અસલનો રસ રહ્યો નથી. હવે તે નસીઆણું પણ નથી. તે કસુંબાના જલસા પણ નથી. તે પ્રસન્ન ગોવાલણ પણ કોણ જાણે ક્યાંય હશે ? તેની મંગળા ગાય પણ ક્યાં ગઈ હશે ? ખરેખર, હું તે સમયે—એકલો હતો અને આજે પણ એકલો છું. પણ તે વખતે હું એકલો છતાં એક હજાર જેવો હતો; આજે હું એકલો અડધા જેવડો છું. વારૂ, પણ એકલાને આટ આટલાં બંધન શાને ? જે પક્ષીને પાળી પોષીને ઉછેર્યું હતું તે ક્યારનુંએ મરી ગયું; તેને માટે આજે પણ હું અશ્રુપાત કરૂં છું. જે પુષ્પને મેં વિકસાવ્યું હતું તે ક્યારનુંએ સુકાઇ ગયું છે; તેને માટે પણ આજે હું રડું છું. જે જલબિંબ, એક વેળા નદીના પ્રવાહમાં સૂર્યનાં ઉજ્જ્વલ કિરણથી ચમકતું મેં જોયું હતું તેને માટે પણ હું શોક કરૂં છું. કમલાકાંત સાચા દિલનો સંન્યાસી છે. તેને આવાં બંધન શાને ? આ દેહ સડી જવા લાગ્યો છે, પણ આ હૃદયનાં બંધન કેમ નથી સડતાં ? ઘર ભાગી પડ્યું, પણ આગ હજી હોલવાતી નથી. તળાવ સુકાઇ ગયું છતાં તેના કાદવમાં હજીએ કમળ કેમ ઉગે છે ? તોફાન શમી ગયું, પણ સમુદ્રમાં હજી તરંગાઘાત ચાલુ છે. પુષ્પ કરમાઇ ગયું, પણ સુવાસ હજી ગઇ નથી. સુખ વિલુપ્ત થયું, પણ આશા હજી અમર છે. હજી તેની સ્મૃતિ છે. જીવન છે. પ્રેમ ચાલ્યો ગયો છે, પણ યત્ન હજી ચાલુજ છે. પ્રાણ જતો રહ્યો. હવે પિંડદાન શાને જોઇએ ? કમલાકાંત તો ગયો. જે કમલાકાંત

ચંદ્ર સાથે લગ્ન કરતો, કોકિલા સાથે ગીત ગાતો, પુષ્પોને પરણાવતો તે ચાલ્યો ગયો ત્યારે; હવે કસુંબાનાં રંગ–પાણી શાને જોઇએ? વાંસળી ફાટી ગઇ, હવે સા-રી-ગ-મ શાને? પ્રાણ ગયો, હવે નિઃશ્વાસ કેવો? સુખ ગયું, હવે રડવું શા માટે?

તો પણ હું અશ્રુપાત કરૂં છું જન્મ્યો ત્યારથી રડયો છું અને મરતાં સુધી રડીશ.

"જીવન મળતાં રોયો'તો હું રહું મરતાં સુધી,
રોદન કરવું તેમાં મારે નથી અઘરૂં જરી;
× × × × ×
મુજ જિગરની જ્વાલા અંતે મને સળગાવશે."

લી. અનુગત, સ્વગત, વિગત
કમલાકાન્ત ચક્રવર્તી.

કમલાકાંતની જુબાની.

(ખુશનબીસ જૂનિયર પ્રણીત.)

આ આપણા અફીણી કમલાકાંતના ઘણા દિવસથી બિલકુલ સમાચાર મળ્યા ન હતા. ઘણીએ તપાસ ચલાવી. એકાએક હમણાં તેમને મેં ફોજદારી કચેરીમાં જોયા. મેં જોયું તો એક દરિદ્ર બ્રાહ્મણ ઝાડ તળે તેનાં મૂળીઆંને અઢેલીને નાળિયેરની કાચલીના હુક્કામાંથી આંખો મીંચીને તમાકુ પીતો બેઠો હતો. મને થયું કે ખરેખર આ બ્રાહ્મણે લોભના માર્યા કોઇની અફીણની ડાબલીમાંથી અફીણ ચોર્યું હોવું જોઇએ. કમલાકાંત બીજા કશાની ચોરી કરેજ નહિ. એમની પાસે એક કાળી ડગલીવાળો સિપાઇ ઉભો હતો. હું ત્યાં બહુ વાર ઉભો રહ્યો નહિ, કેમકે વખત છે કમલાકાંતના જામિન થવું પડે. દૂર ઉભો ઉભો તમાસો જોવા લાગ્યો.

થોડી વાર પછી કચેરીના સિપાઇએ કમલાકાંતનું નામ પોકાર્યું; એટલે એક સિપાઇ હાથમાં દંડો હલાવતો હલાવતો તેમને અદાલતમાં લઇ ગયો. હું પણ પાછળ પાછળ ગયો. ઉભાં ઉભાં મેં થોડું ઘણું સાંભળી લીધું. શો મામલો હતો તે પણ મારા સમજવામાં આવી ગયો.

અદાલતમાં રિવાજ પ્રમાણે એક પ્લાટફૉર્મ ઉપર માજીસ્ટ્રેટ સાહેબ બેઠા હતા. તેઓ એક સ્વદેશી ન્યાયમૂર્તિ ધર્માવતાર પુરુષ હતા. તપાસ કરતાં માલમ પડ્યું કે તેઓ ડેપ્યુટિ કલેક્ટરની પદવીએ હતા. કેસ ગાયની ચોરીને લગતો હતો. ફરિયાદી પ્રસન્ન ગોવાલણ હતી.

કમલાકાંતને સાક્ષીના પાંજરામાં ઉભા રાખ્યા, એટલે તેઓશ્રી મંદમંદ હસવા લાગ્યા. સિપાઇએ તેમને ધમકાવ્યા, "હસે છે કેમ?"

કમલાકાંત હાથ જોડીને બોલ્યા; " બાપુ ! મેં કોના ખેતરમાંથી અનાજ ચોરી ખાધું છે કે મને પાંજરામાં પૂર્યો છે ?"

સિપાઇ દાદા કાંઇ આ વાતમાં સમજ્યા નહિ, એટલે તેમણે દાઢી ખંજવાળી કહ્યું; " આ મશ્કરી કરવાની જગા નથી. સોગંદ ખાઓ. "

કમલાકાંતે કહ્યું:—" ખવડાવ, ભાઇ, ખવડાવવા હોય તો. "

પછી શિરસ્તેદાર તેમને સોગંદ ખવડાવવા આવ્યો. તેણે કહ્યું; " બોલો. હું પરમેશ્વરને પ્રત્યક્ષ જાણીને–"

કમલા:—(વિસ્મયથી) " શું બોલું ? "

શિરસ્તે:—"સાંભળ્યું નહિ ? 'પરમેશ્વરને પ્રત્યક્ષ જાણીને'—"

કમલા:—" પરમેશ્વરને પ્રત્યક્ષ જાણીને ? આપ તો ગજબ કરો છો ! "

માજીસ્ટ્રેટે જોયું કે સાક્ષી ગડબડ મચાવી મૂકે છે, તેથી તેમણે પૂછ્યું; " શાનો ગજબ ? "

કમલા:—" પરમેશ્વરને પ્રત્યક્ષ જાણીને–એમ કોણે પરમેશ્વરને પ્રત્યક્ષ જોયો છે ? "

માજી:—" એમ કહેવામાં શી હરકત છે ? સોગંદનામાના ફારમ પર એવું લખ્યું છે. "

કમલા:—" આપ સાહેબ સુજ્ઞ ન્યાયાધીશ છો, પણ એક વાત મારે કહેવી પડે છે કે સાક્ષી પૂરતાં પૂરતાં કોઇ વાર એકાદ બે નજીવી અસત્ય વાતો કહેવાઈ જાય તે તો ઠીકજ, પણ આતો શરૂઆતમાંજ જુઠું બોલવું ? "

માજી:—" એમાં જુઠું શાનું ? "

કમલાકાન્તઃ—(સ્વગત) "તમારામાં આટલી બધી બુદ્ધિ ન હોત તો આવી "પદવૃદ્ધિ" થાત શાની ? (પ્રકટ) ધર્માવતાર ! મને તો એમ લાગે છે કે પરમેશ્વર પ્રત્યક્ષ જોવાય એવા નથી. પછી મારાં નેત્રનો દોષ હોય કે ગમે તેમ હોય; પણ આજ સુધીમાં કદિ પણ પરમેશ્વરને મેં પ્રત્યક્ષ જોયા નથી. કદાચ આપ લોકો કાયદારૂપી ચસ્માં નાકપર ચડાવીને પરમેશ્વરને પ્રત્યક્ષ જોઇ શકતા હશો; પરંતુ જ્યાં સુધી હું પરમેશ્વરને કચેરીના હૉલમાં પ્રત્યક્ષ જોઈ શકતો નથી ત્યાં સુધી હું "પરમેશ્વરને પ્રત્યક્ષ જાણીને" એમ શી રીતે કહી શકું ?"

ફરિયાદીનો વકીલ ચીડાઇ ગયો. તેનો કિંમતી વખત ! મિનિટે મિનિટે રૂપીઓ કમાય ! તે અમૂલ્ય સમય આ કંગાલ સાક્ષી બરબાદ કરતો હતો, તેથી તે તપી જઇને બોલ્યો; "તમારાં Theological Lectures આધ્યાત્મિક પ્રવચનો 'પ્રાર્થના સમાજ'ને માટે રહેવા દો તો ઠીક. અહીં અદાલતમાં તો કાયદાને માન આપીનેજ ચાલવું પડશે."

કમલાકાંતે તેના તરફ જોયું અને મૃદુ હાસ્ય કરીને પૂછ્યું; "આપ વકીલ છો એમ લાગે છે."

વકીલઃ—(હસીને) "કેમ જાણ્યું ?"

કમલાઃ—"સહેલાઇથી. આપનો સોનાનો અછોડો અને +શામલા ઉપરથી. ઠીક સાહેબ ! આપને માટે મારાં આધ્યાત્મિક ભાષણો નથી. આપ તો અસીલ આવે ત્યારે પરમેશ્વરને પ્રત્યક્ષ દેખતા હશો !"

વકીલ એકદમ ગુસ્સે થઇને ઉભા થયા અને માજીસ્ટ્રેટને કહ્યું; "હું આ સાક્ષીના અપમાનની સામે મારો બચાવ કરવાને નામદાર કૉર્ટનું રક્ષણ માગું છું."

માજીસ્ટ્રેટઃ—"મી. પ્રસન્નારવિંદરામ ! સાહેદ તમારા પોતાના પક્ષનો છે અને તમે તેને રજા આપી શકો એમ છો."

+ એક જાતની બંગાળી પાઘડી.

હવે જો કમલાકાન્તને રજા આપવામાં આવે તો વકીલ સાહેબનો દાવો રદ જાય; તેથી તેઓ સ્વાર્થ વિચારીને ચૂપ થઇ ગયા. કમલાકાન્ત એમ સમજ્યા કે માજીસ્ટ્રેટ કોઇ વટલેલ છે. ખરો આર્ય નથી.

પછી માજીસ્ટ્રેટે સાહેદની પ્રકૃતિથી વાકેફ થવાથી સિરસ્તેદારને હુકમ કર્યો. "સાહેદ સોગંદ લેવાનો વાંધો લે છે એને Simple affirmation આપો. "

શિરસ્તેદારે કમલાકાન્તને કહ્યું; " ચાલો એ વાત જવા દો, બોલો; ' હું પ્રતિજ્ઞા કરૂં છું. ' "

કમલાઃ—" શેની પ્રતિજ્ઞા લેવાની તે પહેલેથી કહો તો વધારે સારૂં. "

શિરસ્તેદારે માજીસ્ટ્રેટ તરફ ફરીને કહ્યું; " સાહેબ, સાહેદ ઘણો જક્કી છે. "

વકીલ સાહેબ પાન ચાવતા ચાવતા બોલ્યા; " Very obstructive. "

કમલાઃ—" (વકીલને) શેની પ્રતિજ્ઞા કરવાની છે તે જાણ્યા વગર પ્રતિજ્ઞા કરવી અને કોરા કાગળપર સહી કરવી એ બેઉ બરાબર છે. કચેરીની બહાર એમ ચાલતું હશે પણ કચેરીમાં ચાલે ખરૂં કે ? "

વકીલઃ—" કોરા કાગળપર સહી કરવાનું તમને કોણ કહે છે ? "

કમલાઃ—" ત્યારે શાની પ્રતિજ્ઞા કરવાની છે તે પહેલેથી કહેતા કેમ નથી ? "

માજીસ્ટ્રેટે શિરસ્તદારને કહ્યું:–" એને પહેલેથી પતિજ્ઞાપત્ર વાંચી સંભળાવો. ગરબડ ન થવા દો. શિરસ્તેદારે વાંચ્યું; " સાંભળો, તમારે કહેવાનું એટલુંજ છે કે હું એવી પ્રતિજ્ઞા લઉં છું કે હું જે

સાક્ષી પુરીશ તે સાચીજ પુરીશ. કશું પણ છુપાવીશ નહિ. સાચા સિવાય કશું બોલીશ નહિ."

કમલાઃ—"વાહ ! બહુ મજેની વાત !"

શિરસ્તેદારઃ—"કેમ ? કબુલ છે ?"

કમલાઃ—"હા બોલો, હું બોલું છું."

કમલાકાન્તે પછી વધુ ગરબડ ન મચાવતાં પ્રતિજ્ઞા લીધી. પછી તેમને સવાલ પૂછવા માટે વકીલ સાહેબ ઉભા થયા. લાલચોળ આંખો કરીને તેમણે કરડાઇથી કહ્યું:–"હવે તમારે તમારી બદમાસી બતાવવી નહિ. હું જે પૂછું તેનોજ ઉત્તર આપવો. બીજી નકામી ગરબડ કરવી નહિ."

કમલાઃ—"આપ જે પૂછો તેનોજ જવાબ આપવો? બીજું કાંઇ નહિ ?"

વકીલઃ—"નહિ."

આ ઉપરથી કમલાકાન્તે માજીસ્ટ્રેટને કહ્યું; "સાહેબ, મને હમણાંજ પ્રતિજ્ઞા લેવડાવી કે મારે કશી વાત છૂપી રાખવી નહિ. સાહેબ, બેઅદબી માફ કરજો. આજે મારી શેરીમાં એક ભવાઇ થવાની હતી. મને ઇચ્છા હતી કે હું જોવા જાઉં, પણ તે ઇચ્છા અહીંયાંજ પૂર્ણ થઇ હોય એમ લાગે છે; કારણકે આ વકીલ સાહેબ ભવૈયાના નાયક જેવા છે અને હુ એક ભવૈયો છું. એ જેટલું બોલાવશે તેટલુંજ બોલીશ, અને નહિ બોલાવશે તેટલું આપોઆપ છૂપુંજ રહેશે; માટે મારી પ્રતિજ્ઞાનો ભંગ થાય તે માફ કરજો."

માજીસ્ટ્રેટઃ—"જે કાંઇ કહેવાનું જરૂરનું લાગે તે વગર પૂછે પણ કહી શકાય."

કમલાકાન્તે માજીસ્ટ્રેટને સલામ કરી અને કહ્યું:–"બહુ સારૂં, સાહેબ !" પછી વકીલે તેમને સવાલ કરવા માંડયા; "તમારૂં નામ શું ?"

કમલા:—"કમલાકાન્ત ચક્રવર્તી."

વકીલ:—"તમારા બાપનું નામ શું?"

કમલા:—"કેમ? મારૂં લગ્ન કરવાનો વિચાર કરો છો કે શું?"

વકીલ એકદમ તપી ગયા અને કહ્યું:-"સાહેબ આ કૉર્ટનું અપમાન થાય છે."

કૉર્ટને વકીલની ફજેતી થયેલી જોઈને અસંતોષ થયો ન હતો, તેથી જવાબ આપ્યો: "એ તમારોજ સાક્ષીદ છે."

આ ઉપરથી વકીલ સાહેબ કમલાકાન્ત તરફ બીજી વાર ફર્યા અને કહ્યું; "બોલો તમારે તમારા બાપનું નામ કહેવુંજ પડશે."

કમલાકાન્તે બાપનું નામ કહ્યુ. વકીલે પૂછ્યું; "તમે કોણ "જાતિ" છો?"

કમલા:—"હું નરજાતિ છું."

વકીલ:—"તમે કોણ જાતના છો?"

કમલા:—"હું હિંદુ છું."

વકીલ:—"વર્ણ?"

કમલા:—"કાળો સાહી જેવો."

વકીલ ચાટ પડી ગયા. આવો બાંગડ સાક્ષી! પછી પૂછ્યું; "તમારે ન્યાત છે કે નહિ?"

કમલા:—"છેસ્તો કોણ ચોરી ગયું છે?"

માજીસ્ટ્રેટ સાહેબે જોયું કે વકીલનું કાંઇ વળતું નથી, તેથી તેમણે કહ્યું; "હિંદુઓમાં બ્રાહ્મણ, વાણિયા, માછી, કોળી, ઢેડ ઇત્યાદિ અનેક નાતો છે. તેમાંની કઇ નાતના તમે છો?"

કમલા:—"સાહેબ; વકીલ સાહેબમાં અક્કલ નથી. તેમણે જોયું હશે કે મારી કોટે જનોઇ છે નામપણ ચક્રવર્તી છે, એ ઉપરથી એ ન સમજ્યા કે હું બ્રાહ્મણ છું?"

માજીસ્ટ્રેટે લખી લીધું. પછી વકીલે પૂછ્યું; "તમારી ઉમ્મર કેટલી?"

કચેરીમાં એક ઘડિયાળ હતું તેના તરફ જોઇને મનમાં થોડી-વાર હિસાબ ગણીને કમલાકાન્ત બોલ્યા; "એકાવન વરસ, બે માસ, ત્રણ દિવસ, ચાર કલાક, પાંચમિનિટ—"

વકીલઃ—"નૉન્સેન્સ. તમને કલાક મિનિટ કોણ પૂછે છે?"

કમલાઃ—"હમણાં તો પ્રતિજ્ઞા લેવડાવી કે કશું છૂપું રાખીશ નહિ."

વકીલઃ—"તમારી મરજી. તમને પહોંચાવાનું નથી. વારૂ, તમે ક્યાં રહો છો?"

કમલાઃ—"મારે મુકામ છેજ નહિ."

વકીલઃ—"તમારૂં ઘર ક્યાં?"

કમલાઃ—"મારે ઘર તો શું પણ એક ગોખલો પણ નથી.

વકીલઃ—"ત્યારે ક્યાં રહો છો?"

કમલાઃ—"હું ફાવે ત્યાં ફરતો ફરૂં છું."

વકીલઃ—"તોપણ કોઇને ત્યાં તો રહેતા હશો?"

કમલાઃ—"હા, નસીબાબુ જીવતા હતા ત્યારે તો તેમને ત્યાં રહેતો હતો."

વકીલઃ—"હાલ ક્યાં છો?"

કમલાઃ—"કચેરીમાં."

વકીલઃ—"કાલે ક્યાં હતા?"

કમલાઃ—"એક ઘાંચીની દુકાને."

માજીસ્ટ્રેટ વચ્ચે બોલી ઉઠયા; કૉર્ટનો વખત ગુમાવો નહિ. હું લખું છું કે એને રહેવાનું ઠેકાણું નથી. ચાલો આગળ ચાલવા દો."

વકીલઃ—"તમારો ધંધો શો?"

કમલાઃ—"વળી મારે ધંધો કેવો? હું વકીલ નથી તેમ વેશ્યા પણ નથી?"

વકીલઃ—" ત્યારે ખાઓ છો શી રીતે ?"

કમલાઃ—" ભાતમાં દાળ રેડીને, હાથ વડે કોળીઓ મોમાં મૂકું છું અને ગળે ઉતારૂં છું."

વકીલઃ—" એ દાળભાત ક્યાંથી લાવો છો ?"

કમલાઃ—" ભગવાન આપે છે તો મળે છે નહિ તો કાંઇ નહિ!"

વકીલઃ—" કાંઇ કમાઓ છો ?"

કમલાઃ—" એક પૈસો પણ નહિ."

વકીલઃ—" ત્યારે શું ચોરી કરો છો ?"

કમલા—" તેમ કર્યું હોત તો તો ક્યારનોએ આપની પાસે આવ્યો હોત, અને આપને પણ કાંઈ ભાગ મળ્યો હોત."

વકીલ એકદમ ગુસ્સે થઇ ગયા અને કૉર્ટને કહ્યું; " મારે આ સાક્ષીનું કામ નથી, હું તેને સવાલ પૂછવા માગતો નથી."

પ્રસન્ન ગોવાલણે વકીલના ખભા ઉપર હાથ મૂક્યો અને કહ્યું; " નહિ, એની સાક્ષી બહુ જરૂરની છે. એ બ્રાહ્મણ કદી જુઠું બોલતો નથી એ હું જાણું છું. હંમેશાં સાચું જ કહે છે; માટે જો તમારે એને સવાલ ન પૂછવા હોય તો મને પૂછવા દો. વળી એ બ્રાહ્મણને ધંધો કેવો ? આ ઘર, પેલું ઘર કરતો ફરે છે. તેને વળી કમાવાનું શું પૂછો છો ?"

વકીલે એ ઉપરથી માજીસ્ટ્રેટને કહ્યું; " લખો, ધંધો ભિક્ષા."

કમલાકાન્તને આથી ગુસ્સો ચડયો. શું કમલાકાન્ત ચક્રવર્તી એક ભિખારી છે ? હું ચોકખું કહું છું, હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે મેં કોઇની પાસે કોઇ વખત પણ પાઇ સરખીએ માગી નથી."

હવે પ્રસન્નથી રહેવાયું નહિ. તેણે કહ્યું; " કેમ મહારાજ ! અફીણ નથી માગતા કે ?"

કમલાઃ—"ચલ રે, ધમલા ગોવાળની બાયડી! અફીણ ને પૈસા તે બરાબર! મેં કોઇ દિવસ એક પાઇ સરખી પણ માગી નથી."

માજીસ્ટ્રેટે હસીને પૂછ્યું; "ત્યારે કમલાકાન્ત, તમારો ધંધો શું લખું?"

કમલાકાન્તે નરમ થઇને જવાબ દીધો; "લખો, ધંધો બ્રાહ્મણ-ભોજનનું નિમંત્રણ ગ્રહણ કરવાનો."

બધી કૉર્ટ હસી પડી. માજીસ્ટ્રેટે તેના કહ્યા મુજબ લખ્યું.

વળી પાછા વકીલ સાહેબ સવાલ પૂછવા લાગ્યા; "તમે દુર્યા-દણને ઓળખો છો?"

કમલાઃ—"ના."

પ્રસન્નઃ—"કેમ મહારાજ. આજ કેટલાં વરસ થયાં મારૂં દૂધ, દહીં ખાઓ છો અને કેમ કહો છો કે નથી ઓળખતો?"

કમલાઃ—"તારા દૂધ દહીંને નથી ઓળખતો એવું મેં નથી કહ્યું. તારા દૂધને હું સારી પેઠે ઓળખું છું. જ્યારે શેર દૂધમાં પોણો શેર પાણી જોઉં છું ત્યારે નક્કી જાણું છું કે આ પ્રસન્ન ગોવા-લણનુંજ દૂધ. જ્યારે મલાઇ કહાડી લીધેલા દૂધનું દહીં જોઉછું ત્યારે જાણું છું કે એ પ્રસન્ન ગોવાલણનું દહીં છે. તારા દૂધ દહીંને હું સારી રીતે ઓળખી શકું છું."

પ્રસન્ન જરા લટકો કરીને બોલી; "મારા દૂધ દહીંને ઓળખો છો અને મને પોતાને નથી ઓળખતા કેમ?"

કમલાઃ—"સ્ત્રીજાતિને ઓળખે એવો કોણ છે? તેમાં ખાસ કરીને ગોવાલણ માથે દહીંની મટુકી મૂકીને જતી હોય તેને તો કોની માએ સૂંઠ ખાધી છે કે ઓળખી શકે?"

ત્યાર પછી વકીલ સાહેબે સવાલ પૂછવા શરૂ કર્યાઃ—

"બહુ સારૂં, તમે ફરિયાદણને ઓળખો છો. તમારે એની સાથે કેવા પ્રકારનો સંબંધ છે?"

કમલા:—"વાહ! ખુબ કરી! તમારામાં એટલા ગુણ ન હોત તો તમને વકીલ પણ કોણ બનાવત?"

વકીલ:—"તમે મારામાં શા ગુણ જોયા?"

કમલા:—"બ્રાહ્મણનો અને ગોવાલણનો સંબંધ આપ શોધી રહ્યા છો તે."

વકીલ:—"એવો સંબંધ શું હોઈ શકતો નથી? કોણ જાણે, તમે એના પોષ્ય પુત્ર પણ હોઇ શકો."

કમલા:—"એનો તો નહિ, પણ એની ગાયનો તો છું જ."

વકીલ:—"ઠીક, ઠીક, બહુ સારૂં; તમારે અને ફરિયાદણને સંબંધ છેજ. હવે મારે એ પૂછવાનું છે કે આ કેસની બાબતમાં તમે શું જાણો છો?"

કમલા:—"એટલું જાણું છું કે આ કેસમાં તમે વકીલ છો; પ્રસન્ન ફરિયાદણ છે; હું સાક્ષી છુ; અને પેલો ઉભો છે એ આરોપી છે."

વકીલ:—"તે તો ઠીક, પણ ગાયની ચોરી વિષે તમે શું જાણો છો?"

કમલા:—"ગાયની ચોરી તો મારી સાત પેઢીમાંથી કોઇએ કરી નથી: આપ મને એ કળા શીખવશો? મને દૂધ દહીંની બહુ જરૂર છે."

વકીલ:—"છટ્! હું એમ પૂછું છું કે ગાયને તમે ચોરાતી જોઇ છે?"

કમલા:—"હા, એક દિવસ જોઇ હતી. નસી બાબુની ગાય એક સાળો મોચી—"

વકીલ:—"કેવો બબુચક છે? હું એમ પૂછું છું કે પ્રસન્ન ગોવાલણની ગાય જ્યારે ચોરાઇ તે વખતે તમે હાજર હતા?"

કમલા:—" ના, ચોરમાં એટલી એ અક્કલ ન હોય કે ચોરી કરતાં પહેલાં મને સાક્ષી તરીકે ઉભો રાખ્યા પછીજ ચોરી કરે! તેમ કર્યું હોત તો આપને પણ સહેલું પડત અને મને પણ સહેલું પડત."

પ્રસન્ને જોયું કે વકીલ સાહેબને પૈસા આપેલા ફોકટ ગયા; તેથી તેણે પોતે કામ ઉપાડી લેવાની હિંમત ચલાવી અને વકીલના કાનમાં કહ્યું; " આ બ્રાહ્મણ મુકરદમાને લગતી બધી હકીકતનો સાક્ષી નથી. એ તો માત્ર ગાયનેજ ઓળખે છે."

એટલે વકીલ સાહેબ સમજી ગયા. તેણે એકદમ મોટી ગર્જના કરીને પૂછ્યું; " તમે ગાયને ઓળખો છો ?"

કમલા:—(મધુર હાસ્ય કરીને) " અહાહા ! કેમ ન ઓળખું ? નહિ તો આપની સાથે આવું મિષ્ટ સંભાષણ હું કરીજ કેમ શકત ?"

માજીસ્ટ્રેટને લાગ્યું કે સાક્ષી ઘણી ગરબડ કરે છે, તેથી તેમણે કહ્યું; " એ બધી માથાફોડ જવા દો."

પ્રસન્નની શામલા ગાયને કચેરીના આંગણામાં બાંધી હતી અને તે કચેરીમાં બેઠાં બેઠાં જોઇ શકાય તેવી રીતે ઉભી હતી. તેના તરફ આંગળી કરીને માજીસ્ટ્રેટે પૂછ્યું; "તમે આ ગાયને ઓળખો છો ?"

કમલાકાંતે હાથ જોડીને કહ્યું; " કયી ગાય, સાહેબ ?"

માજીસ્ટ્રેટે કહ્યું; " કયી ગાય ? આ તમારી સામે બાંધી છે તે."

કમલા:—" આપ એકજ ગાય જુઓ છો. પણ મારી નજરે તો ઘણી ગાયો દેખાય છે."

માજીસ્ટ્રેટે જરા ગુસ્સે થયા અને બોલ્યા; " જોતા નથી ? આ શામલા !"

કમલાકાંતે શામલા ગાય તરફ ન જોતાં વકીલ લોકોએ માથે પહેરેલી શામલા નામની પાઘડીઓ તરફ જોઇને કહ્યું; " આ શામલાઓ પણ ચોરીને આણેલી છે કે ?"

હવે માજીસ્ટ્રેટથી કમલાકાંતની નફટાઇ સહન ન થઈ. તેમણે ગુસ્સે થઇને કહ્યું; "તમે કૉર્ટના કામમાં ઘણી અડચણ નાખો છો. કૉર્ટના તિરસ્કાર કરવા માટે તમને પાંચ રૂપીઆ દંડ કરવામાં આવે છે."

કમલાકાંતે નીચા વળીને સલામ કરી, હાથ જોડીને પૂછ્યું; "સાહેબ, બહુ સારૂં, દંડ વસુલ કોણ કરશે ?"

માજીસ્ટ્રેટઃ—"કેમ ?"

કમલાઃ—"દંડ વસુલ કરનારને શી રીતે વસુલ કરવો તે શીખવવું પડશે."

માજીઃ—"શા માટે શીખવવું પડશે ?"

કમલાઃ—"આ લોકમાં તો મારી પાસેથી દંડ વસુલ થાય એમજ નથી; માટે પૂછું છું કે જે માણસ દંડ વસુલ કરવાનું માથે લેશે તે મારી સાથે પરલોકમાં આવશે કે કેમ ?"

માજીઃ—"દંડ નહિ આપશો તો કેદમાં જવું પડશે."

કમલાઃ—"કેટલો વખત કેદમાં જવું પડશે ?"

માજીઃ—"દંડ નહિ આપવા બદલ એક મહિનો."

કમલાઃ—"સાહેબ, મહેરબાની કરીને એકને બદલે બે મહિના કેદમાં ન રહેવા દો ?"

માજીઃ—"વધારે વખત કેદમાં રહેવાનું કેમ પસંદ કરો છો ?"

કમલાઃ—"સાહેબ, આજનો સમય બહુ ખરાબ છે. હમણાં હમણાં બ્રાહ્મણભોજનનાં નિમંત્રણ જવલ્લેજ આવે છે; અને જો તુરંગમાં બે મહિના સુધી નિત્ય બ્રાહ્મણભોજનની વ્યવસ્થા આપ કરી આપશો તો આ ગરીબ બ્રાહ્મણ આપને આશીર્વાદ દેશે."

આવા બાંગડને કેદ કર્યાથી અથવા દંડ કર્યાથી કશું વળનાર નથી એમ જાણી માજીસ્ટ્રેટે હસીને કહ્યું; "જાઓ, હવેથી ધાંધલ નહિ કરો અને સાચે સાચું બોલશો તો હું તમારો દંડ માફ કરીશ.

બોલો, તમે આ ગાયને ઓળખો છો કે નહિ?" આમ કહી માજી-સ્ટ્રેટે એક સિપાઇને હુકમ કર્યો કે ગાયની પાસે જઇને સાહેદને ગાય બતલાવો.

પછી વકીલે પૂછ્યું; "બોલો, તમે આ ગાયને ઓળખો છો?"

કમલાઃ—"તમે પેલી શીંગડાંવાળી ગાયને વિષે પૂછો છો?"

વકીલઃ—"તમે કયી ગાય સમજ્યા?"

કમલાઃ—"હું સમજ્યો કે શામલાવાળી; ઠીક ચાલો, હા, હું એ શીંગડાંવાળી ગાયને ઓળખું છું."

વકીલઃ—"એ ગાય કોની છે?"

કમલાઃ—"મારી."

વકીલઃ—"તમારી?"

કમલાઃ—"હા, મારીજ."

પ્રસન્ન ગોવાલણનું મોં લેવાઇ ગયું. વકીલે જોયું કે કેસ હાથથી ગયો. આ વખતે પ્રસન્ને ચીડવાઇને કહ્યું; "હરામખોર! તારી ગાય છે?"

કમલાઃ—"મારી નહિ તો કોની છે? હું એનું દૂધ પીઉં છું, દહીં ખાઉં છું, ઘી માંખણ ખાઉં છું; એ મારીજ ગાય છે. તું તો એને પાળે છે તેથી શું તે તારી ગાય થઇ ગઇ?"

આ ઉંડી વાતો સમજવા જેટલી વકીલ સાહેબમાં અક્કલ ન હતી. તેમણે કૉર્ટને કહ્યું; "હું નામદાર કૉર્ટને અરજ કરૂં છું કે સાહેદ વિરોધી છે. હું એને કૉસ કરવા માગું છું."

કમલાઃ—"શું મને ક્રોસ કરશો?"

વકીલઃ—"હા કરીશજ."

કમલાઃ—"હોડીમાં બેસીને કે પૂલ બાંધીને?"

વકીલઃ—"એટલે?"

કમલા:—" વકીલ સાહેબ! તમે બી. એ; એલ. એલ. બી. નું પુંછડું મેળવ્યું તોપણ હજી હનુમાન નથી થયા કે કમલાકાંત સાગરને ઓળંગી જાઓ."

આટલું કહી કમલાકાંતજી ક્રોધથી કંપતા કંપતા પાંજરાની બહાર આવવા લાગ્યા. એક સિપાઇએ તેમને પકડીને પાછા પાંજરામાં ધકેલી દીધા. બિચારા કમલાકાંત લાચાર, નિચેષ્ટ થઇને બોલ્યા.

"કરો, બાપલા, ક્રૉસ કરો! હું અગાધ સમુદ્ર પડયો છું જેની ઇચ્છા હોય તે ઝંપલાવે. अपामिवाधारमनुत्तरंगम्-તરંગ રહિત સમુદ્ર જેવો હું બની જઇશ. વકીલ સાહેબ! આ પાસિફિક મહાસાગર—તોફાન વગરનો છે. આપ બેધડક કુદી પડો."

આ સાંભળી વકીલે કૉર્ટને કહ્યું; "નામદાર સાહેબ, આ આસામી ગાંડો હોય એમ મને લાગે છે. એને ક્રોસ કરવાની બિલકુલ જરૂર નથી. એ ગાંડો છે એટલે એની જુબાની પણ નકામી છે. એને બહાર જવાની રજા આપશો."

માજીસ્ટ્રેટ પણ કમલાકાંત હવે જાય એમ ઇચ્છતા હતા તેનો છુટકારો કરવાનોજ વિચાર કરતા હતા. એટલામાં પ્રસન્ન હાથ જોડીને કૉર્ટને વિનતિ કરવા લાગી કે; "જો હુકમ હોય તો હું એને એક બે વાતો પૂછી લઉં. પછી કૉર્ટ ભલે એને જવાની રજા આપે."

માજીસ્ટ્રેટે ઘણા કુતુહલ સાથે રજા આપી. પછી પ્રસન્ને કમલાકાંતને પૂછ્યું; "કેમ મહારાજ! આપનો કસુંબો પીવાનો સમય થયે છે કે નહિ?"

કમલા:—"કસુંબાને માટે કદિ સમય અસમય કહેવાયજ નહિ. अजरामरवत्प्राज्ञो विद्यां नशां च चिन्तयेत्."

પ્રસન્ન:—"આ વખત અં—બં કરવાનો નથી. બોલો, કસુંબો પીવો છે કે નહિ?"

કમલા:—"લાવને, કોણ ના કહે છે?"

"બોલો ત્યારે હું પૂછું તેનો ઝટ ઉત્તર આપો, એટલે હમણાં લાવી આપીશ."

કમલા:—"પૂછ, પૂછ. વહેલી થા."

પ્રસન્ન:—"બોલો, આ ગાય કોની છે?"

કમલા:—"ગાય ત્રણ જણની છે. પહેલી અવસ્થામાં ગુરુદેવની, બીજી અવસ્થામાં સ્ત્રીજાતિની અને ત્રીજી અવસ્થામાં વારસોની; અને રસી તોડાવીને નાસી જાય ત્યારે કોઇની એ નહિ."

પ્રસન્ન:—"હું એમ પૂછું છું કે આ શામલા ગાય કોની છે?"

કમલા:—"જે તેનું દૂધ પીએ તેની."

પ્રસન્ન:—"આ ગાય મારી ખરી કે નહિ?"

કમલા:—"તારી શાની? તું કદિ એના દૂધમાંથી એક છાંટો પણ ચાખે છે? તું તો એનું દૂધ વેચી મારે છે. જો આ ગાય તારી હોય તો મુંબઇ બેંકના બધા રૂપીઆ પણ મારા. મારી બાઇ! પેલા ચોરને એ ગાય આપી દે. બિચારો ગરીબ માણસ દૂધ ખાઇને તને આશીર્વાદ દેશે."

માજીસ્ટ્રેટે જોયું કે બેઉ જણે કચકચાટ કરી મૂક્યો છે. કચેરી મચ્છી બજાર જેવી થઇ ગઇ છે. તેમણે બેઉને ધમકાવીને ચૂપ કરી દીધાં. પછી તેમણે જાતેજ સવાલ કર્યો; "આ ગાયનું દૂધ પ્રસન્ન વેચે છે?"

કમલા:—"હાજી."

માજી:—"એનાજ ઘરમાં એ ગાય રહે છે?"

કમલા:—"હાજી, એ ગાય એના ઘરમાં રહે છે અને કોઇ કોઇ વાર હું પણ રહું છું."

માજી:—"એ ગાયને પ્રસન્ન ખવડાવે પીવડાવે છે?"

કમલાઃ—" એને અને મને બેઉને ખવડાવે છે."

એટલે ફરિયાદણના વકીલે કહ્યું; "મારૂં કામ પૂરૂં થયું છે. મારે હવે એને કાંઇ પૂછવું નથી" એમ કહીને તેઓ સાહેબ બેસી ગયા. પછી આરોપીનો વકીલ ઉભો થયો. તેમને જોઇને કમલાકાંતે પૂછ્યું; "આપ સાહેબ કોણ છો?"

વકીલઃ—"હું આરોપી તરફથી તમને ક્રૉસ કરવા ઉભો થયો છું."

કમલાઃ—"એક સાહેબ તો ક્રોસ કરી ગયા. હવે તમે કુમાર બહાદુર ક્રૉસ કરવા આવ્યા!"

વકીલઃ—"કુમાર બહાદુર કોણ?"

કમલાઃ—"તમે રાજકુમારને નથી ઓળખતા? ત્રેતા યુગમાં પહેલ વહેલો સમુદ્ર ક્રૉસ કર્યો મહાવીર હનુમાનજીએ! એના પછી ક્રૉસ કરનાર કુમાર બહાદુર અંગદજી!"

વકીલઃ—"એ હું નથી જાણતો. તમે કહ્યું કે હું ગાયને ઓળખું છું. શી રીતે ઓળખો છો?"

કમલાઃ—"કોઇ ગાયને શીંગડાંથી, કોઇને શામલાથી."

વકીલે તપી જઇ ટેબલ પર હાથ પછાડી ધાંટો પાડીને કહ્યું; "ગાંડપણ જવા દો. બોલો, ગાયને શી નિશાનીથી ઓળખો છો?"

કમલાઃ—"તેના ધાંટા ઉપરથી."

વકીલ સાહેબ મ્હાત થઇ ગયા. તેઓ "Hopeless" કહીને બેસી ગયા, અને કમલાકાંતને ક્રૉસ કરવાનો વિચાર માંડી વાળ્યો. કમલાકાંતે નમ્રતાથી કહ્યું; "કેમ સાહેબ, દોરડું કેમ તોડો છો?"

માજીસ્ટ્રેટે જોયું કે વકીલ એને ક્રૉસ નહિ કરી શકે, એટલે તેમણે કમલાકાંતને કચેરીની બહાર જવાની રજા આપી. રજા મળતાં જ તે નાઠા અને કચેરીની બહાર નીકળ્યા ત્યારેજ થોભ્યા.

હું પણ મારૂં કામ આટોપીને બહાર આવ્યો. જોયું તો કમલા-

કાંત હાથમાં હુક્કો લઇને બેઠા છે. તેમની ચારે બાજુએ લોકની ઠઠ જામી છે. પ્રસન્ન પણ ત્યાં આવી પહોંચી. કમલાકાંત તેનો તિરસ્કાર કરતા હતા. તે બોલ્યા; "તને તારી મંગળા ગાયના સમ, તારી દૂધની મટુકીના સમ, તારા દૂધ, દહીંના સમ, તારી લટકાળી વાળીના સમ, પેલા ચોરને ગાય આપી દે."

મેં પૂછ્યું; "ચક્રવર્તી મહાશય! એ ચોરને ગાય શામાટે આપે?"

કમલાકાંતે કહ્યું; "પ્રાચીન કાળમાં મહારાજા શ્યેનજિતને એક બ્રાહ્મણે કહ્યું હતું કે વાછરડું, ભરવાડ અને ચોર એમાંથી જે ગાયનું દૂધ પીએ તે તેનો ખરો માલિક. બીજો કોઇ ગાય પર દાવો કરે એ ઠગાઇજ કહેવાય (મહાભારત, શાંતિપર્વ ૧૭૪ અધ્યાય). આ તો જાણે ભીષ્મ પિતામહનો હિન્દુ લૉ. હવે આ જમાનો યુરોપખંડના ઇન્ટર નૅશનલ લૉનો છે. જો તમારે સુધરેલા અને આગળ વધેલા ગણાવું હોય તો બીજાનું લૂંટી લો. ગો શબ્દનો અર્થ ગાય અને જમીન બે થાય છે. એમનો ઉપભોગ ચોરજ કરે છે. સિકંદરથી રણજિતસિંહ સુધીના બધા ચોર એની સાબીતી છે. વિજયથી મેળવેલો અધિકાર પણ (Right of Conquest) એક પ્રકારનો અધિકાર છે તો ચોરીનો અધિકાર (Right of theft) તે શું અધિકાર નહિ? માટે હે ગોવાલણ! તું કાયદા પ્રમાણે ચાલ. ઐતિહાસિક રાજનીતિ પ્રમાણે ચાલ. ચોરને ગાય આપી દે."

આટલું બોલી કમલાકાંત ચાલતા થયા. ખરેખર, તદ્દન કાતરીયું ગેબ થઇ ગયું હતું!

ભાગ ૨જો સમાપ્ત.

પહેલાભાગનું અનુસંધાન.

સમાનતા.

પરિચ્છેદ પહેલો.

આ સંસારમાં આ શબ્દો હમેશાં કાને પડે છે કે, " અમુક મોટો માણુસ છે, અને અમુક નાનો માણુસ છે. " આ શબ્દો કેવળ કહેવા માત્રજ નથી; પરંતુ આ વૈષમ્ય(અસમાનતા)નું જ્ઞાનજ માનવ સમાજની મુખ્ય મુખ્ય પ્રવૃત્તિઓનું કારણુ બનેલું જણાય છે. "અમુક મોટો માણુસ છે" માટે પૃથ્વીનાં જેટલાં દૂધ, દહીં, માખણુ ને મલાઇ હોય તે બધાં એ ભાઇને ભેટ આપો; ભાષાના સમુદ્રમાંથી સારાં સારાં શબ્દરત્નો વીણી, તેની માળા ગુંથી એ ભાઇને પહેરાવો; કેમકે એ ભાઇ મોટા માણુસ છે. આ રસ્તા ઉપર કાંટા તો જોકે દેખાતા નથી તોપણુ વાળી ઝાડીને સાફ કરો; કેમકે એ માર્ગે એ રાજયમાન રાજ્યશ્રી પધારવાના હોવાથી રખેને અદૃશ્ય સૂક્ષ્મ કાંટાઓ તેમના પગમાં ખૂંચી જાય ! તમે સૌ આ સ્નિગ્ધ છાંયડાવાળા માર્ગમાંથી ખસી જઇ તડકામાં ઉભા રહો, ને એ મોટા માણુસને ત્યાંથી ગમન કરવા દો. તમે સૌ ભેગા થઇ સારાં સારાં પુષ્પો વીણી હાર, તોરા અને શય્યાઓ બનાવો અને એ ભાઇને એનો આનંદ–ઉપભોગ લેવા દો; કેમકે એ મોટા માણુસ છે. તમે દૂર ખસી જાઓ; કેમકે તમે નાના માણુસ છો. આ પૃથ્વીની સુંદર સુંદર કશી સામગ્રી તમારે

વાસ્તે ઉપયોગની નથી. તમારે માટે તો માત્ર આ લાંબી પાતળી સોટી કે પોલીસનો કોરડો સર્જાયલો છે; મોટા માણુસના મનોરંજન માટે તેનો તમારા બરડા સાથે મેળાપ કરાવવો જરૂર પડશે તો તેમ પણ થશે.

પરંતુ ' મોટો માણુસ ' અને ' નાનો માણુસ ' એ ભેદ શી રીતે થયો? अ મોટો માણુસ અને ब નાનો માણુસ શાથી કહેવાયો ? ब ધૂર્તતા કરી જાણુતો નથી, શઠતા કરી બીજાનું સર્વસ્વ પડાવી લેતાં શીખ્યો નથી માટે ब નાનો માણુસ છે; પરંતુ अ ધૂર્તતા કરીને તથા શઠતા કરીને ધનસંગ્રહ કરતાં શીખ્યો છે માટે अ મોટો માણુસ છે. અથવા अ પોતે કશું ન કરતાં છતાં પણ મોટો માણુસ છે, કેમકે તેના બાપદાદા ધૂર્તતા અને શઠતામાં નિપુણુ હતા; તેઓ બીજાનું પડાવી લઇને એકઠું કરી ગયા છે ને अ તેનો પુત્ર કે પૌત્ર છે એટલે તે મોટો માણુસ છે. ब ના વડીલો ન્યાયથી જેટલું કમાયા તેટલું વાપરી ગયા છે તેથી ब નાનો માણુસ છે. મોટા માણુસનું આવું અપૂર્વ માહાત્મ્ય છે; માટે તેમના ઉપર સૌ પુષ્પવૃષ્ટિ કરો.

અથવા अ સલામો કરીને, ગાળો ખાઇને, પદ-પ્રહારો સહીને કે તેથી પણુ વિશેષ મહાન કાર્યો કરીને કોઇ રાજપુરુષની પાસે રહી તેનું પ્રીતિપાત્ર બનેલો છે ને તેના ગળામાં રાજ્ય તરફની ચપરાશ પડેલી છે તેને બળે अ મોટો માણુસ છે. અમે માત્ર ભારતવાસીઓનીજ વાત કરતા નથી. પૃથ્વીના તમામ દેશોમાં ચપરાશ ધરનારાઓનું આવું એકજ પ્રકારનું ચારિત્ર જોવાય છે. ઉપરીની પાસે તો તેઓ કેવળ અલ્પમાં અલ્પ જંતુ જેવા હોય છે; પરંતુ બીજાઓની પાસે તેઓ ધર્માવતાર ! મહા પંડિત ! તમે ભલે ગમે તેવા હો પણુ તેમને બંને હાથે વાંકા વળી વળી સલામો ભરો; કેમકે એ ધર્માવતાર છે. એમનામાં ભલે ધર્મના જ્ઞાનનું કુંડાળું હોય, અને

એઓ ભલે અધર્મમાં રચ્યા પચ્ય રહેતા હોય તેની કશીજ હરકત નથી; તેમના પર રાજકૃપા છે તેથી તેઓ ધર્માવતાર છે. એ મહા-મૂર્ખ ભલે હો! અને તમે સર્વશાસ્ત્રવેત્તા ભલે હો; પરંતુ એ વાતનો અહીં કશો વિચાર કરવાનો નથી; બસ એજ કે આ 'મોટા માણસ' છે માટે તમે તેને પ્રણામ કરો.

આ પ્રમાણે સંસાર અસમાનતાના ભાવોથી ભરેલો છે. બધીજ બાબતોમાં અસમાનતા ઉપજે છે. આ દેશમાં ન જન્મતાં બીજા દેશમાં જન્મ્યો હોત તો પણ અસમાનતાનું કારણ થાત. અમુક ઉતરતી જાતિને પેટે ન જન્મતાં ઉંચી જાતિમાં જન્મ્યો હોત તો પણ પરિણામ એનુંએજ થાત.

તમારા કરતાં હું બોલવામાં ચતુર છું; અથવા મારામાં શક્તિનો કે ધૂર્ત્તતાનો વધારે સંચય છે એ બાબત પણ સમાજમાં અસ-માનતા ઉપજાવવાના કારણ રૂપ છે; અને તેથીજ અમે કહીએ છીએ કે સંસાર અસમાન ભાવથી ભરેલો છે.

સંસારમાં અસમાનતા રહે એજ યોગ્ય છે. અમને સંસાર રૂપી રંગભૂમિમાં પ્રકૃતિએજ અસમાનતાના પોશાકો પહેરાવીને મોકલ્યા છે. તમારા કરતાં મારા શરીરનાં હાડકાં મોટાં અને મજબુત છે, તમારા કરતાં મારા કાંડામાં વધારે બળ છે અને તમને હું એક ઠોંસો મારી ભોંયભેગા કરી મોટો માણસ થવા શક્તિમાન છું. અમળા કરતાં કમળા શરીરે સુંદર છે તેથી કમળા જમીનદારની સ્ત્રી બની છે અને અમળા મજુરી કરીને ઉદરનિર્વાહ કરે છે. ગ ના મગજ કરતાં ઘ નું મગજ વજનમાં દશ ઔંસ ભારે છે તેથી ઘ સંસારમાં માન્ય પુરુષ છે અને ગ તિરસ્કારપાત્ર ગણાય છે.

આથી અસમાનતા એજ સંસારનો નિયમ છે. જગતના તમામ

પદાર્થોમાં અસમાનતા વ્યાપી રહેલી જણાય છે. માણસ માણસમાં જેમ સ્વાભાવિક અસમાનતા દેખાય છે તેમ અસ્વાભાવિક અસમાનતા પણ દેખાય છે. બ્રાહ્મણ અને શૂદ્ર એ બે જાતિ લઇશું તો અસ્વાભાવિક અસમાનતા તરત સમજાશે. બ્રાહ્મણનો વધ કરવામાં મહાન પાપ અને શૂદ્રનો વધ કરવામાં થોડું પાપ એ કાંઇ સ્વાભાવિક નિયમોએ ઠરાવેલું નથી. બ્રાહ્મણ અવધ્ય અને શૂદ્ર વધ્ય શામાટે ? શૂદ્રજ દાતા અને બ્રાહ્મણજ માત્ર ગ્રહીતા (દાન લેનાર) શામાટે ? વિચાર કરી જોઇએ તો જેને દેવાની શક્તિ છે તેજ દાતા બને અને જેને આવશ્યકતા છે તેજ દાન ગ્રહણ કરનાર બને એવો નિયમ શામાટે ન હોઇ શકે ?

દેશી અને યુરોપીઅનો વચ્ચે પણ એવીજ અસ્વાભાવિક અસમાનતા છે; પરંતુ એ વાતનું વધારે વિવેચન અમે કરી શકતા નથી.

પૈસાથી ઉપજતી અસમાનતા સૌ કરતાં બળવાન છે. ધનવંતપણાને પરિણામે આપણે એક માણસને અનેક જાતના ખોટા ખર્ચ કરતો દેખીએ છીએ; અને બીજીબાજુ લાખો માણસોને અન્નના અભાવે રોગગ્રસ્ત બનેલાં કે ટળવળી મરતાં દેખીએ છીએ.

આ અસ્વાભાવિક અસમાનતાને લીધેજ સમાજની ઉન્નતિનો અટકાવ થઇ અધોગતિ જન્મે છે. ભારતવર્ષની આજલગી આવી દુર્દશા રહી છે તેનું મોટું કારણ પણ સમાજમાં ચાલતી આવેલી અસમાનતાજ છે.

આવી અસમાનતાનો ફેલાવો ભારતવર્ષમાંજ છે એમ નથી. આખો સંસારજ અસમાનતાથી પરિપૂર્ણ છે. તેની ભયાનક જાળમાં પૃથ્વીના તમામ દેશો જકડાએલા છે. જે સમાજ ઉન્નતિ પામવાનો હોય તેમાં પરસ્પર અથડામણ થઇ અસમાનભાવ દૂર થતો ચાલે છે, ને તેને લીધે "સમાજ ઉન્નતિ "પામે છે. રોમ એનું મોટું ઉદાહરણ

છે. રોમમાં પહેલાં “ પ્રેત્રીશીય ” અને “ પ્લિવીય ” એવા બે સંપ્રદાય રૂપ ભેદ હતા. એ ભેદો સામાજિક સુવિચારણાનેલીધે લય પામ્યા. ત્યાર પછી તેમાં નાગરિકત્વ અને અનાગરિકત્વ એવા ભેદ ઉપજ્યા; પરંતુ તે પણ રાજ્યધુરા ચલાવનારની અલૌકિક રાજનીતિને ડહાપણે લોપાઇ ગયા; તેથી રોમ દુનિયામાં સર્વોત્તમ સામ્રાજ્ય ગણાયું.

બીજે સ્થળે એમ બન્યું નથી. અમેરિકામાં ગુલામગિરિના નાશ-માટે થોડાં વર્ષો પહેલાં મહા ભયંકર આંતર યુદ્ધાગ્નિ સળગ્યો હતો તે સંભારો. સડેલો ભાગ કપાવોજ જોઇએ એ ન્યાયે ત્યાંની પ્રજામાં સામસામાં શસ્ત્રો ચાલ્યાં; અને એ રીતે સમાજને લાભ થયો. એજ દરદના ઇલાજરૂપે—અસમાનતા દૂર કરવા માટે અને સમાનતા સ્થાપવા માટે—ફ્રાન્સમાં પહેલો અને બીજો વિપ્લવ થયો.

પરંતુ બધે ઠેકાણે આવી કઠોર ચિકિત્સાનું પ્રયોજન નથી. ઘણા દેશોમાં તો ઉપદેશકોના ઉપદેશેજ સમાનતાનો સત્કાર થઇ તેની સ્થા-પના થઇ છે. શસ્ત્રોના બળ કરતાં વાણીનું બળ શ્રેષ્ઠ છે. સંગ્રામ કરતાં શીખામણ વધારે સારૂં ફળ લાવે છે. દાખલો લઇએ તો ખ્રિસ્તી-ધર્મ અને બૌદ્ધધર્મ વાણીબળેજ ફેલાયા છે. મુસલમાની ધર્મ શસ્ત્રોને બળે ફેલાયો છે; પરંતુ પૃથ્વીમાં મુસલમાનોની સંખ્યા જૂજ છે અને બૌદ્ધ તથા ખ્રિસ્તીની સંખ્યા ઘણી મોટી છે.

પૃથ્વીમાં ત્રણ વાર આશ્ચર્યકારક બનાવો બન્યા છે. ઘણા સમયને અંતરે ત્રણ જુદા જુદા દેશોમાં ત્રણ જુદા જુદા પવિત્રાત્માઓએ જન્મ ધારણ કરીને ભૂમંડળમાં એક મહામાંગલિક મહામંત્રનો પ્રચાર કરેલો છે. એ મહામંત્રનો મુખ્ય સાર **“મનુષ્ય માત્ર સમાન છે”** એ છે. આ મહાપવિત્ર દૈવી વાક્ય પૃથ્વીમાં પ્રસાર કરીને તેમણે સ-ભ્યતા અને ઉન્નતિનાં બી વાવેલાં છે. જ્યારે મનુષ્યજાતિ દુર્દશાગ્રસ્ત થઇ અધોગતિને માર્ગે ચડી ત્યારેજ એક એક મહાત્માએ મોટેનાદે ગર્જના

કરી કહેલું છે કે, "તમે સૌ સમાન છો; માટે પરસ્પર સમાન વ્યવહાર કરો." આ નાદને બળેજ દુર્દશા મટી સારી દશા થઈ છે; અવનતિ મટી ઉન્નતિ થઇ છે.

એ ત્રણ મહાત્મામાં પહેલા મહાત્મા શાક્યસિંહ બુદ્ધદેવ હતા. જ્યારે વૈદિકધર્મના દુરૂપયોગથી ઉપજેલી અસમાનતાએ ભારતવાસીઓ પીડાવા લાગ્યા ત્યારે એ મહાપુરુષે જન્મ ધારણ કરીને ભારતવર્ષનો ઉદ્ધાર કર્યો હતો. પૃથ્વીમાં ગમે તેટલા પ્રકારની સામાજિક અસમાનતાઓ ભલે ઉપજેલી હોય; પરંતુ ભારતવર્ષની જાતિભેદની અસમાનતા જેવી અસમાનતા તો કોઈ પણ દેશમાં કોઇ પણ સમાજમાં કદિ પણ જન્મી નહિ હોય, બ્રાહ્મણસિવાય અન્ય સૌ વર્ણો ગુન્હા પ્રમાણે વધ્ય હતી, પરંતુ સેંકડો અપરાધો કર્યા છતાં પણ બ્રાહ્મણ અવધ્ય! તમારૂં ગમે તેટલું અનિષ્ટ બ્રાહ્મણ ભલે કરે, પણ તમે તેનું કોઇ જાતનું અનિષ્ટ કરી શકો નહિ. તમારે તો તેના ચરણોમાં આળોટી એની ચરણરજ શિરે ચડાવવી એજ ધર્મ! વળી શૂદ્રો તો અસ્પૃસ્ય; શૂદ્રના હાથમાં પાણીનું ટીપું આપવાનો પણ વ્યવહાર નહિ. આ પૃથ્વીના કોઇ પણ સુખને માટે શૂદ્રો અધિકારીજ નહિ; માત્ર નીચ વૃત્તિ એજ તેનું જીવન; જીવનનું જીવન જે વિદ્યા તેમાં પણ તેનો અધિકાર નહિ. શૂદ્રો પણ શાસ્ત્રના કાયદામાં બંધાએલા ખરા, પણ શાસ્ત્ર તે શું ને કેવું હોય? તે આંખે જોવાનો પણ તેમનો અધિકાર નહિ. શૂદ્રોનો પણ આ લોક અને પરલોક બ્રાહ્મણનાજ હાથમાં! બ્રાહ્મણો જેમ કહે તેમ કરવામાંજ તેમની પરલોકની ગતિ કહેવાતી નહિ તો ગતિ નહોતી. બ્રાહ્મણને દાન આપવામાં તેમનો પરલોક સુધરતો, પરંતુ શૂદ્રનું દાન બ્રાહ્મણ ગ્રહણ કરેજ નહિ; ને કદિ ગ્રહણ કરે તો પતિત થાય. બ્રાહ્મણની સેવા કરવાથીજ શૂદ્રની પરલોકમાં શુભ ગતિ મનાતી, પરંતુ શૂદ્ર અસ્પૃશ્ય એટલે બ્રાહ્મણ તેને અડકેજ કેમ? શૂદ્ર પણ મનુષ્ય અને

બ્રાહ્મણો પણ મનુષ્ય છતાં તેમનામાં અસમાન ભાવ એટલી હદલગી વિસ્તાર પામેલો હતો કે પ્રાચીન યૂરોપના ગુલામો અને તેમના શેઠો વચ્ચે પણ વિષમભાવ એવા ભયાનકરૂપે પરિણામ પામેલો નહોતો.

આ મહાન વર્ણવૈષમ્યને પરિણામે ભારતવર્ષ અવનતિને માર્ગે ચડી ગયો. બધી ઉન્નતિનું મૂળ જ્ઞાન છે. પશુઓની પેઠે ઇંદ્રિયતૃપ્તિ સિવાય એવું એક પણ સુખ પૃથ્વીમાં તમે દર્શાવી શકશો નહિ કે જેનું મૂળ જ્ઞાનમાં ન હોય ? વર્ણવૈષમ્યને લીધે જ્ઞાનનો રસ્તો બંધ થયો. જ્ઞાન મેળવવામાં શૂદ્રો અનધિકારી હતા. કેવળ બ્રાહ્મણોજ તેના અધિકારી ! ભારતવર્ષનો મોટો ભાગ બ્રાહ્મણ સિવાયની વર્ણનો હતો આથી મોટા ભાગના લોકો મૂર્ખ થયા. ધારો કે ઇંગ્લાંડમાં જો એવો નિયમ થાય કે સ્ટાન્લી, કોલંડીઝ વગેરે કેટલાક પ્રસિદ્ધ વંશના લોકો સિવાય બીજો કોઇ પણ માણસ વિદ્યાભ્યાસ કરી શકે નહિ; તો ઇંગ્લાંડની આટલી સુધારણા ક્યાંથી ટકે ? કવિ, વિજ્ઞાનવેત્તાઓ અને દાર્શનિકો નિપજવા તો દૂર રહ્યા, પરંતુ સ્ટિવન્સન, આર્કરાઇટ અને એવા બીજા મહાપુરુષો ક્યાંથી નિપજત ? ભારતવર્ષમાં ઘણે ભાગે એમજ બન્યું છે. પરંતુ માત્ર એમજ નહિ; બ્રાહ્મણોએ જે વિદ્યાભ્યાસ એક–હથુ(મોનોપૉલિ) કરેલો હતો; તે પણ વર્ણવૈષમ્યને દોષે અનિષ્ટ ફળ આપનાર થયો. સર્વ વર્ણોના પ્રભુ થઇને તેમણે યજ્ઞયાગાદિની રચનાઓ કરી; અને મંત્ર, દાન, પ્રાયશ્ચિત્ત વગેરેનો વધારો કરી અનેક જાળો ગુંથી. વળી દેવતાઓના મહિમાભરેલા અસત્ય–ઇતિહાસો કલ્પી, તેની કથાઓની અપ્સરાના નુપૂરના મીઠા ઝણઝણાટ જેવી લલિત આર્યભાષામાં (સંસ્કૃત ભાષામાં) ગુંથણી કરી. આથી ભારતવાસીઓ મૂર્ખતાનાં બંધનોમાં વધારે વધારે બંધાયા. દર્શન, વિજ્ઞાન, સાહિત્ય એ સર્વેનું તો બસ કામજ શું? નવાં બ્રાહ્મણોનાં પુસ્તકો રચાયાં, નવાં નવાં ઉપનિષદો પ્રચાર પામ્યાં, બ્રાહ્મણની ઉપર બ્રાહ્મણો, ઉપનિષદોની ઉપર ઉપનિષદો, આરણ્યકોની ઉપર

આરણ્યકો, સૂત્રોની ઉપર સૂત્રો, તેની ઉપર ભાષ્યો, તેના ઉપર ટીકાઓ, તેના ઉપર ભાષ્યો ! એમ ગ્રંથોથી ભારતવર્ષ ઢંકાઇ ગયો; અને સામાન્ય વિદ્યા? તેનું નામ તો ભારતવર્ષમાં લુપ્તજ થઇ ગયું.

આથી પ્રજાવર્ગ ખિન્ન, વ્યાકુળ અને શંકાશીલ થયો. બ્રાહ્મણોએ કહ્યું કે બધાં કામોમાં પાપ છે. દરેક વ્યવહાર પાપ મય છે અને એ પાપોનાં પ્રાયશ્ચિત્તો કર્યા સિવાય અન્ય વર્ણોની મુક્તિ નથી. પારલૌકિક સુખ શું એટલું બધું દુર્લભ છે? લોકો બિચારા ક્યાં જાય? શું કરે? આ ધર્મશાસ્ત્રોની પીડાથી તેમનો કોણ ઉદ્ધાર કરે? સર્વ સુખના નિરોધકારક ભૂદેવોના હાથથી તેમની કોણ રક્ષા કરે? ભારતવાસીઓને જીવિતદાન કોણ કરે?

એવે વખતે પવિત્ર આત્મા શાક્યસિંહ ભારતના આકાશમાં ઉદય પામ્યા, અને દિગંતોમાં વ્યાપતા ગંભીર અવાજે બોલ્યા કેઃ—“ હું તમારો ઉદ્ધાર કરીશ. હું તમને ઉદ્ધારનો બીજમંત્ર સંભળાવું છું; તમે તે મંત્રનો જપ કરજો. તમે સર્વે સમાન છો. બ્રાહ્મણ અને શૂદ્ર સૌ સમાન છે. મનુષ્યે મનુષ્યો તમામ સરખાં છે અને બધાંજ પાપી છે. સદાચારમાંજ સૌનો ઉદ્ધાર છે. સ્વાર્થજન્ય જાતિભેદ મિથ્યા છે અને સ્વાર્થરહિત સમભાવનો ધર્મજ સત્ય છે, માટે મિથ્યાનો ત્યાગ કરી તમે બધા સત્ય ધર્મનું પાલન કરજો. ”

અસમાનતાથી પીડિત ભારતવર્ષ આ મહામંત્ર સાંભળી, હિમાલયથી મહા સમુદ્ર પર્યંત ચલાયમાન થયો; અને બૌદ્ધ ધર્મ ભારતવર્ષમાં વધવા લાગ્યો. વર્ણોની અસમાનતા ધીમે ધીમે ઘસાવા લાગી. એમ હજાર વર્ષ લગી ભારતવર્ષમાં બૌદ્ધધર્મ ચાલ્યો. ઇતિહાસ વાંચનારા જાણે છે કે એ હજાર વર્ષજ ભારતવર્ષની સ્વાભાવિક સુંદરતાનો સમય હતો. હિમાલયથી ગોદાવરી પર્યંતનો મુલક તે વખતે સમ્રાટના એક છત્ર નીચે ઢંકાયો હતો. અશોક, ચંદ્રગુપ્ત, શિલાદિત્ય વિગેરેનો અભ્યુદય પણ એજ સમયમાં થયો હતો. એ સમયમાંજ

તક્ષ શિલાથી તામ્રપર્ણી પર્યંતનું મહાન સામ્રાજ્ય, અનંત માણસોના કોલાહલથી ભરેલી અને મહા સમૃદ્ધિવાળી હજારો નગરીઓથી ભારતવર્ષમાં વ્યાપી ગયું હતું. એ સમયે ભારત વર્ષનું ગૌરવ પશ્ચિમે રોમમાં અને પૂર્વે ચીનમાં ગવાતું હતું. તે તે દેશના રાજાઓએ ભારતવર્ષના સમ્રાટ સાથે મૈત્રી બાંધી હતી. એ સમયે ભારતવર્ષના ધર્મપ્રચારકોએ ધર્મના ફેલાવા માટે યાત્રા કરીને અર્ધા એશિયાખંડને ભારતીય ધર્મમાં દીક્ષા આપી હતી. શિલ્પ વિદ્યામાં પણ તે વખતે વિશેષ ઉન્નતિ થઇ હતી એવાં પણ પ્રમાણો મળ્યાં છે. બૌદ્ધધર્મના ઉદયની સાથે સાથે દર્શનશાસ્ત્રોનો વિશેષ અભ્યાસ પણ તે સમયેજ થયો હતો. વિજ્ઞાન અને સાહિત્યની પૂરેપૂરી ખીલવણી થયાનો કાળ નિર્ણય કરવો કઠણ છે; પરંતુ શાકયસિંહના ધર્મવિપ્લવની સાથે એ સૌનો ગાઢો સંબંધ હોવાનાં પ્રમાણો મળી શકે તેમ છે.

સમાનતાનો બીજો અવતાર ઇસુખ્રિસ્ત રૂપે થયો. જે વખતે ખ્રિસ્તી ધર્મની શરૂઆત થઇ તે વખતે યુરોપ અને પશ્ચિમ એશિયા, રોમન રાજ્યને તાબે હતાં. રોમની ચડતીના દિવસનો એ પાછલો પહોર હતો, તે સમયે રોમની ભૂમિકા યુદ્ધ નિપુણ વીર પુરુષોની જનેતા નહોતી; પરંતુ ઇંદ્રિય પરાયણ, ભોગાસક્ત, ધનાઢ્ય, શ્રીમંતોની આવાસ ભૂમિ હતી. જેના પૂર્વજોને આનંદ માત્ર રણક્ષેત્રમાં મળતો, તેના વંશજો તે વખતે માત્ર ભોજનમાં, વામાવિલાસમાં અને રંગ ભૂમિના કૃત્રિમ યુદ્ધમાં આનંદ લેવા લાગ્યા હતા. દેશવાત્સલ્યના જે ગુણે રોમનું નામ વિશ્વ વિખ્યાત થયું હતું, તે ગુણ ઢંકાઇ ગયો હતો. જે સમાનતા માટે અમે રોમની પ્રશંસા કરી છે, જે સમાનતાના ગુણે રોમ સાર્વભૌમ સમ્રાટ થયું હતું તે સમાનતા લોપાવા લાગી હતી. અમે પહેલાં કથા કહી તે રોમનગરીની હતી, પણ અત્યારે કહીએ છીએ તે રોમના સામ્રાજ્યની કથા છે. રોમના સામ્રાજ્યમાં

જીવનપર્યંત ગુલામ રાખવારૂપી વિષમ નાશકારક રોગ પેસવા લાગ્યો હતો. એક એક માણસની પાસે હજાર હજાર જીવનપર્યંતના ગુલામો રહેતા. ખાનપાનાદિ કાર્યો કે જે પોતે કર્યા સિવાય ચાલે નહિ તેજ ધણીઓ પોતે કરતા, બીજાં તમામ કામો ગુલામદ્વારાજ કરાવાતાં. ખેતી, વ્યાપાર, શિલ્પ કાર્યો કે ઘરના તમામ કામોનો નિર્વાહ આ દાસોથી થતો. એ દાસો ગાય ભેંસની માફક વેચાતા અને ખરીદાતા. ઢોરના ઉપર જેટલો ધણીનો અધિકાર ગણાય છે તેટલોજ અધિકાર આ દાસો-ની ઉપર તેમનો હતો. ધણીઓ મારે તો તે બિચારા મરી જતા, અને ધણીઓ કાપે તો કપાઇ જતા. ધણીઓને હાથે દેહાંત દંડ થાય તેમાં કશો ગુન્હો ગણાતો નહિ. સ્વામિની આજ્ઞાથી એ બિચારા રંગભૂમિમાં ઉતરી, સિંહ કે વાઘની સાથે યુદ્ધ કરી પોતાનો પ્રાણ ખોતા; અને ધણીઓ એનો તમાસો જોતા ! રોમના સામ્રાજ્યમાં લોકો બે ભાગે વહેંચાયેલા હતા, ગુલામ અને માલીક. તેમાં એક ભાગ અપાર ભોગા-સક્ત હતો, અને બીજો ભાગ અપાર દુર્દશાવશ હતો.

કેવળ આટલીજ અસમાનતા ન હતી. રોમન સામ્રાજ્યના સમ્રાટો સ્વેચ્છાચારી હતા. તેમના પ્રતાપ અને શક્તિની સીમા ન હતી. નીરો નામના પાદશાહે પોતાની રાજધાનીને ચારે બાજુથી લ્હાય મૂકાવી હતી; ને પોતે વીણા વગાડતો તે તમાસો જોવા બેઠો હતો ! કાલિગુલા નામના પોતાના ઘોડાને કૌંસિલરને પદે નિમ્યો હતો ! ઇલિયગેબ્લસની સ્વચ્છંદતા વર્ણવતાં તો શરમ આવે તેમ છે. ભલેને ગમે તેવો મોટો માણસ હો; પરંતુ સમ્રાટની ઇચ્છા થતાં વિના કારણે, વિના પ્રયોજને અને વિના વિચારે તેને ગર્દન મરાતો ! વળી તે સમ્રાટની ઉપર પણ સમ્રાટ હતા. પ્રેટીરીય સેનાપતિ હતો; તે જેને ચાહે તેને ઘડીમાં સમ્રાટ બનાવતો વળી બીજે દિવસે તેજ સમ્રાટનો વધ કરી બીજાને સમ્રાટ પદે બેસાડતો. રોમન સામ્રાજ્ય-

ની તે ભાજી મૂળાની પેઠે લેવડદેવડ કરતો! રોમનું તે ચાહે તેમ કરી શકતો. પ્રાન્તે પ્રાન્તે સુબેદારો સ્વેચ્છાચારી હતા. જેનામાં શક્તિ હોય તે જૂલમ વર્ષાવી શકતા. જ્યાં જૂલમ પ્રબળ હોય ત્યાં વિષમતા પણ પ્રબળ હોય એમાં કહેવું શું ?

આ વખતે રોમન સામ્રાજ્યમાં ખ્રિસ્તી ધર્મ પ્રચાર પામવા લાગ્યો. ઇસુએ ઉચ્ચારેલી મહાનવાણી લોકોનાં મર્મસ્થળ ચીરી પ્રવેશ કરવા લાગી. ઇસુએ કહ્યું હતું કે, "બધાં મનુષ્યો ભાઇઓ છે, તમામ મનુષ્યો ઇશ્વર પાસે સરખાં છે; અને તેમાં પણ જે દુઃખી, પીડિત અને બીકણ છે તે ઇશ્વરને વધારે વહાલાં છે." આ મહાવાક્યથી મોટા ગણાતા માણસોના ગર્વો ખંડિત થયા, ધણીપણાના ગર્વો ગળી ગયા, અને અપંગ ભિક્ષુ પણ સમ્રાટ્‌ની સમાન થયો. ઇસુએ કહ્યું કે, "આ લોકમાં અમારૂં રાજ્ય નથી. ઐહિકસુખમાં સુખ નથી, ઐહિક મોટાઇ તે મોટાઇ નથી." પૃથ્વીમાં બેવાર જે બે વાક્યો બોલાયાં છે; તેજ નીતિ શાસ્ત્રોના સાર રૂપ છે. તેના કરતાં ચઢતી નીતિ બીજી કશી નથી. એકવાર આર્યવંશી બ્રાહ્મણે ગંગાતીરે કહ્યું છે કે; 'आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पण्डितः'

અર્થાત્ "સર્વ પ્રાણીઓમાં પોતાના આત્માની પેઠે જે જુએ છે, તે પંડિત છે."

બીજીવાર જેરૂસાલેમના પર્વત શિખર ઉપર ઉભા રહીને યાહુદી વંશી ઇસુ બોલેલ છે કે; "બીજાની પાસેથી તમે જેવો વ્યવહાર ચાહો, તેવો વ્યવહાર તમે બીજા સાથે કરો."* આ બે વાક્યના જેવાં મહાવાક્યો ભૂમંડળમાં બીજાં કોઇ બોલાયાં હશે કે નહિ એ વિષે સંદેહ છે. આ વાક્યો સમાનતાના તત્વનાં મૂળ રૂપ છે.

આ બધાં તત્ત્વો ધર્મશાસ્ત્રનાં વચનોને નામે ગણાવા લાગ્યાં.

*ગીતામાં પણ કહ્યું છે કે आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन।

દાસોનાં બંધનોની સાંકળો તૂટવા લાગી. ભોગાસક્ત ધણીઓ ભોગની અભિલાષાઓ છોડવા લાગ્યા. આવા સુધારાની કૃપાને યોગે અજ્ઞાન દાસ કોમો રોમમાં એકત્ર થઇ ને તેમાંથી મહા તેજસ્વી યુદ્ધપરાયણ, ઉન્નતિશીલ જાતો ઉત્પન્ન થઇ. તેજ જાતો આજની યુરોપી પ્રજાના પૂર્વજ નેતાઓ હતી. આધુનિક યુરોપીય ઉન્નતિ જેવી લૌકિક ઉન્નતિ પૃથ્વીમાં કદિ થઇ નથી તેમજ એટલી બધી લૌકિક ઉન્નતિ થશે એવો વિચાર પણ પૂર્વપુરુષોને ભાગ્યેજ આવ્યો હશે! આટલી ઉન્નતિ થવાનું કારણ માત્ર ખ્રિસ્તીધર્મજ છે એમ નથી, એનાં બીજાં પણ કારણો છે; પરંતુ મુખ્ય કારણ ખ્રિસ્તીધર્મની નીતિ અને ગ્રીકનાં સાહિત્ય અને દર્શનો છે. ખ્રિસ્તીધર્મથી બધાં સારાં ફળોજ આવ્યાં છે એમ નથી. ઇષ્ટ અને અનિષ્ટ બંને પ્રકારનાં ફળો ફળ્યાં છે. ખ્રિસ્તીધર્મ સમાનતાનાં તત્ત્વો વાળો હોવા છતાં પણ તેના પરિણામે એક મહાન વિષમભાવ જન્મ્યો છે. ધર્માચાર્યોનું મહત્ત્વ અત્યન્ત વધી ગયું. ફ્રાન્સ, સ્પેન વગેરે કેટલાંક યુરોપી રાજ્યમાં તો ધર્માચાર્યો જેમ હાંકે તેમ ચાલવા માંડયું. એની અસર ફ્રાન્સની પ્રજામાં પણ થઇ; અને ઉચ્ચશ્રેણીના અને નીચશ્રેણીના લોકો વચ્ચે એવો મોટો અસમાનભાવ જન્મ્યો કે તેને લીધે ફ્રાન્સમાં મહાવિપ્લવ પેદા થયો. ફ્રાન્સની પ્રજારૂપ સાગરમાં મોટું મંથન શરૂ થયું. એ મહાસાગરનો એક પુરુષ મંથનકર્ત્તા હતો; તેજ ત્રીજી વાર સમાનતાનો પ્રસાર કરનાર હતો. એ સમાનતાનો અવતાર તે રૂસો હતો.

પરિચ્છેદ બીજો.

ઇ. સ. ના અઢારમા શતકમાં ફ્રાન્સના રાજ્યની જે દશા થઇ તે વર્ણવી શકાય તેમ નથી. આ નાના નિબંધમાં તે વર્ણવવાની જગ્યા

નથી તેમ કારણ પણ નથી. ઇતિહાસ જાણનારા, વિશ્વવિખ્યાત, દીર્ઘદર્શી અનેક સમર્થ લેખકોએ તેનું ઢગલે ઢગલા વર્ણન કરેલું છે. એ વર્ણન બધાને સહેલાઇથી વાંચવા મળી શકે તેમ છે; તેથી અહીં તો અમે તે વિષે બે ચાર શબ્દો બોલીનેજ અમારો ઉદ્દેશ સિદ્ધ કરીશું.

કાર્લાઇલ વ્યંગ (મર્મ)માં લખે છે કે, " જે કાયદાને આધારે એક ભૂમિપતિ મૃગયાથી પાછો આવી બે દાસો (ગુલામો) ને હણી તેના લોહી વડે પોતાના ચરણો ધોઇ શકે તે કાયદો હવે ચાલતો નથી. " " હવે ચાલતો નથી; " ત્યારે શું પહેલાં ચાલતો હતો ? આ પચાશ વર્ષમાં કયો માણસ ' શારલોયા ' ની પેઠે કડીઆઓને ગોળો વાળીને તેને મેડી ઉપરથી નીચે ગબડાવી શકશે ? અને એ દેખાવથી આનંદ મેળવશે ? સિરાજુદૌલાના જુલમની વાતો સાંભળી આપણે આશ્ચર્ય ચકિત થઇએ છીએ, પણ સિરાજુદૌલા તો બંગાળાનો નવાબ હતો અને ' શારલોયા ' તો માત્ર એક ઉચ્ચશ્રેણીની પ્રજાનો માણસજ હતો. એ ભેદ સ્મરણમાં રાખવો જોઇએ. જ્યાં સામાન્ય માણસ આવો અત્યાચાર કરે ત્યારે ત્યાં રાજા મહારાજાનો જુલમ કેટલો હોય ?

આ મર્મવાણીમાં સમજાય છે કે તે વખતે ફ્રાન્સમાં ન સમજી શકાય એવી અસમાનતા ઉપજી હતી. પંદરમો લુઇ વિલાસી, ઉડાઉ, લંપટ અને સ્વાર્થપરાયણ રાજા હતો. તેની રખાતોના સંતોષને માટે તેને અપાર ધનની જરૂર હતી. મડમ પોમ્પાદુ અને મડમ દુબારિએ જે વૈભવ ભોગવ્યો હતો, તે પરણેલી શહેનશાહબાનુઓના ઝળકતા લલાટમાં પણ માંડેલો નહિ હોય ! મડમ દુબારિનો કાફ્રી નામનો એક ખોજો હતો, એ હતો તો પાળેલા મર્કટ જેવો; પરંતુ તેને એક પ્રાંતનો સુબો નીમ્યો હતો અને તે શાહીબા મડમ સાહેબનીજ આજ્ઞાથી ! ? લુઇના વિલાસભવનનું વર્ણન સાંભળતાં તેની પાસે પાંડવોની મયદાનવે બનાવેલી ઇંદ્રપ્રસ્થની રાજસભા પણ પાણી ભરે એમ લાગે છે. એ

બધાં વિલાસ ભવનોમાં જે ઉત્સવો થતા તેની તુલના કોઇ સાથે થઇ શકે તેમ નથી. પાણીની પેઠે ત્યાં પૈસો વપરાતો હતો. બીજી બાજુ રાજની તીજોરી ખાલીખમ હતી. અન્નના અભાવે પ્રજાનો હાહાકાર આકાશ લગી વ્યાપી ગયો હતો. તેમ છતાં આ વિલાસ મંડપમાં—આ નંદનવનમાં—આ ઇંદ્ર ભવનમાં આટલું બધું નાણું ક્યાંથી આવતું? એ નાણું દળેલાને દળીને, સૂકાઈ ગએલાને સૂકવીને અને બળેલાને બાળીને લૂટી લાવવામાં આવતું હતું. અને તેની રત્નમાલિકાઓ ગુંથાઇ એ કુલકલંકિની મડમ દુબારિની અલકલટોમાં ઝૂલાવવામાં આવતું! તે સમયે મોટા માણસો કેવા હતા? જે મોટો માણસ હોય તે રાજાની તીજોરીમાં એક કોડી પણ આપતો નહિ. રાજાના વૈભવનો ઉપભોગ કરવો એજ અમીરોનું કર્ત્તવ્ય ગણાતું. રાજાનો વૈભવ પણ અનહદ હતો. જે જેટલું લઇ શકતો તેટલું ઉપાડી જતો. રાજ્યમાં મોટા માણસો કર આપતા નહિ, ધર્માધિકારીઓ કર આપતા નહિ અને રાજપુરુષો પણ કર આપતા નહિ. માત્ર દીન, દુઃખી અને ખેડૂત વર્ગના લોકોજ કર આપતા. તેમના ઉપર કર ઉઘરાવનારાઓનો જુલમ અસહ્ય હતો. એક લેખક લખે છે કે, " કર ઉઘરાવવાનું કામ એ એક રીતે ધારાસર ચલાવવામાં આવતી નાની લડાઇના જેવું હતું. તે કામ માટે બે લાખ સિપાઇઓ રોકવામાં આવતા હતા અને તેમના બોજાથી પ્રજાને કચરવામાં આવતી. એ સિપાઇઓનો સમૂહ સર્વભક્ષી અને સર્વનાશક હતો. એ રીતે ચૂસાએલી પ્રજા પાસેથી પાછો કર ઉઘરાવવામાં આવતો એટલે રાજ્યવ્યવસ્થા ક્રૂરતા ભરેલી હતી. દંડવાની વિધિ પણ ભયાનક હતી. કર ન આપનારને ગુલામગિરિમાં ધકેલવામાં આવતા કે ફાંસીને લાકડે લટકાવતા. કર ન આપનારને પીડવાને અનેક જાતનાં યંત્રો પણ શોધવામાં આવ્યાં હતાં. રાજ્યનો કર ઉઘરાવવાના ઇજારા અપાતા. ઇજારદારને એવો અધિકાર હતો કે શસ્ત્રોથી સજા કરીને પણ રાજ્યનો કર એકઠો કરવો. તેઓ રાજ્યનો વેરો

ઉઘરાવવા માટે ખૂન સુદ્ધાં કરતા. આ પ્રમાણે પ્રજાની હાલત હતી; પરંતુ રાજદરબારમાં સુંદર નવપલ્લવિત બગીચાઓ, વિહાર કરવાનાં વિશાળ વનો, નવાં નવાં નૃત્યો, વિવિધ વાજીંત્રો, ગાયનો, પરપત્ની સાથે પ્રણય ક્રીડાઓ, હાસ્યવિનોદો અને આનંદકલ્લોલ જારી રહેલો હતો. બીજી બાજુએ દારિદ્રય, પીડા, અન્નના સાંસા, વગર વાંકે દાસત્વ અને ફાંસીની સજાઓ જોવામાં આવતાં. પંદરમા લુઇના રાજ્યમાં ફ્રાન્સમાં આ રીતે ભારે અસમાનતા ચાલી રહેલી હતી. આ અસમાનભાવ નિયમિત રીતે બાંધેલી રાજ્યપદ્ધતિથી ઉપજેલો હતો. રૂસોના બળવાન પ્રહારે એ રાજ્ય વ્યવસ્થા અને રાજા તૂટી પડયાં. તેના અનુયાયીઓએ એ બધાનો ભાગીને ભૂકો કરી નાંખ્યો.

શાકયસિંહ અને ઇસુ એ બંનેએ જગત્‌માં પવિત્ર અને સાચી વાતોનોજ ફેલાવો કરેલો છે, તેથી મનુષ્યો તેમને દેવ કહીને પૂજે છે, તે યોગ્ય છે. રૂસો તેની પંક્તિમાં ઉભી શકે એવો માણસ નહોતો. ખરખરૂં પવિત્ર સત્ય તેણે પૃથ્વીમાં ફેલાવ્યું હતું એમ પણ નહોતું. તેણે તો લોકોને હિત કરે એવાં નીતિનાં તત્ત્વોની સાથે અનિષ્ટકારક અસત્યોને મેળવીને તથા એ મેળવણીને ઓજસ્વી વાણીના ઇંદ્રજાલિક પ્રભાવે મોહક બનાવીને ફ્રાન્સની પ્રજાના હૃદયમાં રેડેલાં હતાં. જે સમયે જે વાત જરૂરની હોય તેમાં રૂસો પોતાની વાણીની શક્તિએ ખરેખરી ઇંદ્રજાળ ભરતો. તેણે પ્રેરેલી સત્ય વાતોની સાથે ભ્રાન્તિવાળી વાતો પણ ફ્રેંચલોકો પોતાના જીવનનો બીજમંત્ર માની ગ્રહણ કરતા. ફ્રાન્સના ઘણા લોકો તેના માનસિક શિષ્યો—અનુયાયીઓ થયા હતા. અને તેના ઉપદેશને બળેજ ફ્રાન્સમાં રાજ્ય વિપ્લવ પેદા થયો.

રૂસોની મૂળ વાત પણ સમાનતાના નિયમોને આધારે ગોઠવાએલી હતી; તે કહેતો કે અણસુધરેલી સ્વાભાવિક અવસ્થામાં બધાં માણસો સમાન હતાં, અને સુધરેલી અવસ્થાને પરિણામેજ જગત્‌માં અસમાનતા ઉપજી છે. એવી અસમાનતા ઉપજાવનાર સુધરેલી

અવસ્થાને રૂસો મનુષ્યજાતિનું મહાન અમંગળ કરનાર માને છે. તે કબૂલ કરતો કે દરેક માણસમાં સ્વાભાવિક અસમાનતા દેખાય છે; પરંતુ તે સુધરેલી દશાને દોષેજ અસમાનતા ઉપજેલી છે. ભોગલાલસા, પાપ પ્રતિ પ્રીતિ એ બધું સુધરેલી દશામાંથીજ જન્મે છે. અણસુધરેલી અવસ્થામાં બધાં મનુષ્યોને સરખી રીતે શારીરિકશ્રમ કરવાની જરૂર પડતી, તેથી બધાંનાં શરીરની પુષ્ટિ પણ સરખી રીતે થતી. આમ શરીરો નિરોગી રહેતાં તેનાં મન પણ નિરોગી (પવિત્ર) રહેતાં. જ્યારે માણસો અણસુધરેલી દશામાં જંગલમાં મૃગયા કરીને નિર્વાહ કરતાં ને ઝાડ તળે નિશ્ચિંતે ઉંઘતાં ત્યારે ભાષાનો વિકાસ નહિ જેવો હોવાથી આટલો બધો વાણીનો આડંબર હતો નહિ અને વાણીમાં કુશળતા પણ જણાતી નહોતી. જે લોભમાં તૃપ્તિ નથી, જે વાસનામાં પૂર્ણતા નથી, અને જે આકાંક્ષામાં નિવૃતિ નથી તેમાંનું કાંઇ પણ એ અણસુધરેલા માણસો જાણતા નહોતા. આના ઉપર પ્રેમ કરવો, આના ઉપર પ્રેમ ન કરવો, આ આપણો છે, આ પારકો છે, આ મારી સ્ત્રી છે, આ પારકી સ્ત્રી છે; એ કશું તેઓ જાણતાં નહોતાં. એ અવસ્થાને સ્વર્ગીય સુખ ભરી દશા વર્ણીને મનુષ્યજાતિને ઉદ્દેશીને રૂસો કહે છે કે, આ સ્વાભાવિક દશાનું સુંદર ચિત્ર જુઓ; અને તેની સાથે અત્યારનું આપણું અસ્વાભાવિક દશાનું પાપપૂર્ણ તથા દુઃખપૂર્ણ ચિત્ર મૂકો. પછી બંનેનો મુકાબલો કરો.

જેણે મનુષ્યજન્મ ગ્રહણ કર્યો છે, તેણે મનુષ્યપણામાં સમાનતાનો હક પ્રાપ્ત કર્યો છે. હાથ, પગ, મોં, માથું ઇત્યાદિમાં તે જેમ સમાન છે, તેમ સંપત્તિના અધિકારીપણામાં પણ તે સમાન છે. આ પૃથ્વીની જમીન ઉપર રાજાનો જેટલો અધિકાર છે તેટલો ભિક્ષુકનો પણ છે. જમીન સૌની છે તેમાં કોઇનો પણ ખાસ હક નથી. જ્યારથી બળવાળાઓ નિર્બળ પાસેથી ખૂંચાવી લેવા લાગ્યા ત્યારથીજ સમાજ સ્થા-

પનાનો પ્રારંભ થયો છે અને એ અપહરણની સ્થાયીપણાની વ્યવસ્થાનું નામજ કાયદો છે.

જે માણસે સૌ પહેલાં કોઇ જમીનના કકડાપર કાંઇ એંધાણી કરીને કહ્યું હોય કે, " આ જમીન તો મારી છે. " તે માણસનેજ સમાજ સ્થાપક સમજવો. જો કોઇ માણસ તેને ત્યાંથી ઉઠાડી મૂકીને કહે કે, " એ માણસ તો ધૂર્ત છે, તમારે એની વાત સાંભળવી નહિ, પૃથ્વી કોઇની નથી, તેનાપર ઉપજેલું અનાજ સૌનું સમજવાનું છે." તો તે માણસે માનવ જાતિ ઉપર અપાર ઉપકાર કર્યો સમજવો.

રૂસોની આ બધી વાતો અતિ ભયંકર છે. વોલ્ટર એ વાંચીને કહે છે કે, " એ બદમાસોનું દર્શનશાસ્ત્ર છે. " રૂસોના અનુયાયી માનસ શિષ્યો કહેતા કે, "અપહરણનું નામજ સંપત્તિ છે "

Le Contract Social (લી કૉન્ટ્રેકટ સોશીયલ) નામના વિશ્વવિખ્યાત ગ્રંથમાં રૂસો પોતાના આ મતોમાં થોડો ફેરફાર કરે છે. સુધરેલી અવસ્થાના દોષોનું વર્ણન કરી કરીને તે થાકયો છે તે કહે છે કે અણસુધરેલી અવસ્થામાં જ્યાં સહજ જ્ઞાનવડે ધર્મનો નિર્ણય થાય છે ત્યાં સુધરેલી અવસ્થામાં ન્યાયના અનુસરણે ધર્મનો નિર્ણય થાય છે. સંપતિ વિષે પણ તે પ્રથમના અધિકારીને માલીક કહીને સ્વીકારે છે; પરંતુ તે નીચેની અવસ્થામાંજ માલીક ગણવાનો છે એમ કહે છે. ૧ જો એ જમીનનો પહેલાં કોઇ અધિકારી થયો ન હોય તો. ૨ અધિકારી થનાર જો પોતાના ભરણપોષણને માટે જરૂરની હોય એટલીજ જમીનને રોકતો હોય અને તેથી વધારે જમીનને ન રોકતો હોય તો. ૩ જો નામ માત્રનો પણ કર ન લેતાં ખેતીનાં કાર્યમાંજ ભાગ લેતો હોય તોજ એ નિશાન કરેલી ભૂમિ તે અધિકારીની સંપત્તિ કહેવાય.

Le Contract Social નામના ગ્રંથનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે સમાજના લોકોની સંમતિથીજ સમાજ રચાયો છે. રૂસો

કહે છે કે, જેમ પાંચ વેપારી મળી કેટલાક નિયમો બાંધે ને એક જોઇંટ સ્ટોક કંપની ઉભી કરે; તેજ પ્રમાણે આ સમાજ, રાજ્ય અને કાયદા એ બધું લોકોએ પોતાના કલ્યાણને માટેજ ઘડેલું છે. આ વાતનું ફળ ઘણુંજ ગંભીર છે. તમે મારી સાથે ઠરાવ કરીને તમારી જમીન મને ખેડવા આપો, હું તમને તે બદલ ખાવાનું આપું અને મારા ઘરમાં નિવાસ આપું; પણ તમે જે દહાડે મને જમીન ખેડતો બંધ કરો તેજ દહાડે હું તમને હડસેલો મારી ઘરમાંથી બહાર કાઢું અને ખાવાનું આપવું બંધ કરૂં, એ વાત જેમ ન્યાયવાળી છે; તેમજ જો રાજા અને પ્રજા વચ્ચે આવો ઠરાવ માત્રજ હોય તો પછી પ્રજા જુલમી રાજાને કહી શકે કે તમે ઠરાવનો ભંગ કર્યો છે. પ્રજાનું ભલું કરીશ એ ઠરાવથીજ તમે રાજા છો. તમારૂં કાર્ય અમારૂં હિત કરવાનુંજ છે અને અમારૂં કાર્ય તમને કર આપવાનું તથા તમારી આજ્ઞા પાળવાનું છે. તમે જ્યારે અમારૂં કલ્યાણ કર્યું નથી તો અમે પણ તમને કર આપીશું નહિ અમે તમારી આજ્ઞા પાળીશું નહિ. તમે હવે આ રત્ન જડિત સિંહાસનથી નીચેજ ઉતરી જાઓ.

જ્યારે આ Le Contract Social નામનો ગ્રંથ પ્રસાર પામ્યો ત્યારે ફ્રાન્સના રાજાના હાથમાંથી રાજદંડ ગબડી પડયો. એ ગ્રંથનું છેલ્લું ફળ એ થયું કે સોળમો લુઇ રાજ્યથી પદભ્રષ્ટ કરાયો ને પ્રાણદંડ પામ્યો. ફ્રાન્સના રાજ્ય વિપ્લવોમાં જે જે બન્યું છે તેનાં મૂળો આ ગ્રંથમાં છે આજ ગ્રંથની વાણી એ યજ્ઞના વેદ મંત્રો રૂપે હતી.

એ ફ્રાન્સના વિપ્લવમાં રાજા મરાયો, રાજકુળ નષ્ટ થયું, રાજપદ ઉડી ગયું, રાજાનું નામ લુપ્ત થયું, જૂનો ખ્રિસ્તીધર્મ લય પામ્યો, ધર્માધિકારીઓની પરંપરા અટકી ગઇ અને છેલ્લે માસ તથા વારનાં નામો પણ બદલાઇ ગયાં. વહેતા લોહીના અનંત પ્રવાહમાં એ બધુંજ તણાઇ ગયું. કાળ જતાં ફરી તે બધું થયું ખરૂં, પણ પ્રથમના રૂપમાં

તો નહિજ. ફ્રાન્સને જાણે નવુંજ કલેવર પ્રાપ્ત થયું, અને યૂરોપમાં જાણે નવીજ સુધારણાની રચના થઇ. મનુષ્યજાતિનું સ્થાયી કલ્યાણ સિદ્ધ થયું. રૂસોનાં ભ્રાન્ત વાક્યોમાં અનંતકાળ રહેનારી કીર્તિ સ્થાપિત થઇ; કેમકે એ ભ્રાન્ત વાક્યો સમાનતાના ચેતનથી ભરપૂર હતાં. એ ભ્રાન્તિનું શરીર અર્ધા સત્યથી રચાયું હતું.

ફ્રાન્સનો વિપ્લવ શમી જતાં તેનો ઉદ્દેશ્ય સિદ્ધ થયો; પરંતુ "પૃથ્વી સૌની" એ વાત કહીને રૂસોએ જે મહાન વૃક્ષનું બીજ વાવ્યું હતું તેને નિત્ય નવાં નવાં ફળો આવવા લાગ્યાં. હજુલગી તેનાં ફળોથી યૂરોપ પરિપૂર્ણ છે. 'કમ્યુનિઝમ' એ પણ એ વૃક્ષનું ફળ છે, અને 'ઇન્ટરનેશનલ' એ પણ એ વૃક્ષનુંજ ફળ છે. એ બધાંનો અમે જરા જરા પરિચય આપીશું.

આ દેશમાં અને બીજા દેશમાં સ્થાવર જંગમ સંપતિના માલીક ભિન્ન ભિન્ન માણસો છે. 'મારૂં ઘર' 'તમારી જમીન' 'તેનું ઝાડ' વગેરે હકીકતો સૌ જાણે છે; પરંતુ આના સિવાય બીજે પ્રકારે સંપત્તિની માલીકી બાબત ગોઠવણ ન હોઇ શકે એમ સમજવું નહિ. સંપત્તિનો જૂદો જૂદો માલીક ન ઠરાવતાં તે સંપત્તિ સૌ માણસોની માલીકીની પણ હોઇ શકે. સર્વલોકને પાળનારી આ પૃથ્વી કોઇ પણ એકને માટે અથવા તો દશપંદર ભૂમિપતિઓ માટે સરજાએલી નથી; અને તેથી ભૂમિના ઉપર સૌનો સમાન હક છે; એ વાતને સર્વ શંકા નિવારક વાણીશકિતના બળથી રૂસોએ પૃથ્વીમાં આદર અપાવ્યો છે. ક્રમે ક્રમે અનેક વિવેચકો આ સિદ્ધાંત ઉપર સંપત્તિ માત્રમાં સૌનો હક સ્થાપવાનો મત પ્રચાર કરવા લાગ્યા છે.

પહેલો મત એ કે પૃથ્વી અને મૂળધન કે જેનાવડે બીજા ધનની ઉત્પત્તિ થાય તે સમાજના બધા લોકોની સાધારણ સંપત્તિ સમજવી અને તેના ઉપર સમાજના બધા માણસોનો સમાનહક ગણવો. વળી જે

ઉત્પન્ન થાય તે પણ બધા લોકોમાં સરખેભાગે વહેંચી લેવું. તેમાં "આ મોટો માણસ" અને "આ નાનો માણસ" એવો કશો ભેદ રાખવો નહિ. બધાજ સરખી રીતે મહેનત કરે અને બધાજ સમાનભાગે ધનના માલીક થાય; આનું નામ 'કમ્યુનિઝમ' છે. એ મતનો પ્રચાર કરનારા 'ઓવેન,' 'લુઇ,' 'બ્લાં' અને 'કાબે' હતા. પરંતુ મધ્યમ કમ્યુનિષ્ટ વધારે મહેનતુ અને ઓછા મહેનતુ, કામગરા અને નકામા, એ બધાને આ રીતે ધનની સમાન વહેંચણી કરવા ચહાતા નહિ. તેઓ કહેતા કે મહેનત પ્રમાણે ધનનો ભાગ આપવો એ યોગ્ય છે, જે મત 'સેન્ટસાઇમનિઝમ' એ નામે જાણીતો છે, તેનો પણ અભિપ્રાય એ છે કે બધાં માણસો એક જાતની મહેનત કરી શકશે અથવા બધાજ સરખો શ્રમ કરશે કે કરી શકશે એમ બનવાનું નથી; અને તેથીજ બધાજ સરખે ભાગે ધનના ભાગદાર થાય એ યોગ્ય નથી. જે જેવી મહેનત કરવામાં ઉપયોગી છે, અથવા જે જે કામને લાયક છે તે તે જાતનો શ્રમ કરશે અને તે રીતે તે કાર્યમાં જોડાશે. એથી કાર્યની ઉચ્ચતા, મધ્યમતા કે કનિષ્ટતા પ્રમાણે તથા કાર્ય કરનારની શક્તિ પ્રમાણે તેને ભાગ આપવો પડશે. જે જેને લાયક હશે તેને ત્યાં ગોઠવવામાટે, તેનું મૂલ્ય નક્કી કરવામાટે અને સર્વપ્રકારના નિયમો બાંધવામાટે કેટલાક વ્યવસ્થાપકો નીમવા પડશે; પરંતુ ભૂમિ અને ધન ઉપજાવનારી સામગ્રી એ તો સૌની સાધારણ મિલકત ગણાશે.

'ફૂરીરિઝમ' એ એક જાતની સાર્વજનિક મિલ્કતનો પક્ષ કરનાર મત છે; પરંતુ એ સંપ્રદાયનો મત એવો નથી કે ભિન્નભિન્ન માણસની સંપત્તિ ભિન્નભિન્ન હોઇ શકે નહિ. ભિન્નભિન્ન માણસની માલેકી અને વારસો એ એને સંમત છે. એ કહે છે કે ૨૦૦૦ અથવા એટલી સંખ્યામાં માણસો એકઠા થઇને ધન ઉત્પન્ન કરશે. આમ નોખા નોખા

સમૂહોદ્વારા ધન ઉપજાવી શકાશે. મૂળ ધનનું જૂદાપણું રહેશે. ઉત્પન્ન થયેલા ધનમાંથી કેટલોક ભાગ બધાને વહેંચી દેવાશે અને જેઓ શ્રમ કરવામાં અશક્ત છે તેઓને બાકીનામાંથી થોડું ધન આપી શકાશે. વળી આમ વ્યવસ્થા કરવાથી જે બાકી રહેશે તે મહેનત કરનારને અને મૂળ ધનવાળાને અપાશે. મૂળધનવાળાને શું આપવું અને કામની હોશિયારીના પ્રમાણમાં કોને કોને કેટલું કેટલું આપવું ? તે પણ નિયમ પ્રમાણે ચોક્કસ કરવું પડશે. આથી જે જેટલો ગુણવાળો હશે તે તેની યોગ્યતા પ્રમાણે પામી શકશે.

સ્વર્ગવાસી મહાત્મા જોન સ્ટુઅર્ટ મીલ સ્થાવર મિલ્કતના ઉત્તરાધિકાર (વારસા) વિષે જે કહેછે તે પણ અહીં ઉતારવા યોગ્ય છે; કેમકે તે પણ સમાનતાનાં તત્ત્વોવાળું છે. તે કહે છે કે, “ ઉપાર્જન કરનાર માણસ ઉપાર્જન કરેલી સંપત્તિનો પૂરેપૂરો હક્કદાર છે. જેણે જેટલું પોતાના પરિશ્રમથી અથવા ગુણથી એકઠું કર્યું છે, તેણે તે હદથી વધારે હોવા છતાં પણ જીવનપર્યંત ભોગવવું અને તેના જીવન પછી પણ તે જેને આપવા ઇચ્છતો હોય તેને આપવાનો તે અધિકારી છે; પરંતુ જો તે પોતે જીવનને અંતે કોઇને પણ આપી ન જાય તો તેની મૂકેલી સંપત્તિનો વારસ થવાનો કોઇ એક માણસને અધિકાર નથી.” રામે જે સંપત્તિ મેળવી છે તેથી ૧૦૦૦૦ માણસનું પોષણ થઇ શકે તેમ હોય તોપણ રામે મેળવ્યું છે; એટલે ૯૯૯૯ માણસો પડયાં રહે તોપણ રામ એકલોજ તે સંપત્તિનો અધિકારી છે. તે જો જીવનને અંતે પોતાની ઇચ્છા પ્રમાણે પોતાના પુત્રને અથવા બીજાને તેનો માલીક ઠરાવે, તો તેમ કરવાનો તેને હક્ક છે; પરંતુ તે કોઇને આપી ગયો ન હોય તોપણ માત્ર વ્યવહાર બળે તેનો પુત્ર શું એકલો હક્કદાર થાય ? હક્ક માત્ર ઉપાર્જન કરનારનો છે, તેના પુત્રનો નથી. જ્યાં હક્કદાર કહી ગયો નથી કે મારો પુત્ર બધી સંપત્તિ ભોગવશે,

ત્યાં પુત્ર હક્કદાર નથી. સમાજના બધા માણુસો એ સંપત્તિના સરખે-ભાગે હક્કદાર છે.

તોપણ પિતાએ પુત્રને આ દુઃખમય સંસારમાં આણ્યો છે; તેથી તે દુઃખ ન પામે અને સુશિક્ષિત થઇને ધનનાં અભાવે હેરાન ન થઇ, જીવનયાત્રાનો સુખપૂર્વક નિર્વાહ કરી શકે તેટલો રસ્તો કરવો એ પિતાનું કર્ત્તવ્ય છે. એટલે પિતાની સંપત્તિમાંથી જેટલો ભાગ કાઢતાં એ ઉદ્દેશ્ય સિદ્ધ થાય તેટલોજ પુત્રને મળી શકે. પિતાએ ન આપ્યું હોય તોપણ પુત્રને તે આપવું જોઇએ; પરંતુ તેનાથી વધારે એક કોડી પણ તેને અપાય નહિ. મીલ કહે છે કે, "ઉપપત્નીના પુત્ર કરતાં પત્નીના પુત્રનો કશો વધારે હક નથી. બન્ને માત્ર પોતાના આત્મ રક્ષણ જેટલીજ સંપત્તિના અધિકારી છે; પરંતુ આ રીતે જે કાંઇ હક છે તે સંતાનોનોજ છે. પુત્ર ન હોય તો મરનારની બધી સંપાત ઉપર જ્ઞાતિ વિગેરે હકદાર થાય એ વાત પણ ન્યાયવાળી નથી." વાસ્તવિક રીતે ઉત્તરાધિકાર (વારસા) વિષે ન્યાયવાળી વ્યવસ્થા પૃથ્વીના કોઇ રાજ્યમાં હજુ લગી થઇ નથી. વિલાયતની વ્યવસ્થાને મુકાબલે આપણી ધર્મશાસ્ત્રોની વ્યવસ્થા કાંઇક સારી છે. અને હિંદુ ધર્મશાસ્ત્રો કરતાં, *સરેહની વ્યવસ્થા વધારે સારી છે; પરંતુ તમામ અન્યાયપૂર્ણ છે. અત્યારે એ બધી વાત ચર્ચવી મોટે ભાગે અસ્થાને છે અને મૂર્ખાની પાસે હસવાના કારણરૂપ છે; પરંતુ એક દહાડો આ રીતની વિધિ પૃથ્વીમાં સર્વ ઠેકાણે ચાલશે.

સમાનતાનાં તત્ત્વોનો છેલ્લો ભાગ પણ એ ચિરસ્મરણીય મહાત્માએ પ્રસારેલો છે. સ્ત્રી અને પુરુષો સમાન છે. અત્યારે કેળવણીમાં, વિજ્ઞાનમાં, રાજકાર્યોમાં અને વિવધ બાબતોમાં એકલા પુરુષોજ હકદાર ગણાય છે. સ્ત્રીઓ હકદાર શામાટે નહિ? મીલ કહે છે કે, "સ્ત્રી

* મુસલમાનોનો કાયદો.

જાતિ પણ એ તમામની અધિકારિણી છે. ' તેઓ ઉપયોગી નથી કે શક્તિમાન નથી ' એ વાત દીર્ઘ કાલથી પ્રચલિત થયેલી ભ્રાંતિ માત્ર છે. " મીલનો આ મત યૂરોપમાં ગ્રાહ્ય થઇને ફળરૂપે પરિણામ પામ્યો છે. આપણા દેશમાં એ બધી વાતો પ્રસાર થવાને હજુ ઘણીવાર છે.

સમાનતા વિષે સારરૂપ બીના ફરી કહીએ છીએ. બધાં મનુષ્યો સમાન છે એ ખરૂં; પરંતુ એ વાતનો ઉદ્દેશ એવો નથી કે બધી અવસ્થાનાં બધાં માણુસો સાથે સમાન છે. કુદરતી ભેદ પણ બધા માણુસો વચ્ચે દેખાય છે. કોઇ દુર્બળ અને કોઇ બળવાન; કોઇ બુદ્ધિવાન અને કોઇ બુદ્ધિહીન; આવા ભેદ કુદરતી તફાવતને લઇને સમાજમાં અવસ્ય પડશેજ. જે બુદ્ધિવાન્ અને બળવાન છે તે આજ્ઞા કરનાર થશે; અને જે બુદ્ધિહીન અને બળ હીન છે તે આજ્ઞા ઉઠાવનાર અવસ્ય થશે. રૂસો પણ એ વાત સ્વીકારે છે; પરંતુ સમાનતાનું તાત્પર્ય એ છે જે કુદરતી વિષમતાને લીધે સમાજમાં જેટલી વિષમતા થવી જોઇએ તેટલીજ વિષમતા યોગ્ય છે. તેનાથી વધારે વિષમતા થાય તે ન્યાય વિરૂદ્ધ છે; અને માનવજાતિનું અનિષ્ટ કરનાર છે. અત્યારે જે રાજનૈત્તિક અને સામાજીક વ્યવસ્થા પ્રચલિત છે તે આ રીતે અનેક બાબતમાં અસ્વાભાવિક—વિષમતા ઉપજવાના કારણરૂપ છે. એ વ્યવસ્થાનું સંશોધન કરવામાં ન આવે તો મનુષ્યજાતિની ઉન્નતિ નથી. મીલ એક સ્થળે કહે છે કે, "અત્યારે જે કાંઇ સારી વ્યવસ્થા દેખાય છે તે પહેલાંની કુવ્યવસ્થાના સંશોધનોનું પરિણામ માત્ર છે." એ વાત ખરી; પરંતુ સંપૂર્ણ સંશોધનને માટે તો હજી પણ કાળની અપેક્ષા છે. સૌએ એટલું સ્મરણ રાખવું કે, " હું જન્મને ગુણેજ મોટો માણુસ થયો છું અને બીજો જન્મને કારણે નાનો માણુસ થયો છે " એવો વિચાર કદિ લાવવાનો નથી. તમે ઉંચા કુળમાં જન્મ્યા છો તે તમારા કોઇ પ્રકારના ગુણને લીધે નથી, અને બીજો જે નીચ

કુળમાં જન્મ્યો છે તે તેનો દોષ નથી. આથી પૃથ્વીનાં સુખમાં તમારો જેટલો હક છે તેટલોજ નીચ કુળમાં ઉપજેલાનો પણ હક છે, અને તેનાં સુખોમાં વિઘ્નરૂપ થવું એ તમારૂં કર્ત્તવ્ય નથી. સમજી રાખવું કે એ તમારો ભાઇ છે; અને તમારી સમાન છે. જે માણસો આ ભૂલભરેલા કાયદાને આધારે પિતાની સંપત્તિ પામેલા છે, અને "પ્રચંડ પ્રતાપ;" "મહારાજાધિરાજ" વગેરે ઇલકાબો ધારણ કરી બેઠા છે તેમણે સ્મરણ રાખવું કે, ભારતવર્ષનો આ જે ખેડુત છે તે તેની બરાબરીઓ તથા તેનો ભાઇ છે. જન્મ થવો એ દોષ કે ગુણને આધીન નથી; તેમ તે બીજા કોઇના પણ દોષને આધીન નથી. જે સંપતિનો જમીનદારો પોતે એકલા ઉપભોગ કરે છે તેમાં આ ખેડુતોનો પણ ન્યાયની રીતે અધિકાર છે; એ વાત પોતાને જમીનદાર અથવા ગર્ભશ્રીમંત તરીકે માનનારાઓએ ભૂલવાની નથી.

પરિચ્છેદ* ત્રીજો.

આ દેશના ખેડુતોની આવી દુર્દશા શાથી થઇ? આવી ક્લેશજનક સામાજિક અસમાનતા ક્યાંથી પેદા થઇ? આ પ્રશ્નોનું અમે સમાનતાની નીતિ સમજાવવા માટે વિસ્તારથી વિવેચન કરીશું.

આટલું અવશ્ય કબુલ કરવું પડશે કે, બંગાળાના ખેડુતોની દુર્દશા કાંઇ આજકાલથી થયેલ નથી; એ દુર્દશા તો પરંપરાએ ઉતરતી આવી છે. જે દિવસથી ભારતવર્ષમાં સુધારણાની શરૂઆત થઇ

* મૂળ લેખમાં ત્રીજા પરિચ્છેદમાં બંગાળાના જમીનદારો તરફથી તેના ખેડુતોપર કેવો જુલમ વરસે છે તેનું વર્ણન છે; પરંતુ તેમાં આપણા દેશને લાગુ પડે તેવું થોડું છે, માટે અમે એ એક પરિચ્છેદ મૂકી દીધેલો છે.

"અનુવાદક"

તે દિવસથી ભારતવાસી ખેડુતોની દુર્દશાનું બી રોપાયું છે. પાશ્ચાત્યો કહે છે કે, "રોમ નગરી એક દિવસમાં નિર્મિત થઇ નથી." તેજ રીતે આ દેશના ખેડુતોની દુર્દશા પણ કાંઇ સો બસો વર્ષમાં થઇ નથી. ભારતવર્ષની પ્રજા કયાં કારણોથી દીર્ઘ કાળથી ઉન્નતિહીન છે? તે વાતનો વિચાર કરવા અમે આજે પ્રવૃત્ત થઇએ છીએ.

બકલ સાહેબ કહે છે કે સુધારણાનું મૂળ જ્ઞાનવૃદ્ધિજ છે. જેટલી જેટલી વધારે જ્ઞાનવૃદ્ધિ થાય, તેટલી તેટલી વધારે સુધારણા થાય. વળી **બકલ** સાહેબ કહે છે કે જ્ઞાનની ઉન્નતિ સિવાય નીતિમાં વધારો પણ થાય નહિ. અમે આ પાછલી વાતને અનુમોદન આપી શકતા નથી; પરંતુ જ્ઞાનની ઉન્નતિજ સુધારણાનું કારણ છે એ વાતનો સ્વીકાર કરીએ છીએ. જ્ઞાનની ઉન્નતિ ન થાય તો સુધારણાની ઉન્નતિ થતી નથી. જ્ઞાન પોતાની મેળે આવતું નથી, એતો શ્રમથી મળી શકે તેવું છે. જો કોઇપણ વિદ્યા મેળવવા પ્રયત્ન કરે નહિ; તો સમાજમાં જ્ઞાનનો પ્રકાશ હોય નહિ; પરંતુ વિદ્યા મેળવવા માટે અવકાશની જરૂર છે. વળી વિદ્યા મેળવતા પહેલાં પેટને પોષણ મળવું જોઇએ. ભૂખે પેટે કોઇ જ્ઞાન મેળવી શકશે નહિ. જો બધાને પેટ ભરવામાટે શ્રમ કરવા રોકાવું પડે, તો કોઇને પણ જ્ઞાન મેળવવાનો અવકાશ મળે નહિ. આથી સુધારણાની ઉત્પત્તિમાટે સમાજમાં એક ભાગ એવો પણ હોવો જોઇએ કે શારીરિક શ્રમ કર્યા સિવાય તે તેનું ભરણપોષણ કરી શકે. બીજો ભાગ શારીરિક મહેનત કરશે, અને આ ભાગ બેઠો બેઠો વિદ્યા મેળવશે. જો શારીરિક શ્રમ કરનાર લોકો માત્ર પોતાના ભરણપોષણ જેટલોજ ખોરાક ઉપજાવશે, તો આ રીતે બની શકશે નહિ. કેમકે જેટલું અનાજ પેદા થશે તેટલું તો તેઓજ ખાઇ જશે; અને કશો વધારો વધશે નહિ કે જેથી વિદ્યા મેળવનારાનો નિર્વાહ ચાલે. તેઓ પોતાના ભરણપોષણ કરતાં વધારે પ્રમાણમાં ઉત્પન્ન કરશે તોજ

પોતાના ભરણપોષણ ઉપરાંત બાકીનું વધશે તેનાથી વિદ્યોપજીવી[1] માણસો પોષણ પામી વિદ્યાભ્યાસમાં લાગી શકશે. આમ થશે ત્યારેજ જ્ઞાન ને ઉદય થવાનો સંભવ છે. આથી સુધારણાના ઉદય પહેલાં સમાજમાં ધનસંચય[2] થવાની પહેલી જરૂર છે.

કયા દેશના સમાજમાં ધનસંચય છે, અને કયા દેશના સમાજ-પાસે ધનસંચય નથી, એ જોવું જોઇએ. જે દેશમાં ધનસંચય હોય તે દેશમાં સુધારણા થાય, અને જે દેશમાં તેમ ન હોય તે અણસુધરેલ રહે. આ બાબતમાં સંક્ષેપમાં બે કારણો દર્શાવીએ છીએ. પહેલું જમીનની ફલદ્રૂપતા લઇએ. જે દેશની જમીન ફળદ્રૂપ છે તે દેશમાં સહેલાઇથી પુષ્કળ અન્ન ઉપજી શકે છે; એટલે શારીરિક શ્રમ કરનારાઓના ભરણપોષણ કરતાં વધારે ઉપજી, સંચિત થઇ શકે છે. બીજું કારણ દેશની ગરમી વા ઠંડક છે. જે દેશ ઉષ્ણપ્રદેશમાં છે તે દેશના લોકોને થોડા આહારની જરૂર છે, પણ શીત પ્રદેશમાં વધારે આહારની જરૂર છે. આ વાત કેટલાક સ્વાભાવિક નિયમોપર આધાર રાખે છે. આ નાના નિબંધમાં એનાં કારણો લખવાની જગ્યા નથી. અમે આ વાત બકલના ગ્રંથને આધારે લખીએ છીએ. વધારે જાણવાની ઇચ્છાવાળા વાંચકે તેનો મૂળ ગ્રંથ જોવો. તાત્પર્ય કે જે દેશના લોકોને સાધારણ રીતે થોડા ખોરાકની જરૂર છે, તે દેશમાં સામાજિક ધનસંચય વહેલો થશે; એમાં સંદેહ નથી. બકલ ઉષ્ણતાનું બીજું પરિણામ એ કહે છે કે વધારે તાપ પડવાને લીધે લોકોને શરીરમાં ગરમી આપનારા ખોરાકોની બહુ જરૂર રહેશે નહિ; પણ જે દેશો શીતળ છે તે દેશમાં શરીરમાં ગરમી આપનારા ખોરાકોની બહુ જરૂર રહેશે. જે દેશો શીતળ છે તે દેશમાં શરીરમાં ગરમી રાખવા માટે, તેવા ખોરાકની વધારે જરૂર છે. શ્વાસોશ્વાસમાં જે ઑક્સીજન લઇએ છીએ, તેનો શરીરમાં

[1] વિદ્યા ઉપર જીવન ગુજારનારા. [2] ધનસંગ્રહ.

રહેલા કાર્બોનની સાથે રાસાયનિક–સંયોગ થાય છે. આથી જે ખોરાકમાં કાર્બોન વધારે હોય તેજ ગરમી આપનાર ખોરાક છે. માંસ વગેરેમાં કાર્બોન વધારે છે, આથી શીતકટિબંધના લોકોને માંસાદિની વધારે જરૂર છે.* ઉષ્ણતાવાળા દેશમાં માંસના ખોરાકની જરૂર નથી. ત્યાં તો વનસ્પતિ–આહાર વિશેષ જરૂરનો છે. વનસ્પતિનો આહાર સહેલાઇથી મળી શકે છે અને માંસનો ખોરાક કષ્ટસાધ્ય છે, માટે ઉષ્ણપ્રદેશમાં ખોરાક સુલભ હોવાથી ધનસંચય જલદી થાય છે.

ભારતવર્ષ ઉષ્ણ પ્રદેશ છે, અને એની ભૂમિ પણ ફળદ્રૂપ છે. એટલે તેમાં ધનસંચય અતિ શીઘ્રતાથી થવાનો સંભવ છે. આથીજ ભારતવર્ષમાં પૂર્વકાળથી સુધારણાનો અભ્યુદય થયો છે. ધનના વધારાના કારણથી સમાજનો એક ભાગ શારીરિક શ્રમમાં લાગ્યો, અને તેમાંથી વખત મેળવીને જે ભાગ જ્ઞાનપ્રાપ્તિમાટે તત્પર થઇ શક્યો, તેણે પ્રસારેલા જ્ઞાનને લીધે ભારતવર્ષની સુધારણા થઇ; વાંચકો સમજી શકશે કે અમે બ્રાહ્મણોની વાત કહીએ છીએ.

દુનિયાના સૌ દેશો કરતાં ભારતવર્ષમાં સુધારણા સૌથી પહેલી કયાં કારણોથી થઈ એ તો ઉપરનાં વિવેચનથી સમજાયું હશે; પરંતુ સૌ પહેલી સુધારણા થવામાંજ ભારતવાસી પ્રજાની દુર્દશાનાં મૂળો હતાં. જે જે નિયમોને લીધે અકાળે સુધારણા થઇ, તે તે નિયમોને લીધેજ સાધારણ પ્રજાની દુર્દશા થઇ અને ઉગતો બાલસૂર્ય વાદળાંથી ઢંકાયો. બાલતરૂને ફૂળ આવે તે શું સારાં આવે ?

જ્યારે જનસમાજમાં ધનસંગ્રહ થયો ત્યારે સહજ રીતેજ

* સોયસીંગ વગેરે પદાર્થો માંસ કરતાં પણ વધુ કારબનવાળા હોવાથી ઠંડા દેશો માટે માંસનીજ જરૂર હોય એમ રહ્યું નથી. હિંદના અનેક મનુષ્યો માંસ વિના ત્યાં વરસો સુધી રહેતા હોવાના દાખલા હવે અનેક છે.
મં૦ સ. સા.

સમાજ બે ભાગમાં વહેંચાયો; એક ભાગ શારીરિક મહેનત કરે અને એક ભાગ શારીરિક મહેનત કરે નહિ. આ બીજા ભાગને મહેનત કરવાની જરૂર નહિ, એટલે તે કરે નહિ. પહેલા ભાગે ઉપજાવેલા અનાજના વધારામાંથી તેમનું ભરણ પોષણ થાય. હવે જેઓ મહેનત કરતા નહોતા; તેઓને પુષ્કળ અવકાશ એટલે વિચાર, કેળવણી ઇત્યાદિ બાબતોમાં તેઓનોજ એક અધિકાર જામ્યો. જેઓ વિચાર કરે, જેઓ કેળવણી લે, તેઓની બુદ્ધિ ઉજવળ અને તીક્ષ્ણ થાય; એટલે તેઓ બીજા કરતાં વધારે લાયક અને શક્તિવાળા થાય, તેથી સમાજમાં એમનુંજ પ્રધાનપણું થાય. જેઓ શ્રમોપજીવી છે તેઓ આ લોકોને આધીન બની શ્રમ કરવા લાગે એટલે પહેલેથીજ અસમાનતા ઉભી થાય, પરંતુ આ અસમાનતા સ્વાભાવિક છે, એ નિર્મૂળ થવી અસંભવિત છે. વળી એને નિર્મૂળ કરવામાં લાભ પણ નથી.

જ્ઞાનોપજીવીનું જ્ઞાન પણ શ્રમોપજીવીને લાભકારક છે. આથી તેઓ શ્રમોપજીવીએ ઉપજાવેલા ધનનો ભાગ ગ્રહણ કરે છે. શ્રમ કરનારાઓના ભરણ પોષણમાટે જેટલા ધનની જરૂર છે, તેના કરતાં જે વધે તે આ જ્ઞાનોપજીવીના હાથમાં આવે. આથી સમાજમાંનું જે વધારાનું ધન છે તે, આનાજ હાથમાં સંચિત થઈ રહે. આમ દેશની ઉપજ બે ભાગે વહેંચાય એક ભાગ શ્રમોપજીવીનો; બીજો ભાગ જ્ઞાનોપજીવીનો. પહેલા ભાગને અમે મજુરીનો “મુસારો” કહીશું અને બીજા ભાગને અમે વેપારીનું “મુદ્દલ” કહીશું. અમે આ ‘મુસારો’ અને ‘મુદ્દલ’ એ બે નામોથી ઉપજના જે બે ભાગ પાડયા, તેમાં મુદ્દલ ભાગ જ્ઞાનોપજીવી ભાગને ઘેરજ રહેશે. શ્રમોપજીવી લોકોને મુસારા ઉપરાંત કશું વધારે મળશે નહિ. શ્રમોપજીવીની સંખ્યા ગમે તેટલી કાં ન હો, ઉપજેલા ધનનો જે ભાગ મુસારા રૂપે ગણાય તેજ શ્રમોપજીવીલોકોમાં વહેંચાશે. મુદ્દલમાંથી તેમને એક પૈસો પણ મળશે નહિ.

ધારો કે દેશની ઉપજ કરોડ રૂપિયા છે તેમાંથી પચાસ લાખ મુસારામાં અને પચાસ લાખ મુદ્દલમાં જાય છે. હવે દેશમાં પચીસ લાખ શ્રમોપજીવી મનુષ્યો હોય તો મુસારાના પચાસ લાખ રૂપિયામાંથી એ શ્રમોપજીવીના દરેક માણુસને ભાગે બે બે રૂપિયા આવશે. હવે માનો કે એકદમ એ પચીસ લાખ શ્રમોપજીવીમાં બીજા પચીસ લાખ લોકો ક્યાં-કથી આવ્યાં અને પચાસ લાખ શ્રમોપજીવી થયાં, તો પછી દરેકને ભાગે એક એક રૂપિયો આવશે. જે મુદ્દલ છે તેનો એક પૈસો પણુ એમને મળવાનો નહિ. આથી પહેલાં શ્રમોપજીવીને ભાગે દરેકને બે રૂપિયા મળતા, તેને ઠેકાણે એકએક રૂપિયો મળશે; અને પહેલાંના કરતાં પછીના વખતમાં તેમને ખાનપાન વગેરેમાં વધારે સંકોચ કે દુર્દશા વેઠવી પડશે.

જો આ શ્રમોપજીવીના આવવા સાથે દેશની ઉપજમાં એક કરોડ રૂપિયાની ધનવૃદ્ધિ થઇ, તો તેમને એવો સંકોચ પડશે નહિ, કેમકે પચાસ લાખ રૂપિયાનો મુસારો મળતો, તેને બદલે તેમને એક કરોડ રૂપિયાનો મુસારો મળશે; અને માણુસોનો વધારો થયા છતાં પણુ તે દરેકને ભાગે બે બે રૂપિયા આવી રહેશે.

આથી દેખાય છે કે માણુસોની સંખ્યામાં વધારો થાય તે શ્રમો-પજીવી લોકોને મોટું નુકશાનકારી છે. જે પ્રમાણુમાં પોતાની સં-ખ્યામાં વધારો થાય તે પ્રમાણુમાં જો દેશના ધનની પણુ વૃદ્ધિ થાય તો શ્રમોપજીવી લોકોને કશું નુકશાન નથી. જો સંખ્યાના વધારાના પ્રમાણુ કરતાં ધનના વધારાનું પ્રમાણુ વધારે હોય તો શ્રમોપજીવી લોકોમાં લક્ષ્મીની વૃદ્ધિ થાય. જેમકે ઇંગ્લાંડ અને અમેરિકામાં એમ બનેલું છે; પણુ તેમ ન થતાં માત્ર લોકસંખ્યામાંજ વધારો થાય તો શ્રમોપજીવી લોકોની દુર્દશા છે, અને ભારતવર્ષમાં તેમજ બન્યું છે.

માણુસોની સંખ્યામાં વધારો થવો એ સ્વાભાવિક નિયમ છે. એક પુરૂષ અને એક સ્ત્રીથી અનેક છોકરાં થાય, તે એકએક છોકરાંને વળી

અનેક છોકરાં થાય આથી મનુષ્યની દુર્દશા થવી એ એક રીતે સ્વાભાવિક નિયમને આધીન છે. સૌ સમાજમાં એ અનિષ્ટ થવાનો સંભવ છે; પરંતુ એના સારા ઉપાયો છે અને એ સારા ઉપાયોનો હેતુ સાથે સાથે ધનનો વધારો કરવો એ છે; પરંતુ જે પ્રમાણમાં પ્રજાવૃદ્ધિ થાય તે પ્રમાણે ધનવૃદ્ધિ ઘણે ભાગે થઇ શકતી નથી. આથી બીજા ઉપાયોનો આધાર લેવો પડે છે. એ બીજા ઉપાયો માત્ર બે છે. પહેલો ઉપાય એ કે દેશના લોકોનો કેટલોક ભાગ બીજે દેશ જાય. આ પૃથ્વી ઉપર કેટલાક દેશો એવા છે કે ત્યાં ઉપજતું અનાજ ખાવાને પુરતા લોકો નથી, અને કેટલાક દેશો એવા છે કે ત્યાં લોકોના પ્રમાણમાં પુરતું અનાજ નથી. આથી વધારાના લોકો બીજા દેશમાં જાય તો બરાબર થાય અને કોઇને નુકશાન થાય નહિ. આ રીતથી ઇંગ્લાંડને ઘણો લાભ થયો છે. ત્યાંના લોકો અમેરિકા, આસ્ટ્રેલિયા, આફ્રિકા વિગેરે ખંડોમાં જઇ વસ્યા છે તેથી ઇંગ્લાંડની વસ્તી વધી છે અને જ્યાં ગયા છે ત્યાંનું પણ હિત થયું છે.

બીજો ઉપાય વિવાહની પ્રવૃત્તિ ઉપર અંકુશ રાખવો એ છે. જો બધાજ વિવાહ કરે તો પ્રજાની વૃદ્ધિની હદ રહે નહિ, માટે જ્યાં લોકો વિલાસી હોય, જ્યાં જીવન નિભાવવા માટે બહુ સામગ્રીની જરૂર પડતી હોય, અને તે વસ્તુઓ મહાકષ્ટે પ્રાપ્ત કરાતી હોય ત્યાંના લોકોએ વિવાહપ્રવૃત્તિ ઉપર અંકુશ કરવો જોઇએ. જેની પાસે પરિવારને પાળવાનો ઉપાય ન હોય તે વિવાહ કરેજ નહિ એવા અંકુશની જરૂર છે.

ભારતવર્ષમાં આ બે ઉપાયમાંનો એક પણ ઉપાય કરી શકાય તેમ નથી. ભારતવર્ષની ઉષ્ણપ્રદેશની ઉષ્ણતા ત્યાંના નિવાસીઓના શરીરમાં શિથિલતા ઉપજાવનાર છે. તેને લીધે શ્રમ કરવામાં પ્રવૃત્તિ ઓછી રહે છે; અને પરદેશગમનનો ઉત્સાહ, ઉદ્યોગ અને મહેનતનાં

કામોમાં મંદતા જણાય છે. વિશેષે કરીને કુદરતે પણ તેને આશરો આપ્યો છે. ત્રણ દિશામાં અલંઘ્ય પર્વતો અને ચોથી દિશામાં તરંગો ઉછાળતો સમુદ્ર મૂકી ભારતવર્ષને જાણે બાંધીજ લીધો છે!

વિવાહ પ્રવૃત્તિ ઉપર અંકુશ રાખવાની બાબતમાં ભારતવાસીઓ બહુજ ભોળા છે. જ્યા આંખો મિંચીને દાણા ફેંકતાં પણ અનાજના છોડો ઉગે, અને જ્યાં થોડા ભોજનથી પણ જીવન નભે એમ છે, જ્યાં વાયુની ઉષ્ણતાને લીધે ઝાઝાં કપડાંની જરૂર નથી; ત્યાં જીવન સહેલાઇથી નભી શકે ત્યાં પરિવારના પોષણની બીકે કોણ બીએ ભલા? આથી વિવાહપ્રવૃત્તિ ઉપર અંકુશ રાખવામાં ભારતવાસીઓ વિમુખ દેખાય છે. પ્રજાવૃદ્ધિ અટકાવવાનો કશો ઉપાય સેવાયેલો ન હોવાથી, સંખ્યાના વધારાનો વેગ જોસભેર વહે છે. જે ભૂમિની ફળદ્રૂપતા અને વાયુની ઉષ્ણતાને લીધે સૌની પહેલાં સુધારણાનો ઉદય થયો, તેજ જમીનની ફળદ્રૂપતા અને વાયુની ઉષ્ણતાને લીધે જન-સમાજની દુર્દશાનાં કારણો પણ ઉભાં થયાં! એ બન્ને ઉલ્લંઘન ન કરી શકાય એવા કુદરતી નિયમોનુંજ પરિણામ છે.

આ કારણોથી શ્રમોપજીવી લોકોની દુર્દશાનો આરંભ થયો; પરંતુ એક વાર અધોગતિનો આરંભ થતાં તે અધોગતિનાજ પરિણામે વધારે વધારે અધોગતિ થાય છે. શ્રમોપજીવી લોકોની જે પ્રમાણમાં દુર્દશા વધવા લાગી તે પ્રમાણમાં તેમની સાથે સમાજના બીજા ભાગની અસમાનતા વધવા લાગી. પહેલાં ધનની અસમાનતા ઉપજી અને તેના પરિણામે અધિકારની અસમાનતા ઉપજી. શ્રમોપજીવી લોકો દીન, એટલે તેમના ઉપર જ્ઞાનોપજીવી લોકોનું પ્રભુત્વ વધવા લાગ્યું; અને અધિક પ્રભુત્વને પરિણામે અધિક જુલમો ઉભા થયા. શૂદ્રને પીડનાર સ્મૃતિ-શાસ્ત્રનાં મૂળ આ પ્રભુત્વમાંજ રહેલાં હતાં. એ અસમાનતાજ અસ્વા-ભાવિક અને અહિતના કારણરૂપ કહી શકાય.

અમે જે જે હકીકત કહી તેથી ત્રણ મુખ્ય મહાન સાર ખેંચી શકાય.

(૧) શ્રમોપજીવીની અધોગતિનાં જે જે કારણો જોયાં, તેનાં ફળ ત્રણ પ્રકારનાં દેખાય છે.

પહેલું ફળ એકે મહેનતનો મુસારો થોડો મળે, એનુંજ બીજું નામ **દારિદ્રય** કહેવાય અને તે અસમાનતાને વધારનાર છે.

બીજું ફળ મુસારાનો ઘટાડો થયા છતાં પણ મહેનતમાં વધારો થયો. કેમકે પરિશ્રમ ઝાઝો કરીને પણ પોષણ થાય તેટલું તો પેદા કરવું જોઇએ; તેથી નવરાસ મળે નહિ, અને નવરાસ ન મળતાં વિદ્યા મેળવવાના સાંસા! એટલે બીજું ફળ **મૂર્ખતા** આવે. એ પણ અસમાનતા વધારનાર છે.

ત્રીજું ફળ જ્ઞાનોપજીવીનું પ્રભુત્વ થતાં જુલમનો વધારો થાય. આનું બીજું નામ **દાસપણું** છે એથી પણ અસમાનતાની પરાકાષ્ટા.

આ પ્રમાણે દારિદ્રય, મૂર્ખતા અને દાસપણું એ ત્રણ અનિષ્ટ થયાં.

(૨) આ બધાં પરિણામો એક વાર ઉત્પન્ન થયાં એટલે પાછી ભારતવર્ષ જેવા દેશમાં તે સ્વાભાવ સ્થાયી બને એ પણ સ્વાભાવિક છે.

આગળ દર્શાવાયું છે કે સભ્યતાનું મૂળ કારણ ધનસંચય છે. વળી કહીએ કે ધનલાલસા એ સુધારણાની વૃદ્ધિનું નિત્ય કારણ છે, તો તેમાં કશી અતિશયોક્તિ નથી. સામાજિક ઉન્નતિનું મૂળ કારણ મનુષ્યના હૃદયમાં રહેલી બે જાતની વૃત્તિઓ છે. પહેલી વૃત્તિ જ્ઞાન-લાલસા, બીજીવૃત્તિ ધનલાલસા. આમાંની પહેલી વૃત્તિ મહાન અને આદર કરવા યોગ્ય છે અને બીજી વૃત્તિ સ્વાર્થસાધક અને નીચતા-ભરેલી છે; પરંતુ **લૅકી** સાહેબ એક ગ્રંથમાં લખે છે કે, આ બે વૃત્તિ-ઓમાંની ધનલાલસાજ મનુષ્ય જાતિનું વિશેષ કલ્યાણ કરનારી થઇ છે. વાસ્તવિક રીતે જ્ઞાનલાલસા કદાચિત્ કોઇનેજ હોય છે; પરંતુ ધનલાલસા તો સર્વને હોય છે. દેશમાં ઉપજતા ધનથીજ સૌ માણુસનો નિર્વાહ

થતો હોવાથી કોઈની ધનલાલસા ઘટતી નથી અને હંમેશાં નવાં નવાં સુખોની અભિલાષાઓ ઉપજે છે. પહેલાં જે ચીજો નકામી જણાતી તે પાછળથી જરૂરની લાગે છે. અભિલાષાથી શ્રમ થાય, અને શ્રમથી સફળતા ઉપજે; એટલે સુખ અને હિતની વૃદ્ધિ થાય. આથી સુખ વૈભવના પદાર્થોની અભિલાષાની વૃદ્ધિ થાય, એ સુધારણાની વૃદ્ધિને માટે બહુ જરૂરનું છે. બાહ્ય સુખોની અભિલાષાઓ તૃપ્ત થયા પછી જ્ઞાનની આકાંક્ષા, સૌન્દર્યની આકાંક્ષા અને તેની સાથે કાવ્યસાહિત્યાદિની આકાંક્ષા એમ વિવિધ પ્રકારની વિદ્યાઓની ઉત્પત્તિ થાય છે. જ્યારે લોકોમાં સુખલાલસાનો અભાવ થતો ચાલે છે ત્યારે મહેનત કરવાની વૃત્તિ ઓછી થાય છે, ઉન્નતિ પ્રાપ્ત કરવાની ઇચ્છા પણ રહે નહિ અને તેને માટે યત્ન પણ થાય નહિ. જે દેશમાં ખોરાક સહેલાઇથી મળે છે તે દેશમાં પ્રજા-વૃદ્ધિને અટકાવવાની પ્રવૃત્તિ હોતી નથી, આથી જે સંતોષને કવિઓ વખાણે છે તે સમાજની ઉન્નતિમાં અનષ્ટિકારક છે. કવિઓએ વખાણેલી એ સંતોષની પ્રવૃત્તિ સમાજના ઉન્નતિના જીવનમાં હલાહલ છે. આ અનિષ્ટકારક સંતોષ ભારતવર્ષમાં સ્વાભાવિક નિયમે સહેજે ઉપજે છે. આ દેશમાં તાપ પડતો હોવાથી લાંબા વખત સુધી એક જાતનો શ્રમ કર્યા કરવો એ અસહ્ય લાગે છે, તેથી શ્રમ કરવાની અનિચ્છાની ટેવ પડે છે. એ ટેવનાં બીજાં પણ કારણો છે. ઉષ્ણ પ્રદેશમાં શ્રમ કરીને શરીરમાં વિશેષ ગરમી ઉપજાવવાની જરૂર પડતી નથી, એટલે લોકોને શ્રમ કરવાની ઇચ્છા ન થતાં આળસ અને અનુત્સાહ થાય છે. આ પ્રમાણે ટેવરૂપે થયેલાં આળસ અને અનુત્સાહનુંજ નામ તેને વશ થએલા લોકો "સંતોષ" પાડે છે. આથી ભારતવાસી પ્રજાની જે દુર્દશા થઇ, તે દશામાંજ તેણે સંતોષ માન્યો અને ઉદ્યમ છોડ્યો. ઉદ્યમને અભાવેજ ઉન્નતિ થતી નથી. સુતેલા સિંહના મોઢામાં પશુ પોતાની મેળે પ્રવેશ કરતું નથી.

ભારતવાસીઓનો ઇતિહાસ અવલોકતાં સંતોષ વિષે અનેક વિચિત્ર તત્ત્વો મળી શકે છે. લૌકિક* સુખોની નિસ્પૃહતા એ હિન્દુ ધર્મ અને બૌદ્ધ ધર્મ બન્નેમાં પસંદ કરેલ છે. બ્રાહ્મણ, બૌદ્ધ, સ્માર્ત કે દર્શન-શાસ્ત્રી, એ બધાએ ભારતવાસીઓને શીખવાડ્યું છે કે, આ લોકનાં સુખો આદર આપવા યોગ્ય નથી. યૂરોપમાં પણ ધર્માચાર્યોએ ઐહિક સુખોમાં અનાદર દર્શાવ્યો હોવાથી રોમની સુધારણાનો લોપ થયા પછી એક હજાર વર્ષ પણ મનુષ્યોની ઐહિક અવસ્થાની ઉન્નતિ થઇ નહોતી. ઉપર જણાવ્યા જેવી ધર્મશિક્ષાજ તેનું કારણ હતું, પરંતુ જ્યારે ઇટાલીમાં જૂના ગ્રીકસાહિત્ય અને ગ્રીકદર્શનનો ફરી ઉદય થયો ત્યારે ધર્મે આપેલી ×ઐહિક સુખોપરની વિરક્તિ યૂરોપમાં ધીમે ધીમે ઓછી થવા લાગી. યુરોપમાં એ પ્રવૃત્તિ ધીમે ધીમે ઓછી થવા લાગી, તેની સાથે સુ-ધારણાની પણ વૃદ્ધિ થઈ. ભારતવર્ષમાં મનુષ્યોના બીજા સ્વભાવરૂપે તે પરિણામ પામી. જે જમીન જે વૃક્ષને ઉપયોગી છે તેમાંજ તે ઝાડ દ્રઢ મૂળ ઘાલે છે. આ દેશનાં ધર્મશાસ્ત્રોથી જે નિવૃત્તિ ઉપજાવનારી શીખામણો અપાતી હતી, તેજ આ દેશની અધોગતિનું મૂળ છે.+

---

* ઐહિકસુખો. × અહીંનાં સુખો ઉપર વૈરાગ્ય.

\+ આ દોષ ધર્મ શાસ્ત્રોનો નથી. તેમણે તો મનુષ્ય પ્રાણીને જે જુદી જુદી શારીરિક અને માનસિક સ્થિતિઓમાંથી પસાર થવું પડે છે તેમાં તેને ખાસ સહાયક, સુખાવહ અને ઉન્નતિપ્રદ થઇ પડે એવાં દરેક સ્થિતિઓને લગતાં એક બીજાથી ચડતા ઉતરતા પ્રકારનાં સાપેક્ષ તેમજ નિરપેક્ષ કર્તવ્યો તથા જુદા જુદા પ્રકારની સારાસારવિવેકબુદ્ધિ ઉપદેશી છે. અર્જુનની પોતાના ગુણ-કર્મ-સ્વભાવથી વિરૂદ્ધ અને ક્ષણિક સ્મશાન-વૈરાગ્ય જેવી બ્રાહ્મણ અથવા સન્યાસીની ઉચ્ચ કક્ષાને યોગ્ય વલણનો અટકાવ કરીને તેને તેના પોતાના ક્ષત્રિયોચિત યુદ્ધધર્મમાં પ્રવર્તાવનાર ભગવદ્ગીતા એ બાબતમાં દ્રષ્ટાંતરૂપ છે. જે વિદ્યાર્થી વર્ગવાર ગોઠવેલા ઉત્તમ ક્રમ તોડીને વગર યોગ્યતાએજ ઉત્તમ વર્ગનો અભ્યાસ કરવા

યુરોપ અને ભારતવર્ષમાં આને લીધે જુદાંજુદાં પરિણામ આવ્યાં છે. નિદ્રાથી જાગ્રત્ થયેલો યુરોપીય પ્રજાવર્ગ લૌકિક સુખોમાં પ્રીતિવાન્ થઇને સામાજિક અસમાનતા દૂર કરવાને શ્રમ કરી રહ્યો છે. એનું ફળ સુખ, સમૃદ્ધિ અને સુધારણાની વૃદ્ધિ છે. ભારતવાસી પ્રજાવર્ગ ઉંઘેલો છે. સામાજિક અસમાનતાની ધારા તેનામાં પરંપરાએ ઉતરતી આવે છે, અને એનું ફળ અધોગતિ છે.

(૩) શ્રમોપજીવી લોકોની દુર્દશાથી કેવળ તેમનેજ હાનિ છે એમ નથી, તેનાથી દેશના બીજા ભાગના લોકોની ઉન્નતિનો પણ

માંડે; અથવા તો એક નવોસવો કસરતનો અભ્યાસી એકાએકજ કોઇ કસાયલા મલ્લના જેવી અસામાન્ય કસરત કે કુસ્તી કરવા મંડી પડીને પછી માર ખાય; તેમાં દોષ કાંઇ અભ્યાસક્રમ ઘડનારનો કે મલ્લવિદ્યાના ગ્રંથકારનો કે ગ્રંથનો કહેવાય નહિ. હિંદની દુર્ગતિમાં પણ એજ પ્રમાણે દોષ તેની અપ્રતિમ શ્રુતિ સ્મૃતિઓનો નહિ પણ તેને યથાવત્ સમજી, સમજાવી તથા પાળી નહિ શકનારા ઉપદેશકોનો અને જનવર્ગનોજ ગણાય. વૈદ્ય અને રોગીની અયોગ્યતાનો દોષ વૈદ્યકશાસ્ત્રી કે શાસ્ત્રકાર પર નાખી શકાયજ નહિ. લૌકિક દ્રવ્યાદિ પદાર્થોની અસારતા જિજ્ઞાસુ કક્ષાના વર્ગમાટે સમજવાઇ હોય તેની વાસ્તવિકતા "મુક્ત" ની અને ક્રમમાં ક્રમ જિજ્ઞાસુની કક્ષાએ પહોંચ્યા વિના કોઇ પણ પ્રાણી સમજી શકે તેમ નથી. લૌકિક કરતાં અનેકગુણ અધિક અને ટકાઉ એવી અલૌકિક અવસ્થાની પ્રાપ્તિ અર્થેજ તેના યોગ્ય અધિકારી માટે રૂપીયો બચાવવા સારૂ જરૂર પડે તો પૈસો જતો કરવાની પેઠે-લૌકિક પદાર્થોની હીનતા ઉપદેશાઇ છે. અન્ય મધ્યમ તથા હીન કક્ષાના મનુષ્યોમાટે તે વાત નથી કહેવાઈ. તેમને માટે તો તેમના ગુણકર્મ સ્વભાવને અનુસરીને લૌકિક નીતિ આચાર અને ધર્મના પાલન પૂર્વક અર્થ-કામનીજ પ્રાપ્તવ્યતા, ભોક્તવ્યતા અને કર્તવ્યતા ઉપદેશાઇ છે. વર્તમાન ભારતનો નવાણુ ટકાનો જન વર્ગ ખરેખર હજુ એજ કોટીનો અને એજ ઉપદેશનો અધિકારી છે. મં૰ત્રી. સ. સા.

નાશ થાય છે. જેમ એક દૂધ ભરેલા વાસણમાં એક ટીપું ખટાશ પડતાં બધું દૂધ દહીં થાય છે, તેમ નીચેની એક પંક્તિની દુર્દશાથી બધી જાતોની દુર્દશા ઉપજે છે.

ક ધંધા પ્રમાણે પ્રાચીન આર્યો ચાર પંક્તિમાં વહેંચાયા હતા. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર. નીચેની પંક્તિ એ ગણાતા શૂદ્રોનીજ દુર્દશાની વાત અત્યાર લગણ કહેવાઇ છે. વૈશ્ય એ વેપારી વર્ગ હતો. વેપારીનો આધાર શ્રમોપજીવી લોકોની મહેનતે ઉપજેલા દ્રવ્ય ઉપર છે. જે દેશમાં દેશને જરૂરની સામગ્રી કરતાં વધારે સામગ્રી ઉપજે નહિ, તે દેશમાં વેપારની ઉન્નતિ થતી નથી; અને વેપારની ઉન્નતિ ન થતાં વેપારીની લક્ષ્મીની વૃદ્ધિ થતી નથી. લોકોની જરૂરીયાતોની વૃદ્ધિ એજ વેપારનું કારણ છે. જો આપણને બીજા દેશમાં ઉપજતી વસ્તુઓ લેવાની ઇચ્છા ન હોય; તો બીજા દેશમાં ઉપજતી વસ્તુઓ આપણી પાસે લાવી કોઇ વેચી શકે નહિ. આથી જે દેશના લોકો ઓછી જરૂરીયાતવાળા અને પોતાના શ્રમે ઉપજેલાં પદાર્થોમાંજ સંતુષ્ટ રહેનારા છે; તે દેશમાં વેપારી વર્ગની લક્ષ્મીહાનિ અવશ્ય સંભવે છે. કોઇ પૂછશે કે પહેલાં શું ભારતવર્ષમાં વેપાર હતોજ નહિ? હતોજ; પરંતુ ભારતવર્ષ જેવા વિશાળ ફળદ્રૂપ અનંત ધનના ભંડારરૂપ દેશમાં જેટલો બહોળો વેપાર હોવાનો સંભવ હતો તેટલો તો નહિજ હતો. તેનાં બીજાં પણ કારણો હતાં. જેમકે સમાજમાં ટેવરૂપે ઘૂસેલું આળસ, ધર્મશાસ્ત્રની પરદેશગમનની બંધી વગેરે. આ નિબંધમાં એ બધાંના ઉલ્લેખની જરૂર નથી.

ખ ક્ષત્રિયો રાજા અથવા રાજપુરુષ હતા. જો પૃથ્વીના ઇતિહાસમાંથી કોઇ વાત નક્કી સિદ્ધ થઇ શકતી હોય, તો તે વાત એ છે કે "સાધારણ પ્રજા તેજવાળી અને રાજકારોબારમાં કર્ત્તા કારવતા ન હોય તો રાજપુરુષોના સ્વભાવની ઉન્નતિ નહિ થતાં અધોગતિજ થાય છે." જો કોઇ કાંઇ ન બોલે તે રાજપુરુષો સહજે સ્વેચ્છાચારી થાય

છે. સ્વેચ્છાચારી થતાંજ પોતાનાં સુખમાંજ આસક્ત, કામમાં શિથિલ અને દુરાચરણી બને છે; આથી જે દેશની પ્રજા નિસ્તેજ, નમ્ર, ઉત્સાહરહિત, આળસુ વગેરે દોષોવાળી હોય છે તે ઠેકાણે રાજપુરુષોના સ્વભાવમાં પણ આવી જાતની અધોગતિ ઉપજે છે. જ્યાં પ્રજા દુઃખી, અન્નવસ્ત્રે કંગાળ, ખોરાક મેળવવામાં વ્યગ્ર અને સંતુષ્ટ સ્વભાવની હોય છે ત્યાં રાજપુરુષો પણ તેવાજ નિસ્તેજ, નમ્ર, ઉત્સાહહીન અને વિરોધહીન હોય છે. ભારતવર્ષના રાજાઓ મહાભારતમાં ગવાયા પ્રમાણે બળવાળા, ધર્મિષ્ઠ, ઇંદ્રિયજયી અને તેજસ્વી ચરિત્રના હતા; તેમાંથી અધોગતિ પામી મધ્ય કાળમાં કાવ્ય નાટકાદિમાં વર્ણવ્યા પ્રમાણે બળહીન, ઇંદ્રિયપરવશ, સ્ત્રી જેવા સ્વભાવના અને કર્મરહિત બનતા જઈને છેલ્લે મુસલમાનોને હાથે લોપાઈ ગુયા. જે દેશમાં સાધારણ પ્રજાની અવસ્થા સારી તે દેશમાં રાજપુરુષોની એવી દુર્દશા થતી નથી. ત્યાં તો રાજાની દુર્બુદ્ધિ જોતાંજ પ્રજાવર્ગ તેના ઉપર ગુસ્સે થઇ શકે છે, અને પરસ્પર માનને લીધે બન્ને પક્ષની ઉન્નતિ થાય છે; કેમકે તેથી કરીને રાજપુરુષો પ્રજાના અસંતોષને ભયે હોશિયાર રહે છે. વળી એથી કેવળ એટલોજ લાભ છે એમ નહિ. રાજકાર્યોની અપક્ષપાતી નજરે તપાસ કરવાથી સૌના માનસિક ગુણોની ખીલવણી અને પુષ્ટિ થાય છે અને તેને અભાવે બન્ને સમુદાયનો લોપ થાય છે. શૂદ્રોના દાસત્વને પ્રતાપેજ ક્ષત્રિયોના ધન અને ધર્મનો લોપ થયો છે, અને રોમમાં પ્લિબિયાનોના વિવાદમાં તથા ઇંગ્લાંડમાં કોમન્સના વિવાદમાં રાજપુરુષોનો સ્વાભાવિક ઉત્કર્ષ થયો છે.

ग બ્રાહ્મણઃ—'જેમ નીચી શ્રેણીની અધોગતિમાં ક્ષત્રિયોનું પ્રભુત્વ વધી છેલ્લે લોપાઈ ગયું' તેમજ બ્રાહ્મણોનું પણ બન્યું. બીજા ત્રણ વર્ણની અધોગતિમાં, વર્ણોની ઘોરતર અસમાનતામાં, પહેલાં તો બ્રાહ્મણોની મોટાઇ વધી. અન્ય વર્ણોની માનસિક શક્તિનો ઘટાડો થતાં તેમનાં

મન ઉપધર્મ(ગૌણધર્મ)માં વધારે વશ થવા લાગ્યાં.દુર્બળતા આવતાં બીકનો વધારો થાય, તેમ આવા ધર્મો પણ ભયજનક હતા. આ સંસાર બળવાન છતાં તે અનિષ્ટકારક અંગારાથી ભરેલો છે, એવો નિશ્ચય આ ઉપધર્મમાં હતો. આથી અન્ય ત્રણ વર્ણો માનસિક શક્તિરહિત થતાં આ ભ્રાંતિમય ધર્મમાં પીડાવા લાગ્યા. બ્રાહ્મણો આ ભ્રાંતિમય ધર્મના પુરોહિત હતા; એટલે તેમના પ્રભુત્વની વૃદ્ધિ થઇ અને અસમાનતામાં પુષ્કળ વધારો થયો. શાસ્ત્રની જાળો અને વ્યવહારની જાળો વિસ્તારીને બ્રાહ્મણો અન્ય ત્રિવર્ણોને તેમાં ગુંચાવવા લાગ્યા. આ જાળોમાં ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ત્રણ વર્ણની મક્ષિકાઓ ગુંચવાઇ ગઇ. તેમને ઉડવાની શક્તિ રહી નહિ; પરંતુ તે છતાં પણ કરોળિયાઓએ પોતાની જાળ ફેલાવવી બંધ કરી નહિ. વિધિઓ—આજ્ઞાઓનો પારજ રહ્યો નહિ. આ તરફ રાજશાસન પદ્ધતિ, દંડપદ્ધતિ, દાય (વારસાની) પદ્ધતિ, સંધિપદ્ધતિ, વિગ્રહપદ્ધતિ ઇત્યાદિ અનેક પ્રકારની પદ્ધતિઓ તથા વિધિઓ રચાઈ; એટલુંજ નહિ પણ આચમનવિધિ, શયનવિધિ, ગમનવિધિ, વસ્ત્રો પહેરવાની વિધિ, વાતચીત કરવાની વિધિ, હસવાની વિધિ, રોવાની વિધિ; ઇત્યાદિ તમામ વિધિઓ બ્રાહ્મણોએ રચેલા નિયમો પ્રમાણે નિયમિત થવા લાગી. “ અમે જે રીતે કહીએ તે રીતે તમારે સૂવું, ખાવું, બેસવું, વાત કરવી, હસવું અને રોવું. તમે જન્મ્યા ત્યાંથી તે મરો ત્યાં લગી અમે બાંધેલી વ્યવસ્થાથી વિપરીત વર્તી શકો નહિ, ને જો વિપરીત વર્તો તો પ્રાયશ્ચિત્ત કરી અમને દક્ષિણા આપો. ” આવા ઉદ્દેશ્યે જાળનાં સૂત્રો ગુંથાયાં; પરંતુ બીજાને ભ્રમિત કરવા જતાં પોતે પણ ભ્રમિત થવાય છે. વારંવાર ભ્રાન્તિની ભાવના કરતાં કરતાં તેની ટેવ પડે છે. જે વાતમાં બીજાને વિશ્વાસ બેસાડવો હોય તેમાં પોતે પણ વિશ્વાસ દેખાડવો પડે છે અને એમ વારંવાર વિશ્વાસ દેખાડતાં દેખાડતાં એ વિશ્વાસ દૃઢ થઇ જાય

છે. આ નિયમ પ્રમાણે જે જાળામાં બ્રાહ્મણોએ ભારતવર્ષને ગુંચવ્યું તેમાં તેઓ પોતે પણ ગુંચવાઇ ગયા. મનુષ્યોની સ્વતંત્રતા ઉપર પ્રયોજન કરતાં જેટલું વધારે દબાણ થાય તેટલી સમાજની અધોગતિ થાય; એ વાત ઇતિહાસનાં પ્રમાણોથી સિદ્ધ થયેલી છે. હિંદુસમાજની અવનતિનાં બીજાં જે કારણો છે તેમાં આ કારણ મુખ્ય અને સ્પષ્ટ છે. નિયમની જાળોમાં બીજાઓને ગુંચવતાં ગુંચવતાં ખુદ બ્રાહ્મણોની બુદ્ધિના વિકાસનો પણ લોપ થયો; અને જે બ્રાહ્મણોએ રામાયણ, મહાભારત, પાણિનીય વ્યાકરણ, સાંખ્યદર્શન ઇત્યાદિની રચના કરી હતી તેજ બ્રાહ્મણો વાસવદત્તા, કાદંબરી, શાકુન્તલ આદિ પ્રણયવાર્તાઓની રચનામાં મહત્તા સમજવા લાગ્યા. છેલ્લે એ શક્તિનો પણ લોપ થયો, અને બ્રાહ્મણોનું બુદ્ધિક્ષેત્ર મરુભૂમિ બની રહ્યું.

આમ વિષમતાનું ફલ વિષ—અસમાનતા રૂપી ઝેર—જ ભારતવાસી પ્રજાની દુર્દશાનું મૂળ કારણ સમજાય છે.

પરિચ્છેદ ચોથો.

સમાનતાની નીતિનું એ મહાસૂત્ર છે કે બધાં મનુષ્યો સરખા હકવાળાં છે. ખેડુત અને જમીનદારમાં અસમાનતા છે; અને તેથી સમાનતાની નીતિનો જે રીતે ભંગ થાય છે, તે અમે ઉદાહરણ આપી સમજાવ્યું છે. હવે બીજા ઉદાહરણ માટે સ્ત્રી અને પુરુષોની વચ્ચે જે અસમાન ભાવ છે તેનો ઉલ્લેખ કરીએ છીએ.

બધાં મનુષ્યો સરખા હકવાળાં છે, અને સ્ત્રીઓ પણ મનુષ્ય છે. આથી સ્ત્રીઓ પણ પુરુષના જેટલાજ અધિકારવાળી છે. જે જે કામમાં પુરુષોને અધિકાર છે, તે તે કામમાં સ્ત્રીઓનો પણ અધિકાર હોય એ ન્યાયયુક્ત છે. જો તેમ ન હોય તો તેનું કારણ શું? કોઇ કોઇ તેના

ઉત્તરમાં કહે છે કે, "સ્વાભાવિક રીતેજ સ્ત્રી અને પુરુષમાં અસમાનતા છે. પુરુષ બળવાન છે સ્ત્રી અબળા છે; પુરુષ સાહસિક છે સ્ત્રી ભીરુ (બીકણુ) છે; પુરુષ સંકટો સહવા સમર્થ છે; સ્ત્રી કોમળ પ્રકૃતિની છે, જ્યાં આવું સ્વભાવસિદ્ધ અસમાનપણું છે ત્યાં અધિકારની બાબતમાં પણ અસમાનપણું રહે એ યોગ્ય છે. કેમ કે જે બાબતમાં જે અશક્ત હોય તે બાબતમાં તે અધિકારી થઇ શકે નહિ."

આના બે ઉત્તર સંક્ષેપમાં આપવાથી ખરી વાત સમજાશે. પહેલું તો એ કે સ્વભાવસિદ્ધ અસમાનતા છતાં પણ અધિકારમાં જે અસમાનપણું રાખવું તે શું ન્યાયયુક્ત છે ? અમે એને ન્યાયયુક્ત સ્વીકારતા નથી; કેમ કે એથી સમાનતાનાં તત્વોનો નાશ થાય છે. જુઓ; સ્ત્રી-પુરુષમાં જે રીતે સ્વભાવસિદ્ધ વિષમપણું છે, તેવુંજ વિષમપણું અંગ્રેજો અને ભારતવાસીઓમાં પણ છે. અંગ્રેજો બળવાન છે અને ભારતવાસીઓ નિર્બળ છે; અંગ્રેજો સાહસિક છે અને ભારતવાસીઓ બીરૂ છે; અંગ્રેજો સંકટો સહવા સમર્થ છે અને ભારતવાસીઓ કોમળ પ્રકૃતિના છે વગેરે વગેરે. જો સ્વભાવસિદ્ધ અસમાનપણાને લીધેજ હકમાં અસમાનપણું ન્યાયરૂપ હોય તો અંગ્રેજો અને ભારતવાસીઓ વચ્ચે અધિકારનું અસમાનપણું જોઇને આપણે પોકાર શી રીતે કરી શકીએ ? જો " સ્ત્રી દાસી છે અને પુરુષ પ્રભુ છે એજ વિચાર યોગ્ય હોય તો પછી " ભારતવાસીઓ દાસ અને ઇંગ્રેજો પ્રભુ " એ વિચાર પણ યોગ્યજ ગણાશે."

બીજો ઉત્તર એ છે કે સ્ત્રી અને પુરુષમાં બધી બાબતમાં જે અસમાનપણું દેખાય છે, તે બધુંજ સ્વાભાવિક નથી. જે કાંઇ દેખાય છે તે તો માત્ર સમાજના નિયમોના દોષને લીધે દેખાય છે. સમાજના એ બધા નિયમોનું સંશોધન કરવું, એજ સમાનતાની નીતિનો ઉપદેશ

છે. પ્રસિદ્ધ જોન સ્ટુઅર્ટ મીલે આ વિષયના દર્શાવેલા વિચારો આ વાતને સારી રીતે સિદ્ધ કરે છે. આ બધી વાત અહીં ફરી કહેવી નિષ્પ્રયોજન છે*

બધા દેશોમાં સ્ત્રીઓ પુરુષોની દાસી છે. જે દેશમાં સ્ત્રીઓને પાંજરામાં પૂરી રાખવાનો વ્યવહાર નથી, ત્યાં પણ સ્ત્રીઓને પુરુષોનીજ આશ્રિત બનાવેલી છે; અને સર્વે રીતે પુરુષની આજ્ઞાધીન થઇ રહે એવી વ્યવસ્થા કરેલી છે.

આ રીત સર્વ દેશમાં અને સર્વ કાળમાં દીર્ઘ કાળથી પ્રચલિત છતાં પણ અત્યારે અમેરિકા અને ઈંગ્લાંડમાં એક સંપ્રદાયના સમાજ તત્ત્વવેત્તાઓ તેના વિરોધી છે; કેમકે તેઓ સમાનતાને માનનારા છે. તેઓનો મત એવો છે કે, “ સ્ત્રી અને પુરુષમાં સર્વ પ્રકારે સમાનતાજ રહેવી ઉચિત છે. જેમાં જેમાં પુરુષોનો અધિકાર છે તેમાં તેમાં સ્ત્રીઓનો અધિકાર હોવો યોગ્ય છે. પુરુષો નોકરી કરે, વેપાર કરે, તો સ્ત્રીઓ તે કેમ ન કરે ? પુરુષો રાજસભામાં સભાસદ થાય તો સ્ત્રીઓ શામાટે સભાસદ ન થાય ? સ્ત્રી એ પુરુષની પત્ની છે, અર્ધાંગના છે, તે માત્ર દાસી શા માટે થાય ? ”

જે દેશ પરાધીન છે તેમાં સર્વ પ્રકારની પરાધીનતાનાં બીજકો વેરાઇ જોરથી ઉગી નીકળે એ બનવા જોગ છે. અહીંઆં જે રીતે પ્રજા રાજાને અત્યંત આધીન છે તેમ બીજે ઠેકાણે નથી. અહીંઆં અશિક્ષિત લોકો જેવા આજ્ઞાધીન છે તેવા આજ્ઞાધીન બીજે ઠેકાણે નથી. અહીંઆં શૂદ્રાદિ કોમો બ્રાહ્મણોની જેવી ચરણરજ બનેલી છે તેવી કોઇ પણ પ્રજા ધર્માચાર્યોને આધીન બનેલી નથી; અને તેજપ્રમાણે અહીંઆં સ્ત્રીઓ જેવી રીતે પુરુષોની આજ્ઞાનુસારિણી છે તેવી બીજા દેશમાં નથી.

* Subjection of women.

જ્યાં રમણીઓ પાંજરામાં પૂરેલી મેનાઓ જેવી દશામાં છે, જે બોલી પઢાવે તે બોલી પઢે છે, જે આહાર કરાવે તેજ આહાર કરે છે, નહિ તો એકાદશી કરે છે; ત્યાં પતિ દેવતાસ્વરૂપ કાં ન હોય ? દેવતા-સ્વરૂપ શા માટે ? બધા દેવોના મુખ્ય દેવરૂપ જે શાસ્ત્ર, તેમાં એવું લખેલું છે. દાસીપણું એટલું બધું કે સ્ત્રીઓમાં આદર્શરૂપી જે દ્રૌપદી તે સત્યભામાની પાસે પોતાની પ્રશંસા રૂપે કહે છે કે, " હું મારા સ્વામીના સંતોષ માટે મારી શોકયોની પણ સેવા કરૂં છું. "

આર્યોનો પ્રતિવ્રતા ધર્મ ઘણો સરસ છે, એનાવડેજ આર્યોનાં ઘરો સ્વર્ગ જેવાં સુખમય છે; એ વાત સાચી છે. કોઇ પણ ડાહ્યો લેખક પાતિવ્રત્ય ધર્મનો વિરોધી હોયજ નહિ અને અમે પણ સ્ત્રી-ઓના પાતિવ્રત્ય ધર્મના વિરોધી નથી; પરંતુ સ્ત્રીઓ પુરુષોની દાસી માત્ર છે અને સંસારનાં મોટા ભાગનાં કર્તવ્યોમાં સ્ત્રીઓનો બિલકુલ અધિકાર નથી એટલીજ બાબતમાં સમાનતાવાદીઓ એ વાતના વિરોધી છે.

બધા સમાજમાં સ્ત્રી અને પુરુષો વચ્ચે મોટે ભાગે જે વિષમપણું પ્રચલિત છે તેમાં વડિલોપાર્જીત સંપત્તિના વારસાના નિયમો ઘણા ભયાનક અને શોકજનક છે. દીકરો બાપની મિલ્કતનો સંપૂર્ણ હકદાર છે; પરતું દીકરીને કશુંજ નહિ. પુત્ર અને પુત્રી એકજ પિતા અને એકજ માતાથી જન્મેલાં હોય, બન્નેને ઉછેરવામાં માતા પિતાને સરખોજ શ્રમ પડયો હોય તોપણ પુત્ર પિતાના મૃત્યુ પછી પિતાએ મેળવેલી કરોડો રૂપિયાની મિલકત મદિરાપાનાદિમાં ધૂળધાણી કરે અને કન્યાને જરૂરનાં કામ માટે તેમાંથી એક ફૂટી બદામ પણ મળી શકે નહિ ! આવા કાયદાનું કારણ હિંદુશાસ્ત્રમાં એવું વર્ણવ્યું છે કે, " શ્રાદ્ધનો અધિકારી તેજ સંપત્તિનો અધિકારી છે. " આ કારણ એવું અસંગત અને અયથાર્થ છે કે તેની યુક્તિહીનતા વર્ણવવી

નિષ્પ્રયોજન છે. આવા કાયદાનું બીજું કાંઇ સ્વાભાવિક કારણ છે કે કેમ ? એમ કહી શકાય કે સ્ત્રી તેના પતિની સંપત્તિમાં તેના પતિના જેટલીજ હકદાર છે અને પતિના ગૃહમાં ગૃહિણી થવાથી સ્વામીની સંપત્તિને ભોગવનારી છે; એટલે તેને પિતાની સંપત્તિમાં હકદાર થવાનું પ્રયોજન નથી. જો વારસાના કાયદાનું આજ ખરેખરૂં કારણ હોય તો પૂછી શકાશે કે વિધવા પુત્રીનો સંપત્તિમાં હક થાય કે નહિ ? અથવા જે પુત્રી ગરીબને પરણાવેલી છે તેનો કાંઇ હક ખરો કે નહિ ? પરંતુ અમે આવી નાની નાની મુશ્કેલીઓ ઉભી કરવા ઇચ્છતા નથી. સ્ત્રીને સ્વામી અથવા પુત્ર એમાંના કોઇ પુરુષનો આશ્રય હોય તોજ તે ધનની ભાગીદાર થઇ શકે એમાંજ અમારો વાંધો છે. કોઇનો આશ્રય ન હોય તો સ્ત્રી જાતિ ધનની અધિકારી થઇ શકે નહિ—બીજાની દાસી થાય તોજ તે ધનવાળી થઇ શકે અને નહિ તો સ્ત્રીને ધન મળેજ નહિ; એમાંજ અમને વાંધો છે. સ્ત્રીએ પતિની ચરણ-સેવા કરવી, પતિ દુષ્ટ હો, કટુભાષી હો કે દુરાચારી હો; પરંતુ બધુંજ સહન કરવું. પુત્ર પણ ગાંડો હો, કૃતઘ્ન કે દુષ્ટાત્મા હો; પરંતુ પુત્રની મરજી સાચવવી, નહિ તો સંપત્તિ સાથે સ્ત્રી જાતિનો કશો સંબંધ રહે નહિ ! પતિ કે પુત્ર તાડન કરે તોપણુ સ્ત્રીજાતિએ સહન કરવું. સ્વતંત્રતા ગ્રહણ કરવાનો તેની પાસે ઇલાજ નહિ. સહનશીલતા સિવાય તેની બીજી ગતિજ નહિ. આ બાજુ પુરુષ સર્વત્ર હકદાર ગણાયો છે, સ્ત્રીનું ધન પણ તેનું ધન કહેવાય. ઇચ્છા થતાંજ તે સ્ત્રીને તમામથી અળગી કરી શકે. પુરુષને સ્વાતંત્ર્ય ગ્રહણ કરવામાં કશીજ હરકત આવે નહિ. આ અસમાનતા બહુજ ભારે, ન્યાયવિરૂદ્ધ અને નીતિવિરૂદ્ધ છે.

ઘણા કહે છે કે, " તે અતિ ઉત્તમ વ્યવસ્થા છે અને એ વ્યવ-સ્થાને પ્રતાપેજ સ્ત્રીઓ સ્વામીને અધીન રહે છે. " એ ભલે;

પુરુષોએ કરેલી આ વ્યવસ્થાનો ઉદ્દેશ એજ લાગે છે. જેટલા પ્રકારનાં બંધનો છે તે તમામ બંધનોવડે સ્ત્રીઓના હાથ પગ બાંધી તેને પુરુષના પગ નીચે કચરવામાં આવી છે. મરજી પ્રમાણે પુરુષો ભલે તેને લાતો મારે. દીન નારીસમૂહ અવાજ પણ કરી ન શકે. અમે પૂછીએ છીએ કે સ્ત્રીઓ પુરુષોને આધીન રહે એ બહુ ઇચ્છવા યોગ્ય છે, તો પુરુષો સ્ત્રીઓના આધીન રહે એ પણ શા માટે ઇચ્છવા યોગ્ય નથી ? જેટલાં બંધન છે તે તમામ બંધનમાં સ્ત્રીઓને બાંધી છે, અને પુરુષ જાતિમાટે એક પણ બંધન નથી, એ શા માટે ? દોરીઓ પુરુષોના હાથમાં હતી એટલેજ સ્ત્રીજાતિને આવડાં મજબુત બંધન બાંધ્યાં ? આવું કરવાને જો અધર્મ ન કહેવાય તો પછી અધર્મ કોને કહેવાય તે કહી શકાતું નથી.

હિંદુશાસ્ત્ર પ્રમાણે સ્ત્રી કદાચિત્ ધનની હકદાર થાય પણ તે ક્યારે કે પતિ અપુત્ર મરણ પામ્યો હોય ત્યારે ! આટલી પણ હિંદુશાસ્ત્રની વડાઇ છે. આટલી નાની નાની છૂટો હોવાથીજ અમે પ્રાચીન આર્યોનાં ધારાશાસ્ત્રોને કેટલાક અંશમાં હાલના સુધરેલાં યુરોપનાં ધારાશાસ્ત્રો કરતાં ઉત્કૃષ્ટ કહીને વખાણ્યાં છે; પરંતુ એમાં વડાઇ બહુજ થોડી કરવા જેવું છે. સ્ત્રી સંપત્તિની હકદાર ભલે રહી; પરંતુ દાન કરવાનો કે વેચવાનો તેનો કશોજ હક નહિ ! કહો આ અધિકાર કેટલો છે ? માત્ર પોતાનું ભરણ પોષણ કરી શકે એટલોજ ! જીવનપર્યંત તે તેમાંથી કશું કોઇને પણ દઇ શકે નહિ, તેટલોજ તેનો અધિકાર નક્કી કરાયો છે; પરંતુ પાપાત્મા પુત્ર બધું વેચી ઇંદ્રિયસુખોના ભોગ ભોગવે, તેમાં હિંદુશાસ્ત્રને કશો વાંધો નથી. સ્ત્રી મહા ધર્મનિષ્ઠ છતાં કોઇને પ્રાણ રક્ષણાર્થે પણ એક વીઘો જમીન આપવા શક્તિવાળી માની નથી, આ અસમાનતા કેવી ? આના ઉત્તરનો પણ અભાવ નથી. સ્ત્રીજાતિ ઓછી અને અસ્થિર બુદ્ધિવાળી

છે, સંપત્તિ સાચવવામાં અશક્ત છે, એકદમ બધું છિન્ન ભિન્ન કરી નાખે અને વારસ પુત્રાદિને હાનિ પહોંચાડે;" એટલા માટે તેનાથી મિલ્કત બીજાના હાથમાં મૂકી શકાય નહિ એવો કાયદો કરવો યોગ્ય માન્યો છે; પરંતુ અમે એ વાત સ્વીકારતા નથી. સ્ત્રીઓની બુદ્ધિ સ્થિરતામાં અને ચતુરતામાં કોઇ પણ અંશે પુરુષો કરતાં ઉતરે તેમ નથી. સંપત્તિ સાચવવા માટે જેટલી સમજણ જોઇએ તેટલી તેમાં નથી તે ખરૂં; પરંતુ તેમાં પણ પુરુષોનોજ દોષ છે. તમે તેમને પાંજરામાં પૂરી રાખી આવી બાબતોથી અજાણ રાખો; એટલે તેમનામાં એ બાબતનું જ્ઞાન હોય નહિ. પહેલાં એમને પણ વ્યાપારમાં જોડાવા દો; અને પછી એ વ્યાપારની કેળવણીની વિશેષ આશા રાખો. મુદ્દલ રકમ ધીર્યા સિવાય વ્યાજની આશા ક્યાંથી રાખી શકાય ? અમે કહીએ છીએ કે પુરુષોને અપરાધેજ સ્ત્રીઓ અશિક્ષિત છે, અને તે છતાં અપરાધનો દંડ સ્ત્રીજાતિના ઉપરજ નાખવામાં આવે છે, એ બહુજ ખરાબ છે.

આ બધાં વિઘ્નો દૂર કરવાનો ઉપાય શિક્ષા (કેળવણી) એ એકજ છે. જો સ્ત્રીઓ સુશિક્ષિત થાય તો ઘરમાં ધન દાટી રાખવાની રીતિ અનાયાસેજ દૂર થાય. શિક્ષિત થતાં સ્ત્રીઓમાં પણ *અર્થોપાર્જનની શક્તિ આવેજ. એ રીતે આ દેશનાં તમામ સ્ત્રીપુરુષો વિદ્યામાં સુશિક્ષિત થાય તો વિદેશી વેપારીઓ અને વિદેશી કારીગરો અહીંથી દ્રવ્ય તાણી જઇ શકે નહિ. તાત્પર્ય કે સુશિક્ષાજ સામાજિક અહિત અટકાવવાનો મુખ્ય ઉપાયજ છે.

અમે આ નિબંધમાં જે વાતો લખી છે, તે પરથી સમજાશે કે આપણા દેશની સ્ત્રીઓની દશા કેટલી શોકજનક છે ! આપણા દેશમાં અનેક સોસાઇટીઓ, લીગો, એસોશીએશનો, કલબો અને સભાઓ છે;

---

* દ્રવ્ય કમાવું.

તેમાં કોઇનો ઉદ્દેશ રાજનીતિ, કોઇનો ઉદ્દેશ ધર્મનીતિ, કોઇનો ઉદ્દેશ સંસાર–સુધારો અને કોઇનો ઉદ્દેશ સનાતન ધર્મ છે; પરંતુ સ્ત્રીજાતિની ઉન્નતિનેમાટે કાંઇ નથી. પશુને કોઇ પ્રહાર ન કરી શકે એ માટે પણ મંડળ સ્થપાયાં છે; પરંતુ ભારતવર્ષની અર્ધી વસ્તી જે સ્ત્રીજાતિ તેના હિતમાટે કાંઇજ નથી. અમે પાંજરાપોળમાટે ઘણું નાણું ખર્ચાતું જોઇએ છીએ; પરંતુ આ ભારતમહિલાઓની પાંજરાપોળ સુધારવા-માટે શું કાંઇજ કરવા જેવું નથી ?

આ બાબતમાં કશુંજ કરાતું નથી કેમકે તેમાં બહુ આનંદ થાય તેવું નથી. વળી તેમાં રાયબહાદુર, રાવસાહેબ, સ્ટાર ઑફ ઇંડીયા કે એવા એવા ઇલ્કાબો મળવાનો સંભવ પણ નથી. જો મળવાનો સંભવ હોય તો માત્ર સાધારણ મનુષ્યોની "કરતાલિ"+ મળવાનોજ; તો તેમાં કોણ અગ્રેસર થાય ?

ઉપસંહાર.

આ દેશના હાલના સમાજમાં ચાલતી અસમાનતા દેખાડવા-માટે દૃષ્ટાંતરૂપે સ્ત્રી અને પુરુષોની અસમાનતાનો અમે ઉલ્લેખ કર્યો છે. અમે વર્ણવિષમતાની વાત કહી નથી; માત્ર ભારતવર્ષમાં ચાલતી વર્ણવિષમતાના મૂળનો પરિચય કરાવ્યો છે. અત્યારે વર્ણોના વૈષમ્યની સાથે એટલું બધું અધિકારનું વૈષમ્ય દેખાતું નથી, જે કાંઇક છે તે ઘણુંજ જૂજ છે. અત્યારે જે કાંઇ જાતિનું વૈષમ્ય જણાય છે તે જિતનાર અને જિતેલી પ્રજા વચ્ચે છે. જે જાતિ રાજ્ય કરે છે અને જે જાતિ પ્રજા છે; તેમની વચ્ચે આ દેશમાં અધિકારની જે અસમાનતા છે તે પણ વિચાર કરવા યોગ્ય છે. આ નિબંધમાં તેનું સવિસ્તર વિવેચન કરવાનું યોગ્ય ધાર્યું નથી.

ઉપસંહારમાં અમે કેવળ એટલુંજ કહેવા ઇચ્છીએ છીએ કે

+ હાથની તાળીઓનો અવાજ.

સમાનતાની અમે એવી વ્યાખ્યા નથી કરી કે; બધાં મનુષ્યો ધનમાં, અધિકારમાં અને બધી બાબતમાં ગમે તેવા અત્યાચારો કરી સમાન થઇ જાય. તેમ કરવું કદિ પણ યોગ્ય નથી. જ્યાં બુદ્ધિ, માનસિક શક્તિ, કેળવણી અને બળ ઇત્યાદિ બાબતોમાં સ્વાભાવિકજ વિષમતા છે; ત્યાં અવસ્થાની વિષમતા પણ અવશ્ય થવાની, એમાં શક નથી; અને તેથી રક્ષણ પણ કોઇ કરી શકે નહિ. તોપણ અધિકારની સમાનતા આવશ્યક છે. શક્તિ હોવા છતાં પણ " તને અધિકાર નથી " એમ કહી કોઇને પણ નિરાશ કરવું યોગ્ય નથી. ઉન્નતિનો રસ્તો બધાને માટે ખુલ્લોજ હોવો જોઇએ.

દ્રૌપદી.

(૧)

હિંદુ કવિઓ ભલે પ્રાચીન સમયના હો કે આધુનિક સમયના હો; પણ તેઓ પોતાની નાયિકાનું ચરિત્ર જાણે એકજ સંચામાં ઢાળીને તૈયાર કરતા હોય તેમ જણાય છે. પતિવ્રતવાળી, લાજવાળી કોમળ પ્રકૃતિવાળી અને સહનશીલતાવાળી નાયિકાઓનાં ચરિત્રો આર્ય-સાહિત્યમાં આદર્શરૂપે જોવાય છે. આદિ કવિ વાલ્મીકિએ વિશ્વ-મોહિની જનકદુહિતાને એવા ચરિત્રવાળી ગુંથી છે, અને ત્યાર પછી આર્યનાયિકાઓ તેવાજ નમુનાવાળી ચીતરાઇ છે. શકુંતલા, દમયંતી, રત્નાવલી વગેરે પ્રસિદ્ધ નાયિકાઓ સીતાનું અનુકરણ માત્ર છે. આર્ય-સાહિત્યમાં બીજા કોઈ જાતના સ્વભાવવાળી નાયિકા દેખાતી નથી, એમ અમે કહેતા નથી; પણ સીતાના અનુકરણનોજ મોટોભાગ દેખાય છે. આજે પણ જોશો તો નોવેલ કે નાટકોમાં સારા ચરિત્રવાળી નાયિકા ગુંથવી હશે તો સીતાનો નમુનો લેખક પોતાના લેખમાં ચીતરી કાઢશે.

આનું કારણ ન સમજી શકાય તેવું નથી. પહેલું તો સીતાનું ચરિત્રજ બહુ સુંદર છે, બીજું એ પ્રકારનું સ્ત્રીચરિત્ર આર્યલોકોમાં ઘણું વખણાયું છે, ત્રીજું આર્ય સ્ત્રીઓનો એ પ્રકારનો ઉત્કર્ષજ સ્વીકારાયો છે.

એક દ્રૌપદીએજ સીતાની છાયાને સ્પર્શ સરખો પણ કર્યો નથી. દ્રૌપદીને નાયિકા બનાવીને મહાભારતકારે પોતાની અપૂર્વ-નવીન સૃષ્ટિ પ્રકાશિત કરી છે. સીતાનાં અનુકરણો હજારો થયાં છે, પણ દ્રૌપદીનું અનુકરણ થયું નથી.

જેમ સીતા સતી છે, તેમ પાંચ પતિવાળી દ્રૌપદીને પણ સતી

કહીને મહાભારતકારે પરિચય કરાવેલો છે; કેમકે કવિનો અભિપ્રાય એ છે કે, પતિ એક હો કે પાંચ હો; પતિ ઉપરની ભક્તિમાંજ સતીત્વ રહેલું છે. બંને સ્ત્રીઓ પોતાના સ્વામીની પત્નીઓ છે અને રાણી તરિકેના કર્ત્તવ્યમાં નિપુણ છે. બન્ને ધર્મનિષ્ઠ અને ગુરૂજનોની આજ્ઞાનુ-સારિણીઓ હોતાં માન્ય છે; પરંતુ આટલે લગીજ બન્નેનું સાદૃશ્ય છે. સીતા રાણી છતાં મોટે ભાગે કુળવધુ છે; અને દ્રૌપદી કુળવધુ છતાં પણ મોટે ભાગે ઉગ્રતેજસ્વી રાણી છે. સીતામાં સ્ત્રીજાતિના કોમળ ગુણો વિકસેલા છે; દ્રૌપદીમાં સ્ત્રીજાતિના કઠિન ગુણો ઝળ-હળે છે. સીતા રામને યોગ્ય પત્ની છે, અને દ્રૌપદી ભીમસેનને યોગ્ય વીરપત્ની છે. સીતાનું હરણ કરતાં રાવણને કશુંજ કષ્ટ થયું નહિ, પણ જો રાક્ષસરાજ રાવણ દ્રૌપદીનું હરણ કરવા આવ્યો હોત તો કીચકની પેઠે પોતાનો પ્રાણ કદાચ નહિ ખોઇ બેસત તો જયદ્રથની પેઠે દ્રૌપદીના બાહુબળનો સ્વાદ ચાખીને પૃથ્વી ઉપર ચત્તોપાટ તો પડયોજ હોત.

દ્રૌપદીના ચરિત્રની સંપૂર્ણ રેખાઓ આલેખવી બહુ મુસ્કેલ છે; કેમકે મહાભારત એ મહાસાગર જેવડો ગ્રંથ છે. તેના અપાર તરં-ગોના આઘાતમાં એકાદ નાયિકા અથવા નાયકનાં ચરિત્રો તણખલા માફક ક્યાંક ક્યાંક છૂટાં છવાયાં તરે છે; તે તમામ વીણી શકાય શી રીતે? તોપણ એક બે સ્થળો લઇ આ વાત સ્પષ્ટ કરવાનો યત્ન કરીશું. દ્રૌપદીના સ્વયંવરનો પ્રસંગ લઇએ.

દ્રુપદ રાજાની પ્રતિજ્ઞા હતી કે, "જે આ મહા મુસ્કેલ મત્સ્યવેધ કરે તે દ્રૌપદીનું પાણિગ્રહણ કરે." હવે જુઓ કન્યાને સભામાં આણી છે, પૃથ્વીના તમામ રાજાઓ, વીરપુરૂષો અને ઋષિગણો ચારે બાજુ બેઠેલા છે. એવી મહાસભાના પ્રચંડ પ્રતાપમાં કુમારીકુસુમ સુકાઇજ જાય! તે કુમારીને મેળવવા માટે દુર્યોધન, જરાસંધ, શિશુપાળ,

વગેરે ભુવનવિખ્યાત મહાવીરો લક્ષ્ય વિંધવાને યત્ન કરી રહ્યા છે; પરંતુ એકે એકે અશક્ત બની તેઓ પાછા ફરે છે.

બીજા રાજાઓમાં સર્વશ્રેષ્ટ મહા પરાક્રમશાલી, અંગદેશનો અધિપતિ કર્ણ લક્ષ્યવેધ કરવા ઉઠે છે. ક્ષુદ્ર કાવ્યકાર અહીંઆં શું કરત? તે કહી શકાય નહિં; કેમકે આ વિષમ પ્રસંગ છે. કવિનો ઉદ્દેશ પાંડવોની સાથે દ્રૌપદીના વિવાહ કરવાનો છે. કર્ણ લક્ષ્યવેધ કરે તો તેમ બને નહિ. જો કવિ ક્ષુદ્ર હોત તો કર્ણને પણ લક્ષ્ય વિંધવામાં અશક્ત ચીતરત; પરંતુ મહાભારતનો મહાકવિ જાજવલ્યમાન પ્રતિભાસંપન્ન છે. કર્ણનું પરાક્રમ, તેના પ્રધાન નાયક અર્જુનના પરાક્રમનો માનદંડ છે. મહાપ્રતાપશાળી કર્ણને અર્જુનને હાથે પરાભવ પમાડી અર્જુનના ગૌરવને દર્શાવવું છે. બીજાના પેઠે કર્ણને પણ નિર્બળ નિર્માલ્ય ચીતરે તો અર્જુનનું ગૌરવ ક્યાં રહ્યું? આ પ્રમાણે અહીં પ્રસંગની વિષમતા છે. ક્ષુદ્ર કવિને મતે આવા પ્રસંગે ત્યાં કર્ણને ન લાવવો એજ ઠીક લાગે; પણ આથી કાવ્યનાં સર્વ અંગ સંપૂર્ણ ન થાય, તે તેનાથી સમજાશે નહિ. જ્યાં તમામ રાજાઓ પરમરૂપવતી સુંદરી મેળવવા લક્ષ્યવેધ કરવા આવે ત્યાં મહાબળવાન કર્ણ ન આવે કે લક્ષ્યવેધ કરવા ન ઉઠે શા માટે? એ પ્રશ્નનો કશો ઉત્તર નથી.

મહાકવિ તીક્ષ્ણ બુદ્ધિમાન્ અને અતિકુશળ છે, તેણે જોતજોતાંજ કર્ણને લક્ષ્યવેધ કરવા ઉભો કર્યો છે; પરંતુ કર્ણનું પરાક્રમ અખંડિત રાખવું એ આ અવસરે કવિનું મુખ્ય લક્ષ્ય છે. કવિએ એકજ ઉપાયમાં પોતાના બધા ઉદ્દેશો સિદ્ધ કર્યા છે, અને દ્રૌપદીનું ચરિત્ર વાંચકોની પાસે સ્પષ્ટ કર્યું છે. જે દિવસે જયદ્રથ દ્રૌપદીની લાતે ભોંયે પડયો, જે દિવસે દુર્યોધનની સભામાં દ્યુતમાં હારેલી અપમાન પામેલી દ્રૌપદી સ્વામી છતાં પણ સ્ત્રીની સ્વતંત્રતા દર્શાવવા તત્પર થયેલી, તે દિવસની દ્રૌપદીના ચરિત્રનો કવિએ અહીં આપણને પૂર્વે પરિચય કરાવ્યો

છે !! એક નાનકડી વાતમાં આ ઉદ્દેશ સફળ થયો છે. આગળ કહ્યું તેમ તે પ્રચંડ પ્રતાપવાળી મહાસભામાં બીજું કુમારી–કુસુમ તો સૂકાઇજ જાય ! એક બાજુ કુમારી દ્રૌપદી છે, અને બીજી બાજુ આ પ્રચંડ સભાસ્થળ જ્યાં રાજપુરૂષો, વીરપુરૂષો અને ઋષિગણો બેઠેલા છે; અને દ્રુપદરાજા જેવા પિતા તથા ધૃષ્ટદ્યુમ્ન જેવો ભાઇ પણ હાજર છે; પરંતુ તે કશાથી ક્ષોભ ન પામતાં તેમ કશાની દરકાર ન કરતાં લક્ષ્યવેધ કરતા કર્ણને જોઇ દ્રૌપદી બોલી કે, “હું સૂતપુત્રને વરીશ નહિ.” આ વાક્ય સાંભળતાંજ કર્ણે તિરસ્કારભરેલું હાસ્ય કરી સૂર્ય સામું જોઇ ધનુષ્યનો ત્યાગ કર્યો.

આ એકજ વચનથી દ્રૌપદીનું ચરિત્ર જેટલું પ્રકાશિત થાય છે તેટલું કવિએ સો પાનાં લખ્યાં હોત તોપણ થાત નહિ. આ સ્થળે વિશેષ વર્ણનની જરૂર નથી. દ્રૌપદીને તેજવાળી અથવા ગર્વભરેલી સમજાવવાની હવે આવશ્યકતા નથી. તેના આ વચનમાંજ રાજપુત્રીને યોગ્ય અપાર ગર્વ અને પ્રતાપ અહીં પ્રકટ થાય છે.

હવે દ્યૂતમાં હારેલી દ્રૌપદીના ચરિત્રનું અવલોકન કરીએ. મહા ગર્વવાળા, તેજસ્વી અને બળવાન ભીમ તથા અર્જુન દ્યૂતમાં હાર્યા અને કશુંજ બોલ્યા સિવાય તેમણે શત્રુનું દાસત્વ સ્વીકાર્યું; ત્યારે ત્યાં તેઓને પગલે ચાલનારી દાસી દ્રૌપદીનું શું કર્તવ્ય હતું ? સ્વામીથી દ્યૂતમાં મૂકાએલી સ્ત્રીએ સ્વામીની સાથે દાસપણે રહેવું એ આર્યનારીનું સ્વભાવસિદ્ધ કર્તવ્ય હતું; પરંતુ દ્રૌપદીએ શું કર્યું ? પ્રતિહારના મુખથી તેણે દ્યૂતના સમાચાર તથા દુર્યોધનની સભામાં પોતાને બોલાવ્યાના સમાચાર સાંભળી દૂતને કહ્યું:–“ હે સૂતનંદન ! તું સભામાં પાછો જઇ યુધિષ્ઠિરને પૂછી આવ કે દ્યૂતમાં પહેલાં તમે તમારી જાતને મૂકેલી છે કે પહેલાં મને મૂકી છે ? આ વૃત્તાંત નિવેદન કરી આવ્યા પછી યોગ્ય લાગે તો મને તેડી જજે. ધર્મરાજા આ બે રીતમાં કયી

રીતે હાર્યા છે તે જાણ્યા પછીજ હું આવીશ." આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, દ્રૌપદીનો આશય દાસત્વ સ્વીકારવાનો હતોજ નહિ.

દ્રૌપદીના ચરિત્રમાં બે ગુણો વિશેષ સ્પષ્ટ દેખાય છે. એક તો ધર્માચરણ અને બીજો દર્પ. જો કે દર્પ એ ધર્મનો વિરોધી છે; પરંતુ આ બન્ને ગુણોનો એક માણસમાં સમાવેશ કરવો એ અસ્વાભાવિક નથી. મહાભારતકારે આ બન્ને લક્ષણોનો સમાવેશ અનેક પાત્રોમાં કર્યો છે. ભીમસેન, અર્જુન, અશ્વત્થામા અને બધા ક્ષત્રિયોનાં ચારિત્રોમાં આ બંને વિરોધી ગુણોને એકઠા કર્યા છે. ભીમસેનમાં દર્પ પુરા પ્રમાણમાં મૂકેલો છે ને અર્જુન તથા અશ્વત્થામામાં અર્ધા પ્રમાણમાં મૂકેલો છે. અહીં દર્પનો અર્થ "પોતાનાં વખાણપર પ્રીતિ" એમ સમજવાનું નથી; પરંતુ દર્પ એટલે 'મનનું તેજસ્વીપણું' સમજવાનું છે. આ તેજસ્વિતા દ્રૌપદીમાં પુરેપુરી મૂકેલી છે. આ દર્પ અર્જુન ને અભિમન્યુમાં આત્મશક્તિના નિશ્ચયરૂપે પરિણામ પામેલો છે અને ભીમસેન તથા દ્રૌપદીમાં ધર્મબુદ્ધિનું કારણ બન્યો છે.

વળી સભામાં પણ દ્રૌપદીની તેજસ્વિતા વૃદ્ધિ પામેલી છે, તેણે દુઃશાસનને કહેલું છે કેઃ—"કદાચ ઇંદ્રાદિ દેવો પણ તને સહાય કરશે તોપણ રાજપુત્રો તને કદી ક્ષમા કરશે નાહ." સ્વામીઓને ઉદ્દેશીને મુક્ત કંઠે બધા વચ્ચે તેણે કહ્યું કેઃ—"ભરતવંશીઓ ! તમારા ધર્મને ધિક્કાર હોજો; હાય ! ધર્મજ્ઞ ક્ષત્રિયોનાં ચારિત્ર્ય કેવળ નષ્ટ થયાં જણાય છે." ભીષ્માદિ ગુરૂજનોના મોઢા ઉપર તિરસ્કાર વર્ષાવતાં તે બોલીઃ—"હાય ! જણાય છે કે—દ્રોણ, ભીષ્મ અને મહાત્મા વિદુર સરખા પણ લેશ માત્ર સ્વતંત્ર જણાતા નથી." પરંતુ અબળાનું તેજ કેટલી વાર ટકી શકે ? મહાભારતનો કવિ મનુષ્ય—ચરિત્ર રૂપી સાગરનો તલસ્પર્શ કરવા શક્તિમાન છે. દ્રૌપદીને કર્ણે જ્યારે વેશ્યા કહી અને દુઃશાસન તેનાં વસ્ત્રો ખેંચવા ઉભો થયો; ત્યારે હવે તેનો દર્પ ટકી શક્યો નહિ,

તેનું હૃદય ભયથી કંપી ગયું અને તે પોકાર કરી બોલી; "હા નાથ ! હા રમાનાથ ! હા વ્રજનાથ ! આ દુઃખનો નાશ કરો. હું કૌરવસાગરમાં ડુબી ગઇ છું. મારો ઉદ્ધાર કરો." બસ, અહીં કવિત્વની પરિસીમા છે.

દ્રૌપદી સ્ત્રી જાતિની છતાં તેના હૃદયમાં દર્પ પ્રબળ છે તેમ તેનું ધર્મજ્ઞાન પણ અસાધારણ દેખાય છે. જ્યારે તે આપણી નજર આગળ દર્પવાળી રાજમહિષી તરીકે ઉભેલી હોતી નથી ત્યારે તેના જેવી ધર્મના અનુરાગવાળી સ્ત્રી જનમંડળમાં મળી આવવી મુશ્કેલ છે. તેનો આ પ્રબળ ધર્માનુરાગજ તેના પ્રબળતર દર્પનું કારણ છે. આ અસાધારણ ધર્માનુરાગ અને તેજસ્વિતાનું સુંદર મિશ્રણ તેના સ્વભાવમાં થયેલું જણાય છે. ધૃતરાષ્ટ્ર પાસેથી વરદાન માગતી વખતે તેનો આ સ્વભાવ બહુ સુંદર રૂપે સ્ફુટ થાય છે. એ ભાગ એટલો સુંદર છે કે તેને સેંકડો વખત વાંચતાં પણ કંટાળો ન આવતાં વધારે વાર વાંચવાની મરજી થાય છે. આથી એ પ્રસંગને અમે અહીં ઉતારીએ છીએ.

સભામંડપમાં દ્રૌપદીનાં વસ્ત્રો ખેંચવાની વાત સાંભળી હિતૈષી ધૃતરાષ્ટ્ર ત્યાં આવ્યા; અને પોતાના દુર્યોધનાદિ પુત્રોનો તિરસ્કાર કરી, સાંત્વન માટે દ્રૌપદીને કહેવા લાગ્યાઃ–" હે દ્રુપદનંદિનિ ! તું મારી પાસેથી તારે મનગમતું વરદાન માગી લે; તું મારી બધી પુત્રવધૂઓમાં શ્રેષ્ઠ છે."

દ્રૌપદી બોલીઃ–" હે ભરતકુળપ્રદીપ ! જો આપ પ્રસન્ન થયા હો તો, એ વરદાન આપો કે સર્વધર્મયુક્ત શ્રીમાન્ યુધિષ્ઠિર દાસત્વથી મુક્ત થાય. આપના પુત્રો એમને ફરી કદિ દાસ કહે નહિ, અને મારો પુત્ર પ્રતિવિંધ્ય પણ દાસપુત્ર કહેવાય નહિ; કેમકે પ્રતિવિંધ્ય રાજપુત્ર હોઇ ભૂપતિઓથી લાલનપાલન પામેલો છે. એનું દાસપુત્ર બનવું અતિ અનુચિત છે." ધૃતરાષ્ટ્ર બોલ્યાઃ–" હે કલ્યાણિ ! તારી અભિલાષા પ્રમાણે એ વર હું તને આપું છું, અને તને એક બીજો

વર પણ આપવા ઇચ્છું છું. તું માત્ર એકજ વરદાનને યોગ્ય નથી."

દ્રૌપદી બોલીઃ—"હે મહારાજ ! ભીમ, અર્જુન, નકુળ અને સહદેવને રથ અને ધનુષબાણ આપી દાસપણામાંથી મુક્ત કરો." ધૃતરાષ્ટ્ર બોલ્યાઃ—"હે નંદિનિ ! તારી માગણી પ્રમાણે તને એ વરદાન પણ આપ્યું. હવે તું ત્રીજા વરદાનની પ્રાર્થના કર, આ બે વરદાનવડે તારો યથાયોગ્ય સત્કાર થઇ શક્યો નથી; તું ધર્મવતી છે અને મારી બધી પુત્રવધૂઓમાં શ્રેષ્ટ છે."

દ્રૌપદી બોલીઃ—"હે ભગવન્ ! લોભ એ ધર્મનો નાશ કરાવે છે. આથી હવે હું વધારે વરદાનની પ્રાર્થના કરીશ નહિ. હું ત્રીજો વર માગવાને યોગ્ય નથી; કેમકે વૈશ્યે એક વર, ક્ષત્રિએ બે વર અને બ્રાહ્મણોએ સેંકડો વર લેવા એ ધર્મ છે. અત્યારે હું મારા પતિઓને દાસત્વરૂપી દારૂણ પાપના પંકમાંથી બહાર કાઢી સકી છું, તો એમનાં પવિત્ર કર્મોવિડેજ બધું શ્રેય મેળવી શકીશ."

આ રીતે ધર્મ અને ગર્વનું સુંદર મિશ્રણજ દ્રૌપદીના સ્વભાવની રમણીયતાનું મુખ્ય સાધન છે. જ્યારે જયદ્રથે કામ્યક વનમાં તેને એકલી દીઠી, ત્યારે પહેલાં દ્રૌપદીએ તેનો ગૃહસ્થધર્મપ્રમાણે સાજન્યભાવે અતિથિસત્કાર કરી પ્રસન્ન કરવા યત્ન કર્યો. પછી જયદ્રથે પોતાનો દુષ્ટ ભાવ પ્રકટ કરી સિંહ પેઠે ગર્જના કરી; ત્યારે દ્રૌપદીનાં ક્હેલાં તેજ અને ગર્વભરેલાં વચનો વાંચતાં આપણું મન આનંદસાગરમાં ડૂબી જાય છે. પરંતુ જયદ્રથ આથી અટક્યો નહિ અને તેને બલાત્કારે ખેંચવા લાગ્યો; ત્યારે દ્રૌપદીએ તેનો યોગ્ય બદલો આપ્યો ! જે ભીમ અને અર્જુનની પત્ની, અને ધૃષ્ટદ્યુમ્નની બહેન હોય, તે શું મૂળ કાપેલા વૃક્ષની માફક મહાવીર સિંધુ–સૌવીરના નૃપતિને ભોંય ચાટતો કર્યા વિના રહે ?

છેલ્લે જયદ્રથે ફરીથી બળ વાપરીને તેને રથમાં નાખી, ત્યારે

દ્રૌપદીએ જે આચરણ કર્યું તે ખરેખર એક તેજસ્વી વીરનારીને યોગ્ય જ હતું. તેણે લેશમાત્ર પણ વૃથાવિલાપ કે રોદન કર્યું નથી. બીજી સ્ત્રીઓની પેઠે વિલંબમાટે કે અસાવધાનીમાટે પોતાના પતિઓને ઉદ્દેશીને એક વાર પણ તિરસ્કાર કર્યો નથી. માત્ર પુરોહિત ધૌમ્યના ચરણમાં પ્રણામ કરીને તે જયદ્રથના રથમાં બેઠી છે, અને પછી જ્યારે પાછળ દેખાતા પાંડવોને ઓળખવા સારૂ જયદ્રથે તેને પ્રશ્ન પૂછ્યો છે ત્યારે તે જયદ્રથના રથમાં બેઠેલી છતાં પણ જેવા ગર્વભરેલા વચનોએ અને નિઃશંક ચિત્તે તેણે સ્વામીઓની ઓળખાણ આપી છે, તે વારંવાર વાંચવા જેવી છે.

(૨)

દ્રૌપદીના ચરિત્રની સમાલોચના અમે દશ વર્ષ પહેલાં બંગદર્શનમાં કરી હતી, અને ત્યાં અમે બીજી આર્ય સ્ત્રીઓનાં ચરિત્રો કરતાં દ્રૌપદીના ચરિત્રમાં જે મહાન તફાવત છે, તે યથાશક્તિ બતાવેલ હતો; પરંતુ દ્રૌપદીના ચરિત્રમાં કેંદ્રરૂપે જે ઉચ્ચ તત્ત્વ રહેલું છે તે તેમાં દર્શાવેલ નથી.

આપણા યુરોપી વિદ્વાનો દ્રૌપદી સંબંધે શું કહે છે? તેઓ કહે છે કે, "ભારતવાસીઓ બર્બર જાતિના છે; તેમનામાં અનેક ભાઇઓ વચ્ચે એક સ્ત્રી પરણવાની પદ્ધતિ પૂર્વકાળે પ્રચલિત હોઇને પાંચ પાંડવો વચ્ચે એકજ પત્ની હતી!" આ પાશ્ચાત્ય પંડિતો કશું સમજતા હોય કે ન હોય તોપણ આપણા દેશ વિષે ગમે તેવું બોલી દેવાને ઝટ તૈયાર થાય છે!

યુરોપીય વિદ્વાનો આપણા દેશના પ્રાચીન ગ્રંથોને કેવા સમજે છે! તે બાબતમાં અમે અત્યારે કાંઇક કહીએ છીએ.

અમને ખાત્રી છે કે સંસ્કૃત સાહિત્ય વિષે તેમણે જે લખ્યું છે; તેમણે વેદ, સ્મૃતિ, કાવ્ય, દર્શન, પુરાણ, ઇતિહાસ વગેરેનાં ભાષાંતરો,

ટીકાઓ કે સમાલોચના વગેરે જે જે લખ્યું છે; તેને વાંચવા જેવું બીજું મહાપાપ સાહિત્યની સૃષ્ટિમાં નથી અને આપણી મૂર્ખતાને જાહેર કરનારો એવો સહેલો માર્ગ પણ બીજો નથી. હાલ પણ અનેક ભારતવાસીઓ તેમના ગ્રંથો વાંચતા હોવાથી તેઓને જાગ્રત કરવા-માટેજ આ અપ્રાસંગિક જેવી વાત અમે અહીં લખી છે.

આપણા સંસ્કૃત ગ્રંથોની સંખ્યા અગણિત છે; એમાંથી જેટલા ગ્રંથોનો પત્તો મળ્યો છે, તે સિવાય બીજા પણ નૂતન નૂતન અનેક ગ્રંથો પ્રકાશમાં આવતા જાય છે. સંસ્કૃત ગ્રંથોને મુકાબલે યુરોપીય-ગ્રંથોને મૂકી શકાય તેમ નથી. જેમ હાથીને મુકાબલે નાનો ગુર્ઝી-કુતરો; જેમ ગંગા, ગોદાવરી અને સિંધુને મુકાબલે પેલું ગ્રીક કવિ-ઓનું વહાલું પર્વતનું ઝરણું; તેમ મહાભારત અને રામાયણને મુકાબલે યુરોપના કાવ્ય ગ્રંથો સમજવા. વેદોની સંહિતાઓ, બ્રાહ્મણો, આર-ણ્યકો, ઉપનિષદો, ગૃહ્યસૂત્રો, શ્રૌત્રસૂત્રો, ધર્મસૂત્રો અને દર્શનો; તે સર્વ ઉપરનાં ભાષ્યો, તેની ટીકાઓ, વળી તેનાં ભાષ્યો, પુરાણ, ઇતિહાસ, સ્મૃતિઓ, કાવ્યો, અલંકાર ગ્રંથો, વ્યાકરણ, ગણિત, જ્યોતિષ, કોષો ઇત્યાદિ અનેક પ્રકારના સંસ્કૃત ગ્રંથો આજે પણ ભારતવર્ષમાં જળ-વાઈ રહેલા છે. આ બધા લિપિબદ્ધ, અપાર પ્રાચીન ગ્રંથ સમુદ્રમાં કોઇ સ્થળે ઘુણાક્ષર ન્યાયે પણ એવું લખેલું નથી કે પ્રાચીન આર્યોમાં સ્ત્રીઓ બહુ પતિ કરતી! છતાં પાશ્ચાત્ય પંડિતો એક દ્રૌપદીને પાંચ પતિ હોવાની કથા સાંભળી સિદ્ધાંત કહે છે કે, "પ્રાચીન ભારતવાસી-ઓમાં સ્ત્રીઓમાં બહુ પતિનો રિવાજ પ્રચલિત હતો!" આ જાતિનો એક બીજો પંડિત (ફર્ગ્યુસન સાહેબ) કોઇ ભાંગેલા મંદિરની કોત-રણીમાં વસ્ત્ર વિનાની સ્ત્રીની મૂર્તિ જોઇને સિદ્ધાંત કરે છે કે, પ્રાચીન ભારતવાસી આર્ય સ્ત્રીઓ લુગડાં પહેરતી નહિ! સીતા, સાવિત્રી, દ્રૌપદી, દમયંતી ઇત્યાદિ આર્ય સ્ત્રીઓ સસરો, સાસુ, પિતા, માતા,

ભાઇભાંડુ વગેરે બધાંની પાસે નગ્નાવસ્થામાં હરફર કરતી! આથીજ અમે કહીએ છીએ તે ખોટું નથી કે, "આવા પંડિતોના અનુવાદો વાંચવા જેવું મહાન પાતક સાહિત્યસંસારમાં બીજું એક પણ નથી."

ત્યારે દ્રૌપદીના પાંચ ધણીનું તાત્પર્ય શું? એ વાતનો નિશ્ચય કરતાં પહેલાં એ વિચાર કરવાનો છે કે આ વાત તે ઐતિહાસિક છે કે કવિની કલ્પના માત્ર છે? ખરેખર દ્રૌપદીને પાંચ સ્વામી હતા કે માત્ર કવિની તે કલ્પનાજ છે? અન્ય લેખમાં અમે સ્વીકાર કરેલો છે કે મહાભારતને કેટલોક ઐતિહાસિક આધાર છે; પરંતુ તેની બધી કથા ઐતિહાસિક છે એવું સિદ્ધ થતું નથી. જે સ્પષ્ટ રીતે પ્રક્ષિપ્ત ભાગ છે, તે ઐતિહાસિક નથી; એ વાત તો સ્વતઃસિદ્ધ છે. પરંતુ દ્રૌપદીનું ચરિત્ર પ્રક્ષિપ્ત કહેવાય નહિ. દ્રૌપદીને લઇનેજ મૂળ મહાભારત છે. ત્યારે શું દ્રૌપદી યુધિષ્ઠિરની પટરાણી હતી? એમ ન હોય તો તેને ઐતિહાસિક ગણી શા રીતે સ્વીકારી હશે? તે શું પાંચ પાંડવોની રાણી હશે?

દ્રૌપદીના પાંચ પતિ સિવાય ભારતવર્ષના કોઇ પણ ગ્રંથમાં, આર્યોમાં સ્ત્રીઓના બહુ પતિના રીવાજનું દર્શન થતું નથી. સ્ત્રી વિધવા થતાં બીજો વિવાહ કરતી એવું પ્રમાણ મળી શકશે; પરંતુ એક કાળે કોઇ સ્ત્રી અનેક પતિની સ્ત્રી થઇ હોય, એવું પ્રમાણ મળી શકતું નથી. કોઇના દેખવામાં આવ્યું કે ભોગજોગે કોઇ માણસને એકેક હાથે છ,છ આંગળાં હોય એટલે બંને હાથે મળીને બાર આંગળીઓ જોઇ હોય; વળી ક્યાંક કોઇ સ્ત્રીને આંધળું છોકરુંજ અવતર્યું હોય; આવું એક એક દૃષ્ટાંત જોઇ કાંઇ એવો સિદ્ધાંત કરી શકાય નહિ કે, "મનુષ્ય જાતિને હાથે બાર આંગળાં છે, અને મનુષ્ય આંધળાંજ જન્મે છે." તેમજ માત્ર દ્રૌપદીના પાંચ પતિ જોઇ સિદ્ધાંત બાંધી શકાય નહિ કે, પૂર્વકાળમાં આર્યસ્ત્રીઓમાં બહુ પતિનો રીવાજ પ્રચલિત હતો. વળી

મહાભારતમાં સ્પષ્ટજ છે કે—એવો રીવાજ હતોજ નહિ; કેમકે દ્રૌપદી સંબંધે આવો અલૌકિક વ્યાપાર કેમ બન્યો ? તેની હકીકત સમજાવવા માટે મહાભારતકારે પૂર્વ જન્મે બનેલી અનેક જાતની અસંભવિત વાતોની ત્યાં ગોઠવણ કરી છે. સમાજમાં ક્યાંય બનેલું ન હોય તેવું અત્યંત નવું અયોગ્ય આચરણ કોઇ કરે તો તે અત્યંત લોકનિંદાનું કારણ બને; એમાં સંદેહ નહિ. તો સમાજમાં ન હોય એવો રીવાજ (એક સ્ત્રીને બહુ પતિનો રીવાજ) પાંડવો જેવા લોકપ્રસિદ્ધ રાજપુરૂષોમાં થવાની સંભાવના નથી. એટલે કવિએ એ કથા કોઇ એક તત્વને સ્પષ્ટ કરવા ઘડી કાઢેલી છે. એમાં નવાઇ નથી.

ઘડી કાઢેલી કથાના જેવાં તેમાં અનેક લક્ષણો છે. દ્રૌપદીને પાંચ પતિથી એક એકજ ઔરસ પુત્ર થયો હતો. કોઇને પણ બે ત્રણ ઔરસ પુત્રો થયા નહિ ! ઔરસ કન્યાઓ થઇ નહિ ! તથા ઔરસ સંતતિમાં ઓછા વધતાપણું થયું નહિ ! વળી એ પાંચે પુત્રોમાં કોઇ રાજ્યાધિકારી થયું નહિ ! તે બધાય એક સાથે અશ્વત્થામાને હાથે મરણ પામ્યા. વળી તેમાંના કોઇનું પણ ક્યાંય કશું કાર્ય જોવાતું નથી, કુરૂક્ષેત્રના યુદ્ધમાં બધા એક સાથે આવી યુદ્ધ કરી એકી વખતે ચાલ્યા ગયા છે. બીજે પક્ષે જોઇએ તો અભિમન્યુ, ઘટોત્કચ, બભ્રુવાહન વગેરેનાં કાર્યો વર્ણવેલાં હોઇને તેઓ જીવતા જેવા છે.

કોઇ પૂછશે કે, "દ્રૌપદીના પાંચપતિની વાત ઘડી કાઢેલીજ વાત હોય અને દ્રૌપદી માત્ર એક યુધિષ્ઠિરનીજ રાણી હોય તો બીજા ચાર પાંડવો અવિવાહિત હતા ?" એનો ઉત્તર ખરે કઠિન છે.

ભીમ અને અર્જુનનો તો બીજે સ્થળે વિવાહ થયો હતો એ આપણે જાણીએ છીએ; પરંતુ નકુળ તથા સહદેવનો બીજે સ્થળે વિવાહ થયો હોય એવી કથા મહાભારતમાં મળતી નથી. પણ તે નથી મળતી તે પરથીજ એવો સિદ્ધાંત થાય નહિ કે તેમનો બીજે સ્થળે વિવાહ

થયો ન હતો. મહાભારતમાં મુખ્યત્વે પહેલા ત્રણ પાંડવો અર્થાત્ યુધિષ્ઠિર, ભીમ અને અર્જુનનુંજ ચરિત્ર છે. છેલ્લા બે પાંડવો તેમની છાયા માત્ર હોઇને કેવળ તેમની સાથે રહીને કામ કરતા દેખાય છે, તેમનો અન્ય વિવાહ થયો હોય તોપણ, તે વાતનું પ્રયોજન નહિ હોવાથી મહાભારતકાર તેમને છોડી પણ દઇ શકે.

જો દ્રૌપદીના પાંચ પતિની વાત કવિનીજ કલ્પના સમજીએ તો શા હેતુએ કવિએ આવી વિસ્મયકારક કલ્પનાનો આશરો લીધો હોય! કોઇ ગૂઢ અભિપ્રાય ન હોય તો આવા કુટિલ પંથે કવિ જાય શા માટે? એમાં તેનો અભિપ્રાય શો? તેનું નિગૂઢ તત્વ આપણે વિચારીએ.

એ તત્વ વિચારતાં પહેલાં કોઈ ચતુર અને શ્રદ્ધાળુ માણસનું એક વચન અમે ટાંકીએ છીએ. એ વચન અમે પ્રગટ કરેલા કૃષ્ણ-ચરિત્રને લક્ષ્ય કરીને એક વિદ્વાને કહેલું છે.

"શ્રીકૃષ્ણે મનુષ્યશરીર ધારણ કરીને આ લોકમાં આચરણ કર્યું છે," આ વાતનો અમે પણ સ્વીકાર કરીએ છીએ; પરંતુ મહાભારત રચ્યા પહેલાંથીજ શ્રીકૃષ્ણને અમાનુષી ઈશ્વરી શક્તિવાળા લોકો માનતા હતા, તે પણ પ્રમાણવાળું જણાય છે. અમને સમજાય છે કે, મહાભારત રચવામાં રચનારના મનમાં કર્મકાંડનું વિવેચન, વેદનું વિવેચન વગેરે અનેક ઉદ્દેશો હોવા છતાં અર્જુન અને સુભદ્રાને નમુના લાયક સ્ત્રી પુરૂષરૂપે વર્ણવવાં એ પણ તેમનો મુખ્ય ઉદ્દેશ જણાય છે. વળી "ઈશ્વરમાં અચળ ભક્તિ અને દૃઢ વિશ્વાસ એજ આદર્શ પુરૂષોનું સ્વભાવિક બળ છે;" તે પણ દેખાડવા માટે નરોત્તમ શ્રી-કૃષ્ણને મહાભારતમાં ગુંથી તેમની ઈશ્વરી શક્તિને મૂર્તિમાન કરવાનો પ્રયાસ કરેલો છે. એવી ઈશ્વરી શક્તિ કોઇ માનુષી પાત્રમાં કોઇ કવિથી કદિ ધારણ કરાવાય નહિ. આદિ કવિ વાલ્મીકિએ પણ એવી ઈશ્વરી શક્તિ રામમાં દર્શાવવા યત્ન કર્યો નથી. મહાભારતકારે તેવો

પ્રયત્ન કર્યો છે; અને તેમાં યથાશક્તિ સફળતા પણ મેળવી છે. આથીજ મહાભારતનો ગ્રંથ પાંચમા વેદને નામે ગણાયો છે. આ ઈશ્વરી શક્તિનું નામ "નિર્લેપતા" છે. શ્રીકૃષ્ણ મનુષ્યરૂપે નિર્લેપ છે.

આ નિર્લેપતા તે વૈરાગ્ય નહિ. અમે એનો મર્મ જે સમજીએ છીએ તે ગીતાનો એક શ્લોક ઉતારી સમજાવીએ છીએ.

रागद्वेषवियुक्तस्तु विषयानिन्द्रियैश्चरन् ॥
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥

ગીતા અ. ૨ શ્લો. ૬૪

"રાગદ્વેષરહિત અને મનને વશ થયેલી ઈંદ્રિયો દ્વારા વિષયોના ઉપભોગ કરતો સંયતાત્મા પુરૂષ શાંતિ મેળવે છે."

આ રીતે નિર્લેપતા અથવા અનાસક્તિ સ્પષ્ટ દર્શાવવા માટે હિંદુ શાસ્ત્રકારોએ એવી યુક્તિ ગ્રહણ કરી છે કે, નિર્લેપ અથવા અનાસક્તપાત્રને ઇંદ્રિયોના ઘણાક વિષયોમાં તેઓને વીંટે છે. એટલાજ-માટે મહાભારત પછીના પુરાણલેખકોએ નિર્લેપ શ્રીકૃષ્ણને અગણિત સુંદરીઓ વચ્ચે ગોઠવેલ છે, તેટલાજ માટે તાંત્રિકોનાં સાધનક્રમમાં બધી ઇંદ્રિયભોગ્ય વસ્તુઓનો ઉપયોગ ગોઠવેલો છે. જેઓ એ તમામ-માંથી યથેચ્છ ગતિ કરીને પણ તેમાં આસક્તિવાન થાય નહિ; તેજ નિર્લેપ કહેવાય. દ્રૌપદીને બહુ સ્વામી પણ એટલાજ માટે કલ્પેલા છે. "દ્રૌપદી સ્ત્રીજાતિમાં ધર્મની મૂર્તિ છે; અને તેને આસક્તિ વિનાની ચીતરવી" એ કવિનો ઉદ્દેશ હોવાથી તેને તેવી ચીતરી છે. તેથીજ ગણિકાની પેઠે બહારથી પાંચ પુરૂષોએ વીંટાયલી છતાં પણ દ્રૌપદી સાધ્વી છે. પાતિવ્રત્યની આ પરાકાષ્ઠા છે. દ્રૌપદીની નજરે પાંચ પતિ પણ એકજ પતિરૂપ છે. ઉપાસનાની એકજ વસ્તુમાત્ર છે, અને ધર્મા-ચરણનું એ એકજ અભિન્ન લક્ષ્ય છે. જેમ સ્વાભાવિક ધર્માત્માની પાસે અનેક દેવો પણ એક ઈશ્વરમાત્ર છે; તેમ આસક્તિરહિત દ્રૌપદી-

પાસે પાંચ સ્વામી પણ ધર્માચરણનું એકજ સ્થળ માત્ર છે. તેને તેઓમાં પક્ષાપક્ષ કે ભેદાભેદ નથી. તે પોતાના ગૃહસ્થાશ્રમના ધર્મમાં નિષ્કામ, નિશ્ચળ અને નિર્લેપ હોઇને કર્તવ્યકર્મમાં તત્પર છે. એજ દ્રૌપદીચરિત્રમાં રહેલી ખરેખરી ખૂબી છે. આવો ધર્મ બહુજ મુસ્કેલ હોવાથી મહાભારતકારે મહાપ્રસ્થાન પર્વમાં તે પણ દર્શાવેલ છે. ત્યાં લખ્યું છે કે, દ્રૌપદીને અર્જુન ભણી જરાક પક્ષપાત હતો તેના પાપે તે સશરીર સ્વર્ગારોહણ કરી શકી નહિ અને રસ્તામાં સૌથી પ્રથમ મરણ પામી!

હવે સમજી શકાશે કે, “દ્રૌપદીને તેના પાંચે પતિના પેટનો માત્ર એક એક પુત્રજ શા માટે?” હિંદુશાસ્ત્ર પ્રમાણે તો પુત્રોની ઉત્પત્તિ ધર્મરૂપ છે, ગૃહસ્થાશ્રમીઓએ તેમાં અપ્રીતિ બતાવવી એ અધર્મ છે. પુત્ર ઉત્પન્ન થતાં વિવાહની સફળતા છે. ન થતાં ધર્મ અધુરો રહે છે; પરંતુ ધર્મનું જે પ્રયોજન તે એક પુત્રેજ સિદ્ધ થાય છે, એકથી વધારે પુત્રોની ઉત્પત્તિ ધર્મકાર્યમાં નિષ્પ્રયોજન હોઇ ઇંદ્રિયતૃપ્તિનુંજ પરિણામ છે. જોવાય છે કે દ્રૌપદી ઇંદ્રિયસુખમાટે નિર્લેપ હતી. ધર્મનું પ્રયોજન સિદ્ધ થતાં સ્વામીઓ સાથેનો તેનો ઇંદ્રિયસંબંધ બંધ પડ્યો હતો. સ્વામીના ધર્મકાર્ય માટે દ્રૌપદીએ એક એક પુત્ર બધા સ્વામીથી ગર્ભમાં ધારણ કર્યો હતો, પણ તે પછી નિર્લેપતાનેલીધે બીજાં સંતાનો તેણે ગર્ભમાં ધારણ કર્યાં નહતાં. કવિની કલ્પનાનું આ તાત્પર્ય છે.

આ બધી કથાનું તાત્પર્ય સાંભળી કોઇ એમ સમજે કે, “જે સ્ત્રી અનાસક્તિ ધર્મગ્રહણ કરે; તે પાંચ છ મનુષ્યને પણ સ્વામી રૂપે વરી શકે” તો તેમ સમજવાનું નથી. આ કથાનું તાત્પર્ય એટલુંજ છે કે, “જેની ચિત્તશુદ્ધિ થઇ છે તે મહાપાપમાં પડે તોપણ પાપ તેને સ્પર્શ કરી શકે નહિ. દ્રૌપદીના અદ્રષ્ટમાં જે હતું તે બન્યું.

સ્ત્રીઓને માટે એવું મહાપાપ બીજું કશુંજ નથી; પરંતુ દ્રૌપદીની ચિત્તશુદ્ધિ થઇ હતી એટલેજ તે મહાપાપમાં પણ ધર્મમાં વિજયવતી થઇ હતી. ”

અમે પ્રથમ દેખાડયું છે કે, દ્રૌપદી ધર્મબળને લીધે અત્યંત દર્પ-વાળી હતી; તેનો એ દર્પ કદિ કદિ, ધર્મને પણ ઓળંગી જતો ! એ દર્પની સાથે એના ઇંદ્રિયજયને કશોજ વિરોધ ન હતો; પરંતુ તેનામાં નિષ્કામ ધર્મ બધાં અંગો સાથે સંપૂર્ણતાને પામ્યો હતો કે નહિ? તે જુદી વાત છે.



દેશી સાહિત્યનો આદર.

પાત્રો:—૧–ઉચ્ચ દરજ્જાનો **અંગ્રેજી કેળવણી પામેલો** બંગાલી બાબુ.
૨–તેની સ્ત્રી.

બાબુ:–શું ચાલે છે?

સ્ત્રી:–વાંચું છું.

બાબુ:–શું વાંચે છે?

સ્ત્રી:–જે વાંચી જાણું છું તે. હું તમારી અંગ્રેજી જાણુતી નથી, ફ્રેંચ પણ જાણતી નથી, નશીબમાં જે છે તેજ વાંચું છું.

બાબુ:–ધુળ–પત્થર, દેશી ભાષાઓનાં પુસ્તકોમાં તે શું વાંચવા જેવું છે? એના કરતાં તો ન વાંચવું બહેતર.

સ્ત્રી:–શા માટે?

બાબુ:–એ સઘળું Immoral obscene filthy (નીતિભ્રષ્ટ, બીભત્સ, મલિન) છે.

સ્ત્રી:–(અંગ્રેજી નહિ ભણેલી હોવાથી) એ બધું શું કહેવાય?

બાબુ:–Immoral કોને કહે છે, તે સમજ–એ તેજ છે–અર્થાત્ જે morality (નીતિ)ની વિરુદ્ધ હોય.

સ્ત્રી:–એ તે શું કોઇ ચોપગું જાનવર છે?

બાબુ:–ના, ના–તે એ છે નામ કે–તેને માટે બીજો બંગાળી શબ્દ ક્યાંથી લાવું? તે એજ કે, જે moral નથી–તેજ, બીજું શું?

સ્ત્રી:–મરાલ શું? રાજહંસ?

બાબુ:–છટ્! છટ્! O woman thy name is stupidity (હે સ્ત્રી જાતિ તારૂંજ બીજું નામ મૂઢતા છે.)

સ્ત્રીઃ-એ વળી શું કહ્યું ?

બાબુઃ-બંગાળીમાં તો એ બધી વાત સમજાવી શકાય એમ નથી- ખરો માર્ગ તો એજ છે કે, બંગાળી ચોપડીઓ વાંચવીજ યોગ્ય નથી.

સ્ત્રીઃ-આ પુસ્તક કંઇ ખરાબ નથી. વાર્તા મઝેની છે.

બાબુઃ-એક રાજા અને તેની માશુક બે રાણીઓની વાત છે કે નળ દમયંતીની કથા છે ?

સ્ત્રીઃ-તે સિવાય શું બીજી વાર્તાઓ નથી હોતી કે ?

બાબુઃ-તમારી ભાષામાં તે વળી એ સિવાય બીજું શું હોઇ શકે ?

સ્ત્રીઃ—એ પુસ્તક એવું નથી. એમાં કાટલેટ છે, બ્રાન્ડિ છે, વિધવા વિવાહ છે-સાધ્વીનાં ગીત છે.

બાબુઃ—Exactly (એમજ) તેથી તો કહું છું કે, એ ધૂળ પત્થર જેવું શામાટે વાંચે છે ?

સ્ત્રીઃ—કેમ, વાંચવાથી શું થાય ?

બાબુઃ—Demoralize (નીતિભ્રષ્ટ) થવાય.

સ્ત્રીઃ—તે વળી શું ? ઘેમો રાજા થવાય ?

બાબુઃ—કેવી બલા ! demoralize એટલે ચરિત્રભ્રષ્ટ થવાય.

સ્ત્રીઃ—સ્વામીનાથ, આપ બ્રાન્ડીની બાટલી પર બાટલી ઉડાવી જાઓ છો ! જેમની પાસે બેસીને એ કામ થાય છે, તેઓ એવા તો દુષ્ટ ચરિત્રવાળા હોય છે કે, તેમનું મોં જોવાથી પણ પાપ લાગે. આપના મિત્રો ડિનર પછી જે ભાષામાં વાતચીત કરે છે, તે સાંભળીને બબરચી પણ કાનમાં આંગળી ઘાલે છે ! પૃથ્વીમાં એવું એક પણ કુકર્મ નહિ હોય કે જે તેમના હાથે સત્કાર પામતું નહિ હોય ? તે સઘળાંઓથી આપના ચરિત્રને ભય નથી, અને હું ગરીબની દીકરી, બંગાળી ચોપડી વાંચવાથી ભ્રષ્ટ થઈ જાઉં ?

બાબુઃ-અમે છીએ Brass pot (પિત્તળનાં વાસણ), તમે છો Earthen pot (માટીનાં વાસણ).

સ્ત્રીઃ–એમ પોટ પોટ શા માટે કરો છો ? એકવાર આ ચોપડી જરા નહિ વાંચો ?

બાબુઃ–(રોમાંચિત થઇને અને પાછળ હઠીને) હું એને અડકીને Hand contaminate કરીશ નહિ.

સ્ત્રીઃ–એટલે શું ?

બાબુઃ–હું એ સઘળાંને અડકીને હાથ મેલા કરીશ નહિ.

સ્ત્રીઃ–તમારા હાથ મેલા નહિ થશે, હું લૂછી આપું છું.

(સ્ત્રીએ પુસ્તકને પાલવ વડે સાફ કરીને સ્વામીના હાથમાં આપવું, માનસિક મેલના ભયથી બીધેલા ઉચ્ચ શિક્ષિતના હાથમાંથી પુસ્તકનું ભૂમિપતન થવું.)

સ્ત્રીઃ–અરે દૈવ ! ઠીક, તમે એ પુસ્તકની એટલી ઘૃણા કરો છો કે તમારા કોઇ અંગ્રેજ પણ તેટલી નહિ કરતા હોય ! ઉલટા તે લોક તો એ પુસ્તકનું અંગ્રેજીમાં થએલું ભાષાંતર વાંચે છે.

બાબુઃ–કંઇ ગાંડી થઇ ?

સ્ત્રીઃ–કેમ ?

બાબુઃ–બંગાળી ચોપડીનો અંગ્રેજીમાં તરજુમો ? આવી પાયા વગરની વાત તને કોણે સંભળાવી ? પુસ્તક Seditions (રાજદ્રોહી) તો નથી ? તેમ હોય તો Government (સરકાર) તરજુમો કરાવે એ સંભવિત છે. પુસ્તકનું નામ શું છે વારૂ ?

સ્ત્રીઃ–વિષ વૃક્ષ.

બાબુઃ–એટલે શું ?

સ્ત્રીઃ–વિષ કોને કહે છે તે જાણતા નથી ? તેનુંજ વૃક્ષ.

બાબુઃ–હા, હા, વીસ એટલે એક કોડી–૨૦.

સ્ત્રીઃ–તેમ નહિ. બીજી એક જાતનું વિષ થાય છે, જાણતા નથી ? તમારા સંતાપથી મારે એક દિવસ તેજ ખાવું પડશે.

બાબુઃ—ઓહો ! Poison ! Dear me ! (ઝેર ! અરરર) તેનુંજ ઝાડ ફેંકી દે ! ફેંકી દે !

સ્ત્રીઃ—હવે કહો જોઈએ, ઝાડને અંગ્રેજીમાં શું કહે છે ?

બાબુઃ—Tree

સ્ત્રીઃ-હવે બન્ને શબ્દો એકઠા કરો, જોઇએ !

બાબુઃ—Poison Tree ! ઓહો, બરાબર બરાબર ! Poison Tree નામના એક અંગ્રેજી પુસ્તકની વાત મેં વર્તમાનપત્રમાં વાંચી હતી ખરી. ત્યારે શું તે એક બંગાળી પુસ્તકનું ભાષાંતર છે ?

સ્ત્રીઃ—તમે શું ધારો છો ?

બાબુઃ—મારો Idea (ખ્યાલ) હતો કે તે Poison Tree એક અંગ્રેજી પુસ્તક છે ને તેનોજ બંગાળીમાં તરજુમો થયો છે. ખરે પણ જ્યારે તે અંગ્રેજીમાં છેજ તો પછી બંગાળી શા માટે વાંચવું ?

સ્ત્રીઃ—વાંચવું તો અંગ્રેજી પદ્ધતિથીજ સારૂં છે—પછી તે હાથમાં ચોપડી લઇને હો કે ગ્લાસ લઈને હો; હું તમને તે અંગ્રેજી ઢબ-થીજ વાંચવાને આપું છું. જરા આ પુસ્તક જુઓને એ એક અંગ્રેજી પુસ્તકનુંજ ભાષાંતર છે—લેખકે પોતેજ જણાવ્યું છે.

બાબુઃ—અહછે, એવું એવું વાંચવું ઠીક છે. કયા અંગ્રેજી પુસ્તકનું ભાષાંતર છે ? Robinson Crusoe (રોબીન્સન ક્રુઝો) કે Watt on the improvement of the mind ? (વૉટ ઓન ધ ઇમ્પ્રુવમેન્ટ ઑફ ધ માઇન્ડ ?)

સ્ત્રીઃ—અંગ્રેજી નામ તો હું નથી જાણતી, પણ બંગાળી નામ છે છાયામયી.

બાબુઃ—છાયામયી ? તે વળી શું ? જોઉં. (પુસ્તક લઈને) Dante ! By Jove ! (ડેન્ટી ! હાં !)

સ્ત્રીઃ—(ગાલમાં ને ગાલમાં હસીને) આ કંઈ બરાબર સમજમાં

ન આવ્યુ. કમનશીબ બંગાળીની છોકરી અંગ્રેજીનું ભાષાંતર સમજે એટલી બુદ્ધિ ક્યાંથી ધરાવે ? જરા તમેજ એ નહિ સમજાવો ?

બાબુઃ–તેમાં વળી આશ્ચર્ય સું ? Dante lived in the fourteenth century (ડેન્ટી ચૌદમા સૈકામાં થઇ ગયો.) અર્થાત્ તે fourteenth century (ચૌદમા સૌકા)માં flourish (પ્રાદુર્ભુત) થયો હતો.

સ્ત્રીઃ–ફુટન્ત સુંદરીને પાલિશ કરતો હતો ? એટલો મોટો કવિ ?

બાબુઃ–કેવું પાપ ! fourteen એટલે ચૌદ.

સ્ત્રીઃ–ચૌદ સુંદરીને પાલિશ કરતો હતો ? તે ચૌદજ હો, કે પંદર હો; પણ સુંદરીને વળી પાલિશ કરતો હતો શા માટે ?

બાબુઃ–કહું છું કે, ચૌદમી સેંચુરીમાં વર્તમાન હતો.

સ્ત્રીઃ–તે ચૌદ સુંદરીમાં વર્તમાન હો કે ચૌદસો સુંદરીમાં વર્તમાન હો. મતલબ તો આ પુસ્તક સાથે છે ને ?

બાબુઃ–પહેલાં Author (લેખકની) life (જીવન કથા) જાણવી જોઇએ. તે ફ્લોરેન્સ નગરમાં જન્મ ગ્રહણ કરીને મોટી મોટી Ap pointment (જગ્યાઓ) hold કરતો હતો (ધરાવતો હતો).

સ્ત્રીઃ–પોર્ટમેન્ટો હોલ્ડ (પેટી ઉપાડવાનું કામ) કરતો હતો ? આપણાથી તો હમણાં પોર્ટમેન્ટો હોલ્ડ નહિ થાય !

બાબુઃ–એમ કહું છું કે મોટી મોટી નોકરી કરતો હતો. પાછળથી Guelph (ગેલ્ફ) અને Ghibilline (ગીબીલીન)ના વિવાદમાં–

સ્ત્રીઃ–હવે એવું એવું બોલીને માથું ન ખાઈ જાઓ. પુસ્તક તો જરા સમજાવો.

બાબુઃ–તેજ સમજાવું છું. Authorની Life જાણ્યા વિના પુસ્તક કેવી રીતે સમજાશે ?

સ્ત્રીઃ–દુઃખી બંગાળીની છોકરી, મારે એ સઘળી વાતો સાથે શું કામ ? પુસ્તકનો મર્મજ સમજાવી દો ને ?

બાબુઃ–જોઉં, પુસ્તક કેવીક રીતે લખ્યું છે ?

(પછી પુસ્તક લઇને પ્રથમ પંક્તિનો પાઠ)

"સન્ધ્યા–ગગને નિબિડ કાલિમા" તારી પાસે ડિક્ષનરી છે ?

સ્ત્રીઃ–કેમ ? ગાડું ક્યાં અટક્યું ?

બાબુઃ–'ગગન' એટલે શું ?

સ્ત્રીઃ–ગગન એટલે આકાશ.

બાબુઃ–"સન્ધ્યા–ગગને નિબિડ કાલિમા!" નિબિડ એટલે શું ?

સ્ત્રીઃ–ઓ ભગવાન્! આવાજ જ્ઞાનથી મને શીખવશો કે ? નિબિડ એટલે ઘાડું. એટલું એ જાણતા નથી ? જરા તો શરમાઓ!

બાબુઃ–શું સમજી, બંગાળી ફંગાળી એ સૌ તો હલકા લોકો જાણે. એ બધું અમારા લોકોમાં નહિ ચાલી શકે. એ શું અમને શોભે પણ ખરૂં ?

સ્ત્રીઃ–કેમ ? તમે કોણ લોક છો ?

બાબુઃ–અમારા લોકોની છે Polished Society–(સુધરેલો સમાજ) એ બધું વાહિયાત લોકોનું લખાણ–વાહિયાતોજ વાંચે–સાહેબ લોકોની પાસે એની કંઇ પણ કિંમત નથી–Polished Society માં તે શું એ બધું ચાલી શકે ?

સ્ત્રીઃ–તે માતૃ ભાષા ઉપર પાલિશ પદ્ધીનો આટલો બધો ક્રોધ શા માટે ?

બાબુઃ–અરે, મા તો મરીને ક્યારનીએ ભસ્મ થઇ ગઇ છે, તેની ભાષા સાથે તે વળી હવે શો સંબંધ ?

સ્ત્રીઃ–મારી પણ એજ ભાષા છે ને!–હું તો કાંઇ મરીને ભસ્મ નથી થઇ ગઇ!

બાબુઃ–Yes for thy sake, my jewel, I shall do it–મારા રત્ન, તારે ખાતર એકાદ બંગાળી ચોપડી વાંચીશ; પરન્તુ

mind, (ધ્યાનમાં રાખ) એટજ. તેથી વધારે નહિ; અને તે પણ બારણાં બંધ કરીને વાંચીશ કે જેથી કોઇ જોવા પામે નહિ.

સ્ત્રીઃ–ઠીક, તે પણ કબૂલ.

(શોધી શોધીને એક અત્યન્ત અશ્લીલ પરન્તુ સરલ પુસ્તક સ્વામીના હાથમાં મૂકવું, સ્વામીનું તેને આદ્યોપાંત વાંચી જવું.)

સ્ત્રીઃ–કેમ કેવી ચોપડી ?

બાબુઃ–Excellent; (અત્યુત્તમ) બંગાળીમાં પણ આવા ગ્રંથો છે તે હું જાણતો નહતો.

સ્ત્રીઃ–(તિરસ્કાર સાથે) છટ્ ! એજ જાણી તમારી પાલિશ પષ્ઠી ? તમારી પાલિશ પષ્ઠી કરતાં તો અમારી ખરઅચડી પષ્ઠી–(સોસાયટી) શીતલ પષ્ઠી અનેક રીતે સારી !

નવીન લેખકોને થોડી સુચના.

(૧) કીર્ત્તિમાટે ન લખો. જો કીર્ત્તિમાટે લખશો તો કીર્ત્તિ પણ નહિ મળે અને તમારું લેખન પણ સારું નહિ થાય. લખાણ સારું હશે તો કીર્ત્તિ એની મેળેજ મળશે.

(૨) દ્રવ્યને માટે ન લખો. યુરોપમાં અનેક લેખકો આ સમયે દ્રવ્ય માટે લેખન–વ્યવસાય કરે છે અને દ્રવ્યપ્રાપ્તિ પણ કરે છે, તેમ તેમનાં લખાણો પણ સારાં હોય છે; પરંતુ ભારતવર્ષમાં હજુ એવો સમય આવેલો નથી. આ સમયે રૂપિઆ લઇ લખવાનો ઉદ્યમ કરવાથી લોકરુચિ જાળવવાની વૃત્તિ પ્રબલ થાય છે, અને આપણા દેશનો વર્તમાનકાળનો વાંચકવર્ગ સાધારણ સંસ્કારવાળો હોવાને લીધે તેમની રુચિ તરફ ઝૂકવાથી અનિષ્ટ થવાની સંપૂર્ણ સંભાવના છે.

(૩) તમને એમ નક્કી સમજાય કે તમે લખીને દેશનું કે મનુષ્ય જાતિનું કાંઇ અવશ્ય ભલું કરી શકશો અથવા સાહિત્યમાં કાંઇ નવું સૌંદર્ય ઉમેરી શકશો તોજ લખો. જે લોક અન્ય ઉદ્દેશે લખે છે તેઓ લેખકની ઉચ્ચ પદવીને પામી શકતા નથી.

(૪) જે લેખન અસત્ય કે ધર્મવિરુદ્ધ છે અથવા જે લેખનનો આશય પરનિંદા, પરપીડા કે સ્વાર્થપરતા છે; તે લેખ કદિ પણ હિતકર થઇ શકતો નથી; અને તેથી તે સર્વથા ત્યાજ્ય છે. સત્ય અને ધર્મજ સાહિત્યનું લક્ષ્ય છે. અન્ય કોઇ ઉદ્દેશે કલમ ઉઠાવવી એ મહાપાપ છે.

(૫) જે લખો તે તરત પ્રકાશિત કરી ન દો. કેટલીક મુદ્દત તેને દાબી રાખો અને પછી તેનું સંશોધન કરો; એટલે તમને દેખાશે કે તમારા લેખમાં અનેક દોષો છે. કાવ્ય, નાટક કે વાર્તાઓ લખો તો તેને તો એક બે વર્ષ મૂકી રાખો. એ પછી સંશોધન કરવાથી તે વિશેષ સુધરશે. જે લોકો દૈનિક, સાપ્તાહિક કે માસિકદ્વારા સાહિત્ય સેવા કરે છે તેમને માટે આ નિયમ નથી.

(૬) જે વિષયમાં જેનો પ્રવેશ ન હોય, તેણે તે વિષયમાં હસ્તપ્રક્ષેપ નજ કરવો જોઇએ; એ સ્પષ્ટ વાત છતાં સામાયિક સાહિત્ય-(દૈનિક, સાપ્તાહિક કે માસિક) માં આ નિયમની રક્ષા થતી નથી.

(૭) પોતાની વિદ્યા કે વિદ્વત્તા દેખાડવાનો ડોળ ન કરો. જો તમારામાં વિદ્યા હશે તો તે લેખમાં એની મેળેજ જણાશે. વિદ્વત્તાનો ડોળ દેખાડવાથી વાંચકોને કંટાળો ઉપજે છે, અને તેથી પણ વિશેષ હાનિ તો લેખનરચના બગડશે એ છે. આજકાલ લેખકો અંગ્રેજી, સંસ્કૃત, ઉર્દુ ઇત્યાદિ ભાષાઓનાં અવતરણો (કોટેશન) કરતા જણાય છે; પણ આટલો નિયમ ખાસ યાદ રહેવો જોઇયે કે જે ભાષા

તમે જાણતા ન હો એ ભાષાના વાક્યને કે વાક્યાંશને અન્ય ભાષાની સહાયતાથી કદિ અવતરણ કરશો નહિ.

(૮) અલંકારો મૂકવાને કે રસિકતા લાવવાને ડોળ કરો નહિ. કોઈ કોઇ સ્થાનમાં અલંકારનું તથા વ્યંગનું કામ પડે છે ખરૂં, પણ જો લેખકના ભંડારમાં એ સામગ્રી હશે તો પ્રસંગવશાત્ તરતજ આવી હાજર થશે. ભંડારમાં નહિ હોય તો તમારી અલંકાર મૂકવાની કે રસિકતા લાવવાની ક્રિયા ઉપહાસ પાત્રજ થઇ પડશે.

(૯) સો અલંકારોમાં શ્રેષ્ઠ અલંકાર સરળતા છે. જે લેખક સહેલા શબ્દોમાં ને સહેલી પદ્ધતિમાં પોતાના મનનો ભાવ સમજાવી શકે છે તેજ ઉત્તમ લેખક છે; કારણ કે લખવાનો હેતુજ વાંચનારાઓને સમજાવવાનો છે.

(૧૦) કોઇનું અંધશ્રદ્ધાએ અનુકરણ ન કરો; કેમકે અનુકરણમાં દોષોનુંજ અનુકરણ થાય છે, ગુણોનું નહિ. અમુક સંસ્કૃત, અંગ્રેજી, ઉર્દુ કે બંગાલી લેખકે આમ લખ્યું છે માટે હું પણ આમજ લખું; એ વાતને કદિ પણ મનમાં સ્થાન આપશો નહિ.

(૧૧) જે વાતનું પ્રમાણ આપી શકો નહિ તે વાત પણ લખો નહિ. દરેક વખતે પ્રમાણો આપવાની જરૂર પડતી નથી; તથાપિ પ્રમાણ તૈયાર પાસે રાખવું એ બહુ જરૂરનું છે.

(૧૨) કોઇપણ ભાષાનું સાહિત્ય એ જાતિના ભરોસારૂપ છે. આથી એ જાતિના લેખકો જો એ નિયમોપર ધ્યાન રાખશે તો તેમના ભાષા–સાહિત્યની શોભા સત્વર વૃદ્ધિ પામશે.

સમાપ્ત.

ગ્રંથસ્વીકાર.

નીચેનાં પુસ્તકોની પહોંચ આભાર સહિત સ્વીકારી વાંચક વર્ગની જાણ માટે તેનું મૂલ્ય, કદ ઇત્યાદિ નીચે આપવામાં આવે છે. તે ખરીદવા ઇચ્છનારે આ સંસ્થાપર ન લખતાં પ્રસિદ્ધકર્તાનેજ લખવું.

ગુજરાતી પુસ્તકો.

વ્યાખ્યાન સાહિત્ય સંગ્રહ–(ભાગ ૧ લો તથા ભાગ ૨ જો–જુદા જુદા બાંધેલા.) સંશોધક અને વિવેચક મુનિ મહારાજશ્રી વિનયવિજયજી, પ્રકાશક–સાહિત્ય પ્રકાશક મંડળ, જામનગર. રોયલ આઠ પેજી, પ્રથમ ભાગનાં, પૃષ્ઠ ૬૨૦ બીજા ભાગનાં પૃષ્ઠ ૬૪૦, ગ્લેઝ કાગળ, પાકું પૂઠું, મૂલ્ય દરેક ભાગનું રૂ. ૨ાા.

નૈસર્ગિક જીવનપ્રતિ પુનરાગમન એજ સ્વર્ગીય સુખની પુનઃ પ્રાપ્તિનો અમોઘ ઉપાય છે.–અનુવાદક અને પ્રકાશક, ભોગીલાલ ત્રિકમલાલ વકીલ, મુ. વિસનગર (ઉ–ગુજરાત) રોયલ આઠપેજી પૃષ્ઠ ૧૭૬, ગ્લેઝ કાગળ, બૉર્ડનું પૂઠું, મૂલ્ય રૂ. ૧.

મહાકાવ્ય–સદ્‌ગુરૂશ્રી કૃષ્ણરામ મહારાજકૃત નીતિ, ભક્તિ અને જ્ઞાન પ્રસારક ગ્રંથ. (ભાગ ૧ લો તથા ૨ જો–જુદા જુદા બાંધેલા.) પ્રસિદ્ધ કર્તા–રામદાસ હરિવલ્લભ નારાયણ મહારાજ, ઠે. સારંગપુર, અમદાવાદ. ડેમી આઠપેજી, ગ્લેઝ કાગળ, પાકુ પૂઠું, પ્રથમ ભાગ પૃષ્ઠ ૭૪૦, મૂલ્ય રૂ. ૧ા બીજો ભાગ પૃષ્ઠ ૫૬૦, મૂલ્ય રૂ. ૧ાા.

મનુ અને ભાનુ–(ભાગ ૧લો.) રચનાર અને પ્રસિદ્ધ કરનાર–મણિભાઇ નારણજી દેસાઇ તથા દ્વારકાદાસ રામજી દાવડા, ઠે. રામચંદ્ર મેન્સન્સ, સેન્ડ હર્સ્ટરોડ–મુંબઇ, ડેમી આઠ પેજી પૃષ્ઠ ૩૪૦, ગ્લેઝ કાગળ, પાકુ પૂઠું, મૂલ્ય રૂા. ૧ાા.

છત્રપતિ રાજારામ—અથવા મરાઠાઓનો આત્મયજ્ઞ. સસ્તી વાર્તામાળા વર્ષ ૪ થું પુસ્તક ૪-૫-૬ ઠું. લેખક ગોવર્દ્ધનદાસ કહાનદાસ અમીન, પ્રકાશક-ડાહ્યાભાઇ રામચન્દ્ર મ્હેતા, અમદાવાદ. સુપરરોયલ સોળ પેજી પૃષ્ઠ ૩૭૬, ગ્લેજ કાગળ, પાકું પુઠું, મૂલ્ય રૂ. ૧।। કાચું પૂઠું રૂ. ૧।

આદર્શ ગૃહસ્થ અને જાપાની જાસુસ, ઉપલીજ માળાનું પુસ્તક ૭-૮-૯ મું. લેખક-એમ. એમ. ભટ્ટ તથા મગનલાલ હરિકૃષ્ણ મ્હેતા. પૃષ્ઠ ૩૮૪, પાકું પૂઠું રૂ. ૧।। કાચું પૂઠું રૂ. ૧।.

દુઃખમાં દિલાસો—(બીજી આવૃત્તિ) લેખક અને પ્રકાશક-વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢીયાર. મુંબાઈ નં. ૨ બારપેજી પૃષ્ઠ ૮૪, ગ્લેજ કાગળ, પાકું પુઠું રૂ. ૦।।=

અર્થશાસ્ત્રના સિદ્ધાંતો—ભાગ ૧ લો, લખનાર જેકીસનદાસ લ. બારભાયા. ઠે. ગીરગામ, મુંબાઇ. ડેમી બાર પેજી પૃષ્ઠ ૧૪૦, ગ્લેજ કાગળ, સાદુ પુઠું, મૂલ્ય લખ્યું નથી.

ઓઘડશંકર અને તેનો ભાઇ ડાહ્યાભાઇ, (ઉપલાજ લેખકનું) ડેમી બાર પેજી પૃષ્ઠ ૮૪, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું, મુલ્ય લખ્યું નથી.

પ્રાણાયામ—ભાગ ૨ જો-લેખક અને પ્રકાશક પ્રભુશંકર નરભેરામ વ્યાસ, મુ. અડાજણ-સુરત. સોળ પેજી પૃષ્ઠ ૧૯૬, ગ્લેજ કાગળ, પાકું પૂઠું, રૂા. ૧.

લેખસંગ્રહ-(દ્વિતીય ભાગ) લેખક પ્રસિદ્ધવકતા મુનિ મહારાજ-શ્રી ચારિત્રવિજયજી મહારાજ, પ્રકાશક જૈન પત્રની ઑફીસ, ભાવનગર. રોયલ સોળ પેજી પૃષ્ઠ ૨૮૦, ગ્લેજ કાગળ, પાકું પુઠું. મૂલ્ય રૂા. ૧.

મોન્ટીસોરી શિક્ષણ પદ્ધતિ—(સચિત્ર) અંગ્રેજી પુસ્તકોને આધારે યોજનાર તથા પ્રસિદ્ધ કરનાર છોટાલાલ બાલકૃષ્ણ પુરાણી, એમ. એ. શિક્ષક, મેલટ્રેનિંગ કોલેજ, વડોદરા, સોલ એજન્ટ-બુકસેલર **મોહનલાલ** મનસુખ શાહ-લ્હેરીપુરા મુા. વડોદરા. રોયલ સોળપેજી પૃષ્ઠ ૩૪૦, ગ્લેજકાગળ, પાકું પૂઠું, મૂલ્ય રૂા. ૨.

સ્ત્રીઓ અને સમાજસેવા—મહાત્મા ગાંધીજીની પ્રસ્તાવના સાથે. લેખક ભોગીન્દ્રરાવ ર. દીવેટીઆ, પ્રકાશક કરસનદાસ જે. ચિતલીઆ, ભગિનીસમાજ ગિરગામ, મુંબાઇ. રોયલ બત્રીસ પેજી પૃષ્ઠ ૧૬૮, ગ્લેજકાગળ, સાદુ પુઠું મૂલ્ય ০≈

સંગીતગીતા–ભાષાન્તર–રચનાર સાધ્વી કસ્તુરબાઇ (વિમલા), પ્રકાશક ગોપીનાથ વૈજનાથ યાજ્ઞિક, મુ. ઉસરડ–કાઠીઆવાડ. ગ્લેજકાગળ, રોયલ સોળપેજી પૃષ્ઠ ૧૬૪, પાકું પૂઠું, ০≈

કેટલીક વાર્તાઓ–લેખક અને પ્રકાશક–હરિલાલ માણેકલાલ દેસાઇ, બી. એ. ઠે. શિયાપુરા, વડોદરા. ગ્લેજકાગળ, ડેમી બાર પેજી પૃષ્ઠ ૧૨૪, પાકુ પુઠું, ০।≈

પ્રાણાયામ અને તમારાં કુટુમ્બ શી રીતે સુખી કરવાં? (સ્વામી રામતીર્થનાં બે વ્યાખ્યાનો–સસ્તા સાહિત્ય તરફના ગ્રંથમાંથી ઉદ્ધૃત) પ્રકાશક વૈદ્ય હિમ્મતલાલ મણિશંકર ભટ્ટ, પંચમુખી મહાદેવની પોળ, વડોદરા. સોળ પેજી પૃષ્ઠ ૭૨, ગ્લેજ કાગળ, રૂા. ০)≈

ક્ષયરોગની સારવાર સંબંધી અગત્યની સૂચના–યોજનાર મણિલાલ કેશવલાલ નાણાવટી, જુનાગઢ. ૮ પેજી પૃષ્ઠ ૪૪, ০≈

શ્રી વેદાન્ત માર્ગોપદેશિકા—સંગ્રહીતા અને પ્રસિદ્ધ કર્તા–પંડિત જગન્નાથ પ્રભાશંકર, તંત્રી પ્રાતઃકાલ, ભુતડીના ઝાંપે, વડોદરા. ડેમી બાર પેજી પૃષ્ઠ ૧૬૩, ગ્લેજ કાગળ, સાદું પુઠુ, મૂલ્ય રૂ. ০।≈

ધ્યાનદીપિકા—તપાગચ્છીય શ્રીમાન સકલચંદ્રજી ઉપાધ્યાયકૃત, ભાવાર્થ સાથે ભાષાન્તર કરનાર શ્રીમદ્ પન્યાસજી કેશરવિજયજી ગણિ, છપાવી પ્રસિદ્ધ કરનાર શા. સોમચંદ ભગવાનદાસ–ઠે. પાનકોરને નાકે, અમદાવાદ. કાગળ ગ્લેજ, ડેમી આઠ પેજી પૃષ્ઠ ૨૫૦, પાકુ પૂઠું રૂ. ૧।

સમ્યગ્દર્શન—લેખક અને પ્રકાશક ઉપર પ્રમાણે. કાગળ ગ્લેજ, ડેમી આઠ પેજી. પૃષ્ઠ ૧૬૪, પાકું પૂઠું, રૂ. ০।।

નીતિમય જીવન અને ગૃહસ્થધર્મ—લેખક પ્રકાશક ઇ૦ ઉપર પ્રમાણે. રોયલ સોળ પેજી, પૃષ્ઠ ૩૫૨, પાકું પૂઠું રૂ. ૧)≈

નીતિવાક્યામૃત—લેખક પ્રકાશક ઇ૦ ઉપર પ્રમાણે. કાગળ ગ્લેજ, રોયલ સોળ પેજી પૃષ્ઠ ૧૮૮, પાકું પૂઠું રૂ. ૦।≈

નીચલાં નાના કદનાં ચોપડીચોપાનીયાં પણ આભાર સહિત સ્વીકારવામાં આવે છે.

ચાહ, કોફી, તમાકુ, દારૂ વગેરે–ઠે. તંત્રી પ્રાતઃકાલ, વડોદરા પૃષ્ઠ ૩૬, ૦)≈

આપણી અવનત સ્થિતિ પૃષ્ઠ ૩૨, ૦)≈ તંત્રી પ્રાતઃકાલ.

બાલરોગ ચિકિત્સા મ. કે. નાણાવટી, જુનાગઢ. પૃષ્ઠ ૩૨, ૦)≈

ભગિની સમાજ પત્રિકામાળાના પ્રકાશક કરસનદાસ જે. ચિતેલીયા (ઠે. ભગિનીસમાજ ગીરગામ મુંબઇ) તરફથી નીચેનાં પુસ્તકો મળ્યાં છે. **શરીર અને ગૃહ શૃંગાર તથા બ્હેનોને બે બોલ,** પૃષ્ઠ ૫૦ મૂલ્ય ૦)≈ **સ્ત્રીઓ અને જાહેર જીવન,** પૃષ્ઠ ૨૦ મૂલ્ય ૦)¯ **સ્ત્રીઓના સમય અને સાધનનો સદુપયોગ,** પૃષ્ઠ ૧૬ મૂલ્ય ૦)¯ **ફીજીબેટમાં આપણી હિન્દી બ્હેનોની દુર્દશાનો હૃદયભેદક ચિતાર,** પૃષ્ઠ ૧૬, મૂલ્ય લખ્યું નથી.

બાળમિત્રમાળાના પ્રકાશક મંગલદાસ બી. દલાલ (મુ. કરાંચી) તરફથી નીચેનાં પુસ્તકો મળ્યાં છે. **બાળકવિતાઓ** પૃષ્ઠ ૩૦, મૂલ્ય ૦)¯ **વાવે તેવું લણે,** પૃષ્ઠ ૪૦, મૂલ્ય ૦)≈

મગનભાઈ ચતુરભાઈ પટેલ, બી. એ. એલ. એલ. બી; બારીસ્ટર એટ–લૉ તરફથી ચોથી પાટીદાર પરિષદના પ્રમુખ તરિકે જુનાગઢમાં અપાયલું ભાષણ.

સમસ્ત વિશાનાગર વણિક પ્રથમ પરિષદ–વડનગરના પ્રમુખ શ્રીયુત ભવાનીદાસ નારણદાસ બી. એ., એલ. એલ. બી. નું ભાષણ.

હિન્દી પુસ્તકો.

સ્વધર્મ સર્વસ્વ—કર્તા શ્રીમાન ગંગાધર બાપુજી વૈદ્ય, પ્રકાશક—ભાવનગર શ્રી સનાતન ધર્મપ્રવર્તક મંડળ તરફથી શ્રીયુત કૌશિકરામ વિઘ્નહરરામ મ્હેતા, બી. એ. ભાવનગર. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૮૧૨ ગ્લેજકાગળ, પાકું પૂઠું, મૂલ્ય રૂા. રાા

પુરૂષાર્થ પ્રકાશ—શ્રીમત્ સ્વામી વિશ્વેશ્વરાનંદજી તથા બ્રહ્મચારી નિત્યાનંદજી વિરચિત. બાર પેજી પૃષ્ઠ ૩૪૦, ગ્લેજકાગળ, સાદુ પૂઠું, રૂા. ૧ાા

ભાગ્ય ફેરનેકી કુંજી—મૂળ ગુજરાતી પુસ્તક—નશિબ ફેરવવાની કુંચી—નો હિન્દી અનુવાદ. પ્રકાશક મહાવીર પ્રસાદ ગહમરી, સ્વર્ગમાલા કાર્યાલય—ગહમર જીલ્લા ગાજીપુર ક્રાઉન સોળપેજી પૃષ્ઠ ૧૭૯, કિં. લખી નથી.

સ્વરાજ્ય સાહિત્યમાલાનાં પુસ્તકો:—

સ્વરાજ્ય—લેખિકા—શ્રીમતી એની બીસેન્ટ, ૦)—ાા

સ્વરાજ્યકી આવશ્યકતા ઔર દુર્બલ દેશપર ભારી બોઝ—લેખક શ્રી૦ સી૦ વાઈ ચિંતામણી ઔર લાલા લાજપતિરાય ૦)≈

સ્વરાજ્ય સંગીત—લેખક કવિ સમુદાય. ૦)≈

સ્વરાજ્યકી વ્યાખ્યા—લેખક બાબુ અમ્બિકા ચરણ મજૂમદાર ૦)≈

સ્વરાજ્યકી કસૌટી—લેખક પં. જગતનારાયણ ૦)≈

દરેક પુસ્તકનું કદ ક્રાઉન સોળ પેજી ત્રણથી ચાર ફૉર્મ જેટલું હોઇ, કાગળ ગ્લેજ અને પૂઠું સાદું છે.

પ્રકાશક "પ્રતાપ કાર્યાલય—કાનપુર.

રેલ્વે કાનૂન ભાગ ૧ લો, મુસાફરો કે હક્ક સમ્બંધી સૂચના—લેખક તથા પ્રકાશક, જીવરાજ ગોકલદાસ નેણસી, ઠે. રેલ્વે કાયદા ઓફીસ, બોરાબજાર સ્ટ્રીટ, કોટ, મુંબઇ. મૂલ્ય ૦)—ાા

મરાઠી પુસ્તકો.

સ્વામી વિવેકાનંદ યાંચે ચરિત્ર—ભાગ પહિલા—સંપાદક ભાસ્કર વિષ્ણુ ફડકે અને રામકૃષ્ણ વાસુદેવ બર્વે, માટુંગા—મુંબાઇ. ક્રાઉન

સોળ પેજી પૃષ્ઠ ૨૩૨, ગ્લેજકાગળ, સાદુ પૂઠું મૂલ્ય ૦ાા=

સ્વામી વિવેકાનંદ યાંચે ચરિત્ર–ભાગ દુસરા–(ઉપલાજ લેખકનું) પૃષ્ઠ ૨૦૮, મૂલ્ય ૦ાા=

સિન્ધી ભાષાનાં પુસ્તકો.

(સસ્તા સાહિત્યના ધોરણે નીકળેલાં પુસ્તકો)

તુલસીકૃત રામાયણ–સિન્ધી ભાષામાં રોયલ આઠ પેજી પૃષ્ઠ ૭૦૦ નું દળદાર પુસ્તક. કાગળ ગ્લેજ, મૂલ્ય માત્ર રૂ. ૦ા= પ્રકાશક તેજુરામ રોચીરામ શર્મા–કરાંચી.

શ્રીમદ્ ભગવદ્‌ગીતા–મૂલ સહિત સિન્ધી ભાષામાં અનુવાદ સુપરરોયલ બત્રીસ પેજી પૃષ્ઠ ૩૬૪ નો દળદાર ગુટકો કાગળ રફ, મૂલ્ય માત્ર રૂ ૦)= પ્રકાશક તેજુરામ રોચીરામ શર્મા–કરાચી.

ઉપલાં બંને પુસ્તકો મળવાનું ઠેકાણું સસ્તું સાહિત્ય સોસાઇટી–કરાંચી

રીપોર્ટ.

હિન્દુ અનાથાશ્રમ નડિયાદનો સને ૧૯૧૫–૧૬ નો રિપોર્ટ
કાઠીયાવાડ હિન્દુ અનાથાશ્રમનો સંવત ૧૯૭૨નો રિપોર્ટ.
ચરોતર એજ્યુકેશન સોસાઇટીનો પ્રથમ વર્ષનો રિપોર્ટ.
વનિતા–વિશ્રામ મુંબઇ અને સુરતનો રિપોર્ટ. સં. ૧૯૭૨
અમદાવાદ બ્હેરા મુંગાની શાળાનો રિપોર્ટ સને ૧૯૧૫
શ્રી અમદાવાદ સંસ્કૃત પાઠશાળાનો ૧૯૧૫–૧૬નો રિપોર્ટ
શ્રી વિદ્યામૃત વર્ષિણી પાઠશાળાનો સં. ૧૯૭૨નો રિપોર્ટ.
ભૃગુપુર હિન્દુ અનાથાશ્રમનો નવમા વર્ષનો રિપોર્ટ
ચોરવાડ મિત્રમંડળ લાયબ્રેરીનો ૧૯૧૬નો રિપોર્ટ
અમદાવાદ ગોખલે સોસાઇટીનો રિપોર્ટ
ઇસમાઇલી કાંઠી મોહલ્લા કન્યાશાળાનો રિપોર્ટ.
શ્રી શારદાશ્રમ જવાલાપુર હરિદ્વારકા સંક્ષિપ્ત વૃત્તાંત.

આફ્રિકા ઈ૦ દેશાવરના ગ્રાહકોને સૂચના.

આફ્રિકા તેમજ બીજા દેશો કે જ્યાં પુસ્તકો વી. પી. થી જઈ શકતાં નથી ત્યાંનાં વિવિધ ગ્રંથમાળાનાં ચાલુ ગ્રાહકોને તેમજ નવીન ગ્રાહક થવા ઈચ્છનારાઓને સૂચના કરવાની કેઃ—

૧ સં. ૧૯૭૪ નું પહેલું પુસ્તક નિકળે કે તુરત તેમનાપર રવાના કરી શકાય; તેટલા માટે આ પુસ્તક મળેથી સં. ૧૯૭૪ ના વર્ષનું લવાજમ વધારાના પોસ્ટેજ સહિત રૂ. ૨–૮–૦ અને પાકાં પૂઠાંના ગ્રાહકોએ રૂ. ૩–૧૨–૦ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય–અમદાવાદ–ના મેનેજરને શિરનામે તુરતમાં મોકલી આપવું. ચાલુ વર્ષના છેલ્લા બે અંક બાકી છે, તે દીવાળીની આસપાસમાં બહાર પડેથી રવાના થઈ જશે.

૨ પુસ્તકો ટપાલમાં ગેરવલ્લે જવાનું જોખમ આ સંસ્થા ઉપર રાખવા ઈચ્છનારે દરેક ગ્રાહક દીઠ ઉપલી રકમ ઉપરાંત રૂ. ૦–૧૨–૦ ની રકમ રજીસ્ટર્ડ ખર્ચ બદલ વધુ મોકલવી. રજીસ્ટર્ડ કરવા છતાં પણ રસ્તામાં બોટ ડુબવી વગેરે આસ્માની સુલતાની નુકશાનોથી પુસ્તક ગુમ થાય તેને માટે આ સંસ્થા જુવાબદાર નથી.

૩ સં. ૧૯૭૪ ના વર્ષમાં પણ ચરિત્રમાળા બંધ રહેનાર હોવાથી તેનું લવાજમ મોકલવું નહિ.

૪ ફીનીક્ષમાં "ઈન્ડીયન ઓપિનીયન" ની ઓફીસમાંથી આ ખાતાનાં પુસ્તકો મળી શકતાં હતાં; પરંતુ લડાઈને લીધે સ્ટીમરોની અગવડથી અહીંથી પુસ્તકોની પેટીઓ મોકલવી મુશ્કેલ થઇ પડી છે, માટે જોઈતાં પુસ્તકો કિંમત, ટપાલ ખર્ચ તથા રજીસ્ટર્ડ ખર્ચ જોગો પોસ્ટલ ઓર્ડર અમદાવાદ મોકલીને મંગાવી લેવાં.

૫ સંસ્થામાં હાલ જે પુસ્તકો તથા ફૉટો તૈયાર મળે છે; તેનાં નામ તથા કિંમત માટે આ પુસ્તકની છેવટે જાહેરખબરોમાં જોવું.

૬ ટપાલ ખર્ચ તથા રજીસ્ટર્ડ ખર્ચ બદલ કિંમતના દરેક રૂ. દીઠ શુમારે ૭ થી સાત આના અને ઓર્ડર નાનો હોય તો આઠ આના પ્રમાણે રકમ મોકલવી, કાંઇ વધશે તો એકાદ નાનું પુસ્તક તે બદલ વધુ મોકલાશે.

પિંજરામાંનાં પક્ષીઓ ઉપર ઘાતકીપણું!

દયાળુ માલેકોને અરજ.

મુંબઇ અને બીજાં સ્થળોના મહોલ્લાઓમાં ફરતાં ઘણાં મકાનોની બારીઓએ પક્ષીઓનાં પીંજરાંઓ ટાંગેલાં મારા જોવામાં આવે છે.

ઘણાંખરાં પિંજરાંઓ પિત્તળ અથવા લોઢાનાં હોય છે, અને રાત દિવસ **પવનના સપાટા** તેઓ ઉપર વાય છે, તથા **કલાકો-સુધી તેઓ તડકામાં રહે** છે તેથી ઘણાં ગરમ થઇ જાય છે, અને અંદર પુરાયલાં બિચારાં પક્ષીઓને કાંઇ પણ છાંયડા વિના, તથા પીંજરાની ગરમ થયેલી ધાતુથી હેરાન થતાં મેં નજરે જોયેલાં છે. સેંકડો બિચારાં પક્ષીઓ એ રીતે દરરોજ હેરાન થાય છે. આ જાતનું ઘાતકીપણું માત્ર આવચારનું પરિણામ છે.

પક્ષીઓના માલેકો દયાળુ હોય છે, અને કેટલાક મકાનોમાં મેં જાતે જઇને તેવી રીતે દુઃખી થતાં પક્ષીઓને આરામ આપવા તેમના માલેકોને વિનતિ કરેલી ત્યારે તેઓએ ખુશીથી મારી તે અરજ ધ્યાનમાં લઇને પિંજરાને તડકામાંથી ખસેડીને બીજી જગાએ મૂકેલાં હતાં.

માટે પિંજરામાંનાં પક્ષીઓના તમામ દયાળુ માલેકો **પોતાનાં વહાલાં પક્ષીઓ તડકા તથા પવનના સપાટાથી હેરાન થાય નહિ** તેવી સંભાળ લેવાની મહેરબાની કરે એવી મારી પ્રાર્થના છે.

પિંજરામાં પક્ષીઓને રાખવાની ફેશનની ખાતર હજારો બિચારાં નીર્દોષ પક્ષીઓને તેમનાં નરમાદાથી તથા બચ્ચાંઓથી વિખુટાં પાડીને નિર્દય વાઘરીઓ જંગલમાંથી પકડી લાવે છે. એવી રીતે પકડેલાં પક્ષી ઉપર ઘણું ત્રાસદાયક ઘાતકીપણું ગુજરે છે તેનો ખ્યાલ લોકોને આપવા માટે લંડનમાં એક ખાસ **બાદશાહી પક્ષિરક્ષક મંડળી છે.** ઘણા નિર્દય પક્ષી પકડનારાઓને ઇંગ્લંડની કોર્ટોમાં શિક્ષા થાય

છે, અને તેમણે પકડેલાં પક્ષીઓને ઉડાડી મૂકવામાં આવે છે, તથા તેમની જાળ વગેરે સામાનને જપ્ત કરવામાં આવે છે.

જે બિચારાં પક્ષીઓને જંગલે જંગલ ઉડવાને તથા પોતાનાં નરમાદા તથા બચ્ચાંઓ સાથે સુખ ભોગવવાને પરમેશ્વરે પેદા કર્યા છે તેમને નાનાં પિંજરાંમાં તેમની જીંદગી સુધી એકાંત કેદ કરવાનો ઘણો ઘાતકી રીવાજ આ દેશમાંથી જલદી નાબુદ થાય, તથા નિર્દય પકડનારાઓને વિલાયતની પેઠે આ દેશની કોર્ટોમાં પણ શિક્ષા થાય એવી મારી પ્રાર્થના નંબર બે છે. તા૦ ૧૬ મી માર્ચ ૧૯૧૬.

શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડની ઑફીસ,
૩૦૯, શરાફ બજાર,—મુંબઈ.
} લાભશંકર લક્ષ્મીદાસ.

નૈસર્ગિક આરોગ્ય પ્રસારક સંસ્થા તરફથી જાહેર ખબર.

!!! પ્લેગથી બચો !!!

તા. ૯ મી થી તા. ૩૦ મી ઑગસ્ટ સુધીમાં અમદાવાદમાં કુલ ૨૩૯ પ્લેગના કેસ નોંધાયલા તેમાંથી ૨૨૯ મરણો નિપજ્યાં છે. અર્થાત્ દેશી વિલાયતી દવાઓના બનતા સઘળા ઈલાજ કરવા છતાં પ્લેગના દરદીઓમાંથી સેંકડે ૯૫ કે ૯૬ માણસો મરણ પામે છે. આવી હાલતમાં માણસોની અમૂલ્ય જીંદગીઓ પ્લેગના પંઝામાંથી સેંકડે ૯૦ ટકા કે તેથી પણ વધારે પ્રમાણમાં અનુકૂળ સંજોગો વચ્ચે ખાત્રીપૂર્વક બચાવી શકે તેવા નૈસર્ગિક–કુદરતી ઉપચારો છે. સોલાપુર, ખંડાલા અને ગુજરાતના કેટલાક ભાગમાં આ નવીન જાતના ઉપચારો પ્લેગના દરદીઓપર અજમાવી જોતાં ઘણાંજ સારાં પરિણામ અનુભવેલાં હોવાથી તેવોજ લાભ અમદાવાદના શહેરીઓને આપવા અમે ગોઠવણ કરી છે; માટે પ્લેગના દરદીઓ અમારી પાસે આવશે તો દરદીની સ્થિતિ પ્રમાણે છેક સાધારણ ફી લઈ તથા તદ્દન ગરીબ દરદી પાસેથી કંઈજ પૈસા લીધા વગર અમે અમારા ઉત્તમ નૈસર્ગિક ઉપાયોવડે તે મનુષ્યની જીંદગી બચાવવા પ્રયત્ન કરીશું.

ઠેકાણું:–લાલ દરવાજે, સરકારી તાર ઑફીસની સામે, "નવજીવનાલય"માં, મુ. અમદાવાદ.
તા. ૫–૯–૧૯૧૭.

ગોવિંદ અમૃત વૈદ્ય.

ડૉકટર મહાદેવ પ્રસાદ.

બ્હેરા-મુંગાની શાળા, અમદાવાદ.

લવાજમ—પેટ્રન રૂ. ૫૦૦, લાઇફમેમ્બર રૂ. ૫૦), વાર્ષિક સભાસદ રૂ. ૫)

વહીવટ—શાળાનો કુલ વહીવટ પેટ્રન, લાઇફ મેમ્બર અને વાર્ષિક સભાસદ મળીને થએલી જનરલ કમિટી કરે છે.

સંખ્યા—સને ૧૯૧૬ આખર શાળામાં ૪૦ છોકરાં (૩૨ છોકરા અને ૮ છોકરીઓ) હતાં.

અભ્યાસ—છોકરાંને **બોલતાં,** ભાષા અને શિવણ વગેરે ઉપયોગી હુન્નર મફત શીખવાય છે.

ઉપજ અને ખર્ચ—સને ૧૯૧૬ માં રૂ. ૫૪૯૫-૧૦-૩ ઉપજ અને રૂ. ૪૦૨૫-૧-૨॥ ખર્ચ થયું હતું.

સિલિક—સને ૧૯૧૬ આખર રૂ. ૧૪૫૮૩-૧-૯ ની સીલીક હતી.

ગ્રાંટ—દર વર્ષે રૂ. ૫૦૩ નામદાર સરકાર તરફથી અને રૂ. ૯૦૦ અમદાવાદ મ્યુનિસિપાલિટિ તરફથી ગ્રાંટ મળે છે.

શાળાની હાજતો—(૧) રૂ. ૫૦,૦૦૦નું **કાયમ ફંડ;** (૨) શાળાના અભ્યાસ માટે અને છોકરાઓને રહેવાને **મકાન;** (૩) બ્હારગામના શાળામાં રહેનારા છોકરા માટે **રસોડું;** (દર સાલ રૂ. ૧૦૦૦, નું જાથુ ખર્ચ.)

રૂ. ૧૦૦ માં અમર નામ—રૂ. ૧૦૦ અથવા વધારે એક રકમે શાળાના બોર્ડિંગના નિભાવ માટે ભેટ આપનારની મરજીમાં આવે તે દિવસે સદરહુ રકમના વ્યાજમાંથી દર વર્ષે શાળામાં રહેનાર છોકરાઓને જમાડવામાં આવશે અને ભેટ આપનારનું નામ ચિતરાવીને શાળાના મુખ્ય હોલમાં રાખી **અમર** કરવામાં આવશે.

વિનંતિ—ગમે તે બ્હેરાં-મુંગાંને શાળામાં મોકલવા અને સભાસદ થઇને અથવા બીજી રીતે નાણાંની મદદ રૂબરૂ અથવા મનીઑર્ડરથી કરવા સદ્‌ગૃહસ્થોને વિનંતિ છે.

ચરિત્રમાળાના
આગલાં વર્ષોના સૅટ.

નીચલા દરેક સૅટમાં પૃષ્ઠ ૧૫૦૦ છે.

સંવત્ ૧૯૬૮ નાં પુસ્તકો—હવે મળતાં નથી.

સંવત્ ૧૯૬૯નાં પુસ્તકો—ભારતના મહાન પુરૂષો; આનંદીબાઈ જોશી; ભારતના વીર પુરૂષો; ભારતના સંત પુરૂષો; જગવિખ્યાત પુરૂષો. મૂલ્ય રૂ. ૨, પાકાં પૂઠાં સાથે રૂ. ૩.

સંવત્ ૧૯૭૦—ભારતનાં સ્ત્રીરત્નો ભાગ ૩ જો; બુકર ટી વૉશિંગ્ટન; ભારતના મહાન પુરૂષો ભા. ૨ જો; જગવિખ્યાત પુરૂષો ભાગ ૨ જો. મૂલ્ય રૂ. ૨) પાકાં પૂઠાં સાથે રૂ. ૩).

સંવત્ ૧૯૭૧—જોન ઑફ આર્ક; ભારતની દેવીઓ; મહાન અલેક્ઝાંડર; મહાન શીખગુરુ નાનક તથા ગોવિંદસિંહ; થિયોડર પાર્કર. મૂલ્ય રૂ. ૨, પાકા પૂંઠા સાથે રૂ. ૩.

સંવત્ ૧૯૭૨ નાં પુસ્તકો—રાજા રામમોહનરાય, સમ્રાટ્ અકબર, જગવિખ્યાત પુરૂષો ભાગ ૩ જો—વોલેસ અને ડિમોસ્થનિસ, જગવિખ્યાત પુરૂષો ભાગ ૪ થો—પ્રિન્સ બિસ્માર્ક અને ગ્લેડસ્ટન. **મૂલ્ય રૂ. ૨, પાકાં પૂઠાં** વાળાં હવે નથી મળતાં.

પોસ્ટેજ—દરેક સૅટ દીઠ ०=) અને પાકાં પૂઠાં વાળાના ०।। જુદું સમજવું. હિંદુસ્તાનની બહારના દેશો માટે એથી બેવડું.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

કાલબાદેવી—ભાંગવાડી, મુંબઈ; અને સેસનકોર્ટ પાસે, અમદાવાદ.

વાંચવામાં આંખોની સંભાળ.

(૧) પુરતું અજવાળું ના હોય ત્યાં કદી વાંચવું નહીં.
(૨) વાંચતી વખતે ડોકું નીચું નમાવી કદી વાંચવું નહીં. બરાબર હરેક્ત ના ઉકલે તો ચોપડીને આંખો પાસે લાવો, પણ વાંચતી યા લખતી વખતે ડોકું તો ટટાર જ રાખો.
(૩) ચોપડી આંખોથી આશરે ચઉદ ઇંચ દૂર રાખી વાંચવું.
(૪) જ્યારે જ્યારે તમે બારી આગળ અથવા દીવાના પ્રકાશથી વાંચતા હો ત્યારે એવી ગોઠવણ કરો કે તે અજવાળું કાં તો તમારા માથા ઉપરથી અથવા તો ડાબી બાજુથી આવે, સામો પ્રકાશ રહેવાથી આંખોનું તેજ ઘટે છે. (૫) એકી ટશે કલાકના કલાક નહિ વાંચતાં કલાકે કલાકે આંખોને ચોપડીમાંથી ખસેડી બહુ દૂર નજર નાખવી. એવી રીતે દરેક મીનીટ આરામ આપવો. (૬) તડકો ચોપડીપર પડે તેમ રાખીને વાંચવું નહીં. (૭) આગગાડીમાં અથવા દોડતી ગાડીમાં કદી વાંચવું નહીં. (૮) [illegible] કે આરામ ખુરશીપર બેસીને કદી વાંચો નહીં, ટટાર બેસીને જ વાંચવું. (૯) તમારી આંખો સાંજ સવાર ચોખ્ખા અને ઠંડા પાણીથી ધોઈને આરામ કરવા જાઓ ત્યારે લીલા ઘાસ અને [illegible] ઝાડો [illegible] નજર નાખજો. (૧૦) જે દીવેથી વાંચો તેનો પ્રકાશ પુરતો અને સ્થીર હોવો જોઈએ અને તે પ્રકાશ આંખોપર ન પડતાં ચોપડીપર પડે તેવી રીતે કાગળ કે કપડાની આડ રાખવી.
(૧૧) [illegible] તમારી આંખો બગાડશે.